|2000|

Licence to post without prepayment No. 37

● વર્ષ : (૫૦) + ૧૧ ● અંક : ૧ ● ● તા. ૧૬-૧-૨૦૦૦ ● ● Regd. No. MH / MBI-South / 54 / 99

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ઓરિસ્સાની વહારે

દુનિયામાં અને દેશમાં થોડે થોડે વખતે કુદરતી અને માનવસર્જિત આપત્તિઓની ઘટમાળ ચાલ્યા જ કરતી રહે છે. ભારતનો જ વિચાર ...એ તો કારગિલ, ઓરિસ્સા, વિમાન અપહરણ ઈત્યાદિ ઘટનાએ ...કારની ઊંઘ હરામ કરી દીધી છે. હત્યા, લૂંટફાટ, રેલવે અને અન્ય ...કારના અકસ્માતો જેવી નાની નાની ઘટનાઓ તો રોજની થઈ ગઈ છે. ...માન્ય ભારતીય પ્રજાજન એવી રોજની ઘટનાઓથી ટેવાઈ ગયો છે. ...ટલાકે તો એ પરત્વે પોતાની સંવેદનશીલતા લગભગ ગુમાવી દીધી છે.

આ બધી ઘટનાઓમાં મોટી કુદરતી આપત્તિની દૃષ્ટિએ ઓરિસ્સાની ...ના બહુ ભારે કહેવાય. આ વાંચતી વખતે તો ઓરિસ્સાની ઘટના જૂની ...ી ગઈ હશે ! ઘણી બધી થાળે પડી ગઈ હશે ! પરંતુ આવી ઘટનાઓ ... છે ત્યારે તેમાંથી પ્રજાજનોને અને સરકારને કેટલોક બોધપાઠ મળે

ઓરિસ્સામાં બે દિવસમાં દસ હજાર કરતાં વધુ માણસો મૃત્યુ પામ્યા. ...ત્યુનો આંક જ્યારે મોટો હોય છે ત્યારે તે ચિંતાજનક બની જાય છે. માનવજાતે નરસંહારના મોટા આંકડાઓ પણ જોયા છે. કેટલાંક વર્ષ પહેલાં જાપાનમાં હિરોશિમા અને નાગાસાકીમાં માનવમૃત્યુના આંકડા પાંચ લાખ કરતાં વધુ હતા. બીજા વિશ્વયુદ્ધે પિસ્તાલીસ લાખથી વધુ માણસોનો ભોગ લીધો હતો. બ્રિટીશ શાસન દરમ્યાન બિહાર અને બંગાળના દુકાળમાં પણ લાખો લોકોએ પ્રાણ ગુમાવ્યા હતા. એક સાથે એક જ સ્થળે યમરાજાની મોટી હાક વાગે ત્યારે તે જોનાર-સાંભળનાર સ્તબ્ધ, શોકગ્રસ્ત અને ચિંતિત થઈ જાય છે.

ઓરિસ્સાના વાવાઝોડાએ પણ આવી સંહારલીલા દ્વારા હાહાકાર મચાવી દીધો હતો. બરાબર દિવાળીના પર્વના થોડા દિવસ પહેલાં જ ઓરિસ્સામાં થયેલા આ વાવાઝોડાએ લોકોના જીવનને સ્થૂલ અને સૂક્ષ્મ એમ બંને રીતે અંધકારમય બનાવી દીધું. કેટલાંક તો કુટુંબો જ નષ્ટ થઈ ગયાં અને બીજાં કેટલાંયે કુટુંબોએ સ્વજનો ગુમાવ્યા. ઘેર ઘેર હૃદયદ્રાવક કરુણ દૃશ્યો સર્જાયાં. આ વાવાઝોડા તથા વૃષ્ટિને કારણે તથા સમુદ્રના મોજાનાં પૂરને કારણે દસ હજારથી વધુ માણસો અને એથી વધુ ઢોરો મૃત્યુ પામ્યા, લાખો લોકો ઘરબાર વિનાના થઈ ગયા, લાખો વૃક્ષો જમીનદોસ્ત થઈ ગયાં. હજારો ઘરો પડી ગયા, વીજળીના સેંકડો થાંભલાઓ ઉખડી ગયા, ટેલિફોન એક્સચેન્જ ઠપ થઈ ગયાં, હજારો ખેતરોમાં પાકને નુકસાન પહોંચ્યું, કરોડોની સંપત્તિનો નાશ થયો. આમ પણ ઓરિસ્સા ભારતનું એક પછાત રાજ્ય છે. તેમાં વળી આ વિનાશકારી વાવાઝોડું આવ્યું. એટલે હૃદય કંપે એવી કરુણ સ્થિતિ સર્જાઈ. કુદરત જ્યારે રૂઠે છે ત્યારે મનુષ્યની કેવી હાલત કરી નાખે છે એ આવે વખતે જોવા મળે છે. બીજી બાજુ આવે વખતે જ મનુષ્યમાં રહેલી માનવતા પાંગરી ઊઠે છે અને લોકો સહાય કરવા દોડી જાય છે.

ઓરિસ્સા જેવું જ વાવાઝોડું મુંબઈ, દિલ્હી કે મદ્રાસ ઉપરથી ફરી ... હોત તો જાનમાલનું આટલું નુકશાન થયું હોત ? આવું વાવાઝોડું ... , ન્યુયોર્ક કે પેરિસ ઉપર ફરી વળ્યું હોત તો ? આવી આપત્તિની ઘટના સો-બસો વર્ષ પહેલાં થઈ હોય તો ? આવા આવા પ્રશ્નોની વિચારણાથી ઓરિસ્સાની વર્તમાન પરિસ્થિતિનો વધારે વાસ્તવિક તાગ મળી રહે છે.

વર્તમાન સમયમાં ઉપગ્રહ દ્વારા હવામાનની આગાહીને કારણે ભયંકર વાવાઝોડું આવવાનું હોય તો એક-બે દિવસ પહેલાં લોકોને જાણ થઈ જાય છે. ચેતવણી અપાય છે. સમયસર લોકો સાવધ થઈ શકે છે. તેમ છતાં અનેક લોકો એવા હોય છે કે જેઓ ચેતવણી દ્વારા બચવા માટે લાચાર હોય છે. કેટલાક ગફલતમાં રહી જાય છે. કંડલાના વાવાઝોડા વખતે ચેતવણી અપાઈ હતી, છતાં બીજો વિકલ્પ ન હોવાને કારણે અનેક લોકો મૃત્યુ પામ્યા હતા.

વાવાઝોડાની આગાહી તો ઓછામાં ઓછા બાર કલાક પહેલાં થઈ શકે છે. એટલા કલાક સ્થળાંતર કરવા માટે પૂરતા ગણાય. તો પણ આવું સ્થળાંતર કરાવવા માટે સક્ષમ વહીવટી તંત્ર હોવું જોઈએ. લોકોમાં એ વિશે જાગૃતિ પણ જોઈએ. નિરક્ષર લોકોને સમજાવવાનું સહેલું નથી. સમજ્યા પછી ઘર છોડીને ભાગવાની તત્પરતા પણ હોવી જોઈએ. વસ્તુતઃ આપણા દેશમાં ગામડાંઓના લોકો સુધી આવી ચેતવણીની ખબર પહોંચતી નથી. એ માટે દરેક રાજ્યની સરકાર પાસે એક એવું વ્યવસ્થિત દળ હોવું જોઈએ કે જે આવનારી કુદરતી આપત્તિ વખતે સાધનસામગ્રી સાથે અગાઉથી પહોંચી જાય.

ચક્રવાત તો થોડા કલાકમાં આવીને ચાલ્યું જાય છે. પરંતુ એણે વરતાવેલા વિનાશમાંથી બેઠાં થતાં લોકોને મહિનાઓ લાગે છે. ગંધાતાં શબોને કારણે, દૂષિત હવા અને પાણીને કારણે, આશ્રયવિહોણા બની જવાને લીધે માણસો રોગચાળાનો ભોગ બને છે. ચક્રવાતમાં ન મર્યા હોય એવા કેટલાયે માણસો આવાં કારણોને લીધે પછીથી મૃત્યુ પામ્યા છે. દસ કરતાં વધુ જિલ્લાનાં ગામોમાં આ વિનાશ સર્જાયો એ પરથી એની વ્યાપકતાનો ખ્યાલ આવશે.

જ્યારે જ્યારે દુનિયામાં મોટી હોનારતો થાય છે ત્યારે તે તે રાષ્ટ્રની સરકાર ઉપરાંત સમૃદ્ધ રાષ્ટ્રો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, ટ્રસ્ટો વગેરે સહાય માટે દોડી જાય છે. વિશ્વ બંધુત્વની ભાવનાને એ અનુરૂપ છે. ઓરિસ્સા માટે યુનાઈટેડ નેશન્સ, રેડ ક્રોસ સોસાયટી, રેડ ક્રિસન્ટ, યુનિસેફ વગેરે તરફથી સહાયની જાહેરાત થઈ. તદુપરાંત નામદાર પોપે મોટી રકમની જાહેરાત કરી. વળી અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ ફ્રાન્સ, જર્મની, જાપાન વગેરે દેશોએ પણ રોકડ રકમ તથા દવા, ધાબળાઓ, જરૂરિયાતની અન્ય ચીજવસ્તુઓની જાહેરાત કરી છે. આથી તે રાહતકાર્યમાં સહાયરૂપ થઈ છે. કેટલીયે સંસ્થાઓએ, છાપાં અને સામયિકોએ રાહત ફંડો ઉઘરાવ્યાં છે.

દેશના સંકટ સમયે ગુજરાત હંમેશાં મોખરે રહે છે. રાહત કાર્ય માટે બીજાં રાજ્યોની જેમ ગુજરાત સરકારે સાધનસામગ્રી અને ડૉક્ટરોની ટીમ રવાના કરી હતી. અન્ય કેટલીક સંસ્થાઓએ ટ્રકો ભરીને સાધનસામગ્રી ઓરિસ્સામાં મોકલાવી છે. મુંબઈથી દિવાળીબહેન મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ

દ્વારા અનાજ, દવા, ધાબળા વગેરે પુષ્કળ સામગ્રી સાથે ટ્રકો દ્વારા ઓરિસ્સા ખાતે મોકલવામાં આવી હતી.

આ વખતે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ અને હરિભક્તોએ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આદેશ અનુસાર જાતે ઓરિસ્સામાં જઇને અનાજ, વસ્ત્ર-દવાના વિતરણનું ઘણું સંગીન રાહતકાર્ય કર્યું છે. સંતોએ પોતે મનુષ્યના મૃતદેહોના અગ્નિસંસ્કાર કરવા ઉપરાંત ઢોરોનાં ગંધાતાં શબોનાં અગ્નિસંસ્કારનું પણ પ્રશસ્ય કાર્ય કર્યું છે. આ રીતે રાહતકાર્ય પૂર જોશમાં થયું છે.

આ રાક્ષસી વાવાઝોડાને કારણે સમુદ્રમાં દસ-પંદર ફૂટ મોજાં ઊછળતાં જમીન પર માઇલો સુધી ફરી વળ્યાં. દરિયાનું ખારૂં પાણી ખેતરમાં ભરાઇ જવાને કારણે પાકના નુકશાન ઉપરાંત ખેતરોની જમીન ખારી થઇ ગઇ છે. જમીન ફરી ખેતીને લાયક થતાં વર્ષો લાગશે. એથી ખેતી પર જીવન નિભાવતા લાખો ખેડૂતો બેકાર બની ગયા છે. તેઓને માટે આજીવિકાનો પ્રશ્ન ગંભીર બની ગયો છે. તેઓને વ્યવસાયે લગાડવાનું કામ ભગીરથ છે.

ઓરિસ્સામાં વાવાઝોડાને કારણે કેટલીયે શાળાઓના મકાનો તૂટી ગયાં છે. શાળાઓ ફરી ચાલુ કરવા માટે સરકાર અને સેવાભાવી સંસ્થા દ્વારા કાર્યો ચાલી રહ્યાં છે.

વાવાઝોડું ચાલ્યું જાય, ઉઘાડ નીકળે તે પછી રાબેતા મુજબની સ્થિતિ સ્થાપતાં ઘણો વખત લાગે છે. ગામડાંઓ સાથેનો સંપર્ક તૂટી ગયો હોય છે. વીજળીનો પુરવઠો ચાલુ કરવાનો હોય છે. સંદેશા-વ્યવહારને નિયમિત કરવાનો રહે છે. આ તો બધું ખરું જ, પણ લોકોના પુનર્વસનનો પ્રશ્ન ઘણો મોટો અને વિકટ હોય છે.

પાણી અને વીજળીનો પુરવઠો ખોરવાઇ જતાં સેંકડો નાના નાના ઉદ્યોગો બંધ પડી ગયા છે. એટલું જ નહિ કેટલાંયે કારખાનાંઓમાં પાણી ભરાઇ ગયાં હતાં. ઓસર્યા પછી ત્યાં કાદવના નિકાલનો પ્રશ્ન ગંભીર બની ગયો છે. કારખાનાઓ બંધ પડતાં મજૂરો બેકાર બન્યા છે.

ભારત સરકારે ઓરિસ્સાની આપત્તિને ગંભીરપણે લીધી છે અને તાત્કાલિક રાહત પહોંચાડવા માટે જોરદાર પ્રયાસો કર્યા છે. આર્થિક સહાય પણ ઘણી મોટી કરી છે અને રાહત કાર્ય ઝડપી બને એ માટે 'ટાસ્ક ફોર્સ'ની રચના કરી છે. કેટલીક જવાબદારી લશ્કરના માણસોને સોંપી છે. આમ છતાં જ્યારે કેન્દ્રમાં એક પક્ષની સરકાર હોય અને રાજ્યમાં અન્ય પક્ષની સરકાર હોય ત્યારે પરસ્પર જે દોષારોપણ થાય છે તેવું ઓરિસ્સાની બાબતમાં પણ થયું છે. વસ્તુતઃ રાજ્ય સરકારનું વહીવટીતંત્ર શિથિલ હતું તે વધુ શિથિલ બની ગયું. કેટલાંયે અમલદારો રજા પર ઊતરી ગયા કે જેથી જવાબદારીમાંથી બચી શકાય. નોકરશાહીનું આ એક મોટામાં મોટું દૂષણ છે કે ખરે વખતે માણસ કપાતે પગારે કે બચેલી રજા ભોગવવાને બહાને રજા પર ઊતરી જાય તો તેને કાયદેસર ખાસ કશું કરી શકાતું નથી. નોકરશાહીની આ અને આવી બીજી કેટલીય કલમો છે કે જે પ્રગતિને માટે અવરોધક છે. સરકારી નોકરોને એક વખત કાયમી કર્યા પછી તેઓ સરખું કામ ન કરે તો પણ તેને ચાર્જશીટ વગર બરતરફ કરી શકાતા નથી અને ચાર્જશીટની પ્રક્રિયા એટલી વિચિત્ર અને વિલંબકારી છે કે એની ઝંઝટમાં કોઇ પડવા રાજી નથી હોતું. બરતરફ કદાચ કોઇને કરવામાં આવે અને એ વ્યક્તિ અદાલતમાં જાય તો જ્યાં સુધી તેનો ચુકાદો ન આવે ત્યાં સુધી એની જગ્યા પૂરી શકાતી નથી, અને પાંચ દસ વર્ષે ચુકાદો જો નોકરની તરફેણમાં આવ્યો તો તેટલા સમયનો પગાર વગર કામ કર્યે એને ચૂકવવો પડે છે. આવી કાનૂની પરિસ્થિતિમાં સંકટ સમયે સરકારી નોકરો નાસભાગ કરતા રહે છે અને બીજા કેટલાયે નોકરો તકનો લાભ લઇ નાણાં બનાવવાની પ્રવૃત્તિમાં પડી જાય છે. જે દેશમાં વડા પ્રધાન સુધીની વ્યક્તિઓ ગેરકાયદે નાણાં મેળવવાની લાલચ રોકી શકતી નથી ત્યાં મધ્યમ વર્ગના બાબુઓની તો વાત જ શી કરવી ?

ઓરિસ્સા માટે કેન્દ્ર સરકારે આશરે ત્રણસો કરોડની રકમ પુનર્વસન માટે આપી છે. એટલી રકમ જો સંકટ આવતાં પહેલાં વપરાઇ હોય તો એમાંથી કેટલાયે લોકોનાં પાકાં ઘર થઇ ગયાં હોત અને તો આટલી જાનહાનિ થાત નહિ. ખુવારીનો આંકડો ઓરિસ્સામાં મોટો રહ્યો છે કારણ કે દરિયાકાંઠાના ગામોમાં મોટા ભાગના ગરીબ લોકો વાંસ માટી અને ઘાસના ઝૂંપડામાં રહે છે. એવાં ઝૂપડાંઓ વાવાઝોડામાં ટકી ન શકે. વાવાઝોડા વખતે ઝૂપડાં તો ઊડી જાય, પણ માણસ પણ તણાઇ જાય. જેવું કંડલામાં થયું તેવું-તેથી પણ વધુ-ઓરિસ્સામાં થયું. એટલે કેન્દ્ર સરકારે અને રાજ્યની સરકારોએ સમુદ્ર કિનારાના ગામોમાં પાકાં રહેઠાણોની યોજના બનાવવી જોઇએ. ભારતનો સમુદ્ર કિનારો ઘણો મોટો છે. પરંતુ એમાં સંભવિત વાવાઝોડાના જોખમવાળા વિસ્તારોમાં આ કાર્ય કરવાની ત્વરિત આવશ્યકતા છે. બાંધકામના અંદાજિત ખર્ચના એંસીથી નેવું ટકા જેટલી રકમ લોન તરીકે વીસ-પચીસ વર્ષના હપ્તે વ્યાજના મામૂલી દરે ગરીબોને સહકારી મંડળીઓ દ્વારા આપવામાં આવે તો રહેઠાણોની સમસ્યા પણ હળવી બને. સરકાર જે રકમ સંકટ પછી ખર્ચે છે એ જ રકમ સંકટ પહેલાં આયોજનપૂર્વક ખર્ચે તો રચનાત્મક કાર્ય થાય અને ઘણી જાનહાનિ બચી જાય.

માણસ કે ઢોરનું મૃત્યુ એ માનવસમાજ માટે કરુણ ઘટના બને છે, પરંતુ એજ મૃત્યુ ગીધો માટે મહોત્સવરૂપ બને છે. જ્યારે પણ પ્રજા ઉપર આપત્તિ આવી પડે છે ત્યારે સમાજમાં રહેલાં ગીધડાંઓ એનો લાભ ઉઠાવવા તૂટી પડે છે. સગાંવહાલાંઓને ઊંચા ભાવે કોન્ટ્રાક્ટ અપાવવાની, ખોટા બીલો બનાવવાની, ખોટા હિસાબો રાખવાની, ચીજવસ્તુઓ વચ્ચેથી કાઢી લેવાની, બદલી લેવાની, નમૂના કરતાં હલકી જૂની વસ્તુઓ પહોંચાડવાની પ્રવૃત્તિ પણ વેગથી ચાલે છે. પછાત ગરીબ દેશોમાં આવું બનવું સ્વાભાવિક છે. બીજી બાજુ સહાય લેનારાઓમાં પણ કેટલાક બેઇમાન બની ખોટી રીતે વધારે મેળવી લે છે.

ધરતીકંપ, વાવાઝોડું, રમખાણો વગેરે દરમિયાન બનતી એક દુષ્ટ પ્રવૃત્તિ તે ગુંડાઓ દ્વારા દુકાનોમાં અને કારખાનાંઓમાં લૂંટફાટ કરવાની ઘટના છે. પછાત ગરીબ પ્રજાનો અમુક વર્ગ આવી તકનો લાભ લેવા લલચાય એ સ્વાભાવિક છે. ઓરિસ્સામાં પણ આવા બનાવો વ્યાપક પ્રમાણમાં બન્યા છે.

આ વાવાઝોડામાં જેમણે માતા અને પિતા બંને ગુમાવી દીધાં છે એવાં અનાથ બાળકોની સંખ્યા મોટી છે, કારણ કે મરણાંક પણ મોટો છે. આવાં અનાથ બાળકોનાં જો કોઇ સગાં- સંબંધીઓ બચ્યાં હોય તો તેઓ પણ ઘરબાર વગરના થઇ ગયાં હોય. એટલે અન્યનાં બાળકોની સંભાળ કોણ લે ? સરકારે અને સેવાભાવી સંસ્થાઓએ આ કામ ઉપાડી લેવું જોઇ. ભૂખ્યાંને ખવડાવવા જેવું દસબાર દિવસ પૂરતી સેવાનું આ કામ નથી. લાંબા ગાળાનું આ સેવાકાર્ય છે. એમાં દીર્ઘદૃષ્ટિ અને વ્યવહારદક્ષતા જોઇએ. જો આવું કામ તરત હાથમાં લેવામાં ન આવે તો જે અનિષ્ટ તત્ત્વો કામે લાગી ગયાં છે તેની પ્રવૃત્તિ વધુ ફેલાય. ખાસ કરીને દસબારથી પંદરવીસ વર્ષની અનાથ છોકરીઓને નોકરી ધંધો અપાવવાના બહાને ભોળવી, પાંચ પંદર દિવસ સારૂં ખાવાનું અને સારાં વસ્ત્રો આપી, સારી સારી આશા આપીને વેશ્યાના દલાલો એમને વેશ્યાઘરોમાં વેચી દેવા લાગ્યા છે. એ માટે દરેક જિલ્લામાં અનાથ છોકરીઓ માટે અનાથાશ્રમ સ્થાપવાની જરૂર છે. મહિલા કાર્યકર્તાઓ અને સેવાભાવી સંસ્થાઓ આ કાર્ય સારી રીતે કરી શકે. મુંબઇના શ્રી દિવાળીબહેન ટ્રસ્ટ મહેતા દ્વારા આવા બે અનાથાશ્રમ જુદે જુદે સ્થાપવા માટે તૈયારી થઇ રહી હોવાનું જાણવા મળ્યું છે. સંસ્થાઓના સેવાકાર્યને સરકારી વહીવટીતંત્રને કાયદાની કલમો અને નિયમોને બહાને વિલંબિત કરી દેવાની ટેવ હોય છે. વહીવટી ઔપચારિકતાને ત્વરિત બનાવી આવાં કાર્યોને પાર પાડવામાં સરકારી વહીવટીતંત્રે અને સ્થાનિક કાર્યકર્તાઓએ સારો સહકાર આપવો જોઇએ.

ધરતીકંપ, વાવાઝોડું અતિવૃષ્ટિ, દુકાળ વગેરે પ્રકારની મોટી ભયંકર કુદરતી આપત્તિઓને આવતી અટકાવવાનું સામર્થ્ય હજુ માનવજાતે મેળવ્યું નથી, પરંતુ એવી આપત્તિ વખતે જાનમાલનું ઓછામાં ઓછું નુકસાન કેમ થાય અને પુનર્વસનનું કાર્ય ત્વરિત ને સંગઠિત કેમ થાય તે જોવાનું સામર્થ્ય મેળવી- કેળવી શકાય છે. એ માટેની દૃષ્ટિ મળી રહે એવો બોધપાઠ ઓરિસ્સાની ઘટનામાંથી મળી રહેવો જોઇએ.

☐ **રમણલાલ ચી. શાહ**

# સ્વરૂપ-વિજ્ઞાન અથવા જૈન પદાર્થ-વિજ્ઞાન

☐ સ્વ. પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

**(ગતાંકથી ચાલુ)**

દ્રવ્યની વિચારણા બાદ આપણે ગુણ વિષે વિચારીશું.

ગુણ :

ગુણ શું છે ? એ પ્રશ્નના ઉત્તરથી દ્રવ્ય વિષે પણ જાણકારી મળે છે. કેવું છે ? એ પ્રશ્નના ઉત્તરથી દ્રવ્યના ગુણ-પર્યાય વિષે જાણકારી મળે છે.

ગુણ એ અગાઉ જણાવ્યા મુજબ દ્રવ્યમાં ભેદ પાડે છે. એટલે કે દ્રવ્યની ઓળખ આપે છે. આમ ગુણ એ દ્રવ્યનો ધર્મ છે. ગુણ દ્રવ્યનો સ્વભાવ છે. વસ્તુ સ્વભાવ એ ગુણ છે. પદાર્થ વિજ્ઞાનમાં પણ ગુણધર્મો ઉપરથી નિશ્ચિત કયો પદાર્થ છે તેનો નિર્ણય થતો હોય છે. જેમકે રંગ પીળો છે, અકાટ્ય છે અને ઘનતા અમુક છે તો તે સોનું છે.

ગુણના બે ભેદ પડે છે. સામાન્ય અને વિશેષ. જે ગુણ એક કરતાં અધિક દ્રવ્યમાં હોય તેને સામાન્ય ગુણ કહેવાય છે, જ્યારે જે ગુણ તે દ્રવ્યનો પોતાનો આગવો વિશિષ્ટ ગુણ હોય તેને વિશેષગુણ કહેવાય છે. એ વિશેષગુણને પરમગુણ, પરમભાવ કે સ્વભાવ પણ કહેવાય છે. સામાન્ય ગુણ દશ છે અને વિશેષ ગુણ સોળ છે.

સામાન્ય ગુણ :

(૧) અસ્તિત્વ : પ્રદેશત્વથી સર્વકાળ વિદ્યમાન હોવું એ તે દ્રવ્યનો અસ્તિત્વ ગુણ કહેવાય છે.

(૨) વસ્તુત્વ : ગુણક્રિયાના સાતત્ય (નિરંતરતા)ને વસ્તુત્વ કહે છે. ઉદાહરણ તરીકે જીવનો ગુણ જ્ઞાન છે. કોઈપણ જીવાસ્તિકાય દ્રવ્ય જ્ઞાયકતા અને વેદકતા વિહોણું નહિ હોય. જીવનો આ જ્ઞાનગુણ એટલે કે જોવા, જાણવા, વેદવાની ક્રિયાનું સાતત્ય જે ચાલુ છે તે જીવનો વસ્તુત્વ ગુણ છે. જીવ અમુક સમય જ જુએ, જાણે, વેદે અને અમુક સમય જુએ, જાણે, વેદે નહિ અર્થાત્ તેટલો સમય જીવ, જીવ મટી અજીવ (જડ) થઈ જાય એવું ક્યારેય બનતું નથી. વધુ સ્પષ્ટતા એક ઉદાહરણ લઈને કરીએ. સાકરમાં સાકરની મીઠાશ કાયમ સાકરની સાથે હોય છે. સાકર એવી નથી હોતી કે તેની મીઠાશ સવારે ૮ થી ૧૨ હોય ને બપોરે ૧૨ થી ૪ નહિ હોય. એમ જો સાકર મીઠાશ વિનાની થઇ જતી હોય તો તે સાકર કહેવાય નહિ. ટુંકમાં ગુણની દ્રવ્ય સાથેની અભેદતા એ દ્રવ્યનું વસ્તુત્વ.

(૩) દ્રવ્યત્વ : ॥ गुणपर्यायवत् द्रव्यम् ॥ આ ચોક્કસ અમુક જ દ્રવ્ય છે, એવી દ્રવ્યની પ્રતીતિ કરાવનાર, દ્રવ્યની નિશ્ચિત ઓળખ આપનાર જે તત્ત્વ દ્રવ્યમાં રહેલ છે, તે તત્ત્વને તે દ્રવ્યત્વ કહેવાય છે. ટુંકમાં સ્વતત્ત્વ ને દ્રવ્યત્વ.

(૪) પ્રદેશત્વ : જે કોઈપણ દ્રવ્ય હોય તે પ્રદેશના સમૂહરૂપ છે. અસ્તિકાય કે પ્રદેશપિંડરૂપ દ્રવ્ય હોય છે. પ્રદેશનું કદ અવિભાજ્ય હોય છે. એ અવિભાજ્ય પ્રદેશને કેવળજ્ઞાનીના જ્ઞાનમાં પણ વિભાજિત કરી શકાતું નથી તેવું સૂક્ષ્માતિસૂક્ષ્મ હોય છે. આવો નાનામાં નાનો-ઝીણામાં ઝીણો સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાગ કે જેનાં આગળ વધુ ભાગ પાડવાં શક્ય નથી તેને પ્રદેશત્વ કહે છે.

(૫) મૂર્તત્વ :

'परिणामि जीव मुत्तं, सपएसा एग खित्त किरिआय;
णिच्चं कारण कत्ता, सव्वगय इयर अपावेसे.'

ઉપરની ગાથા નવતત્ત્વની ગાથા છે. મૂળ ગાથા ઉત્તરાધ્યયન સૂત્રની છે. મૂર્ત એટલે આકૃતિ. આકૃતિ એટલે સંસ્થાન. આકૃતિ એટલે દ્રવ્યે પોતાના કદ પ્રમાણે આકાશ ક્ષેત્રે રોકેલ હદ-જગા. આકાશપ્રદેશે દ્રવ્યે રોકેલ કદ એ દ્રવ્યનું મૂર્તત્વ. પાંચેય અસ્તિકાયના પ્રદેશપિંડને આકૃતિ-સંસ્થાન લાગુ પડે છે. દ્રવ્યે પોતાના પ્રદેશપિંડથી આકાશમાં બાંધેલી હદ તે એ દ્રવ્યની મૂર્તિ.

ઉપરોક્ત વ્યાખ્યાનુસાર પાંચેય દ્રવ્યો મૂર્ત છે કેમકે પ્રત્યેક દ્રવ્યનું પોતાનું સંસ્થાન છે, આકૃતિ છે, મૂર્તિ છે. છતાં અગાઉ જણાવી ગયા તે મુજબ જેની મૂરત બદલાયા કરે છે અર્થાત્ મૂર્તમૂર્તાંતરતા થયા કરે છે તે દ્રવ્ય જ વાસ્તવિક મૂર્ત છે. વિચાર કરતાં આમ કહેવું અમને ઉચિત લાગે છે. જ્યારે જે દ્રવ્યની પિંડાકૃતિ સ્થિર છે, જ્યાં મૂર્તમૂર્તાંતરતા નથી તે દ્રવ્ય અમૂર્ત છે. મૂર્તમૂર્તાંતરતા નથી, તેને નિષેધ રૂપે વ્યક્ત કરવા માટે અમૂર્ત જણાવેલ છે. બાકી મૂળભૂત રીતે પણ અમૂર્ત પણ મૂર્ત જ છે. પરંતુ ત્રિકાળ તેની મૂરત એક છે. વળી જે મૂર્ત છે તે રૂપી છે અને અમૂર્ત છે તે અરૂપી છે.

દ્રવ્યનું ગુણકાર્ય છે તે એ દ્રવ્યનું રૂપ છે. દ્રવ્યનું આ રૂપ નિત્ય અને અનિત્ય એમ બે પ્રકારે છે. નિત્ય એક જ ગુણકાર્ય છે, નિત્ય એક જ રૂપ છે તે અરૂપી છે. એક સરખું ગુણકાર્ય નથી તે અનિત્ય છે અને અનિત્ય છે તેનું ગુણકાર્ય એકસરખું હોતું નથી. એજ પ્રમાણે જે અનિત્ય હોય છે તેનું રૂપ એકસરખું હોતું નથી પરંતુ તે બહુરૂપી હોય છે. રૂપ કાળવાચક શબ્દ છે જ્યાં ઉત્પાદ વ્યય હોય છે. અમૂર્ત એક ક્ષેત્રવાચક શબ્દ છે. અમૂર્ત છે તે સ્થિર છે અને એકક્ષેત્રી છે.

જે અસ્થિર છે તે મૂર્ત છે અને એમાં સંકોચ વિસ્તાર છે તથા ક્ષેત્રાંતરતા છે. જે દ્રવ્યના ગુણપર્યાયમાં અનિત્યતા છે તેના આધારરૂપ પ્રદેશ અસ્થિર છે. જે દ્રવ્યના ગુણપર્યાયમાં નિત્યતા છે તેના આધારરૂપ પ્રદેશ સ્થિર છે.

(૬) ચેતનત્વ : ચેતનત્વ એટલે ચેતના. જ્ઞાન-દર્શન ઉપયોગ. ચિતિ ધાતુ ઉપરથી ચેતના શબ્દ ઉદ્ભવ્યો છે. જે સુખ દુઃખના વેદનમાં ચેતે, લાગણીશીલ બને તે ચેતન. ચેતવાના અર્થમાં વેદન અને જાણવાના અર્થમાં જ્ઞાનપ્રકાશ.

(૭) અચેતનત્વ : ચેતનત્વનો અભાવ તે અચેતનત્વ. જીવત્વનો અભાવ તે અચેતનત્વ અર્થાત્ જડત્વ.

(૮) અમૂર્તત્વ : મૂર્તત્વનો અભાવ અર્થાત્ જ્યાં મૂર્તમૂર્તાંતરતા નથી તે અમૂર્તત્વ.

(૯) પ્રમેયત્વ : જ્ઞેયત્વ, પ્રમેયત્વ એ પદાર્થમાં જણાવાનો ગુણ છે. જ્યારે પ્રમાતા- જ્ઞાતામાં અર્થાત્ જીવમાં જાણવાનો ગુણ છે. ઉભયનો પરસ્પર અન્યોન્ય નિમિત્ત-નૈમિત્તિક ગુણ છે. જેમકે લોઢામાં ખેંચાવાનો ગુણ છે અને લોહચુંબકમાં ખેંચવાનો ગુણ છે. લોહચુંબક લોઢાને જ ખેંચી શકશે પણ લાકડાને નહિ. આ નિમિત્ત-નૈમિત્તિક ગુણ-ભાવ છે.

(૧૦) અગુરુલઘુત્વ : આ ગુણનું કાર્ય દ્રવ્યને પોતાના મૂળભૂત સ્વરૂપમાં સ્થિર રાખવાનું છે. આ ગુણ સૂક્ષ્મ છે અને તે મતિજ્ઞાનનો વિષય નથી. એ શ્રદ્ધાનો વિષય છે કેમકે આગમગમ્ય અને કેવળીગમ્ય વિષય છે.

અગુરુ લઘુ જે સામાન્ય ગુણ છે અને પાંચેય અસ્તિકાયમાં ઘટે છે એ અર્થમાં હાનિવૃદ્ધિ રહિત સમ છે તે અગુરુલઘુ છે. પાંચેય અસ્તિકાયના પ્રત્યેક પ્રદેશમાં ઉત્પાદ-વ્યયરૂપ ષડગુણ હાનિવૃદ્ધિ બાર

ભેદે ક્રમિકભાવે જે થયાં કરે છે તેનું પ્રયોજન એ દ્રવ્યને પોતાના સ્વભાવમાં સ્થિર રાખવાનું છે. એવો જે અર્થ અગુરુલઘુનો કરવામાં આવેલ છે તે આગમગમ્ય, કેવળીગમ્ય છે. આપણા અલ્પ મતિજ્ઞાનની પહોંચની બહારનો વિષય છે.

અગુરુલઘુના બાર ભાવોમાં માત્ર ઉત્પાદ-વ્યય જ લાગુ પડે છે પરંતુ સંયોગ-વિયોગ, સંકોચ-વિસ્તાર, સર્જન-વિસર્જન, રૂપ-રૂપાંતર, ક્ષેત્ર-ક્ષેત્રાંતર, પરિવર્તન કે પરિભ્રમણ લાગુ પડતાં નથી. પાંચેય અસ્તિકાયના અગુરુલઘુ ગુણમાં કોઇ સંયોગ-વિયોગ, કે સર્જન-વિસર્જન ન હોવાથી ત્યાં કર્તા ભોક્તા ભાવો લાગુ પડતાં નથી. કોઇ રાગ-દ્વેષના ભાવો પણ ત્યાં લાગુ પડતાં નથી.

પુદ્ગલ દ્રવ્યમાં પણ સૂક્ષ્મ અથવા બાદર સ્કંધમાં અગુરુલઘુ ગુણના જે બાર ક્રમિક ભાવોનાં ઉત્પાદ-વ્યય થયા કરે છે તેનાથી કોઇ વિશેષ દેખાતી પરિવર્તનતા આવતી નથી. અને ત્યાં કોઇ કર્તા-ભોક્તાના ભાવો થતાં નથી. તે ગુણના નિમિત્તે તે ભાવો વડે કરીને કોઇ હાનિવૃદ્ધિ અને ક્ષતિ પહોંચતી નથી.

અગુરુલઘુ ગુણની વિચારણા કરતાં સંસારી જીવોના કર્તા-ભોક્તા ભાવ ઉપર, તેમના જ્ઞાન દર્શનના ઉપયોગ ઉપર અને તેઓના સુખદુઃખ ઉપર અન્ય દ્રવ્યોના ગુણપર્યાય વડે શું પરિવર્તન આવે તે અપેક્ષાએ જિજ્ઞાસુ ચિંતકે વિચારવું.

બાકી અગુરુલઘુ નામકર્મ એ નામકર્મની એક પ્રકૃતિ છે જે અગુરુલઘુ ગુણથી ભિન્ન છે અને તેનો અર્થ જુદો થાય છે. ગોત્રકર્મના નાશથી સિદ્ધ પરમાત્માઓના જીવોમાં ઉત્પન્ન થતો અગુરુલઘુ ગુણ તે સિદ્ધ પરમાત્માના આત્મપ્રદેશોની પિંડાકૃતિ જે તેમના ચરમ (અંતિમ) શરીરથી કદમાં એક તૃતીયાંશ (૧/૩) ઓછી છે અને તે આકારે ઉર્ધ્વગમન ગતિએ સિદ્ધશિલા ઉપર લોકાગ્ર શિખરે એવી ને એવી જ ગતિએ અનંતકાળ સુધી રહે છે. એ સિદ્ધાત્માના જીવોના પ્રદેશોના સ્થિરત્વ અને આકૃતિના સમત્વને સૂચવતો ગુણ છે. વળી નામકર્મની પ્રત્યેક પ્રકૃતિમાં અગુરુલઘુ નામકર્મ છે તે શરીર આશ્રિત-દેહાશ્રિત છે. એટલે કે જે વ્યક્તિનું શરીર જાડું યા પાતળું હોય તે એ વ્યક્તિને બેસવા, ઊઠવા, હાલવા, ચાલવા આદિમાં કોઇ વાતે કોઇપણ જાતના કાર્યમાં પ્રતિકૂળ ન હોય તેવી બાહ્યસ્થિતિ તે અગુરુલઘુ નામકર્મ.

નામકર્મની પ્રકૃતિ ચાર પ્રકારે છે. (૧) પિંડ પ્રકૃતિ (૨) પ્રત્યેક પ્રકૃતિ (૩) ત્રસ દશક અને (૪) સ્થાવર દશક. તેમાં પ્રત્યેક પ્રકૃતિના આઠ ભેદ છે. જેમાંની અગુરુલઘુ નામકર્મ પ્રકૃતિ એક છે જે દેહાશ્રિત છે. એ અગુરુલઘુ સામાન્ય ગુણથી જુદી પડે છે તેટલી સ્પષ્ટતા કરવા પૂરતો આટલો ખુલાસો કર્યો.

વિશેષ ગુણ : આ અમુક ચોક્કસ દ્રવ્ય છે એની પ્રતીતિ કરાવનાર દ્રવ્યના પરમભાવને, સ્વભાવને તે દ્રવ્યનો વિશેષગુણ કહેવાય છે.

વિશેષગુણમાં પ્રથમ ચાર ગુણ દર્શન, જ્ઞાન, સુખ (ચારિત્ર અને તપ) તથા વીર્ય છે. ઉપરાંત અમૂર્તત્વ અને ચેતનત્વ એ વિશેષગુણ છે. જીવાસ્તિકાય કહેતાં જીવના-આત્માના આ છ વિશેષગુણ છે.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તથા મૂર્તત્વ અને અચેતનત્વ એ પુદ્ગલના છ વિશેષગુણો છે.

ગતિપ્રદાનતા-ગતિ હેતુત્વ, અચેનતત્વ અને અમૂર્તસ્વ એ ત્રણ ધર્માસ્તિકાયના વિશેષગુણો છે.

સ્થિતિપ્રદાનતા-સ્થિતિહેતુત્વ, અચેતનત્વ અને અમૂર્તત્વ એ ત્રણ અધર્માસ્તિકાયના વિશેષગુણો છે.

અવગાહના હેતુત્વ-અવગાહના પ્રદાનતા, અચેતનત્વ અને અમૂર્તત્વ એ ત્રણ આકાશાસ્તિકાયના વિશેષગુણો છે.

અત્રે જિજ્ઞાસુઓને શંકા એ ઉપસ્થિત થાય કે ચેતનત્વ અને અચેતનત્વ તથા મૂર્તત્વ અને અમૂર્તત્વ એ ચારે ગુણોને સામાન્ય ગુણો પણ ગણાવ્યા અને વળી વિશેષગુણો પણ ગણાવ્યા. આમ કેમ ? આ શંકાનું સમાધાન એ છે કે એકથી અધિક દ્રવ્યો અમૂર્તત્વનો ગુણ ધરાવે છે. તેથી તે ગુણને સામાન્ય ગુણ કહ્યો. એજ પ્રમાણે એકથી અધિક દ્રવ્યો અચેતનત્વનો ગુણ ધરાવતા હોવાથી તે ગુણ પણ સામાન્ય કહ્યો છે. વળી જીવોની સંખ્યા એકથી અધિક અનંતી હોવાથી ચેતનત્વ ગુણને તેમજ પુદ્ગલપરમાણુની સંખ્યા પણ એકથી અધિક અનંતી હોવાથી મૂર્તત્વગુણને સામાન્ય કહેલ છે. ઉપરાંત જીવાસ્તિકાયને અન્ય ચાર દ્રવ્યો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયથી નોખો નિરાલો તારવવા માટે થઇને ચેતનત્વ ગુણને વિશેષગુણ કહ્યો અને પુદ્ગલાસ્તિકાયને અન્ય ચાર અસ્તિકાયથી જુદું તારવવા માટે થઇને મૂર્તત્વગુણને વિશેષગુણ કહેલ છે.

દ્રવ્યના સામાન્ય અને વિશેષગુણ બાબતે આટલું વિગતે વિચાર્યા બાદ દ્રવ્યના સામાન્યગુણના બે પેટાભેદ 'ઉર્ધ્વતા સામાન્ય' અને તિર્યક સામાન્ય છે તે અંગે હવે વિચારીએ.

ઉર્ધ્વતા સામાન્ય : જે દ્રવ્યની તેના પ્રત્યેક પર્યાયમાં-સર્વકાળમાં, બધી હાલત- અવસ્થામાં સર્વથા હાજરી હોય તેને ઉર્ધ્વતા- સામાન્ય તરીકે ઓળખવામાં આવે છે. બદલાતાં જતાં માટીનાં પ્રત્યેક પાત્રમાં, કુંભ, કોઠી,કુલડી, કલેડા, કોડિયાં એ સર્વ પાત્રમાં માટી તો તેની તે જ છે. દરેક પાત્ર માટીને દ્રવ્યરૂપે સમજાવતું, જીવાસ્તિકાય-જીવના વર્તમાન આ ભવ અને ગતભવ તથા અનાગત પરભવના પ્રત્યેક પર્યાયમાં જીવત્વ, આત્મતત્ત્વને સમજાવતું જે સામાન્ય તત્ત્વ છે તે ઉર્ધ્વતા સામાન્ય છે. જ્યાં કાર્ય-કારણની પરંપરા ચાલુ રહે ત્યાં ઉર્ધ્વતા સામાન્ય હોય છે. જીવનાં પ્રત્યેક ભવમાં, પ્રત્યેક ભાવમાં, પ્રત્યેક પર્યાય-હાલત-અવસ્થામાં, શિશુ અવસ્થામાં કિશોરાવસ્થામાં, યુવાવસ્થામાં, પ્રૌઢાવસ્થામાં, વૃદ્ધાવસ્થામાં અને આગળ ઉપર ભવોભવની પ્રત્યેકાવસ્થામાં આત્માની જે હાજરી હોય છે તે ઉર્ધ્વતા સામાન્ય છે. એમાં પર્યાય-હાલત-અવસ્થા-આકાર તો બદલાય છે. પણ બધીય અવસ્થામાં મૂળભૂત જીવદળ-જીવદ્રવ્ય-આત્મા તો હાજર ને હાજર જ હોય છે. છતાંય સિદ્ધ પરમાત્માના જીવાત્માઓમાં ઉર્ધ્વતા સામાન્ય ઘટતું નથી. કારણ કે તે આત્યંતિક શુદ્ધાવસ્થા, સહજાવસ્થા, કૃતકૃત્યાવસ્થા હોય છે. એટલે કે કારણ-કાર્યનો અંત આવી ગયો હોય છે. એમણે તો નિત્ય પર્યાયની, સાદિ અનંત સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ કરી લીધી હોવાથી દ્રવ્ય અને પર્યાય અભેદ થઇ ગયાં છે. એ અક્રમ અવસ્થા છે, નિત્ય અવસ્થા છે.

એજ પ્રમાણે પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં પણ ઉર્ધ્વતા સામાન્ય ગુણ અવશ્ય ઘટે છે, કારણ કે પુદ્ગલાસ્તિકાય વિષે કાર્ય કારણની પરંપરા સતત ચાલુ ને ચાલુ જ રહે છે. પુદ્ગલાસ્તિકાય વિષે ક્રમથી અનિત્ય પર્યાયો હોય છે. પરંતુ બાકીના ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયનો નિત્ય એક જ પર્યાય એવો ને એવો, એ ને એજ, એક જ અવસ્થા સદા સર્વદા હોવાથી ઉર્ધ્વતા સામાન્ય ગુણ ત્યાં ઘટતો નથી.

આ ઉર્ધ્વતા સામાન્ય ગુણ કેવળ પુદ્ગલાસ્તિકાય અને સંસારી જીવો વિષે જ ઘટે છે, કારણ ઉભયમાં અનિત્ય પર્યાય હોય છે અને કાર્ય કારણની પરંપરા નિરંતર ચાલુ જ હોય છે. સંસારીજીવ વિષે એનો આત્મા તો એનો એજ હોય છે પણ એવો ને એવો નથી હોતો. જ્યારે સિદ્ધપરમાત્માનો જીવાત્મા એનો એજ તો હોય છે પરંતુ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ બાદ સાદિ-અનંતકાળ એવો ને એવો જ રહે છે.

સંસારીજીવ વિષે ઘાતિકર્મોની અપેક્ષાએ મોહનીય કર્મના ભાવોને ઉર્ધ્વતા સામાન્યમાં પહેલાથી માંડી દશમા-ગુણસ્થાનક સુધી ઘટાવી

શકાય જ્યારે અઘાતિકર્મની અપેક્ષાએ પહેલાથી માંડી તેરમા ગુણસ્થાનક સુધી ઘટાવી શકાય.

તિર્યક સામાન્ય : એક સમયે સમકાળ એક સરખા ગુણવાળા દ્રવ્યો તિર્યક એકથી અધિક હોય તેને તિર્યક સામાન્ય કહેવાય અર્થાત્ તિર્યક સામાન્ય એટલે ભિન્ન ભિન્ન ક્ષેત્રે રહેલ સર્વક્ષેત્રોના સમકાળ વિદ્યમાન દ્રવ્યોને એક સામાન્યરૂપે સમજાવતું તત્ત્વ.

પ્રત્યેક ક્ષેત્રે રહેલ ઘડો ઘડાની જાતનો છે. તેમ વસ્ત્ર-કાપડ એ વસ્ત્ર-કાપડની જાતનું છે. સર્વક્ષેત્રે સમકાળ વિદ્યમાન સર્વ ઘડા, વસ્ત્ર, કાપડને એકરૂપે સમજાવતું તત્ત્વ તે તિર્યક સામાન્ય.

ટૂંકમાં કાળની અપેક્ષાએ જે સામાન્ય છે તે ઉર્ધ્વતા સામાન્ય છે અને ક્ષેત્રની અપેક્ષાએ સમકાળ જે સામાન્ય છે તે તિર્યક સામાન્ય છે.

ઉર્ધ્વતા સામાન્ય શક્તિ : જુદાં જુદાં કાળમાં પરિવર્તન પામતી વસ્તુમાં જે એકતાની પ્રતીતિ કરાવે છે તે ઉર્ધ્વતા સામાન્ય. બદલાતા જતાં માટીના આકારમાં માટીની પ્રતીતિ કરાવનાર તત્ત્વશક્તિ તે ઉર્ધ્વતા સામાન્ય શક્તિ. પરિવર્તન પામતા માટીના પાત્રોમાં માટી તો દેખાય છે પરંતુ કેટલીક વસ્તુઓ એવી છે કે એમાં તત્ત્વશક્તિ વિશેષ છૂપાઇને રહેલ છે જે સામાન્યતા દૃષ્ટિગોચર થતી નથી. આને આપણે દૃષ્ટાંતથી સમજીએ.

ઉદાહરણ તરીકે 'ઘાસમાં ઘી છે' એ વિધાનને પહેલ પ્રથમ તો કોઇ સ્વીકારશે નહિ. પરંતુ ઊંડાણથી વિચાર કરતાં સમજમાં ઊતરશે કે ઘાસ ખાવાથી ગાય કે ભેંસ દૂધ આપી શકે છે. દૂધમાંથી દહીં, દહીંમાંથી માખણ અને માખણને તાવે એટલે ઘી નીપજે. આમ 'ઘાસમાં ઘી છે' એ વિધાન સિદ્ધ થાય છે. આ શક્તિને 'ઓઘ ઉર્ધ્વતા સામાન્ય શક્તિ' કહેવાય છે. આ ઓઘ- શક્તિને સ્વરૂપ યોગ્યતારૂપ કારણ તરીકે ઓળખાવાય છે. જ્યારે તે જ વસ્તુ કાર્યની નજીક આવે ત્યારે તે શક્તિનું ભાન થાય છે. જેમકે 'દહીંમાં ઘી'. આ શક્તિને 'સમુચિત શક્તિ' કહેવામાં આવે છે. ઓઘશક્તિ એ પરંપર કારણમાં રહેલી શક્તિ છે અને 'સમુચિત શક્તિ' એ અનંતર કારણમાં રહેલી શક્તિ છે. આથી સહેજે સમજાય છે કે ભવિ જીવ, ભવ્યાત્મામાં પરમાત્મા અર્થાત્ સિદ્ધાત્મા બનવાની શક્તિ ગર્ભિત (છૂપાયેલી) પડેલી છે. ગમે એવાં આવરણો આત્મા ઉપર છવાયેલા હોય-એટલે સુધી કે નિગોદના નિત્કૃષ્ટ કક્ષાના જીવોમાં પણ આ ઓઘશક્તિ ગર્ભિતપણે રહેલી હોય છે. સમજાય એવું ઉદાહરણ લઇએ તો નાનકડાં એવાં બીજમાં વિરાટ વૃક્ષ થવાની રહેલી ગર્ભિત શક્તિ. જો બીજરૂપ જ્ઞાનગુણ જીવમાં હોય નહિ તો જીવ કદીય કેવળજ્ઞાન પામી શકે નહિ અને ચેતન મટી જડ બની જાય.

ઉભય શક્તિ ઓઘ ઉર્ધ્વતા સામાન્ય શક્તિ અને સમુચિત શક્તિ સમજવાથી વિશ્વમાં રહેલ પ્રત્યેક પુદ્‌ગલ પરમાણુ, પ્રત્યેક પૌદગલિક પદાર્થમાં પરિણમી શકે છે એ સ્પષ્ટ થશે. આત્મામાં ગર્ભિત સત્તાગત પરમાત્મ તત્ત્વ રહેલ છે અને પ્રત્યેક આત્મા પરમાત્મા છે એ શાસ્ત્રીય વિધાનની સત્યતા બુદ્ધિગમ્ય બનશે. આ બંને શક્તિથી દ્રવ્યનું સ્પષ્ટ વિશ્લેષણ કરી શકાય છે.

સહભાવીપણું અને ક્રમભાવીપણું અર્થાત ગુણપર્યાય : દ્રવ્ય એ શક્તિ સ્વરૂપ છે. જ્યારે ગુણ-પર્યાય એ વ્યક્તિ સ્વરૂપ છે. દ્રવ્યમાં સહભાવીરૂપ કહેતાં ગુણ છે અને ક્રમભાવીરૂપ કહેતાં પર્યાય છે. ગુણ અને પર્યાયમાં જો કાંઇ ભેદરૂપ હોય તે આ સહભાવીપણું અને ક્રમભાવીપણું છે.

ગુણ અને પર્યાયને યથાર્થ સમજવા માટે આત્મા (જીવ) અને પુદ્‌ગલ એ બે દ્રવ્યોને સમજવા જોઇએ કારણ કે જગતમાં એ બે દ્રવ્યોનો જ પરિચય-સંબંધ સતત થયાં કરે છે. જીવ અને પુદ્‌ગલની રમત જ જગત છે.

આત્મામાં જ્ઞાન-દર્શનાદિ નિજગુણો છે અને પુદ્‌ગલમાં રૂપાદિ ગુણો છે. મનુષ્ય, દેવ, નારક, તિર્યંચ એ આત્માના પર્યાયો છે જ્યારે દ્વયાણુક, ત્રયાણુક આદિ સ્કંધો પુદ્‌ગલના પર્યાયો છે.

જ્ઞાન આત્માની સાથે ને સાથે સદા સર્વદા રહે છે. એક સમય પણ એવો નથી કે જ્યારે આત્મા જ્ઞાનવિહોણો હોય. તેથી જ્ઞાન એ આત્માનો સહભાવી ગુણ છે. એ જ પ્રમાણે રૂપાદિ પુદ્‌ગલના સહભાવી ગુણ છે. જ્યારે દેવ, મનુષ્ય, નારકી, આદિ આત્માના ભાવો ક્યારેક હોય છે અને ક્યારેક નથી હોતાં તેથી એ ક્રમિકભાવે થનારા પર્યાયો છે. દ્વયાણુક આદિ પણ પુદ્‌ગલમાં ક્રમભાવી છે તેથી પુદ્‌ગલના પર્યાયો છે.

આત્મામાં જ્ઞાનગુણ સહભાવી હોવા છતાં મતિજ્ઞાન સહભાવી નથી કારણ કે મતિજ્ઞાન ક્રમથી છે. આમ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ જ્ઞાન એ ક્રમભાવી હોવાથી પર્યાયો છે. એ આત્માના સહભાવી જ્ઞાનગુણના પર્યાયો (ભેદ) છે.

પુદ્‌ગલમાં પણ વર્ણવર્ણાંતર થયા કરે છે તેથી તે ક્રમભાવી છે અને તેથી તે પુદ્‌ગલના પર્યાયો છે. બધાંય દ્રવ્યો છે પણ બધાંય દ્રવ્યો કાંઇ સરખાં નથી. એ સરખાં દેખાતાં દ્રવ્યોમાં ભેદ ગુણ-પર્યાય પાડે છે. ઉદાહરણ તરીકે સાકર અને ફટકડી પહેલી નજરે સરખી લાગે છે પણ એમાં ભેદ સાકરની મીઠાશ અને ફટકડીની તુરાશ પાડે છે. આમ દ્રવ્યના ભેદ ગુણ પાડે છે. અને ગુણના ભેદ પર્યાય પાડે છે. ઉદાહરણ તરીકે જ્ઞાનનો પર્યાય બતાડે કે જ્ઞાન મતિજ્ઞાન છે, અવધિજ્ઞાન છે કે કેવળજ્ઞાન છે. આમ દ્રવ્યની ઓળખ દ્રવ્યના ગુણથી છે અને ગુણની ઓળખ એના પર્યાયથી છે.

પોતાનાથી વિરુદ્ધ ગુણ પોતાનામાં કામ નહિ કરી શકે. ગુણમાં વિરુદ્ધતા એટલે જીવ જ્ઞાનયુક્ત હોય પરંતુ જ્ઞાનવિહીન જડ નહિ હોય-અર્થાત્ પુદ્‌ગલના ગુણની એટલી અસર નહિ થાય કે આત્મદ્રવ્યને જડ પુદ્‌ગલ બનાવે. જ્ઞાનગુણ પોતાના દ્રવ્યમાં જ રહે પણ દ્રવ્યની બહાર નહિ જઇ શકે કે બહાર નહિ રહે. દ્રવ્યમાં આધાર અભેદ સંબંધ છે. ગુણનું અસ્તિત્વ પોતાના દ્રવ્ય પ્રદેશ પિંડત્વને આધારે જ હોય છે. આ આધાર અનાદિ-અનંત હોય છે. તેથી સાદિ-સાન્ત કે સંયોગ- વિયોગરૂપ ગુણોનો દ્રવ્ય સાથે સંબંધ હોતો નથી.

પ્રદેશ પિંડત્વ દ્રવ્ય સ્વયંભૂ છે. Nothing is produced and nothing gets destroyed નથી તો કશાનો ઉત્પાદ થતો કે નથી તો કશું નાશ પામતું હોય છે. આ જે દૃષ્ટિ છે એ દ્રવ્ય દૃષ્ટિ છે જેને વર્તમાનનું પદાર્થ વિજ્ઞાન પણ હવે તો સ્વીકારે છે. અનાદિ-અનંત, સંપન્ન, અનુત્પન્ન, અવિનાશી, સ્વયંભૂ છે. દ્રવ્યમાં રહેલાં ગુણ દ્રવ્યો પ્રમાણે જો દ્રવ્યનું કાર્ય હોય નહિ તો તે દ્રવ્ય કહેવાય નહિ.

દ્વૈત-અદ્વૈત : દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભ્યાસ આપણે આપણાં સ્વયંભૂપણાનું, અનાદિ-અનંત સ્થિતિનું, અવિનાશી અવસ્થાનું, પરમાત્મસ્વરૂપનું લક્ષ્ય કરીએ અને તે સાધ્યને સાધવા માટે થઇને સાધના કરીએ તે માટે છે અને એ લક્ષ્યને નિરંતર દૃષ્ટિ સન્મુખ રાખવું મહત્ત્વનું છે.

પાંચે દ્રવ્યનું પ્રદેશથી અસ્તિત્વ છે એ આપણે જોયું. જે સ્વયંભૂ અદ્વૈત તત્ત્વ છે. આપણે આપણા ગુણપર્યાયથી અવિનાશી બનવું એનું જ નામ અદ્વૈત થવું છે. દ્વિધામાંથી, દ્વંદ્વ, દ્વૈતમાંથી છૂટી જવું એટલે અદ્વૈત થવું. બેમાંથી એક થવું દેહ અને આત્મા એ દ્વિવિધ

સ્થિતિમાંથી કેવળ આત્મા બની રહી દેહથી છૂટી જવું, અનેકની વચ્ચે એક, અનોખા, નિરાલા, અદ્વિતીય બની રહેવું તે અદ્વૈત થવું છે. જીવ કેવળજ્ઞાનથી અદ્વૈત છે. આત્મપ્રદેશો અને તેમાં રહેલ ચૈતન્ય અર્થાત્ જ્ઞાનગુણનું જે અસ્તિત્વ છે તેનું એકેએક આત્મપ્રદેશોએ પૂર્ણ પ્રાકટ્ય તે કેવળજ્ઞાન છે જે અદ્વૈત છે. જે ત્રણે કાળ છે, છે અને છે એ અદ્વૈત છે. જે એક ક્ષણે છે અને બીજી ક્ષણે નથી અથવા તો આ ક્ષણે એક દેખાય છે અને બીજી ક્ષણે બીજું દેખાય તે અદ્વૈત નથી પણ દ્વૈત છે. એકરૂપી નથી પણ બહુરૂપી છે અને જે બહુરૂપી છે તે બહુ બહુ મૂંઝવણમાં મૂકનાર ભયંકર છે. એ જ સંસાર છે. પળે પળે પલટાય એજ માયા છે. એજ ભ્રમ છે જે ભ્રમિત કરે છે. કેમકે જેવું દેખાય છે તેવું સદા રહેતું નથી અને જેવું દેખાય છે તેવું વાસ્તવિક હોતું નથી. એક સ્વતંત્ર પુદ્ગલ પરમાણુના અસ્તિત્વની અપેક્ષાએ પુદ્ગલદ્રવ્ય તેના પરમાણુપણાએ અદ્વૈત છે. જ્યારે એ પુદ્ગલપરમાણુના પર્યાયના અસ્તિત્વરૂપે દ્વૈત છે.

સંસારીજીવ એટલે પુદ્ગલયુક્ત જીવ ! જેમ પુદ્ગલના બે ભેદ પડે છે કે સચિત (ચેતન-જીવ સહિત) પુદ્ગલ અને અચિત (ચેતન-જીવ-રહિત) પુદ્ગલ એમ જીવના પણ બે ભેદ પુદ્ગલયુક્ત જીવ એટલે કે સંસારીજીવ અને પુદ્ગલમુક્ત એટલે કે સિદ્ધપરમાત્માના જીવ ! સંસારીજીવ જ્યાં સુધી સંસારી છે ત્યાં સુધી પુદ્ગલદ્રવ્યના પર્યાયના સંબંધથી સંબંધિત છે. માટે જ સંસારીજીવ દ્વૈત ભાવમાં હોય છે. અને સંસારી હોય ત્યાં સુધી દ્વૈતભાવમાં રહે છે. જે પદાર્થ પોતે દ્વૈત હોય અને વળી તે પદાર્થમાં રહેલા ભાવ પણ દ્વૈત હોય, એવો એ પદાર્થ જ્યારે અન્ય બીજા પદાર્થોના સંબંધમાં આવે ત્યારે તેના સંબંધમાં આવનાર પદાર્થ પણ દ્વૈત બને. જે કોલસો છે-કાળો તેના સંબંધમાં આવનાર કાળો થયા વિના રહે ? સંસારીજીવ પોતે જ પોતાના રાગ દ્વેષાદિ ભાવે અર્થાત્ પર એવા પુદ્ગલમાં સુખબુદ્ધિ કરી બંધાય છે જેના પરિણામે પુદ્ગલનો દ્વૈત ભાવ એને (સંસારીજીવને) મળે છે. અર્થાત્ પુદ્ગલના દ્વૈતભાવમાં ભળે છે. જ્યારે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને સિદ્ધ પરમાત્માના જીવો પુદ્ગલના દ્વૈતભાવમાં ભળતા નથી. તેમનો સંબંધ માત્ર સ્પર્શપરિણામી છે જે નિર્દોષ સંબંધ છે. જ્યારે સંસારીજીવનો પુદ્ગલ સાથેનો સંબંધ-સદોષ છે અને બદ્ધપરિણામી છે.

સિદ્ધ પરમાત્માને ધર્મ, અધર્મ, આકાશાસ્તિકાય સાથે સંબંધ હોવા છતાં તેઓ અદ્વૈત છે. કારણ કે ધર્મ, અધર્મ અને આકાશાસ્તિકાય એ ત્રણે જડ હોવા છતાંય સ્વયં અરૂપી અદ્વૈત છે. જ્યારે પુદ્ગલાસ્તિકાય એ જડ અને દ્વૈત હોવા છતાંય એની સાથેનો સ્પર્શ સંબંધ સિદ્ધ ભગવંતોને હોવા છતાંય તે સંબંધ નિર્દોષ છે. કારણ કે સિદ્ધ પરમાત્માઓ, કેવળજ્ઞાની ભગવંતો વીતરાગ છે. સિદ્ધપરમાત્માના જીવ સિદ્ધ પરમાત્મા થયા પૂર્વે સંસારીજીવ હતાં. સંસારીજીવ પણ દ્રવ્યથી અને ગુણથી મૂળભૂત સત્તાગત ગર્ભિત તો અદ્વૈત હતો જ પરંતુ અનાદિના પુદ્ગલના સંગે (સોબતથી) દ્વૈત થયો હતો તે પુદ્ગલનો સંગ વીતરાગ થયેથી છૂટી છતાં પર્યાયથી (હાલત-અવસ્થા-દશાથી) પણ અદ્વૈત થયો એટલે કે દ્રવ્યથી અદ્વૈત થયો, ગુણથી અદ્વૈત થયો અને પર્યાયથી પણ અદ્વૈત થયો અર્થાત્ પૂર્ણપણે અદ્વૈત થયો તેથી તે સંસારી મટીને કેવળી થયો-સિદ્ધ થયો.

સ્થિરત્વ અને નિત્યત્વ એટલે અદ્વૈતભાવ ! આપણો આત્મા પ્રદેશથી નહિ પરંતુ જ્ઞાનગુણથી વ્યાપક છે. સર્વવ્યાપી omnipresent છે. સર્વદર્શી છે. તેમ અનંદસુખનો વેદક છે. આત્માને દેહ નથી અર્થાત્ અશરીરી છે, તેથી તે દ્રવ્યાતીત છે. આત્મા જ્ઞાનથી સ્વ પર પ્રકાશરૂપ લોકાલોક વ્યાપક છે તેથી ક્ષેત્રાતીત છે. આત્માનો જ્ઞાનગુણ પ્રકાશરૂપ છે, સર્વોચ્ચ પ્રકાશકરૂપ છે. સ્વ-પર પ્રકાશરૂપ છે અને સર્વપ્રકાશકરૂપ છે. આત્માના સ્વરૂપગુણો ક્રમિક નથી પણ અક્રમિક છે અને તેથી આત્મા કાળાતીત છે. અર્થાત્ આત્મા એના જ્ઞાનમાં વિશ્વ-બ્રહ્માંડ- સમસ્તના સર્વ દ્રવ્યોને તેના સર્વ ગુણ અને સર્વ પર્યાયોને એક સમય માત્રમાં જાણે છે તેથી કાળાતીત છે. વળી આત્માને એના જ્ઞાનમાં સર્વ જ્ઞેય જણાવા છતાં તે સર્વ જ્ઞેયની અસરથી સ્વયં મુક્ત-નિર્લેપ વીતરાગ દશામાં જ રહે છે તેથી આત્મા અકાલ છે. આત્મા સ્વ ભાવમાં (એટલે કે નિજ સ્વરૂપગુણમાં) સ્થિત છે અને પરભાવ (વિભાવ)ના બંધનથી મુક્ત છે તેથી આત્મા ભાવાતીત છે.

જ્ઞાન એ આત્માનો ગુણ છે તેમ આત્માનો પર્યાય પણ છે. આત્મા દ્વારા જાણવાની ક્રિયા ચાલુ છે તે ઓછીવત્તી થાય છે તે પર્યાયના ભેદના કારણે થાય છે. કેવળજ્ઞાન એ જ્ઞાનનો-આત્માનો નિત્ય પર્યાય છે. કારણ કે કેવળજ્ઞાનમાં સર્વ જ્ઞેયો (સર્વ ક્ષેત્રના સર્વ દ્રવ્યો તેના સર્વ ગુણ ને સર્વ પર્યાય સહિત) એક સાથે એક સમયે પ્રતિબંધિત થાય છે અર્થાત્ જણાય છે. જાણવાની કે જાણવા જવાની ક્રિયા કરવી પડતી નથી. જ્યારે એથી વિપરીત કેવળજ્ઞાનની પૂર્વાવસ્થામાં જીવ પદાર્થોને (જ્ઞેયને) જાણવા જાય છે અને તે જાણવા જવાની ક્રિયામાં ઓછાવત્તાપણું- તરતમતા રહે છે અને ક્રમિકતા રહે છે તેથી તે આત્માનો અનિત્ય પર્યાય છે.

છદ્મસ્થજ્ઞાનમાં સક્રિયતા અને સક્રમિકતા છે તેથી અનિત્યતા છે. કેવળજ્ઞાનમાં અક્રિયતા અને અક્રમિકતા છે તેથી નિત્યતા છે.

દ્રવ્ય તો મૂળભૂત નિત્ય છે પણ સામે જે દશ્ય સ્વરૂપે, દૃષ્ટિ સન્મુખ ભોગ્ય પદાર્થો રહેલાં છે તે મૂળભૂત નિત્ય દ્રવ્યના અર્થાત્ પરમાણુરૂપ પુદ્ગલ દ્રવ્યના પર્યાયો છે અને એ અનિત્ય છે-વિનાશી છે. એવાં એ વિનાશી ભોગ્ય પદાર્થો પ્રતિની (તરફની) અજ્ઞાન દૃષ્ટિ, મોહ (લાલસા) દૃષ્ટિ, સુખબુદ્ધિ (પુદ્ગલમાંથી સુખ મળશે-એ ભોગ્ય પદાર્થના ભોગવટાથી મને સુખ ઊપજશે એવી બુદ્ધિ) યા દુઃખબુદ્ધિ, ઇત્યાદિ સંસારીજીવના સ્વયંના ભાવ છે-સ્વયંના પર્યાય છે. આ સઘળાં એ જીવના જીવભાવ છે પરંતુ તે જ્ઞેય એવાં પુદ્ગલ પ્રતિ (ભોગ્ય પદાર્થ પ્રત્યે)ના ભાવ છે અને તે પરભાવ છે જે વિભાવ (સ્વ ભાવની વિરુદ્ધના ભાવ) કહેવાય છે. આવા આ જીવના વિભાવ પર્યાયથી પુદ્ગલદ્રવ્ય સાથે સદોષ સંબંધ સ્થાપાય છે અને બંધનમાં બંધાવાય છે. પુદ્ગલમાં રૂપરૂપાંતરતા અને ક્ષેત્રક્ષેત્રાંતરતા હોવાથી તે પરિવર્તનશીલ અને પરિભ્રમણશીલ છે. તેથી જ તો હાનિ-વૃદ્ધિ, ઉત્પાદ-વ્યય, સંયોગ-વિયોગ, સંકોચ-વિસ્તાર, સર્જન-વિસર્જન, ચયાપચયની પ્રક્રિયા સર્જાય છે. જ્યારે પરદ્રવ્ય (પુદ્ગલ) નૈમિત્તિક કે અન્ય જીવ નૈમિત્તિક અશુદ્ધ ભાવો અર્થાત્ પરભાવ, વિભાવદશા, રાગદ્વેષ મોહાદિ નીકળી જાય તો જીવ શુદ્ધ ભાવે માત્ર સજાતીય-વિજાતીય દ્રવ્યો અને તેના સર્વ ભાવોનો માત્ર કેવળ જ્ઞાતા-દૃષ્ટા બની રહે છે, પણ કર્તા-ભોક્તા થતો નથી. જ્ઞાન અને જ્ઞેયનો નિર્દોષ સંબંધ રહે છે. કેવળજ્ઞાનદશામાં જીવ જ્ઞેયમાં તણાતો નથી પણ કેવળ જ્ઞાતા દૃષ્ટા બની રહે છે. એ દશામાં જ્ઞેય જ્ઞાનમાં ડૂબે છે અને જ્ઞાન આનંદમાં ડૂબે છે.

અજ્ઞાન, ભ્રમ, મોહભાવ, રાગદ્વેષાદિ બધાંય ભાવો નીકળે છે તો મૂળ અનંત શક્તિ સ્વરૂપ અભેદ એવાં કેવળજ્ઞાનમાંથી જ. આ બધાં ભાવો જે કેવળજ્ઞાનમાંથી ઉત્પન્ન થયાં તે પાછા વ્યય પામીને તેનો લય પણ કેવળજ્ઞાનમાં જ થાય છે. એ વિનાશ નથી પામતા પણ એનો વિલય થાય છે. અર્થાત્ ઉદ્ગમસ્થાનમાં વિલીન થાય છે, જેમકે દરિયાના મોજા-તરંગો, દરિયામાંથી ઉત્પન્ન થઇ દરિયામાં જ લય પામે છે. જલતરંગ જલમાંથી ઊઠે છે અને પાછા જલમાં જ સમાવિષ્ટ પામે છે.

(ક્રમશઃ)

☐ સંકલન : સૂર્યવદન ઠા. ઝવેરી

# ચૂંટણી

□ પ્રો. જશવંત શેખડીવાળા

'ચૂંટણી' એટલે વરણી, પસંદગી; હિન્દીમાં ચુનાવ; અંગ્રેજીમાં ઇલેક્શન (Election). જ્યાં અનેક વિચારપ્રવાહો, પંથો, પક્ષો, વ્યવસાયો, સંસ્થાઓ, વ્યક્તિઓ, વસ્તુઓના વિકલ્પો સામે હોય અને જ્યાં તેમાંથી કોઇની પસંદગી કરવાની સ્વતંત્રતા યા સત્તા હોય, ત્યાં ચૂંટણીનું તત્ત્વ પ્રવેશે છે.

ચૂંટણી સર્વવ્યાપી અને સર્વકાલીન બાબત છે. મનુષ્યને બાલ્યાવસ્થાથી માંડી જીવનના અંત સુધી, પ્રત્યક્ષ યા પરોક્ષ રૂપમાં, જાણ્યે અજાણ્યે, તેના સંબંધમાં આવવું પડે છે. અંગત જીવન અને જાહેરજીવન, શિક્ષણક્ષેત્ર અને સાહિત્યક્ષેત્ર, વ્યવસાય અને રાજકારણ, ધર્મ અને સંપ્રદાય-કોઇ ક્ષેત્ર ચૂંટણીની સમસ્યાથી મુક્ત નથી. સમુચિત વિચાર, કાર્ય, વ્યવસાય, વ્યક્તિ, સંસ્થા, પક્ષની પસંદગી અંગત જીવન ઉપરાંત સમાજ અને રાષ્ટ્રજીવનને પણ પ્રભાવિત કરે છે. તેથી ચૂંટણીનું ઘણું મહત્ત્વ છે.

નાના બાળકના જીવનમાં પણ ચૂંટણી યા વરણી માટેના પ્રસંગ આવતા હોય છે. તેની સમક્ષ રજૂ થતી ઘણી વસ્તુઓ અને વ્યક્તિઓમાંથી કેટલીકને જ તે પસંદ કરે છે. જે કોઇ તેની રુચિને અનુકૂળ હોય, જે તેની આવશ્યકતાઓને સૌથી વધુ સંતોષી શકે તેમ હોય, જે તેને કશી તકલીફ ન આપતી હોય, તે વસ્તુ અને વ્યક્તિ પર તેની પસંદગી ઊતરે છે. શાળા-મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને પણ અનેક બાબતો પરત્વે ચૂંટણીનો સામનો કરવો પડે છે : વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન-કઇ વિદ્યાશાખામાં જવું ? વિજ્ઞાન-વિષયના વિદ્યાર્થી સામે પ્રશ્ન હોય છે : ઇજનેરી લાઇનમાં જવું કે ડૉક્ટરી લાઇનમાં ? પદવીપ્રાપ્ત યુવાન સમક્ષ કારકિર્દીની પસંદગીની સમસ્યા ખડી હોય છે : નોકરી કરવી યા કોઇ સ્વતંત્ર વ્યવસાય કરવો ? સ્વતંત્ર વ્યવસાયી સામે પણ પ્રશ્ન હોય છે-નગરમાં વસવું કે ગામડામાં? વરણીનો પ્રશ્ન આમ વ્યક્તિને ડગલે ને પગલે મૂંઝવતો રહે છે.

જીવનસાથીની પસંદગીનો પ્રશ્ન વ્યક્તિને સૌથી વધુ મૂંઝવનારો હોય છે. પોતાનો જીવનસાથી રૂપ-ગુણ-દોલત-મોભાયુક્ત ખાનદાનથી સંપન્ન હોય, તેવી દરેક સ્ત્રી-પુરૂષની ઇચ્છા હોય છે. પરંતુ એવી સર્વગુણસંપન્નતા તો કોઇક જ વ્યક્તિમાં હોઇ શકે. તેનામાં એક ગુણ હોય અને બીજો ન હોય. રૂપ હોય ત્યાં ગુણ ન હોય, ગુણ ન હોય ત્યાં રૂપ ન હોય, રૂપ-ગુણ હોય ત્યાં દોલત-મોભો ન હોય, દોલત-મોભો હોય ત્યાં રૂપ-ગુણ ન હોય, આવી વિષમ સ્થિતિમાં કયા ગુણને અનુલક્ષી જીવનસાથીની પસંદગી કરવી ? પસંદગી, વરણી યા ચૂંટણીનો પ્રશ્ન અહીં ઘણો મહત્ત્વનો બની જાય છે, કેમકે ઉચિત પસંદગી વ્યક્તિના જીવનને સુખી-સંતુષ્ટ-સમૃદ્ધ બનાવી દે, તો અનુચિત પસંદગી વ્યક્તિના જીવનને દુઃખ-અસંતોષ-બરબાદીની ખાઇમાં ધકેલી દે.

જીવનમાં પસંદગી યા ચૂંટણીના આવા પ્રસંગ વારંવાર આવતા હોય છે. સામાન્યતઃ, માનવી તેવા પ્રસંગે યા સંજોગોમાં, તેના ખ્યાલ મુજબ, જેનો સંબંધ સ્વ-સુખ, શાંતિ, સમૃદ્ધિ, પ્રગતિ સાધી શકવામાં ઉપકારક થઇ પડે તેવી વસ્તુ યા વ્યક્તિની પસંદગી કરે છે. જો આ પસંદગી સાચી, પૂરતી સૂઝ-સમજ-દૂરંદેશીપૂર્વક થઇ હોય, તો વ્યક્તિને જીવનમાં તેના ખ્યાલ મુજબનું સુખ મળે છે; પરંતુ જો તે પસંદગી અવિચારીપણે યા કેવળ આવેશ કે ભ્રામક તરંગમાં જ થઇ હોય, તો જીવન દુઃખમય બની રહે છે. વિદ્યાશાખા, કારકિર્દી, વ્યવસાય, જીવનસાથી-પ્રત્યેક બાબતમાં ઉચિત-અનુચિત પસંદગીનું આવું ઇષ્ટ કે અનિષ્ટ પરિણામ આવી શકે છે.

વ્યક્તિગત જીવનની જેમ સમાજ અને રાષ્ટ્રજીવનમાં પણ પસંદગી યા ચૂંટણીના પ્રસંગ વારંવાર આવતા હોય છે. મનુષ્ય સ્વેચ્છાએ યા અનિચ્છાએ, પરોક્ષ યા પ્રત્યક્ષ રૂપમાં, કોઈ જ્ઞાતિ, સંપ્રદાય, ધર્મ, સહકારી મંડળી, વ્યવસાય મંડળ, શ્રમિક સંઘ, યુવા મંડળ, સાહિત્ય સંસ્થા, રાજકીય પક્ષ વગેરે સાથે સંકળાયેલ હોય છે. જે તે સંસ્થાના સંચાલકોની પસંદગી એક મતદાર તરીકે તેણે કરવાની હોય છે. ગ્રામપંચાયત, નગરપાલિકા, રાજ્યની વિધાનસભા, રાષ્ટ્રીય સંસદ આદિના સંચાલકો યા શાસકોની પસંદગી પણ તેણે કરવાની હોય છે. તે માટે સંસ્થા, પક્ષ યા સરકાર દ્વારા જાહેર ચૂંટણીઓ યોજાય છે. (આવી ચૂંટણીઓ એવી વ્યાપક, મહત્ત્વની અને પ્રસિદ્ધ બની છે કે 'ચૂંટણી' એટલે 'રાજકીય ચૂંટણી' એવું સમીકરણ પ્રચલિત થયું છે.) લોકો જો ઉચિત વ્યક્તિને પોતાના પ્રતિનિધિ તરીકે ચૂંટી મોકલે, તો તેના દ્વારા સંસ્થા, ગામ, નગર, રાજ્ય, દેશની પ્રગતિ અને આબાદી થાય; પરંતુ તેઓ જો અનુચિત વ્યક્તિને ચૂંટી મોકલે, તો તેના દ્વારા સંસ્થા, ગામ, નગર, રાજ્ય, દેશની દુર્ગતિ અને બરબાદી થાય. સંબંધકર્તા સંસ્થાઓના ચૂંટાયેલ શાસકો જો કર્તવ્યપરાયણ, કાર્યકુશળ, પરિશ્રમી ઉપરાંત નમ્ર, સન્નિષ્ઠ, સહિષ્ણુ, નિસ્વાર્થી, નિષ્પક્ષ, પરગજુ અને સ્વાર્પણશીલ હોય તેમજ ધનલોભ, સત્તાભૂખ, સસ્તી કીર્તિલોલુપતા, અંગત સ્વાર્થસિદ્ધિ જેવી બદીઓથી મુક્ત હોય, તો જ તેઓ સંબંધક સંસ્થાઓ અને તેની સાથે સંકળાયેલા લોકોનું ભલું કરી શકે, તેમને સમૃદ્ધ ને સુખી કરી શકે.

તેથી જ્ઞાતિપંચ, વ્યવસાયી સંઘ, સહકારી મંડળી, સાહિત્યસંસ્થા, રાજકીય પક્ષ, ગ્રામપંચાયત, નગરપાલિકા, વિધાનસભા, રાષ્ટ્રીય સંસદ-કોઇપણ સંસ્થાના સંચાલકો યા શાસકોની પસંદગી કે ચૂંટણી લોકો ગંભીરતાપૂર્વક, પૂરી સૂઝ-સમજપૂર્વક કરે, તે અત્યંત જરૂરી છે. આ બધી સંસ્થાઓમાં શાસકો તરીકે જવાની આકાંક્ષા ધરાવનાર વ્યક્તિઓની-ઉમેદવારોની ચૂંટણી કેવળ તેમની ગુણવત્તાને ધોરણે જ થવી જોઇએ. (શાસકો થવાની આકાંક્ષા રાખતા બધા ઉમેદવારો કંઇ લોકહિત ચાહતા સજ્જનો હોતા નથી. તેમાંના ઘણાં કેવળ સ્વહિતની સાધના માટે જ શાસક થવા ઇચ્છતા હોય છે.) તેમની ગુણવત્તાની ખાતરી તેમનાં કાર્યો-અને નહિ કે વચનો-ને અનુલક્ષી કરવી જોઇએ. તેમાં તત્કાળ સધાતા સંકુચિત સ્વાર્થની ગણતરીને યા સગપણ, જાતિ, જૂથ, વર્ગ, સંપ્રદાય, ધર્મ, પ્રદેશ, પક્ષ, ભાષાંના અંધ યા વિવેકહીન સંમોહનને સ્થાન કદી ન હોવું જોઇએ. મતદાર વ્યક્તિએ અંગત સ્વાર્થ તરફ નહિ પણ સમષ્ટિગત પરમાર્થ પ્રતિ દૃષ્ટિ રાખી, નિઃસ્વાર્થી, સ્વાર્પણશીલ, સન્નિષ્ઠ, પરગજુ, સેવાપરાયણ, નિષ્પક્ષપાતી, લોકહિતરત, રાષ્ટ્રભક્ત પ્રતિનિધિ-ઉમેદવારોની જ પોતાની સંસ્થાઓ માટે વરણી કરવી જોઇએ.

વ્યક્તિ સમષ્ટિનો એક અંશ છે. સમષ્ટિનું કલ્યાણ થાય, તો વ્યક્તિનું કલ્યાણ આપોઆપ થાય જ. એટલે, જે પ્રતિનિધિ-ઉમેદવારો ઉત્સાહપૂર્વક, નિષ્પક્ષભાવે, સમાન રૂપે, શક્ય તેટલી ત્વરાથી, લોકોને ઓછામાં ઓછી તકલીફ પડે તે રીતે, વ્યાપક લોકકલ્યાણની વૃત્તિ-પ્રવૃત્તિ ધારી શકે તેમની જ લોકોએ પોતાની વિવિધ સામાજિક, આર્થિક, સાહિત્યિક, ધાર્મિક, રાજકીય સંસ્થાઓ માટે પસંદગી યા ચૂંટણી કરવી જોઇએ. સમષ્ટિનું કલ્યાણ કરવાની સન્નિષ્ઠ ઇચ્છાશક્તિ અને કાર્યકુશળતા ધરાવતી વ્યક્તિઓની જ સંસ્થા-શાસક તરીકે ચૂંટણી થવી જોઇએ. તેમ થાય, તેમ થવું જ જોઇએ-અને તે શક્ય છે-, તો જ ચૂંટણી ફલપ્રદ બની શકે; અને વ્યક્તિ-સમાજ-દેશનું કલ્યાણ થઇ શકે.

❖ ❖ ❖

# 'મને સાંભરે રે'

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

કોઇ મને પૂછે કે તમારા જીવનનો ઐતિહાસિક યાદગાર દિવસ ને પ્રસંગ કયો ? તો એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના, લગ્ન, પુત્રજન્મ, પરીક્ષાનો ફર્સ્ટ ક્લાસ કે સારી નોકરી વગેરેનો વિચાર કર્યા વિના બેધડક કહું કે તા. ૨૭-૭-૧૯૨૯ના મંગલ દિવસે રાષ્ટ્રપિતા પૂ. બાપુનાં, કડી-કેળવણી મંડળ-સંચાલિત આશ્રમ અને રાષ્ટ્રીય શાળા સર્વ વિદ્યાલયમાં, પુનિત પગલાં પડ્યાં અને ખાસ્સાં પાંચ કલાક માટે એમનાં પ્રત્યક્ષ દર્શન થયાં ને એમનાં ત્રણમાંથી બે ટૂંકાં પણ શબ્દ બ્રહ્મના ઉપાસકનાં પ્રેરક પ્રવચનો સાંભળવા મળ્યાં તે. પૂ. બાપુનો જન્મ તા. ૨-૧૦-૧૮૬૯ અને અમારી રાષ્ટ્રીયશાળામાં તેઓ પધાર્યા તા. ૨૭-૭- ૧૯૨૯; એટલે કે લગભગ ૬૦મે વર્ષે. મારી માંડ બાર વર્ષની વયે મને એ 'વિશ્વમાનવ'ના દર્શન-પ્રવચનનો વિરલ લાભ મળ્યો એને હું આપણા આદિ ભક્તકવિ નરસૈયાની વાણીમાં કહું તો :

'મને જનમ ધર્યાનું પુણ્ય : લ્હાવો દર્શનનો.'

પણ આ 'દર્શન' કેવળ દર્શન સુધી જ સીમિત ન રહેતાં 'કૃતિ' સુધી વિસ્તર્યું. એ દર્શન-પ્રેરણાના પ્રભાવે ઇ. સ. ૧૯૩૨માં માંડ પંદર વર્ષની વયે અસહકારની ચળવળમાં સક્રિય ભાગ લઇ મેં ચાર માસનો કારાવાસ ભોગવ્યો અને પૂ. બાપુ અંગે પ્રથમ કાવ્ય રચ્યું તે 'હિંદ-પ્રણેતાને'. થોડીક પંક્તિઓ જોઇએ :

'કર્મમાં કૃષ્ણ છો, બુદ્ધ દયામાં, જ્ઞાનમાં દીસો
શુકદેવ, પ્રતિભામાં શિવ, મોહન મોહ ના.
મેંઢા તણા કેસરી તેં બનાવ્યા, શક્તિ જગાડી ઉર ગુમસુમ
જે હિંદના પામર માનવી હતા, સંજીવની છાંટી ઘડ્યા મનુષ્ય.
દલિતના દેવ, પતિતના પ્રભુ ! સંસાર-દાઝ્યા-જનના વિસામા
સામ્રાજ્યના કાળ,છતાંય મિત્ર, પાપી તણા મૃત્યુ નહીં જ, પાપના
ભારતીના તમે શ્વાસ, રાષ્ટ્રના છો વિધાયક;
ક્રાન્તિ ને વિશ્વશાંતિના પ્રાણ, ભારતના પિક.'

આજથી બરાબર સાત દાયકા પૂર્વે, વિશ્વની એક વંદનીય વિભૂતિ, ઉત્તર ગુજરાતના એક ખૂણામાં આવેલી સંસ્થામાં પધરામણી કરે એની પાછળની પૂર્વભૂમિકા કઇ ? હું જાણું છું તે પ્રમાણે એનાં ત્રણ કારણો છે. તે સમયના અમદાવાદના એક લોકસેવક ને સેવાભાવી ડૉક્ટર શ્રી હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ કડીની આ સંસ્થામાં કે કડી કસ્બા કે કડી તાલુકાના કોઇપણ જનહિતના કાર્યક્રમ કે ઉત્સવમાં અવારનવાર આવતા ત્યારે કડી સંસ્થાના મંત્રી અને કર્ણધાર શ્રી છગનભાઇ પીતાંબરદાસ પટેલને અચૂક મળતા. ડૉક્ટર સાહેબ ચુસ્ત ગાંધીવાદી હતા અને પૂ. ગાંધીજીની અનેક પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતા એટલે ગાંધીજીની ઠીક ઠીક નિકટ આવેલા. આ ડૉક્ટર સાહેબ, સંસ્થાના મંત્રી ને કર્ણધાર શ્રી પટેલની સેવાભાવના, કોઠાસૂઝ અને ત્યાગવૃત્તિથી અત્યંત પ્રભાવિત થયેલા. એકવાર ડૉક્ટર સાહેબે સંસ્થાના આ મંત્રીની ગાંધીજીને વાત કરી અને મળવા જેવા માણસ છે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો. ગાંધીજીએ શ્રી પટેલને મળવાની અનુમતિ આપી અને ડૉક્ટર સાહેબે એ બે લોકસેવકોનો મેળાપ કરાવી આપ્યો. બંનેને મળીને પરમ સંતોષ થયો અને ગાંધીજીએ કહ્યું કે તમારી સંસ્થા જોવા હું ચોકકસ આવીશ...અને એમણે એમનું એ વચન તા. ૨૭-૭-૧૯૨૯ના રોજ પાળી બતાવ્યું. પૂ. બાપુને સંસ્થાની મુલાકાત લેવાનું એક કારણ એ પણ હતું કે લોકસંગ્રહની પ્રવૃત્તિઓ નિષ્કામભાવે કરનારને બિરદાવી પ્રેરણા આપવી અને ત્રીજું ગૌણ કારણ...સંસ્થાના કેટલાક સંનિષ્ઠ શિક્ષકો પૂ. બાપુની વિદ્યાપીઠના સ્નાતકો હતા અને તેઓ વિદ્યાપીઠમાં ચાલતી કેટલીક સેવાની અને સ્વાશ્રયની પ્રવૃત્તિઓ જેવી પ્રવૃત્તિઓ કડીની સંસ્થામાં પણ ચલાવતા હતા. આ બધાં કારણોને લીધે ગાંધીજી, તા. ૨૭-૭-૧૯૨૯ના રોજ સવારે સાડા અગિયારની ગાડીમાં કડી આવ્યા અને ચાર વાગ્યાની ગાડીમાં પાછા અમદાવાદ ગયા...આમ તેમણે ખાસ્સા સાડા ચાર કલાક અમારી સંસ્થાને આપ્યા.

એમણે ત્રણ કાર્યક્રમોમાં ભાગ લેવાનો હતો. એક તો જાહેર જનતાની સભાને સંબોધવાનો, બીજો સંસ્થાના કાર્યકર્તાઓની સાથે વિચાર-વિનિમય કરવાનો અને ત્રીજો આશ્રમ અને સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી સાથે વાર્તાલાપ કરવાનો. કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં તેમણે વીસેક મિનિટ ઊંઘવાનો પ્રસ્તાવ મૂક્યો. સ્વ. પીતાંબર પટેલ અને મારે સ્વયંસેવક તરીકે એમને જગાડવાની ફરજ બજાવવાની હતી. પણ ઘડિયાળને કાંટે ચાલનાર આ વિભૂતિ, બરાબર વીસમી મિનિટે જાગી ગયા ને પ્રથમ કાર્યક્રમ માટે સભાસ્થાને આવ્યા. એ ક્યાં બેઠા હતા, કેમ બેઠા હતા, શું બોલ્યા હતા તે રજેરજ આજે મને યાદ છે. એ સભામાં અર્ધા શ્રોતાજનો તો ચાલુ સભાએ તકલી કાંતનાર હતા, જેમાંનો હું પણ એક હતો. પ્રથમ સભામાં મંત્રીએ સંસ્થાની પ્રવૃત્તિઓનો સંક્ષેપમાં ખ્યાલ આપ્યો અને સંસ્થાનો હિસાબ રજૂ કર્યો જેમાં એક રૂપિયાનું દાન આપનારનું પણ નામ હતું ને મંત્રીએ કહ્યું કે સંસ્થા પાસે સિલકમાં ખાસ કશું જ નથી...કેવી રીતે ફંડફાળો ઉઘરાવાય છે અને બશેર, પાંચશેર અનાજ પણ સ્વીકારાય છે એની વાત કરી. મંત્રીની આ નિખાલસતાને ગાંધીજીએ ખૂબ વખાણી અને કહ્યું કે, સંસ્થા પાસે ખાસ સિલક નથી એ જાણી મને ઘણો આનંદ થયો...કેમ જે હું ઘણાં વર્ષોના પાકા અનુભવથી જાણું છું કે જે સંસ્થાઓમાં સાચું વિત્ત હશે તેને જતે દિવસે સમાજ અવશ્ય મદદ કરશે ને એના સ્વાર્થે નિભાવશે. નમાલી સંસ્થાઓને નિભાવવાનો અર્થ પણ શો ? સંસ્થામાં મુસ્લિમ અને હરિજન વિદ્યાર્થીઓને પણ પ્રવેશ અપાય છે જાણી તેઓ ખૂબ ખુશ થયા અને કાંતણ, વણાટ, સુથારી જેવી સ્વાશ્રયી પ્રવૃત્તિઓ ચાલે છે જાણી સંતોષ વ્યક્ત કર્યો. જાહેર જનતાને દેશની સેવામાં સક્રિય યોગદાન આપવાની અપીલ કરી અંતે શ્રી 'છગનભા'ના સેવા-યજ્ઞને ઉમળકાથી બિરદાવ્યો અને જનતાને કહ્યું કે તમારાં બાળકોને આ સંસ્થામાં ભણવા મોકલો.. સારા સંસ્કર પામશે અને સારા નાગરિક બની દેશની સેવા કરશે. બીજી સભા સંસ્થાના કાર્યકર્તાઓની હતી અને ત્રીજી વિદ્યાર્થીઓની જેમાં તેમણે દેશની પરિસ્થિતિનો ખ્યાલ આપી રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેવાનો આગ્રહપૂર્વક આદેશ આપ્યો. લગભગ સાડા ત્રણ કલાક આ ત્રણ સભાઓમાં વ્યતીત થયા અને એક કલાક તેમણે સંસ્થાની પ્રવૃત્તિઓ જોવામાં ગાળ્યો.

આજે સાત દાયકા બાદ મને આ બધું સ્વપ્નવત્ લાગે છે પણ એમની એક આગાહી ૧૦૦% ફળી કે સંસ્થામાં વિત્ત હશે તો તે ફાલશે, ફૂલશે, ફળશે...આજે એ નાનકડી સંસ્થામાંથી બીજી મોટી ચૌદ સંસ્થાઓ થઇ છે અને પ્રજાએ ઉમળકાથી લાખ્ખો નહીં પણ કરોડો રૂપિયાનું દાન કર્યું છે. તાજેતરમાં જ આ સંસ્થાના અમેરિકામાં વસતા વિદ્યાર્થીઓએ કેવળ ૨૮ દિવસમાં સવા પાંચ કરોડ રૂપિયા પોતાની માતૃસંસ્થાને દાનમાં આપ્યા. પૂ. ' છગનભા'ના પુણ્ય પ્રતાપે સમગ્ર ઉત્તર ગુજરાત શિક્ષણ, સંસ્કાર અને સેવા ક્ષેત્રે આજે અગ્રણી છે એમાં પૂ. ગાંધીજીની પ્રેરણા પણ રહેલી છે.

❖ ❖ ❖

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ક્ખરી પ્રિન્ટિંગ વર્કસ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Licence to post without prepayment No. 37
● વર્ષ : (૫૦) + ૧૧ ● અંક : ૩ ● તા. ૧૬-૩-૨૦૦૦ ● ● Regd. No. MH / MBI-South / 54 / 99
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. પંડિત દલસુખભાઈ માલવણિયા

ખ્યાતનામ પ્રકાંડ જૈન પંડિત, પદ્મવિભૂષણ, શ્રી દલસુખભાઈ માલવણિયાનું તા. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૦ના રોજ અમદાવાદમાં ૯૦ વર્ષની વયે અવસાન થતાં જૈન સમાજને અને વિશેષતઃ વિદ્યાશાસ્ત્રના ક્ષેત્રમાં એક સમર્થ સંનિષ્ઠ વ્યક્તિની ખોટ પડી છે.

છેલ્લા કેટલાક સમયથી દલસુખભાઈની તબિયત અવસ્થ રહેતી હતી. એમનું શરીર શિથિલ થઈ ગયું હતું. ઘરમાં હરવા ફરવાની શક્તિ ક્ષીણ થઈ હતી. એમને કાને સંભળાતું નહોતું. પોતાનો અંતકાળ નજીક આવી રહ્યો છે એવું એમને લાગી આવ્યું હતું. પોતાનો જીવનકાળ પૂરો થતાં શાંતિથી એમણે દેહ છોડ્યો.

કેટલાક વખત પહેલાં એમના એકના એક લાડીલા પુત્ર રમેશભાઈનું હૃદયરોગના ભારે હુમલાને કારણે યુવાન વયે અચાનક અવસાન થયું હતું. પોતાની જ હાજરીમાં પોતાના એકના એક પુત્રને જતો જોઈને દલસુખભાઈને જીવનની ઉત્તરાવસ્થામાં ભારે આઘાત સહન કરવાનો વખત આવ્યો હતો, જે એમણે ધીરજ અને શાંતિથી સહન કર્યો હતો. એ પ્રસંગે હું દલસુખભાઈને મળવા એમને ઘરે ગયો હતો. તેઓ કાને સાંભળતા નહિ, એટલે હું જે કહું તે એમની પૌત્રી એમની પાસે જઈ દાદાના કાનમાં કહે. એ રીતે એમની સાથે વાતચીત થઈ હતી. ત્યારે એમનું શરીર પણ ક્ષીણ થતું જતું હતું. સાંભળવાની શક્તિ ચાલ્યા ગયા પછી વ્યક્તિ પોતાના વાંચન-મનન ચિંતનમાં જ વધુ મગ્ન બની જાય, કુટુંબમાં પણ ખપ પૂરતો વ્યવહાર રહે એવું એમની બાબતમાં પણ બન્યું હતું. આમ પણ તેઓ ઓછાબોલા હતા, એટલે કે વાતચીતમાં જ્યાં સુધી બીજી વ્યક્તિઓ બોલતી રહેતી હોય ત્યાં સુધી તેઓ સાંભળવાનો ભાવ જ રાખતા. આપણે તેમની પાસેથી સાંભળવાનો ભાવ રાખીને કંઈક પૂછીએ તો તેઓ બોલતા. તેઓ હંમેશાં પ્રસન્ન અને શાંત રહેતા. આવેગ કે ઉગ્રતા એમના વ્યવહારમાં ક્યારેય જોવા મળતાં નહિ.

દલસુખભાઈને પહેલી વાર મળવાનું મારે ૧૯૫૩ના અરસામાં થયેલું કે જ્યારે પંડિત સુખલાલનું ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના હસ્તે મુંબઈ યુનિવર્સિટીના કોન્વોકેશન હોલમાં અભિવાદન થયું હતું. આ અભિવાદનના કાર્યક્રમમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સક્રિયપણે જોડાયેલો હતો. તે સમયે પંડિત સુખલાલજી અને પરમાનંદભાઈ સાથે દલસુખભાઈ, રતિલાલ દેસાઈ વગેરે મહાનુભાવો અમારા ઘરે ભોજન માટે પધાર્યા હતા. ત્યારે દલસુખભાઈનો પહેલો પરિચય થયો હતો. ત્યારે ખાદીની કફની, ધોતિયું અને માથે સફેદ ટોપી એ એમનો પોશાક હતો. (પછીથી એમણે ધોતિયાને બદલે પાયજામો ચાલુ કર્યો હતો ને ટોપી છોડી દીધી હતી.) આ પરિચય વખતે હું મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતી વિષય ભણાવતો હતો. દલસુખભાઈ ત્યારે બનારસ યુનિવર્સિટીમાં જૈનદર્શન ભણાવતા. બનારસ યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયનો વિભાગ નહોતો, પરંતુ જે વિદ્યાર્થીઓને પોતાની મેળે અભ્યાસ કરવો હોય તેમને માટે અભ્યાસક્રમ રહેતો. અને તેઓ તે વિષયની પરીક્ષા આપી શકતા. એક દિવસ અચાનક મને કૉલેજના સરનામે બનારસ યુનિવર્સિટી તરફથી પત્ર મળ્યો. ગુજરાતી વિષયના પરીક્ષક તરીકે કામ કરવા માટે નિમંત્રણ હતું. દલસુખભાઈની ભલામણથી જ નિમણૂંક થઈ હતી. મેં તે સહર્ષ સ્વીકારી લીધી. ત્યારપછી વર્ષો સુધી એ નિમંત્રણ મને મળતું રહ્યું હતું.

'પ્રબુદ્ધ જીવન' સાથે દલસુખભાઈનો સંબંધ જ્યારે એ 'પ્રબુદ્ધ જૈન' હતું ત્યારથી એટલે કે ઠેઠ ૧૯૪૨થી શરૂ થયો હતો. ૧૯૭૩ સુધી તેઓ અવારનવાર 'પ્રબુદ્ધ જીવન' માટે લેખ, ગ્રંથાવલોકન, અહેવાલ, સમકાલીન નોંધ વગેરે લખતા રહ્યા હતા. લગભગ પાંસઠ-સિત્તેરની ઉંમર પછી એમની લેખનપ્રવૃત્તિ મંદ પડી હતી. કેનેડાના પોતાના અનુભવોની લેખમાળા 'નવી દુનિયા'ના નામથી ૧૯૬૮-૬૯માં એમણે 'પ્રબુદ્ધ જીવન' માટે લખી હતી.

સ્વ. દલસુખભાઈનું જીવન એટલે ભારે પુરુષાર્થનું જીવન. વીસમી સદીના ઘણા નામાંકિત મહાપુરુષોને ગરીબી ને બેકારીના વિપરીત સંજોગોની સામે સબળ સંઘર્ષ કરવો પડ્યો હતો. ત્યારે દેશકાળની પરિસ્થિતિ જ એવી હતી. દલસુખભાઈને પણ બાળપણ અને યૌવનમાં ઘણું વેઠવું પડ્યું હતું.

સ્વ. દલસુખભાઈનો જન્મ ૨૧મી જુલાઈ ૧૯૧૦ના રોજ સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સાયલામાં-ભગતના ગામમાં થયો હતો. એમના પિતાનું નામ ડાહ્યાભાઈ અને માતાનું નામ પાર્વતીબહેન. તેઓ જ્ઞાતિએ ભાવસાર હતા અને સ્થાનકવાસી ધર્મ પાળતા. તેઓના વડવાઓ માલવણ ગામના હતા એટલે એમની અટક 'માલવણિયા' પડી ગઈ હતી. ડાહ્યાભાઈને ચાર દીકરા અને એક દીકરી એમ પાંચ સંતાનો હતાં. એમાં સૌથી મોટા દલસુખભાઈ. ડાહ્યાભાઈ સાયલામાં પરચૂરણ ચીજવસ્તુઓની નાનકડી દુકાન ધરાવે, પરંતુ એમાંથી ખાસ કંઈ કમાણી થાય નહિ એટલે જેમ તેમ ગુજરાન ચલાવતા.

દલસુખભાઈએ સાયલાની પ્રાથમિક શાળામાં બે ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓ દસ વર્ષના થયા ત્યારે એમના પિતાનો સ્વર્ગવાસ થયો. માતા પાર્વતીબહેન દુઃખના એ દિવસોમાં જેમતેમ ગુજરાન ચલાવતાં, પરંતુ ગરીબી એટલી અસહ્ય હતી કે કુટુંબનો નિર્વાહ થતો ન હતો. એથી માતા પાર્વતીબહેનને પોતાના ચારે દીકરાઓને સુરેન્દ્રનગરના અનાથાશ્રમમાં મૂકવા પડ્યા હતા. અનાથાશ્રમમાં રહીને દલસુખભાઈએ અંગ્રેજી પાંચમા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. એમની વિદ્યારુચિ જેમ જેમ વધતી ગઈ તેમ તેમ તેઓ અનાથાશ્રમની લાયબ્રેરીનાં પુસ્તકો વાંચતા રહ્યા હતા. આ રીતે અનાથાશ્રમમાં તેઓ સાત વર્ષ રહ્યા.

આ વર્ષોમાં જયપુરના શ્રી દુર્લભજીભાઈ ઝવેરીની પ્રેરણા અને આર્થિક સહાયથી સ્થાનકવાસી જૈન કોન્ફરન્સે જૈન પંડિતો તૈયાર કરવા માટે બિકાનેરમાં એક ટ્રેનિંગ કૉલેજ ચાલુ કરી. કહેવાય કૉલેજ, પણ હકીકતમાં તો પાઠશાળા જ હતી. ગરીબ વિદ્યાર્થીઓને ભણાવવાના અને ભણી રહે ત્યારપછી ત્રણ વર્ષ નોકરી પણ મળે એવી શરત તેઓએ રાખી હતી. દલસુખભાઈ પાસે બિકાનેર સુધી જવાનું ભાડું નહોતું, પરંતુ એમની ભાવસાર જ્ઞાતિએ એ ભાડું આપીને એમને બિકાનેર ભણવા મોકલ્યા. રહેવા જમવાની અને વિદ્યાભ્યાસની મફત સારી સગવડને લીધે દલસુખભાઈની શક્તિ વિકસતી ગઈ. સંસ્થા વિદ્યાર્થીઓને જ્યાં પંડિતો હોય ત્યાં વિદ્યાભ્યાસ માટે મોકલતા. એ રીતે દલસુખભાઈને બિકાનેર ઉપરાંત જયપુર, બ્યાવર, અંજાર (કચ્છ) વગેરે સ્થાને ગુરુકુળમાં રહી અભ્યાસ કરવાની તક મળી. કચ્છમાં તો શતાવધાની શ્રી રત્નચંદ્રજી મહારાજ પાસે વિદ્યાભ્યાસની તક મળી. એ રીતે તેમણે સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનો અભ્યાસ કરીને 'ન્યાયતીર્થ' તથા 'જૈન વિશારદ'ની ડિગ્રી મેળવી.

બિકાનેરની ટ્રેનિંગ કૉલેજના તેજસ્વી વિદ્યાર્થીઓમાંથી દલસુખભાઈ અને શાંતિલાલ વનમાળીદાસની પસંદગી અમદાવાદમાં પંડિત બેચરદાસ દોશી પાસે વિદ્યાભ્યાસ માટે મોકલવા માટે થઈ. તે પ્રમાણે તેઓ અમદાવાદ આવ્યા ને પંડિત બેચરદાસ પાસે એમણે પ્રાકૃત ભાષા અને આગમોનો અભ્યાસ કર્યો. સવા વર્ષ એ રીતે અભ્યાસ ચાલ્યો. દરમિયાન પંડિત બેચરદાસને આઝાદીની રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેવા માટે કારાવાસની સજા થઈ એટલે એ અભ્યાસ બંધ પડ્યો.

દરમિયાન દલસુખભાઈની શક્તિ અને વિકાસથી પ્રભાવિત થયેલા શ્રી દુર્લભજીભાઈએ દલસુખભાઈને રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતનમાં અભ્યાસ કરવા મોકલ્યા. ત્યાં મુનિ જિનવિજયજી જૈન આગમોનો અભ્યાસ કરાવતા હતા. દલસુખભાઈ માટે આ એક ઉત્તમ તક હતી. એમની પ્રતિભા આ સંસ્થામાં સારી રીતે પાંગરી.

આ બધો અભ્યાસ એમણે વિના ખર્ચે ટ્રેનિંગ કૉલેજના ઉપક્રમે જ કર્યો. દરમિયાન એમનાં લગ્ન થયાં. હવે આજીવિકાની આવશ્યકતા ઊભી થઈ. એટલે ટ્રેનિંગ કૉલેજે આપેલી નોકરીની ગેરંટી અનુસાર તેઓ મુંબઈમાં સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના મુખપત્ર 'જૈન પ્રકાશ'માં જોડાઈ ગયા. પરંતુ 'જૈન પ્રકાશ'ની ઓફિસમાં એમને લેખન-અધ્યાપનને બદલે કલાર્ક તરીકે કામ વધારે કરવાનું રહેતું. લગભગ એક વર્ષ એ રીતે એમણે કામ કર્યું. ત્યાં મુંબઈમાં પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનો સંપર્ક થયો. પંડિતજી ત્યારે બનારસ યુનિવર્સિટીમાં જૈન દર્શનના વિભાગના અધ્યક્ષ તરીકે કામ કરતા હતા. તેઓ આંખે દેખતા નહિ એટલે સારું વાંચી સંભળાવે એવી વ્યક્તિની એમને જરૂર હતી. એ વ્યક્તિ સંસ્કૃત, પ્રાકૃત અને જૈન દર્શનની જાણકાર હોવી જોઈએ જેથી પંડિતજીના કામમાં સરળતા રહે. પંડિતજીને દલસુખભાઈમાં એ યોગ્યતા જણાઈ. એમણે દલસુખભાઈને બનારસ આવવા કહ્યું. દલસુખભાઈએ એથી 'જૈન પ્રકાશ'ની નોકરી છોડીને ઓછા પગારે નોકરી કરવા પંડિતજી સાથે બનારસ ગયા. દલસુખભાઈનું આર્થિક દૃષ્ટિએ આ એક સાહસ હતું, પરંતુ બીજી બાજુ પંડિતનો સહવાસ મળ્યો એ મોટું સદ્ભાગ્ય હતું. પંડિતજીની સાથે કાર્ય કરવાને લીધે એમની પ્રતિભા બહુ સારી રીતે ઘડાઈ હતી. પંડિતજીના 'દર્શન અને ચિંતન' ગ્રંથનું સંપાદન એમણે કર્યું હતું.

સ્વ. દલસુખભાઈ બિકાનેર, જયપુર, બ્યાવર, અંજાર, અમદાવાદ, શાંતિનિકેતન, મુંબઈ એમ વિવિધ પ્રદેશોના વિવિધ સ્થળે એકબે વર્ષ રહ્યા, પરંતુ ત્યાર પછી બનારસમાં પચીસેક વર્ષની ઉંમરે તેઓ ગયા અને ત્યાં લગભગ અઢી દાયકા સુધી રહ્યા. આરંભમાં તેઓ પંડિત સુખલાલજીના વાચક તરીકે કામ કરતા, પછીથી પંડિતજીને ગ્રંથ સંપાદનમાં સહાય કરતા. ત્યારપછી તેમણે સ્વતંત્ર સંપાદનો કર્યાં. યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે એમની નિમણૂંક થઈ અને તેઓ વર્ગો લેવા લાગ્યા. પંડિતજીના તેઓ પ્રીતિપાત્ર બન્યા. યુનિવર્સિટીમાં પણ તેમની વિદ્વત્તાની અને નિષ્ઠાની સુવાસ પ્રસરી અને પંડિતજી જ્યારે યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થઈને અમદાવાદ આવ્યા ત્યારે એમની જગ્યાએ, જૈન દર્શનના વિભાગના અધ્યક્ષ તરીકે દલસુખભાઈની નિમણૂંક થઈ. આમ, બનારસ એમનું મહત્ત્વનું કાર્યક્ષેત્ર, એમના જીવનના મધ્યાહ્નકાળમાં બની રહ્યું હતું.

૧૯૫૨માં કેન્દ્ર સરકારે પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટીની સ્થાપના કરી અને એના મંત્રીપદે દલસુખભાઈની વરણી કરી, કારણ કે તેઓ જૈનોની અર્ધમાગધી અને બૌદ્ધોની પાલી-એમ બંને પ્રકારની પ્રાકૃત ભાષાના પંડિત હતા અને બંને દર્શનોના ગ્રંથોના અભ્યાસી હતા. આ સોસાયટીના કાર્ય નિમિત્તે તેઓ તેની કાર્યવાહક સમિતિના એક સભ્ય શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈના સંપર્કમાં આવ્યા. એ દિવસો દરમિયાન શેઠશ્રી પ. પૂ. શ્રી પુણ્યવિજયજી મહારાજના પણ ગાઢ સંપર્કમાં હતા. એમની પ્રેરણાથી જ્યારે એમણે અમદાવાદમાં 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'ની સ્થાપના કરવાનું વિચાર્યું ત્યારે એના નિર્દેશક-ડિરેક્ટરના પદ માટે યોગ્ય વ્યક્તિ તરીકે પ. પૂ. શ્રી પુણ્યવિજયજી મહારાજ અને પંડિત સુખલાલજીની ભલામણથી પંડિત દલસુખભાઈની પસંદગી કરી હતી. દલસુખભાઈએ બનારસમાંથી નિવૃત્ત થઈ એ સ્થાન ગ્રહણ કર્યું અને સત્તર વર્ષ શોભાવ્યું અને એલ.ડી. ઇન્સ્ટિટ્યૂટને દેશવિદેશમાં એક ખ્યાતનામ સંસ્થા બનાવી દીધી. ઇન્સ્ટિટ્યૂટમાં એક ખ્યાતનામ સ્કૉલર ઉપરાંત કુશળ વહીવટકર્તા તરીકે પણ દલસુખભાઈની કામગીરી અત્યંત પ્રશસ્ય રહી હતી અને એથી જ ધારાધોરણ પ્રમાણે એમને નિવૃત્ત થવું પડ્યું તો પણ ટ્રસ્ટીઓએ એમની સલાહકારનાં પદે નિયુક્તિ કરી હતી.

દલસુખભાઈ ઘણી જુદી જુદી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેઓ પીએચ.ડી.ના માર્ગદર્શક હતા અને ઘણી યુનિવર્સિટીઓમાં પી એચ.ડી.ના પરીક્ષક હતા. મુંબઈ યુનિવર્સિટીમાં મારા માર્ગદર્શન હેઠળ શ્રીમદ્ રાજચંદ્ર વિશે તૈયાર થયેલી પ્રથમ થિસિસના પરીક્ષક તરીકે તેઓ હતા. તેમણે ટોરેન્ટો ઉપરાંત બર્લિનની યુનિવર્સિટીમાં

અને પેરીસની યુનિવર્સિટીમાં મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કાર્ય કર્યું હતું.

જૈન ધર્મ અને દર્શનની સાથે સાથે બૌદ્ધ ધર્મ અને દર્શનના ઊંડા તલસ્પર્શી અભ્યાસને લીધે એમનું નામ દર્શનશાસ્ત્રના વિદ્યાભ્યસના ક્ષેત્રે એમનું નામ પ્રસિદ્ધિ પામ્યું હતું. આથી જ વિદેશોની યુનિવર્સિટીઓમાં પણ એક અભ્યાસી અન્વેષક તરીકે સુખ્યાત બન્યું હતું. આથી જ ૧૯૬૭માં કેનેડાની ટોરાન્ટો યુનિવર્સિટીના એશિયન સ્ટડીઝ વિભાગના પ્રોફેસર વોર્ડરે એમને વિઝિટિંગ પ્રોફેસર તરીકે કેનેડા આવવા અને બૌદ્ધ દર્શન તથા અન્ય દર્શનો વિશે અધ્યાપન કાર્ય કરવા માટે નિમંત્રણ આપ્યું હતું. એમની વિદ્વતાની વિદેશની એક યુનિવર્સિટીએ આ રીતે કદર કરી હતી. આ નિમંત્રણ સ્વીકારીને તેઓ લગભગ સવા વર્ષ કેનેડામાં રહ્યા હતા. અને ત્યાં પોતાના વિદ્યાભ્યાસની સુવાસ પ્રસરાવી હતી.

પંડિત દલસુખભાઇએ ગુજરાતી, હિંદી અને અંગ્રેજી એમ ત્રણે ભાષામાં લેખનકાર્ય કર્યું છે. સંશોધન, અનુવાદ, સંપાદન, ચિંતનાત્મક નિબંધ એમ વિવિધ પ્રકારનું લેખનકાર્ય એમણે કર્યું છે. એમાં 'આત્મમીમાંસા', 'જૈન ધર્મચિંતન', 'પ્રમાણમીમાંસા', 'જ્ઞાનબિંદુ', 'તર્કભાષા', 'ન્યાયાવતાર કાર્તિકવૃત્તિ', 'ભગવાન મહાવીર સ્વામીનો જીવનસંદેશ', 'પંડિત સુખલાલજી' 'આગમ યુગ કા જૈનદર્શન'ના ઇત્યાદિ એમના ગ્રંથો સુવિદિત છે. એમણે એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટના ઉપક્રમે 'સંબોધિ' નામના ત્રૈમાસિકનું સંપાદનકાર્ય પણ ઘણાં વર્ષ સુધી સંભાળ્યું હતું.

સંસ્કૃત, પ્રાકૃત, જૈન દર્શન અને બૌદ્ધ દર્શનના વિષયોનો ઊંડો અભ્યાસ કરવાના પરિણામે દલસુખભાઇને યુનિવર્સિટીની ડિગ્રી ન હોવા છતાં સમકક્ષ એવી 'ન્યાયતીર્થ' વગેરે ડિગ્રી હોવાથી યુનિવર્સિટીની અનુસ્નાતક કક્ષાએ કામ કરવા મળ્યું હતું. એમની એ આગવી સિદ્ધિ હતી કે શાળામાં મેટ્રિકની પરીક્ષા પાસ કર્યા વગર, કૉલેજમાં અભ્યાસ કર્યા વગર, બી.એ. કે એમ.એ.ની ડિગ્રી મેળવ્યા વગર તેઓ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના અધ્યક્ષ કે અનુસ્નાતક સંસ્થાના ડિરેક્ટરના પદ સુધી પહોંચી શક્યા હતા. ને પીએચ.ડી.ના માર્ગદર્શક તથા પરીક્ષક પણ રહી ચૂક્યા હતા. અંગ્રેજી ભણ્યા ન હોવા છતાં મહાવરાથી તેઓ અંગ્રેજીમાં લખાયેલા ગ્રંથો અને સામયિકો વાંચતા રહ્યા હતા ને અંગ્રેજીમાં લેખો પણ લખતા રહ્યા હતા. આવી ઘણી બધી સિદ્ધિઓને કારણે જ ભારત સરકારે એમને 'પદ્મવિભૂષણ'નો ઇલકાબ આપ્યો હતો.

હું જ્યારે જ્યારે અમદાવાદ જાઉં ત્યારે એલ.ડી.માં દલસુખભાઇને મળવા માટે જવાનું મારે અચૂક રહેતું. એક જ વિષયના રસને લીધે આ ક્ષેત્રમાં થયેલી પ્રગતિના સમાચાર એમની પાસેથી મળતા. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની જૈન સાહિત્યને લગતી કાર્યવાહીમાં કે સમિતિમાં એમની સાથે મને કામ કરવા મળ્યું હતું. હું શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રીપદે હતો ત્યારે એમના જાહેર અભિવાદનનો કાર્યક્રમ પણ અમે યોજ્યો હતો.

ઇ. સ. ૧૯૮૧માં શ્રી મહાવીર જૈન વિદ્યાલયે જૈન સાહિત્ય સમારોહ યોજવાનું ઠરાવ્યું હતું અને એના સંયોજનની જવાબદારી મને સોંપી હતી. પ્રથમ સમારોહ મુંબઇમાં શ્રી કે. કા. શાસ્ત્રીના પ્રમુખપદે યોજ્યો હતો અને એમાં તત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખ તરીકે દલસુખભાઇ હતા. આ પ્રથમ સમારોહ વખતે એમનું માર્ગદર્શન મને ઘણું કામ લાગ્યું હતું. ત્યારપછી સમારોહ અમે દલસુખભાઇના પ્રમુખપદે યોજ્યો હતો. ત્યારે એમણે મનનીય પ્રવચન આપ્યું હતું. એમની વિદ્વતા, જાણકારી, સરળતા, નિખાલસતા, તટસ્થતાની સૌ કોઇને પ્રતીતિ થયા વગર રહે નહિ. આ સમારોહ પછી તેઓ મહુવા, સોનગઢ, સુરત, ખંભાત, પાલનપુર વગેરે સ્થળે પણ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા પ્રતિવર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેઓ ઘણી વાર વ્યાખ્યાન આપવા માટે પધારતા. આ વ્યાખ્યાનમાળાનું સુકાન જ્યારે મને સોંપાયું ત્યારે હું પણ એમને એ માટે નિમંત્રણ આપતો. પણ પછી મોટી ઉંમરને કારણે તેઓને કલાકનું પ્રવચન આપવું ગમતું કે ફાવતું નહિ. વળી પોતાને જે કહેવાનું તે બધું પોતે અગાઉ કહી દીધું છે એટલે પણ એમને ગમતું નહિ. એક વખત તો સભામાં જ તેમણે એ પ્રમાણે નિવેદન કરેલું અને વ્યાખ્યાનનું નિમંત્રણ સ્વીકારવાનું બંધ કરેલું. ત્યારપછી તેઓ સભાઓમાં પ્રાસંગિક વક્તવ્ય પાંચ પંદર મિનીટ માટે આપતા, પણ સળંગ એક જ વિષય પર મૌખિક વ્યાખ્યાન આપતા નહિ. સભાઓમાં પણ તેઓ કેટલીક વાર પોતાનો સ્પષ્ટ નિખાલસ અભિપ્રાય ઉચ્ચારતા કે જે આયોજકોને પ્રતિકૂળ હોય.

આમ, મુંબઈ, અમદાવાદ, દિલ્હી વગેરે સ્થળે શ્રી મહાવીર જૈન વિદ્યાલય, જૈન સાહિત્ય સમારોહ, પર્યુષણ વ્યાખ્યાનમાળા, ઇત્યાદિના નિમિત્તે એમને મળવાનું અવારનવાર થતું રહેતું. હરિભદ્રસૂરિ વિશેના પરિસંવાદ માટે તેઓ દિલ્હીમાં વલ્લભ સ્મારકમાં આવ્યા હતા ત્યારે તો એક જ રૂમમાં અમારે સાથે રહેવાનું થયું હતું. કેટલાક સમય પહેલાં એક ગ્રંથના વિમોચન પ્રસંગે તે સાયલા આવ્યા હતા ત્યારે તો લગભગ આખો દિવસ અમે બંને સાથે રહ્યા હતા.

દલસુખભાઇની સાથે રહીએ તો એમની વિદ્વતાનો અને એમની મહત્તાનો આપણને જરાપણ બોજ ન લાગે. રસ્તામાં ચાલ્યા જતા હોય તો ખબર ન પડે કે એક વિશ્વવિખ્યાત સ્કૉલર છે. સાધારણ માણસ તરીકે જ તેઓ હરતાફરતા રહે. એમની આ લઘુતામાં જ એમની મહત્તા રહેલી હતી. એમની જૈન દર્શનની જાણકારી આપણને આશ્ચર્યમુગ્ધ કરી દે એટલી બધી હતી. તેઓ વિવેકશીલ, સત્યાન્વેષક અને અનાગ્રહી હતા.

દલસુખભાઇનો પત્ર આવે એટલે સૌથી પહેલો શબ્દ એમણે લખ્યો હોય-'પ્રણામ'. તેઓ ટૂંકા પણ મુદ્દાસર પત્ર લખતા અને પત્રનો ઉત્તર અચૂક આપતા.

દલસુખભાઈ સ્વભાવે અત્યંત નિખાલસ અને નિઃસ્પૃહ હતા. આથી જ તેઓ પોતાને જે સત્ય લાગે તે કહેવામાં સંકોચ અનુભવતા નહિ. જૈન દર્શનનો, જૈન આગમિક સાહિત્યનો તેમનો અભ્યાસ ઊંડો હતો. એથી જ સાંપ્રદાયિક સંકુચિતતા તેમનામાંથી નીકળી ગઇ હતી. તેમની દૃષ્ટિ તટસ્થ, ઉદાર અને પ્રમાણભૂત રહેતી.

સ્વ. દલસુખભાઇના અવસાનથી આપણને એક સત્ત્વશીલ સારસ્વતની ખોટ પડી છે.

પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે !

☐ રમણલાલ ચી. શાહ

## સંઘનાં નવાં પ્રકાશનો

સંઘ તરફથી તાજેતરમાં નીચેનાં પુસ્તકોમાં પ્રકાશિત કરવામાં આવ્યાં છે.

(૧) ઝૂરતો ઉલ્લાસ--શૈલ પાલનપુરી (શૈલેશ કોઠારી) રૂા. ૮૦-૦૦

(૨) વીર પ્રભુનાં વચનો--ડૉ. રમણલાલ ચી. શાહ રૂા. ૫૦-૦૦

☐ મંત્રીઓ

# અમરગઢમાં નિભાવનિધિ અર્પણનો કાર્યક્રમ

☐ તારાબહેન ર. શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી છેલ્લાં પંદરેક વર્ષથી પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રોતાઓને દાન માટે અપીલ કરીને મુંબઈ બહાર લોકસેવાનું કાર્ય કરતી કોઈ એક સંસ્થાને પ્રતિવર્ષ આર્થિક સહાય કરવામાં આવે છે. ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન દિવાળીબહેન મોહનલાલ મહેતા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મુ. શ્રી મફતલાલ મોહનલાલ મહેતા (શ્રી મફતકાકા)ની ભલામણથી અમરગઢ (જીંથરી)ની ખુશાલદાસ મહેતા ટી. બી. હોસ્પિટલને આર્થિક સહાય કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. કમિટિના સભ્યો માટે એની મુલાકાતનું આયોજન ભાવનગરના કાર્યકર્તા શ્રી મનુભાઈ શેઠે કર્યું હતું. હોસ્પિટલને આ વર્ષે પચાસ વર્ષ પૂરાં થાય છે. સાતસોથી વધુ પથારી ધરાવનાર એશિયાની આ સૌથી મોટી ટી. બી. હોસ્પિટલને નિભાવ ફંડની ઘણી મોટી જરૂરિયાત રહે છે કારણકે મોટા ભાગના દર્દીઓને વિના મૂલ્યે આધુનિક સારવાર ત્યાં આપવામાં આવે છે. એટલે આ અવસરે હોસ્પિટલને આર્થિક સહાય કરવાનો કાર્યક્રમ પ્રસંગોચિત હતો. અને અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે અમરગઢની હોસ્પિટલ માટે રૂપિયા સત્તર લાખ સત્તાવન હજાર જેવી માતબર રકમ પર્યુષણ પર્વ દરમિયાન નોંધાઈ હતી.

આ નિભાવનિધિ અર્પણ કરવાનો કાર્યક્રમ અમરગઢ (જીંથરી) મુકામે તા. ૨૦ જાન્યુઆરી ૨૦૦૦ રોજ પૂ. શ્રી મોરારીબાપુના સાંનિધ્યમાં મુ. શ્રી મફતલાલ મોહનલાલ મહેતાના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી હોદ્દેદારો અને સમિતિના સભ્યો સહિત ત્રીસેક જેટલા ભાઈ-બહેનો વડોદરાથી સ્પેશિયલ બસ દ્વારા રવાના થયા હતા. સવારના ચિખોદરાની આંખની હોસ્પિટલના અતિથિગૃહમાં ચા-નાસ્તો લઈ અમે સૌ આગળ ચાલ્યા હતા. અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે ચિખોદરા હોસ્પિટલના ડૉ. રમણીકલાલ દોશી (પૂ. દોશીકાકા) પણ અમારી સાથે અમરગઢ આવવા માટે જોડાયા હતા. બપોરે જીંથરી પાસે સોનગઢ પહોંચ્યા પછી ત્યાંના કલ્યાણ ચારિત્ર્ય આશ્રમમાં બપોરનું ભોજન લીધું હતું. આ સંસ્થાના એક ટ્રસ્ટી અને આપણાં યુવક સંઘનાં એક મંત્રી ડૉ. ધનવંતભાઈએ આ બધી વ્યવસ્થા કરાવી હતી. ભોજન લઈ અમે અમરગઢ પહોંચ્યા હતા. શ્રી મનુભાઈ શેઠ અને શ્રી મણિભાઈ ગાંધી વગેરેએ ત્યાં અમારું સ્વાગત કર્યું હતું.

સાંજે ચાર વાગે અમરગઢમાં કાર્યક્રમ ચાલુ થયો હતો. હોસ્પિટલના ટ્રસ્ટીઓ, ડૉક્ટરો અને સ્ટાફના અન્ય સભ્યોએ મોટા પાયા પર આ કાર્યક્રમનું આયોજન એક શાનદાર વિશાળ મંડપમાં કર્યું હતું. આશરે ત્રણ હજાર જેટલા માણસો ઉપસ્થિત હતા. આ કાર્યક્રમ માટે સંતો અને મહંતો ઉપરાંત શૈક્ષણિક, સામાજિક, રાજકીય, તબીબી વગેરે ક્ષેત્રમાં ઉચ્ચ સ્થાન ધરાવતી વ્યક્તિઓ, અગ્રણી વેપારીઓ, ઉદ્યોગપતિઓ વગેરેને નિમંત્રણ આપવામાં આવ્યું હતું અને એમની હાજરીથી આ અવસર ગૌરવશાળી બન્યો હતો.

આ પ્રસંગે હોસ્પિટલ તરફથી શ્રી દુલેરાય મહેતા, શ્રી મણિભાઈ મહેતા, શ્રી મણિભાઈ ગાંધી, શ્રી ગુણવંતભાઈ વડોદરિયા, ડૉક્ટરો વગેરેએ પોતાના વક્તવ્યમાં સંસ્થાનો સરસ પરિચય કરાવ્યો હતો. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણભાઈ શાહ, વર્તમાન પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ, ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ શાહ, મંત્રી શ્રીમતી નિરુબહેન શાહ, પ્રો. તારાબહેન શાહ વગેરેએ પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યાં હતાં. મુ. મફતલાલ મહેતાએ પોતાનું લેખિત વક્તવ્ય વંચાવ્યું હતું જેમાં એમણે તીર્થ જેવી આ સંસ્થાનો પચાસ વર્ષ પૂર્વે શિલાન્યાસ થયો ત્યારે પોતે ઉપસ્થિત હતા એ પ્રસંગ યાદ કર્યો હતો અને અન્ય સંસ્થાઓ પણ મુંબઈ જૈન યુવક સંઘ પ્રમાણે અનુકંપાની પ્રવૃત્તિ ઉપાડી લે એવી ભલામણ કરી હતી. એમણે હોસ્પિટલમાં સ્વ. ભોગીલાલ લાલાણીએ આપેલી સેવાઓને યાદ કરી હતી. પૂ. શ્રી મોરારીબાપુએ ભાવવાહી, પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું અને મુંબઈ જૈન યુવક સંઘ સાથેનાં પોતાનાં મધુર સંસ્મરણો તાજાં કર્યાં હતાં. દર વર્ષે એક દિવસ જીંથરી આવીને દર્દીઓ સાથે રહેવાનું વચન આપ્યું હતું. પૂ. મોરારીબાપુના ઉદ્‌બોધનને પરિણામે તે વખતે સભામાંથી જુદા જુદા હેતુઓ માટે તથા રામકથા માટે આશરે કુલ પંદર લાખની રકમ જાહેર થઈ હતી.

આ પ્રસંગે હોસ્પિટલને વિશિષ્ટ સેવા આપનાર વ્યક્તિઓનું બહુમાન થયું હતું તથા અન્ય કેટલીક યોજનાઓ પણ જાહેર થઈ હતી.

આ સમગ્ર કાર્યક્રમમાં યાદગાર બની જાય એવી ઘટના એ બની હતી કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે રૂપિયા સત્તર લાખ સત્તાવન હજારની રકમનો ચેક અર્પણ કર્યો ત્યારે મુ. શ્રી મફતકાકાએ પોતાના તરફથી તેમાં રૂપિયા બે લાખનો ચેક ઉમેરવાની જાહેરાત કરી હતી. એ રીતે રૂપિયા ઓગણીસ લાખ સત્તાવન હજારની રકમ થઈ હતી. એટલે મુ. શ્રી મફતકાકાએ બીજા તેંતાલીશ હજાર ઉમેરીને રૂપિયા વીસ લાખનો આંકડો કરવા કહ્યું હતું. પરંતુ કાર્યક્રમના સંચાલક શ્રી મણિભાઈ ગાંધીએ સરવાળામાં સરતચૂક થતાં કુલ રૂપિયા એકવીસ લાખની રકમ થાય છે એવી જાહેરાત માઈકમાં કરી ત્યારે કેટલાકે તે સરતચૂક સુધારવા માટે કહ્યું હતું, પરંતુ મુ. મફતકાકાએ અવસરના ગૌરવને લક્ષમાં રાખીને તરત જાહેર કરાવ્યું હતું કે પોતે બીજા એક લાખ આપશે પરંતુ જાહેર કરાયેલી રકમ ઓછી કરવી નહિ. મુ. મફતકાકાના ત્વરિત, ઉદાર નિર્ણયની બધાએ ખૂબ પ્રશંસા કરી હતી અને તાળીઓના ગડગડાટથી તેમની દરખાસ્તને વધાવી લીધી હતી. આ રીતે અમરગઢ (જીંથરી)માં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી નિભાવ ફંડ અર્પણ કરવાનો કાર્યક્રમ અમારા માટે સ્મરણીય બની ગયો હતો.

અમે સૌ સોનગઢના આશ્રમમાં રાત રોકાયા હતા. સંસ્થાના વિદ્યાર્થીઓએ અમારા માટે પોતાનો મનોરંજન કાર્યક્રમ યોજ્યો હતો.

બીજે દિવસે સવારે પાલિતાણા-શત્રુંજય મહાતીર્થની યાત્રા કરી, ત્યાંથી ચિખોદરા પાછા ફરી, ત્યાં સાંજનું વાળું કરીને અમે ટ્રેઈનમાં મુંબઈ આવ્યા હતા.

આ રીતે અમરગઢની હોસ્પિટલને રૂપિયા એકવીસ લાખ જેવી મોટી રકમ આપી શકાઈ એ યુવક સંઘના ઈતિહાસમાં વિક્રમરૂપ ઘટના બની છે.

❖ ❖ ❖

# नारीजने धूर्तता

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

વર્ષો જૂની મારી એક ખાસિયત છે-રાત્રે પલંગમાં રેડિયો લઇને સુવાની. રાતના નવથી તે સવારના પાંચ સુધીમાં નિદ્રાના ત્રણચાર 'રાઉન્ડ' આવી જાય...જેમાં મોટે ભાગે સ્વપ્નો તો હોય જ. ઊંઘ ન આવે ત્યારે રેડિયો ચાલુ કરું...ત્યારે બી.બી.સી. તો ચાલતું જ હોય ને આપણી રાષ્ટ્રીય પ્રસારણ સેવા પણ ચોવીસ કલાક ચાલુ. સવારના પોણા છ થી સવા છના અરસામાં, રાષ્ટ્રીય પ્રસારણ સેવાનો 'આજનો વિચાર', આકાશવાણી-મુંબઇનું 'ચિંતન', રાજકોટની 'રત્નકણિકા', અમદાવાદ-વડોદરાની 'અમૃતધારા' અને સાંગલીની 'ગિર્વાણગિરા' સાંભળવાનો લ્હાવો મળે. 'ગિર્વાણગિરા'માં એક સુંદર સંસ્કૃત-શ્લોક સાંભળવા મળ્યો, જેમાં નારી સમાજ સાથે કેવો વ્યવહાર રાખવો ? એ વાતનું પ્રતિપાદન કરતાં કવિ કહે છે : नारीजने धूर्तता । સ્ત્રીઓની સાથે ધૂર્તની જેમ વ્યવહરવું. ત્રણ-ચાર દિવસ સુધી મારા ચિત્તમાં ગડમથલ મચી. મન સતત ચચણ્યા કરે ને બુદ્ધિને પૃચ્છા કરે : 'આ શું ઉચિત છે ?' રાજવી કવિ ભર્તૃહરિનો મૂળ શ્લોક આ પ્રમાણે છે :-

'દાક્ષિણ્યં સ્વજનો, દયા પરજને, શાઠ્યં સદા દુર્જને,
પ્રીતિઃ સાધુજને, નયો નૃપજને, વિદ્વજ્જને આર્જવમ્ ।
શૌર્યં શત્રુજને, ક્ષમા ગુરુજને, નારીજને ધૂર્તતા,
યે ચૈવં પુરુષાઃ કલાસુ કુશલા સ્તેષ્વેવ લોકસ્થિતિઃ ॥

લોકાચારની સ્થિતિની વાત કરતાં ઉપર્યુક્ત કલાઓના ઉત્સાહોને કવિ પ્રશંસે છે પણ 'નારીજને ધૂર્તતા'નો લોકાચાર શું યોગ્ય છે ? સ્ત્રીઓની સાથે ધૂર્તતાથી વર્તવું, કપટ અને ચાલાકીથી વ્યવહરવું એ અંગત વિધાન, પ્રિયતમા પિંગલાની બેવફાઇથી દગ્ધ હૃદયની આર્ત્તવાણી છે કે બિનગંત દૃષ્ટિથી જગતના વ્યવહારનું નિરીક્ષણ-પરીક્ષણ કરી ઉચ્ચારાયેલી અર્થાન્તરન્યાસી સત્યની વાણી છે ? અંગત બિનંગત અનુભવવાણી સિવાય, પરંપરાથી ચાલ્યા આવતા કેટલાંક સાચા-અર્ધા સાચા કે અસત્ય અભિપ્રાયોની ભરમાર પણ ધર્મગ્રન્થો કે સાહિત્ય ગ્રંથોમાં ક્યાં નથી ? મનુસ્મૃતિની વાત કરીએ તો 'જ્યાં સ્ત્રીઓનું પૂજન થાય છે (यत्र नार्यस्तु पूज्यन्ते) ત્યાં દેવતાઓ નિવાસ કરે છે', વળી 'જે ગૃહમાં સ્ત્રી પુરુષથી અને પુરુષ સ્ત્રીથી સંતુષ્ટ રહે છે, ત્યાં નિઃશંક નિત્ય-કલ્યાણ થાય છે.' વિશેષમાં, જે પિતા, ભાઈ, પતિ અને દિયર નિજનું કલ્યાણ ઇચ્છે તેમણે પોતાની પુત્રી, બહેન, સ્ત્રી અને ભાભીનું અપમાન કરવું જોઇએ નહીં...એજ મનુસ્મૃતિમાં :

कामिनीषु विवाहेषु शपथे नास्ति पतकम् । મતલબ કે સ્ત્રીઓ આગળ અને વિવાહની બાબતમાં જૂઠા સોગન ખાવામાં પાપ નથી ! 'મનુસ્મૃતિ'ને મળતાં આવતાં આવાં વચન ગૌતમ અને વસિષ્ઠનાં પણ છે, કિન્તુ આ વચનોની ગંભીરતાને લક્ષમાં ન લેતાં, આચાર્યશ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવનું કહેવું છે કે : 'વસ્તુતઃ એમાં મનુષ્ય પ્રકૃતિની નિર્બળતા નોંધવા ઉપરાંત શાસ્ત્રકારોનું વિશેષ તાત્પર્ય માનવા કારણ નથી.' (આપણો ધર્મ-પૃ. ૪૫૩, ત્રીજી આવૃત્તિ). એ વાત સાચી માનીએ તો પણ પૃથગજનો તો સ્મૃતિ અને શાસ્ત્રની વાણીને જ ઘોની જેમ પકડી રાખે છે. સાચી કે ખોટી રીતે તુલસીદાસને નામે ચઢેલઃ 'ઢોલ, ગમાર, પશુ ઔર નારી એ સબ તાડન કે અધિકારી' એ ઉક્તિઓ લોકમાનસમાં કેટલી બધી દૃઢીભૂત થયેલી છે ! એક ટીખળી પતિએ તુલસીદાસની આ વાણી એની પત્નીને સંભળાવી એટલે હાજરજવાબી પત્નીએ સંભળાવી દીધું: 'પ્રથમ ત્રણ તમારે માટે છે, ચોથું મારે માટે.' ચારેયની લિંગની દૃષ્ટિએ પણ ! મહાકવિ કાલિદાસના 'અભિજ્ઞાન શાકુન્તલ' નામના નાટકના પાંચમ અંકના બાવીસમા શ્લોકમાં 'સ્ત્રીઓના અશિક્ષિત પટુત્વ'ની વાત આવે છે ત્યાં 'પોષાવતી પરભૃતો ખંગ અન્ય પાસે' એમ કહી, સ્ત્રીઓ જેવી...અહીં સગર્ભા શકુન્તલા જેવીની-શી કરવી બુદ્ધિમતીની વાત ?' કહી રાજા, મેનકા અને વિશ્વામિત્રની કથાનો નિર્દેશ કરી 'ધૂર્તતા', તો નહીં પણ સભાનતાથી વ્યવહરતો લાગે છે...શાપગ્રસ્ત હોવાને કારણે સંશય ને સંભ્રમની સ્થિતિમાં છે પણ કવિએ એના મુખમાં 'સ્ત્રીઓના અશિક્ષિત પટુત્વ'ની જે વાત મૂકી છે તે માનવ-સ્વભાવ-પરીક્ષણની દૃષ્ટિએ-અને પુરુષની તુલનાએ તો સત્ય લાગે છે. ભર્તૃહરિ અને કાલિદાસના ઉપર્યુક્ત બે વિધાનોમાં કલાની દૃષ્ટિએ પણ ઘણું મોટું અંતર છે. પરોક્ષ-અપરોક્ષ આત્મલક્ષી-જગલક્ષી અભિવ્યક્તિમાં હોય તેટલું.

સોક્રેટીસની પત્ની કર્કશા હતી એમ કહેવાય છે. એક દિવસ ઘરમાં તે ખૂબ ગર્જી પણ સોક્રેટીસ શાંત રહ્યા...બહાર જવા નીકળ્યા એટલે કુપિત પત્નીએ એંઠા પાણીનું કુંડું એના પર ઠાલવ્યું. તત્ત્વજ્ઞાનીની અદાથી સોક્રેટિસે એક જ વાક્ય કહ્યું : 'મને ખબર હતી કે ગર્જન પછી વર્ષણ થવાનું.' સોક્રેટિસે 'નારીજને ધૂર્તતા'નું સૂત્ર સ્વીકાર્યું જાણ્યું નથી.

કહેવાય છે કે અમેરિકાના માનવતાવાદી પ્રમુખ અબ્રાહમ લિંકનની પત્ની કર્કશા તો હતી પણ વધુ પડતી બોલકી (Too much vocal) પણ હતી. આમેય પુરુષોની તુલનાએ સ્ત્રીની Vocabulary વધુ સમૃદ્ધ હોય છે ! એક વાર પ્રમુખ સાહેબના સંસદીય મંત્રી તેમને મળવા આવ્યા. શ્રીમતી લિંકનને સંસદીય મંત્રી જાણે નહીં. એમની વાતચીતમાં વચ્ચે શ્રીમતી લિંકન ભરડ્યે રાખે. મંત્રીએ પૂછ્યું: 'આ બોલકી સ્ત્રી કોણ છે ?' લિંકને શ્રીમતી લિંકન કહેતાં જ મંત્રીએ છોભીલા પડી ક્ષમાયાચના સાથે કહ્યું 'મારી ભૂલ થઇ ગઇ...' ત્યારે લિંકને કેવળ આટલું જ કહ્યું : 'ભૂલ તમારી નહીં, મારી થઇ છે. તમારે ક્ષમા માંગવાની ન હોય.' અબ્રાહમ લિંકને 'નારીજને ધૂર્તતા' કહ્યાનું જાણ્યું નથી.

પત્નીના અમાનવીય વ્યવહારથી ત્રાસી ગયેલા પરમ માનવતાવાદી રશિયન લેખક-'War and Peace' એ મહાન નવલકથાના લેખક ટોલ્સટોયને સ્ત્રીઓ સંબંધે કોઇકે અભિપ્રાય પૂછ્યો ત્યારે એમ કહ્યાનું કહેવાય છે કે 'કોફિનમાં પૂરાયાની છેલ્લી ક્ષણે હું મારો અભિપ્રાય આપીશ.' 'ધૂર્તતા'નો અર્થ કપટ નહીં પણ ચતુરાઇ, ચાલાકી, ચોકસાઇ કરીએ...તો એ પણ આ મહાન નવલકથાકાર કરી શક્યા નહીં ને રશિયાની રેલગાડીમાં જ છેલ્લા શ્વાસ લીધા.

આમેય વિલાસી જીવન જીવતા રાજાઓને એક જ સ્ત્રી સાથે પ્રસંગ પાડવાનો હોતો નથી...ભગવાન રામની જેમ. રામના પિતા દશરથને ત્રણ ત્રણ રાણીઓ સાથે વ્યવહાર સાચવવાનો હતો તેમાં 'ધૂર્તતા' તો નહીં પણ વ્યવહારદક્ષતા ય કામમાં આવી નહીં. ભરતને મામાને ઘરે રાખી રામનો રાજ્યાભિષેક કરવાની ! અને માંડ અઢારની વયે ત્રણ ત્રણ રાણીઓ સાથે પ્રસંગ પાડતાં આપણા રાજવી કવિ

'કલાપી'ની 'ટ્રેજેડી' સર્જાઇ ગઇ ! 'નારીજને ધૂર્તતા' આચરવાની એની પ્રકૃતિ જ નહોતી.

'અમરશતક'માં ધીટ-ધૃષ્ટ નાયક-જે 'ધૂર્તતા' પણ આચરે છે એ મતલબનો એક શ્લોક છે. બંને રાણીઓની સાથે રાજા વચ્ચે બેઠો છે. બંને પ્રત્યે એકીસાથે સરખો સ્નેહ દર્શાવવા તે રમત રમતમાં એકની આંખો દાબી દે છે ને એ દરમિયાન બીજીને ચુંબન કરી લે છે ! બંનેય ખુશ થાય છે પણ નાયકની 'ધૂર્તતા' સમજી શકતી નથી.

આમ તો રાજા ભર્તૃહરિ એનાં 'શતકો'માં સ્ત્રીની ભર્ત્સના કરતા અનેક શ્લોકો લખ્યા છે પણ યાં ચિન્તયામિ સતતં મયિ સા વિરક્તા વાળા શ્લોકમાં એણે નિજની, પ્રિયતમાની, અન્ય પ્રેમીની અને ખૂદ કામદેવની જે ભર્ત્સના કરી છે એમાં એની પરાકાષ્ટા વરતાય છે. એવો જ એક 'શૃંગારશતક'નો ૮૨મો શ્લોક છે, જેમાં એ કહે છે :

मधु तिष्ठति वाचि योषितां

हृदि हालाहलिमेव केवलम् ।

अत एव निपियतेऽधरो

हृदयं मुष्टिभिरेव ताडयते ॥

વાણીમાં મધ ને હૃદયે હાલાહલ વિષ ધારણ કરતી સ્ત્રીઓના અધરનું પાન થાય છે ને હૃદયે મુષ્ટિ પ્રહાર...માં પણ નારીજને ધૂર્તતાનો ભાવ ઘૂંટાઇને વ્યક્ત થાય છે. ભર્તૃહરિ તો મોળા લાગે-'પંચતંત્ર'ના 'મિત્રભેદ' નામે પ્રથમ તંત્રના ૧૯૪માં શ્લોક આગળ જેમાં કવિએ સ્ત્રીઓના સ્વાભાવિક દોષો ગણાવતાં કહ્યું છે: 'અનૃત, સાહસ, કપટ, મૂર્ખતા, અતિ લોભીપણું, અપવિત્રતા અને નિર્દયતા'-સ્ત્રીઓના સ્વાભાવિક દોષો છે.' એ જ તંત્રમાં, સ્ત્રીને યંત્રની ઉપમા આપી કવિ કહે છે : 'સંશયોનું ચક્ર, અવિનયોનું ભવન, સાહસોનું નગર, દોષોનું નિવાસસ્થાન, સેંકડો કપટોથી ભરેલું અવિશ્વાસોનું ક્ષેત્ર, મોટા નરપુંગવો વડે પણ મુશ્કેલીથી ગ્રહણ કરી શકાય એવું તથા સર્વ માયાઓના કરંડિયા રૂપ અમૃતથી મિશ્રિત થયેલું જાણે વિષ હોય એવું સ્ત્રીરૂપી યંત્ર, ધર્મનો નાશ કરવા માટે આ લોકમાં કોણે સર્જ્યું હશે ?' નારીજને ધૂર્તતા કહેવા પાછળ પરંપરાની આવી પાર્શ્વ-ભૂમિકા પણ હશે જ.

આંગ્લ સાહિત્યમાં એને 'દયાની દેવી' અને 'ચંચળતાની મૂર્તિ' પણ કહી છે તો આપણે ત્યાં પણ 'નારી તું નારાયણી' અને 'નારી નરકની ખાણ' ક્યાં નથી કહી ? મહાભારતે સ્ત્રીને ધર્મ, અર્થ અને કામનું મૂળ ગણી છે તો સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ અને સ્વામી રામતીર્થ જેવા સ્વામીઓએ એના અનેક ગુણોની પ્રશંસા કરી છે. 'તારું સ્વર્ગ તારી માતાના ચરણો નીચે છે' એમ કહેનાર હજરત મહંમદ પયગંબર સાહેબ અને 'ફ્રાન્સનો વૈભવ તેની માતાઓ પર રહેલો છે' એમ કહેનાર સમ્રાટ નેપોલિયન-આ બંનેના અભિપ્રાયમાં ઘણું બધું તથ્ય રહેલું છે. પણ મને શેક્સપિયરની આ ઉક્તિમાં વિશે, તથ્ય લાગે છે : 'સૌંદર્યથી સ્ત્રી અભિમાની બને છે, ઉત્તમ ગુણોથી તેની પ્રશંસા થાય છે અને લજ્જાવતી થઇ દેવી બને છે.' તો સત્ય, અતિનિંદા અને અતિપ્રશસ્તિની મધ્યમાં રહેલું છે. કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે એમના 'નારી' નામના લેખમાં કહ્યું છે : 'માણસોની સૃષ્ટિમાં નારી પુરાતન છે. નરસમાજમાં નારીને આદ્યશક્તિ કહી શકાય. એ તે શક્તિ જે જીવલોકમાં પ્રાણને વહન કરે છે, પ્રાણનું પોષણ કરે છે...પ્રાણ સાધનાની આદિમ વેદના પ્રકૃતિએ નારીના લોહીમાં, નારીના હૃદયમાં મૂકેલી છે. નારીની અંદર પોતાને અને બીજાને પ્રેમથી, સ્નેહથી અને સકરુણ ધૈર્યથી પકડી રાખવા માટે બંધનની જાળ ગૂંથ્યા કરે છે તે જ આ વૃત્તિ છે...સંસારનું આ મૂળ બંધન ન હોત તો માણસ આકાર પ્રકાર વગરની વરાળની પેઠે વિખરાઇ જાત; સંહત થઇને ક્યાંય મિલનકેન્દ્ર સ્થાપી શકત નહિ. સમાજ બાંધવાનું આ પહેલું કામ સ્ત્રીઓનું છે...ઘણીવાર અચાનક નારીના જીવનમાં આવેગનો જે ઊભરો જોવામાં આવે છે તે તર્કથી પર છે-તે પ્રયોજન પ્રમાણે વિધિપૂર્વક ખોદેલા જળાશય જેવો નથી, તે ઝરણા જેવો છે જેનું કારણ તેના અહૈતુક રહસ્યમાં રહેલું છે...પ્રબળ આવેગનો સંઘર્ષ ઊભો થતાં પોતાના સંસાર ક્ષેત્રમાં કોઇ કોઇવાર તે ઉલ્કાપાત પણ મચાવતી રહી છે. એ પ્રલયનો આવેગ વિશ્વ પ્રકૃતિની પ્રણયલીલા જેવો, વાવાઝોડા જેવો, દાવાનળ જેવો આકસ્મિક અને આત્મઘાતી હોય છે.'...માધુર્યનું ઐશ્વર્ય તેમને સહજ રીતે પ્રાપ્ત થયું હોય છે...સ્ત્રીઓના હૃદયમાધુર્યને અને સેવા-નૈપુણ્યને પુરુષોએ લાંબા સમયથી પોતાના વ્યક્તિગત અધિકારમાં સખત પહેરાની વાડ ઊભી કરીને રાખેલાં છે. સ્ત્રીઓના પોતાના સ્વભાવમાં જ બંધન સ્વીકારી લેવાનું વલણ રહેલું છે, એટલે આ વસ્તુ સર્વત્ર આટલી સહેલી થઇ પડી છે. તેની બુદ્ધિ, તેના સંસ્કાર, તેનું આચરણ બહુ યુગોથી ચોક્કસ સીમામાં બંધાયેલાં રહેલાં છે.'

'નારીજને ધૂર્તતા'ની શરૂઆત આપણે ક્યાંથી કરીશું ? માતાથી? પત્નીથી ? પુત્રીથી ? ભગિનીથી કે કુટુંબ, સમાજ ને વિશ્વ-નારી સમાજથી ? પરીઘનો વિચાર કરતાં પહેલાં કેન્દ્રનો વિચાર કરવો વિશેષ જરૂરી છે. કુટુંબ અને સમાજના કેન્દ્રસ્થાને નારી છે એટલું સત્ય સમજીએ તો ધર્મ, સાહિત્ય, જનસ્વભાવ અને લોકપરંપરાએ આપેલાં કેટલાંક અર્ધસત્યો આપોઆપ વિલીન થઇ જાય.

❖❖❖


**પ્રબુદ્ધ જીવન**

(રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ રુલ્સ ૧૯૫૬ અન્વયે)

(ફોર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિનું સ્થળ : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૨. | પ્રસિદ્ધિનો ક્રમ : | દર મહિનાની ૧૬મી તારીખે |
| ૩. | મુદ્રકનું નામ : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| | ક્યા દેશના : | ભારતીય |
| | સરનામુ : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૪. | પ્રકાશકનું નામ : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| | ક્યા દેશના : | ભારતીય |
| | સરનામુ : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૪. | તંત્રીનું નામ : | ડૉ. રમણલાલ ચી. શાહ |
| | ક્યા દેશના : | ભારતીય |
| | સરનામુ : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૫. | માલિકનું નામ અને સરનામુ : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૩-૨૦૦૦ રમણલાલ ચી. શાહ

# સ્વરૂપ-વિજ્ઞાન અથવા જૈન પદાર્થ-વિજ્ઞાન

☐ સ્વ. પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

## (ગતાંકથી ચાલુ)

પુદ્દગલદ્રવ્યના વર્ણ, રસ, ગંધ, સ્પર્શનો આધાર આત્મા નથી, પરંતુ પુદ્દગલદ્રવ્ય જ છે. જાતિભેદ છે - દ્રવ્યભેદ છે. આમ પુદ્દગલદ્રવ્યના વર્ણ, ગંધ, રસ, સ્પર્શની અસર સંસારીજીવને થાય છે, પરંતુ સિદ્ધોને નથી થતી, કારણ કે તે ગુણોનો અભેદ આધાર નથી, ઉપરાંત સિદ્ધ પરમાત્મા વીતરાગ છે. એવી જ રીતે જ્ઞાનાદિ ગુણો એકક્ષેત્રી હોવા છતાં તેનો અભેદ આધાર પુદ્દગલદ્રવ્ય નથી પરંતુ આત્મા છે. પુદ્દગલદ્રવ્ય જ્ઞાનાદિ ગુણનો અભેદ આધાર નહીં હોવાથી જ્ઞાનાદિની અસર પુદ્દગલદ્રવ્યને થતી નથી. જ્ઞાનાદિ ગુણનો અભેદ આધાર આત્મા છે.

પરદ્રવ્ય વડે જીવ ક્રિયા કરે તે જીવની અપૂર્ણતા છે. પરદ્રવ્યો જીવમાં - જીવના જ્ઞાનમાં જ્ઞેયરૂપે પ્રતિબિંબિત થાય એ જીવનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. એવી અવસ્થામાં - કેવળજ્ઞાનાવસ્થામાં - જ્ઞાનદશામાં જીવ પરદ્રવ્યમાં પરદ્રવ્ય વડે સક્રિય નથી બનતો, કર્તા-ભોક્તા નથી બનતો. એ નિમિત્તો તો સંસારીજીવોને જ અસર કરે છે કેમકે, અજ્ઞાને કરીને મોહવશ કેવળ જ્ઞાતા-દ્રષ્ટા બની નહીં રહેતાં કર્તા-ભોક્તા બનવાની અજ્ઞાની, મિથ્યા મોહચેષ્ટા કરે છે.

મોહને રહેવા માટેનું સ્થાન જ જ્ઞાન છે. જીવ સિવાય બીજાં કોઈ દ્રવ્ય મોહ નથી કરતાં, કારણ કે તે દ્રવ્યોમાં જ્ઞાન નથી. જ્ઞાનમાં વિકાર મોહથી જ આવે છે. જ્ઞાનમાં શક્તિ તથા રસ ઉભય હોય છે. સુખમાત્ર રસરૂપ છે પણ શક્તિરૂપ નથી. જ્ઞાન રસરૂપ બને તો સુખનો રસ મળે. જ્યારે જ્ઞાન માત્ર શક્તિરૂપ બને તો અહમ્ આવે અને સુખરસ વેદન નહીં મળે. જ્યારે જ્ઞાનમાં ભેદ પડે ત્યારે તે પારમાર્થિક નથી રહેતું.

આત્મા સિવાય ચારે અસ્તિકાયનું પોતાનાં પ્રદેશોથી, દ્રવ્યથી અને ગુણપર્યાયથી સત્તારૂપ અસ્તિત્વ હોવા છતાં તેના ઉપર આત્માની જ્ઞાતસત્તા છે. વળી આત્મા વડે જ સર્વ દ્રવ્યોની ખ્યાતિ છે. આત્માના જ્ઞાનપ્રકાશથી જ તે સર્વ દ્રવ્યો પ્રકાશમાં આવે છે. એટલે કે એ ચારેય અસ્તિકાયો ખ્યાતિને પામે છે. જેને ખ્યાતિ આત્મા આપે તેનો આત્માએ મોહ શું કરવો?

મોહ અધિષ્ઠાન બને છે એટલે જ મોહ નથી હણાતો. આત્મા અધિષ્ઠાન છે એમ સમજાશે તો મોહનો નાશ થશે. અધિષ્ઠાન અર્થાત્ આધારનું અનુસંધાન થશે તો અધ્યસ્થ અર્થાત્ આધેય જીતાશે. તામસ, રાજસ ભાવ ટાળીશું તો સાત્ત્વિક ભાવની કિંમત સમજાશે.

ઉપયોગ આત્મામાં રહે છે માટે પર એવા કોઈ પદાર્થમાં ઉપયોગ નહીં રાખતાં આપણા પોતાના ઉપયોગમાં (આત્મામાં) જ પોતાનો ઉપયોગ રાખવો એ શ્રેષ્ઠ સાધના છે - એ શ્રેષ્ઠ-પરનો ત્યાગ છે. સ્વ સ્વરૂપને ભૂલીને પરપદાર્થ સાથે સતત્ સિચ્ચદાનંદરૂપે અભેદ થઈ જવું તે વિભાવદશા છે. વિભાવદશા આવવાથી આત્મા ચેતન મટીને જડ નથી થતો, એનું જાત્યાંતર નથી થતું પરંતુ વિકારી બને છે, અશુદ્ધ થાય છે અને દુઃખી થાય છે.

એવી રીતે પુદ્દગલમાં કદી પણ જ્ઞાન-દર્શનાદિ આત્મિક ગુણો આવતા નથી માટે પુદ્દગલમાં કદી પણ પરભાવ હોતો નથી. તો હવે પુદ્દગલદ્રવ્ય જીવદ્રવ્યથી કેવી રીતે અલગ છે તે સમજીએ.

**પુદ્દગલ દ્રવ્યના ભેદો :** સ્વભાવરૂપ પુદ્દગલને સચિત - અચિત, સૂક્ષ્મ-બાદર, રૂપી અને જડ એવા ભેદથી જાણીએ છીએ.

**લક્ષણ :** વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ, પ્રભા, અંધકાર, ઉદ્યોત - છાયા, રૂપ-રૂપાંતર, પરિવર્તનતા, અનિત્યતા, ક્ષેત્રાંતર ગમન, પરિભ્રમણ, પૂરણ અને ગલન, હાનિ - વૃદ્ધિ, ઉત્પાદ - વ્યય, સર્જન-વિસર્જન, સંકોચ - વિસ્તાર, સંયોગ - વિયોગ ઈત્યાદિ પુદ્દગલનાં લક્ષણો છે.

**ફરસ - વરન - રસ - ગંધ - મય, નરદ - પાસ - સંઠાન,**
**અનુરૂપી પુદ્દગલ દરબ, નભ-પ્રદેશ-પરવાન**

પરિવર્તન એ અનિત્યતા છે, વિનાશીપણું છે. ઉત્પાદ-વ્યય એ સ્વનું સ્વમાં જ પર્યાયાન્તર છે. સંયોગ-વિયોગ છે એ ક્રમિકતા છે. પરિભ્રમણ એ અસ્થિરતા છે. પુદ્દગલદ્રવ્ય ચૌદ રાજલોકમાં પરિભ્રમણ કરે છે. આ બધાંય પુદ્દગલદ્રવ્યના અનેક સ્વભાવો છે. સંસારી જીવો પુદ્દગલ દ્રવ્યના સંગે આવા બધા સ્વભાવોને પામે છે.

પુદ્દગલદ્રવ્ય જીવના સંગે ચાહે સચિત બન્યું હોય અગર જીવરહિત સ્વતંત્ર પુદ્દગલ સ્કંધ અચિત હોય ઉભયમાં પુદ્દગલદ્રવ્યના પોતાના સ્વભાવો સરખા છે.

**જીવના ભેદ :** જેમ પુદ્દગલના સચિત અને અચિત એમ બે ભેદ છે તેમ પુદ્દગલસહિત કર્મયુક્ત જીવ તે સંસારીજીવ અને પુદ્દગલરહિત કર્મમુક્ત એવા સિદ્ધ પરમાત્માના જીવ. આમ જીવના મુખ્ય બે ભેદ છે. એક આવરણયુક્ત છે અને બીજું નિરાવરણ અર્થાત્ આવરણમુક્ત છે.

**પરમાર્થ અભેદતા :** જે કદી ઘૂસે નહીં અને જે કદી નીકળે નહીં, જે કદી આવે નહીં અને જે કદી જાય નહીં, જે આવી મળે નહીં અને જે કદી ટળી જાય નહીં એવા જે આવવા-જવાના, મળવા - ટળવાના સ્વભાવવાળા નહીં હોય તેવા જ્ઞાનાદિ આત્માના અનંત ગુણો છે. એ આવતા કે જતા નથી પણ હા એની ઉપર આવરણ (પડળ) ચઢતાં હોય છે. પુદ્દગલદ્રવ્ય આકાશમાં અવગાહના લે છે પણ પુદ્દગલદ્રવ્યના ગુણ પુદ્દગલદ્રવ્યમાં હોય પણ આકાશમાં નહીં હોય.

(૧) જીવનું સંસારીપણું સાદિ-સાન્તપૂર્વકનું ભવિજીવ વિષે અનાદિ-સાન્ત છે જ્યારે અભવિ વિષે સાદિ-સાન્તપૂર્વક અનાદિ - અનંત છે.

(૨) પુદ્દગલદ્રવ્ય સાદિ - સાન્તપૂર્વક અનાદિ અનંત છે અર્થાત્ વિનાશી છે.

(૩) ધર્મ-અધર્મ - આકાશાસ્તિકાયના પર્યાયો અનાદિ - અનંત, નિત્ય, અવિનાશી છે.

(૪) જીવનું કેવળજ્ઞાન એ કાંઈ સંયોગ શરૂઆત નથી પરંતુ જે સાવરણ છે તેની નિરાવરણ થવાની શરૂઆત છે. નિરાવરણતા સાદિ - અનંત હોય છે. એ તો પ્રાપ્તની પ્રાપ્તિ છે. સત્તાગત જે સાવરણ હતું તેને આવરણ હઠાવી પ્રગટીકરણ કરવાની ક્રિયા છે.

(૫) મનુષ્યપણું આદિ જીવનું કે સ્વરૂપ છે તે પુદ્દગલ નૈમિત્તિક, સાંયોગિક સાદિ-સાન્ત સ્વરૂપ છે.

(૬) કેવળજ્ઞાન એ સ્વરૂપે સત્તાસ્વરૂપ જીવમાત્રમાં રહેલ છે. અર્થાત્ કેવળજ્ઞાન સત્તાસ્વરૂપ છે જ્યારે કર્મની સત્તા સાંયોગિક છે અર્થાત્ કર્મ સાંયોગિક સત્તાસ્વરૂપ છે. કર્મ સાદિ-સાન્ત સાંયોગિક છે. કેવળજ્ઞાન જ્યારે નિરાવરણ થાય છે ત્યારે ઘાતીકર્મનો સર્વથા વિયોગ થાય છે. પરિણામે કેવળજ્ઞાન વેદાય છે - અનુભૂત થાય છે. કેવળજ્ઞાનના પ્રગટીકરણે ઘાતીકર્મનો સર્વથા ક્ષય થયો હોવાથી તે ક્ષાયિકભાવ છે. સંયોગસત્તા એ આવરણ છે, પડળ છે જેને સર્વથી હઠાવી સ્વ શુદ્ધિ સ્વરૂપનું, ક્ષાયિક સ્વરૂપનું પ્રગટીકરણ કરવાનું હોય છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અનાદિ-અનંત,

આધાર - આધેય ભાવથી જેમ અભેદ છે તેમ નિર્વિકારીપણાથી પણ અભેદ છે.

દ્રવ્યથી દ્રવ્યનો આધાર આધેય ભાવ જુદો છે. જ્યારે દ્રવ્યના સ્વગુણપર્યાયનો આધાર આધેય ભાવ તદ્દરૂપ છે. દાખલા તરીકે તપેલીમાં દૂધ છે તો તપેલી એ આધાર છે અને દૂધ એ આધેય છે. પરંતુ તપેલી એ દૂધ નથી અને તપેલીમાં રહેલ દૂધ એ તપેલી નથી. આ એક દ્રવ્યથી બીજા દ્રવ્યનો આધાર આધેય ભાવ થયો, જે તદ્દરૂપ પ્રકારનો આધાર આધેય ભાવ નથી.

આત્મામાં અનાદિ - અનંત અભેદતા આધાર આધેય ભાવથી છે. પરંતુ વિકારીપણાને કારણે સંસારીજીવના અનુભવમાં એ સ્વરૂપ આવતું નથી. જ્યારે સ્વરૂપ નિરાવરણ થાય છે ત્યારે નિર્વિકારીપણાથી જીવ દ્રવ્ય ગુણ પર્યાયથી અભેદ થાય છે.

ભેદ વ્યાવહારિક હોય છે જ્યારે અભેદ પારમાર્થિક હોય છે. એક ક્ષેત્રે અવગાહના એટલે એક ક્ષેત્રે પરિણમન. પાંચેય અસ્તિકાયને સ્પર્શ, બદ્ધ અને તદ્દરૂપ પરિણમનથી સમજી લેવાં જોઈએ.

**અભેદના પ્રકાર :** એના ત્રણ પ્રકાર નીચે પ્રમાણે છે.

(૧) સ્પર્શ અભેદ સંયોગી (૨) બદ્ધ સંબંધ અભેદ સંયોગી અને (૩) તદ્દરૂપ સંબંધ પારમાર્થિક અભેદ.

તેજસ - કાર્મણ શરીર અને ઔદારિક શરીર તથા આત્મપ્રદેશો આ બધાં આકૃતિથી દશ્યરૂપે એકસરખાં દેખાય છે તેમ જ એક જ ક્ષેત્રે અવગાહના લઈને રહેલાં હોય છે. એથી તેઓ એકક્ષેત્રી કહેવાય છે પણ તે બદ્ધ સંબંધ પરિણમનની એકક્ષેત્રિયતા હોય છે જે સંબંધ નિર્દોષ નથી પરંતુ સદોષ સંબંધ છે. જો નિર્દોષ સંબંધથી એકક્ષેત્રી અવગાહના હોય તો તે સ્પર્શ પરિણમન છે જેમાં અરસપરસ એક દ્રવ્યની બીજા દ્રવ્યના ગુણપર્યાયને કશીય અસર લેશમાત્ર પણ પહોંચતી નથી. ઉદાહરણ તરીકે સિદ્ધશિલા ઉપર સ્પર્શપરિણમનથી રહેલ પાંચે અસ્તિકાયો.

જ્યારે એકક્ષેત્રિય અવગાહના હોય છે ત્યારે જો બંને એકક્ષેત્રિય અવગાહિત દ્રવ્યોમાં એક પણ દ્રવ્યના ગુણપર્યાયને બાધા - ક્ષતિ - હાનિ પહોંચતી હોય તો તેને બદ્ધ પરિણમન કહેવાય. દાખલા તરીકે આત્મા અને શરીર, દૂધ અને સાકર, ક્ષીર અને નીર. જ્યાં જ્યાં દૂધ ત્યાં ત્યાં પાણી અને જ્યાં જ્યાં પાણી ત્યાં ત્યાં દૂધ એનું નામ એકક્ષેત્રી અવગાહના.

આત્માના ગુણ પર્યાયમાં ક્ષતિ પહોંચાડવાની નિમિત્તતા પુદ્ગલદ્રવ્યમાં છે. બદ્ધ પરિણમનમાં બે દ્રવ્યોનો સંબંધ છે. પરંતુ તે દ્રવ્યોના ગુણપર્યાયનો સંબંધ નથી. છતાં સંબંધ બંધાય છે ગુણપર્યાયના કારણે અને બંને દ્રવ્યો કે બંનેમાંથી એક દ્રવ્યના ગુણપર્યાયમાં પરિવર્તન - ફેરફાર - બદલાવ આવે છે તે બદ્ધ પરિણમન છે.

આત્મા જ્યારે એના પરમાત્મા સ્વરૂપે, સિદ્ધ સ્વરૂપે, બ્રહ્મસ્વરૂપે, શુદ્ધ સ્વરૂપે હોય છે ત્યારે તે આત્મામાં આત્માના સર્વ ગુણપર્યાયો સમકાળ - યુગપદ્ વિદ્યમાન પ્રગટ હોય છે. સમ સમુચ્ચયથી સર્વગુણ પર્યાય તે દશામાં અભેદ હોય છે.

જ્યારે પુદ્ગલદ્રવ્યમાં ગુણપર્યાયના અનંત આકારો હોય છે જે સમકાળે કદીય પ્રગટ વિદ્યમાન થતાં નથી પરંતુ ક્રમે ક્રમે, એક પછી એક by and by પ્રગટ થાય છે. માટે તેને ક્રમ સમુચ્ચય કહે છે. પુદ્ગલદ્રવ્યના પર્યાય ઉત્પાદ-વ્યયરૂપી વિનાશી છે અને ભેદરૂપ છે.

આત્મા અને પુદ્ગલ સિવાય બીજું કોઈ દ્રવ્ય એકમેકથી આવરાતું નથી. અરૂપી, દ્રવ્ય, બીજાં અરૂપી દ્રવ્યને આવરણ કરે નહીં જેમ કે એક પારદર્શક દીવાલની આગળ બીજી પારદર્શક દીવાલ હોય તો પારદર્શિતા એવી ને એવી જ રહે છે. અરૂપી એવા આત્માને જડ અને રૂપી એવું પુદ્ગલ આવરણ કરે છે કારણ કે મૂળમાં અરૂપી એવો આત્મા અનાદિ-કાળથી પુદ્ગલસંગે રૂપી છે. જ્યારે પુદ્ગલને જીવદ્રવ્ય આવરી શકતું નથી. કારણ કે મૂળમાં જીવ અરૂપી છે. પોત (જાત) અરૂપીની છે પણ ભાત રૂપીની છે એવી સંસારીજીવની દશા છે. વળી અવળી ચાલ અજ્ઞાન, મૂઢતા, મોહ, મિથ્યા ભાવ જીવના છે પણ પુદ્ગલના નથી. જીવ વિભાવ દશામાં છે. પુદ્ગલદ્રવ્ય તો એના પોતાના સ્વભાવમાં નિયમ મુજબ વર્તી રહ્યું છે, પરિણમી રહ્યું છે.

એક દ્રવ્યના ગુણનો પર્યાય બદ્ધ સંબંધથી બીજા દ્રવ્યનો પરપર્યાય બની શકે છે. પરંતુ બીજા (પર) દ્રવ્યનો પર્યાય પોતાનો ગુણ બની શકે નહીં. ઉદાહરણ તરીકે એક વ્યક્તિ કાળી છે. વર્ણ (રંગ) એ પુદ્ગલદ્રવ્યનો ગુણ છે અને કાળો એ વર્ણનો પર્યાય છે. એ પર પર્યાયનો આરોપ જીવમાં કરીને એને જીવનો પર્યાય બનાવેલ છે પણ તેથી જીવનો કાળો રંગ એ કાંઈ ગુણ બની જતો નથી. એ કાળો રંગ તો જીવદ્રવ્યે, પુદ્ગલદ્રવ્ય સાથેના બદ્ધ પરિણમનથી ધારણ કરેલ દેહ (શરીર)નો છે કે જે દેહ પુદ્ગલદ્રવ્યનો બનેલ છે અને જીવદ્રવ્ય - આત્માને ચોંટેલ છે.

પાંચ ઈન્દ્રિયોની સામે, પુદ્ગલના પાંચ ગુણો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ છે. પુદ્ગલદ્રવ્યને ઈન્દ્રિયો નથી. પરંતુ પુદ્ગલના પાંચ ગુણધર્મોને લઈને સંસારીજીવ માટે પુદ્ગલ સાથેના બદ્ધ પરિણમનથી પુદ્ગલની જ બનેલી ઈન્દ્રિયો સંસારીજીવને મળેલ છે કે જેના વડે કરીને સંસારીજીવ ચક્ષુરિન્દ્રિય (આંખ)થી વર્ણ, ઘ્રાણેન્દ્રિય (નાક)થી ગંધ, રસેન્દ્રિય (જીભ)થી રસ, સ્પર્શેન્દ્રિય (ત્વચા)થી સ્પર્શ અને કર્ણેન્દ્રિય (કાન)થી શબ્દનો ભોગ ભોગવી શકે.

પુદ્ગલદ્રવ્યને પોતા માટે તો જીવદ્રવ્ય - આત્માના શુદ્ધભાવો કે અશુદ્ધભાવો એ સર્વભાવો સર્વકાળે ભેદરૂપ જ છે કારણ કે તે સર્વ વિભાવ કે સ્વભાવ કોઈ કાળે પુદ્ગલદ્રવ્યના આધારે તો નીકળવાના જ નથી. જે કાંઈ પુદ્ગલ દ્રવ્યમાંથી ઉદ્ભવે (ઉત્પાદ પામે) અને પાછું પુદ્ગલદ્રવ્યમાં જ લય પામી જાય (વિલીન થઈ જાય) તે પર્યાયને જ પુદ્ગલદ્રવ્યનો અભેદ પર્યાય કહેવાય. કારણ કે, જેમાંથી ઉત્પન્ન થાય છે તેમાં જ તે સમાઈ જાય છે. છતાંય સંસારીજીવ ભોક્તા છે તે ભોક્તાની અપેક્ષાએ વર્તમાનકાળના પુદ્ગલપર્યાયો સંસારી ભોક્તાજીવને ભોગવવાના ઉપયોગમાં આવે છે તેથી તે અપેક્ષાએ અભેદ ગણાવી શકાય છે.

છતાં નષ્ટ (ભૂત) અને અનુત્પન્ન (ભાવિ) પર્યાયો જે વર્તમાનકાળમાં ભોગવવાના ઉપયોગમાં આવતા નથી તે ભોક્તાભાવની અપેક્ષાએ ભેદરૂપ છે.

આત્મા જે કાંઈ ઈચ્છે છે તે અભેદ અને નિત્ય જ ઈચ્છે છે. જ્યારે આત્મા જે માગે છે તે અભેદતા અને નિત્યતા પુદ્ગલદ્રવ્યમાં તો છે જ નહીં. તો પછી જે જ્યાં છે જ નહીં એવા પુદ્ગલદ્રવ્યમાંથી આત્માને નિત્યતા અને અભેદતા મળશે કેમ કરીને? અભેદતા અને નિત્યતા તો જીવદ્રવ્યમાં પોતામાં જ છે. માટે જ જ્ઞાનીઓએ ઘૂંટી ઘૂંટીને કહ્યું છે કે... "પરના દ્રષ્ટા બનવું જોઈએ અને સ્વના ભોક્તા બનવું જોઈએ" - "સ્વમાં વસ અને પરથી ખસ"

॥ આત્માવશ સર્વ સુખ પરવશ સર્વ દુઃખ ॥ એ ક્યારે બને?

કર્તાભાવો, વિરુદ્ધ અશુદ્ધ ભાવો, વિભાવો, પરભાવો, મોહભાવો કાઢીએ, વિચાર, વિકલ્પથી પર થઈએ, નિર્મોહી, નિરિહી, નિર્વિકલ્પ, નિર્વિચાર, નિષ્કષાય બનીએ, શુદ્ધ ભાવમાં પરિણમીએ ત્યારે આ બને!

મનુષ્ય યોનિમાં દયા, દાન, સેવા, પરોપકાર, ક્ષમા, પ્રેમ, કરુણા, વાત્સલ્યાદિ સાત્ત્વિક ગુણોના સેવનથી હૃદય કૂણું-કોમળ-મુલાયમ બને છે અને ત્યાગી, વૈરાગી થવાય છે. ભૂતકાળમાં કંઈ ને કંઈ તામસ, રાજસ ભાવ કાઢીને સાત્ત્વિક ભાવો કર્યા હોય તેની નિશાનીરૂપે જ ત્યાગી, વૈરાગી બનાતું થાય છે. કોઈ પરભવના પુણ્યોદયે કરીને દોષો

ટળે છે અને ગુણો પ્રાપ્ત થાય છે. છતાં એ પુણ્યતત્ત્વ પણ પુદ્ગલ છે. કારણ કે, પુણ્ય એ પણ છે તો કર્મ જ. ગમે એવું શ્રેષ્ઠ પુણ્ય હોય પણ જાત કઈ? કર્મની જ. રૂપીની, વિનાશીની, અસત્‌ની, અનિત્યની! તેથી જ પુણ્યોદય વખતે દોષો ટાળવા જોઈએ અને ગુણો કેળવવા જોઈએ. આગળ ઉપર દયા, દાન, સેવાદિ ગુણો પણ ટાળીને સ્વરૂપગુણો પ્રગટ કરી સંસ્કારગુણો ટાળીને નિર્ગુણી, ગુણાતીત (સંસ્કારગુણ - સાત્ત્વિકગુણોની પેલે પાર સ્વરૂપગુણોના સ્વામી) થવાનું છે. સાત્ત્વિક ગુણો વડે તામસ અને રાજસ ગુણો હટાવી અંતે સાત્ત્વિકગુણોથી પણ પર થવાનું છે.

ગુણાતીત કે નિર્ગુણી થવું એટલે કે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવું - કેવળજ્ઞાન પ્રગટ કરવું. કેવળજ્ઞાન પૂર્ણ હોવા છતાં સમગ્ર ચૈતન્યનો અંશ છે એટલે કે આત્માનો દ્રવ્યાંશ છે.

દ્રવ્યના મુખ્ય બે વિભાગો છે. (૧) પ્રદેશ વિભાગ અને (૨) ગુણ પર્યાય વિભાગ. આમાં જે દ્રવ્ય સ્કંધરૂપ છે તે સમગ્ર પ્રદેશના સમૂહરૂપ દ્રવ્યને સ્કંધાકારે પૂર્ણ અને અખંડ ગ્રહણ કરવું જોઈએ. વાસ્તવિક રીતે દ્રવ્ય એક એક પ્રદેશના સમૂહનું બનેલ હોય છે. માટે એક એક પ્રદેશને દ્રવ્ય કહેવાનો વ્યવહાર રાખીએ તો સર્વ પ્રદેશો દ્રવ્ય બને. જેથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય વિગેરે દ્રવ્યો જે સ્કંધરૂપે એક દ્રવ્ય છે તે વ્યવસ્થા તૂટી જાય. સાગર જલબિંદુનો સમૂહ છે પરંતુ વ્યવહારમાં એકેક જલબિંદુને જલબિંદુ જ કહીએ છીએ પણ સાગર નથી કહેતા એવો વ્યવહાર કરવા જતાં અરૂપી દ્રવ્યમાં જેટલા પ્રદેશ એટલા દ્રવ્યો થઈ જાય. બીજી રીતે દ્રવ્યના સ્વગુણ પર્યાયનો સમૂહ તે એક દ્રવ્ય છે. એક એક ગુણને તથા એક એક પ્રદેશને તે અખંડ દ્રવ્યના અંશ અર્થાત્ દ્રવ્યાંશ કહેવાય છે.

પુદ્ગલદ્રવ્ય વિષે ચાર ભેદ છે. સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ. એમાંય સ્કંધ, દેશ અને પ્રદેશ એ સાપેક્ષ દ્રવ્ય છે, જ્યારે પ્રદેશ તો વળી કલ્પિત સાપેક્ષ દ્રવ્ય છે. નિશ્ચયથી એક પુદ્ગલ પરમાણુ જ પુદ્ગલમાં મૂળ દ્રવ્યરૂપે છે. પુદ્ગલદ્રવ્યનો સ્કંધ એ પુદ્ગલદ્રવ્યનું પારમાર્થિક દ્રવ્યપણું નથી. પરંતુ વ્યાવહારિક સાપેક્ષપણું છે. સ્કંધની અનિત્યતા છે અને પુદ્ગલપરમાણુની નિત્યતા છે. માટે જ કહ્યું છે કે, જો મુમુક્ષુ સાધક ચાહે તો એક પુદ્ગલ પરમાણુનું ધ્યાન ધરીને કેવળજ્ઞાન પામી શકે છે.

આત્માના જ્ઞાનગુણાદિ પર્યાયો આત્મપ્રદેશે રહેલ છે અને નહીં કે આકાશાસ્તિકાયના આકાશપ્રદેશે કે જે આકાશપ્રદેશની અવગાહના લઈને આત્મપ્રદેશ રહેલ છે. એ તો એના જેવું છે કે બરણીમાં સાકર છે અને સાકરમાં મીઠાશ છે. સાકરની મીઠાશ સાકરમાં રહેલી છે પણ બરણીમાં નથી રહેલ. એમ જ્ઞાનગુણ આકાશાસ્તિકાયના અવગહિત આકાશપ્રદેશે નથી રહેલ પરંતુ આકાશપ્રદેશની અવગાહના લઈને રહેલ આત્માપ્રદેશમાં રહેલ છે.

પ્રદેશપિંડ - અસ્તિકાય (આત્માપ્રદેશ) જે અનાદિ - અનંત, અનુત્પન્ન, અવિનાશી સ્વંયભૂ છે તે જીવને દ્રવ્યથી નિત્ય પ્રાપ્ત છે પરંતુ એની જે અવસ્થા - હાલત - પર્યાય અનિત્ય છે તેને સાધકજીવે સાધના દ્વારા નિત્ય બનાવવાની છે.

**જીવની અનિત્યતા વિષયક વિચારણા :** કાર્મણ વર્ગણા (પુદ્ગલ) આત્મપ્રદેશે ચોંટે પછી તેને કર્મ કહેવાય. આમ કર્મ એટલે જીવ અને પુદ્ગલનું મિશ્રણ અથવા કર્મ એટલે જીવ ઉપરનું પુદ્ગલ નૈમિત્તિક આવરણ કે પછી જીવે કરેલ શુભાશુભ યા શુદ્ધાશુદ્ધ ભાવની પુદ્ગલ દ્વારા જીવના આત્મપ્રદેશે મારવામાં આવેલી છાપ. પુદ્ગલ સંગે - કર્મસંયોગે જીવ આવરાય છે ત્યારે જીવનો સ્વભાવ દબાય છે કે, છુપાય છે અને વિભાવ સ્વરૂપ પ્રગટ થાય છે. કર્મનાં સત્તા, બંધ, ઉદય ને ઉદીરણા આત્મા ઉપર આવરણરૂપ છે. આ ચારેય આવરણોથી આત્માના શુદ્ધ પર્યાય આવરાય છે. સત્તા વિના ઉદય નહીં હોય. જીવના મૂળ સત્તાગત, સ્વભાવગત ગુણોને પ્રગટ થવા નહીં દે તેનું નામ આવરણ. ઘાતિકર્મોના આવરણ સર્વથા હઠે તો કેવળજ્ઞાન પ્રગટ થાય અને જ્ઞાનાનંદ, બ્રહ્માનંદ, સ્વરૂપાનંદ અનુભવાય. અઘાતિકર્મોના આવરણ સર્વથા હઠે તો જીવ-આત્મપ્રદેશો અશરીરી, અદેહી, અમૂર્ત, અરૂપી સિદ્ધ થઈ શકે.

પ્રથમ વીતરાગ થઈ મોહનાશ - મોહક્ષય કરી મોહમુક્ત થવાનું છે જેના પાયામાં મૂળમાં સર્વપ્રથમ અસત્ વિપરીત દૃષ્ટિ જેને મિથ્યાદૃષ્ટિ કહે છે તેનાથી મુક્ત થઈ સમ્યગ્દૃષ્ટિ - સમકિતી બનવાનું છે. ત્યાર બાદ કેવળજ્ઞાન પ્રગટીકરણની સાથે સહજ જ ઉપયોગ (સંકલ્પ-વિકલ્પ)થી મુક્ત થવાય છે અને આયુષ્યના અંતે શૈલેશીકરણ કરી સિદ્ધસ્વરૂપી થયેલી પ્રદેશમુક્તિ મળે છે અર્થાત્ દેહમુક્ત એવી અશરીરી, અમૂર્ત, અરૂપી અવસ્થાની પ્રાપ્તિ થાય છે. આ આખી સાધનાપ્રક્રિયા ચૌદ ગુણસ્થાનકમાં અનુક્રમે ચોથું ગુણસ્થાનક, બારમું ગુણસ્થાનક, તેરમું ગુણસ્થાનક, ચૌદમું ગુણસ્થાનક અને અંતે ગુણાતીત સિદ્ધાવસ્થા છે.

**ઉપાદાન ને નિમિત્ત કારણ :** આત્મા - જીવ જેમાં સત્તાગત કેવળજ્ઞાન પરમાત્મ તત્ત્વ રહેલ છે તે જીવ સ્વયં ઉપાદાનકારણ છે. મોક્ષની, મુક્તિની પ્રાપ્તિની, સિદ્ધસ્વરૂપ બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિની, પરમપદ, પરમાત્મપદ, સિદ્ધપદ પ્રાપ્તિની ઈચ્છા એ મૂળકારણ છે. ચોથા ગુણસ્થાનકથી લઈને તે છેક દશમા ગુણસ્થાનક સુધીના સાધનાશ્રેણીનાં નક્કી - પગથિયાં તેને ગુણસ્થાનકેની મુમુક્ષુ સાધકની સાધકાવસ્થા - સાધકદશાના અસાધારણ પરંપર કારણ છે. દશમા ગુણસ્થાનકથી લઈ બારમા ગુણસ્થાનકની ક્ષપકશ્રેણીની સાધના પ્રક્રિયા એ અનંતરકારણ છે કે જેના અંતે ઈચ્છિત એવું કેવળજ્ઞાન પ્રગટ થાય છે - અનુભૂત થાય છે. પરંપર કારણ ચોથા ગુણસ્થાનકથી લઈ અગિયારમા ગુણસ્થાનક સુધીના અનેક હોય શકે છે. આ મુક્તિ પ્રાપ્તિને આવશ્યક એવાં જે અપેક્ષિત કારણો છે તે પંચેન્દ્રિયયુક્ત મનુષ્યપણું, કર્મભૂમિ, આર્યક્ષેત્ર, વજ્રઋષભ નારાચ સંઘયણ, સુષમ દુઃષમ કે દુઃખમ સુષમ કાળ, આઠ વર્ષથી અધિક આયુ, બે હાથથી અધિક અને પાંચસો ધનુષ્ય સુધીનો દેહપ્રમાણ, ઈત્યાદિ અપેક્ષા કારણો કહેવાય છે. આ અપેક્ષા કારણો એક વાર મળ્યાં બાદ એ ભવ પૂરતાં ભવાંત સુધી જીવની સાથે જ રહે છે. જ્યારે દેવ, ગુરુ, તથા ધર્મનાં ઉપકરણો, ધર્મગ્રંથો, સાધર્મિક આદિ નિમિત્ત છે માટે તે નિમિત્ત કારણો છે. નિમિત્ત અને અપેક્ષા કારણ ભિન્ન દ્રવ્યથી હોય જ્યારે ઉપાદાન કારણ તો દ્રવ્ય સ્વંય જાતે પોતે હોય. તેથી ઉપાદાન કારણને આધારરૂપ કહેવાય. જ્યારે અસાધારણ કારણમાં દ્રવ્યના ગુણ-પર્યાય હોય. સાધનાના ક્રમિક પર્યાયમાં જેની વિદ્યમાનતા હોય તે અસાધારણ કારણ છે. અસાધારણ કારણ પરંપર અને અનંતર હોઈ શકે છે પરંતુ અપેક્ષા અને નિમિત્ત કારણમાં અનંતર, કે પરંપરના ભેદ હોતા નથી. ગુણી સ્વયં ઉપાદાન કારણ છે જ્યારે ગુણ એ અસાધારણ પરંપર કે અસાધારણ અનંતર કારણ છે.

આપણી દૃષ્ટિ જેટલી નિમિત્ત ઉપર છે એટલી ઉપાદાન (ગુણ સ્વયં - જીવદળ-જાત) ઉપર નથી. નિમિત્ત દૃષ્ટિ નિમિત્ત મળે નહીં ત્યાં સુધીની મર્યાદિત છે. જ્યારે ઉપાદાન ઉપર (પંડ ઉપર - જાત ઉપર - સ્વનિરીક્ષણ)ની દૃષ્ટિ તો કેવળજ્ઞાન થાય નહીં ત્યાં સુધી લક્ષવેધ સુધી રાખવાની છે. દ્રવ્યદૃષ્ટિ એ નિર્મોહદૃષ્ટિ છે - યોગદૃષ્ટિ છે. જ્યારે પર્યાયદૃષ્ટિ એ મોહદૃષ્ટિ છે - ભોગદૃષ્ટિ છે સિવાય કે કેવળજ્ઞાનાદિ નિત્ય પર્યાય પ્રતિ દૃષ્ટિ હોય.

આત્મા સ્વયં સર્વ શક્તિમાન છે અને સર્વશક્તિનો સમૂહ છે એ પૂર્ણ દૃષ્ટિ છે. વળી એ દ્રવ્યદૃષ્ટિ છે. જ્યારે જ્ઞાન - દર્શન - ચારિત્ર્ય - આદિ પર્યાયદૃષ્ટિ છે, અંશ છે.

મનુષ્યપણું એ આત્માનો પર્યાય છે. દ્રવ્ય એક જ હોવા છતાં અવસ્થા પ્રમાણે નામ - પર્યાય બને છે. મતિજ્ઞાનમાં જ્ઞાન એ ગુણ છે અને મતિ એ જ્ઞાનગુણનો એક પર્યાય છે. મતિજ્ઞાનની તરતમતાએ કરીને વપરાતાં બુદ્ધિશાળી, મૂર્ખ આદિ વિશેષણો છે.

દ્રવ્ય - ગુણ - પર્યાય એ ત્રણે પરમાર્થથી અભેદ છે. ત્રણે એક ક્ષેત્રે છે. વ્યવહારથી, ગણતરીથી ભેદરૂપ છે. જ્યાં દ્રવ્ય છે ત્યાં ગુણ છે અને ત્યાં જ પર્યાય છે માટે અભેદતા અને એકક્ષેત્રિયતા સિદ્ધ થાય છે.

આત્મા જ્ઞાનશક્તિના ઉપયોગ વડે જાણે તે નિશ્ચયનય, આત્મા ગ્રંથાદિ પુસ્તકોના વાચનથી જાણે તે વ્યવહારનય. ગુરુની મદદથી જાણે તે વ્યવહારકારણ. પોતાના જ્ઞાન ઉપયોગથી જાણે તે સ્વાધીનકારણ - સ્વાધીનસાધન.

આપણો ગુણ આપણાથી અભેદ હોય જ્યારે આપણું નિમિત્ત આપણાથી ભિન્ન હોય. ગુણી અને ગુણ, આધાર અને આધેયરૂપ છે તેમ નિમિત્ત અને નૈમિત્તિકનો પણ આધાર આધેયરૂપ વ્યવહાર કરાતો હોય છે. તીર્થંકર ભગવંત આપણા માટે નિમિત્તરૂપ છે. પરંતુ તેઓ આપણાથી ભિન્ન છે. અર્થાત્ તેઓમાં આપણા ગુણ નથી છતાં એમના જેવા ગુણો આપણામાં છે.

**સદ્ભૂત વ્યવહાર - અસદ્ભૂત વ્યવહાર :** એક જ દ્રવ્યના ગુણપર્યાયમાં ઘટાવવાના છે. એમાં નિમિત્તને નહીં લેવાય. ઘડાનો નિમિત્તકર્તા કુંભાર છે પરંતુ ઘડાનો ઉપાદાનકર્તા માટી છે કે જે પદાર્થ - દ્રવ્યના આધારે પર્યાયો ઉત્પન્ન થાય છે. એ પર્યાયોનું અસ્તિત્વ પૂર્વે તે પદાર્થમાં - દ્રવ્યમાં હોય છે તેમ સમજી લેવું. મોજાં - તરંગ શક્તિરૂપે દરિયામાં હતાં તેથી જ દરિયામાં મોજાં - તરંગો ઉદ્દભવે છે. આપણા પોતામાં પણ સત્તાગત કેવળજ્ઞાન વર્તે છે તેથી જ કેવળજ્ઞાન પ્રગટે છે. ઉત્પાદનું અસ્તિત્વ દ્રવ્યમાં હતું એટલે પર્યાય ઉત્પન્ન થાય છે. એ ઉત્પાદનો જ્યારે વ્યય થાય છે ત્યારે તે પર્યાય પણ તે દ્રવ્યમાં સમાય છે. માટે કેવળજ્ઞાનમાં સર્વ દ્રવ્યના સર્વ પર્યાયો જણાય છે - પ્રતિબિંબિત થાય છે. સર્વ દ્રવ્યના સર્વ પર્યાયો એક સમયે વર્તે છે - વિદ્યમાન છે એટલે કેવળજ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. છદ્મસ્થ અલ્પજ્ઞાની, અપૂર્ણજ્ઞાની સ્વયંની ભેદદશાને કારણે, ક્રમિક દશાને અંગે દ્રવ્યમાં ઉત્પાદ અને વ્યય ભૂતવત્ અને ભવિષ્યવત્ સમજે છે.

આપણી પોતાની જે વર્તમાન વેદનરૂપ સ્થિતિ છે તે ભૂતવત્ બનતાં તે વેદાતી નથી. પરંતુ એ સ્થિતિમાં પણ આપણે જ્ઞાતા-દ્રષ્ટા બનવાનું છે. "હું" "I" જેને વર્તમાન ગુણપર્યાયયુક્ત દ્રવ્ય માનીએ છીએ તે વાસ્તવમાં "હું" દ્રવ્ય નથી. એ તો દ્રવ્યનો પર્યાય છે જે ભૂતવત્ બને છે. બાકી ખરેખર તો "હું" એ તો માત્ર પ્રદેશપિંડ છે - દ્રવ્ય છે. હું જીવદળ-જીવદ્રવ્ય અદળ - પ્રદેશપિંડરૂપ જીવદ્રવ્ય છું અને કેવળજ્ઞાન મારો નિત્ય ગુણપર્યાયરૂપ સ્વભાવ છે. બાકી છદ્મસ્થના જે કાંઈ બધા પર્યાયો કે જેમાં "હું"પણાનો આરોપ છે તે તો માત્ર વર્તમાનરૂપ સાદિ-સાન્ત હોવાથી અસત્ પર્યાયો છે તેથી તે હુંકારને અહુંકાર એટલે કે અનિત્ય અસત્ હુંકાર અર્થાત્ અહંકાર કહેલ છે.

વિશ્વમાં રહેલા સર્વ પર્યાયો તે 'હું' નથી, એ ઉદાસીન ભાવ છે. પરમાં 'હું' ભાવ - 'હુંકાર' - અહંકાર કહેવાય છે. સત્ય "હું" - સાચો "હું" તે તો આત્માનું પરમાત્મત્ત્વ છે એ હું નથી પણ સોઽહં - સોઽહંનો નાદ છે.

પુદ્દગલ દ્રવ્યો અને સજાતિય જીવો વચ્ચે રહેલાં આપણે તે બધાંયની સાથે અને બધાંયની વચ્ચે જીવવાનું છે. એ સર્વ પર હોવાથી ઉદાસીનભાવે જીવવાનું છે. જ્યારે પંચ પરમેષ્ઠિ ભગવંતો (અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ) સજાતિય પર હોવા છતાં સ્વરૂપ ઐક્યથી તેમની સાથે ઉદાસીનભાવે નહીં પણ ઉલ્લાસભાવથી જીવવાનું છે. જીવ માત્રને આત્મવત્ સિદ્ધ સ્વરૂપે જોવાથી તેઓ પ્રત્યેના દેહભાવ, મોહભાવ ચાલ્યા જાય. આપણાં કર્તવ્ય, ફરજ, કર્મયોગ ફળપ્રાપ્તિની અપેક્ષા રાખ્યા વિના ઉદાસીનભાવે તથા પ્રકારે કરવાં જોઈએ. જીવો પ્રત્યે દુર્ભાવ નહીં કરવો, તેમ જીવો પ્રત્યે ઉદાસીનભાવ પણ નહીં રાખવો. સર્વ જીવો પ્રતિ પ્રેમભાવ, વાત્સલ્યભાવ, આત્મવત્ભાવ કેળવવા જોઈએ.

કોઈપણ પદાર્થ પ્રત્યે રાગ થાય તો સુખબુદ્ધિ થાય. અધ્યાત્મની દૃષ્ટિએ બુદ્ધિથી ચકાસીશું તો રાગ નહીં થાય. જ્યાં રાગ છે જ નહીં ત્યાં પછી દ્વેષની ઉત્પત્તિનો પ્રશ્ન રહેતો નથી. કારણ કે દ્વેષ એ રાગમાં મળતી નિષ્ફળતાની નીપજ છે. જ્યારે રાગદ્વેષ જાય અર્થાત્ રાગ સમૂળો જાય ત્યારે આત્માનું વીતરાગ, નિર્વિકલ્પ, નિરપેક્ષ, નિશ્ચય, શુદ્ધ, સત્ય, પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. આત્માના એ અનાદિ નિષ્પન્ન સ્વરૂપને સમજવા માટે જ દ્રવ્યાનુયોગ વિચારણા છે. દ્રવ્યાનુયોગની સમજણથી આત્માને સમજીને, પર્યાયદૃષ્ટિ હઠાવી, દ્રવ્યદૃષ્ટિ કેળવીને જ્ઞાનધ્યાનમાં અનુભવન - વેદન કરતાં થઈએ, આત્મસ્થિત થઈએ ત્યારે વીતરાગતા આવે. શ્રેણિગત વીતરાગતા આવે એટલે મોહનીયકર્મનો ક્ષયોપશમ થાય, સકામ નિર્જરા થાય અને અંતે ક્ષય થાય છે ત્યારે જ નિષ્કર્મા, નિરંજન, નિરાકાર, નિરાવરણ, નિરપેક્ષ થવાય છે. આત્મા ધર્મમાં ગતિ કરે, આત્મામાં સ્થિતિ કરે, ભગવાનમાં અવગાહના લે અને પુદ્દગલને ઉપકરણ બનાવી સાધનથી સાધના કરે તો સ્વયં અકાલ બની પરમાત્મા થાય.

સોનાની લંકા સોનાની હોય પણ આપણી ન હોય, પર હોય તો તે સોનાની લંકા આપણા શા ખપની? - આપણને શા કામની? એ જ પ્રમાણે આત્મા સિવાયનાં શરીર, ઈન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ ગમે એટલાં સારાં હોય, સોહામણાં હોય તોય તે પર છે અને આપણાં છે નહીં અને આપણાં થનાર નથી તો એ આત્માને શા કામનાં? તેમ પર એવી ભોગસામગ્રી પણ આત્માને શા કામની? હા! તે યોગસામગ્રી - યોગસાધના બની રહી આત્માને ભોગમાર્ગેથી યોગમાર્ગે લઈ જઈ આત્મામાંથી પરમાત્મા બનાવે તેટલા પૂરતી તેની કિંમત અંકાય.

દેહપિંજરમાં પુરાયેલ આત્મા જો તનમનનું દુઃખ ટાળી નહીં શક્યો અગર જો મન અને તન દ્વારા આત્માના અતીન્દ્રિય સુખને પામી શક્યો નહીં તો શાસ્ત્રઅધ્યયન અગર પંચાચારનું પાલન શા કામનું?

સત્ની પ્રાપ્તિ સત્ વડે હો પણ, અસત્ વડે નહીં હોય. દશા, હાલત, અવસ્થા એ ગુણપર્યાય છે અને એ પણ પરમ સત્ય છે કે કોઈપણ દ્રવ્ય અવસ્થા વગરનું ક્યારેય નહીં હોય. સંસારીજીવની સંસારીદશા - સંસારી અવસ્થા અસત્ - ખોટી - આભાસી - વિનાશી - માયાવી હોય છે, છતાંય એ અવસ્થા જેની છે તે આત્મા અવસ્થાપતિ - દશાપતિ પોતે તો સત્ હોય છે. મૂળ ગર્ભશ્રીમંત - જન્મજાત શ્રીમંત પણ હાલ

## નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે, ચિખોદરાની આંખની હૉસ્પિટલના સહયોગથી નીચે પ્રમાણે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

(૧) સ્વ. તારાબહેન ચંદુલાલના આર્થિક સહયોગથી સ્વ. ચંદુલાલ મોહનલાલ ઝવેરીના સ્મરણાર્થે પંચમહાલ જિલ્લામાં સેવાલિયા મુકામે શનિવાર, તા. ૨૮-૮-૯૯ના રોજ નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો હતો.

(૨) સ્વ. જ્યોત્સ્ના ભૂપેન્દ્ર ઝવેરીના સ્મરણાર્થે, શ્રી ભૂપેન્દ્ર ઝવેરીના આર્થિક સહયોગથી સુરત જિલ્લામાં મઢી મુકામે રવિવાર, તા. ૬-૨-૨૦૦૦ના રોજ નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો હતો.

☐ *મંત્રીઓ*

વર્તમાનમદશા ચીંથરેહાલ. જાત સત્‌ની પણ ભાત અસત્‌ની. પોત સત્ પણ ભાત અસત્ અવસ્થા આત્માના આધારે ઉત્પન્ન થાય છે. સત્ સ્વયં હોવા છતાં સત્‌ની સમજણ નથી અને સત્‌ની દૃષ્ટિ સત્ય સમ્યગ્ દૃષ્ટિ નથી તેથી આત્મામાંથી અસત્ અવસ્થાઓ નીકળ્યા કરે છે. માટે જો સત્‌ની - આત્મસ્વરૂપની સમજણ લઈ, સત્ દૃષ્ટિ કરીશું, સમ્યગ્ દૃષ્ટિપાત કરીશું અને દશાપતિ (આત્મા)ને તેના વાસ્તવિક સ્વરૂપમાં - મૂળ શુદ્ધ સ્વરૂપમાં સમજીશું તો વર્તમાન અનિત્ય પર્યાયને - વિનાશી અવસ્થાને દૂર કરી નિત્યાવસ્થાને, સત્ અવિનાશી અવસ્થાને પ્રાપ્ત કરી શકીશું.

જડ એવા પુદ્‌ગલદ્રવ્ય સાથે એટલે કે પુદ્‌ગલના બનેલા દેહ જોડે ક્ષીરનીરની જેમ આત્મા રહેલ હોવા છતાંય આત્માનું આત્મતત્ત્વ, જીવત્વં મટી ગયું નથી. જીવ, જીવ મટી પુદ્‌ગલ કે પુદ્‌ગલ પુદ્‌ગલ મટી જીવ થયેલ નથી એટલે કે જાત્યાંતર - દ્રવ્યાંતર થયું નથી.

દૂધ ભલે પાણીમાં ભળ્યું પણ દૂધ (ક્ષીર) કાંઈ પાણી (નીર) નથી થઈ ગયું. દૂધ તો દૂધ જ છે અને પાણી તો પાણી જ છે. ભેળાં ભળ્યાં એટલું જ! પાણી ઉકાળીને - તપાવીને ઉડાડી દઈ દૂધ મેળવી શકાય છે, આવશ્યકતા છે તાપની. પાણીને તપાવીને, ઉકાળીને, ખદબદાવીને વરાળરૂપે ઉડાડી દઈને દૂધને દૂધ સ્વરૂપે પરત નિર્ભેળ મેળવી શકાય છે. એમ જ સંસારીજીવમાં જીવપણાને, આત્મતત્ત્વને, પરમાત્મત્વને પકડવું એનું જ નામ સંવર અને નિર્જરા તત્ત્વ. અનાદિકાળથી જીવ બહિરાત્મભાવે પરપદાર્થોને ઉપયોગથી પકડે છે. પરંતુ જીવ પોતાના ઉપયોગથી સ્વયં પોતાના જ ઉપયોગને અર્થાત્ અંતરમાં રહેલ અંતરાત્મ તત્ત્વ, પરમ આત્મ તત્ત્વને, પરમાત્મત્ત્વને જ પકડતો નથી. સ્વરૂપની સમજણ વિના ઉપયોગ પકડાતો નથી. સ્વરૂપની સમજ આવે એટલે કે અંદરમાં રહેલ પોતાના પરમ આત્મ તત્ત્વ અર્થાત્ પરમાત્મત્ત્વને સમજવામાં આવે તો પરમાત્મ તત્ત્વ પકડી શકાય એટલે કે આવરણ હઠાવી તેને અનાવૃત્ત, નિરાવૃત્ત, નિરાવરણ કરી શકાય, પ્રગટ કરી શકાય.

દૂધ પાણી ભેગાં છે અને ચૂનો (ફાક) પાણી ભેગાં નથી એ સમજાય તો પાણી સાથે રહેલ દૂધ દેખાતાં, નિર્ણય થતાં પાણી જુદું પાડી દૂધ મેળવી શકાય.

જીવ અવગાહના આકાશ પાસેથી લે છે, સ્થિતિ અધર્માસ્તિકાય પાસેથી લે છે, ગતિ ધર્માસ્તિકાય પાસેથી લે છે, અને અજ્ઞાન ને મોહનું નિમિત્ત જીવ પુદ્‌ગલાસ્તિકાયને બનાવે છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્‌ગુલાસ્તિકાય જે જડ અને અપ્રકાશ છે તે સર્વને આત્મા પોતાની જ્ઞાન-દર્શન શક્તિએ કરીને પોતાના જ્ઞાતા-દ્રષ્ટા ભાવે ખ્યાત (પ્રકાશિત) કરે છે.

પુદ્‌ગલ પાસેથી જીવને સંયોગ - વિયોગ મળે છે કારણ કે મોહ અને અજ્ઞાનનું નિમિત્ત સંસારીજીવને પુદ્‌ગલ હોય છે જે સંયોગ-વિયોગ ધર્મવાળું છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય સાથે સંસારીજીવ, પુદ્‌ગલદ્રવ્ય અને સિદ્ધ પરમાત્માના જીવાત્માઓને જો સરખાવીએ તો પુદ્‌ગલદ્રવ્ય બરોબર સમજાય છે, તેમ સાથે સાથે સિદ્ધ પરમાત્માની સિદ્ધાવસ્થા - પરમાત્માવસ્થા પણ સહજ જ સમજાય જાય છે.

જો કોઈ ગુનેગાર હોય તો તે નિયમબાહ્ય જેનું વર્તન છે, જે અશુદ્ધ છે એવો સંસારીજીવ છે. સંસારીજીવ સિવાયના કોઈ દ્રવ્યનું વર્તન નિયમબાહ્ય સ્વભાવ વિરુદ્ધ નથી પણ નિયમાનુસાર સ્વરૂપગુણકાર્ય ગુણપ્રમાણેનું હોય છે. આવા અશુદ્ધ સંસારીજીવને, અશુદ્ધ જીવદ્રવ્યને, અનેકોમાં એક છતાં સર્વવ્યાપી એવા આત્માને જાણીને, આત્મસ્વરૂપને જાણીને, બે નય, બે દૃષ્ટિ, બે માર્ગ, દ્રવ્યગુણપર્યાય, ત્રિપદી, ચાર કારણ, ચાર નિક્ષેપા, ચાર સંયોગ, ચાર અનુયોગ, પાંચ સમવાયી કારણ, પંચ મહાવ્રત, પંચાચાર, પંચાસ્તિકાય, ષડકાય, ષડસ્થાન, સપ્તભંગી, સ્યાદ્‌વાદ, અનેકાન્તવાદ, સાપેક્ષવાદ, આઠ કર્મ, નવ તત્ત્વ, દશ પ્રકારનો યતિધર્મ, આદિ જે દ્રવ્યાનુયોગ પ્રધાન વિષય છે તેના અભ્યાસથી અને તથા પ્રકારના સદાચારણથી શુદ્ધ બનાવી સિદ્ધ પરમાત્મા થવાનું છે.

(સંપૂર્ણ)

☐ સંકલન : સૂર્યવદન ઠા. ઝવેરી

# બૅક સ્ટેજનું બારણું

☐ ગુલાબ દેઢિયા

જાજરમાન શબ્દ રંગભૂમિનો પડદો જોઈને બરોબર સમજાઈ ગયો હતો. એ પડદો જાજરમાન હોય છે અને ઝાલરમાન પણ હોય છે. પડદો હટે ત્યારે આપણી આંખો ચકળવકળ થઈ જાય છે. મને તો પડદો પાડનાર - ઉપાડનાર માટે બહુમાન છે. એની જવાબદારી જેવી તેવી નથી. પડદાની ગરગડીનો અવાજ પણ મેં સાંભળ્યો છે. પડદો પાડનાર દેખાતો નથી, એ સમયસર જ પડદો પાડે છે.

આપણે ત્યાં પડદા માટે નેપથ્ય જેવો ગૌરવવંતો શબ્દ છે અને બૅક સ્ટેજ માટે પણ નેપથ્ય શબ્દ જ વપરાય છે. જવનિકા અને જવનિકા પાછળનું બધું પ્રેક્ષક માટે તો સરખું જ છે નેપથ્ય છે. પરંતુ સ્ટેજ અને બૅક સ્ટેજ વચ્ચે તો ઘરની ડેલી અને અંદરના ઓરડા જેટલો તફાવત છે. રાજદરબાર અને અંતઃપુર જેટલું અંતર છે.

સ્ટેજ અને બૅક સ્ટેજ વચ્ચે એક અદૃષ્ટ વણદોરી લક્ષ્મણરેખા હોય છે. એક સરહદ હોય છે. એ સીમા પર સંજીવની હોય છે, જે બધું સજીવન કરી દે છે. બૅક સ્ટેજમાં જેનો પ્રાણ અંદર ઊતરેલો હોય તે સ્ટેજ પર આવતાં જીવંત થઈ જાય છે. જે નર્યું ખોળિયું લાગતું હોય તેના હવે ધબકારા સંભળાય છે.

નેપથ્ય એ રંગમંચનાં મૂળિયાં છે. મૂળ જેટલાં ઊંડાં એટલી રંગભૂમિ લીલીછમ, ફૂલીફાલેલી અને ઘટાદાર. પ્રસાધન, શણગાર અને વેશભૂષા મંચ પર શોભે છે. શું, કેટલું, ક્યારે, કેમ દેખાડવું એ મંચની શાન છે અને સાન પણ છે. મંચ પર કલ્પનાનું આકાશ છે તો નેપથ્યે વાસ્તવિકતાની ધરા છે. અહીં માફકસરનો અંધાર છે. દેખાડો અહીં નથી ચાલતો. ખૂણાઓનો માનમરતબો બૅક સ્ટેજે છે. દરેક ખૂણે સંદૂકમાં કંઈ સચવાયેલું છે. બૅક સ્ટેજ અતીત છે અને સ્ટેજનું ભાવિ પણ અહીં અંકુરિત થાય છે.

મંચ પર હજારો પ્રેક્ષકોની નજર સામે સોનાના ખોટા પ્યાલામાં ખોટું દૂધ, ખોટું અમૃત કે ખોટું હળાહળ હોઈ શકે. નેપથ્યે કાચના પ્યાલામાં સાચું પાણી હોય છે. બૅક સ્ટેજે ગ્લીસરીનનાં આંસુ ન પાડી શકાય. અહીં રામ અને રાવણ સાથે બેસી ચા પીએ છે. દ્રૌપદી અને દુઃશાસન હસીને વાતો કરે છે. બૅક સ્ટેજની હવા જ નોખી. હવામાન અલગ. બધા અહીં શ્વાસ ન ભરી શકે. આ હવા કદી તો પહાડી હવા જેવી પાતળી લાગે તો ક્યારેક મધદરિયાની દીવાદાંડી જેવી એકલવાયી તો કદી વનફૂલ જેવી નિસ્પૃહ. નેપથ્યે પહાડની ઊંચાઈ અને સમંદરનું ઊંડાણ બન્ને હોય છે. અહીંની ગલીઓ ભૂલભૂલામણીવાળી હોય છે. નેપથ્યે ભૂલા પડવું એ ભૂલ નથી.

વ્યવસ્થા, ટાપટીપ, ગોઠવણ, ઝાકમઝોળ એ બધું મંચનો સ્વભાવ.

નેપથ્યે અવ્યવસ્થાનું રાજ ચાલે. અવ્યવસ્થા પણ એવી વ્યવસ્થિત કે મંચ માગે કે પલક માત્રમાં નેપથ્ય ધરી દે. બન્ને એકમેકના પૂરક. ખરેખર તો નેપથ્ય જ પૂરક. મંચ તો માગે. આપે તો એ પ્રેક્ષકોને. બૅક સ્ટેજે કરોળિયો જાળું ધરાર બનાવી શકે, મંચ પર નહીં. બૅક સ્ટેજ કોઈનું ઘર ન પાડે, માટે જાળું પણ ન પાડે.

અહીં વસ્તુઓ, પાત્રો, પ્રસંગો બધાં કહે છેઃ અમને જુઓ છો ને! હા, અમે જે છીએ તે નથી અને અમે નથી તે છીએ. જરાક વધારેપડતું ફિલસૂફીભર્યું લાગ્યું ને! જવા દો. તમારે તો નાટકની મોજ માણવી છે ને. પાછા કહેશો નેપથ્યમાં આ નાટક કેવું? ભ્રમ પણ સત્ય છે અને વાસ્તવિકતા પણ સત્ય છે. સત્ય સદાય સૂર્ય જેવું કેમ લાગે છે? નિબિડ અંધકાર એ શું સત્ય નથી? સત્ય કડવું જ હોય શું? સાકર એ પણ સત્ય છે. કંટક સત્ય છે તો પુષ્પ પણ સત્ય છે. મુખ અને મુખવટો અહીં સત્ય છે.

પડદાની મખમલી, સુંદર, નેત્રદીપક, રંગીન, સુંવાળી બાજુ પ્રેક્ષકો તરફ હોય છે અને બૅક સ્ટેજ તરફ હોય છે અસ્તર, ખરબચડી, કઠણ સપાટી. રંગદેવતાનો એ બોધપાઠ છે.. એક પડદો જીવનપાઠ શીખવે એવો માતબર છે.

પડદો ઊપડે છે ત્યારે કલાકારનું દિલ ધડકે છે અને પડદો પડે છે ત્યારે પણ એનું દિલ ધડકે છે જુદી રીતે. પહેલી ધડકનમાં આતુરતા, અંદેશો, ભય, અસમંજસ, આહ્વાન વગેરે મિશ્ર લાગણીઓ હોય છે. બીજી ધડકનમાં તૃપ્તિ, આનંદ, હાશ વગેરે ઘણું સમરસ થયેલું હોય છે.

પડદો ચીરીને રંગમંચ પર ન જવાય. જે પ્રેક્ષકાગારમાંથી સીધા જ રંગમંચ પર ચડે છે તે પડે છે. પડદાનો અનાદર કરી એને ચીરીને જનાર ચીરાઈ જાય છે. મંચ પર જવાનો ખરો માર્ગ બૅક સ્ટેજથી ફૂટે છે. બૅક સ્ટેજનો રસ્તો સાંકડો હોય છે અને દરવાજો નીચો હોય છે. જ્યાં નમીને પ્રવેશવાનું હોય છે. ઘરેથી એક્ટર બનીને નથી આવવાનું. ઘરેથી માણસ આવે છે. અભિનેતા અને અભિનય એની અંદર અભિપ્રેત હોય છે. એ દેખાડા માટે નથી. નાટકમાં દેખાવને સ્થાન પહેલું. દેખાડાને નહીં. બૅક સ્ટેજથી નમીને પાછો ફરે છે તે માણસ છે. રંગમંચે જેટલા દેખાય તેનાથી વધુ જણ બૅક સ્ટેજે હોય. બધું વૃક્ષ અને મૂળ જેવું.

ઊંબરો જબરી ચીજ છે. નેપથ્ય અને રંગમંચ વચ્ચે ઊંબરો દેખાતો નથી તેથી તો વધુ સાવધાની વર્તવી પડે છે. ઊંબરો ઓળંગતાં પગનો જ નહીં, સમગ્રતાનો ખ્યાલ રાખવો પડે છે. ઊંબરાને અવગણે તેને કોણ ગણે? ઊંબરે બેસી ન રહેવાય, ઊભા પણ ન રહેવાય. ઊંબરો ઓળંગવો જ પડે. વિવેકથી ઓળંગીએ તો સમજ વિકસે. સ્ટેજ ને બૅક સ્ટેજ વચ્ચે સીમોલ્લંઘન હોય છે, દેશની સીમા, રાજ્યની સીમા, ગામની સીમ, તડકા અને છાંયડાની સીમા. રાતે ચાંદની વધુ ઘટ્ટ લાગે છે તડકા કરતાં કારણ કે અંધકાર રાતે વધુ ઘટ્ટ હોય છે. અંધાર સ્પર્શી શકાય તેવો. ઓઢી શકાય તેવો, ચોસલાં પાડી શકાય તેવો. ચાંદની તો પ્રવાહી હોય છે શેડકઢા દૂધ જેવી. પાત્રમાં ભરીને પી શકાય તેવી. શરદ પૂર્ણિમાએ દૂધપૌંવા સાથે ખરેખર તો ચાંદની જ ગટગટાવવાની હોય છે. સ્ટેજ પર પ્રકાશ છે કારણ એને બૅક સ્ટેજના તિમિરનું પીઠબળ છે.

બૅક સ્ટેજ અતાગ-અતળ છે. ત્યાંથી ડૂબકી મારીને રંગકર્મી આવે છે. સ્ટેજ પર મુઠ્ઠી ખોલે છે. એમાંથી નાટક ઝળહળે છે. મંચ ને જીવન આમેય સરખાં છે. છૂટેલું તીર પાછું ન ખેંચી શકાય. થયું તે થયું. ન થયું તે ન થયું. નાટક એટલે પ્લે. એમાં રિપ્લે ન થઈ શકે.

બૅક સ્ટેજ બધા માટે નથી. દીવાનેઆમ નથી. દીવાને ખાસ છે. ખરેખર તો દીવાને ખાસ છે, એટલે ખાસ દીવાના હોય તેનું જ અહીં કામ. દીવાનનું કામ નહીં.

છવીસમી જાન્યુઆરીએ કન્યાશાળામાં રાતે નાટકની ભજવણી. શિયાળાની ઠંડી. સ્ટેજ એ રીતે બાંધેલું કે બૅક સ્ટેજ સીધું ઓતરાદી વંડીમાં. વંડી તો ખુલ્લી ભફામ. અમે બટુક બ્રાહ્મણ વિદ્યાર્થીના વેશમાં. શરીરે માત્ર ધોતિયું. કોઈકે બાંધી દીધેલું. છૂટી જવાના ભય સાથે. ઠંડી કહે મારું કામ. વાયરે ધ્રૂજીએ. અમારો વારો નાટકને અંતે હતો. ગુસ્સાવાળા ગુરુજી પાસે ઊભા રહેતાં ધ્રૂજીએ. સ્ટેજ પર એ અભિનયથી પ્રેક્ષકો રાજી પણ અમે તો બૅક સ્ટેજની ટાઢથી થરથરતા હતા એ કોણ જાણે!

તક મળે ત્યારે બૅક સ્ટેજે ડોકિયું કરી લઉં છું.

ભરેલું થિયેટર તો આગબોટ લાગે છે. જોવું ગમે. ખાલી થિયેટર જોયું છે મંચ પર ઊભા રહીને? ખરેખર તો થિયેટર ક્યાં ખાલી હોય છે, જ્યારે પ્રેક્ષકો નથી હોતા ત્યારે પણ! વાતાવરણ હોય છે. હવામાં સંવાદો હોય છે. અંધકારની પાંપણ પછવાડે પ્રકાશ હોય છે. ખુરશીઓની ચોપાસ તાળીઓના ધ્વનિ હોય છે. મંચ બોલે છે. નેપથ્ય સાંભળે છે. ભૂલ પડે ત્યાં પ્રોમ્પટિંગ કરે છે. ભૂલ સુધારવી એ બૅક સ્ટેજનો સ્વભાવ છે. ☐☐☐

## સંયુક્ત અંક

**'પ્રબુદ્ધ જીવન'નો ૧૬મી ફેબ્રુઆરી અને ૧૬મી માર્ચ ૨૦૦૦નો અંક આ સંયુક્ત અંક તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો છે તેની નોંધ લેવા વાચકોને વિનંતી.**

☐ તંત્રી

## દિવાળીબહેન મો. મહેતા
## ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભેટરકમ

સંઘના ઉપક્રમે આ વર્ષે જીંથરી (અમરગઢ)ની ટી. બી. હૉસ્પિટલને આર્થિક સહાય કરવાનો કાર્યક્રમ પર્યુષણ પર્વ દરમિયાન હાથ ધરવામાં આવ્યો હતો. એ માટે રૂા. ૧૭,૫૭,૦૦૦ની રકમ એકત્ર થઈ હતી અને એ નિધિ અર્પણ કરવાનો કાર્યક્રમ જીંથરી ખાતે ૨૦મી જાન્યુઆરી ૨૦૦૦ના રોજ યોજવામાં આવ્યો હતો. એ પ્રસંગે દિવાળીબહેન મોહનલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટના સૂત્રધાર મુ. શ્રી મફતકાકાએ પોતાના ટ્રસ્ટ તરફથી આ રકમમાં રૂા. ૩,૪૩,૦૦૦ ઉમેરી કુલ એકવીસ લાખ રૂપિયા હૉસ્પિટલને આપવામાં આવે એવી જાહેરાત કરી હતી. મુ. મફતકાકા દ્વારા આ રકમ સંઘને મળતાં હૉસ્પિટલને કુલ એકવીસ લાખ રૂપિયાની સહાય સંઘ દ્વારા કરવામાં આવી છે. આ ઉદાર સખાવત માટે મુ. શ્રી મફતકાકાને આભાર સહ હાર્દિક ધન્યવાદ!

નિરુબહેન શાહ
ધનવંતરાય ટી. શાહ
મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્કસ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા, મુંબઈ-૪૦૦૦૨૭.

Licence to post without prepayment No. 37

● વર્ષ : (૫૦) + ૧૧ ● અંક : ૪ ● તા. ૧૬-૪-૨૦૦૦ ● ● Regd. No. MH / MBI-South / 54 / 99

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## अणुसासिओ ण कुप्पिज्जा

--ભગવાન મહાવીર

## [અનુશાસિત થતાં (કે શિક્ષા પામતાં) ક્રોધ ન કરવો.]

ભગવાન મહાવીર જન્મકલ્યાણકના અવસરે એમનાં અનેક વચનોમાંથી આ એક વચનનું સ્મરણચિંતન કરીએ.

ભગવાન મહાવીર સ્વામીએ 'ઉત્તરાધ્યયન' સૂત્રના 'વિનય' નામના પહેલા અધ્યયનમાં શિષ્યના ગુરુ પ્રત્યેના વિનય ઉપર બહુ ભાર મૂક્યો છે અને શિષ્યને વિવિધ પ્રકારની સાચી અને હિતકારી સલાહસૂચના આપી છે. એમાંની એક સલાહ એ છે કે અનુશાસિત થવામાં શિષ્યે ક્યારેય પણ ક્રોધ ન કરવો. એ ગાથા નીચે પ્રમાણે છે :

अणुसासिओ ण कुप्पिज्जा खंतिं सेविज्ज पंडिए ।

खुड्डेहिं सह संसग्गिं हासं कीडं च वज्जए ॥

[ગુરુ દ્વારા અનુશાસિત થતી વખતે (કે શિક્ષા પામતી વખતે) ક્રોધ કરવો નહિ. પંડિત (બુદ્ધિમાન, ડાહ્યા) શિષ્યે ક્ષમા ધારણ કરવી. ક્ષુદ્ર લોકોનો સંસર્ગ ત્યજી દેવો અને હાસ્ય-મજાક તથા એવી ચેષ્ટાઓ છોડી દેવી જોઇએ.]

'અનુશાસન' શબ્દમાં 'શાસન' શબ્દ છે. એ શાસ્ ધાતુ પરથી આવેલો છે. એનો અર્થ થાય છે રાજ્ય કરવું, પ્રભુત્વ ધરાવવું, નિયમમાં કે અંકુશમાં રાખવું, શિક્ષા કરવી. અનુશાસન એટલે શિસ્તપાલન. અનુશાસિત થતાં એટલે નિયમમાં રહેતાં અથવા પોતાના ઉપર શિસ્તપાલન થતાં. અર્થવિસ્તાર કરીએ તો 'ગુરુ દ્વારા દંડ કે શિક્ષા થતાં' એવો અર્થ લઇ શકાય.

અનુશાસન એટલે કે શિસ્તપાલન (Discipline)ની આવશ્યકતા જીવનના સર્વ ક્ષેત્ર અને સર્વકાલ માટે છે. મનુષ્યોમાં ઉંમરમાં નાનામોટાપણું સદાકાળ રહેવાનું. એની સાથે શિક્ષણ, ધન, સત્તા, શારીરિક તાકાત ને સુંદરતા ઇત્યાદિનું ઉચ્ચાવચપણું પણ રહેવાનું જ. આવા વૈવિધ્યસભર જીવનમાં સંવાદ (harmony) સ્થાપવા માટે કેટલાક નિયમો બનાવવાની ફરજ પડે જ. એ નિયમોને રાજકીય સ્તરે કાયદાનું સ્વરૂપ આપી શકાય. સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક ઇત્યાદિ સ્તરે પણ નિયમોને વિવિધ પ્રકારનું રૂપ આપી શકાય. જ્યાં નિયમ કે કાયદો હોય ત્યાં બે પ્રશ્નો અવશ્ય ઉપસ્થિત થવાના. એક તે કોઇ કાયદાનો જાણતાં કે અજાણતાં ભંગ કરે તો શું કરવું ? અને બીજું તે પરિસ્થિતિ બદલાય અને નિયમ જૂનો થઇ જાય તો શું કરવું?

વળી, આ નિયમ કે કાયદાની સત્તા કોને અને કેટલી હોય ? એ સત્તાનો ઉપયોગ ન કરે અથવા દુરુપયોગ કરે તો શું કરવું ? અને પરિસ્થિતિ અનુસાર નવા નિયમો કોણ ઘડે અને કોણ મંજૂર રાખે ? આમ આગળ વધતાં વધતાં અનુશાસનના ક્ષેત્રે સેંકડો પ્રશ્નો ઉદ્‌ભવી શકે. પરંતુ એટલું નિશ્ચિત જ છે કે કુટુંબ હોય કે વિદ્યાના ક્ષેત્રો હોય, ધંધાદારી કંપની હોય કે સરકારી તંત્ર હોય-દરેક માટે લખ્યા કે વણલખ્યા કેટલાયે નિયમો હોવા જરૂરી છે. અનુશાસન- શિસ્તપાલન વગર કોઇપણ તંત્ર કે વ્યવસ્થા ઝાઝો સમય ટકી ન શકે. ગેરશિસ્તને કારણે કુટુંબોમાં વિખવાદ પેદા થાય, શૈક્ષણિક ક્ષેત્રો શિથિલ થઇ જાય, વેપાર ઉદ્યોગો પાયમાલ થઇ જાય, સરકારી તંત્રમાં સત્તાની ઉથલપાથલ થાય. નાની સરખી રમતગમત માટે પણ બે જણ વચ્ચે નિયમ નક્કી કરવા પડે છે અને આંતરરાષ્ટ્રીય સંગઠનો કે બહુરાષ્ટ્રીય કંપનીઓને પણ નિયમો કરવા જ પડે છે.

જેમ માનવજીવનના વિકાસ માટે અનુશાસનની જરૂર છે તેમ બીજી બાજુ નિયમનું મન વગર પાલન કરવું, નિયમમાંથી છટકબારી શોધવી, નિયમનો ભંગ કરીને શિક્ષા ભોગવી લેવી ઇત્યાદિ પ્રકારની મનોવૃત્તિ પણ માનવજાતમાં આદિકાળથી રહેલી છે, કારણ કે સ્વાર્થનો સદ્‌ગુણ કે દુર્ગુણ જીવમાત્રમાં રહેલો છે.

એટલા માટે અનુશાસનની સમસ્યાઓ હરેક વખતે હરેક ક્ષેત્રે ભિન્નભિન્ન પ્રકારની રહ્યા કરવાની. એટલા માટે એનું નિરાકરણ વ્યક્તિગત ક્ષેત્રે કે સામૂહિક ક્ષેત્રે કેવી રીતે કરી શકાય તેની વિચારણા હંમેશાં થતી રહેવી જોઇએ. એમાં કેટલાંક ઉપાયો તત્કાલીન હોય છે અને કેટલાંક સર્વકાલીન.

ધર્મના ક્ષેત્રે ગુરુ-શિષ્યની પરંપરા ભારતીય સંસ્કૃતિમાં જેવી ઉમદા જોવા મળે છે એવી અન્યત્ર જોવા નથી મળતી. ગુરુ અને શિષ્ય ભિન્નભિન્ન કુટુંબમાંથી આવતા હોવા છતાં ઊંચી કક્ષાના ગુરુ-શિષ્ય વચ્ચે પિતા-પુત્રથી પણ અધિક સંબંધ હોય છે. ગુરુ શિષ્યને શિક્ષા કરે તો તે માત્ર હિતબુદ્ધિથી જ કરે છે અને શિષ્યને પણ તે બરાબર લાગે છે. શિક્ષામાં સમતુલા જાળવવી એ ગુરુનું કર્તવ્ય છે. પોતાને થયેલી શિક્ષા માટે શિષ્યના મનમાં રોષ નથી થતો અને ન થવો જોઇએ. શિષ્ય ગુરુને છોડીને ભાગી જાય તો કોઇ એને અટકાવતું નથી, કારણ કે આ કોઇ ભૌતિક સ્વાર્થથી સ્થપાયેલો સંબંધ નથી. ત્યાગ-વૈરાગ્યની ભૂમિકા ઉપર ઉચ્ચત્તર ધાર્મિક-આધ્યાત્મિક ધ્યેયની પ્રાપ્તિ અર્થે આ સંબંધ સ્થપાયો હોય છે. ઉભય પક્ષે બીજાની પાત્રતાનો અગાઉથી વિચાર થઇ ચૂક્યો હોય છે. શિષ્યનો સમર્પણભાવ એમાં મહત્ત્વનું કાર્ય કરે છે. એથી જ ગુરુ-શિષ્યના સંબંધમાં જાતિ, કુલ, ઉંમર, રૂપ, વ્યવહારુ શિક્ષણ ઇત્યાદિનો ઘણો ભેદ હોવા છતાં અને કેટલાંકમાં ગુરુ કરતાં શિષ્ય ચડિયાતો હોવા છતાં આ સંબંધમાં સંવાદિતા, આનંદ, ઉત્કર્ષની ભાવના ઇત્યાદિ સારી રીતે જળવાયેલાં રહે છે. ગુરુનું શિષ્ય માટે અપાર વાત્સલ્ય ત્યાં સુધી હોય છે કે 'મારો શિષ્ય મારા કરતાં સવાયો થાય.' शिष्यात् इच्छेत् पराजयम्

એ સાચા ગુરુની ભાવના હોય છે. અને શિષ્યનો સમર્પણભાવ ત્યાં સુધી હોય છે કે ગુરુ શિષ્યને સાપના દાંત ગણવાની આજ્ઞા કરે તો પળનો પણ વિલંબકર્યા વગર કે કશો સંશય કર્યા વગર શિષ્ય એ કરવા તત્પર બની જાય છે. આવા વાત્સલ્યપૂર્ણ ગુરુ અને શિષ્યનું જેવું અદ્વૈત રચાય છે એવું અદ્વૈત સંસારના અન્ય સંબંધોમાં જોવા મળતું નથી. ભારતીય પરંપરામાં જેવું આ અદ્વૈત જોવા મળે છે તેવું અન્ય ધર્મમાં કે પરંપરામાં જોવા નથી મળતું.

ગુરુ ભગવંત શિષ્યને શિક્ષા કરે તો તેમાં એમનો હિતકારી વાત્સલ્યભાવ જ રહેલો હોય છે. એટલે ગુરુ તરફથી શિક્ષા થાય તો તેથી શિષ્યે રોષ કરવાનું કશું જ કારણ રહેતું નથી. માટે ભગવાને કહ્યું છે કે શિષ્યે એવે વખતે રોષ ન કરતાં ક્ષમાનો ભાવ ધારણ કરવો. વળી આ શિખામણને અમલમાં મૂકવી હોય તો ક્ષુદ્ર માણસોનો સસંર્ગ છોડી દેવો જોઇએ અને મજાક મશ્કરીનો પણ ત્યાગ કરવો જોઇએ, કારણે ક્ષુદ્ર માણસોની સોબતથી કે ચડવણીથી શિષ્યના મનમાં ગુરુ પ્રત્યે ચીડ, અભાવ, રોષ પેદા થાય છે. પોતાને યોગ્ય શિક્ષા થઇ હોય ત્યારે સાંત્વન આપનારા માણસો હલકી કોટિના ન હોવા જોઇએ, કારણ કે એમનું સાંત્વન વિષ સમાન હોય છે.

ગુરુ જ્યારે શિષ્યને ટોકે છે, અટકાવે છે, ઠપકો આપે છે કે શિક્ષા કરે છે ત્યારે તે પોતાના શિષ્યના દોષો દૂર કરવાને અર્થે જ એટલે કે શિષ્યને પરિપૂર્ણ બનાવવા માટે જ હોય છે. એમના અંતરમાં પોતાના શિષ્યને માટે અપાર લાગણી હોય છે. એટલે જ કબીરે ગુરુને માટે કુંભકારનું અને શિષ્યને માટે કુંભનું રૂપક પ્રયોજીને કહ્યું છે :

ગુરુ કુંભાર શિષ્ય કુંભ હૈ, ઘડ ઘડ કાઢે ખોટ;

અંતર હાથ સહાર દૈ, બાહર વાહૈ ચોટ.

ઘડો ઘડતી વખતે કુંભારનો એક હાથ અંદર હોય છે ને એક હાથ બહાર હોય છે. બહારના હાથથી તે ઘડાને થપાટતો હોય છે. થપાટ મારતી વખતે એનો આશય ઘડાને ભાંગી નાંખવાનો નહિ પણ ઘડાનું ખરબચડાપણું દૂર કરવાનો હોય છે. ગુરુ પણ શિષ્યને એ રીતે અંદર અને બહારથી ઘડે છે.

શાળા, કૉલેજ કે યુનિવર્સિટીમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ એવો છે કે જેમાં શિક્ષક જ્ઞાનદાતા છે ને વિદ્યાર્થી જ્ઞાન ગ્રહણ કરનાર છે. એટલા માટે જ્ઞાનના ક્ષેત્રે વિનય-બહુમાનની અપેક્ષા ઘણી મોટી રહે છે. એમાં પણ ભારતીય પરંપરામાં આ સંબંધનું ગૌરવ ઘણું બધું છે. વળી, આ ક્ષેત્રમાં અનુશાસનની-શિસ્તની પણ એટલી જ અનિવાર્યતા છે. એટલે શિક્ષક વિદ્યાર્થીને માત્ર ગેરશિસ્ત જ નહિ, અભ્યાસની બેદરકારી માટે શિક્ષા કરે તો તે પણ વ્યાજબી જ ગણાય છે. કેટલાક વિચારકોના મતે તો શાળાના નાના વિદ્યાર્થીઓને શારીરિક માર મારવામાં પણ કશું ખોટું નથી. 'સોટી વાગે ચમ ચમ અને વિદ્યા આવે ઘમ ઘમ' જેવી કહેવતમાં કેટલાકને યથાર્થતા અને ઉપયોગિતા સમજાય છે. નાનપણમાં ભારાડી બની ગયેલા અને માબાપને ન ગાંઠતા છોકરાઓ શિક્ષકના મારથી સીધા દોર થઇ ગયા હોય અને પછીના જીવનમાં તેઓ પોતાના શિક્ષકનો ઉપકાર હંમેશાં યાદ રાખતા હોય એવા અનેક કિસ્સાઓ છે.

શારીરિક મારની વાત બાજુ પર રાખીએ અને ઇતર પ્રકારની શિક્ષાની વાત કરીએ તો તે પણ વિદ્યાર્થીને સ્વચ્છંદી બની જતાં અટકાવવા માટે જરૂરી છે. વિદ્યાર્થીઓની એ વય એવી છે. વિદ્યાર્થીઓમાં પણ આ વાત સ્વીકૃત હોય છે. એથી જ કોઇ શિક્ષકે વિદ્યાર્થીને સજા કરી હોય એથી વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે વેર બંધાતું નથી. ઊલટાનું 'સર, યાદ છે તમે મને વર્ગની બહાર કાઢેલો?' અથવા 'સાહેબ, ભૂલી ગયા, તમે મને દંડ કરેલો ?' જેવાં અપ્રિય ઘટનાનાં વાક્યો પ્રસન્નતાપૂર્વક વિદ્યાર્થીઓ દ્વારા યાદ કરાતાં હોય તો તે શિક્ષણના વ્યવસાયમાં જ. શિક્ષક શિક્ષા કરીને ભૂલી જાય છે, પણ વિદ્યાર્થીના જીવનમાં એ એક મહત્ત્વની ઘટના બની રહે છે. એટલા માટે જ વિદ્યાર્થીઓ, શિષ્યો પોતાના ગુરુની આજ્ઞાનું સહજપણે પાલન કરે છે. એમાં શંકા કે તર્ક-કુતર્કને સ્થાન નથી. કાલિદાસે રઘુવંશમાં કહ્યું છે કે आज्ञा गुरुणामविचारणीया । ગુરુજનોની, વડીલોની આજ્ઞા વિશે, તેની યોગ્યાયોગ્યતા વિશે વિચાર કે સંશય કરવાનો ન હોય. તેનો તો તરત અમલ કરવાનો હોય.

કોઇપણ દેશના લશ્કરી તંત્રમાં અનુશાસન વિના એક ક્ષણ પણ ચાલે નહિ. સમગ્ર સેનામાં મુખ્ય સેનાપતિથી સામાન્ય સૈનિકો સુધીની દરેક કક્ષાએ ઉપરીના આદેશને માન્ય રાખવો જ પડે. એની અવગણના કરનારને, આજ્ઞા ઉથાપનારને શિક્ષા તરત જ કરવામાં આવે. જો શિક્ષામાં વિલંબ થાય તો સેનામાં શિથિલતા આવી જાય. સામાન્ય નાગરિકો માટે ન્યાયતંત્રનો આશ્રય લેવાય છે ને ન્યાયતંત્રનો ચુકાદો આવતાં બેચાર મહિનાથી માંડીને પાંચપંદર વર્ષ પણ લાગે. (વર્તમાન ભારતમાં તો કેટલાક ચુકાદાઓ વીસ-પચીસ વર્ષે આવે છે કે જ્યારે બીજી પેઢી આવી ગઇ હોય અને એથી જ ભારતીય જનજીવનમાં અને વિશેષતઃ રાજકારણમાં ભયંકર ગેરશિસ્ત પ્રવર્તે છે, કારણ કે માણસ શિક્ષાથી નથી ડરતો. એ સમજે છે કે શિક્ષા થતાં પાંચપંદર વર્ષ લાગવાનાં છે.) સેનામાં કોઇપણ ગુના માટે પાંચપદંર વર્ષે સજા થવાની હોય તો આજ્ઞાભંગના અનેક કિસ્સાઓ બને. યુદ્ધભૂમિ પર જવાનો અનેક સૈનિકો ઇન્કાર કરે, ને પછીથી જે સજા થાય તે પોતે ભોગવી લેશે એમ માને. પરંતુ આવી રીતે સેનાનું કાર્ય ચાલી શકે નહિ. ત્યાં આજ્ઞાભંગની તરત જ કડક સજા થતી હોવાથી આજ્ઞાભંગ થાય નહિ. આજ્ઞાપાલનના સિદ્ધાન્ત ઉપર જ કોઇપણ દેશના સંરક્ષણની ક્ષમતા રહેલી છે. એટલે જ સૈનિકો પર નાગરિકોના ન્યાયાલયમાં કામ નથી ચલાવાતું. પરંતુ અલાયદી સૈનિક અદાલતમાં કામ ચલાવાય છે. એને કોર્ટ માર્શલ કહેવામાં આવે છે. (સૈનિકોએ નાગરિકો સાથેના વ્યવહારમાં કોઇ ગુનો કર્યો હોય તોપણ નાગરિક અદાલત તેનો કિસ્સો લશ્કરી અદાલતને સોંપી શકે છે.)

યુદ્ધમોરચે પ્રત્યેક ક્ષણની ગણતરી હોય છે. આક્રમણ અને સંરક્ષણની વ્યૂહાત્મક ગણતરીમાં એક મિનિટ મોડું આક્રમણ થાય તો તે પહેલાં દુશ્મનનું આક્રમણ થઇ ચૂક્યું હોય અથવા પોતાના જ સૈનિકો પર પોતાનો બોમ્બમારો થવાનું જોખમ રહે છે. એટલે યુદ્ધમોરચે તો પ્રત્યેક પળનું આજ્ઞાપાલન અત્યંત મહત્ત્વનું ગણાય છે.

યુદ્ધભૂમિ ઉપર તો ઉપરીના હુકમની યોગ્યાયોગ્યતા વિશે વિચાર કરવાનો જ ન હોય. ખોટા કે ઉતાવળિયા હુકમથી મૃત્યુના મુખમાં જવાનું હોય, તો પણ તે પ્રમાણે, કરવાનું જ હોય. એટલા માટે જ પેલી 'ચાર્જ ઑફ ધ લાઇટ બ્રિગેડ' કવિતાની પંક્તિઓ જાણીતી છે કે-

There is not to reason why.

There is but to do and die.

સૈન્યમાં તો ઉપરથી નીચે સુધીની એક શૃંખલા હોય છે. એમાં વચ્ચેના તબક્કાના સેનાના માણસોની બેવડી ફરજ હોય છે. પોતાના ઉપરી અધિકારીઓના હુકમ 'યસ સર' કહીને ઉઠાવવાના અને પોતાના હાથ નીચેના સૈનિકોને હુકમો કરવાના. સૈનિક નીચેની પાયરીએથી જેમ જેમ ઉપર ચડતો જાય તેમ હુકમ ઉઠાવવાના ઓછા અને કરવાના વધુ. પરંતુ આજ્ઞાંકિતપણાની જેમ એક કલા છે તેમ ઉપરીપણાની પણ કલા છે. કેટલાકને હુકમ પ્રમાણે કામ કરતાં આવડે, પણ હુકમ કરીને કામ કરાવતાં ન આવડે. એમ કહેવાય છે કે only those who obey well can command well. માણસનું વ્યક્તિત્વ એવું હોવું જોઇએ કે એની આજ્ઞાનો બોલ ઉઠાવવા અનેક લોકો તત્પર હોય.

અનુશાસનમાં એકવર્ગ શિસ્તપાલન કરાવનાર છે અને બીજો વર્ગ તે પાલન કરનાર છે. એકની પાસે સત્તા છે અને બીજાની પાસે શરણાગતિ છે. એટલે શિસ્તપાલન કરાવનારનું મનોવલણ એક પ્રકારનું હોય છે અને પાલન કરનારનું બીજા પ્રકારનું. એકનું આપખુદ અને બીજાનું ગુલામીનું માનસ બની જવાનો સંભવ રહે છે. આ સંબંધમાં જ્યારે વિસંવાદ થાય છે ત્યારે સંઘર્ષ અને માઠાં પરિણામ નીપજે છે. એમાં પણ અન્ય પક્ષે તન, મન, ધનનું બળ વધુ હોય તો વસ્તુસ્થિતિ વકરે છે. પુત્રે પિતાનું

ખૂન કર્યું હોય, વિદ્યાર્થીએ શિક્ષકને તમાચો માર્યો હોય કે ચેલો ગુરુની છાતી પર ચડી બેઠો હોય એવા બનાવો ક્યાં નથી બનતાં ?

એટલે શિસ્તપાલનની વાત કરવી એ એક વાત છે અને જાતે એનો અમલ કરવો એ બીજી વાત છે. એક લેખકે કહ્યું છે કે 'It is one thing to praise discipline and another to submit to it.'

કેટલાંક માણસો શિસ્તપાલનની આવશ્યકતા પર ભાર મૂકે છે, એની પ્રશંસા કરે છે; પરંતુ પોતાને માથે જ્યારે નિયમપાલનની વાત આવી પડે છે ત્યારે તેની વિરુદ્ધની તેઓની પ્રતિક્રિયા ચાલુ થઇ જાય છે. જેઓને શિસ્તનું પાલન કરવું પડે છે તેઓ બધા હંમેશાં હોંશથી પાલન કરે એવું નથી. વળી શિક્ષા-punishmentનો વિષય ક્યારેય પ્રિય ન થઇ શકે. માણસ પોતાના દોષોનો એકરાર કરીને એમ કહી શકે કે સારું થયું કે 'મને શિક્ષા થઇ, નહિ તો હું સુધરત નહિ. મારી આંખ ઊઘડી.' કોઈ એમ ન કહી શકે કે 'મને શિક્ષા બહુ ગમે છે અને વારંવાર ગમે એટલા માટે વારંવાર ભૂલ કરવાનું મન થાય છે.'

ગુરુ કે ઉપરીને પણ શિક્ષા કર્યાનો તો જ સંતોષ હોય છે કે જેથી હાથ નીચેનો માણસ સુધરી શકે. ખુદ વારંવાર શિક્ષા કર્યાનો એમને શોખ કે આનંદ ન હોવો જોઇએ. હોય તો તે માનસિક વિકૃતિ છે એમ ગણાય. શિક્ષા કર્યા છતાં જો વ્યક્તિ સુધરે નહિ તો ગુરુ એને છોડી દે છે, કારણ કે એકની ગેરશિસ્ત સમસ્ત સમુદાયને બગાડી શકે છે.

કેટલાક માણસો ગુરુનું, વડીલનું કે ઉપરીનું આજ્ઞાપાલન કરે, પણ તે કરતાં વાર લગાડે. એ અજાણતાં હોય અને ઇરાદાપૂર્વક પણ હોય; એ ઇચ્છાપૂર્વક હોય અને અનિચ્છાએ મન વગર પણ હોય. એમાં ઉત્સાહ હોય અથવા માત્ર વેઠ જ હોય. આજ્ઞાપાલન કરાવનાર દરેક વખતે બધું બરાબર સમજી શકે જ એમ ન કહી શકાય, કારણ કે માણસનું મન અકળ છે. પરંતુ એટલું નિશ્ચિત છે કે જ્યાં શિસ્તપાલનમાં ઉમંગ, ઉત્સાહ અને તત્પરતા નથી હોતાં ત્યાં લાંબે ગાળે વ્યક્તિને પોતાને જ નુકશાન પહોંચે છે. ક્યારેક તો એ નુકસાન કેવી રીતે પોતાને પહોંચ્યું છે એની પોતાને પણ ખબર નથી હોતી. માત્ર જાણકારો જ એ વિશે જાણતા હોય છે.

વડીલો કે ગુરુજનને પક્ષે એટલું અવશ્ય કહેવું જોઇએ કે દરેકે દરેક વખતે તેઓ યોગ્ય પ્રમાણમાં જ માપસર શિક્ષા કરે છે એવું નથી હોતું. ક્યારેક ચીડ, આવેગ કે ગુસ્સામાં તેઓ પોતાનાં સંતાનોને કે શિષ્યોને વધુ પડતી શિક્ષા કરી બેસે છે. કેટલાક પાછળથી એ માટે પસ્તાય પણ છે. આપણે ત્યાં કહેવત છે કે ચીભડાના ચોરને ફાંસીની સજા ન કરાય. એટલે ઘરમાં, વિદ્યાધામમાં, કે ધર્મસ્થાનકો ઇત્યાદિમાં પોતાના આશ્રિતોને શિક્ષા કરતી વખતે પુખ્ત વિચારણાને પૂરતું સ્થાન હોવું જોઇએ. શિસ્તપાલન, અનુશાસન, દંડશિક્ષામાં પણ વિવેકનું લક્ષણ મહત્ત્વનું ગણાયું છે. જે એ ચૂકે છે એને ભોગવવાનો વારો આવે છે.

દુનિયામાં જેટલા ગુરુ હોય તે બધા જ ક્યારેય અન્યાય ન કરે, વેર ન વાળે, પૂર્વગ્રહ કે ડંખ ન રાખે એવા હોય એમ બની શકે નહિ. અંતે તેઓ પણ મનુષ્ય છે અને મનુષ્ય સહજ ત્રુટિ કેટલાકમાં હોઇ શકે છે. કેટલાક વિરલાઓ જ એનાથી ઉપર ઊઠી શકે છે. એટલે કેટલાક ગુરુએ જ્યારે શિસ્તપાલનાર્થે શિક્ષા કરી હોય ત્યારે તેમાં પોતાના અંગત સ્વાર્થ, અહંકાર, પૂર્વગ્રહ ઇત્યાદિ કામ કરી જાય એવું પણ સંભવે. એ વખતે એ વિશે તેઓ સભાન હોય કે ન પણ હોય. અલબત્ત, સારા, સાચા ગુરુ તો શિષ્યને જ્યારે શિક્ષા કરે ત્યારે તે એના હિત માટે જ હોય. વાત્સલ્યભાવરહિત ગુરુ શિષ્યને શિક્ષા કરવાનો નૈતિક અધિકાર ગુમાવી દે છે.

શિષ્યે પોતે તો ગુસ્સો ન કરવો જોઇએ પણ પોતાના વર્તનથી ગુરુને ગુસ્સો ન કરાવવો જોઇએ. હાથ નીચેના માણસોના ગેર- વર્તનથી ઉપરીઓને કે વડીલોને ક્રોધ કરવાના પ્રસંગો વારંવાર આવતા હોય છે. કેટલાક ઇરાદાપૂર્વક આજ્ઞાભંગ કરતા હોય છે. કેટલાક કામચોર કે બુઠ્ઠી બુદ્ધિના અથવા અવળી મતિના હોય છે. અડિયલ ટટ્ટુ જેવા અવિનીત શિષ્યોના ઉદાહરણો પણ ઘણાં હોય છે. એક વાર એક વૃદ્ધ સંન્યાસી અને યુવાન અવિનીત શિષ્ય એક ગામમાં પહોંચ્યા અને એક ધર્મશાળામાં ઊતર્યા. ગુરુ થાકેલા હતા, શરીર અસ્વસ્થ હતું. બંને સૂઇ ગયા. રાત્રે ગુરુને થયું કે બહાર વરસાદ પડતો લાગે છે. એમણે ચેલાને કહ્યું, 'ભાઇ, જરા બહાર જઇને જો તો કે વરસાદ પડે છે ?' ચેલાએ સૂતાં સૂતાં જવાબ આપ્યો, 'મહારાજ, બહાર જવાની જરૂર નથી. હમણાં જ એક બિલાડી બહારથી અંદર આવી છે. તમારી પથારી પાસે બેઠી છે. એના શરીર પર હાથ ફેરવો. વરસાદ પડ્યો હશે તો એનું શરીર ભીનું હશે.' થોડીવાર પછી ગુરુએ કહ્યું, 'ભાઇ, બહારથી ઠંડો પવન આવતો લાગે છે. બારણું અર્ધું ખુલ્લું રહી ગયું લાગે છે. ઊભો થઇને જરા બંધ કરશે?' ચેલાએ કહ્યું, 'મહારાજ, એ માટે મારે ઊભા થવાની જરૂર નથી, તમે જ જરા પગ લંબાવીને બારણાને લાત મારો, એટલે બંધ થઇ જશે.' થોડી વારે ગુરુએ કહ્યું, 'ભાઇ, મને તાવ ચડ્યો લાગે છે. જો તો મારું માથું ગરમ થઇ ગયું છે ?' ચેલાએ કહ્યું, 'મહારાજ, તમારાં બે કામ કરી આપ્યાં. હવે ત્રીજું કામ તમારા હાથે જ કરો, કારણ કે મારો હાથ તમારા માથા સુધી પહોંચી શકશે નહિ. તમારો હાથ તમારી પાસે જ છે.'

ગુરુ મૌન રહ્યા, પણ આવા ચેલાને ગુરુ આશીર્વાદ આપે કે મનથી શાપ આપે ? ગુરુ વૃદ્ધાવસ્થામાં પહોંચ્યા હોય અને એકનો એક જ ચેલો હોય ત્યારે ગુરુએ કેટલી સમતા રાખવી પડે છે તે તો જેમણે અનુભવ્યું હોય તે જ વિશેષ જાણે.

માણસ ઉપરીની આજ્ઞામાં હોય અને એમની આજ્ઞા ઉઠાવવા માટે શિસ્તપાલનમાં રહેવું પડે એ એક સર્વસામાન્ય પરિસ્થિતિ છે. પરંતુ જેઓ પોતાના જીવનમાં વિકાસ કરવા ચાહે છે તેઓએ તો પોતાની જાતને પોતાનામાં જ વશ રાખવી જોઇએ. 'આત્માનુશાસન' એ આધ્યાત્મિક વિકાસનું મોટું અને મહત્ત્વનું પગથિયું છે. એ માટે જાત પ્રત્યે કઠોર થવાના પ્રસંગો આવે છે. જે માણસ પોતાની જાત પ્રત્યે કઠોર થઇ શકતો નથી તે જીવનમાં બહુ સિદ્ધિ મેળવી શકતો નથી. પ્રમાદ, આળસ, પ્રલોભનો પરનો વિજય મનુષ્યને વિકાસની દિશામાં ત્વરિત ગતિ કરાવે છે. કોઇપણ એક કાર્યપ્રવૃત્તિ માટે માણસ પોતાનું લક્ષ્ય નક્કી કરે છે. એ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે એને પુરુષાર્થ કરવો પડે છે. એ પુરુષાર્થમાં જેટલી કચાશ તેટલી સિદ્ધિ ઓછી મળવાની. માણસને તરવાનું શીખવું છે, સાઇકલ ચલાવતાં કે મોટરકાર ચલાવતાં શીખવું છે, આવી આવી નાની પ્રવૃત્તિથી માંડીને મોટી મોટી પ્રવૃત્તિઓ કરવી હોય, પરંતુ તે માટે મહેનત કરવામાં મન આળસી જાય, નાનાં નજીવાં કારણ મળતાં વાત મુલતવી રાખવાનું મન થયા કરે, બીજી ખાનપાનની કે આનંદ પ્રમોદની પ્રવૃત્તિઓમાં મન ભટક્યા કરે તો તે નિશ્ચિત સમયમાં પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી ન શકે. એટલા માટે વિકાસશીલ માણસે જાત પ્રત્યે નિષ્ઠુર બનતાં શીખવું જોઇએ.

કોઈક લેખકે કહ્યું છે :

No pain, no palm; no thorns, no throne; no gall, no glory; no cross, no crown.

**□ રમણલાલ ચી. શાહ**

### સંઘનાં નવાં પ્રકાશનો

સંઘ તરફથી તાજેતરમાં નીચેનાં પુસ્તકોમાં પ્રકાશિત કરવામાં આવ્યાં છે.

(૧) ઝૂરતો ઉલ્લાસ—શૈલ પાલનપુરી રૂા. ૮૦-૦૦

(શૈલેશ કોઠારી)

(૨) વીર પ્રભુનાં વચનો—ડૉ. રમણલાલ ચી. શાહ રૂા. ૫૦-૦૦

□ મંત્રીઓ

# ભારતીય તત્ત્વવિદ્યાના અજોડ વિદ્વાનને સ્મરણાંજલિ

□ પ. પૂ. શ્રી વિજયશીલચન્દ્રસૂરિજી મહારાજ

ભારતીય દર્શનોના અધિકારી વિદ્વાન પંડિત દલસુખભાઇ માલવણિયાના તા. ૨૮-૨-૨૦૦૦ના રોજ થયેલ નિધનથી આંતરરાષ્ટ્રીય વિદ્વજ્જગતે એક પ્રચંડ પ્રતિભા ગુમાવી છે. ભારત અને ગુજરાત રાંક બન્યાં છે, તો મૂળથી જ વિદ્વાનોની બાબતમાં કંગાળ એવો જૈન સમાજ હવે વધુ કંગાળ બની ગયો છે.

વર્ષો અગાઉ આપણા અગ્રણી વિદ્વાન શ્રાવક પં. અગરચંદ નાહટાએ વ્યથિત હૃદયે કહેલું કે દિલ્હીમાં શ્વેતાંબર-દિગંબર એમ બન્ને ધારાઓના જૈન પંડિતોનું એક સંમેલન હતું, તેમાં દિગંબર પક્ષે શતાધિક વિદ્વાનોની ઉપસ્થિતિ સામે શ્વેતાંબર પક્ષે અમે બે-ત્રણ ગણ્યાગાંઠ્યા માણસો જ હતા !

રૂઢિપરસ્ત સમાજ અને તેના નેતાઓ ઇચ્છે યા ન ઇચ્છે, પણ વિદ્યાકીય અને સાહિત્યિક ભૂમિકાએ, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે, અન્ય સંપ્રદાયો તથા ધર્મોની સમકક્ષ, આપણા સિદ્ધાંતો વગેરેનું યથાર્થ અને અધિકૃત પ્રતિપાદન કરવું એ આજે અનિવાર્ય બન્યું છે; અને એ કાર્ય આવા અધિકારી વિદ્વાનો વિના કરવાનું રૂઢ માણસો માટે શક્ય નથી. આ સંદર્ભમાં શ્રી દલસુખભાઇને મૂલવવામાં આવે તો જૈન શ્વેતાંબર પક્ષના સમર્થ પ્રતિનિધિ તરીકે તેમણે દેશમાં પણ અને વિશ્વસ્તરે પણ આપણો પક્ષ રજૂ કર્યો છે, એટલું જ નહિ, પણ અન્ય ધર્મના કે સંપ્રદાયોના લોકો દ્વારા થતી અયોગ્ય કે વિપરીત રજૂઆતનો સજ્જડ પ્રતિવાદ પણ તેમણે અનેકવાર કર્યો છે. વાસ્તવમાં, તેમની રજૂઆતને પડકારી શકે, તેમને જૂઠા પાડી શકે અથવા તેમની ઉપસ્થિતિમાં અસત્ય પ્રતિપાદન કરી શકે તેવી ક્ષમતા જ અન્યોમાં ન હતી. સત્યનિષ્ઠ અને અનાગ્રહી એવી પારદર્શક વિદ્વત્તાની આ નિષ્પત્તિ હતી.

જીવનનાં છેલ્લાં વર્ષોમાં તેઓ સ્થિતપ્રજ્ઞભાવે અને લગભગ જેને સાક્ષીભાવ કહી શકાય તેવા ભાવે જ જાત-જગત અને કુટુંબ સાથે વર્તતા રહ્યા હોવાથી કોઇ વિશેષ લેખન કે ચિંતન તેમણે કર્યાં નથી. પરંતુ તેમ છતાં, જીવનના અંતિમ દિવસો પર્યંત બૌદ્ધિક અને માનસિક ક્ષમતા એટલી તો સજાગ-સબળ કે કોઇની જૂઠી દલીલ કે પ્રતિપાદનમાં ભદ્રભાવે જૂઠી હા-હા ન કરી દે; અને મૌનભાવે જીવતા હોવા છતાં તેમની ધાક એવી કે કોઇ ગપ્પાં મારતાં લાખવાર વિચાર કરે.

આવા સમર્થ વિદ્વાન સદ્‌ગૃહસ્થની ચિર વિદાય થતાં જૈન સમાજ હતો તે કરતાં વધુ રાંક બન્યો છે, એ નિઃશંક છે.

જો કે આ વિદ્વાનને જૈન સંઘે બહુ સ્વીકાર્યા નથી. જૈન સંઘમાં તેમની છાપ એક સુધારક અને નાસ્તિક તરીકેની હતી. ખરેખર તો આવી છાપ ઉપસાવવામાં આવેલી એમ કહેવું વધુ ઠીક ગણાય. આપણા સમાજની અને ધુરીણોની એક ખૂબી એ છે કે કોઇ મુસ્લિમ કે અજૈન પટેલ આદિ વ્યક્તિ જો અચાનક ઉપાશ્રયે આવે, દેવદર્શન કે ગુરુવંદન જેવી પ્રવૃત્તિ કરે, કે અઠ્ઠાઇ કરે, તો આપણાં હૈયામાં વધુ પડતો અહોભાવ ઉમટી આવવાનો, 'શાસનની બલિહારી' અનુભવવા માંડવાની, અને જે તે સાધુ કે આચાર્ય મહારાજના પુણ્ય-પ્રભાવનાં ગીતો ગવાવા માંડવાનાં.

હવે મુસ્લિમ કે પટેલ કાંઇ તેનો ધર્મ, તેની માન્યતા, તેના વ્યવહારો છોડતા નથી; છોડવાના પણ નથી. છતાં અમુક વખત કોઇક ગમ્ય કે અગમ્ય કારણોસર આવું બની જાય તો સમાજમાં આનંદ આનંદ છવાઇ જાય.

આની સામે શ્રી માલવણિયાની વાત જુઓ : મૂળે સ્થાનકવાસી પરંપરામાં તેઓનો જન્મ. અનાથ આશ્રમમાં ઉછેર. પછી પાછો સ્થાનકવાસી સાધુસંતો દ્વારા જ્ઞાનાભ્યાસ. આટલી ભૂમિકા પછી પોતાની લાયકાત અને સમાજના મોભીઓની પરખશક્તિના પ્રતાપે શાંતિનિકેતન સહિત વિવિધ સ્થળોએ અધ્યયન કરીને જૈન વિદ્વાન તરીકે અધિકારી બન્યા. પણ તે પછી મૂર્તિપૂજાની યથાર્થતા અને મુહપત્તિ બાંધવાની અયથાર્થતા આ બે વાત તેમણે સૌ પહેલાં સ્વીકારી. મુહપત્તિ છોડવાની વાત આચાર્ય તુલસી જેવાને મોઢામોઢ કહી પણ. પોતાની જન્મજાત પરંપરાને જ પ્રહાર કરવાની તેમની આ હિંમત કે ક્ષમતાને આપણે ક્યારેય સમજવાનો તથા નવાજવાનો વિચાર સુદ્ધાં કર્યો ખરો ?

વર્ષોના તેમની સાથેના નિકટના પરિચયને પરિણામે તેમનામાં જોવા મળેલાં મુખ્ય સુભગ તત્ત્વો આ હતાં : અનાગ્રહ, સમભાવ, ખરાબ કરનારનું પણ ભલું કરવાની વૃત્તિ, પોતાની ભૂલ સ્વીકારવાની તત્પરતા, માનવીય સંવેદનશીલતાથી છલકાતું હૃદય, જ્ઞાન અને સત્ય પ્રત્યેની અનહદ નિષ્ઠા વગેરે.

તેમણે વર્ષો પહેલાં અમુક બાબત પરત્વે પોતાના વિચારો જાહેરમાં વ્યક્ત કરેલા, જેને કારણે તેઓની ભારે ટીકા થઇ હતી અને તે જ કારણે જીવનભર કેટલાક લોકોએ તેમની સાથે અસ્પૃશ્યતા જેવો પણ વ્યવહાર કર્યો હતો. મારી તેમના વિશે એક સ્પષ્ટ છાપ રહી છે કે તેઓને જો પ્રમાણો અને તર્ક સાથે સમજાવવામાં આવે કે તમારા આ વિચારો તથા વિધાનો અયોગ્ય કે ભૂલભરેલાં છે, તો તેઓ એક પળનો ય વિલંબ કર્યા વગર પોતાની વાત પાછી ખેંચી લે, પોતાનાં ઉતાવળાં વિધાનો બદલ ક્ષમા માગે, તથા ભૂલ સુધારનારની પીઠ થાબડે. પરંતુ આપણે ત્યાં તેમને આ પ્રકારે વાળવાનો ઉદ્યમ કરવાને બદલે તેમને ઉતારી પાડવાનું તેમ જ સામાજિક રીતે અસ્પૃશ્ય જેવા ગણવાનું જ વલણ અપનાવાતું રહ્યું!

તેમના જીવનના એક મહત્ત્વપૂર્ણ પ્રસંગનો હું સાથી તેમજ સાક્ષી રહ્યો છું. ભગવાન મહાવીર દેવની પચીસમી શતાબ્દીની ઉજવણી નિમિત્તે અમદાવાદમાં એક પ્રવચન સભાનું આયોજન થયેલું. વક્તા તરીકે શ્રી રિષભદાસ રાંકા આવેલા. આયોજન શ્રી દલસુખભાઈ તથા રતિલાલ દીપચંદ દેસાઇને સોંપાયેલું. આયોજક ગુજરાત રાજ્ય કમિટીના વડા લેખે શેઠ કસ્તૂરભાઇ લાલભાઇ હતા.

આ સભામાં તોફાન થવાની દહેશત હતી. આયોજકોનું ધ્યાન પણ દોરેલું જ. પરંતુ ધર્મ અને ધર્મીજનો પ્રત્યે નિઃશંક નિષ્ઠા ધરાવતા, તેમજ વિરોધ કરનાર અહિંસક વિરોધ જ કરે, હિંસક નહિ જ, તેવા ખ્યાલમાં રમતા આયોજકોએ કોઈ તકેદારી ન રાખી. ફલતઃ વિરોધ કરનારા મિત્રોએ શ્રી રાંકાની આંખમાં મરચાં છાંટ્યાં, તેમને લગભગ નિર્વસ્ત્ર કરી મૂક્યા તથા અન્ય ભાંગફોડ પણ કરી, ને સભા ન થવા દીધી.

તત્કાલ પોલીસ આવી. તોફાનીઓ પૈકી ૪-૫ પકડાયા પણ ખરા. અતિવ્યગ્ર એવી તે ક્ષણોમાં પણ જેવું આયોજક બેય વિદ્વાનોના ધ્યાન પર આવ્યું કે પોલિસ બાર યુવાનોને પકડી લઇ જઇ રહી છે કે તરત જ તેઓ બધું પડતું મૂકીને દોડ્યા, વાનને રોકી અને પકડાયેલા યુવકોને 'તેઓ નિર્દોષ છે' એમ કહી, જામીન આપીને છોડાવી મૂક્યા.

પાછળથી આ અંગે તેમને પૂછ્યું ત્યારે તેમણે જે કહ્યું તે તેમના આંતરિક પ્રવાહોને સમજવા માટે બહુ મહત્ત્વનું છે. તેમણે કહ્યું કે મહારાજ ! અમે 'મહાવીરસ્વામીની અહિંસા' વિશે વ્યાખ્યાન માટે ભેગા થયા હતા. તેમાં અમે અપરાધ કરનારને પણ ક્ષમા દેવાની વાતો કરવાના હતા. દુર્ભાગ્યે તે પ્રવચન તો ન થઇ શક્યું, પરંતુ તે સાથે જ પ્રવચનને આચરણમાં મૂકવાનો મોકો તો મળી ગયો,

એટલે અમે યુવાનોને નિર્દોષ ગણાવી છોડાવી મૂક્યા ! કહો, અમે ભગવાનની વાણીનું પાલન કર્યું તે યોગ્ય કે અયોગ્ય ?

બીજો એક પ્રસંગ બહુ જાણીતો નથી. સંદર્ભ પચીસમી શતાબ્દીનો જ છે. શ્રી માલવણિયા પર એક દહાડો એકાએક ફોન આવવા શરૂ થયા. અજુગતી ભાષામાં શતાબ્દીની ઉજવણીનો વિરોધ કરવાની સલાહ, અને તેમ નહિ થાય તો મારી નાખવાની ધમકી-આ ફોનનો સંદેશો. બે-એક દિવસ પછી ફોન કરનારે ઉગ્ર ભાષામાં કહ્યું કે હું તમારી હત્યા કરવાનો છું, તૈયાર રહેજો.

શ્રી માલવણિયાએ લેશ પણ વિચલિત થયા વિના તેને કહ્યું કે 'તમે ક્યારે અને ક્યાં મારું ખૂન કરવા માગો છો તે કહો, તો હું ત્યાં તે સમયે હાજર રહી શકું, ને તમારે ધક્કો ન પડે. અને હું એકલો જ આવીશ, એટલે બીજી ચિંતા ન કરતા.'

આવો જવાબ અપાયા પછી એ ફોન આવતા તો બંધ થઇ ગયા, એ પણ એક ચમત્કાર જ ગણાય. પરંતુ, આ વાતના સંદર્ભમાં મેં તેઓને પૂછ્યું કે પેલી અનામી વ્યક્તિએ તમને સમય આપ્યો હોત તો તમે શું કરત ? ત્યારે પૂરી ગંભીરતાથી તેમણે મને કહ્યું કે 'મહારાજ ! તો હું તે જગ્યાએ અને તે સમયે એકલો અવશ્ય જાત, અને તેને પ્રેમથી આવા ખતરનાક માર્ગેથી પાછો વળવા સમજાવત.'

જ્ઞાનોપાસનાની વાત કરું તો તેમનો પરિચય જ મને જ્ઞાનાભ્યાસના સંદર્ભે થયો હતો. મારા અધ્યયનમાં આવતા તર્કશાસ્ત્રના અમુક પદાર્થ મને બેઠા નહિ. થયું: કોને પૂછું તો આનો ઉકેલ મળે ? બહુ મથામણ પછી સૂઝ્યું કે માલવણિયાજી પ્રખર દાર્શનિક ગણાય છે તેમને પૂછાવું. મેં પત્ર લખીને પૂછાવ્યું. હું પાંજરાપોળ ઉપાશ્રયે. તેઓ ઈંડોલોજીના નિર્દેશક. મારા પત્રના જવાબમાં એક દિવસ બપોરે બે વાગે તેઓ મારી સામે આવીને ઊભા રહ્યા. કહે : હું દલસુખ.

હું તો તાજુબ ! કોઇ દિવસ જોયેલા નહિ, કોઇ પૂર્વસંદેશો નહિ, અને આવા મોટા વિદ્વાન આ રીતે આવી શકે તેવો કોઇ અંદાજ પણ ન હોય. પછી તો તેઓ બેઠા. મારી શંકાઓના ઉકેલ સમજાવ્યા. કહે : પત્રમાં કેટલું સમજાવાય ? માટે પ્રત્યક્ષ જ આવી ગયો. તમે બહુ ઝીણવટથી ભણો છો તેથી ઘણો રાજી થાઉં છું. આ રીતે જ ભણજો.

આ પછી તો એવી આત્મીયતા રચાઇ કે જે તેમના પૂરા પરિવાર સાથે અદ્યાવધિ જળવાઇ છે. તેમને સુધારક ગણનારા કેટલાક મિત્રો મને ઘણીવાર કહે કે માલવણિયા સાથે તમારે બહુ બને, ખરું ? હું કહું કે ચોક્કસ બને. એમની બધી વાત સાથે સહમત ન હોઇએ તો પણ એક મનુષ્ય, એક સજ્જન ને એક મૂર્ધન્ય વિદ્વાન તરીકે તેમની સાથે સુમેળ રાખવામાં મને કોઇ આપદા જણાતી નથી.

ઈંડોલોજી (L.D. Institute) માટે તેમને અનહદ લગાવ રહ્યો. પોતાની સર્જનાત્મક પ્રતિભાને તેમણે ઈંડોલોજીના સર્વાંગીણ વિકાસ તથા પ્રતિષ્ઠા કાજે ન્યોચ્છાવર કરી હતી. મારો એ અનુભવ છે કે વહીવટ હંમેશાં સર્જનાત્મક ઉન્મેષને ગ્રસી જાય છે. દલસુખભાઈ આ વાત જાણતા અને એનો એકરાર પણ કરતા. પરંતુ મુનિશ્રી પુણ્યવિજયજી, પં. સુખલાલજી તથા બેચરદાસ દોશી, તેમજ શેઠ કસ્તૂરભાઇએ જે આશા અને શ્રદ્ધાથી ઈંડોલોજીનું સુકાન તેમના હાથમાં સોંપ્યું હતું તેને નિષ્ફળ કેમ જવા દેવાય ? આ એકમાત્ર વૃત્તિપ્રેરિત લગનથી તેમણે ઈંડોલોજીને વિકસાવ્યું. તેની વિશ્વવિખ્યાત ગ્રંથમાળા ઊભી કરી, નામાંકિત દિગ્ગજ વિદ્વાનોને તેમાં સક્રિય રસ તથા ભાગ લેતા કર્યા; અને તેથી યે વધુ ઈંડોલોજીના પ્રથમ વર્ગથી લઈને ચોથા વર્ગ સુધીના કર્મચારીઓમાં ઈંડોલોજી માટે એક માતૃસંસ્થાની મમતા તેમણે જાગૃત કરી હતી.

ઇન્ડોલોજીના પોતાના કાર્યકાળ દરમ્યાન જ કેનેડાની ટોરન્ટો યુનિવર્સિટીનું આમંત્રણ મળતાં એક વર્ષ માટે ત્યાં દર્શનશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે જવાનું બન્યું. ત્યાં એવી ખ્યાતિ તથા ચાહના પ્રાપ્ત કરી કે યુનિવર્સિટીએ કાયમી પ્રાધ્યાપક તરીકે રહેવા ઓફર કરી અને આકર્ષક પ્રલોભનો પણ આપ્યાં. પરંતુ આ વિદ્વાન તો વિદ્યામંદિરને જ વરેલા ! તેમણે તે પ્રલોભનનો નિર્મમ ઇન્કાર કર્યો અને ઇન્ડોલોજીને જ સમર્પિત રહ્યા. વિદ્યાકીય નીતિમત્તાનો આ ઐતિહાસિક દાખલો છે.

ઈંડોલોજીમાંથી સર્વથા નિવૃત્ત થયા ત્યારે, નિવૃત્તિ સાથે જ આજીવિકાની ચિંતા પણ આવી પડી. સંસ્થાનું મકાન પાછું સોંપવું અનિવાર્ય. તો પોતાનું ઘર પણ હોવું અનિવાર્ય. વિદ્યાને વરેલા આ માણસે પોતાનું ઘર કેવા કપરા સંજોગોમાં બનાવ્યું છે, તેની વળી એક કથની છે. પણ ન દીનતા, ન પરાધીનતા, ન અનીતિ, ન અપ્રામાણિકતા. જાણે માનવીય સાત્ત્વિક ગુણોની ઉમદા આવૃત્તિ.

કેનેડાની યુનિવર્સિટીએ તેમની એક વર્ષની સેવાના બદલામાં તેમને જીવન પર્યંત માસિક પેન્શન મોકલ્યા કર્યું. જીવન હોમ્યું ત્યાંથી લગભગ કાંઇ ન મળે, ને એક વર્ષના બદલામાં જીવનભર મળે, આ વાત, સ્વદેશી-વિદેશી સમાજવ્યવસ્થા તથા અર્થવ્યવસ્થા વચ્ચેનો તેમજ વિદ્યાપુરુષો પ્રત્યેના સન્માનની વૃત્તિ-વૃત્તિ વચ્ચેનો તફાવત સૂચવી જાય છે.

તેમની નિવૃત્તિ પછીનો એક પ્રસંગ યાદગાર છે. તેઓ નિવૃત્ત થયાના ખબર મળતાં જ આચાર્ય શ્રી તુલસીએ તેમને જૈન વિશ્વભારતી-લાડનૂ માટે નિમંત્રણ પાઠવ્યું. નિવાસ સહિતની સર્વ સુવિધા, સંસ્થામાં ઇચ્છે તે હોદ્દો, ઈચ્છે તે વેતન, તેમજ પછીની પણ વ્યવસ્થા, ઉપરાંત દલસુખભાઈ જે શરત કરે તેનો સ્વીકાર; આ પ્રકારનું તે નિમંત્રણ હતું. મને તેની જાણ થઇ. મેં તેમને કહ્યું: દલસુખભાઇ, તમે શું નક્કી કરો છો ? જવાના ? જવાબ લગભગ હકારાત્મક હતો. માન, વિદ્યાકીય સર્જન-સંશોધન-અધ્યાપનની પૂરી તકો ઉપરાંત જીવનનિર્વાહ, બધું જ સિદ્ધ થતું હતું, એટલે સહજ મન થયું હશે. મેં તેમને કહ્યું: દલસુખભાઈ, મારી એક વાત સાંભળો, તમારે લાડનૂ કે પરદેશ જ્યાં જવું હોય ત્યાં જરૂર જજો. મહિનો રહી આવજો. વર્ષમાં ત્રણવાર જજો. પરંતુ તમારું કાયમી રહેઠાણ તો અમદાવાદમાં જ રાખજો. ગુજરાતી છો, ને ગુજરાતમાં રહો તો ઘણું ઉત્તમ-ઉચિત થશે. અમારા જેવાને ક્યારેક વિદ્યાલાભ પણ થશે.

તેમણે તે વખતે કાંઇ ઉત્તર ન આપ્યો. પરંતુ પછી તેઓ ક્યાંય ગયા નહિ, ને છેક સુધી અમદાવાદમાં જ રહ્યા.

અમે ઓપેરા સોસાયટીમાં ચાતુર્માસ કર્યું ત્યારે તો તેઓ વ્યાખ્યાન સાંભળવા પણ આવતા. ન અવાયું હોય તો શ્રોતા-મિત્ર ઇન્દુભાઈ ઝવેરી દ્વારા બધું જાણતા. તે ચોમાસામાં સંઘમાં કંઠાભરણ તપ થયેલું. તે નિમિત્તે ભગવાનને સોનાનો હાર ચડાવવાનો ઉત્સવ હતો. ભારે આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે એ ઉત્સવમાં દલસુખભાઇ પણ શામેલ હતા. દેરાસરમાં પણ બધા સાથે ભાગ લેતા હતા. પછી તો તેમણે જ કહ્યું કે હું વારંવાર દર્શન માટે જતો જ હોઉં છું.

આવી તો અનેક વાતો છે, જેમાં નાસ્તિક મનાયેલા આ વિદ્યાપુરુષના ઉજળા આંતર-પ્રવાહોનો પરિચય મળી રહે. અમુક માણસે તમારા માટે આવી આવી ખરાબ વાતો / નિંદા કરી'-આવું તેમને કહેવામાં આવે, તો તેઓ નિર્દોષ હાસ્ય વેરતા, અને કહેતા કે એમને મારામાં એવું લાગ્યું હશે તો કહેતા હશે. અને પછી એ જ વ્યક્તિ કોઇ કામ લઇને તેમની પાસે આવે તો કોઇ જ અરુચિ, નફરત કે દુર્ભાવ વિના તેનું કામ કરી આપતા. આ રીતે વર્તવાનું ભલભલા સાધુપુરૂષ માટે પણ, ઘણીવાર, અઘરૂં હોય છે.

આવા સજ્જન વિદ્વાનની ચિર વિદાયથી ગુજરાતનું વિદ્યાજગત નિ:શંક દરિદ્ર બન્યું છે. ભારતે એક દાર્શનિક પ્રતિભા ગુમાવી છે, અને જૈન સમાજે એક પ્રતિભાસંપન્ન પંડિત પુરુષને ખોયો છે.

❖ ❖ ❖

# ૧૪મી એપ્રિલ, ૧૯૪૪

☐ રમણલાલ ચી. શાહ

૧૪મી એપ્રિલ, ૧૯૪૪નો દિવસ મુંબઇના ઇતિહાસમાં રક્તાક્ષરે લખાયેલો છે. મુંબઇએ આવો ભયંકર દિવસ ક્યારેય જોયો નથી. એ દિવસ નજરે જોનાર અને અનુભવનાર કેટલીયે વ્યક્તિઓ ૨૦૦૦ની આ સાલમાં આજે પણ વિદ્યમાન છે. તેઓ આ વાતની સાક્ષી પૂરશે. એવા કેટલાકે તો આર્થિક નુકસાન ઉપરાંત પોતાના સ્વજનો પણ ગુમાવ્યાં હશે.

મુંબઇની વસતિ ત્યારે વીસેક લાખની હતી. તે મુખ્યત્વે તળ મુંબઇમાં, દાદર, માટુંગા સુધી હતી. થોડીક વસતિ છૂટાંછવાયાં પરાંઓમાં હતી. એક બાજુ આઝાદીની લડતના અને બીજી બાજુ બીજા વિશ્વયુદ્ધના એ દિવસો હતા. ૧૯૪૨-૪૩માં તો યુદ્ધના ભયને કારણે લગભગ અડધું મુંબઇ ખાલી થઇ ગયું હતું, પરંતુ જૂન મહિનામાં નિશાળો ઊઘડતાં કેટલાંયે કુટુંબો વતનમાંથી પાછા આવ્યાં હતાં.

૧૯૪૨-૪૩ના બ્રિટિશ શાસનકાળ દરમિયાન એશિયામાં જાપાન બ્રિટન અને અમેરિકાની સામે યુદ્ધે ચડતાં પરિસ્થિતિએ ભારે વળાંક લીધો હતો. જાપાને થાઇલેન્ડ, મલેશિયા અને સિંગાપુર ઉપર પોતાનો કબજો જમાવી દીધો હતો અને બર્મામાં યુદ્ધ ચાલી રહ્યું હતું. કલકત્તા અને મુંબઇ ઉપર ભય તોળાઇ રહ્યો હતો.

યુરોપના યુદ્ધ માટે બ્રિટન દ્વારા ભારતમાંથી લશ્કરી ભરતી પૂરજોશમાં ચાલી રહી હતી. વળી એ યુદ્ધ માટે ઓસ્ટ્રેલિયાથી બોલાવાયેલા સૈનિકો થોડા થોડા દિવસે વચમાં મુંબઇ બંદરે ઊતરતા અને શહેરમાં ઘૂમતા. મુંબઇમાં 'બ્લેક આઉટ' આવી ગયો હતો. બારીઓના કાચને કાળા કાગળ ચોંટાડાઇ ગયા હતા. ઘરની બત્તીનું અજવાળું અમુક માપના વર્તુળથી વધે તો દંડ થતો. એર રેઇડ સાયરનની પ્રેક્ટિસ કરાવાતી અને રસ્તાઓમાં થોડે થોડે અંતરે રેતીની ગુણોની થપ્પીઓ લગાવાઇ ગઇ હતી કે જેથી હવાઇ હુમલો થાય ત્યારે તેની પાછળ બેસી જવાથી બોમ્બની કરચો વાગે નહિ.

૧૯૪૪ના માર્ચમાં મેટ્રિકની પરીક્ષા આપીને ઉનાળાની રજાઓ હોવાથી હું ત્રણ મહિના માટે નોકરીમાં જોડાઇ ગયો હતો. ત્યારે મારી ઉંમર સત્તર વર્ષની હતી. ઝવેરી બજાર પાસે ચંપાગલીમાં બુટાલા નામના એક ઇન્કમટેક્ષ પ્રેક્ટિશનરની ઓફિસમાં મારા વડીલ બંધુ શ્રી જયંતીભાઇની ભલામણથી આ નોકરી મળેલી. સવારના દસથી સાંજના સાત સુધીની એ નોકરીમાં, કલાર્કનું અને પટાવાળાનું એમ બંને કામ મારે કરવાનાં રહેતાં. ઝાડું કાઢવું, પાણી ભરવું, કાગળો ટાઇપ કરવા, ફાઇલો ગોઠવવી, ચિઠ્ઠી-સંદેશા પહોંચાડવા વગેરે પરચુરણ કામ આવડી ગયું હતું. બુટાલા સાહેબ ઘરેથી ઇન્કમટેક્સ ઓફિસે જઇ બપોરે ચંપાગલીની ઓફિસે આવતા.

૧૪મી એપ્રિલે બપોરે ઓફિસમાં બુટાલા સાહેબ પોતાનું કામ કરતા હતા. હું લાકડાની ફોલ્ડિંગ ખુરશી પર બેસી કાગળ ટાઇપ કરતો હતો. ત્યાં સાંજના ચારેક વાગે અચાનક અમારું મકાન ધ્રૂજી ઊઠ્યું. હું ખુરશી સાથે ગબડી પડ્યો. બુટાલા સાહેબ પડતાં પડતાં બચી ગયા. તેઓ બોલ્યા, 'ધરતીકંપ થયો લાગે છે.' થોડીક ક્ષણોમાં ભયંકર મોટો અવાજ સંભળાયો. 'આ ધરતીકંપનો જ અવાજ છે', બુટાલા સાહેબે કહ્યું, 'આપણે નીચે ઊતરી જઇએ...ઘરે જ જતા રહીએ.'

નીચે ગલીમાં ભાગાભાગ થઇ રહી હતી. દુકાનો ટપોટપ બંધ થતી હતી. અમે પણ ઓફિસ બંધ કરી ઘરે જવા નીકળ્યા. લોકો ગભરાટમાં હતા. કોઇક કહેતા હતા કે જાપાનનો બોમ્બમારો ચાલુ થઇ ગયો છે. કોઇક કહેતા જાપાની સ્ટીમરે ગોદીમાં તોપમારો ચાલુ કરી દીધો છે.

હું હજુ ઝવેરી બજાર વટાવી ભૂલેશ્વરના નાકે પહોંચું ત્યાં તો કાન ફાડી નાખે એવો બીજો ભયંકર ધડાકો થયો. માણસો મકાનોમાં ઘૂસી ગયા. હું પણ એક મકાનના ઓટલા પર ચડી ગયો. આકાશમાં ધૂમાડાના ગોટેગોટા અને મોટા મોટા તણખાઓ ફેલાતા જતા હતા. લોખંડના (અને પછીથી ખબર પડી કે સોનાના પણ) મોટા મોટા ટુકડાઓ આકાશમાં ઊછળીને પડતા નજરે દેખાતા હતા. હું ઊભો હતો ત્યાં બાજુના જ મકાનમાં છાપરા ઉપર ચારેક ફૂટ જેટલો લાંબો લાલચોળ ટુકડો પડ્યો અને છાપરું ફાડીને તે નીચે રસ્તા પર પટકાયો. આવા તો અનેક ટુકડા ચારે બાજુ પડ્યા. કેટલાક ટુકડા છાપરા તોડીને ઘરમાં પડ્યા. કેટલાંયે મકાનોનાં બારી બારણાં અને કાચ તૂટ્યા. ઘવાયેલા માણસો ગભરાટમાં આમતેમ દોડી રહ્યા હતા. યુદ્ધ સમયની વાસ્તવિક પરિસ્થિતિ કેવી હોય એનો તાદશ ચિતાર નજર સામે દેખાયો. યુદ્ધનો ડર કોને કહેવાય તેનો સાક્ષાત્ સ્વાનુભવ થયો.

સંરક્ષણ માટે મકાનોમાં ઘૂસેલા માણસો બહાર નીકળવાની હજુ હિંમત કરતા નહોતા. પંદર-વીસ મિનિટ પછી આકાશી આક્રમણ શાન્ત થતાં લોકો ઘર ભણી દોડવા લાગ્યા. હું પણ દોડતો ખેતવાડીમાં સિંધી ગલીના નાકે આવેલા મારા ઘરે પહોંચી ગયો.

ઘરે મારાં બા, બહેનો વગેરે હતાં. પિતાજી અને ભાઇઓ નોકરીએથી હજુ આવ્યા નહોતા. બાએ કહ્યું 'બીજા ધડાકામાં તો મકાનમાં કેટલીયે રૂમોનાં બારણા જોરથી ભટકાયાં. કેટલાકની બારીઓ તૂટી ગઇ.' ચાલીમાં જે ઓરડીનાં બારણાં બંધ હતાં તેના આંગળીયા તૂટી ગયા કે વાંકા વળી ગયા હતા. પાડોશીઓમાં એક જ વાત ચર્ચાતી હતી. દરેક પોતાના અનુભવની વાત કરતાં હતાં.

થોડી વારમાં મારા પિતાજી આવી પહોંચ્યા. તેઓ હાંફળાફાંફળા હતા. તેમણે કહ્યું 'ચાલો છોકરાઓ નીચે. આપણા પડોશી નવીનચંદ્રભાઇ ઘાયલ થઇ ગયા છે. એમને ઘોડાગાડીમાંથી ઊંચકીને ઉપર લઇ આવીએ.' અમે દોડ્યા. નવીનચંદ્રને ઊંચકીને એમની રૂમમાં લઇ આવ્યા. એમને જોઇને એમની પત્નીએ તો તરત મોટી પોક મૂકી. નવીનચંદ્ર અર્ધા ભાનમાં હતા. પગે ઘાયલ થયા હતા, છતાં જીવનું જોખમ લાગતું નહોતું. અમે એમનાં લોહીવાળાં કપડાં તરત બદલાવ્યાં. શરીર સ્વચ્છ કર્યું અને ઘા પર તરત પાટાપિંડી કરી લીધાં અને અમારા ઘરે આવ્યા. નવીનચંદ્રને ઊંચકવાને લીધે લોહીના ડાઘાવાળા થયેલાં કપડાં બદલતાં બદલતાં પિતાજીએ કહ્યું, 'જાપાનનો બોમ્બમારો ચાલુ થઇ ગયો છે. બીજા બોમ્બમારા પછી તો દુકાન બંધ કરી અમે બધા ઘરે પહોંચવા નીકળી પડ્યા. ઉતાવળી ચાલે હું ચાલતો હતો. નાગદેવીના નાકેથી પાયધૂની તરફ વળ્યો ત્યાં મને મોટી ચીસ સંભળાઇ 'એ ચીમનભાઇ, એ ચીમનભાઇ, મને બચાવો.' મેં જોયું તો એક બંધ દુકાનના ઓટલા પર નવીનચંદ્ર પડ્યા હતા. એમનાં કપડાં લોહીવાળાં થઇ ગયાં હતાં. એમણે કહ્યું, 'ચીમનભાઇ, મને બહુ લાગ્યું છે, મને ચક્કર આવે છે. મારાથી ચલાતું નથી, હું મરી જઇશ. મને ઝટ ઘરે પહોંચાડો.' પિતાજીએ અમને કહ્યું 'મેં તરત એક ઘોડાગાડીવાળાને ઊભો રાખ્યો. બહુ મનાવ્યો ત્યારે એ આવવા સંમત થયો. બે-ત્રણ જણની મદદ લઇને ઊંચકીને નવીનચંદ્રને ઘોડાગાડીમાં બેસાડ્યા અને અહીં અમે આવી પહોંચ્યા. હું ન હોત તો કદાચ નવીનચંદ્ર બચત નહિ. બહુ લોહી નીકળી ગયું હતું.'

જાપાની વિમાનો મુંબઇ પર ત્રાટક્યાં છે એટલે મુંબઇ છોડીને ભાગવું જોઇએ એવી હવા અમારા વિસ્તારમાં પ્રસરી રહી. એ દિવસોમાં મુંબઇમાં ટ્રામ, ઘોડાગાડી અને માલસામાન માટે બળદગાડી

વગેરે વાહનો હતા. સાંજ પડતાં પહેલાં અમારા વિસ્તારમાં કેટલાક ગામઠી મરાઠી કુટુંબો બિસ્તરા-પોટલા સાથે બળદગાડીમાં રવાના થવા લાગ્યાં હતાં. રેલવે સ્ટેશન તરફનો ધસારો વધી ગયો હતો. આ દશ્યો જોઇ અમારી ચાલીમાં પણ કેટલાકને લાગ્યું કે બૈરા છોકરાંઓને ઝટ દેશભેગાં કરી દેવા જોઇએ. આમેય ૧૯૪૨-૪૩માં યુદ્ધના ભયને કારણે ઘણાં કુટુંબો મુંબઈ છોડી ગયાં હતાં. એટલે કેટલાક મકાનો સૂમસામ થઇ ગયાં હતાં. અમારા કુટુંબમાં પણ વિચારણા થઇ કે બીજે દિવસે કોણે કોણે વતનમાં ચાલ્યા જવું.

તે સાંજે લોકો સમાચાર લાવ્યા (છાપાં-રેડિયો-ટેલિફોનનો પ્રચાર તે દિવસોમાં અલ્પ હતો.) કે જાપાનીઓ નથી ચડી આવ્યા, પણ ગોદીમાં સ્ટીમરમાં દારૂગોળામાં લાગેલી આગના ધડાકા થયા છે. આગ અકલ્પ્ય મોટી છે અને હજુ બુઝાઇ નથી એ વાતની ખાતરી અડધા રાતા આકાશથી થઇ ગઇ. પોતપોતાના મકાનની અગાશીઓમાં ચડીને લોકો વધતી જતી આગ મોડી રાત સુધી નિહાળતા રહ્યા હતા.

બીજે દિવસે છાપાંઓમાં સત્તાવાર વિગતો આવી. જાપાનની આગેકૂચને ખાળવા માટે બ્રિટને દારૂગોળો ને નાના યુદ્ધવિમાનો સહિત નૌકાનો કાફલો ઈંગ્લેન્ડથી રવાના કર્યો હતો. ઈંગ્લેન્ડમાં બર્કિનહેડ બંદરેથી ૨૪મી ફેબ્રુઆરી ૧૯૪૪ના રોજ વીસ યુદ્ધ જહાજો ઊપડ્યાં. એની આગેવાની ફોર્ટ સ્ટીકીન નામના જહાજે લીધી હતી. આ બધાં જહાજો ૧૨મી એપ્રિલ કરાંચી બંદરે આવી પહોંચ્યા હતાં. ત્યાં એક દિવસ રોકાઇ ૧૪મી એપ્રિલે સવારે એ જહાજો મુંબઇ બંદરે આવી પહોંચ્યાં. તે અહીંથી કોચીન, કલકત્તા, ઢાકા જઇને રંગૂન પહોંચવાનાં હતાં.

૧૪મી એપ્રિલે સાડા બાર વાગે વિરામના એક કલાકમાં જહાજોના કપ્તાનો, ખલાસીઓ, સૈનિકો શહેરમાં ભોજન વગેરે માટે ગયા. તે વખતે ફોર્ટ કેવિયર નામના જહાજના કપ્તાને ફોર્ટ સ્ટીકીનમાંથી સાધારણ ધૂમાડા નીકળતા જોયા હતા. પરંતુ થોડીવારમાં તે બંધ થઇ ગયા હતા. એક કલાકના વિરામ પછી જહાજના કર્મચારીઓ પાછા ફર્યા ત્યારે ફરી પાછી આગ ચાલુ થઇ ગઇ હતી. એટલે તરત જહાજમાં સાવચેતીનો ઘંટ વગાડ્યો હતો અને ફાયર બ્રિગેડને જાણ કરાઇ હતી. જહાજના સભ્યોને જહાજ છોડીને નીકળી જવાનો કેપ્ટને ઓર્ડર આપી દીધો હતો.

સ્ટીમરની આ આગનો સંદેશો મળતાં દક્ષિણ મુંબઇના બધા બંબાવાળાઓ ગોદીમાં પહોંચી ગયા. તેઓએ તરત પાણીનો મારો સ્ટીમર ઉપર ચાલુ કરી દીધો. પરંતુ આગ કાબૂમાં આવતી નહોતી. તેનું મુખ્ય કારણ એ હતું કે સ્ટીમરમાં યુદ્ધ માટેનો દારૂગોળો ભર્યો હતો. બંબાવાળાઓ સમુદ્રના કિનારે ગોદીમાં સ્ટીમરની નજીક બંબા હારબંધ ગોઠવી આગને નિયંત્રણમાં લેવાની ભારે જહેમત ઉઠાવી રહ્યા હતા. પરંતુ આગ અંદર વધતી વધતી એના દારૂખાના સુધી પહોંચી ગઇ હતી. પરિસ્થિતિ અત્યંત ભયંકર છે એવો અંદાજ બંબાવાળાઓને આવ્યો નહિ. વળી તેઓ તો કર્તવ્યપરાયણ હતા. તેઓની તો જિંદગી જ જોખમભરેલી ગણાય. બરાબર સવા કલાકની જહેમત પછી બહારની આગ થોડીક નિયંત્રણમાં આવી, પણ ધૂમાડાના ગોટેગોટા નીકળતા રહ્યા હતા. એવામાં બરાબર સાંજના ૪-૦૬ મિનિટે જહાજમાંથી જાણે જ્વાળામુખી ફાટ્યો હોય એવો ભયંકર વિસ્ફોટ થયો. એ એટલો બધો ભયંકર હતો કે ધરતી ધ્રૂજી ઊઠી હતી. એ વખતે લગભગ બધાજ બંબાવાળા ઊછળ્યા એટલું જ નહિ, બંબાઓ પણ તૂટ્યા કે ઊછળ્યા. બંબાસહિત કેટલાક બંબાવાળા દરિયામાં પડ્યા અને ડૂબી ગયા. કેટલાયના શરીરના ટુકડે ટુકડા થઇ ગયા. કેટલાક હવામાં પચાસ સો ફૂટ ઊંચે ઊછળીને જમીન પર પટકાયા કે દરિયામાં પડ્યા. કુલ ૬૬ બંબાવાળાઓના પ્રાણ એક મિનિટમાં હોમાઇ ગયા.

હવે જે આગ ભભૂકી તે તો દારૂગોળાની હતી. મોટા મોટા રાક્ષસી ભડકા વધવા લાગ્યા. એમાં સમી સાંજનો દરિયાઈ પવન ભળ્યો. સ્ટીમરના લાકડાના સળગતા પાટિયાંઓ દૂર દૂર ઊડ્યા અને ત્યાં આગ લગાડી. વળી જહાજના નીચેના ભાગમાં આગ પહોંચી કે જ્યાં વધુ વિનાશક ભયંકર દારૂગોળાનો જથ્થો રાખવામાં આવ્યો હતો. પહેલાં ધડાકા પછી બરાબર ચોંત્રીસ મિનિટ પછી એટલે કે ૪-૪૧ મિનિટે બીજો ભયંકર ધડાકો થયો.

આ બીજો ધડાકો પહેલા ધડાકા કરતાં ત્રણગણો ભયંકર હતો. એથી બીજી બેત્રણ સ્ટીમરોમાં પણ આગ લાગી. લોખંડના સેંકડો ટુકડાઓ, સોનાની પાટો, સળગતા લાકડાંના પાટિયાંઓ આકાશમાં ઊડ્યાં અને ચાર માઇલના વિસ્તારમાં દાણા બંદર અને મસ્જિદ બંદર, નરસી નાથા સ્ટ્રીટ, કાઝી સૈયદ સ્ટ્રીટ, સેમ્યુઅલ સ્ટ્રીટથી શરૂ કરીને ઠેઠ ઝવેરી બજાર, ભીંડી બજાર, નળ બજાર, પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી, પાયધૂની સુધીના વિસ્તારમાં પડ્યા અને કેટલાયે માણસો ઘાયલ થયા. કેટલાંયે મકાનોના છાપરાંઓ તૂટ્યા.

ગોદીમાં કામ કરતા કેટલાયે માણસો મૃત્યુ પામ્યા. કેટલાયે ઘવાયા. એ વિસ્તારમાંથી ભાગતા માણસોનાં કપડા અને મોઢાં કાળાં કાળાં થઇ ગયાં હતા. કેટલાંકના શરીરમાંથી લોહી નીકળતું હતું. આ બીજો ધડાકો એટલો જોરદાર હતો કે છેક સાન્તાક્રુઝ અને વિલેપાર્લેના લોકોને સંભળાયો હતો. ધડાકાને લીધે ધરતીકંપ જેવી ધ્રૂજારી થઇ તે કોલાબાની અને પૂનાની વેધશાળામાં સિસ્મોગ્રાફમાં નોંધાઇ હતી.

આ ઘટનાની કમનસીબી એ કે બમ્બાવાળાઓ બમ્બા સહિત દરિયામાં ડૂબી ગયા કે ઘાયલ થઇ મૃત્યુ પામ્યા. હવે બીજા બંબાઓ ક્યાંથી આવે અને કેટલીવારે પહોંચે ? એટલે આગ તો ઝડપથી પ્રસરતી ગઇ. જૂના વખતમાં લાકડાના દાદર અને મેડાવાળાં અડોઅડ મકાનોને આગમાં ભરખાતાં વાર ન લાગી. સાંજે તો ગોદી પાસે આવેલો આખો વિસ્તાર ભડકે બળવા લાગ્યો. માણસો પહેરેલ લૂગડે ઘર છોડીને ભાગ્યા. આજુબાજુના મકાનો પોલીસે ખાલી કરાવ્યાં. રાતને વખતે આકાશ લાલઘૂમ થઇ ગયું. મકાનની અગાશીઓમાંથી મોટી મોટી જ્વાળા દેખાવા લાગી.

સરકારી તંત્રનું કામ હવે આગ ઓલવવા કરતાં આગ વધતી અટકાવવાનું થઇ ગયું. જે મકાન ભડકે બળતું હોય તેના પછી ત્રીજું ચોથું મકાન જો પાડી નાંખવામાં આવે તો જ આગ આગળ વધે નહિ. કેટલાક મકાનો સુરંગોથી તોડવામાં આવ્યાં. બંદરનો આખો વિસ્તાર પોલીસે કબજે કરી લીધો. ત્યાં માણસોની અવરજવર બંધ થઇ ગઇ. પરામાંથી અને બહારગામથી બોલાવેલા બંબાવાળાની કામગીરી વધી ગઇ.

દાણાબંદરની આ આગ બે-ત્રણ દિવસમાં તો ચારે બાજુ ઘણી બધી પ્રસરી ગઇ. જાનમાલનું પારાવાર નુકસાન થયું. એક અંદાજ પ્રમાણે આસરે પાંત્રીસ કરોડ રૂપિયાનું નુકશાન થયું હતું. એટલું મોટું નુકશાન મુંબઇ શહેરે પોતાના આજ દિવસ સુધીના ઇતિહાસમાં ક્યારેય જોયું નથી. આ ભયંકર આગમાં છ હજાર કરતાં વધારે દુકાનો બળી ગઇ. જે મકાનો બળી ગયાં, અથવા જે તોડી પાડવામાં આવ્યાં એવાં મકાનોમાં રહેતા સેંકડો કુટુંબોએ પોતાનું સર્વસ્વ ગુમાવ્યું. માલ મિલકતનો વીમો ઉતરાવવાની પ્રથા ત્યારે ખાસ પ્રચલિત નહોતી. એટલે જેમનું ગયું તેમનું બધું જ ગયું. માલમિલકતના આ નુકસાન ઉપરાંત પાંચસોથી વધુ માણસો માર્યા ગયા અને સેંકડો ઘાયલ થયા. આખો બંદર વિસ્તાર ભડકે બળતા સ્મશાન જેવો થઇ ગયો. જે મકાનો બચી ગયાં, પરંતુ સલામતી માટે તાબડતોબ ખાલી કરાવાયાં એવાં કેટલાંયે મકાનોમાં ઘણી ચોરીઓ થઇ. કેટલાંયે કુટુંબો બચી ગયાં, પણ નિરાધાર થઇ ગયાં. કેટલાંય દેશભેગાં થઇ ગયાં.

આ નુકસાનનો ભોગ બનેલાં લોકો આ વિસ્તારમાં વસતા મુખ્યત્વે કચ્છી સમાજના હતા.

આ વખતે કેટલાંયે ઉદારદિલ કચ્છીઓએ અને અન્ય શ્રેષ્ઠીઓએ આશ્રયસ્થાનો ચાલુ કરી દીધાં. ખાલી જુદી જુદી જગ્યાઓમાં રાતવાસો અને ભોજન માટે પ્રબંધો થવા લાગ્યા. (અમારા વડીલ તલવાણા-નિવાસી શ્રી વસનજી નાનજી દેઢિયાએ થોડા દિવસ પહેલાં આ પ્રસંગ યાદ કરતાં કહ્યું હતું કે ગ્રાન્ટ રોડ પાસેના પોતાના દુકાન-રહેઠાણમાં એમણે બસો માણસો માટે રહેવા જમવાની વ્યવસ્થા કરી દીધી હતી.) સરકારે પણ ટ્રાન્ઝિટ કેમ્પ-આશ્રયસ્થાનો શરૂ કરી દીધા હતા.

કેટલાય દિવસો સુધી ચાલુ રહેલી આ આગનું દશ્ય જોવા માટે જાણે કે અમારો રોજનો કાર્યક્રમ થઇ ગયો હતો. પોલિસે અમુક વિસ્તારોની નાકાબંધી કરી દીધી હતી. ત્યાં આગળ લોકોનાં ટોળાં આખો દિવસ ઊભાં રહેતા. અમે ઊભાં હોઇએ તે દરમિયાન કોઇક મકાન આગમાં કકડભૂસ થઇને પડતું હોય તેના અવાજો સંભળાતા. તો કોઇક મકાનને સુરંગોથી તોડી પડાતું હોય તેના અવાજો પણ સંભળાતા. ટોળામાં કેટલાંયે સ્ત્રીપુરુષો એવાં જોવા મળતાં કે જે પોતાના ઘર માટે પોક મૂકીને રડતાં હોય. કેટલાંક પોતાના મકાનમાં જઇને કિંમતી ઘરેણાં વગેરે લેવા જવા માટે પોલિસને કરગરતા હોય. આવાં કેટલાંયે હૃદયદ્રાવક દશ્યો ત્યારે નજરે નિહાળવા મળ્યાં હતાં.

આ જહાજમાં દારૂગોળાની સાથે સોનાની સેંકડો પાટો પણ હતી. કોઇ અકળ ગુપ્ત કારણસર બ્રિટને આ પાટો મોકલાવી હતી. જહાજમાં બીજો ધડાકો થયો ત્યારે ચારે બાજુ સોનાની પાટો ઊછળીને પાંચેક કિલોમીટર જેટલા વિસ્તારમાં પડી હતી. કેટલાકને એ પાટો વાગવાથી ઇજા થઇ હતી. ગરમ ગરમ કાળી થઇ ગયેલી પાટો સોનાની છે એવો ખ્યાલ પણ જોનારને આવ્યો ન હતો. કેટલાંક મકાનોના છાપરાં તોડીને પાટો ઘરમાં પડી હતી. સોનાની આ પાટોની પોલીસ દ્વારા કબજો મેળવવાની કામગીરી બીજા દિવસથી ચાલુ થઇ ગઇ હતી. કેટલીયે પાટો ઊછળીને દરિયામાં પડી હતી. વરસો સુધી તે દરિયામાંથી નીકળતી ગઇ હતી. અને હજુ પણ દરિયામાં કેટલીયે હશે ! બધી પાટોનો પૂરો હિસાબ ક્યારેય મળ્યો નથી.

દાણા બંદરની આ ભયંકર આગ અંકુશમાં આવતાં અઠવાડિયું લાગી ગયું, પણ પછી સારા મકાનોમાં લોકોને પાછા ફરવા દેવામાં, બળી ગયેલા મકાનોનો કાટમાળ ખસેડવામાં અને નવી ઈમારતો કરવામાં મહિનાઓ લાગી ગયા હતા. મુંબઈમાં એક દુઃખદ યાદગાર ઘટના બની ગઈ.

અમારા મકાનના નવીનચંદ્રભાઇ થોડા દિવસમાં સારા થઇ ગયા. તેઓ જાતના ભોઈ અને ભરૂચના વતની હતા. પંદર પડોશીઓમાં તેઓ સૌથી વધુ અભિમાની અને તકરારી હતા. બધાં કરતાં પૈસે ટકે વધુ સુખી હતા એટલે કોઇની સાથે ભળતા નહિ. પરંતુ ધડાકાના આ બનાવ પછી એમના જીવનમાં પરિવર્તન આવી ગયું હતું. તેઓ મકાનમાં બધા પડોશીઓ સાથે ભળવા લાગ્યા હતા. બધાંને તેઓ કહેતા, 'ચીમનભાઈએ મને મદદ ન કરી હોત તો હું જીવતો ન હોત.'

માણસના જીવનમાં ક્યારે પરિવર્તન આવે છે અને ક્યારે કોની ગરજ પડે છે એ કહી શકાય નહિ.

ભયંકર ધડાકા અને ઘણી મોટી આગનો આ પ્રસંગ જાતે જોનારને પણ હવે બહુ યાદ આવતો નથી. નવી પેઢીને તો એની કશી જ ખબર કે કલ્પના નથી. પરંતુ મુંબઈના બંબાવાળા હજુ એ ભૂલ્યા નથી. આગ ઓલવવામાં જેઓ તાલીમબદ્ધ અને નિપુણ હોય એવા બંબાવાળાઓ પોતે આગ ઓલવવાના પોતાના કર્તવ્યનું પાલન કરતાં કરતાં હોનારતમાં હોમાઇ ગયા. એક સાથે ૬૬ જેટલાં બંબાવાળાઓએ ક્ષણવારમાં પ્રાણ ગુમાવ્યા હોય અને કેટલાયનાં શબ મળ્યાં ન હોય એવી ઘટના બંબાવાળાઓના ઇતિહાસમાં અદ્વિતીય છે. એથી જ મુંબઇના બંબાવાળાઓ આજ દિવસ સુધી પ્રતિવર્ષ ૧૪મી એપ્રિલે પોતાના આ કર્તવ્યનિષ્ઠ પુરોગામીઓને માટે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજીને તેમને માટે નતમસ્તકે પ્રાર્થના કરે છે.

❖❖❖

---

# જૈન બાળસાહિત્ય

☐ ડૉ. કવિન શાહ

શિક્ષણના એક સાધન તરીકે બધી જ પ્રાદેશિક ભાષાઓમાં બાલસાહિત્યની સૃષ્ટિ દષ્ટિગોચર થાય છે. પ્રાથમિક શિક્ષણના આરંભકાળથી બાળકોની વય અને બુદ્ધિના વિકાસને અનુલક્ષીને અભ્યાસક્રમમાં બાલસાહિત્યને પ્રથમ પસંદગી આપવામાં આવી છે. બાળકોની જિજ્ઞાસા વૃત્તિને પોષણ આપે, આશ્ચર્યનો અનુભવ થાય, કથાશ્રવણ ને વાંચનની વૃત્તિ સંતોષાય તેવું બાળસાહિત્ય એમના સંસ્કાર ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે છે. માતા-પિતાના સંસ્કાર-ઘડતર ઉપરાંત બાળસાહિત્યનો ફાળો મોટા પ્રમાણમાં છે.

ધાર્મિક સંસ્કારોના સિંચન માટે પાઠશાળાનો ફાળો અભૂતપૂર્વ છે. હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી આદિ ધર્મોમાં પણ પાઠશાળા પદ્ધતિ દ્વારા તે તે ધર્મના આચારવિચારનું શિક્ષણ અપાય છે. જૈન ધર્મમાં પાઠશાળાની યોજનાએ જ જૈનત્વના આચાર-વિચારનું પ્રદાન કરીને બાળકોને જ્ઞાન-ક્રિયામાં પ્રવૃત્ત થવા માટેનું મૂલ્યવાન કાર્ય કર્યું છે. પાઠશાળામાં ધાર્મિક શિક્ષણ ઉપરાંત બાળસાહિત્યના પુસ્તકોનું વાંચન પણ તેના એક ભાગરૂપ છે.

જૈન ધર્મમાં બાળસાહિત્યનાં વિવિધ પ્રકારનાં પુસ્તકો પ્રાપ્ત થાય છે. બાળકોની ચંચળતા, અનુકરણશીલતા, સાહસ, શૂરવીરતા વગેરેના ગુણોના વિકાસ માટે આ સાહિત્ય વિશેષ ઉપકારક છે. બાળકોના શારીરિક અને માનસિક વિકાસમાં પણ આવાં પુસ્તકોનું વાંચન મહત્ત્વનું બને છે. બાળકોને વાર્તા સાંભળવાની અને શ્રવણ કરેલી વાર્તા કહેવાની ખૂબ જ મઝા પડે છે અને આવો નિર્દોષ આનંદ આપનાર બાળસાહિત્ય છે.

જૈન બાળસાહિત્યમાં ધર્મના આધારે અનેકવિધ કથાઓનું સર્જન થયું છે. ધર્મના સિદ્ધાંતો આવી કથાઓ દ્વારા સ્પષ્ટ રીતે સમજાવવામાં આવે છે. કેટલાક સર્જકોના બાળસાહિત્યની માહિતી નીચે મુજબ છે.

પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયાએ 'આર્હત્ જીવન જ્યોતિ' નામની અગિયાર કિરણાવલી ૧૯૩૫માં લખીને પ્રકાશિત કરી હતી. સચિત્ર અને બાળકોને વાંચવી ગમે એવી મોટી ટાઈપમાં છાપેલી આ પુસ્તિકાઓમાં જૈન ધર્મનો સરસ પરિચય આવી જાય છે. ફરીથી છપાવવા જેવી આ પુસ્તિકાઓ છે.

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહની જૈન શિક્ષાવલીની શ્રેણીનાં ૧૦૦ પુસ્તકો પ્રગટ થયાં છે. તેમાં તીર્થંકર ભગવંતો, રાજકુમારો, શ્રેષ્ઠિઓ, સતી સ્ત્રીઓના જીવનચરિત્ર અને કથાના સમન્વય દ્વારા પરિચય આપવામાં આવ્યો છે. તેમના આદર્શ જીવનનો બોધપાઠ મળે છે. પોતે પંડિત હોવા છતાં તેમણે બાળ-માનસને લક્ષમાં લઇને સરળ ભાષામાં આ શ્રેણીનું સર્જન કર્યું છે. શ્રીમદ્ રાજચંદ્રના અગાસ આશ્રમની દૃષ્ટાંતકથાઓ, મોટા ટાઇપ અને ચિત્રો સાથે પ્રગટ થઇ છે. તેમાં અનાથી મુનિ, નમિરાજર્ષિ, પુંડરિક અને કંડરિક, બરત ચક્રવર્તીની કથાઓ છે.

અર્વાચીન જૈન સાહિત્યના સર્વશ્રેષ્ઠ સર્જક શ્રી જયભિખ્ખુનું બાળસાહિત્ય હોંશે હોંશે વાંચવાની લાલચ થાય છે. એમની બાળ ગ્રંથાવલિની બે શ્રેણીઓ પ્રગટ થઇ છે. રાજા શ્રીપાળ, વિમલ શાહ, સ્થૂલિભદ્ર, અક્ષય તૃતીયા, શ્રી શાંતિનાથ ભગવાન ઈત્યાદિ પુસ્તકો બાળમાનસને અનુરૂપ શૈલીમાં સર્જાયેલાં હોવાથી કુમળી વયના બાળકો ઉપર પ્રભાવ પાડવાની અદ્ભુત શક્તિ ધરાવે છે. એમની સાહસ અને પરાક્રમ શ્રેણીનાં પુસ્તકો બાળકોમાં સાહસ અને શૂરવીરતાના સંસ્કારોના ઘડતરમાં નવો પ્રાણ પૂરે છે. પૂ. પંન્યાસપ્રખર શ્રી ભદ્રગુપ્તવિજયજીની બાળસાહિત્યની સેવા અર્વાચીન મુદ્રણકળાના સંદર્ભમાં નોંધપાત્ર છે. 'બાળકોનું જીવન' પુસ્તકનું ઉદાહરણ જોઇએ તો તેમાં સચિત્ર મોટા ટાઇપમાં ધર્મના આચારવિચારનો ટૂંકાં વાક્યોમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. સામાયિક, પ્રભુ દર્શન, પ્રભુ પૂજા, ગુરુ વંદન, પાઠશાળા જેવા વિષયોની આવશ્યક માહિતી છે. એક ઉદાહરણ નીચે પ્રમાણે છે.

પાઠશાળામાં રોજ જવું જોઇએ.

પાઠશાળામાં સાચું જ્ઞાન મળે.

પાઠશાળામાં સંસ્કાર મળે.

પાઠશાળામાં સારા મિત્રો મળે.

પૂ. પ્રવર્તક મુનિશ્રી નિરંજનવિજયજીએ બાલ સાહિત્યના વિકાસમાં સુંદર કાર્ય કર્યું છે. મયણા અને શ્રીપાળની કથા ૧૦૪ ચિત્રોમાં નિરૂપણ કરી છે. જૈન પર્વની કથા અભયકુમાર, વિક્રમાદિત્ય, શુળીમાંથી સિંહાસન વગેરે કથાઓ રોચક શૈલીમાં લખાઇ છે. આ પુસ્તકો બાળકો ઉપરાંત ધર્મમાં બાળબુદ્ધિ ધરાવનાર વડીલોને પણ વાંચવાનું આકર્ષણ થાય તેવાં છે. 'કથાભારતી' માસિક શરૂ કરીને તેમણે બાળમાનસના વિકાસમાં ઉપયોગી કાર્ય કર્યું છે.

મુનિશ્રી મલયકીર્તિવિજયજીએ શિબિરો દ્વારા સંસ્કાર ઘડતરની પ્રવૃત્તિના એક ભાગ રૂપે બાળસાહિત્યની રચનામાં પ્રવેશ કર્યો છે. કથા કે પ્રસંગને અનુરૂપ રંગબેરંગી ચિત્રો દ્વારા કથાઓ પ્રભાવક બની છે. બાળકોને રંગીન ચિત્રો દ્વારા વાર્તા સરળતાથી સમજાઇ જાય છે અને દીર્ઘકાળ સુધી તેના સંસ્કારો જીવંત રહે છે. શીર્ષકની પસંદગી એ સર્જક પ્રતિભાનો મહત્વનો અંશ છે. મુનિશ્રીએ શીર્ષકો દ્વારા વાર્તાઓ રચીને અનેરું આકર્ષણ જમાવ્યું છે. દા. ત. કસાઇની કંપાવનારી કથા, એક હતા મગનજી, બાવાની લંગોટી વગેરે વાર્તાઓ શીર્ષક દ્વારા બાળકોને વશ કરે છે, જિજ્ઞાસા જગાડે છે અને વાર્તા વાંચીને તેમાંથી કંઇક ગ્રહણ કરે છે.

જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ, પૂના તરફથી પરીક્ષાના અભ્યાસ-ક્રમમાં નિયત થયેલ 'જય ગિરા કિરણાવલી' પુસ્તક બાળસાહિત્યનું નમૂનેદાર ઉદાહરણ છે. બાળકોને વાંચવા માટે પ્રેરણા મળે તેવા શીર્ષકો-ચિત્રો દ્વારા કથાની સાથે તત્ત્વની વાતો પણ સમજાવવામાં આવી છે.

છત્રીને ઉંધી કરીએ તેવા આકારની પૃથ્વી. ઝાડના ઉદાહરણ દ્વારા તેના પાંચ ગુણો-નમ્રતા, બીજાને લાભ આપવો, સહનશીલતા વગેરે જણાવાયું છે. એવી જ રીતે શ્રીફળ, ઘડિયાળ, આગબોટ, પાંજરું, અરીસો, કુકડો, વૈદરાજ, દીવો, કાગડો વગેરે શીર્ષકોવાળી સચિત્ર કથા વધુ ધ્યાન ખેંચે છે. જય ગિરા કિરણાવલી બાળકોની રસવૃત્તિને પોષક કૃતિ છે. અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષામાં પ્રગટ થયેલ છે.

પંડિત ધનંજય જે. જૈન કલાત્મક પુસ્તકોનું સર્જન કરીને બાળ-સાહિત્યમાં અભિનવ પ્રકાશ પાડે છે. તેમાં રંગીન ચિત્રોનો સમૂહ હોવાથી ખૂબ જ આકર્ષક લાગે છે. તેમનાં પુસ્તકો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં પ્રગટ થયાં છે. પૂ. મલયકીર્તિવિજયજીએ બાળ-સાહિત્યની કથામાં સમાન જિજ્ઞાસાવર્ધક શીર્ષકોથી રચના કરીને કલાત્મક નિરૂપણનો પરિચય કરાવ્યો છે. મારી નાવડી કિનારે કિનારે, બોધક કહાનિયાં, 'Essence of Life' Part I- II બાળજગતને ભેટ ધર્યા છે. પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજીની જાંબુવાલા શ્રેણીનું તથા કુમારપાળ દેસાઇનું બાળસાહિત્યમાં મૂલ્યવાન પ્રદાન છે.

બાળસાહિત્યમાં બાળગીતો પણ બાળકોના વિકાસમાં ભાગ ભજવે છે. ગદ્યની સાથે સંગીતમય ધ્વનિયુક્ત બાળગીતોનું પ્રમાણ ઓછું છે છતાં શિબિરોમાં એનો વિશેષ ઉપયોગ થાય છે. આચાર્ય વલ્લભસૂરિની 'ઝંડા ઊંચા રહે હમારા' રાગમાં રચાયેલું ગીત સમગ્ર જૈન સમાજને માટે નિત્યપઠન કરવા લાયક છે. જૈનત્વની ખુમારી પ્રગટ થાય તેવું ઉત્તમ ગીત આપણને પ્રાપ્ત થયું છે.

'ઝંડા ઊંચા રહે હમારા, જૈન ધર્મકા બુલંદ સિતારા

ધર્મ અહિંસા જગમેં મોટા દયા ધર્મકા મોટા સોટા.'

'ગાજે છે ગાજે છે મહાવીરનું શાસન ગાજે છે.' બનીશું હિંમતના ધરનાર, કરીશું સાર્થક આ સંસાર,' હાં રે ધર્મી ચાલો માનવતાની ધૂનમાં', 'મંગલકાર ભણો નવકાર', 'દયા દિલ વિશે જીવન નિત્ય ધારે', 'આ તો લાખેણી આંગી કહેવાય', 'દેખી શ્રી પાર્શ્વતણી મૂર્તિ અલબેલડી', આજ સિદ્ધાંચલ કી ભૂમિસે જૈનોને પુકારા હૈ', નાના નાના બાળકો અમે રહીયે મજામાં', રૂષભ અજિત ને સંભવનાથ વગેરે ગીતો બાળકોને ખૂબ જ પ્રિય લાગે છે. બાળગીતોનું સંશોધન કરીને પ્રગટ કરવામાં આવે તો આ પેઢીના બાળકોના ઘડતરમાં જિન શાસનના આચાર-વિચારમાં અવશ્ય સુધારો થાય

ભૌતિકવાદના ભયંકર પ્રલયકારી વાતાવરણમાં બાલ્યાવસ્થાથી સંસ્કાર સિંચન કરવામાં આવે તો તેમાં બાળસાહિત્યનું પ્રદાન બચાવી શકે તેમ છે. જૈન ધર્મના વારસાને ઝળહળતો રાખવા માટે પણ બાળસાહિત્યનું સંશોધન અને પ્રકાશન વધુ પ્રસાર કરવા લાયક છે. પાઠશાળામાં આ સાહિત્યને સૂત્રાત્મક અભ્યાસની સાથે સ્થાન આપવામાં આવે, બાળકો શિબિરમાં વધુ સંખ્યામાં ભાગ લે અને વડીલોની આ માટે એક જૈન તરીકે જેટલી જાગૃતિ વિશેષ તેટલો નવી પેઢીનો સાત્ત્વિક વિકાસ નિર્ભર છે. અર્વાચીન કાળમાં આ વિષયનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સઘન અભ્યાસ થાય તો જૈન સાહિત્યની સમૃદ્ધિ અને વિકાસનો પરિચય પ્રાપ્ત થઇ શકે તેમ છે.

❖❖❖

# સમકિત, સમ્યક્ત્વ કે સમ્યગદર્શન

□ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

આ સચરાચર સંસારમાં બે મુખ્ય તત્ત્વો છે. ચેતન અને અચેતન, જીવ અને જડ. જડ કદાપિ ચેતન ન થાય તેમ ચેતન ક્યારે પણ જડ ન થાય. જડ એવા કર્મોના સંસર્ગમાં આવવાથી આત્માના પ્રદેશો આંદોલિત થાય છે. કર્મવગર્ણાના આઠ પ્રકારો છે. આત્માના આઠ રૂચક પ્રદેશો છે તે ક્યારે પણ આંદોલિત થતા નથી. કર્મવર્ગણાના સંસર્ગથી તે સિવાયના પ્રદેશો કર્મોના સપાટામાં આવે છે, આત્માને કર્મબંધ થાય છે. તેના દ્વારા જીવને સંસારમાં મુક્તિ ન મળે ત્યાં સુધી ચાર ગતિમાં ભવ્ય, અભવ્ય, દુર્ભવ્ય કે જાતિભવ્ય તરીકે ભટકવું પડે છે. તેમાંથી મુક્ત થનારા આત્માને મુક્ત કે મોક્ષ ગતિ પામેલો કહી શકાય. કર્મોના આ બંધનમાંથી મુક્ત થવા માટે અપુનર્બંધક અવસ્થા, ચરમપુદ્ગલાવર્ત, અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂન સમય, જે યથાપ્રવૃત્તિકરણ, શુદ્ધ-યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ પછીથી સમ્યક્ત્વના બીજની પ્રાપ્તિ તેનો ઉત્તરોત્તર વિકાસ થતાં તે આત્મા મુક્ત થઈ સચ્ચિદાનંદ સ્વરૂપ પામે છે.

આ માટે સમ્યક્ત્વ અતિ આવશ્યક છે. શ્રી શ્રીપાલરાજાના રાસમાં ચતુર્થખંડની ૨૭,૨૮, ૨૯, ૩૦ ગાથામાં તે વિષે કહ્યું છે કે દર્શનસપ્તકરૂપી કર્મમળને ઉપશમવાથી ઉપશમ સમ્યક્ત્વ, ક્ષયોપશમથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અને ક્ષય કરવાથી ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે. (૨૭). સંપૂર્ણ સંસાર ચક્રમાં ઉપશમ સમ્યક્ત્વ પાંચ વાર, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અસંખ્યાતી વાર, અને ક્ષાયિક એક વાર પ્રાપ્ત થાય છે. (૨૮). સમકિત વિના જ્ઞાન યથાર્થ હોતું નથી, ચારિત્ર રૂપી વૃક્ષ ફળદ્રુપ થતું નથી. (૨૯). અને તે વગર તપ પણ કાયકલેશ છે. આ સમ્યક્ત્વ ૬૭ બોલે અલંકૃત થયેલું છે.

સમ્યક્ત્વ શું છે ? તે કેવી રીતે પ્રાપ્ત થાય ? તેનાં લક્ષણો કયાં? તે ક્યારે અને કેમ નષ્ટ થાય ? તેને કેવી રીતે દઢિભૂત કરવું ? તેનાં ભૂષણો કયાં ? તે કેવી રીતે દૂષિત થાય ? તે સંબંધી વિચાર કરીએ. અઢાર પાપ સ્થાનકોમાં મિથ્યાત્વને મહાભયંકર અને અનિષ્ટતમ પાપ ગણાવ્યું છે. તેનો પરિચય આમ આપી શકાય કે તે સર્વ પાપોનો બાપ છે. કષાયો (મોહનીયકર્મ), અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા, ને લોભ આવેલાં જલદી જતાં નથી, લાંબો સમય રહે છે; તેના ઉદયમાં સમ્યક્ત્વ હોય નહીં, હોય તો જાય, આવેલું ટકે નહિ. કારણ કે તે ટકવા દે નહીં.

સમ્યગ્દર્શનના વિવિધ દષ્ટિબિંદુઓથી વિચારતાં તેના અનેક પર્યાયો દષ્ટિગોચર થાય છે. પૂજ્ય આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ શ્રી ગ્રંથરત્ન શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં જણાવ્યા પ્રમાણે તે આ પ્રમાણે છે : તે જેમ દર્શન કહેવાય છે તેમ તે મુક્તિબીજ, સમ્યક્ત્વ, તત્ત્વસાધન, તત્ત્વવેદન, દુઃખાંતકૃત, સુખારંભ, તત્ત્વરુચિ, ધર્મવૃક્ષનું મૂળ, ધર્મનગરના પ્રવેશદ્વાર, ધર્મરૂપ પ્રાસાદની પીઠ, ધર્મરૂપ નગરના આધાર, ઉપશમરસના ભાજન, ગુણરત્નના નિધાન, રત્નદીપક છે. મોક્ષરૂપી ફળને પેદા કરનાર વ્રતરૂપી વૃક્ષનું મૂળ છે, ધર્મનગરનું પ્રવેશદ્વાર છે, મૂળ-ઉત્તર ગુણરત્નોનું નિધાન છે. શમદમાદિ ગુણોનો આધાર છે. શ્રુત અને શીલના રસનું ભાજન છે.

શાસ્ત્રમાં સમ્યક્ત્વના વ્યવહાર અને નિશ્ચય, દ્રવ્ય તથા ભાવ એમ બે પ્રકારો છે. તેની પ્રાપ્તિ નિસર્ગથી તથા અધિગમ એટલે કે ઉપદેશ દ્વારા થાય છે. તેથી તેના બે પ્રકારો છે : નૈસર્ગિક અને આધિગમિક. પહેલું સ્વાભાવિક રીતે થાય છે. બીજું ગુરુના ઉપદેશથી, અન્ય નિમિત્તોથી થાય છે. શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે एगविहं दुविहं तिविहं चउविहं पंचविहं दसविहं सम्मं । તેઓએ નિશ્ચય સમ્યક્ત્વ અને વ્યવહાર સમ્યક્ત્વ એવા બે પ્રકારો પણ પાડ્યા છે.

કારક, રોચક, દીપકના ભેદથી તેના ત્રણ પ્રકારો પડે છે. ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકમાં સાસ્વાદન ઉમેરીએ તો ચાર પ્રકારો પડે. તેમાં વેદક ઉમેરતાં પાંચ પ્રકારો પડે. આ પાંચમાં નૈસર્ગિક અને આધિગમિક ઉમેરતાં તેના દશ પ્રકારો પડે. દશ પ્રકારો બીજી રીતે પણ શાસ્ત્રમાં વર્ણવેલાં છે. જેમકે : નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, આજ્ઞારુચિ, સૂત્રરુચિ, બીજરુચિ, અભિગમરુચિ, વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સંક્ષેપરુચિ અને ધર્મરુચિ.

સમ્યક્ પદને ત્વ પ્રત્યય લાગી સમ્યક્ત્વ શબ્દ બનેલો છે. તેનો અર્થ સમ્યક્પણું, સારાપણું, સુંદરતા. સુંદરતા આત્માની, નહીં કે પુદ્ગલની !

સમ્યક્ત્વની હાજરી અને ગેરહાજરી વિષે વિચારીએ. સુદેવ, સુગુરુ અને સુધર્મને માનવા છતાં પણ જો મોક્ષની રુચિ ન હોય તો સમ્યક્ત્વ નથી એ નક્કી છે. જેનામાં સંસારથી છૂટવાની અને મોક્ષ પામવાની અભિલાષા જ ન હોય તેનામાં સમ્યક્ત્વ નથી જ એ નક્કી જ થઈ જાય છે. અનંતજ્ઞાનીઓ જણાવે છે કે મિથ્યાત્વ એ બહુ જ ભયંકર કોટિનું પાપ છે, સઘળા પાપોનો બાપ છે. તેની હાજરીમાં સમ્યક્ત્વની ગેરહાજરી છે. દ્વિસકૃદ્બંધક કે તેથી વધુ સમય જેઓનો સંસારભ્રમણ કાળ રહ્યો છે તેવાં જીવો મિથ્યાત્વી હોવાથી સમ્યક્ત્વની ગેરહાજરી નિર્દેશે છે. મિથ્યાત્વી દેવમાં દેવ બુદ્ધિ, ગુરુમાં ગુરુ બુદ્ધિ, ધર્મમાં ધર્મ બુદ્ધિ થવા ન દે તેથી ઉલટું અદેવાદિ દેવ તરીકે, અસતને સત્ તરીકે સ્વીકારી, વિપરીત જ્ઞાનની સાથે અને વાસ્તવિક કોટિના જ્ઞાનના અભાવની સાથે રહે છે. કષાયો જેના અનંતાનુબંધી છે, મિથ્યાત્વ ગાઢતમ છે, રાગ-દ્વેષની ગૂઢ, ગુહ્ય ગાંઠને ભેદી ન શકનાર, યથાપ્રવૃત્તિકરણથી આગળ ન વધનાર મિથ્યાત્વની હાજરી દર્શાવે છે. ઘોર મિથ્યાદષ્ટિઓના યમ અને પ્રશમ એક પ્રકારના મોહના પ્રતિનિધિઓ છે. સુદેવાદિને માનવા છતાં પણ મોક્ષની રુચિ ન હોય તો સમ્યક્ત્વ નથી જ.

આચાર્ય ભગવાન શ્રી અકલંકસૂરીશ્વરજીએ જણાવ્યું છે કે 'સત્ય અને અસત્ય તથા સુ ને કુનો વિવેક કરવાની શક્તિ વિનાનો આત્મા પણ શ્રી જૈન ધર્મને પામતો નથી.' (જૈન પ્રવચન, વર્ષ ૨૮, અંક ૪૩, પૃષ્ઠ ૩૪૦-૩૪૩).

જેનામાં સંસારથી છૂટવાની અને મોક્ષાભિલાષા પ્રગટી છે તેઓમાં સમ્યક્ત્વ ન હોય એ શક્ય છે જ્યારે મોક્ષરુચિવાળા જીવો સમ્યક્ત્વ પામવાના એ નિશ્ચિત છે. સમ્યક્ત્વ એ મોક્ષની રુચિ માત્રથી પેદા થનારી વસ્તુ નથી, કેમકે મિથ્યાત્વની હાજરીમાં પણ મોક્ષરુચિ પ્રગટી

શકે છે. જીવાદિ પદાર્થો જેવાં સ્વરૂપના છે તેવાં સ્વરૂપે જાણવા અને માનવા એ સમ્યકત્વ છે. ચરમાવર્તકાળમાં આવેલાં જીવો કે જેનાં કર્મો એક કોટાકોટિ સાગરોપમથી વધુ નથી તેવાં જીવો અચરમાવર્તકાળમાં જાય જ નહીં અને તે કર્મો અર્ધપુદ્ગલ પરાવર્તકાળથી ન્યૂન થાય ત્યારે સમ્યકત્વની હાજરી છે જ અને તેઓ તે સમયમાં મોક્ષ પામે છે.

ધર્મ માત્ર તીર્થાદિ-દેરાસરોમાં જ થઇ શકે છે તેમ ન સ્વીકારતાં ધર્મ દરેક ઠેકાણે થઇ શકે છે તેમ માનવું જોઇએ. અધર્મ કરતાં કરતાં પણ જો હૈયે ગ્લાનિ હોય, દુ:ખ હોય, પશ્ચાત્તાપ હોય તો ધર્માભિમુખ થવાની શક્યતા છે. પરિગ્રહાદિમાં અસંતોષ અને થોડો ધર્મ કર્યો તેમાં સંતોષ એ વિચારસરણી ભૂલ ભરેલી છે. ધર્મ તો જેટલો કર્યો તેમાં અસંતોષ રહેવો જોઇએ અને પરિગ્રહાદિમાં સંતોષ હોવો જોઇએ. આ બે વિચારો જેના જીવનમાં વણાઇ ગયાં છે તેમનામાં સમ્યકત્વ છે અથવા તો તે દૂર નથી એમ માનવામાં હરકત નથી. તે આવ્યાથી શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મ ઉપાસ્ય લાગે તેથી વિપરીત ત્યાજ્ય લાગે. સંસારની બાબતમાં અસંતોષ એ પાપ છે અને ધર્મની બાબતમાં સંતોષ પાપ છે. આ માન્યતા સમ્યકત્વ છે તેની નિશાની છે. થોડો ધર્મ કરીને સંતોષ પામવો એ પાપ છે, કેમકે ઘણું કરી લીધું એમ મનાય છે; જ્યારે સંસારમાં સારું આરોગ્ય, સ્વસ્થ શરીર, સુંદર, સુશીલ સ્ત્રી, ધનધાન્યાદિની છોળ, પુત્ર-પુત્રાદિ પરિવાર, વાડી, વજીફો તથા અન્ય સાંસારિક સામગ્રી હોવા ચતાં પણ વધુ માટે તલસાટ એ પાપ છે એવું સામાન્ય જનની માન્યતા ત્યારે થાય છે, જ્યારે મિથ્યાત્વ હોય. જીવાદિ તત્ત્વોના સ્વરૂપનું જ્ઞાન સમ્યકત્વ પામવાનું સાધન છે. જીવાદિ તત્ત્વોના સ્વરૂપનું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન એ સમ્યગ્દર્શન ગુણને પ્રગટાવવાનું સાધન છે. કોઇ પણ ધાર્મિક પ્રવૃત્તિ, સામાયિક, ચૈત્યવંદન, પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનો સમર્પિત ભાવોથી, તન્મય, તદાકાર, તદ્રૂપ, તલ્લેશ્યા સહિત સુયોગ્ય પુરુષાર્થ કરી વદ્ધમાણીએ સદ્ધાએ, મેહાએ, ધિઇએ, ધારણાએ અને અણુપ્પેહાએ કરાય તેમાં અનુપ્રેક્ષા અત્યંત જરૂરી છે જેનાથી સમકિત પામવાનું અચલ, સુદઢ સાધન મળી રહે છે. મોક્ષ એ સાધ્ય છે અને સમ્યકત્વ તે માટેનું સાધન છે. સમ્યકત્વ ત્યારે પમાય કે જ્યારે જિનેશ્વરના વચનમાં અનુરક્તતા, તે પ્રમાણે ભાવપૂર્વકનું આચરણ, મલનું ઓછાપણું ત્યારબાદ પસ્તિ સંસારી થનારે મુનિસુંદરસૂરીશ્વરજીએ જયાનંદ કેવળી ચરિત્રમાં જણાવ્યા પ્રમાણે સિદ્ધિપદને પમાડનારી સામગ્રી જેવી કે મનુષ્યપણું, આર્યદેશ, શ્રુતિ, શ્રવણાભિલાષ, શ્રદ્ધા એટલે કે પાકી ધર્મશ્રદ્ધા જે વિશેષ કરીને દુષ્પ્રાપ્ય છે તે જ્યારે ભવ્ય જીવો આત્મસાત્ કરે ત્યારે જ સિદ્ધિપદ પ્રાપ્ત કરે છે. આ બધામાં વિશેષ કરીને સુદઢ ધર્મશ્રદ્ધા અત્યંત મહત્ત્વની અને આવશ્યક છે.

સમ્યગદર્શન કહો, યથાર્થદર્શન કહો, આત્મદર્શન કહો, મોક્ષમાર્ગનું દર્શન, તત્ત્વપ્રતીતિ કહો બધાં એકાર્થી શબ્દો છે. આ સમ્યકત્વને સ્થિર કરવું, નિર્મળ કરવું, મલિન કરનારા દોષોનું જ્ઞાન હોવું, ક્યારે, કોણ, કેવી રીતે તે પામે તથા તેને વમી નાંખવું ન જોઇએ તેનું પણ જ્ઞાન જોઇએ.

ભવિતવ્યતાના પરિપાક રૂપે નિગોદમાંથી નીકળેલો જીવ વ્યવહારરાશિમાં આવ્યા પછી સંસારની ચાર ગતિઓમાં ભટકતા, રખડતા, રઝળતા મહાપુણ્યના યોગથી સારી સામગ્રી સાથે મનુષ્ય ભવ પામી તેને સફળ કરવા સુપુરુષાર્થ કરી સમ્યકત્વ મેળવી, પ્રગટાવી મોક્ષપુરીએ પહોંચવું રહ્યું. તત્ત્વજ્ઞાનને પામેલો આત્મા સંસારમાં રહે, તેવા પ્રકારના કર્મોના ઉદયથી વિરતિ ન પામે, વિરાગ જરૂર હોય, ભોગ ભોગવે પણ વિરાગ જીવતો હોય.

મનુષ્યપણું, આર્યક્ષેત્રાદિ પામ્યાથી કે માત્ર ઉત્તમ કુળ, જાતિ, બળ, રૂપ, દીર્ઘ આયુષ્ય, નિરોગી શરીરથી જિનેશ્વરના ધર્મની પ્રાપ્તિ થતી નથી. આ ઉપરાંત સાચા ખોટાનો સુ-કુનો વિવેક થવો જોઇએ; જે દર્શનમોહનીયના ક્ષયોપશમપૂર્વકના જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયના ક્ષયોપશમ વિના શક્ય નથી.

સંસારની સરખામણી સમુદ્ર સાથે કરાઇ છે. જેવી રીતે સમુદ્રમાં મોટા મોજાં, મગરમચ્છો, આવર્તો, વડવાનલાદિ હોય છે તેવી રીતે સંસારમાં સુખદુઃખાદિ મુશ્કેલીઓ, રોગ-શોકાદિ ઝંઝાવાતો, કલાહાદિ અંતરાયો હોય છે. તેવી રીતે સમુદ્રના તળિયે રત્નસમુદાય રહ્યો હોય છે જેને પ્રાપ્ત કરવા ઉંડાણે પહોંચવું પડે છે, મહા મુશ્કેલીએ રત્નો હાથવગાં થાય છે તેવી રીતે સંસાર સાગરમાં સમ્યકત્વરૂપી રત્ન શોધી પ્રાપ્ત કરવા માટે સુયોગ્ય, દીર્ઘ, સતત સુપુરુષાર્થ અપેક્ષિત છે.

સહસ્રાવધાની આચાર્ય મુનિસુંદરસૂરિ મહારાજે કહ્યું છે કે જે જીવો સ્વભાવે ભવ્ય હોતા નથી તેઓ ધર્મોપદેશને યોગ્ય જ નથી; સ્વભાવે ભવ્ય જીવો જેઓનો સંસારકાળ એક પુદ્ગલ પરાવર્તકાળથી અધિક છે તેઓ પણ તેને યોગ્ય નથી. ભવ્યો કે જેમનો કાળ એક પુદ્ગલપરાવર્તથી અધિક નથી, જેઓ ચરમાવર્તકાળમાં આવ્યા છે, તેમાં પણ અપુનર્બંધક અવસ્થાવાળા છે તેઓ જ તેને યોગ્ય છે. આવા જીવો પણ બે પ્રકારના છે. એક સમ્યગ્દર્શન ગુણને નહીં પામેલા અને સમ્યગ્દર્શન ગુણને પામેલા. ચરમાવર્તને પામેલા ભવ્ય જીવોનો સંસારકાળ જ્યાં સુધી અર્ધપુદ્ગલ-પરાવર્તથી અધિક બાકી હોય ત્યાં સુધી તેઓ પણ તે ગુણ પામી શકતા જ નથી. મનુષ્યપણાથી માંડી ધર્મશ્રવણ સુધીની સામગ્રી અભવ્યો અને દુર્ભવ્યો પણ પામી શકે છે; પરંતુ ધર્મશ્રદ્ધાની પ્રાપ્તિ તો માત્ર ભવ્યાત્માઓ જ કરી શકે છે. મોક્ષનો અભિલાષ માત્ર ભવ્યાત્માઓને જ થઇ શકે છે જેમનો સંસારકાળ એક પુદ્ગલપરાવર્તનો હોય.

મંદ મિથ્યાત્વીને મોક્ષની રુચિ હોય પણ મોક્ષના સાચા માર્ગની રુચિ ન હોય ! સમ્યગ્દર્શી ભવ્યાત્માઓ સુદેવ, સુગુરુ અને સુધર્મની માન્યતાવાળા હોય; કુદેવ, કુગુરુ, કુધર્મને ત્યજનારા હોય. એવી ઉત્તમ મનોદશા મિથ્યાત્વનો એટલે દર્શનમોહનીયાદિનો ક્ષયોપશમ થયા વિના પ્રગટી શકતી નથી. જેમનો સંસારકાળ અર્ધપુદ્ગલ-પરાવર્તથી વધુ હોતો નથી તે દરમ્યાન દર્શનમોહનીયકર્મનો ઉપશમ અને ક્ષયોપશમ થઇ શકે છે જેનાથી જિનેશ્વર દેવોએ જણાવેલા મોત્રમાર્ગની રૂચિ પ્રગટી શકે છે. ઉપર જણાવેલી સામગ્રી ઉપરાંત સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર રૂપ મોક્ષમાર્ગની આરાધના દ્વારા જ ભવ્યાત્માઓ સર્વવિરતિને, અપ્રમત્તભાવને, ક્ષપક શ્રેણિને અને તેમાં રાગદ્વેષનો સર્વથા ક્ષય કર્યા પછી જ કેવળજ્ઞાન પામે છે. તેથી સહસ્રાવધાની આચાર્ય શ્રી મુનિસુંદરસૂરીશ્વરે જયાનંદ કેવળી ચરિત્રમાં જણાવ્યું છે કે ધર્મશ્રદ્ધા સમ્યકત્વનું અમોલ બીજ છે.

અનંતઉપકારી ભગવાન જિનેશ્વરના શાસનમાં આ અસાર સંસારમાં બોધિ એટલે સમ્યગ્દર્શનને દુર્લભ અને મહત્ત્વનું માનવામાં આવ્યું છે. વિષય-કષાય રૂપ સંસાર જીવતો હતો તેથી ભટકવું પડ્યું છે. બોધિ પામેલો સંસારમાં રંજિત ન થાય કેમકે તેનામાં નિર્મમભાવ આવે છે. તેની પ્રાપ્તિ પણ અર્ધપુદ્ગલવર્તકાળથી ન્યૂન જેનો સંસાર છે તેને પ્રાપ્ત થાય છે. જયવીયરાય સૂત્રમાં કહ્યું છે કે 'સમાહિમરણં ચ બોહિલાભો અ સંપજ્જઉ મહ એઅં તુહ નાહ ! પણામ કરણેણં' તેથી સંસારનું કોઇપણ સુખ બોધિની ગેરહાજરીમાં મળે તેમ ઇચ્છવા યોગ્ય નથી ! સમ્યગ્દષ્ટિ જે સારું મળે તેનાથી મોક્ષ સાધે. બીજાને સાથે લઇ જવાની પ્રવૃત્તિ કરે. અઢાર દેશના રાજા કુમારપાળે જેઓ પ્રથમ તીર્થંકર પદ્મનાભના ગણધર થનારા છે તેમણે શાસનના ભિક્ષુકપણાની યાચના કરી હતી ને !

કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી જણાવે છે કે સમ્યગ્દર્શન ગુણનો આસ્વાદ લેનારાને દુન્યવી સુખ સંપત્તિની ઇચ્છા નાશ પામી માત્ર મુક્તિ માર્ગની આરાધનાની તમન્ના રહે છે અને આ ભાવનામાં રમે છે :

'जिनधर्मविनिर्मुक्तो माऽभूवं चक्रवर्त्यपि' વળી 'स्यां चेटोऽपि दरिद्रोऽपि जिनधर्माधिवासितः ।

શ્રી જયવીયરાય સૂત્રમાં ભવે ભવે તુમ્હ ચલણાણં માંગીએ છીએ.

જ્ઞાનીઓએ સમ્યક્ત્વને ઘણું મહત્ત્વનું માન્યું છે. બધાં જીવોને તે મહત્તા સમજાય તેમ નથી. દરેક કાળમાં તેની મહત્તા સમજનારા જીવો અલ્પ સંખ્યામાં રહેવાના. સમ્યક્ત્વ એ તત્ત્વભૂત પદાર્થોની સાચી શ્રદ્ધા સ્વરૂપ છે. મેળવવા જેવી વસ્તુ સમ્યગ્દર્શન છે એવું ભવ્ય જીવ કે જે સ્વભાવે ભવ્ય છે, જેનો ભવ્યત્વનો પરિપાક થયો હોય, કાલ પણ પાકેલો હોય સાથે પુણ્યના યોગે કેટલીક સામગ્રીનો પણ સુયોગ થવો જોઇએ. સંસારના સુખ ઉપરથી આંખ ઉઠવી જોઇએ. અચરમાવર્તકાળમાં આવું બનતું જ નથી. જીવ સુખાભિલાષી, પુદ્ગલાનંદી, ભવાભિનંદી રહે છે. ચરમાવર્તકાળમાં જરૂરી સામગ્રી મળ્યા પછી સ્વયંસ્ફુરણાથી કે ગુરુના ઉપદેશાદિથી વિચારતાં સમ્યગ્દર્શન ગુણનો ખ્યાલ સંભવિત છે.

સમ્યગ્દર્શન આત્માના પરિણામ સ્વરૂપ છે. સમ્યગ્દર્શન એટલે તત્ત્વભૂત પદાર્થોનું સ્વરૂપ જેવું જિનેશ્વરોએ કહ્યું છે તેવું સ્વરૂપ જીવને રુચવું તે છે. સમ્યગ્દર્શનના મુખ્ય ત્રણ પ્રકારો ઉપર આપણે જોયાં તેમાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામ્યા વગર જીવ ક્ષાયિક સમ્યક્ત્વ પામતો નથી. સંસારનું સુખ કેવું લાગે છે ? ગમે છે કે તે નથી ગમતું? સંસારનું સુખ પુણ્યાધીન છે. તે સુખની જરૂરત નબળાઇ છે. આવું લાગે તો શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ આવે. શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ અપૂર્વકરણ લાવનારો પરિણામ છે અને અપૂર્વકરણ આવતાં રાગ-દ્વેષાદિની તીવ્ર, ગૂઢ, ગુહ્ય, ગ્રંથિ ભેદાય છે; ત્યારપછી અનિવૃત્તિકરણ પરિણામ આત્મામાં પ્રગટ થાય છે; જે પરિણામ સમ્યક્ત્વને પ્રગટ કર્યા વગર રહી શકતો જ નથી. શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મ સિવાયની કોઇપણ ઉપાસના કરવા જેવી લાગતી નથી. ગ્રંથિભેદાદિ થયા બાદ જ સમ્યગ્દર્શન પ્રગટે અને ત્યારપછી જ સર્વવિરતિ આવે. ગૃહસ્થને સર્વવિરતિનો પરિણામ આવે પરંતુ સર્વવિરતિના આ પરિણામને ટકાવવા માટે સાધુપણાના વેષાદિની જરૂર રહે છે. સંસાર દુઃખમય છે, દુઃખફલક છે, દુઃખપરંપરક છે તે માન્યતા શુદ્ધ યથાપ્રવૃત્તિકરણની નિશાની છે. દરેક ધાર્મિક પ્રવૃત્તિ કે અનુષ્ઠાનાદિમાં સમ્યક્ત્વ મેળવવું છે તે વિચારસરણી સમ્યગ્દર્શન લાવવામાં મદદ કરે છે.

સંસારના સુખના રાગ ઉપરનો અને એ રાગે જન્માવેલા દુઃખના દ્વેષ ઉપરનો દ્વેષ છે. એ રાગ અને દ્વેષ ઉપરના આવા પ્રકારના દ્વેષના ચિંતનાદિમાંથી એ રાગ-દ્વેષને તોડી નાંખવાનો જે અપૂર્વ પરિણામ પ્રગટે તેને અપૂર્વકરણ કહેવાય.

ચારિત્રમોહનીયકર્મના ઉદયથી જીવ વિરતિ કે સર્વવિરતિ સ્વીકારી ન શકે તેથી પાપ કરે છતાં પણ હૃદય દુભાતું હોય, ન કરવું જોઇએ એમ માને, કરે પણ તીવ્ર પશ્ચાતાપ રહ્યા કરતો હોય, બળાપો, તે માટે મનમાં વસવસો ઉત્પન્ન કર્યા કરે તેવો જીવ પાપ કરતો હોવા છતાં પણ આ દુઃખદાયી વિચાર-પ્રવૃત્તિ તેને એક દિવસ જરૂર સાચા માર્ગે ચઢાવી દેશે અને તે કર્મોનો ક્ષય થતાં ઉપરના પગથિયે પગલાં પાડશે જ.

પંચેન્દ્રિય પ્રાણીવધ કરનાર, મહારંભ, મહાપરિગ્રહાદિ નરકનાં કારણોને સેવનારા નરકે નથી ગયા, સદ્ગતિને પામ્યા છે તેનું શું કારણ ? જેવી ક્રિયા તેવી પરિણતિ હોત તો નક્કી નરકે ચાલ્યા ગયા હોત, પરંતુ પરિણામ બગાડેલાં નહીં ભવિતવ્યતા સારી તેથી નરકને બદલે મોક્ષ પામી ગયાં છે. વંદિત્તુ સૂત્રની ૩૬મી ગાથા સંશયને ટાળે તેમ છે. અહીં આવે છે કે :-

सम्मदिट्ठी जीवो जयवि पावं समायरे किंची ।

अप्पोसि होइ बंधो जेण न निद्धंसणं कुणइ ॥

આવો જીવ કઠોરતાથી, નિર્દયતાથી, ક્રૂર રીતે પાપાચરણ કરતો ન હોવાથી અલ્પ બંધ થવાથી ઉચ્ચ ગતિ મેળવી શકે છે. જેવી રીતે હરણીનો શિકાર કરી તેને તથા તેના બચ્ચાં તડફડતા જોઇ ખુશી પ્રગટાવી તેથી ભાવી પ્રથમ તીર્થંકર થનાર શ્રેણિક રાજા પ્રથમ નરકે ગયા પરંતુ સમકિત હોવાથી તે ગતિમાંથી સીધા તીર્થંકર પદ પામી જશે.

એકમાત્ર મિથ્યાત્વ જાય તો આત્માને મોટો ફાયદો થઇ આત્માના પરિણામો બદલાઇ જતાં ઉંચે ચઢાવી દે છે. સમ્યક્ત્વ એ આત્માનું કલ્યાણ સાધવાના જે ઉપાયો છે તે સર્વનું મૂળ છે. સમ્યક્ત્વની સન્મુખ અવસ્થા થતાં સંસારનો રાગ મોળો પડે છે. ગ્રંથિ ભેદાય અને સમ્યક્ત્વ પ્રગટે ત્યારે વિરાગ વધે, સંસારનો રાગ તથા સંગ ત્યજવા જેવો લાગે પછી અવિરતિ મોળી પડે, વૈરાગ્ય જોરદાર બને ચારિત્ર મોહનીય તૂટવા માંડે, વિરતિ આવવા માંડે, વીરાગપણું, કેવળજ્ઞાન અને મુક્તિ મળે.

અત્યાર સુધી જીવ ભટક્યો તેનું કારણ શું ? દુઃખ નહિ જોઇએ સુખ જોઇએ તે ગ્રહ વળગ્યો હતો તેથી ને ? સુખ કેવું ? સાંસારિક ભોગોપભોગનું ! વિષમકષાય જનિત ! હવે તેના બદલે સમ્યક્ત્વ ગ્રહ ગળે વળગ્યો છે.

આ જગત અનાદિકાલીન છે, તેવું અનંતકાલીન છે. અનાદિકર્મ સંતાનસંવેષ્ટિત જીવને સમ્યક્ત્વ દુર્લભ છે, છતાં પણ તેને સુલભ બનાવ્યા વગર ચાલે તેમ પણ નથી. સમ્યક્ત્વરત્ન એ ચિંતામણિ

રત્નના લઘુભાવનું જનક છે જે પૂર્વે કદાપિ જીવ પામ્યો નથી. ઉવસગ્ગહર સ્તોત્રમાં પણ કહ્યું છે કે 'તુહ સમ્મત્તે લદ્ધે ચિંતામણિ કપ્પપાયવબ્ભહિયે પાવંતિ અવિગ્ઘેણં જીવા અયરામરં ઠાણં. સમ્યકત્વ જે ચિંતામણિ રત્ન તથા કલ્પવૃક્ષથી અધિકતર છે તે પ્રાપ્ત થતાં જીવો વિના વિટંબણાએ અજરામર એવું મોક્ષસુખ પામી જાય છે.

કર્મસંતાનસંવિષ્ટિત આત્માને કર્મના યોગથી રહિત બનાવવા માટે સૌ પ્રથમ આવશ્યકતા ભવ્યત્વ સ્વભાવની, પછી ભવિતવ્યતાની, પછી કાળની, તે પછી કર્મ તથા પુરુષાર્થની છે. ભવ્યત્વ સ્વભાવ વગર જીવ વ્યવહારરાશિમાં આવે છતાં પણ તે ક્યારે પણ કાળની અનુકૂળતા પામી શકે નહીં. જીવનો ભવ્યત્વ સ્વભાવ હોવા છતાં પણ જો ભવિતવ્યતાની અનુકૂળતા ન મળે તો તે વ્યવહારરાશિમાં આવી ન શકે. ત્યાં કાળની અનુકૂળતા કયાંથી મળે ? ભવ્યત્વ સ્વભાવ અને ભવિતવ્યતા સાનૂકૂળ રહે તો જીવ વ્યવહારાશિમાં મૂકાઇ જાય તો ગમે ત્યારે તેને કાળની અનુકૂળતા મળી જ રહેવાની. પરંતુ જ્યાં સુધી કાળની અનુકૂળતા ન મળે ત્યાં સુધી કર્મોની અનુકૂળતા મળે તો પણ તે નકામી નીવડવાની. કર્મોની અનુકૂળતા અનાદિકાલીન જીવને જે જડ કર્મોનો યોગ છે તેને સર્વથા દૂર કરવાની ઈચ્છા સરખી કરાવવા માટે સમર્થ નીવડવાની નહીં.

જીવ જ્યારે ચરમાવર્તકાળમાં આવે તે પછી જ કર્મ સંબંધી અનુકૂળતા ભવિતવ્યતાદિ અનુકૂળ હોય તો કાર્યસાધક નીવડે. શાસ્ત્રકારોએ તેથી જ ચરમાવર્તકાળની વાત કરી છે. અહીં પણ કર્મોની ચરમોત્કૃષ્ટ સ્થિતિનો ક્ષય થાય ત્યારપછી જ શુદ્ધ ધર્મરૂપ સમ્યકત્વ જે સર્વ ઇષ્ટને પૂર્ણ કરવા કલ્પવૃક્ષ જેવું છે તેના બીજની જ પ્રાપ્તિ થાય. ચરમાવર્તકાળ માત્ર ભવ્ય જીવોને જ પ્રાપ્ત થઇ શકે છે, કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો ક્ષય અભવ્યો તેમજ દુર્ભવ્યોને પણ પ્રાપ્ત થઇ શકે છે. ચરમાવર્તકાળમાં આવ્યા પછી જીવ ક્યારે પણ અચરમાવર્તકાળમાં સરી પડતો નથી; જ્યારે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો ક્ષય થયા પછી પણ જીવને કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ વારંવાર, અનંતીવાર થઇ શકે છે. જીવ જ્યારે આઠેય કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિમાં વર્તતો હોય ત્યારે ક્લિષ્ટ આશયવાળો હોઇ તે ધર્મ પામી શકતો નથી. જ્યારે આયુષ્ય કર્મ સિવાય સાતેય કર્મોની સ્થિતિ એક કોટાકોટિ સાગરોપમની થાય ત્યારે ઉત્કૃષ્ટ સ્થિતિ છે એમ કહેવાય. સાતેય પ્રકારનાં કર્મોની સ્થિતિ એટલે સુધી ઘટી જાય કે કોઇપણ કર્મ એક કોટાકોટિ સાગરોપમ જેટલી સ્થિતિથી અધિક રહેવા ન પામ્યું હોય તેમાંથી પણ એક પલ્યોપમના અસંખ્યાત ભાગ જેટલી સ્થિતિ ખપી જવા પામતાં કર્મલઘુતાને પામેલા જીવને ગ્રંથિદેશે આવેલો કહી શકાય. આટલી કર્મલઘુતા ભવ્યો, અભવ્યો, દુર્ભવ્યો પણ પામી શકે છે. ત્યારપછી ભવ્યો જ ગ્રંથિદેશે પહોંચી ગ્રંથિ ભેદવાનો પુરુષાર્થ કરી શકે છે, અન્યો નહીં. ત્યારબાદ તેઓ દ્રવ્યશ્રુત અને ચારિત્રશ્રુત પામી શકે છે. ભવ્ય સિવાયના બે જીવો અભવ્યો અને દુર્ભવ્યો ઉપર જણાવેલી કક્ષાએ પહોંચી ઉત્કૃષ્ટ સાધુપણું પાળી નવગ્રૈવેયક સુધી કે નવપૂર્વના જ્ઞાનને પામી શકે છે. પરંતુ શુદ્ધ ભાવની ખામીના લીધે મિથ્યાત્વમોહનીયનો હ્રાસ ન થવાથી વાસ્તવિક ફળ મળતું નથી. દેવલોકમાં જઇ એવાં અશુભ કર્મો તેઓ ઉપાર્જે છે કે સંસાર પરિભ્રમણનો નાશ કરી શકતા નથી.

ગ્રંથિદેશે આવેલો જીવ વધુમાં વધુ અસંખ્યાત કાળ સુધી રહી શકે. અહીંથી તે ક્યાં તો આગળ વધે, સમ્યગ્દર્શનાદિ ગુણો પામે અથવા પીછેહઠ પણ કરે. અહીં આવેલો જીવ પુરુષાર્થ કરવા તત્પર બને, તેને ફોરવે અને જો સમ્યગ્દર્શન ગુણને વમે નહીં, ટક્યો રહે તો પ્રગતિ સાધનારો બને. અસંખ્યાત કાળ સુધી ગ્રંથિદેશે ટકી રહે પરંતુ તે પ્રગતિ સાધે એવો નિયમ નથી.

ગ્રંથિભેદ થવામાં કાળની પરિપક્વતાની અપેક્ષા રહે છે. જે જીવની મુક્તિ એક પુદ્ગલપરાવર્ત કાળની અંદર થઇ જવાની છે તેઓમાં મોક્ષ પામવાની ઇચ્છા થઇ શકે છે. જેઓનો કાળ તેથી અધિક હોય છે તેઓમાં આવી ઇચ્છા થતી નથી. તે માત્ર ચરમાવર્તકાળને પામેલા જીવમાં પેદા થઇ શકે છે. આગળ જઇએ તે પહેલાં ગ્રંથિભેદ એટલે શું ? કર્મગ્રંથિ એ એક પ્રકારનો આત્માનો ગાઢ પરિણામ છે અને તેને અન્ય પરિણામથી ભેદવાનો છે. કર્મગ્રંથિ પરિણામ તે આત્માનો ગાઢ રાગ-દ્વેષમય પરિણામ છે. તેને ભેદવાનો છે. ગ્રંથિપરિણામ તે મોહનીય કર્મથી પેદા થયેલો છે. તેને એવા પરિણામથી ભેદવો જોઇએ કે જે સીધો મોહનીયકર્મ પર ઘા કરે. આ પરિણામે રાગ અને દ્વેષ બંનેને ભેદવા જોઇએ. ભેદવો એટલે રાગ અને દ્વેષની ગાઢ અસરને ટાળવાની છે, નાકામિયાબ બનાવવાની છે. આ માટે રાગ અને દ્વેષ પાતળા પાડતા પાડતા તદ્દન શૂન્યવત્ બનાવવાથી આ પરિણામ નિષ્પન્ન થઇ શકે. જેવી રીતે ક્ષમાના પરિણામથી ક્રોધને, લક્ષ્મિના લોભને દાનવૃત્તિથી નાકામિયાબ બનાવાય તેવી રીતે તેને નબળા, પાતળા, નહીંવત્ બનાવવા જોઇએ.

ભવ્યાત્માઓ જ યથાપ્રવૃત્તિકરણ દ્વારા ગ્રંથિદેશે આવ્યા પછી ભવિતવ્યતાદિના સુયોગે સુપુરુષાર્થ કરી અપૂર્વકરણને પામી, ભવિતવ્યતાદિની અનુકૂળતાનો સુયોગ થતાં પ્રગતિશીલ બની અપૂર્વકરણ દ્વારા રાગ દ્વેષના ગાઢ પરિણામને ભેદી તે પછી ભવ્યાત્માઓ અનિવૃત્તિકરણ દ્વારા સમ્યકત્વને પામે છે. યથાપ્રવૃત્તિકરણ દ્વારા ગ્રંથિદેશે આવ્યા પછી અપૂર્વકરણ પામે તેવો નિયમ નથી. અનંતિવાર અહીં આવે પણ અપૂર્વકરણ ન પામે. ગ્રંથિદેશે આવ્યા વગર કોઇપણ જીવ અપૂર્વકરણ પામે નહીં પરંતુ જે જીવ અપૂર્વકરણ પામે તે જીવ નિશ્ચિતપણે ગ્રંથિ ભેદે અને અનિવૃત્તિકરણ પામે છે. ત્યારપછી સમ્યકત્વ પામે.

આ બંને વગર કોઇપણ જીવ શુદ્ધ ધર્મરૂપ સમ્યકત્વ પામે નહીં. તેથી શુદ્ધ ધર્મરૂપ સમ્યકત્વ મેળવવા માટે અપૂર્વકરણ માટે જ મહેનત થવી જોઇએ. જેની પ્રાપ્તિ આત્માના શુભ પરિણામોથી થાય છે. શ્રી સીમંધરસ્વામી ચૈત્ય વંદનની છેલ્લી લીટી કહે છે કે 'ભાવ જિનેશ્વર ભાણને દેજો સમકિત દાન (૫)'.

ધર્મના રાગ અને પાપના દ્વેષ થકી જ પાપથી મુક્ત અને ધર્મમય બની જીવ રાગદ્વેષથી મુક્ત થાય છે. અપૂર્વકરણ પામેલો જીવ તરત જ અનિવૃત્તિકરણ પામે છે. અને તે થકી આત્માનો સમ્યગ્દર્શન ગુણ પ્રગટે છે. કર્મગ્રંથિ ભેદાયા પછી જીવમાં જે પરિણામ પેદા થાય તેને અનિવૃત્તિકરણ કહેવાય છે, કારણ કે એ પરિણામ પામેલો જીવ સમ્યકત્વના પરિણામને પામ્યા વિના પીછેહઠ કરતો નથી.

સમ્યકત્વને પામેલા પુણ્યાત્માઓએ સમ્યકત્વના સંરક્ષણની કાળજી રાખવાની સાથોસાથ, દિન પ્રતિદિન તે વધુ ને વધુ શુદ્ધ

બનતું રહે, નિર્મળતા ગુમાવે નહીં, તેનો ક્ષય ન થાય તે માટે પુરુષાર્થ કરવો જોઇએ. વિષયકષાયની અનુકૂળતાના રાગે તેમ જ વિષયકષાયની પ્રતિકૂળતાના દ્વેષે આત્માની ખરેખરી પાયમાલી કરી નાંખી છે !

સાર સંક્ષેપ રૂપે જરા વિહંગાવલોકન કરીએ. નદીગોળપાષાણ ન્યાયે જીવ યથાપ્રવૃત્તિકરણ કરે છે. ત્યારપછી શુદ્ધ અધ્યવસાયાદિથી શુદ્ધયથાપ્રવૃત્તિકરણ કરે છે. ત્યારબાદ અપૂર્વકરણ કરે છે અને તે પછી અનિવૃત્તિકરણ કરી શુદ્ધ આત્મ ધર્મસ્વરૂપ સમ્યક્ત્વ ગુણ પામે છે જેને વધુ ને વધુ સુનિર્મળ, ટકાઉ બનાવવા માટે યોગ્ય સુપુરુષાર્થ કરવો હિતાવહ છે.

સમ્યક્ત્વના પાંચ લક્ષણો છે તે તરફ વળીએ. સમ્યક્ત્વ ઘણું મહત્ત્વનું તેમ જ દુર્લભ પણ છે. સમ્યક્ત્વ પામ્યા પછી બધાં જીવો તેને ટકાવી શકે કે ભવના અંત સુધી જીરવી શકે તે શક્ય નથી તેથી તેને ટકાવવા તથા નિર્મળ બનાવવા ખૂબ જ કાળજી રાખવી જોઇએ. કેટલાંક જીવો નિમિત્તવશાત્ કે નિકાચિત કર્મોના ઉદયથી તેને ગુમાવી દે છે. છતાંય તેઓ અર્ધપુદ્‌ગલપરાવર્તકાળથી ઓછા સમયમાં મોક્ષ પામશે. સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન એ અજ્ઞાન છે; તે વિનાનું ચારિત્ર કાયકષ્ટ છે. ચારિત્રમોહનીયાદિના ઉદયે અસત્ ક્રિયાઓ સમ્યક્ ગુણને લીધે નિર્જરાનું કારણ બનાવી શકે છે.

શાસ્ત્રકાર મહર્ષિઓએ પાંચ લક્ષણોનું સુંદર વર્ણન કર્યું છે. આસ્તિક્ય,અનુકંપા, નિર્વેદ, સંવેગ અને ઉપશમ એ પાંચને શાસનમાં સમ્યગ્દર્શન ગુણના લક્ષણો બતાવ્યા છે. આત્માને સૌ પ્રથમ આસ્તિક્ય પ્રથમ થાય, પછી અનુકંપા, ત્યારપછી નિર્વેદ, સંવેગ અને ઉપશમ. એ પાંચને શાસનમાં સમ્યગ્દર્શન ગુણના લક્ષણો બતાવ્યા છે. લાભનો ક્રમ આ પ્રમાણે હોવા છતાં પણ કેટલીક જગ્યાએ પશ્ચાનુક્રમથી વર્ણન કર્યું છે. પહેલા કરતા બીજાની, બીજા કરતાં ત્રીજાની અને ચોથા કરતાં છેલ્લાની મહત્તા વધુ છે.

સમ્યગ્દર્શન પામેલા પુણ્યાત્માનો સંવેગ અનુપમ કોટિનો હોય છે. એનું અંતર માત્ર મોક્ષ માટે પ્રાર્થના કરતું હોય છે, મોક્ષના સાધનો છોડી બીજી કોઈ વસ્તુ પ્રાર્થનાર્હ લાગતી નથી. મોક્ષ સુખ સાચું છે અને તે સિવાયનું સુખ સુખાભાસ છે. દુઃખરૂપ છે.

તેનો નિર્વેદ એવો છે કે ચાર ગતિ પૈકી કોઇપણ ગતિમાં રહેવા ઇચ્છા હોતી નથી. સંસાર પ્રત્યે મમત્વ રહેતું નથી. પંચમ ગતિ સિવાય કશાની અપેક્ષા નથી.

આ પુણ્યાત્માઓની અનુકંપા અસાધારણ કક્ષાની હોય છે. સમ્યગ્દર્શન પામેલો પુણ્યાત્મા ભયંકર એવા ભવસાગરમાં દુઃખથી પીડાતા પ્રાણીઓ પ્રત્યે દ્રવ્યથી અને ભાવથી અનુકંપા કરે છે. તેનું હૃદય તેઓ પ્રત્યે મૃદુ, કોમળ, દયાર્દ કંઇક કરી છૂટવા તત્પર હોય છે.

આ પુણ્યાત્માઓનું આસ્તિક્ય એવું છે કે 'તમેવ સચ્ચં જં જિણેહિં પવેઇઅં' તેમાં જરાપણ છૂટછાટ મૂકવા તૈયાર હોતા નથી. સમ્યગ્દર્શન ગુણને પામેલા પુણ્યાત્મા કર્મોના તેવા પ્રકારના ક્ષયોપશમ ભાવના સુયોગે એવો ઉપશાંત, સંવેગયુક્ત, નિર્વેદવાળો, અનુકંપાશીલ અને આસ્તિક્યધારી બને છે જેથી મોહનીય કર્મના ઉદયે થતી વેદનાથી રહિત બને છે. તેઓ ભવદુઃખની વેદનાથી રહિત બને છે. વળી આવા પ્રકારના ઉપશાંતાદિ ભાવોના પ્રગટીકરણ માટે અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલન કષાયોના ઉદયાભાવની-અનુદયની અપેક્ષા રહેતી નથી; માત્ર અનંતાનુબંધી કષાયોના ઉદયાભાવની અપેક્ષા રહે છે.

આ પાંચ લક્ષણોમાં પ્રથમ આસ્તિક્યનો લાભ, ત્યારપછી અનુકંપા, નિર્વેદ, સંવેગ અને છેલ્લે શમ કે પ્રશમનો લાભ થાય છે. સર્વ સાવદ્ય યોગો ત્યજી વ્યક્તિ સામાયિક કરવા બેસે છે. મુહપત્તિ, કટાસણું, ચરવળો જે પ્રતીકાત્મક છે તેનો ઉપયોગ કરી સામાયિકસ્થ વ્યક્તિનું ધ્યેય સમતા પ્રાપ્ત કરવાનું છે. સમતાથી શમ કે પ્રશમ મળે છે. સામાયિકનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે સમણો ઇવ સાવઓ હવઇ જમ્હા. સમતાધારી ક્ષમાશીલ હોય છે. તેથી જૈન સાધુને તપશ્રમણ, જ્ઞાનશ્રમણાદિ ન કહેતાં ક્ષમાશ્રમણ કહે છે. શમ એટલે શમવું, શાંત થઇ જવું. અનંતાનુબંધી કષાયોનો વિપાકોદય જોરદાર ન રહેતા મંદતમ બની જાય તેમ તેમ પ્રશમ ભાવ વૃદ્ધિને પામે છે. આ પાંચ લક્ષણોના સ્વરૂપને બરોબર સમજી વિચારાય, તેને આચરણમાં મૂકાય તો તે રીતે જીવ અપૂર્વકરણને અને તે દ્વારા રાગ-દ્વેષના પરિણામરૂપ ગ્રંથિને ભેદી અનિવૃત્તિકરણ અને પછી સમ્યગ્દર્શન પામી શકે છે.

જીવનું મોહનીય કર્મ બે વિભાગમાં વહેંચાયેલું છે. દર્શનમોહનીય અને ચરિત્રમોહનીય. સમ્યક્ત્વીને મિથ્યાત્વમોહનીયનો ક્ષયોપશમાદિ થયેલા હોય, પરંતુ ચારિત્રમોહનીયનો થયેલો ન પણ હોય. મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમ વગર વિરતિ નહીં અને તેથી ગ્રંથિભેદ નહીં અને સંવેગ સ્વસ્વરૂપમાં પ્રગટતો નથી. ચારિત્ર-મોહનીયાદિના ઉદય સામે સાવધ ન રહે તો સમ્યક્ત્વીનું પતન પણ થઇ જાય. મિથ્યાત્વ ગયા પછી સમ્યક્ત્વ પ્રગટે, ફરી પાછો મિથ્યાત્વનો ઉદય થઇ જાય તો પણ જીવ અર્ધપુદ્‌ગલપરાવર્તકાળથી ઓછા કાળમાં મુક્તિ પામે જ.

(ક્રમશઃ)

❖ ❖ ❖

## સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક

'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલા લખાણોમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક અપાય છે. અમને જણાવતાં આનંદ થાય છે કે ૧૯૯૯ના વર્ષ માટેનું પારિતોષિક ડૉ. ગુલાબ દેઢિયાને એમના લેખો માટે આપવાનું નિર્ણાયક સમિતિએ નક્કી કરેલું છે. આ પારિતોષિક માટે નિર્ણાયક તરીકે ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી ઘનશ્યામભાઇ દેસાઇ તથા શ્રી દીપકભાઇ દોશીએ સેવા આપી છે. જે બદલ અમે તેમના આભારી છીએ.

☐ નિરુબહેન એસ. શાહ

☐ ડૉ. ધનવંત ટી. શાહ

મંત્રીઓ

# 'વીરપ્રભુનાં વચનો'

## (૧)

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

જેમ બીજ વૃક્ષનું કારણ છે તેમ કર્મ સંસારનું કારણ છે. અજ્ઞાન જીવ પોતાના જ કર્મે કરી નીચે ને નીચે જાય છે-જેમ કૂવો ખોદનાર નીચે ઊતરતો જાય છે તેમ. અને જે જીવ શુદ્ધ અંતઃકરણવાળો છે તે પોતાના કર્મે કરી ઊંચે ને ઊંચે જાય છે-જેમ મહેલ બાંધનાર ઊંચે ચઢતો જાય છે તેમ. ભગવાન મહાવીરના આ મૌલિક ઉપદેશની પાછળ દર્શન, જ્ઞાન, ચારિત્ર્યનો મહિમા તો છે જ, ઉપરાંત અહિંસા, તપ ને વૈરાગ્યનું પણ ચરમ-પરમ ગૌરવ છે. વીરપ્રભુનાં સેંકડો નહીં પણ હજારો વચનોમાંથી પંદરેક વચનોનું ડૉ. રમણલાલ શાહે એમની પ્રાસાદિક લોકભોગ્ય શૈલીમાં 'વીરપ્રભુનાં વચનો' નામના પુસ્તકમાં વિવરણ કર્યું છે.

વીરપ્રભુનાં એ પંદર વચનોમાં એકદમ સાદી લાગતી આ સૂત્રાત્મક વાણીમાં, લૌકિક તેમજ અલૌકિક દૃષ્ટિએ કેવી તો આર્ષવાણીનું સર્વકાલીન ને સર્વજનીન દર્શન છૂપાયું છે તે અતિસંક્ષેપમાં જોઇએ. (૧) કાળ લોકક્ષયકારી છે તેમજ લોકકલ્યાણકારી પણ છે-જો એના મર્મને સવેળા પામી શકાય તો. કાળરૂપી આખલાને શિંગડેથી પકડીને વશ રાખવો જોઇએ એમ જ્ઞાની પુરુષો કહે છે; પણ પ્રમાદી પ્રકૃતિને કારણે સંસારીઓનો કાળ પ્રભુ ક્ષય કરે છે, જ્યારે અતંદ્ર જાગ્રતિ સેવનાર અધ્યાત્મ-પ્રેમીઓનો ઉદ્ધાર કરે છે. 'કાલે કાલ સમાયરે...' યોગ્ય સમયે યોગ્ય કરી લેવું એ મહાવીર પ્રભુની વાણી સર્વકાલીન ને સર્વજનીન છે. લેખને અંતે ડૉ. શાહ લખે છે તેમાં એમની ચિંતનપ્રધાન પ્રકૃતિનો પરિચય થાય છે. દા. ત. 'કાળ સાપેક્ષ છે. સૂર્યચન્દ્ર ફરે છે તે માટે કાળ ફરતો દેખાય છે, પણ અંતરીક્ષમાં એવાં પણ સ્થળો છે કે જ્યાં કાળ થંભી ગયેલો લાગે. જેઓની આત્મ-સ્વભાવમાં રમણતા છે ત્યાં કાળ જાણે સ્થિર થઇ ગયો હોય એવી સૂક્ષ્માનુભૂતિ થાય છે. જ્યાં ત્રિકાળજ્ઞાન છે, કેવળજ્ઞાન છે ત્યાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળનું જ્ઞાન એકરૂપ હોય છે. યુગપદ્ હોય છે. (પૃ. ૬) (૨) 'અતિવેળા ન બોલવું' આ માર્મિક વચનના ત્રણ અર્થ થાય છે. વેળાનો એક અર્થ સમય, બીજો મર્યાદા અને લક્ષણાથી, ત્રીજો અર્થ કવેળા. વ્યાવહારિક તેમજ આધ્યાત્મિકથી, ત્રીજો અર્થ કવેળા. વ્યાવહારિક તેમજ આધ્યાત્મિક જીવનમાં લેખે લાગે તેવું પ્રત્યેક પરિસ્થિતિને આવરીને, સમાવી લેતું આ ત્રિકાલાબાધિત સત્ય-વચન છે. ભગવાન મહાવીરે આ બે શબ્દોમાં જ વાણીના સંયમનો અને વક્તવ્યના ઔચિત્યનો-મહિમા કેટલી સચોટ રીતે દર્શાવ્યો છે ! અનેક વક્તાઓએ અને સભા સંચાલકોએ એમાંથી બોધપાઠ લેવા જેવો છે.' અત્યારના સંદર્ભમાં લોકસભાના સાંસદોએ તો ખાસ ! (૩) ક્ષુધા, તૃષા, કામ, ધન, યશ, વિજય, પદ અને સત્તાની આંધળી ને અવિવેકી આતુરતા માણસજાતિમાં કેવી કેવી વિકૃતિ સર્જે છે તેનું દુઃખદ-કરુણ-સ્વરૂપભાન ભગવાન મહાવીરે અતિ લાઘવથી કેવળ બે જ શબ્દમાં જ-આતુરા પરિત્તાવેન્તિમાં કરાવ્યું છે, તો :-

'સાધુમારગ સાંકડા, જૈસા પેડ ખજૂર;

ચડે તે ચાખે પ્રેમ રસ, પડે તો ચકનાચૂર.'

(૪) એ 'દુક્કરં કરેઉં...' લેખનો સાર છે. યૌવનમાં સાધુપણાનું પાલન, લોઢાના ચણા ચાવવા જેવું, તલવારની ધાર પર ચાલવા જેવું ને ભુજાઓથી સાગર તરવા જેવું દુષ્કર છે પણ ભુજંગની જેમ એકાન્તદૃષ્ટિથી -એકાગ્રતાથી જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી રત્નત્રયીમાં રમમાણ રહે, શીલની નવ વાડથી સુરક્ષિત રહે તો વિષય અને કષાયને અતિક્રમી સ્પર્શેન્દ્રિયના અનાદિ સંસ્કારમાંથી મુક્તિ મેળવી સાધુપણાને શોભાવે. (૫) 'જે ગુપ્ત રાખવા જેવું હોય તે કહી ન દેવું' એ સંસારીઓ માટે કઠોર સાધના છે, તો સાચા સાધુઓ માટે સ્વભાવ-સહજ છે. 'નરો વા કુંજરો વા'-વૃત્તિ અનેકમાં હોય છે પણ સાધુ માટે વચનગુપ્તિ સંયમની પારાશીશીરૂપ છે. હિંદુ ધર્મમાં પાપોનું પ્રાયશ્ચિત્ત, જૈન ધર્મમાં 'આલોયણાં'-આલોચના ને ખ્રિસ્તી ધર્મમાં 'Confessions'-એકરારની વ્યવસ્થા છે, પણ ખુલ્લી કિતાબ જેવા સાધુસંતોના જીવનને કશાનો જ ભય હોતો નથી. (૬) 'અર્થયુક્ત વાતો શીખવી, નિરર્થકને ત્યજી દેવી' આ સૂત્રને જીવનમાં ચરિતાર્થ કરવા માટે વિમલ, વિવેક ને અતંદ્ર જાગ્રતિની આવશ્યકતા છે. ભૌતિક કે આધ્યાત્મિક સિદ્ધિ મેળવવા કાજે પણ આ સૂત્ર ધ્રુવતારક સમાન છે. પ્રમાદી બની, પરિસ્થિતિના પ્રવાહમાં તૃણવત તણાવાને બદલે આત્મભાવમાં સ્થિર રહેવાનું અહીં ઉદ્‌બોધન છે.

(૭) 'આતંકદર્શી પાપ કરતો નથી'...આજની દુનિયામાં આતંકવાદીઓ ઝાઝા છે પણ આતંકદર્શી વિરલ છે. આતંકદર્શી એટલે દુઃખના સ્વરૂપને સમજનારો-જાણનારો. રાગ અને દ્વેષના પ્રગાઢ અંધકારમાં લિપ્ત મિથ્યાવાદી જીવ પાપકર્મો આચરે છે ને કર્મના સિદ્ધાંત અનુસાર તે નરકનાં દુઃખ ભોગવે છે. સંસારના સ્વરૂપને જ્ઞાતા-દૃષ્ટા-ભાવથી નિહાળી, રાગદ્વેષથી મુક્ત રહે છે ને મુક્તિ પામે છે. આવો આતંકદર્શી પાપ કરતો નથી.

(૮) રસાલંકારશાસ્ત્રમાં હાસ્યનું ગમે તે સ્થાન હોય ને સચરાચર સૃષ્ટિમાં માત્ર માનવી જ હસતું પ્રાણી હોય તો પણ ઔચિત્ય અને ગૌરવની દૃષ્ટિએ મુનિએ અમર્યાદ હસવું જોઇએ નહીં-એ વીર પ્રભુની વાણી સર્વથા ઉચિત છે. અહીં 'અમર્યાદ' વિશેષણની સાર્થકતા લક્ષમાં લેવા જેવી છે. (૯) અન્ન બ્રહ્મ છે અને શરીર ધર્મસાધનાનું સાધન છે. અન્ન દ્વારા એ સાધનાને સદ્ધર તો રાખવું જોઇએ પણ 'જીવવા માટે ખાવાથી માંડીને ખાવા માટે જીવવા' જેવી મનોદશા જ્યારે સમાજમાં વિકસતી જતી હોય ત્યારે વિશેષતઃ જૈન મુનિઓએ, ઇન્દ્રિય-સંયમ, જીવદયા, ભક્ષ્યાભક્ષ્ય, વિવેક અને કર્મના સિદ્ધાંતને સતત ખ્યાલમાં રાખી પથ્ય ને મિતાહાર કરવો જોઇએ એમ ભગવાનનું કહેવું છે. (૧૦) સૌ એષણાઓમાં વિત્તૈષણા અતિ પ્રબળ છે...અને આપણાં સામાજિક મૂલ્યોમાં સુવર્ણમાં સર્વ મૂલ્યો સમાઈ જતાં માન્યાં છે. એટલે કેટલાક તો અર્થના અનર્થને અવગણીને ચોરી, દાણચોરી, કરચોરી, લૂંટ કે હત્યા દ્વારા પણ ધનનો સંચય કરે છે...ને જે દાન કે ઉપભોગ કરી શકતા નથી તે અંતે ઉભયનો-કંજુસનો ને ધનનો-નાશ થાય છે; એટલે જ આપણા સંતો અને શાસ્ત્રો સતત વિદ્યા-જ્ઞાન ને અધ્યાત્મરૂપી ધનનો મહિમા કરે છે. (૧૧) દુનિયામાં કામ, ક્રોધ, ને મોહ કરતાં પણ લોભનું પ્રાબલ્ય વિશેષ છે. એને પ્રતાપે યેનકેન પ્રકારેણ પરિગ્રહની માત્રા વધતી જાય છે. એક ઠેકાણે ટેકરો થતાં બીજે સ્થળે ખાડો પડે છે ને પછી તો આર્થિક અસમાનતા એવી કક્ષાએ પહોંચે છે કે તે વર્ગવિગ્રહમાં પણ પરિણમે છે.

'રચો ! રચો અંબરચુંબી મંદિરો,

ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે,

ખંડેરની ભસ્મકણીને લાધશે.'-એવી પણ સ્થિતિ સર્જાય છે...તો સાચો રસ્તો તો એ છે કે લોભાદિ કષાયોને નિર્મૂળ નહીં તો પરિમિત પરિગ્રહનો આદર કરી સમાજમાં સુખશાંતિ સ્થાપવામાં નિમિત્ત બનીએ. (૧૨) મનોજ્ઞરૂપના પરિગ્રહમાં આસક્ત થયેલો જીવ, લોભ, તૃષ્ણા, લાલચ અને આસક્તિ વધતાં ઉત્તરોત્તર માયા-મૃષાવાદ તરફ ઘસડાય છે ને ચોરીને રવાડે ચઢે છે ને પછી તો અદત્તાદાનની વૃત્તિ એટલી હદે વકરે છે કે ઘોર પાપ પણ એને પાપ જેવું લાગતું નથી-એવો એ રીઢો બની જાય છે. એના અનાદિકાળના સંસ્કાર માનસિક રોગમાં પરિણમે છે ને એ માણસ મટી જાય છે. (૧૩) મુખરતાથી સત્યવચનનો ઘાત થાય છે ને વિસંગતિમાં વૃદ્ધિ થાય છે. અતિશયોક્તિ, પુનરુક્તિનો દોષ વકરે છે ને હિત, મિત, પથ્ય, સત્ય નેપથ્યમાં ધકેલાઇ જાય છે એટલે પાંચ સમિતિમાંની એક ભાષા-સમિતિ અને ત્રણ ગુપ્તિમાંની એક વચનગુપ્તિનું ભગવાને સ-કારણ ગૌરવ કર્યું છે. (૧૪) માણસ પ્રકૃતિએ સામાજિક પ્રાણી છે. પરસ્પરના સહચાર વિના એ રહી શકતો નથી...એટલે સંગનો રંગ લાગ્યા વિના પણ રહેતો નથી. સકલ સંસારમાં એના જેવું આડંબરી ને આત્મવંચના કરનાર પણ કોઇ પ્રાણી નથી; એટલે ભગવાને કહ્યું કે મૂર્ખ, જ્ઞાની, બાળક બુદ્ધિવાળાઓનો સંગ કરવા કરતાં નિ:સંગ કે અસંગ રહેવું બહેતર. અલબત્ત, વિવેકપૂર્વકનો સત્સંગ તો કરવો જ. (૧૫) અસંવિભાગી વ્યક્તિનો મોક્ષ થતો નથી એમ જ્યારે ભગવાને કહ્યું ત્યારે એમણે આદર્શ સમાજવાદની વાત તો કરી જ નાખી પણ સાથોસાથ સંયમ ને સદાચાર દ્વારા વ્યક્તિચેતનાની ઉર્ધ્વગતિની અને જીવનવ્યવસ્થા, સમાજવ્યવસ્થા અને રાજ્ય વ્યવસ્થાની સંવાદિતાની પણ શક્યતા દર્શાવી. અધ્યાત્મની દૃષ્ટિએ પણ 'લોભરતિ'માં રત કે રાચતા જીવો 'ભવાભિનંદી' જ રહેવાના. લેવા કરતાં દેવાનો આનંદ દિવ્ય હોય છે. એમ જ વ્યષ્ટિ-સમષ્ટિનું સર્વદર્શીય કલ્યાણ છે.

'વીરપ્રભુનાં વચનો ભાગ-૧'ના આ પંદર લેખોમાં ડૉ. રમણલાલ શાહે જ્યાં જ્યાં આવશ્યકતા જણાઇ ત્યાં ત્યાં અંગ્રેજી-સંસ્કૃતનાં સચોટ અવતરણો ટાંક્યાં છે. ગુજરાતી, રાજસ્થાની લોકોક્તિઓનો સચોટ ઉપયોગ કર્યો છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી, બનારસીદાસ, હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, ખલિલ જિબ્રાન, ચીની લેખક યુઆંગત્સે, ભર્તૃહરિ વગેરેનાં કાવ્યો શાસ્ત્ર કે સૂક્તિઓનો યથાર્થ વિનિયોગ કર્યો છે, 'પંચતંત્ર', 'મનુસ્મૃતિ', 'શ્રીમદ્ ભાગવત'નો પણ ઇષ્ટ વિચારધારાની પુષ્ટિ કાજે ઔચિત્યપૂર્વકનો ઉપયોગ કર્યો છે. પણ મુખ્યત્વે તો મોટા ભાગના લેખોમાં, 'ઉત્તરાધ્યયનસૂત્ર', 'આચારાંગસૂત્ર', 'આવશ્યકસૂત્ર' 'દશવૈકાલિકસૂત્ર', 'સ્થાનાંગસૂત્ર', 'તત્ત્વાર્થસૂત્ર' અને સૂત્રકૃતાંગનો આશ્રય લીધો છે.

આ બધા લેખોમાં પંડિત યુગની 'પાઘડિયાળી વિદ્વત્તા'નો ક્યાંય ભાર લાગતો નથી કે ક્યાંય ધર્મ-સંપ્રદાયની સંકીર્ણતા વરતાતી નથી; બલ્કે સમગ્ર માનવજાતિના કલ્યાણને કેન્દ્રમાં રાખીને સર્વ દેશકાળને માટે લખાયેલાં ધર્મ-સૂત્રોનું આ સરલ-પ્રાસાદિક સચોટ ને યથાર્થ લોકભોગ્ય વિવરણ છે. અઢી હજાર વર્ષોની કાળની કસોટીમાંથી કંચન સ્વરૂપે પુરવાર થયેલાં આવાં આર્ષ-સૂત્રોનું આવું સુંદર વિવરણ પુસ્તક સ્વરૂપે આપવા બદલ ડૉ. શાહને હાર્દિક અભિનંદન.

❖❖❖

## (૨)

### ☐ પ્રો. જશવંત શેખડીવાલા

ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત 'વીરપ્રભુનાં વચનો' પુસ્તક મને મળ્યું ત્યારે તબિયત ખરાબ હતી. પથારીવશ હતો. તન-મન અવસાદગ્રસ્ત હતા. એવી વિષમ વેળાએ મને 'વીરપ્રભુનાં વચનો' વાંચવાનો સુયોગ પ્રાપ્ત થયો. હું સાદ્યંત રસપૂર્વક વાંચી ગયો. મારા તન-મન-અવસાદમુક્ત થઇ ગયાં. ચિત્ત પ્રસન્ન થઇ ગયું. મારી માંદગી થોડા સમય પૂરતી જાણે દૂર થઇ ગઇ.

પુસ્તકમાં સંગ્રહીત લેખો મેં પૂર્વે 'પ્રબુદ્ધ જીવન'માં વાંચ્યા હતા. ફરીથી વાંચતાં પણ તાજા જ લાગ્યા. તમામ લેખો વિચારોત્તેજક હોવાની સાથે રસળતા છે. જીવનને ઉપયોગી એવો બોધ તેમાં ઘણો છે. તેમ છતાં તેમાં ક્યાંય બોધનો બોજો કે શિખામણની શુષ્કતા અનુભવાતાં નથી. નિરૂપણમાં વિચારની સાથે લાગણી ને કલ્પનાનો પણ સુભગ સંયોગ થયો હોવાથી તે મનની સાથે કેવી નિત્યનવીન, સનાતન, સત્યસભર અને પ્રેરણાદાયી છે, તેની પ્રતીતિ પ્રત્યેક લેખમાં થાય છે. આધ્યાત્મિક ઉન્નતિ ઉપરાંત વ્યાવહારિક માર્ગદર્શન માટેની સામગ્રી તેમાં ભરપટ્ટે પડી છે. આત્મિક અને ભૌતિક ઉભય જીવનને ઉન્નત, સુખી, સમૃદ્ધ બનાવવા માટે તેણે ચીંધેલો માર્ગ સૌ કોઇ માટે અનુસરણીય છે. 'કાલે કાલં સમાયરે,' 'ણાઇવેલ વએજ્જા', 'આતુરા પરિતાવેન્તિ', 'દુક્કરે કરેઉં તારુણ્ણે સમણત્તણં', 'જં છન્નં, તં ન વત્તવ્વં; 'અટ્ઠજુત્તાણિ સિક્ખિજ નિરટ્ઠાણિ ઉ વજ્જિએ,' 'મોહરિતે સચ્ચવયણસ્સ પલિમંથૂં', 'અલં બાલસ્સ સંગેણં' જેવા લેખો વારંવાર વાંચવા જેવા-મનન કરવા જેવા અને તેમાંના બોધને જીવનમાં ઉતારવા જેવા છે.

વીરપ્રભુનાં વચનો પરનું આ ભાષ્ય પ્રભુની સૂત્રાત્મક માર્મિક વાણીને તેના અભિધા-લક્ષણા-વ્યંજનાત્મક તમામ અર્થોમાં બરાબર પ્રકાશિત કરે છે. ભાષ્યમાં પ્રભુનાં વચનોનાં પરિચય, પૃથક્કરણ અને વિશ્વસનીય અર્થઘટન યુગપદ પ્રાપ્ત થાય છે. તેમાં તાર્કિક અને માનસશાસ્ત્રીય સચ્ચાઇ ઉભયનો અનુભવ થાય છે. લેખકની બહુશ્રુતતાની સાથે તેમાં વ્યક્તિ-સમાજ-જગતનું એમનું સૂક્ષ્મ નિરીક્ષણ-પરીક્ષણ-મૂલ્યાંકન અને યથાર્થ દર્શન સર્વત્ર જોઇ શકાય છે. વીરપ્રભુનાં વચનોની સમજૂતી સમર્થક અવતરણો-ઉદાહરણો સાથે, ક્રમબદ્ધ રૂપમાં, વ્યવસ્થિત રીતે થઇ હોવાથી શ્રદ્ધેય બની છે. લેખકની શૈલી પણ અર્થસભર હોવાની સાથે સરલ, મધુર, પ્રવાહી છે, તેમ કઠોરતા-કટુતા-ક્લિષ્ટતાથી સર્વથા મુક્ત છે. તેથી સમગ્ર પુસ્તકનું વાંચન સાદ્યંત આનંદપ્રદ બની રહે છે. એ માટે લેખકને ધન્યવાદ !

❖❖❖

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફ્રખરી પ્રિન્ટિંગ વર્કસ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડિસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા, મુંબઈ-૪૦૦ ૦૨૭.

Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૧ ● અંક : ૫ ● તા. ૧૬-૫-૨૦૦૦ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2000
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## જૈન દર્શનમાં કાળની વિભાવના

છેલ્લા થોડાક દાયકામાં ભૌતિક વિજ્ઞાને આશ્ચર્યજનક પ્રગતિ કરી છે. અણુવિજ્ઞાન, વીજાણુવિજ્ઞાન (Electronics), અવકાશ-વિજ્ઞાન ઇત્યાદિ વિવિધ વિજ્ઞાન-શાખાઓએ માનવજાતને હેરત પમાડે એવી ગજબની શોધો કરીને સિદ્ધિઓ મેળવી છે. એમાં કાળમાપક સાધનો પણ ઘણી જાતનાં વિકસ્યાં છે. સ્ટોપવોચ, કાઉન્ટર વગેરેની મદદ વડે સુનિશ્ચિત આંકડાઓ પ્રાપ્ત થાય છે. એક મિનિટમાં પચીસેક હજાર આંટા ફરે એવાં સાધનો વપરાશમાં આવી ગયાં છે. એમાં જ્યારે કાંટો ફરતો હોય અથવા આંકડાઓ બદલાતા હોય ત્યારે તે એટલી બધી ઝડપથી ફરતા રહે છે કે આપણને કશું ફરતું દેખાય જ નહિ. એક સેકન્ડનું એવું સૂક્ષ્મ વિભાજન થાય છે કે આપણી નજરમાં તે આવતું નથી. બીજી બાજુ રોકેટમાં અવકાશ- યાત્રાએ નીકળી પૃથ્વીની આસપાસ પરિભ્રમણ કરનાર વૈજ્ઞાનિકો કહે છે કે અવકાશમાં દિવસ છે કે રાત એની ખબર પડતી નથી. ત્યાં કાળ જાણે સ્થગિત ગયો હોય હોય એમ અનુભવાય છે. માત્ર ઘડિયાળના આધારે ખબર પડે છે કે કઇ તારીખ છે અને પોતે કેટલા દિવસથી પૃથ્વીની બહાર છે.

વર્તમાન વૈજ્ઞાનિક જગતને કાળ વિશે થતા આવા વિલક્ષણ અનુભવોમાં સત્ય રહેલું છે. કેટલાક વૈજ્ઞાનિકો હવે એમ માનવા લાગ્યા છે કે વિશ્વમાં કાળ જેવું કશું છે જ નહિ. આ બધું સાપેક્ષ છે. આજના વિજ્ઞાને કાળ વિશે જે વાતો કરી છે તેવી વાતો જૈન દર્શને હજારો વર્ષ પહેલાં કહી છે. કાળ વિશેનું ચિંતન જૈન ધર્મમાં જેટલી સૂક્ષ્મ રીતે અને સવિગત થયું છે તેટલું જગતના અન્ય કોઇ ધર્મમાં કે દર્શનમાં થયેલું જોવા મળતું નથી. કાળની સૂક્ષ્મ, સૂક્ષ્મતર કે સૂક્ષ્મતમ વિભાવના જેમ એમાં કરવામાં આવી છે તેમ કાળની વિરાટ પરિકલ્પના પણ એમાં જ જોવા મળે છે. એક બાજુ જેમ એમાં સૂક્ષ્મ ક્ષણ એટલે કે 'સમય'ની વિચારણા થયેલી છે તેમ બીજી બાજુ પલ્યોપમ, સાગરોપમ અને પુદ્ગલ- પરાવર્તન જેવી અંતિમ કોટિની અદ્ભુત વિચારણા પણ થયેલી છે.

જૈન દર્શનમાં 'સમય' એક પારિભાષિક શબ્દ છે. જૈન દર્શન પ્રમાણે 'સમય' એ કાળનું સૂક્ષ્મતમ અવિભાજ્ય અંગ (Smallest Unit) છે. આંખના એક પલકારામાં-નિમિષ માત્રમાં અસંખ્યાતા સમય વીતી જાય છે. આ સમયને સર્વજ્ઞ ભગવાન જ જાણી શકે છે.

સમયનો ખ્યાલ આપવા માટે શાસ્ત્રકારો બે દૃષ્ટાન્ત આપે છે. એક ફૂલની પાંદડીઓનું અને બીજું જીર્ણ વસ્ત્ર ફાડવાનું. ધારો કે કોઇ પોયણીની કે અન્ય કોઇ પુષ્પની સો, બસો કે હજારથી વધુ પાંદડીઓ એક સાથે ઉપરાઉપરી ગોઠવવામાં આવે અને પછી કોઇ બળવાન માણસ સોય કે ભાલા જેવી તીક્ષ્ણ અણી વડે એક જ ઝાટકે તેને આરપાર ભેદી નાખે તો એ અણી કોઇ પણ એક પાંદડીમાંથી નીકળી બીજી પાંદડીમાં પ્રવેશવા જાય તો તે તેમાં કેટલો કાળ લાગે? એટલો કાળ 'સમય'નો ખ્યાલ આપી શકે. અથવા કોઇ એક યુવાન માણસ એક જીર્ણ વસ્ત્રને એક ઝાટકે ફાડી નાખે, તો ક્ષણ માત્રમાં ફાટેલા એ વસ્ત્રમાં રહેલા હજાર-બે હજાર તાંતણામાંથી કોઇપણ એક તાંતણો ફાટ્યા પછી બીજો તાંતણો ફાટે જેમાં જે વખત લાગે તે 'સમય'નો ખ્યાલ આપી શકે. વસ્તુતઃ સમય એથી પણ વધુ સૂક્ષ્મ છે. એટલે જ આંખના પલકારામાં અસંખ્યાત 'સમય' પસાર થઇ જાય છે.

કાળના એક છેડે 'સમય' છે તો બીજે છેડે પલ્યોપમ, સાગરોપમ, પુદ્ગલપરાવર્તન ઇત્યાદિ છે. પલ્યોપમ એટલે જેને પલ્યની ઉપમા આપી શકાય તે. પલ્ય એટલે ખાડો અથવા કૂવો. ચાર ગાઉ લાંબો, એટલો જ પહોળો અને એટલો જ ઊંડો એક ગોળાકાર વિરાટ કૂવો કરવામાં આવે અને તેમાં યુગલીઆના કોમલ વાળના અગ્ર ભાગના ટુકડા એવી રીતે ઠાંસી ઠાંસીને ભરવામાં આવે કે જેથી જરા પણ ખાલી જગ્યા રહે નહિ. એના ઉપરથી પાણીનો ધોધ વહી જાય તો પણ એક ટીપું અંદર ઊતરે નહિ અને ચક્રવર્તીની સેના એના ઉપરથી ચાલી જાય તો પણ તે પલ્ય જરા પણ દબાય નહિ કે નમે નહિ. હવે એ પલ્યમાંના રહેલા અસંખ્યાતા વાળના ટુકડાઓમાંથી દર સો વરસે એક ટુકડો બહાર કાઢવામાં આવે અને એ રીતે આખો કૂવો ખાલી થતાં જેટલો વખત લાગે તે વખત બરાબર એક પલ્યોપમ કહેવાય છે.

આ પલ્યોપમના છ પ્રકાર શાસ્ત્રકારો બતાવે છે. ૧. ઉદ્ધાર પલ્યોપમ, ૨. અદ્ધા પલ્યોપમ, ૩. ક્ષેત્ર પલ્યોપમ. આ ત્રણેના સૂક્ષ્મ અને બાદર એમ બે ભેદ છે. એ રીતે કુલ છ ભેદ પલ્યોપમના થાય છેઃ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ, બાદર ઉદ્ધાર પલ્યોપમ, સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ, બાદર અદ્ધા પલ્યોપમ, સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ ને બાદર ક્ષેત્ર પલ્યોપમ. આ બધા પારિભાષિક પ્રકારો છે. અહીં સો વરસે વાળનો એક ટુકડો કાઢવાનું જે દૃષ્ટાન્ત આપ્યું છે તે સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનું છે.

સાગરોપમ એટલે સાગરની ઉપમા અપાય એવું. હવે પલ્ય એટલે કે કૂવાને બદલે સાગર જેટલા વિશાળ ખાડામાં વાળના ટુકડા એ જ પ્રમાણે ભરવામાં આવ્યા પછી એ જ પ્રમાણે ખાલી કરવામાં આવે તો તેને સાગરોપમ કાળ કહેવામાં આવે છે.

સાગરોપમના પણ છ ભેદ છે. ૧. ઉદ્ધાર સાગરોપમ, ૨. અદ્ધા સાગરોપમ અને ૩. ક્ષેત્ર સાગરોપમ. આ ત્રણેના સૂક્ષ્મ અને બાદર એમ બે ભેદ છે. એ રીતે સાગરોપમના કુલ છ ભેદ થાય છે. અહીં દૃષ્ટાન્તમાં સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ સમજવાનું છે

દસ કોડાકોડી સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ બરાબર એક સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ. (કોડાકોડી એટલે કરોડ ગુણ્યા કરોડ).

મનુષ્ય જીવનમાં કાલની ગણના અત્યંત પ્રાચીન કાળથી થતી આવી છે. સૂર્ય-ચંદ્રના ઉદયાસ્ત અનુસાર, ગ્રહોનક્ષત્રોની સ્થિતિ -ગતિ અનુસાર, મનુષ્યના પડછાયા અનુસાર, સમુદ્રનાં ભરતીઓટ અનુસાર માણસે કાલની ગણતરી કેવી રીતે કરવી એની વિવિધ પદ્ધતિઓ શોધીને વિકસાવી છે. પાશ્ચાત્ય જગતમાં ઘડિયાળની શોધ થયા પછી મિનિટ અને સેકન્ડના માપની ચોક્કસાઇ આવી અને વર્તમાન સમયમાં ઇલેક્ટ્રોનિક્સની શોધ પછી અને સમયમાપક યંત્રોના વિકાસ પછી સેકંડના પણ વિભાજનો કેવી રીતે થાય તેનાં સાધનો પ્રાપ્ત થવા લાગ્યાં છે.

પ્રાચીન કાળમાં પાશ્ચાત્ય જગતમાં મુખ્યત્વે સૂર્યની ગતિના આધારે કાળગણના થવા લાગી હતી. ભારતમાં કાળની ગણના સૂર્ય ઉપરાંત ચંદ્ર અને નક્ષત્રોની ગતિને આધારે થઇ છે. પાશ્ચાત્ય જગતમાં વર્ષમાં ઘણાં દિવસ-રાત્રિ આકાશ વાદળાંઓથી ઘેરાયેલું રહેતું હોવાથી ચંદ્ર-નક્ષત્રો-ગ્રહોના દર્શન-અવલોકનમાં એટલી સરળતા રહેતી નહિ. એટલે ચંદ્રને બદલે સૂર્યની ગતિનો આધાર લેવાનું આ પણ એક કારણ હોય. બીજી બાજુ ઋતુચક્રો જે રીતે ચાલે છે તેની સાથે સૂર્યચંદ્રની ગતિનો મેળ બેસાડવો હોય તો નજીવી વધઘટ કરવી અનિવાર્ય બની ગઇ. એથી જ પાશ્ચાત્ય કેલેન્ડરમાં વર્ષના ૩૬૫ દિવસ ઉપરાંત ચાર વર્ષે ફેબ્રુઆરીના ૨૯ દિવસ કરવા પડે છે. ગ્રીનીચની ઘડિયાળમાં અમુક વર્ષે બે સેકન્ડનો ફરક કરવો પડે છે. તેવી જ રીતે ભારતીય પંચાગોમાં તિથિનાં વૃદ્ધિક્ષય અને અધિક માસની વ્યવસ્થા કરવી પડી છે.

જૈન દર્શન પ્રમાણે કાળનું કોષ્ટક તૈયાર કરવામાં આવ્યું છે. એ પ્રમાણે નવ 'સમય' બરાબર એક જઘન્ય (નાનામાં નાનું) અંતર્મુહૂર્ત. અસંખ્યાતા (જઘન્ય અસંખ્યાતા) સમય બરાબર એક આવલિકા. ૨૨૨૩ પૂર્ણાંક ૧૨૨૯/૩૭૭૯ આવલિકા બરાબર એક ઉચ્છ્વાસ. ૪૪૪૬ પૂર્ણાંક ૨૪૫૮/૩૭૭૩ આવલિકા બરાબર એક શ્વાસ અને ઉચ્છ્વાસ, એટલે કે એક પ્રાણ. ૭ પ્રાણ બરાબર એક સ્તોક. સાત સ્તોક બરાબર એક લવ. ૩૮ા લવ બરાબર એક ઘડી (એ બરાબર આજની ૨૪ મિનિટ). બે ઘડી બરાબર એક મુહૂર્ત, એટલે કે ૪૮ મિનિટ. (એક સામાયિકનો કાળ. મુહૂર્તમાં એક 'સમય' ઓછો હોય તો એ ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ગણાય.

આવલિકાની બીજી રીતે ગણતરી ગણતાં ૨૫૬ આવલિકા બરાબર એક ક્ષુલ્લક ભવ. (અર્થાત્ નાનામાં નાનું આયુષ્ય-smanllest life existence). આ આયુષ્ય નિગોદના જીવોનું હોય છે. એક શ્વાસોચ્છ્વાસ એટલે કે પ્રાણ જેટલા કાળમાં નિગોદના જીવોના ૧૭ પૂર્ણાંક ૧૩૯૫/૩૭૭૩ એટલે લગભગ સાડા સત્તર ક્ષુલ્લક ભવ થાય).

૩૦ મુહૂર્ત બરાબર એક અહોરાત્ર (૨૪ કલાક), ૧૫ અહોરાત્ર બરાબર એક પક્ષ, બે પક્ષ બરાબર એક માસ. બે માસ બરાબર એક ઋતુ, ત્રણ ઋતુ બરાબર એક અયન (છ મહિના) અને બે અયન બરાબર એક વરસ.

૮૪ લાખ વર્ષ બરાબર એક પૂર્વાંગ અને ૮૪ લાખ પૂર્વાંગ બરાબર એક પૂર્વ. ૮૪ લાખ પૂર્વ બરાબર એક ત્રુટિતાંગ, ૮૪ લાખ ત્રુટિતાંગ બરાબર એક ત્રુટિત, આમ અનુક્રમે પ્રત્યેકને ૮૪ લાખથી ગુણતાં જવાથી ત્રુટિત, અડડાંગ, અડડ, અવવાંગ, અવવ, હુહુકાંગ, હુહુક, ઉત્પલાંગ, ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નલિનાંગ, નલિન, અર્થનિપૂરાંગ, અર્થનિપૂર, અયુતાંગ, અયુત, પ્રયુતાંગ, પ્રયુત, નયુતાંગ, નયુત, ચૂલિકાંગ, ચૂલિકા અને શીર્ષપ્રહેલિકાંગ તથા શીર્ષપ્રહેલિકા સુધી પહોંચી શકાય છે. ત્યાં સુધીનાં સંખ્યાતા વર્ષ ગણાય છે. ત્રુટિલાંગની સંખ્યાને ૮૪ લાખ વડે ઉત્તરોત્તર ૨૫ વાર ગુણીએ તો શીર્ષપ્રહેલિકાની સંખ્યા આવે. એ આંકડો કેટલો આવે તે ચોક્કસાઇપૂર્વક જૈન શાસ્ત્રગ્રંથોમાં (ક્ષેત્રસમાસ, પ્રવચન સારોદ્ધાર, બૃહત્સંગ્રહણી, લોકપ્રકાશ ઇત્યાદિમાં આપવામાં આવ્યો છે.

શીર્ષપ્રહેલિકા સુધીનો કાળ તે સંખ્યાતા વર્ષનો છે. એ પછી એથી વધુ કાળના અસંખ્યાતા વર્ષ ગણાય છે. આવાં અસંખ્યાતા વર્ષનો એક પલ્યોપમ કાળ ગણાય છે. દસ કોડાકોડી પલ્યોપમ બરાબર એક સાગરોપમ કાળ ગણાય છે. દસ કોડાકોડી સાગરોપમ બરાબર એક ઉત્સર્પિણી અથવા એક અવસર્પિણી. વીસ સાગરોપમ બરાબર એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણીનું એક કાલચક્ર. (સર્વાર્થસિદ્ધ વિમાનના દેવનું અથવા સાતમી નરકના જીવનું આયુષ્ય તેત્રીસ સાગરોપમનું હોય છે.)

અનંત કાળચક્ર બરાબર એક પુદ્ગલપરાવર્તન થાય છે.

અવસર્પિણી અને ઉત્સર્પિણીના પ્રત્યેકના છ આરા છે. અવસર્પિણીના સુષમાસુષમા નામનો પહેલો આરો ચાર કોડાકોડી સાગરોપમનો હોય છે. બીજો સુષમા નામનો આરો ત્રણ કોડાકોડી સાગરોપમનો, ત્રીજો સુષમાદુષમા નામનો આરો બે કોડાકોડી સાગરોપમનો, ચોથો દુષમાસુષમા નામનો આરો એક કોડાકોડી સાગરોપમમાં બેતાલીસ હજાર વર્ષ ઓછાં-એટલા કાળનો હોય છે. પાંચમો દુષમા નામનો આરો જે હાલ ચાલી રહ્યો છે તે એકવીસ હજાર વર્ષનો છે અને છઠ્ઠો દુષમાદુષમા નામનો આરો પણ એકવીસ હજાર વર્ષનો છે.

ઉત્સર્પિણીમાં આનાથી ઊલટો ક્રમ હોય છે. એમાં પહેલો આરો દુષમાદુષમા, બીજો આરો દુષમા, ત્રીજો આરો દુષમાસુષમા, ચોથો આરો સુષમાદુષમા, પાંચમો આરો સુષમા અને છઠ્ઠો આરો સુષમાસુષમા છે. દરેક આરાનો કાળ તેના નામ પ્રમાણે હોય છે. આમ દસ કોડાકોડી સાગરોપમની અવસર્પિણી અને દસ કોડાકોડા સાગરોપમની ઉત્સર્પિમી એમ મળીને વીસ કોડાકોડી સાગરોપમનું એક કાલચક્ર થાય છે.

પુદ્ગલપરાવર્તનના આઠ ભેદ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચાર ભેદ અને તે દરેકના સૂક્ષ્મ અને બાદર એવા બે ભેદ. એમ બધાં મળી આઠ ભેદે પુદ્ગલ-પરાવર્તન થાય છે. એનો આખો જુદો વિષય છે.

જૈન દર્શનમાં આવી રીતે ગણતરી કરવામાં આવેલા કાળને વ્યવહારકાળ તરીકે ઓળખવામાં આવે છે. એ મનુષ્યલોકમાં હોય છે.

વાસ્તવિક જીવનમાં મિનિટ-કલાક, દિવસ-રાત ઇત્યાદિ કાળની ગણના છે તે વ્યાવહારિક કાળના સ્વરૂપની દૃષ્ટિએ છે. આ કાળને આધારે જ્યોતિષ વિજ્ઞાનની રચના થયેલી છે. આ કાળના આધારે આયુષ્યની ગણતરી થાય છે. આ કાળના આધારે આપણે જીવનક્રમ ગોઠવીએ છીએ, નિશ્ચિત સમયે સ્થળાંતર કરીએ છીએ, બીજાઓને ટાઇમ આપી શકીએ છીએ. એને આધારે બસ, રેલવે, વિમાન, જહાજ વગેરે ચાલે છે. એના આધારે નોકરી, વેપારીધંધા, ઉદ્યોગો, સરકારો વગેરે ચાલે છે. એને આધારે વચન અપાય છે અને પળાય છે. પરંતુ આ કાળને વ્યવહારકાળ તરીકે જૈન દર્શનમાં ઓળખવામાં આવે છે.

જૈન દર્શનમાં કાળના વ્યવહારકાળ અને નિશ્ચયકાળ એવા બે મુખ્ય ભેદ છે. જૈન દર્શન પ્રમાણે આ સમગ્ર વિશ્વ છ દ્રવ્યોનું બનેલું છે. ૧. જીવ, ૨. પુદ્ગલ, ૩. ધર્મ, ૪. અધર્મ, ૫. આકાશ અને ૬. કાળ. આમાં પહેલાં પાંચ તે અસ્તિકાય છે; જીવાસ્તિકાય,

પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય. કાળ અસ્તિકાય કહેવાતો નથી, કારણ કે કાળને સ્કંધદેશરૂપ, પ્રદેશ-સમુદાયરૂપ તિર્યંકપ્રચય નથી. સમય, આવલી, સ્તોક, લવ, મૂહૂર્ત, દિવસ, માસ ઇત્યાદિનો પ્રચય એટલેકે સમુદાય થતો નથી. માટે કાળને જીવ, પુદ્ગલ વગેરેની જેમ અસ્તિકાય કહેવાતો નથી. કાળને સમયરૂપ પૂર્વાપર પર્યાય છે, પરંતુ એક સમય બીજા સમય સાથે જોડાઇને માટી, પત્થર વગેરેની જેમ સ્કંધ કે પ્રદેશરૂપ સમુદાય થતો નથી. કાળ દ્રવ્યમાં ભૂતકાળના અનંત સમય છે, વર્તમાનનો એક સમય છે અને ભવિષ્યના અનંત સમય છે, પણ તે 'કાયમાન' ન હોવાથી કાળને અસ્તિકાય કહેવામાં આવતો નથી.

દરેક દ્રવ્યનો પોતાનો વ્યાવર્તક-આગવો ગુણ છે, જે અન્ય દ્રવ્યમાં નથી. જેમકે જ્ઞાન ગુણ ફક્ત જીવ દ્રવ્યમાં છે, અન્યમાં નથી; પૂરણ-ગલણ એટલે કે મિલન-વિખરણ ગુણ પુદ્ગલ દ્રવ્યમાં છે, અન્ય દ્રવ્યમાં નથી; ગતિ-સહાયનો ગુણ ધર્માસ્તિકાય દ્રવ્યમાં છે, અન્યમાં નથી; સ્થિતિ-સહાયક ગુણ અધર્માસ્તિકાય દ્રવ્યમાં છે, અન્ય દ્રવ્યમાં નથી; અવગાહના ગુણ આકાશાસ્તિકાય દ્રવ્યમાં છે, અન્ય દ્રવ્યમાં નથી. એ પ્રમાણે ઉત્પાદ-વ્યયરૂપ વર્તના ગુણ ફક્ત કાલ દ્રવ્યમાં છે, અન્ય દ્રવ્યમાં નથી.

'સમય' એ કાળની પર્યાય છે. તે નાશવંત છે. પર્યાય દ્રવ્ય વિના હોઇ ન શકે. એટલે કાલ એક દ્રવ્ય છે. દ્રવ્ય વિનશ્વર અર્થાત્ અવિનાશી હોય છે. એ દૃષ્ટિએ કાળને દ્રવ્ય તરીકે ઓળખાવવામાં આવે છે.

કાળને સ્વતંત્ર દ્રવ્ય તરીકે સ્થાન આપવું કે નહિ એ વિશે ઠેઠ પ્રાચીન કાળથી આચાર્યોમાં મતમતાંતર છે. કાળ દ્રવ્ય છે એમ ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે.

धम्मो अधम्मो आगासं दव्वमिक्किक्कमाहियं ।
अणंतापि च दव्वाणि, कालो पुग्गलजंतवो ॥

(ધર્મ, અધર્મ અને આકાશ એ દ્રવ્યો એક એક કહ્યાં છે. કાળ, પુદ્ગલ અને જંતુ (જીવ) એ દ્રવ્યો અનંતા કહ્યા છે.)

તત્ત્વાર્થસૂત્રમાં વાચક ઉમાસ્વાતિએ ગુણપર્યાયવત્ દ્રવ્યમ્ એમ કહ્યા પછી કહ્યું છેઃ કાલશ્ચેત્યેકે (૫.૩૮) એટલે કે કેટલાક કાલને પણ દ્રવ્ય તરીકે ગણે છે એમ કહ્યું છે. એનો અર્થ એ થયો કે ઉમાસ્વાતિ વાચકની પૂર્વે પણ 'કાળ'ના સ્વરૂપ વિશે ભિન્નભિન્ન મત પ્રવર્તતા હશે અને કેટલાક એને સ્વતંત્ર દ્રવ્ય તરીકે માનતા હશે અને કેટલાક નહિ માનતા હોય.

કાલ દ્રવ્યના ચાર મૂળ ગુણ છેઃ (૧) અરૂપી, (૨) અચેતન, (૩) અક્રિય અને (૪) નવાપુરાણ વર્તના લક્ષણ. વર્ણ, રસ, ગંધ અને સ્પર્શરહિત કાળ દ્રવ્યના ચાર પર્યાય છેઃ (૧) અતીત, (૨) અનાગત, (૩) વર્તમાન અને (૪) અગુરુલઘુ. કાળ દ્રવ્યમાં આ ચાર મૂળ ગુણ અનાદિ-અનંતના ભાંગે છે. કાળના ચાર પર્યાયમાં અતીત કાળ અનાદિ સાન્ત છે, અનાગત કાળ સાદિ અનન્ત છે, વર્તમાન કાળ સાદિ સાન્ત છે અને અગુરુલઘુ અનાદિ અનંત છે. જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય સ્વક્ષેત્રે અસંખ્યાત પ્રદેશરૂપ છે. પુદ્ગલાસ્તિકાય સ્વક્ષેત્રે એક પરમાણરૂપ છે અને કાળ દ્રવ્ય સ્વક્ષેત્રે એક સમયરૂપ છે.

કાળ વિશે બીજો મત એવો છે કે કાળનાં અસંખ્યાત અણુઓ છે. સંપૂર્ણ કાળ લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. એક એક આકાશપ્રદેશ પર એક એક કાલાણુ છે. પરમાણુ શીઘ્રગતિ અને મંદગતિવાળા હોય છે. શીઘ્રગતિવાળા પરમાણુ એક સમયમાં ચૌદ રાજલોક સુધી પહોંચી શકે છે. કાળના પરમાણુ મંદગતિવાળા છે. મંદગતિ પરમાણુ એક આકાશ-પ્રદેશમાંથી બીજા આકાશ પ્રદેશમાં જાય એમાં જેટલો કાળ લાગે તે સમયપર્યાય કહેવાય છે. એ સમય પર્યાય જે દ્રવ્યમાં રહે તે દ્રવ્ય કાળ છે. રત્નોના ઢગલાની જેમ કાલાણુઓ અસંખ્યાત દ્રવ્યરૂપ છે. 'દ્રવ્યસંગ્રહ'માં કહ્યું છે रयणाण रासीइव ते कालाणू असंखदव्वाणि । કાલાણુ માટે ડબ્બીના અંજનની સરખામણી પણ અપાય છે.

જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પાંચે દ્રવ્યના પરિવર્તનમાં કાલ નિમિત્ત કારણ છે અથવા સહકારી કારણ છે. એ દૃષ્ટિએ કાલ દ્રવ્ય ઉપકારક ગણાય છે. વર્તના લક્ષણવાળો કાળ તે નિશ્ચય કાળ દ્રવ્ય છે. કાલાણુ 'સમય' પર્યાયને ઉત્પન્ન કરે છે અને 'સમય' પર્યાય અનંત હોવાથી કાળને ઉપચારથી અનંત પણ કહેવામાં આવે છે.

એક મત પ્રમાણે કાળ જેવી કોઇ વસ્તુ નથી, પણ જીવ અને અજીવ (પુદ્ગલ)માં જે ફેરફારો થાય છે, જૂના-નવાપણું દેખાય છે એને લીધે આપણને કાળનો આભાસ થાય છે. જ્યાં ફેરફારો ઝડપથી થતા દેખાય ત્યાં કાળ ત્વરિત ગતિએ પસાર થતો હોય એમ લાગે અને જ્યાં ફેરફારો અત્યંત મંદ હોય ત્યાં કાળ ધીમી ગતિએ ચાલતો હોય એમ જણાય. એકનો એક કલાક કોઇકની રાહ જોવામાં બેસી રહેવામાં પસાર થતો હોય તો આપણને લાંબો લાગે છે અને કોઇક મનગમતી પ્રવૃત્તિમાં જોડાયા હોઇએ તો ઘડીકમાં પસાર થઇ જતો અનુભવાય છે. યુવાન પતિ-પત્નીને વિરહમાં કાળ લાંબો લાગે છે અને મિલનમાં તે ટૂંકો જણાય છે.

આમ, કાળ સાપેક્ષ છે. ઘડિયાળ પ્રમાણે સમય નિશ્ચિત જણાય પણ ઘડિયાળ વગર તે લાંબો કે ટૂંકો અનુભવાય છે. ઉત્તર ધ્રુવમાં ઉનાળામાં ૮૨ દિવસ સતત સૂર્ય આકાશમાં હોય છે અને શિયાળામાં ત્રણ મહિનાથી વધુ સમય અંધારી રાત્રિ હોય છે. ત્યાં દિવસ અને રાત ઘડિયાળના આધારે ગણીને તારીખ બદલાય છે. બહારનું વાતાવરણ તો એક સરખું જ હોય છે. કાળ જાણે ત્યાં સ્થગિત થઇ ગયો હોય એવું લાગે છે.

કાળને જીવ-અજીવરૂપ કહ્યો છે. જીવાભિગમસૂત્રમાં કહ્યું છે :

किमय भंते । कालो ति पवुच्चइ ?
गोयमा, जीवा चेव अजीवा चेव त्ति ।

(ભગવન્ત ! 'કાલ' કહેવાય છે તે શું ? હે ગૌતમ ! જીવ અને અજીવ એ કાળ છે.)

આમ અહીં કાળનો જીવ અને અજીવ દ્રવ્ય સામે અભેદ બતાવવામાં આવ્યો છે. જીવ અને અજીવ અનંત છે એટલે કાળને અનંતરૂપ કહ્યો છે. કાળની વર્તના અનંત છે.

કાળ સર્વ દ્રવ્યનો વર્તના લક્ષણ પર્યાય છે. સર્વ પદાર્થોમાં પર્યાયો (changes)નું પરાવર્તન સતત થયા કરે છે. પર્યાયોના આ પરાવર્તનને કાળરૂપે ઓળખવામાં આવે છે. પ્રત્યેક પદાર્થમાં એના પર્યાયોની વર્તના એ કાળ છે. એટલે કાળ એ બીજું કશું નહિ પણ વર્તના સ્વરૂપ પર્યાય છે.

એક અપેક્ષાએ કાળ દ્રવ્ય છે તો પર્યાય છે અને બીજી અપેક્ષાએ પર્યાય છે તો કાળ છે.

કેવળજ્ઞાનીને ત્રણે કાળના સર્વ પદાર્થના સર્વ પર્યાયો એક જ સમયે-યુગપદ્ કેવલજ્ઞાનમાં જણાય છે. પરંતુ છદ્મસ્થ જીવને માટે ભૂત, વર્તમાન અને ભવિષ્ય એવા કાળના ત્રણ ભેદ પડી જાય છે. સિદ્ધ પરમાત્મા કાલાતીત કહેવાય છે, કારણ કે ત્યાં કાળ જેવું કશું હોતું નથી.

આમ, કાળ વિશે જૈન દર્શનમાં ઘણી સૂક્ષ્મ મીમાંસા કરવામાં આવી છે.

□ રમણલાલ ચી. શાહ

# વિધિના લેખ

■પ્રો. ચી. ના. પટેલ

કોઈ પિતાના હાથે અજાણતાં પોતાના પુત્રનો વધ થાય એ વિધિના લેખ જ ને ?!

આવી એક કથા ૧૯મી સદીના અંગ્રેજ કવિવિવેચક મૅથ્યૂ આર્નલ્ડના 'સોરાબ અને રુસ્તમ' એ શીર્ષકથી ૧૮૫૩માં પ્રસિદ્ધ થયેલા કાવ્યનો વિષય છે. એ કાવ્યમાં રુસ્તમ નામના એક ઈરાની ઉમરાવના હાથે પોતાના અનૌરસ પુત્ર સોરાબનો વધ થાય છે.

વિધિના લેખની આ કથાનો સંદર્ભ એવો છે કે રુસ્તમને ઈશુ પૂર્વેની ૬ઠ્ઠી સદીમાં આઝરબૈજાન નામના પ્રદેશમાં કૂર્દ જાતિના એક રાજાના કોઈ સામંતની તહમિના નામની પુત્રી સાથે અવૈધ સંબંધ થાય છે અને એ સંબંધના પરિણામે તહમિના એક પુત્રને જન્મ આપે છે, પણ તે રુસ્તમને જણાવે છે કે પોતે એક પુત્રીને જન્મ આપ્યો છે, તે એવી આશંકાથી કે જો રુસ્તમ જાણે કે પોતે પુત્રને જન્મ આપ્યો છે તો તે એ પુત્રને પોતાની પાસે બોલાવી લઈને તેને શસ્ત્રોની તાલીમ આપે અને કદાચ કોઈ યુદ્ધમાં તેનું મૃત્યુ થાય.

આર્નલ્ડના ઉપરોક્ત કાવ્યમાં તહમિનાનું નામ નથી પણ કાવ્યના શીર્ષકમાં જે સોરાબનો ઉલ્લેખ છે તે જ તહમિનાનો પુત્ર.

યુવાન વયે સોરાબને તહમિના પાસેથી જાણવા મળતાં કે પોતે રુસ્તમનો પુત્ર છે, તેને પોતાના એ પિતાને મળવાની ઈચ્છા થાય છે, અને એ ઈચ્છાથી તે, ત્રણેક મિશ્ર જાતિઓના સંઘની સેના અને ઈરાનની સેના વચ્ચે યુદ્ધ થવાનો સંભવ જણાતાં, સંઘની સેનામાં એક સૈનિક તરીકે ભરતી થાય છે, તે એવી આશાથી કે યુદ્ધમાં પોતે વીર રુસ્તમના પુત્રને શોભે એવા પરાક્રમો કરી શકશે જેથી ખુશ થઈને રુસ્તમ પોતાને આવકારશે.

સંઘની સેના અને ઈરાનની સેના વચ્ચે યુદ્ધ શરૂ થાય તે પહેલાં સોરાબ સંઘની સેનાના સેનાપતિને મળવા જાય છે અને એ બે વચ્ચે આ મતલબનો સંવાદ થાય છે-

સેનાપતિઃ 'તું કોણ છે? હજુ પરોઢેય થયું નથી. કહે, કંઈ સમાચાર છે?'

સોરાબઃ 'તું મને ઓળખે છે ? હું સોરાબ. હજુ સૂર્યોદય થયો નથી અને શત્રુઓ ઊંઘે છે, પણ મને ઊંઘ નથી આવતી. આખી રાત હું જાગતો પડી રહ્યો છું. સાંભળ, હું તને મારા હૃદયની ઈચ્છા કહું છું. તે એ છે કે મારે મારા પિતા રુસ્તમને મળવું છે. આજ સુધી હું તેમને મળી શક્યો નથી, તો હું ઈચ્છું છું કે આજે આ બે સેનાઓ વચ્ચે યુદ્ધવિરામ હો અને હું વીરમાં વીર કોઈ ઈરાની સૈનિકને મારી સાથે દ્વંદ્વયુદ્ધ કરવાનું આવાહન આપું. જો હું વિજયી થઈશ તો મારા પિતા રુસ્તમ અવશ્ય એ જાણશે, અને જો હું પરાજય પામીશ તો, મૃત્યુ પામેલા માણસને નથી કોઈની જરૂર રહેતી કે નથી એ કોઈનો સગો હોવાનો દાવો કરતો.'

સેનાપતિઃ 'સોરાબ, તારું હૃદય અશાન્ત છે. જે પિતાને તેં ક્યારેય જોયા નથી એ પિતાને દ્વંદ્વયુદ્ધ કરવાનું સાહસ કરીને મળવા તું કેમ ઈચ્છે છે? પણ જા, સિંહના બચ્ચાને કોણ રોકી શકે?

સેનાપતિ સંઘની અને ઈરાનની સેનાઓ વચ્ચે ઊભો રહીને કહે છેઃ 'સાંભળો, આજે આ બે સેનાઓ વચ્ચે યુદ્ધવિરામ હો, અને વીરમાં વીર કોઈ ઈરાની સૈનિક સોરાબ સાથે દ્વંદ્વયુદ્ધ કરે.'

સોરાબ સાથે દ્વંદ્વયુદ્ધ કરી શકે એવો વીર ઈરાની માત્ર રુસ્તમ છે, પણ ઈરાનના રાજાએ તેની અવગણના કરી હોવાથી ઈરાની સૈનિક તેને કહે છેઃ 'તો, ઓ રુસ્તમ, લોકો શું કહેશે. સોરાબે વીરમાં વીર કોઈ ઈરાની સૈનિકને પોતાની સાથે દ્વંદ્વયુદ્ધ કરવાનું આવાહન આપ્યું છે અને તું તારું મોં સંતાડે છે. જો તું સોરાબ સાથે દ્વંદ્વયુદ્ધ કરવા તૈયાર નહીં થાય તો લોકો કહેશે કે કોઈ વૃદ્ધ કંજૂસની જેમ રુસ્તમ પોતાની કીર્તિને સંઘરી રાખે છે.'

આ મહેણાથી શરમાઈને રુસ્તમ એ સૈનિકને કહે છેઃ 'ચાલ, તું જોજે કે રુસ્તમ પોતાની કીર્તિને કેવી રીતે સંઘરી રાખે છે, હું સોરાબ સાથે દ્વંદ્વયુદ્ધ કરીશ, પણ તે મારું નામ જણાવ્યા વિના જેથી કોઈ કહી શકે નહીં કે, રુસ્તમે એક મર્ત્ય માણસ સાથે દ્વંદ્વયુદ્ધ કર્યું હતું.'

સોરાબને પોતાની સામે આવતો જોઈને રુસ્તમના હૃદયમાં ઊંડી કરુણા ઊભરાય છે, એવો નાજુક યુવાન સોરાબ દેખાતો હતો. તે સોરાબને કહે છેઃ 'સોરાબ, તું મૃત્યુને ભેટવા કેમ ઈચ્છે છે? સંઘની સેના છોડીને મારી સાથે ઈરાનમાં આવ અને મારા પુત્ર જેવો થઈને રહે. ઈરાનમાં તારા જેવા વીર યુવાનો નથી.'

રુસ્તમનાં આ વચનો સાંભળીને સોરાબનાં હૃદયમાં આશા ઉત્પન્ન થાય છે. તે દોડીને રુસ્તમનો હાથ પકડી લે છે અને કહે છેઃ 'બોલ, તું રુસ્તમ નથી? કહે, તું સાચે જ રુસ્તમ નથી.'

રુસ્તમ ઉત્તર આપે છેઃ 'ઊભો થા, અવિચારી છોકરા. તું રુસ્તમ સાથે જ દ્વંદ્વયુદ્ધ કરવા ઇચ્છે છે? પણ તું જાણે છે, રુસ્તમનું મોં જોઈને જ માણસો ભાગી જાય છે. જો આજે રુસ્તમ તારી સામે ઊભો હોત તો તું તેની સાથે દ્વંદ્વયુદ્ધ કરવાની વાત જ ન કરત.'

સોરાબ ઊભો થઈને ગર્વપૂર્વક ઉત્તર આપે છેઃ 'હું કાંઈ છોકરી નથી કે માત્ર શબ્દો સાંભળીને ફિક્કો પડી જાઉં, પણ તેં સાચું જ કહ્યું- જો રુસ્તમ આજે મારી સામે ઊભો હોત, તો તો, હું તેની સાથે દ્વંદ્વયુદ્ધ કરવાની વાત જ ન કરત. પણ રુસ્તમ તો અહીંથી ક્યાંય દૂર છે અને આપણે અહીં ઊભા છીએ, ચાલ, શરૂ કર, તું કદાવર, બિહામણો અને, હું જાણું છું, યુદ્ધોમાં કસાયેલો છે, જ્યારે હું તો યુવાન જ છું.'

સોરાબને ઉત્તર આપ્યા વિના રુસ્તમે પોતાનો ભાલો જોરથી ફેંક્યો, રુસ્તમના ખભેથી એ ભાલો પોતાની તરફ આવતો જોઈને સોરાબ કૂદીને એક બાજુ ખસી ગયો અને પેલો ભાલો રેતીમાં ખૂંપી ગયો. રુસ્તમે હવે પોતાની ગદા પકડી લીધી અને એ ગદા ઊંચી કરીને એક ફટકો માર્યો, પણ વળી સોરાબ કૂદીને એક બાજુ ખસી ગયો, રુસ્તમના હાથમાંથી ગદા ધડ દઈને જમીન ઉપર પડી અને રુસ્તમ પોતેય ઘૂંટણભેર થઈ ગયો.

રુસ્તમની આવી સ્થિતિમાં સોરાબ તલવારના એક ઘાથી તેને પૂરો કરી શક્યો હોત, પણ સોરાબ તો રુસ્તમની સામે તાકીને જુએ છે, હસે છે અને રુસ્તમ જ્યાં ઘૂંટણભેર થઈને પડ્યો હતો એ સ્થળેથી વિનયપૂર્વક આઘો જાય છે અને પછી તે રુસ્તમને કહે છેઃ 'ચાલ, ઊભો થા, ઊભો થા, રોષ ન કર, હું પણ ગુસ્સે નથી થયો, ના હું તને જોઉં છું ને મારું હૃદય નિર્વૈર થઈ જાય છે, તું કહે છે તું રુસ્તમ નથી, ભલે, તો તું એવો કોણ છે જે મારા હૃદયને આમ સ્પર્શી શકે છે? હું છું તો છોકરો જ, પણ મેંય લડાઈઓ જોઈ છે, છતાં મારા હૃદયને આવો સ્પર્શ આ પહેલાં ક્યારેય નહોતો થયો. હૃદયની આવી કોમળતા દૈવી પ્રેરણા હશે? ઓ વૃદ્ધ યુદ્ધવીર, ચાલ આપણે આ દૈવી પ્રેરણાઓને વશ થઈએ, આપણા ભાલાઓ આ જમીનમાં દાટી દઈએ અને પરસ્પર સુલેહ કરીએ. તું મને રુસ્તમનાં પરાક્રમો કહી સંભળાવજે.'

હતો અને ક્રોધથી ધ્રૂજતો ટટાર ઊભો હતો. તે પોતાની ગદા જમીન ઉપર પડેલી રહેવા દે છે પણ જમીન ઉપર પડેલો પોતાનો ભાલો ઉપાડી લે છે અને પછી તિરસ્કારપૂર્વક કહે છેઃ 'છોકરી, તારા પગ ચપળ છે એટલા તારા હાથ ચપળ નથી. મીઠા શબ્દો ઉપજાવી કાઢતી નર્તિકા, ચાલ લડ, મારે તારો ધિક્કારપાત્ર અવાજ નથી સાંભળવો.'

રુસ્તમનાં આવા મહેણાંથી ઉત્તેજિત થઈને સોરાબે પોતાની તલવાર મ્યાનમાંથી કાઢી અને એ બે પોતાપોતાની તલવારોથી એકબીજા ઉપર બાજ પક્ષીઓની જેમ તૂટી પડ્યા. રુસ્તમની વિકરાળ આંખો ક્રોધથી સળગી ઊઠી અને પોતાનો ભાલો હવામાં વીંઝીને તેણે બૂમ પાડી-'રુસ્તમ!' એ બૂમ સાંભળતા જ સોરાબ સ્તબ્ધ થઈ ગયો, ખચકાયો, એક ડગલું પાછળ ખસી ગયો અને કવચ જેવી તેની ઢાલ તેના હાથમાંથી છૂટી ગઈ અને, તે સાથે, રુસ્તમનો ભાલો તેની પાંસળીઓમાં ખૂંપી ગયો.

રુસ્તમ હવે કટાક્ષ કરે છેઃ 'સોરાબ, તું માનતો હતો કે તું આજે એક ઈરાની ઉમરાવને હણી શકીશ, અથવા તો રુસ્તમ પોતે તારી સાથે યુદ્ધ કરવા આવશે, પણ મૂર્ખ, તું જ હણાયો છે અને તેય એક અજાણ્યા માણસના હાથે.'

સોરાબ નિર્ભીક ભાવે ઉત્તર આપે છેઃ 'તું અજાણ્યો છે ખરો, પણ તારી દાહક બડાશ વ્યર્થ છે. તેં મને નથી હણ્યો, રુસ્તમે મને હણ્યો છે અને પિતૃભક્ત હૃદયે. હું તને કહું છું- જો મારે તારા જેવા દશ સાથે લડવાનું હોત અને હું આ પહેલાં હતો એવો હોત તો, એ દશ હણાઈને અહીં પડ્યા હોત અને હું ત્યાં ઊભો હોત, પણ પેલા પ્રિય નામે મારો હાથ ધ્રૂજાવી દીધો અને, હું કબૂલ કરુ છું, તારામાં કંઈક એવું છે જે કોઈ અકથ્ય ભાવથી મારા હૃદયને આકુળવ્યાકુળ કરે છે, એ કંઈકે જ મારા હાથમાંથી ઢાલ પાડી નાખી અને તારો ભાલો એક નિઃશસ્ત્ર શત્રુની પાંસળીઓમાં ખૂંપી ગયો. હવે તું મારા ભાગ્ય ઉપર કટાક્ષ કરે છે. પણ નિર્દય માણસ સાંભળ અને સાંભળીને ધ્રૂજી જા. પરાક્રમી રુસ્તમ મારા મૃત્યુનું વેર લેશે. જેમને હું આ જગતમાં બધે ખોળું છું તે મારા પિતા મારા મૃત્યુનું વેર વાળશે અને તને પાઠ ભણાવશે.'

મરવા પડેલા સોરાબને રુસ્તમ હજુય ઓળખી શકતો નથી. તે શંકાશીલ ભાવે અને શુષ્ક સ્વરે કહે છેઃ 'પિતાઓ અને વેર લેવાનો આ કેવો લવારો છે? રુસ્તમને પુત્ર હતો જ નહીં.'

સોરાબ ક્ષીણ સ્વરે ઉત્તર આપે છેઃ 'હા, હતો, અને હું જ એ ભુલાઈ ગયેલો પુત્ર છું, મારા મૃત્યુના સમાચાર એક દિવસ અવશ્ય મારા પિતાને મળશે, રુસ્તમને મળશે, એ જ્યાં બેઠા હશે- હું નથી જાણતો ક્યાં, પણ અહીંથી દૂર દૂર ક્યાંક-ત્યાં તેમને મારા મૃત્યુના સમાચાર મળશે, એ સમાચાર તેમના હૃદયને વીંધી નાખશે અને ક્રોધથી ઉત્તેજિત થઈને તે તત્કાળ શસ્ત્રસજ્જ થઈ જશે અને ત્રાડ પાડીને તારા ઉપર વેર લેવાનો નિર્ધાર કરશે. બિહામણા માણસ, જરા વિચાર કર, પોતાના એકના એક પુત્રના મૃત્યુનું તે કેવું વેર લેશે. ઈશ્વર કરે ને તેમનું એ દુઃખ જોઉં ત્યાં સુધી હું જીવતો રહી શકું ! પણ મને મારા પિતાની એટલી દયા નથી આવતી જેટલી મારી માતાની આવે છે જે પોતાના વૃદ્ધ પિતા સાથે આઝરબૈજાનમાં રહે છે, જે મને, સોરાબને, યુદ્ધમાં વિજેતાઓને મળતાં લાભો અને પ્રતિષ્ઠા સાથે યુદ્ધ પૂરુ થયા પછી તાર્તરોની છાવણીમાંથી પાછો ફરેલો નહીં જુએ. એ તો આદિમ જાતિમાંથી આદિમ જાતિમાં ફેલાતી જતી એક ઘોર અફવા સાંભળશે અને ત્યારે એ બિચારી જાણશે કે સોરાબ હવે પોતાનાં નેત્રોને આનંદ નહીં આપે, એ તો ક્યાંય દૂર કોઈ નદીના તીરે એક અજાણ્યા શત્રુ સાથે લડતાં મૃત્યુ પામ્યો છે.'

પોતાની માતાનો અને પોતાના સંભવિત મૃત્યુનો વિચાર કરતાં સોરાબ ધીરે ધીરે રડી પડયો.

પણ સોરાબ જે કહેતો હતો તે રુસ્તમ ધ્યાનથી સાંભળતો હતો અને એ સાંભળીને તે વિચારમાં પડી ગયો. તેને પોતાની યુવાનીનું, સોરાબની યુવાન માતાનું, તેના સૌંદર્યનું, તેના પિતાનું અને એ બે સાથે પોતે આઝરબૈજાનમાં આનંદમાં ગાળેલા દિવસોનું સ્મરણ થાય છે. વળી તે સોરાબની યુવાનીમાં પોતાની જ યુવાની જુએ છે. તે સોરાબને કહે છેઃ 'સોરાબ, તું ખરેખર એવો પુત્ર છે જે રુસ્તમનો હોત તો રુસ્તમને તે બહુ વહાલો હોત, પણ રુસ્તમને પુત્ર હતો જ નહીં. તેને એક બાળક હતું, એક જ, એક છોકરી જે અત્યારે તેની માતા સાથે આઝરબૈજાનમાં રહેતી હશે અને છોકરીઓ કરે એવાં હળવાં કામ કરતી હશે. આપણી, આપણા જખમોની અને યુદ્ધની તો તેને કલ્પનાય નહીં હોય.'

સોરાબ રોષપૂર્વક ઉત્તર આપે છેઃ 'કોણ છે તું જે મને અસત્યવાદી ગણે છે ? મરતા માણસના હોઠ ઉપર સત્ય વસે છે અને અસત્યથી તો હું જીવનભર બાર ગાઉં દૂર રહ્યો છું. હું તને કહું છું, જો મારા હાથ ઉપર અંકિત કરવામાં આવેલી આ મુદ્રા. મારી માતા જે બાળકને જન્મ આપે તેના હાથ ઉપર અંકિત કરવા આ મુદ્રા રુસ્તમે જ તેને આપી હતી.'

આ સાંભળીને રુસ્તમના ગાલ ઉપરથી લોહી ઊડી ગયું, તેનાં ઘૂંટણ ધ્રૂજી ગયાં અને તેણે શુષ્ક સ્વરે કહ્યુંઃ 'સોરાબ, એ મુદ્રા એવી સાબિતી છે જે ખોટી હોઈ શકે જ નહીં. તું એ બતાવે તો તું રુસ્તમનો પુત્ર ખરો.'

સોરાબ જેનું માથું અને જેની પાંખો બાજ પક્ષીનાં માથા અને પાંખો જેવા હોય છે અને જેનું શરીર સિંહના શરીર જેવું હોય છે એવા એક કાલ્પનિક પક્ષીની આકૃતિ જેવી આછા લાલ રંગમાં પોતાના હાથ ઉપર અંકિત કરવામાં આવેલી મુદ્રા બતાવીને પૂછે છેઃ 'બોલ, આ નિશાની રુસ્તમના જ પુત્રની કે કોઈ બીજા માણસના પુત્રની?'

રુસ્તમ એ મુદ્રા સામે તાકી તાકીને જોયા કરે છે. પળવાર નિઃશબ્દ થઈ જાય છે અને પછી એક હૃદયભેદક ચીસ પાડે છેઃ 'ઓ છોકરા, તારો પિતા !' આટલું બોલતાં રુસ્તમનો અવાજ રૂંધાઈ ગયો, તેને પોતાની આંખો આગળથી એક કાળું વાદળ પસાર થતું જણાયું, તેને ચક્કર આવ્યાં અને તે જમીન ઉપર ઢળી પડ્યો.

સોરાબ ખસતો ખસતો રુસ્તમ પાસે જાય છે અને ધ્રૂજતી આંગળીઓથી વહાલ કરતો રુસ્તમના ગાલ પસવારે છે જેથી રુસ્તમમાં ચેતન આવે. સોરાબનો પ્રયત્ન સફળ થાય છે.

સચેતન થયેલો રુસ્તમ જેવી પોતાની આંખો ઉઘાડે છે તેવી જ તે ત્રાસથી પહોળી થઈ જાય છે. તે પોતાના હાથમાં ધૂળ લે છે, એ ધૂળ પોતાના માથામાં અને પોતાના વાળમાં નાખે છે. એ જ ધૂળથી તે પોતાની દાઢી ભરી દે છે. તેને એવી તીવ્ર તાણ આવે છે કે તેની છાતી ધ્રૂજી જાય છે. તે એવો ડૂસકાં ખાય છે કે તેનું ગળું રૂંધાઈ જાય છે, એવો હતાશ થઈ જાય છે કે તે પોતાની તલવાર મ્યાનમાંથી કાઢે છે જેથી પોતાના જીવનનો અંત લાવી શકાય.

સોરાબ રુસ્તમનો ઇરાદો સમજી જાય છે અને સૌમ્ય સ્વરે કહે છેઃ 'પિતા, આપના જીવનનો અંત લાવવાનો વિચાર છોડી દો, આજે હું મારા જન્મ સાથે જ દેવલોકમાં વિધાતાએ લખી રાખેલું મારું ભાગ્ય ભોગવું છું અને આપ તો એ દેવલોકના અજાણતાં સાધન થયા છો. મેં આપને પહેલાં જોયા ત્યારે જ મારું હૃદય જાણી ગયું હતું કે આપ રુસ્તમ છો અને આપનું હૃદય પણ જાણી ગયું હતું કે હું સોરાબ છું. પણ આપણાં હૃદયોની આ પ્રેરણાઓને નિયતિએ પોતાની લોખંડી એડી નીચે ચગદી નાખી. એ નિયતિએ જ આપણી વચ્ચે સંઘર્ષ કરાવ્યો અને નિયતિએ જ મને મારા પિતાના ભાલા ઉપર ફેંક્યો. પણ જવા દો આ બધી વાતો. મને મારા પિતા મળ્યા

આપનાં આંસુથી મારા ગાલ ભીંજવી દો અને કહો, 'મારા પુત્ર', ત્વરા કરો, ત્વરા કરો, મારા જીવનની રેતીના કણ પૂરા થવા આવ્યા છે. વીજળીના વેગે હું આ મેદાનમાં આવ્યો, અને વાયુના વેગે જાઉં છું, એકાએક અને ઝટપટ, પસાર થઈ જતા પવનની જેમ, પણ દેવલોકમાં લખી રાખવામાં આવ્યું હતું કે આમ જ થશે.'

આ સાંભળીને રુસ્તમનાં હૃદયનાં બંધનો તૂટી જાય છે. તેની આંખોમાંથી બોર બોર જેવા આંસુ સરે છે અને તાર સ્વરે વિલાપ કરતો તે કહે છેઃ 'આ નદીના તરંગો ભલે મારી ઉપર ફરી વળે.'

સોરાબ ધીરગંભીર વિનમ્ર સ્વરે ઉત્તર આપે છેઃ 'મારા પિતા! એવી ઇચ્છા ન કરો. આપે જીવતા રહેવું જ જોઈએ. કેટલાક મહાપરાક્રમો કરવા અને જીવતા રહેવા જન્મ્યા હોય છે તો કેટલાક ભુલાઈ જવા અને મૃત્યુ પામવા જન્મ્યા હોય છે. જે પરાક્રમો કરી શકવા જેટલી મારી વય થાય તે પહેલાં હું મૃત્યુ પામીશ. એ પરાક્રમો આપ કરો અને આપની વૃદ્ધાવસ્થામાં ફરી એક વાર ઝળહળતી કીર્તિ મેળવો. આપ મારા પિતા છો અને આપનો લાભ તે મારોય લાભ છે. આપ આ મોટી સેના જુઓ છો, હું આપને વીનવું છું, એ સેનાને શાન્તિથી નદી ઓળંગી જવા દેજો, પણ મને આપની સાથે આપના નગરમાં લઈ જજો, પથારીમાં સુવાડજો અને આપ, આપના શ્વેતકેશી પિતા અને આપના સર્વ મિત્રો મારા મૃત્યુ માટે શોક કરજો. હું આપને આગ્રહ કરું છું-મને આપના નગરની મનોહર જમીનમાં દફનાવજો. મારાં અસ્થિ ઉપર રાજવી શોભાથી દીપતો માટીનો ઢગલો કરાવજો અને એ ઢગલા ઉપર દૂર દૂરથી દેખાય એવો સ્તંભ ચણાવજો જેથી વગડામાંથી પસાર થતો કોઈ ઘોડેસવાર દૂરથી મારી કબર જોઈને બોલી ઊઠેઃ 'જેનો તેના મહાન પિતાએ અજાણતાં વધ કર્યો હતો તે, પરાક્રમી રુસ્તમનો પુત્ર, સોરાબ અહીં પોઢે છે'- અને મારી કબરમાં પોઢેલો હું ભુલાઈ ન જાઉં.

રુસ્તમ વ્યથિત સ્વરે ઉત્તર આપે છેઃ 'એવો ભય ન રાખ, મારા પુત્ર સોરાબ! તેં કહ્યું છે એમ જ થશે, હું મારા તંબૂઓ બાળી નાખીશ અને તે સાથે આ સેનાને શાન્તિથી નદી ઓળંગી જવા દઈશ. આજ સુધી મેં કરી છે તેથી વધારે હત્યા હું કેમ જ કરું? હું તો ઇચ્છું છું કે જેમનો મેં વધ કર્યો છે એ સર્વ, મારા ચુસ્તમાં ચુસ્ત શત્રુઓ સહિત, જીવતા થાય. હું એક સામાન્ય માણસ, નિર્માલ્ય સૈનિક હોઉં અને, મારા પુત્ર, તું જીવતો રહે. જેમ મારી યુવાનીમાં તેમ મારી વૃદ્ધાવસ્થામાં પણ મેં લડાઈઓ જ જોઈ છે અને લોહી રેડ્યું છે અને મારા મૃત્યુપર્યંત મારું જીવન લોહીથી ખરડાયેલું જ રહેશે.'

મરતાં મરતાં સોરાબ ઉત્તર આપે છેઃ 'વિકરાળ માણસ, ખરેખર લોહીથી ખરડાયેલું જ જીવન, પણ આપને શાન્તિ મળશે જ, જોકે આજે નહીં, ભવિષ્યમાં કોઈક દિવસ.'

સોરાબની સામે રુસ્તમ તાકી તાકીને જુએ છે અને કહે છેઃ 'વહેલો આવે એ દિવસ, મારા પુત્ર! પણ ત્યાં સુધી, જો ભાગ્યદેવીની એવી જ ઇચ્છા હોય તો, ભલે હું સહન કરીશ.'

આમ બોલતા રુસ્તમની સામે જોઈને સોરાબ હસ્યો અને તે પછી તેણે પોતાની પાંસળીઓમાં ખૂંપી ગયેલો રુસ્તમનો ભાલો ખેંચી કાઢ્યો, તે સાથે, ઉઘાડા થયેલા ઘામાંથી લોહીનો ફુવારો છૂટ્યો, તેનું માથું જમીન ઉપર ઝૂકી ગયું, તેના અંગો શિથિલ થઈ ગયાં, તેની આંખો મિચાઈ ગઈ, તેનું શરીર ધોળું પૂણી જેવું થઈ ગયું અને જે છોડીને તે જતું હતું એ, દેહરૂપી મહેલ, યૌવન, યૌવનની સુરખી અને આ મોહક જગત, એ સર્વ માટે ખેદ કરતું સોરાબનું પ્રાણપંખી અનિચ્છાએ ઊડી ગયું.

આમ મૃત્યુ પામીને સોરાબ રક્તભીની રેતીમાં ઢળી પડ્યો અને રુસ્તમ ઘોડેસવારીના પોતાના ડગલાથી પોતાનું મોં ઢાંકીને પોતાના મૃત પુત્રની પાસે જઈને બેઠો.

❖❖❖

## આજીવન સારસ્વતનો મરણોત્તર લેખ-સંગ્રહ : 'યજ્ઞ-શેષ'

■ ડૉ. રણજીત એમ. પટેલ

સ્વ. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા સાથે મારો સંબંધ સાડા છ દાયકાથી વધુ સમયનો હતો. 'ગુજરાત સમાચાર'માં અમોએ સાથે નોકરી કરી, અમદાવાદની ગુજરાત કૉલેજમાં પ્રીવિયસથી એમ. એ. સુધી સાથે ભણ્યા, વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં લગભગ બે દાયકા સુધી એક જ વિભાગમાં શૈક્ષણિક કાર્ય કર્યું, સાથે હર્યા ફર્યા, જ્ઞાનગોષ્ઠી કરી, એકબીજાના સુખદુઃખમાં સહભાગી બન્યા અને આખરે અમારી નોકરીનો 'આમ વિયોગ થયો' !

ડૉ. સાંડેસરાનો જન્મ ઈ. સ. ૫-૪-૧૯૧૫ના રોજ અને એમનો પ્રથમ લેખ, જૂન-૧૯૩૨માં 'બુદ્ધિપ્રકાશ'માં પ્રગટ થયો-એટલે કે માંડ સોળ વર્ષની વયે. છેલ્લે એમનું મરણોત્તર પ્રકાશન ઈ. સ. ૧૯૯૯માં થયું, એટલે કે લગભગ સાડા છ દાયકા સુધી એમની અવિરત સાહિત્યસેવા ચાલુ રહી.

જૈન સાહિત્યના પ્રકાંડ સંશોધક સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈની સલાહ પ્રમાણે, ડૉ. સાંડેસરાએ સને ૧૯૩૧થી માંડી એમના બધા જ લેખો—ગુજરાતી, અંગ્રેજી, હિંદી કે અન્ય ભાષામાં પ્રગટ થયેલા— તેમના અનુવાદોની વિગતવાર યાદી તેમ જ તેમનાં પુસ્તકોનાં નામ અને પ્રકાશનવર્ષની યાદી — જીવ્યા ત્યાં સુધી રાખી છે જેની અત્યાર સુધીમાં ત્રણ નોટો ભરાઈ છે. લગભગ સાડા પાંચથીય વધુ દાયકાઓમાં પ્રગટ થયેલ કોઈપણ સમયગાળામાં પ્રકાશિત થયેલા એમના કોઈ પણ લેખની નકલ અડધી મિનિટમાં મળી રહે છે.

'યજ્ઞશેષ'ના ૮૦ લેખોની ચોકસાઈપૂર્વકની વિગતો એના પ્રમાણરૂપ છે. તેમના આ મરણોત્તર પ્રકાશનના લેખો કેટલાં બધાં સામયિકોમાં પ્રગટ થયા છે ! કેવળ જિજ્ઞાસા ખાતર જોઈએ તો 'બુદ્ધિ પ્રકાશ', 'ગુજરાત દીપોત્સવી અંક', 'સ્વાધ્યાય', 'પુસ્તકાલય', 'ગ્રંથાગાર', 'ફાર્બસ ગુજરાતી સભા-ત્રૈમાસિક', 'પ્રજાબંધુ સાપ્તાહિક', 'વિશ્વમાનવ', 'ઊર્મિ નવરચના', 'પરબ', 'પ્રવાસી', 'અખંડ આનંદ', 'રાજભાષા-ત્રૈમાસિક', 'નવનીત-સમર્પણ', 'કુમાર', 'પ્રબુદ્ધજીવન', 'પ્રત્યાયન', 'નવચેતન', 'અભિનવભારતી' વગેરે વગેરે. કયા વર્ષમાં કયા અંકમાં એ પ્રગટ થયા એ બધી જ માહિતી એમાંથી મળી રહે છે. કોઈકના 'અમૃતમહોત્સવ' કે શતાબ્દી ગ્રંથોમાં પ્રગટ થયેલા કે આકાશવાણી પરથી આપેલા વાર્તાલાપની પણ વિગતો પ્રાપ્ત થાય છે. એક પ્રખર સંશોધકની ગુણસંપદાનો પરિચય આવી સાધારણ બાબતમાંથી પણ થાય છે. વળી, આ બધાં સામયિકોમાંનું એમનું પ્રદાન કેટલા બધા વિવિધ વિષયોમાં એમને રસ છે એની પણ પ્રતીતિ કરાવે છે.

'યજ્ઞશેષ'ના નામકરણમાં મારોય હિસ્સો હતો. આમાંના, સંશોધનના ક્ષેત્રમાં સમાસ ન પામતા લેખોને પડતા મૂકવામાં આવે અને લગભગ ૩૦૦ કે ૩૫૦ પૃષ્ઠનું ચયન કરી આપે તો મ. સ. યુનિવર્સિટી પ્રગટ કરવા તૈયાર હતી પણ ડૉ. સાંડેસરાનો આગ્રહ એમના આજીવન સારસ્વત—યજ્ઞમાં જે કાંઈ શેષ હોય તે બધુ જ હોમવાનો હતો, એટલે એમનાં સંતાનોએ, ગુજરાત સાહિત્ય સભાને રૂપિયા ત્રીસ હજારનું પ્રકાશન કાજે અનુદાન

કેવળ કુતૂહલવશાત્, 'યજ્ઞશેષ'નાં ૫૦૪ પૃષ્ઠો આમતેમ ફેરવીએ તોય પ્રથમ દૃષ્ટિએ આપણું ધ્યાન ખેંચાય છે એના વિષય-વૈવિધ્ય પરત્વે. પ્રમાણમાં 'યજ્ઞશેષ'નાં ટૂંકા અને એક બે અપવાદ સિવાય મોટે ભાગે શ્રદ્ધાંજલિ રૂપે લખાયેલા લેખોનાં શીર્ષકો જોઈએ તો, કેટલી બધી વિશિષ્ટ વિભૂતિઓ સાથે એમનો ઘનિષ્ઠ સંબંધ હતો અને એમનાં કાર્યને યથાર્થરૂપે મૂલવતા કેવાં તો ઔચિત્યપૂર્ણ વિશેષણો વાપરી એમણે લાઘવ સાધ્યું છે. દા.ત. વિધાન વહીવટકર્તા : એચ. એમ. પટેલ, આપ્ત સન્મિત્ર : કે. કા. શાસ્ત્રી, મહામનીષી : મુનિ ચતુરવિજયજી, કેશવ હર્ષદ ધ્રુવ : સંપાદક અને ભાષાશાસ્ત્રી, સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈ : જૈન સાહિત્યના પ્રકાંડ સંશોધક, આચાર્ય ડૉ. માર્કંડ : અનુસ્મૃતિ, પરમ હિતેચ્છુ : અંબાલાલ જાની, ઈતિહાસકાર : રત્નમણિરાવ, વિદ્યાબહેન : કેટલાંક સંસ્મરણો, સાધુચરિત વિદ્વાન : ડૉ. જિતેન્દ્ર જેટલી, ડૉ. ચંપકલાલ શુક્લ : જીવન અને કાર્ય, વ્યક્તિત્વ વડલા સમ : સદ્‌ગત પ્રો. રસિકલાલ છો. પરીખ અને ભાઈકાકાનો અક્ષરદેહ. આ તેરેક મહાનુભાવોને ફાળવેલા લગભગ ૬૦ પૃષ્ઠોમાં પંદરેક ભાઈકાકાને અને દશેક શ્રી રસિકલાલ પરીખને ફાળે જાય છે. આ વિભાગમાં એ બે લેખ શ્રેષ્ઠ ને વિશિષ્ટ છે. 'ધૂમકેતુની નવલિકાઓ' ને 'આકાશવાણી'ની મર્યાદા નડી છે, (કેવળ ત્રણ જ પૃષ્ઠ) તો 'લાભુબહેનની નવલિકાઓ'નું 'પુરોવચન' વિવરણાત્મક છે. શ્રી રતુભાઈ અદાણીકૃત 'સોરઠની લોકક્રાન્તિનાં વહેણ અને વમળ'-ભાગ-૨ની પ્રસ્તાવના નામે 'એક ધર્મયુદ્ધની સત્યકથા'માં ડૉ. સાંડેસરાની ઈતિહાસવિદ્‌પ્રજ્ઞા અને સાહિત્યિક રસજ્ઞતાનાં સુપેરે દર્શન થાય છે. એ લેખનાં પૃ.૪૦૯ ઉપર પાંચ પ્રશ્નોની ચર્ચામાં પ્રથમ, ત્રીજા ને પાંચમાનો ઉલ્લેખ છે. બીજો અને ચોથો અનુલ્લેખનીય રહ્યા છે.

'યજ્ઞશેષ'માં વિષયવૈવિધ્યનો કોઈ તોટો નથી. એમાં 'સત્યનારાયણની કથા'નું રહસ્ય છે. તો 'જપયજ્ઞ'ની વિશેષતા પણ છે. અગ્નિ-એશિયાના દેશોમાં રામાયણ-કથાનો પ્રચાર છે, તો બલિદ્વીપનાં 'ગંગાસ્તોત્ર' પણ છે. વરાહમિહિરનું જલ-સંશોધન છે, તો પ્રાચીન વિશ્વમાં ખનિજ-તેલની શોધની વાત પણ છે. એમાં 'હમીરમદમર્દન નાટક'માં આબુથી ધોળકા સુધીના પ્રવાસનું વર્ણન છે તો 'ઈન્દ્રદૂત કાવ્ય'માં જોધપુરથી સુરત સુધીનું નગરવર્ણન પણ છે. સંસ્કૃત સાહિત્યમાંનો વૃક્ષ-મહિમા છે, તો મધ્યકાલીન ગુજરાતમાં તોલ, માપ ને નાણાંવિષયક નવીન માહિતી પણ છે. ગુલામોના વેચાણના દસ્તાવેજ છે, તો અકબરના દરબારમાં પારસી ગુરુઓ પણ છે. ગુજરાતમાં પારસીઓનું આગમન તથા તેમની સંસ્કૃત રચનાઓનો ઉલ્લેખ ને રસાસ્વાદ છે, તો સાક્ષરવર્ય ગોવર્ધનરામની સંસ્કૃત રચનાઓની સમીક્ષા પણ છે. વિષય-વૈવિધ્ય ને વિષય-નાવીન્ય તરીકે આ બધી રચનાઓ કુતૂહલપ્રેરક ને વાચનક્ષમ તો છે જ પણ એમાંથી લેખકની વ્યુત્પત્તિ, બહુશ્રુતતા અને ભાત ભાતના વિષયમાં રસ લેવાની શક્તિ-વૃત્તિનો સુંદર અને તાદૃશ પરિચય પણ થાય છે.

ડૉ. સાંડેસરા કેવળ પ્રાકૃત ને મધ્યકાલીન ગુજરાતી ભાષાસાહિત્યના જ નહીં પણ સંસ્કૃત સાહિત્યનાય સારા અભ્યાસી વિદ્વાન હતા. ભારતના અન્ય પ્રદેશોની જેમ સંસ્કૃતના સર્વ પ્રકારોની રચના-પરંપરા આધુનિક કાળ સુધી ગુજરાતમાં પણ ચાલુ રહી છે એની પ્રતીતિ 'યજ્ઞશેષ'ના એમના કેટલાક અભ્યાસ-લેખો કરાવે છે. દા.ત. આચાર્ય હેમચન્દ્ર કૃત 'દ્વયાશ્રય મહાકાવ્ય', વિજયપાલકૃત 'દ્રૌપદી સ્વયંવર નાટક', રામચન્દ્રકૃત 'સત્ય હરિશ્ચન્દ્ર નાટક', પ્રહલાદનદેવકૃત 'પાર્થપરાક્રમ-વ્યાયોગ', મંત્રી યશઃપાલકૃત 'મોહપરાજય નાટક', ઈ. સ. ૧૧૨૯ આસપાસ કર્ણાટકના કલ્યાણી નગરના ચાલુકમ રાજા, ભૂલોકમલ્લ સોમેશ્વર ત્રીજાએ રચેલ 'માનસોલ્લાસ' અથવા સંસ્કૃત નાટકનો કવિ સુંદરમે કરેલ અનુવાદનો પણ રસમય પરિચય કરાવ્યો છે. વળી, કાવ્ય પ્રયોજનાદિની બાબતમાં મમ્મટ અને આચાર્ય હેમચન્દ્રની પણ તુલના કરી છે.

'યજ્ઞશેષ'માં 'ઉત્સવ', 'બુદ્ધનો સંદેશ', 'બુદ્ધનાં પ્રવચનો', 'લોકાયત દર્શન', 'દેવલસ્મૃતિ', 'ગુજરાતના દેવપ્રાસાદો', 'વચનામૃત', 'રસિકવલ્લભ' જેવા સાદા, સરલ, માહિતીપ્રધાન લેખો છે, તો લેખકની પ્રકાંડ વિદ્વતા અને મૌલિક સંશોધકની શક્તિના અચ્છા પ્રતીક જેવા કેટલાક નિબંધો પણ છે. દા.ત. 'ભારતીય તત્ત્વવિદ્યા : એક દૃષ્ટિ', 'વહીવટી શબ્દકોશની રચનાના કેટલાક પ્રશ્નો', 'મિરાતે અહેમદી', ગુજરાતની પ્રમાણભૂત 'ફારસી તવારીખ', 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય-નરસિંહ મહેતા અને સમકાલીન જૈન કથાસાહિત્ય', 'નરસિંહરાવ : ભાષાશાસ્ત્રમાં પ્રસ્થાનકાર' અને 'પાટણના જૈન જ્ઞાનભંડારો અને ભારતીય સાહિત્ય' તથા 'ઐતિહાસિક શબ્દકોશ : કેટલાક વિચારો' વગેરે વગેરે. વળી ડૉ. સાંડેસરા, પ્રચંડમનો ઘટનાશાલી, મહામનીષી કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યની સર્વાંગલક્ષી પ્રતિભાશક્તિથી એટલા બધા પ્રભાવિત છે કે 'યજ્ઞશેષ'માંના પાંચેક લેખો તો આચાર્ય શ્રી સંબંધે છે. દા.ત. 'શ્રી હેમચન્દ્રાચાર્ય', 'આચાર્ય હેમચન્દ્રનું કોશ-સાહિત્ય', આચાર્ય હેમચન્દ્ર કૃત 'દ્વયાશ્રય મહાકાવ્ય', 'હેમચન્દ્રકાલીન ગુજરાતનો સાહિત્યિક પરિવેશ' તથા 'કાવ્ય પ્રયોજનાદિ વિશે આચાર્ય હેમચન્દ્ર'. વળી 'યજ્ઞશેષ' ના અન્ય અનેક લેખોમાં આચાર્યશ્રીના ઉલ્લેખો આવતા હોય તે તો જુદા. આ બધા લેખોમાં એમની લેખિનીનો પીઢ, પ્રૌઢ ને પ્રાસાદિક સંસ્પર્શ પણ અનુભવવા મળે છે.

'ઉત્સવ' લેખ, કવિવરનાનાલાલના 'પ્રજાશરીરનો ઘસારો કે નવપલ્લવતા?' એ દીર્ઘલેખનું સ-દૃષ્ટાંત વિવરણ છે તો સંસ્કૃત 'સાહિત્યમાં વૃક્ષમહિમા' કેવળ કાલિદાસ-ભવભૂતિ પૂરતો સીમિત છે. લેખ ૫૭-૫૮ બે શબ્દચર્ચાના છે. 'કાષ્ટભક્ષણ' અને 'વંદરવાલ' એ એક જ શીર્ષક નીચે સમાસ પામી શક્યા હોત. લેખ નં. ૫૦નું શીર્ષક છેઃ 'ગુજરાતી પદ્યનો એક પ્રાચીનતમ નમૂનો'-(પૃ. ૩૦૧) પણ એ પદ્યનો નહીં પણ ગદ્યનો નમૂનો છે. 'નરસિંહ મહેતા અને સમકાલીન જૈન કાવ્ય સાહિત્ય'-(પૃ. ૩૨૧) ઉપર, ડૉ. સાંડેસરાએ સંપાદિત કરેલ સંચય 'પ્રાચીન ફાગુ સંગ્રહ' એ સુંદર સંગ્રહના સહસંપાદક ડૉ. સોમાભાઈ પારેખ પણ છે એ ભૂલવું ન જોઈએ. 'પરમ હિતેચ્છુ : અંબાલાલ જાની'-(પૃ. ૪૫૭) એ માંડ સવા પૃષ્ઠનો અંજલિ-લેખ છે પણ લેખને અંતે ડૉ. સાંડેસરા લખે છેઃ 'સદ્‌ગતના મારા ઉપરના સોએક પત્રો મેં સંઘરી રાખ્યા છે, ભવિષ્યમાં તેમનાં ચરિત્રકારને કદાચ ઉપયોગી થઈ પડે.' એમાંના કેટલાક પત્રોનો અહીં સમુચિત વિનિયોગ થઈ શક્યો હોત. 'યજ્ઞશેષ'માં અનેક સંસ્કૃત શ્લોકો આવે છે. એક નિયમ તરીકે એનો ભાવાનુવાદ આપ્યો હોત તો? કેટલેક સ્થળે, અલબત્ત આપ્યો છે. 'એક આધુનિક સંસ્કૃત સુભાષિત કોશઃ કલ્યાણભારતી' (પૃ. ૪૯૭) ત્યાં એના વિદ્વાનકર્તાની જન્મતારીખ ઈ. સ. ૧૮૮૯ દર્શાવેલ છે, જ્યારે તા.૭-૩-૭૦ના 'જૈન'ના અંકમાં શ્રી રતિલાલ મફાભાઈ શાહના લેખ નામે 'ન્યાયતીર્થ-ન્યાયવિશારદ-મુનિરાજ શ્રી ન્યાય વિજયજી મહારાજ'માં જન્મ તારીખ સં. ૧૯૪૬ના કારતક સુદ ત્રીજનો ઉલ્લેખ છે.

'એમના (ડૉ. સાંડેસરાના) અનેક સામયિકોમાં છપાયેલા સાદા અને 'સંશોધનમૂલક' લેખોને 'યજ્ઞશેષ' સંજ્ઞાથી આ સંગ્રહ પ્રકાશિત કરતાં પ્રકાશકોને આનંદ થાય છે' એ સહી, પણ એ 'સાદા' લેખોમાં પણ સઘન સ્વાધ્યાયની છાંટ છે, અને 'સંશોધનમૂલક' લેખોમાં પ્રાચીન કે આધુનિક જ નહીં પણ સનાતન સત્યનો આગ્રહ છે કારણ કે એમણે ક્યાંય મૂળ

# યંત્ર અને તેના પ્રકાર

■ ડૉ. કવિન શાહ

જૈન અને જૈનેતર ધર્મોમાં મંત્ર-યંત્ર અને તંત્ર વિદ્યાનો અદ્‌ભુત ચમત્કાર-મહિમા દર્શાવવામાં આવ્યો છે. મંત્રોની દુનિયા જેવી જ રહસ્યમય અને અજબગજબનો પ્રભાવ ને પ્રકાશ પાડનારી યંત્રની સૃષ્ટિ છે. મંત્ર જાપનો પ્રભાવ અનેકવિધ માનવીઓએ જીવનમાં અનુભવ્યો છે. તેની વિવિધ પ્રકારનાં યંત્રો વિશેની રસપ્રદ માહિતી પણ જાણવા જેવી છે. યંત્રની વ્યુત્પત્તિ નીચે પ્રમાણે છે.

યમનાયૂ યન્ત્રમિત્યાહુઃ– આરાધ્ય દેવની શક્તિનું એક સ્થાને કેન્દ્રીકરણ જ્યાં થાય તેને યંત્ર કહેવામાં આવે છે.

જૈન ધર્મમાં યંત્રોનું પૂજન શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શુભ દિવસે કરવામાં આવે છે. ધર્મ આરાધનાના એક ભાગ રૂપે ધાર્મિક મહોત્સવોમાં 'યંત્રપૂજા' વિશિષ્ટ આકર્ષણનું કેન્દ્ર બને છે. પૂર્વાચાર્યોએ જ્યોતિષ જ્ઞાનને આધારે યંત્રો રચ્યાં છે. સમ્યક્‌દૃષ્ટિ દેવ-દેવીઓનાં યંત્રો મહાપ્રભાવિક ગણાય છે.

વિવિધ યંત્રો વિશેની આધારભૂત માહિતી દર્શાવતા ગ્રંથોમાં શ્રી દેવેન્દ્રસૂરિનો 'કોષ્ઠક ચિંતામણિ' છે. તેમાં ૧૦૦ ગાથાઓ સંસ્કૃત ભાષામાં છે. આ ગ્રંથમાં યંત્રો વિશે વિસ્તૃત માહિતી છે. તેમાં યંત્રોના ચાર પ્રકાર ભવ્ય, અતિભવ્ય, સર્વતોભદ્ર અને મહાસર્વતોભદ્ર દર્શાવ્યા છે.

મહાસર્વતોભદ્ર યંત્રમાં ૬૫ અંકોવાળા ૨૫ કોષ્ઠક છે. તેનો દરેક બાજુથી સરવાળો કરતાં પાંસઠ થાય છે. તેવી જ રીતે વીસો અને પંદરિયો યંત્રમાં વીસ અને પંદરનો સરવાળો થાય છે.

યંત્રો બનાવવા માટે સુવર્ણ, ચાંદી, તાંબું, ભોજપત્ર, કમળપત્રનો ઉપયોગ થાય છે. સુવર્ણ ધાતુવાળું યંત્ર સર્વોત્તમ ગણાય છે. તદુપરાંત બિલીપત્ર, સ્ફટિકના ઉપયોગથી યંત્ર રચાય છે.

યંત્રના મંત્રાક્ષરો અને અંકો લખવા માટે અષ્ટગંધ, કસ્તુરી, કેશર, કપૂર, રક્તચંદન, સુવર્ણ વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે.

યોગ્ય દિન-શુદ્ધિ જોઈને યંત્ર રચના કરવી જોઈએ.

રવિપુષ્ય, ગુરૂપુષ્ય, રવિ-હસ્ત, રવિ-મૂળ નક્ષત્રવાળા દિવસે, વીરનિર્વાણ દિવસે, ચંદ્ર સ્વર ચાલતો હોય ત્યારે યંત્રમાં અંકો લખવા કે મંત્રાક્ષરો કોતરવા ઉત્તમ ગણાય છે. કોઈપણ યંત્ર નિર્માણ કર્યા પછી તેને પ્રતિષ્ઠિત કરવું જોઈએ. શુભ દિવસે શાસ્ત્રવિધિ અનુસાર ગીતાર્થ ગુરૂ પાસે તેની પ્રતિષ્ઠા કરાવવી જરૂરી છે. આ વિધિથી યંત્રો ચમત્કાર અલૌકિક બને છે. અને તેનો પ્રભાવ પણ વિશેષ રહે છે.

યંત્ર તૈયાર કર્યા પછી તેની પૂજા કરવી જોઈએ, પંચામૃતથી અભિષેક કરવાથી યંત્રની શુદ્ધિ ને પવિત્રતા જળવાય છે.

દૂધ, દહીં, ઘી, સાકર અને ચંદનના પંચામૃતથી અભિષેક કરવો જોઈએ. ત્યાર પછી વાસક્ષેપ ચૂર્ણથી પૂજા કરવી. આ વખતે નિયતમંત્ર એટલે જે યંત્રમાં કોતરેલો અથવા લખવામાં આવ્યો છે તે મંત્રનું સાત વાર સ્મરણ કરવું. મંત્રનો ઉચ્ચાર અતિશય ઝડપથી કે મોટા અવાજે કરવો નહિ, તેનાથી તંદુરસ્તી તથા ધન હાનિનો સંભવ છે એટલે દ્રુત સ્વરે મંત્રનો જાપ કરવો. યંત્રના અભિષેક પછી અષ્ટ પ્રકારી પૂજા કરવી. ધાતુ સિવાયનું યંત્ર એટલે કે ભોજપત્ર, બિલીપત્ર, કમળપત્ર કે વસ્ત્ર પર યંત્રની રચના કરી હોય તો તેની પૂજા કરવા માટે યંત્રની સામે અરીસો રાખવો અને તેના પ્રતિબિંબને લક્ષમાં રાખીને અષ્ટપ્રકારી પૂજા કરવી અને નિયમિત ધૂપ-દીપ-નૈવેધથી પૂજા તથા જાપ આદિથી મંત્ર સિદ્ધ થાય અને યંત્રથી ઇચ્છિત લાભ અવશ્ય થાય છે.

યંત્રોના ત્રણ પ્રકાર છે. ભૂપૃષ્ઠ, મેરૂપૃષ્ઠ અને પાતાલયંત્ર.

સર્વસામાન્ય રીતે મંત્રલેખન કરવામાં આવે છે ત્યારે ભૂપૃષ્ઠ યંત્ર બને છે.

અક્ષરો, રેખાઓ અને અંકો વિશેષ રીતે ઉપસેલા હોય તો તે મેરૂપૃષ્ઠ યંત્ર બને છે.

અક્ષરો કોતરેલા હોય તો તે પાતાલયંત્ર બને છે.

જૈનેતર મંત્ર-તંત્રમાં નિત્યયંત્ર અને ભાવયંત્ર એમ બે પ્રકાર પ્રાપ્ત થાય છે. નિત્યયંત્રમાં દૈવી શક્તિ સ્વાભાવિક રીતે રહેલી છે. દા.ત. શાલગ્રામ શિલા, નર્મદેશ્વર શિલા, અપરાજિત, કમલા યંત્રોની એમાં ગણતરી થાય છે. નિત્યયંત્રની દૈવી શક્તિનો સામાન્ય જનતાને અનુભવ થતો નથી, પણ યૌગિક શક્તિવાળા યોગી પુરુષો અને મહર્ષિઓને થાય છે. મન અને ચિત્તના સંયોગથી મમતા ઉત્પન્ન થાય છે જ્યારે બુદ્ધિના સંયોગથી ભાવતત્ત્વ ઉત્પન્ન થાય છે. જેમાં શુદ્ધ ભાવ રહે છે તેવાં યંત્રો ભાવયંત્ર કહેવાય છે. શ્રીયંત્ર અને નૃસિંહયંત્ર આના ઉદાહરણરૂપ છે. આ યંત્રને વિધિપૂર્વક ગ્રહણ કરી મંત્રજાપથી સિદ્ધ કરી શકાય છે અને અનેક પ્રકારની સમૃદ્ધિ મળે છે.

યંત્રો વિશેની ઉપરોક્ત પૂર્વ ભૂમિકા પછી વિવિધ પ્રકારના યંત્રોની માહિતી અતિ રસપ્રદને આકર્ષક છે. તે વિશેની વિગતોનીચે પ્રમાણે છે.

માનવ જીવનમાં શુભાશુભ કર્મ પ્રમાણે સુખદુઃખ આવે છે. કર્મવાદનો આ અટલ અને અવિચળ નિયમ છે. તેમ છતાં માનવ જીવનમાં સુખ-સમૃદ્ધિ, સંતાન, વેપારમાં વૃદ્ધિ, લગ્ન, કોર્ટ-કચેરી ચૂંટણીમાં વિજય, રોગમુક્તિ, ધનપ્રાપ્તિ જેવી સર્વસામાન્ય ઇચ્છાઓની પૂર્તિ માટે મંત્ર અને યંત્રનો પ્રયોગ કરવામાં આવે છે. એ દૃષ્ટિએ વિચારતાં મંત્રોની વિવિધતા જેટલી જ યંત્રોની વિવિધતા જોવા મળે છે.

જૈન ધર્મમાં મહાપ્રભાવિક ને ચમત્કારિક યંત્રોમાં નમસ્કાર મહામંત્ર, ઉવસગ્ગહરં, સંતિકરં, નમિઉણ, અજિતશાંતિ, ભક્તામર, સિદ્ધચક્ર, ઋષિમંડલ ઈત્યાદિનાં યંત્રો પૂર્વાચાર્યોએ બનાવેલાં શાસ્ત્રોક્તવિધિ અનુસાર પ્રતિષ્ઠિત અતિ લોકપ્રિય છે. ધર્મની આરાધનાને અંતે કે તપના ઉદ્યાપન મહોત્સવમાં પૂજન ભણાવાય છે તેમાં આવાં યંત્રો કેન્દ્ર સ્થાને છે.

**ચોવીસ તીર્થંકરોનું યંત્ર**—આ યંત્રમાં ૨૪ તીર્થંકરો ક્રમાનુસાર હોય છે અને તેનો મંત્ર લખાય છે.

**ૐ, હ્રીં, શ્રીં કલીં નમઃ ।**—આ યંત્ર સં. ૮૪૬માં આચાર્ય યશોદેવસૂરિએ બનાવ્યું હતું.

**કલ્પવૃક્ષ યંત્રઃ**—કલ્પવૃક્ષની રચના કરીને તેના દરેક પાન પર મંત્રાક્ષરો અને ૨૪ અંકો લખવામાં આવે છે. આ યંત્રથી સર્વ પ્રકારની સમૃદ્ધિ ને વેપારવૃદ્ધિ થાય છે.

**પાર્શ્વનાથ પ્રભુયંત્ર**—૨૪ તીર્થંકરોમાં પ્રગટ પ્રભાવી ૧૦૮ નામધારી તીર્થંકર પાર્શ્વનાથ છે. તેમાં મંત્ર અને અંકો સ્થાન પામેલા છે.

**સર્વ કાર્ય સિદ્ધિ યંત્ર**—સ્વસ્તિક આકારનું આ યંત્ર મંત્રયુક્ત છે અને તેનાથી મનોકામના પૂર્ણ થાય છે.

**તિજય પહુત્ત સર્વતોભદ્ર યંત્ર**—તેમાં ૧૭૦ તીર્થંકરોનો અને દેવીઓનો અંકો અને નામથી ઉલ્લેખ થયેલો છે. આ યંત્રની

**સર્વતોભદ્ર યંત્ર (૧૩૦)**—આ યંત્ર ચોરસ ખાનાવાળું છે. તેમાં ૧૩૦ નો સરવાળો થાય તેવી રીતે અંકોનો ક્રમ ગોઠવેલો હોય છે. તદુપરાંત નીચેના મંત્રનો જાપ કરવો પડે છેઃ

**ૐ, હ્રીં, શ્રીં ચતુર્દશપૂર્વેભ્યો નમો નમઃ ।**—આ યંત્રથી વિદ્યાપ્રાપ્તિ થાય છે.

**લક્ષ્મી પ્રાપ્તિયંત્ર**—ૐ, હ્રીં, શ્રીં કલીં અર્હમ્ નમઃ । મહાલક્ષ્મ્યૈ ધરણેન્દ્ર પદ્માવતી સહિતાય હ્રીં શ્રીં નમઃ । આ મંત્ર યંત્રના ચોરસ ખાનામાં ગોઠવાયેલો હોય છે. તેની પૂજાભક્તિથી ધનભંડાર સદાને માટે ભરેલા રહે છે.

અકબર બાદશાહને પ્રતિબોધ કરનાર ઉપા. શ્રી સકલચંદ્રજી મ. સા. રચિત લક્ષ્મીદેવી યંત્ર.

આ યંત્રમાં મંત્ર અને ૩ આંકડાવાળી સંખ્યા સ્થાન પામેલી છે.

**મહાલક્ષ્મી યંત્ર**—૧ થી ૧૧ના અંકો જુદી જુદી રીતે ચોરસ ખાનામાં મંત્રાક્ષર સહિત લખવામાં આવે છે.

**લક્ષ્મીવર્ધક વેપાર યંત્ર**—૧૬ ચોરસ ખાનામાં ૩૪નો સરવાળો થાય તેવી રીતે અંક ગોઠવવામાં આવે છે.

**લક્ષ્મીપ્રાપ્તિ યંત્ર**—આઠ લંબચોરસ ખાનામાં મંત્ર લખવામાં આવે છે.

**ઋદ્ધિ યંત્ર**—એક મોટા ચોરસની આકૃતિમાં ત્રણ ચોરસ બનાવીને મંત્ર લખાય છે.

**મહાજ્ઞાની થવાનું યંત્ર**—આ યંત્ર પતંગ આકારનું છે. વચ્ચે ચોરસ આકૃતિ છે. અને મંત્ર લખેલો હોય છે.

**વિજય યંત્ર**—એક ચોરસ આકૃતિમાં બીજો ચોરસ બનાવીને વચ્ચે કુંભની રચના કરી મંત્રાક્ષર લખાય છે.

ઉપરોક્ત યંત્રોમાં મંત્ર અને અંકોનો પ્રભાવશાળી પ્રતીક તરીકે પ્રયોગ થયો છે. કેટલાક યંત્રો માત્ર અંકોને આધારે રચાયેલાં છે. અંકની સંખ્યાના સરવાળાને આધારે આવા યંત્રો ઓળખાય છે. વીસોયંત્રમાં વીસનો, પંદરિયો યંત્રમાં પંદરનો સરવાળો હોય છે. એવી રીતે પાંસઠિયો યંત્ર હોય છે ઉદા.

**પંદરિયો યંત્ર**

| | | |
|---|---|---|
| ૨ | ૧૦ | ૩ |
| ૩ | ૨ | ૧૦ |
| ૧૦ | ૩ | ૨ |

**પંદરિયો યંત્ર**

| | | |
|---|---|---|
| ૮ | ૧ | ૬ |
| ૩ | ૫ | ૭ |
| ૪ | ૯ | ૨ |

**બત્રીસો યંત્ર**

| | | | |
|---|---|---|---|
| ૮ | ૧૫ | ૨ | ૭ |
| ૬ | ૨ | ૧૨ | ૧૧ |
| ૧૪ | ૯ | ૮ | ૧ |
| ૪ | ૫ | ૧૦ | ૧૩ |

**ચોત્રીસો યંત્ર**

| | | | |
|---|---|---|---|
| ૧૬ | ૯ | ૪ | ૫ |
| ૩ | ૬ | ૧૫ | ૧૦ |
| ૧૩ | ૧૨ | ૧ | ૮ |
| ૨ | ૭ | ૧૪ | ૧૧ |

**ચોત્રીસો યંત્ર**

| | | | |
|---|---|---|---|
| ૪ | ૧૪ | ૧૫ | ૧ |
| ૯ | ૭ | ૬ | ૧૨ |
| ૫ | ૧૧ | ૧૦ | ૮ |
| [illegible] | [illegible] | [illegible] | [illegible] |

**પાંસઠિયો યંત્ર**

| | | | |
|---|---|---|---|
| ૨૪ | ૩૨ | ૨ | ૭ |
| ૬ | ૩ | ૨૯ | ૨૭ |
| ૩૧ | ૨૫ | ૮ | ૧ |
| [illegible] | [illegible] | [illegible] | [illegible] |

**સર્વ કાર્ય સિદ્ધિ યંત્ર**—એક ઊભા ત્રિકોણમાં બીજો ઊંધો ત્રિકોણ બનાવીને મંત્ર લખવામાં આવે છે.

વેપાર વૃદ્ધિ માટે ચાર સમચોરસ ખાનામાં અંકોનો સરવાળો બસો થાય તેવી રીતે લખાય છે.

દૂઝતા હરસમસા તથા તાવ નિવારણ માટે પંદરિયો યંત્ર, આધાશીશી દૂર કરવાનું યંત્ર, નવગ્રહ શાંતિ યંત્ર વગેરેનો યંત્રોમાં સમાવેશ થાય છે. અર્વાચીન કાળમાં માણિભદ્રવીર અને ઘંટાકર્ણ મહાવીર યંત્ર વિશેષ લોકપ્રિય છે. ઐહિક ઇચ્છાઓની પૂર્તિ માટે આ યંત્ર અને તેના મૂળ સ્થાનકની પૂજા-વિધિ માટે ઘણી મોટી સંખ્યામાં ભક્તોની ભીડ જામે છે. જૈન કુળમાં જન્મ્યા પછી માણિભદ્ર અને ઘંટાકર્ણની ઉપાસના ન કરી હોય તો તેનો જન્મ નિષ્ફળ થાય છે એવું પણ માનનારાની સંખ્યા મોટી છે અને તે વધતી જાય છે. ઐહિક ઇચ્છાઓની જીવનમાં પૂર્તિ થઈ પછી શું? સંસારવૃદ્ધિ જ થવાની. જન્મમરણની પરંપરા અને પાપનો બંધ વધવાનો છે. સત્ય તો એ છે કે યંત્રોની ઉપાસનાથી આપત્તિ દૂર થઈ તો જીવાત્માને સમતા મળે એટલે એમ વિચારે કે આર્તધ્યાન રૌદ્રધ્યાન દૂર થયું છે. તો આત્માના વિકાસ માટે શાસ્ત્રોક્ત માર્ગ ગુરુ પાસેથી જાણીને પ્રવૃત્ત થવું જોઈએ. ધન માટે અત્યાર સુધી ઘણો પુરુષાર્થ કર્યો, તો હવે જ્ઞાન માટે પુરુષાર્થ કરીને મનુષ્ય જન્મ સાર્થક કરવાનો નિશ્ચય કરવો જોઈએ. પશ્ચિમની સંસ્કૃતિના પાયામાં ખાઈ પીને મઝા કરવાનું વલણ ભૌતિકવાદીઓએ વિકસાવ્યું છે. તેનો ભારતમાં પ્રચાર થઈ રહ્યો છે ત્યારે ભારતીય સંસ્કૃતિના ધર્મજાતિ સદાચારના આધારરૂપ સંતોષ અને શાંતિ જેવા ગુણોનો વિકાસ રૂંધાઈ રહ્યો છે ને ઈર્ષ્યા અને અસંતોષ વધી રહ્યાં છે. પરિણામે જીવન સમસ્યારૂપ બન્યું છે તો પછી વિશ્વને અધ્યાત્મવિદ્યાનો શાશ્વત માર્ગ દર્શાવનાર આપણી ધર્મભૂમિના સંતાનોની આવી દશા કેમ થાય છે તે ગંભીર સમસ્યા છે. આજના ઝેરી વાતાવરણવાળા યુગમાં વિવેકબુદ્ધિથી નિર્ણય કરીને આપણી મંત્ર-યંત્ર સંસ્કૃતિના સાચા વારસદાર બનવાનો પ્રબળ પુરુષાર્થ રાષ્ટ્રની શાંતિ માટે પણ ઉપકારક નીવડશે. છેવટે તો યંત્ર જગતની વિચારધારા ને ઉપાસનાના પાયામાં શ્રધ્ધા છે. શ્રધ્ધાળુઓને માટે આ ઉપાસના જડી બુટ્ટી સમાન છે કે જે (વર્તમાન) જીવનમાં શાંતિપ્રદાયક બને છે.

❖❖❖

## સંઘનાં નવાં પ્રકાશનો

સંઘ તરફથી નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યા છે :

| | | કિંમત રૂા. |
|---|---|---|
| ૧. પાસપોર્ટની પાંખે | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| ૨. પાસપોર્ટની પાંખે -ઉત્તરાલેખન | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| ૩. ગુર્જર ફાગુસાહિત્ય | રમણલાલ ચી. શાહ | ૧૦૦-૦૦ |
| ૪. આર્ય વજ્રસ્વામી | તારાબહેન ર. શાહ | ૧૦-૦૦ |
| ૫. ઝૂરતો ઉલ્લાસ | શૈલ પાલનપુરી (શૈલેશ કોઠારી) | ૮૦-૦૦ |
| ૬. વીર પ્રભુનાં વચનો | રમણલાલ ચી. શાહ | ૫૦-૦૦ |

■ મંત્રીઓ

# સમકિત, સમ્યકત્વ કે સમ્યગદર્શન

☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

**(ગતાંકથી સંપૂર્ણ)**

ભૂષણો પછી સમ્યકત્વના પાંચ દૂષણો જેવાં કે શંકા-કાંક્ષા-વિચિકિત્સા-મિથ્યાદષ્ટિની પ્રશંસા અને તેમનો પરિચય છે. આ પાંચ સમ્યકત્વના અતિચારો છે. વંદિત્તા સૂત્રની છઠ્ઠી ગાથામાં કહ્યું છે કે 'સંકા કંખ વિગિચ્છા, પસંસ તહ સંથવો કુલિંગીસુ સમ્મત્તસ્સઈયારે પડિક્કમે રાઈઅં સવ્વં.'

પુણ્યના ઉદયથી ઉત્તમસામગ્રી પામેલો આત્મા દર્શન-જ્ઞાનના આવરણના ક્ષયોપશમથી વિવેક પામી, તેના પ્રતાપે જિનધર્મ પામ્યો. જિનધર્મ પામીને દર્શનમોહનીયના કર્મના ઉદયથી શંકાદિથી કલુષિત મનવાળો આત્મા ગુરુવચનને ન સદહે. 'તમેવ સચ્ચં નિઃસંક્કં જં જિણેહિં પવેઈઅં.' આ કથનમાં જરા પણ શંકા ના રાખવી. જે રાખે તેને શંકા દૂષણવાળો ગણાય. ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે હૃદયંગમ શબ્દોમાં જણાવ્યું છે તે 'દરેક બાબતમાં યુક્તિ ન હોય, આગમ ઉપર શ્રદ્ધા કેળવો'

'સમકિત દૂષણ પરિહરો, તેમાં પહેલી શંકા રે,

તે જિન વચનમાં મત કરો, જેને સમ નૃપ રંકા રે' ૧

આમ પરમાત્મા જેઓ કેવળી છે તેમના વચનમાં શંકા માટે કારણ નથી કેમકે પુરુષવિશ્વાસે વચનવિશ્વાસઃ'

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ યોગશાસ્ત્રમાં (૨-૧૭) લખ્યું છે કે 'શંકા' આદિ એટલે ૧. શંકા, ૨. કાંક્ષા, ૩. વિચિકિત્સા, ૪. મિથ્યાદષ્ટિઓની પ્રશંસા અને ૫. મિથ્યાદષ્ટિઓનો પરિચય આ નિર્દોષ એવા સમયકત્વને અતિશયપણે દૂષિત કરે છે.

બીજા કાંક્ષા દોષ માટે શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી કાંક્ષા દોષનું સ્વરૂપ અને પરિણામ સમજાવતા લખે છે કે 'કાંક્ષા એટલે અન્ય અન્ય દર્શનોનો ગ્રહ. તે કાંક્ષા પણ બે પ્રકારની છે. એક સર્વવિષયા અને બીજી દેશવિષયા. સર્વવિષયા એટલે સઘળાય પાખંડીઓના ધર્મને ઈચ્છવારૂપ અને દેશવિષયા એટલે એક કે અનેક દર્શનને વિષય કરનારી જેમકે સુગતે સ્નાન, અન્ન, પાન, આચ્છાદન ને શયન આદિના સુખનો અનુભવ કરવા દ્વારા અકલેશકારી ધર્મ ભિક્ષુઓ માટે ઉપદેશ્યો છે...' યોગશાસ્ત્ર પ્રકાશ ૨, શ્લોક ૧૭ વૃત્તિ.

ત્રીજો દોષ વિચિકિત્સા--વિચિકિત્સા એટલે ચિત્તનો વિપ્લવ, વિચિકિત્સા એટલે નિંદા. તે સુંદર આચારોને ધરનારા મુનિવરોને વિષય કરનારી છે. તેઓ પ્રત્યે દુગુંચ્છા.

શ્રી સમ્યકત્વસપ્તતિકાના કર્તા પરમર્ષિ તેનું વર્ણન કરતાં જણાવે છે કે 'શ્રી જિનેશ્વરદેવના વચનથી આરાધનાના ફળ પ્રત્યે સંદેહ એનું નામ વિચિકિત્સા એટલે મુનિજનો વિષે જુગુપ્સા કરવી તે.' યોગશાસ્ત્ર પ્રકાશ ૨, શ્લોક ૧૭ વૃત્તિ.

મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ પણ વિચિકિત્સાનું સ્વરૂપ આલેખતાં જણાવ્યું છે કે :-

'સંશય ધર્મના ફળ તણો, 'વિતિગિચ્છા' નામે,
ત્રીજું દૂષણ પરિહરો, નિજ શુભ પરિણામે.'

કાંક્ષા માટે એ મહાપુરુષે કહ્યું છે કે 'સુરતરુને છોડીને બાવળિયાને વળગવાનું કામ ડાહ્યાનું નથી અને જિનમત એ સુરતુરુ જેવો છે ત્યારે અન્ય મતો બાવળિયા જેવા છે

ચોથો દોષ, મિથ્યામતિની પ્રશંસા છે. ગુણાનુરાગના નામે મિથ્યાદષ્ટિની પ્રશંસા એ એક દોષ છે. અનુમોદના જેવી બધી વસ્તુ વખાણવા લાયક હોતી નથી. દાન સારું પણ ચોરના દાનની પ્રશંસા ન થાય. શું વેશ્યાની સુંદરતાનાં વખાણ થાય ? વિષ્ટામાં પડેલા ચંપકના પુષ્પને સુંઘાય ? ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે :-

'મિથ્યામતિ ગુણ વર્ણનો, ટાળો ચોથો દોષ,
ઉન્માર્ગી, થુણતાં હુવે, ઉન્માર્ગનો થાય પોષ.'

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ચોથો દોષ વર્ણવતાં યોગશાસ્ત્રમાં લખે છે કે 'જે આત્માઓની દષ્ટિ મિથ્યા એટલે જિનેશ્વરદેવના આગમથી વિપરીત હોય છે, તેઓની પ્રશંસા કરવી એ સમ્યકત્વનું દૂષણ છે. તેના ઉદાહરણ સહિત બે પ્રકારો જેવાં કે સર્વવિષયક અને દેશવિષયક. (યોગશાસ્ત્ર પ્રકાશ ૨, શ્લોક ૧૭ વૃત્તિ). પ્રમોદ ભાવનાના મર્મને સમજી શક્યા નથી તેઓ શું એમ કહેશે કે જ્યાં હીરા જડેલ હોય તેવી બધી જ વસ્તુ માથે મૂકાય, મોજડીમાં હીરા જડેલા હોય તો તે પગે જ પહેરાય, માથે ન મૂકાય.

શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ : મને વીર પ્રત્યે પક્ષપાત નથી અને કપિલ વગેરે પ્રત્યે દ્વેષ નથી. જેનું વચન યુક્તિવાળું છે તેને જ ગ્રહણ કરવું જોઈએ. (લોકતત્ત્વ નિર્ણય ૧). પરંતુ તેઓ નમામિ વીરં કહે છે પણ નમામિ કપિલં કહેતા નથી. બીજું શાસ્ત્રોમાં અભવ્યનું વર્ણન છે પણ પ્રશંસા નથી.

આનંદઘનજીએ સત્યનું સમર્થન કરતી સ્પષ્ટભાષિતાને જતી નથી કરી, શ્રી ઋષભદેવસ્વામીના સ્તવનમાં :

કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશા

સામાની આ વાત લખી તરત જ પોતે લખ્યું કે-

'દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ'

ઈશ્વરની લીલાને માનનારા ઈશ્વરનું ઈશ્વરપણું ભૂલી જાય છે. કેમકે ઈશ્વરને વીતરાગ કહેવા અને લીલા કરનારા કહેવા તે ઈશ્વરનું ઉઘાડે છોગે લીલામ છે.

પાંચમો દોષ મિથ્યામતિનો પરિચય. દુનિયાદારીના સંબંધે મળવું પડે તે કરતાં બેસવા-ઉઠવાનો ગાઢ સંબંધ તે સાચો પરિચય ગણાય, કેમકે તેની અસર લાંબી અને ગાઢ હોઈ શકે. મિથ્યામતિના પરિચયે પૂર્વના ચારે દોષો આત્મામાં પરિણામ લાવી પ્રવેશી શકે છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી કહયું છે કે મિથ્યામતિના પરિચયથી દઢ સમ્યકત્વમાં પણ ભેદ થાય તો સામાન્ય સમ્યકત્વનું તો પૂછવું જ શું ? મિથ્યામતિ પાસે રહેવાથી એની ક્રિયા જોવાથી, વાતચીતના અતિ પ્રસંગે શંકા ઉત્પન્ન થઈ શકે. દઢ સમ્યકત્વી જો પલટો ખાઈ જાય તો સામાન્ય અગર નવા ધર્મીનું પૂછવું જ શું ? સમકિતીએ આ પાંચે દોષોથી દૂર રહેવું જોઈએ. સમર્થ આત્મા માટે કાયદો જુદો છે. તે તેઓને પહોંચી વળે તેમ છે. તમાકુના ખેતરને વાડની જરૂર નહીં, પાકના ખેતરને જરૂર રહે. ડાહ્યા પણ મૂર્ખના સંગે મૂર્ખ બને. નીતિકારો કહે છે કે 'ન મૂર્ખજને સંસર્ગ: સુરેન્દ્રભવનેષ્વપિ.' મૂર્ખો સ્વર્ગને પણ નરક બનાવે ! કિંમતી સમ્યકત્વની રક્ષા કરવી જોઈએ. પૈસો, માન, પાન, સાહ્યબી વગેરે જો આત્માને મૂંઝવે તો બોલકો મિથ્યાત્વી શું ન કરે ? ટૂંકમાં જો

આ પાંચે દોષો જાય તો સમ્યક્ત્વ દઢ બને. શંકા તથા કાંક્ષા કરનાર પોતે મરે, વિચિકિત્સા કરનાર પોતે કરેલું હારે, મિથ્યામતિની પ્રશંસા કરનાર પોતે ડૂબે, બીજા અનેકને ડુબાડે.

સમ્યક્ત્વના ૬૭ બોલો આ પ્રમાણે છે : ચાર સદહણા, ત્રણ લિંગ, દસ પ્રકારનો વિનય, ત્રણ શુદ્ધિ, પાંચ દૂષણો, આઠ પ્રભાવકો, પાંચ ભૂષણો, પાંચ લક્ષણો, છ યતનાઓ, છ આગારો, છ ભાવનાઓ, છ સ્થાનકો. સમ્યક્ત્વના સડસઠ પ્રકારો સમજી જે જીવનમાં ઉતારે છે, તેનાં રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા અને લોભ પાતળા પડે છે, તેનો ઘણો સંસાર કપાઈ જાય છે. તે આત્મા થોડા સમયમાં, થોડા ભવોમાં મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. સમ્યક્ત્વના ઉપર નિર્દેશેલા બાર વિભાગોમાં સડસઠ ભેદો બતાવ્યા છે. તેમાંથી કોઈપણ એક વિભાગમાં કહેલા પ્રકારો બરાબર સમજી જીવનમાં ઉતારનારને સમ્યક્ત્વ હોય છે, ન હોય તો તે પ્રાપ્ત થાય છે, અને હોય તો તે ટકી રહે છે. શાસ્ત્રમાં જે નવ તત્ત્વોને જાણે અથવા શ્રદ્ધાપૂર્વક માને તેને સમ્યક્ત્વ હોય છે એમ કહેલું છે.

શાસ્ત્રકાર ભગવંતોએ સમ્યક્ત્વને અતુલ ગુણોનું નિધાન, સર્વ કલ્યાણનું બીજ, જન્મમરણાદિમય સંસારસાગરને તરી જવા માટેનું વહાણ, પાપરૂપી વૃક્ષને માટેનો કુહાડો અને ભવ્ય જીવોનું લક્ષણ કહ્યું છે.

સમ્યગ્દર્શનના આઠ અતિચારો આ પ્રમાણે છે :

નિઃશંકપણું, નિષ્કાંક્ષિતપણું, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિપણું, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના.

પ્રશંસા કોની થાય તે માટે મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા જણાવે છે કે:-

'મિથ્યામતિ ગુણવર્ણનો, ટાળો ચોથો દોષ;

ઉન્માર્ગી થુણતાં હુવે, ઉન્માર્ગનો પોષ.'

સ્થિરીકરણ--ધર્મ પામેલા આત્માને વધુ સ્થિર કરવો તે માટે શાસ્ત્રવિહિત ઉપાયો યોજવા. શ્રેણિક રાજા જ્યારે શાલિભદ્રની દીક્ષા જાણે છે, આગળ પાછળનો ઉહાપોહ કર્યા પછી એને કહે છે 'ધન્યોઽસિ કૃતપુણ્યોઽસિ' તેવી રીતે ધન્ના કાકંદી મા પાસે સંયમ લેવા ગયા, અનુમતિ યાચવા ગયા ત્યારે મા કહે છે 'અનુમતિ વત્સ ! કો ન દેશે, પાડોશી સંયમ લેશે.' મા કહે છે તે માટે પાડોશી પણ અનુમતિ ન આપે કારણ અમે મોહમાં પડેલાં છીએ. શ્રેણિક રાજાને વિરતિના પરિણામ સ્પર્શી શકતા ન હતા પરંતુ જ્યાં જ્યાં વિરતિ જોતાં તે વખતના ઉદ્‌ગાર આવાં હતા કે તે વસ્તુ માટે મારું પુણ્ય નથી. પુણ્યશાલીઓ આ માટે ડગ ભરી શકે !

વાત્સલ્ય : શક્તિ મુજબ સાધર્મિકનું વાત્સલ્ય કરવું. આ વાત્સલ્યમાં કરુણા નથી પણ ભક્તિ છે. તેઓ પ્રત્યે ભક્તિભર્યો ભાવ હોય.

પ્રભાવના-શ્રી જિનેશ્વરદેવના શાસનની પ્રભાવના થાય તેવી ક્રિયા, પ્રવૃત્તિઓ કરવી. શાસનમાં આઠ પ્રભાકરના પ્રભાવકો કહ્યા છે જેમકે પ્રાવચનિક, ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાવાન, સિદ્ધ અને કવિ.

ધર્મકથી માટે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજા ફરમાવે છે કે-

'ધર્મકથી તે બીજો જાણીએ, નંદીષેણ પરે જેહ,

નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદય સંદેહ.'

વાદી માટે તેઓ જણાવે છે કે :-

વાદી ત્રિજો રે તર્કનિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ,

રાજદ્વારે રે જયકમલા વરે ગાજંતો જિમ મેહ

ધન ધન શાસન મંડન મુનિવરા

તપસ્વી માટે તેઓ જણાવે છે કે :-

તપ ગુણ ઓપે રે રોપે ધર્મને, ગોપે નવિ જિન આણ;

આશ્રવ લોપે રે નવિ કોપે કદા પંચમ તપસી તે જાણ.

વિદ્યાવાન માટે લખે છે :-

છઠ્ઠો વિદ્યા રે, મંત્રતણો બલી જિમ શ્રી વયર મુણીંદ

સિદ્ધ માટે લખ્યું છે :-

'સિદ્ધ સાતમો રે, અંજન યોગથી જિન કાલિક મુનિચંદ'

કવિ વિષે લખ્યું છે:-

કાવ્ય સુધારસ મધુર અર્થભર્યા ધર્મહેતુ કરે જેહ,

સિદ્ધસેન પરે રાજા રીઝવે અઠ્ઠમ વર કવિ તેહ.

કેટલાંક પ્રભાવકો માટે આ પ્રમાણે લખી પ્રભાવકો કોઈ ન હોય ત્યારે-

જબ નવિ હોવે પ્રભાવક એહવા, તવ વિધિપૂર્વ અનેક

યાત્રા પૂજાદિક કરણી કરે તેહ પ્રભાવક છેક.

ધન ધન શાસન મંડન મુનિવરા.

એટલે કે યાત્રી, પૂજાદિ ધર્મકરણી વિધિપૂર્વક કરનારા શાસન પ્રભાવકો છે.

કેવી રીતે દેરાસરમાં દર્શન, વંદન, ચૈત્યવંદનાદિ કરવા જોઈએ? મોક્ષ માટેની માંગણી કેવી રીતે થાય છે ?

'આપો આપોને મહારાજ ! અમને મોક્ષસુખ આપો' આ લીટી આરોહ-અવરોહ સાથે અનેકવાર બોલાય પણ તે ગતાનુગતિક રીતે, રાગડા તાણી, ગ્રામોફોનની રેકોર્ડની જેમ, પરંતુ તેમાં ગદ્‌ગદ્‌ભાવ, સમર્પણ, નિરાંશયવૃત્તિનો અભાવ હોય છે.

આ અંગે નવસ્મરણ તરફ જરા દૃષ્ટિ ફેરવીએ. તેના આઠમા કલ્યાણ મંદિર સ્મરણની ૩૪મી ગાથા આ પ્રમાણે છે :-

ભક્ત્યોલ્લસત્પુલકપક્ષ્મલદેહદેશાઃ પાદદ્વયં તવ વિભો...

ભક્ત્યો નતે મયિ (૩૯); સાન્દ્રોલ્લસત્પુલકકંચુકિતાંગભાગાઃ

ત્વદ્બિમ્બનિર્મલમુખામ્બુજબદ્ધલક્ષા યે સંસ્તવં તવ વિભો !

રચયન્તિ ભવ્યાઃ (૪૩). ઘણું ઘણું અહીં સૂચવાયું છે.

જૈન શાસનમાં સમ્યક્ત્વની ઘણી મોટી કિંમત આંકવામાં આવી છે. તે મહત્ત્વનું તેમ જ દુર્લભ છે. દર્શન મોહનીયનો ક્ષયોપશમાદિ સમ્યગ્દર્શન ગુણ પ્રગટાવે અને ચારિત્રમોહનીયનો ક્ષયોપશમાદિ વિરતિ પ્રગટાવે, દર્શનમોહનીયનો ક્ષયોપશમ થયો હોય અને ચારિત્રમોહનીયનો ભારે ઉદય હોય એવું બને. સમ્યગ્દૃષ્ટિઓમાં સર્વવિરતિધર હોય, દેશવિરતિધર અને અવિરતિધર પણ હોય. વિષયોનું સેવન, પરિગ્રહી, ષટકાયની હિંસા કરનારો, અસત્ય, અદત્તાદાન, મૈથુનાદિ દોષો સેવનાર માટે શાસ્ત્ર કહે છે કે તેઓ માટે નરક અને તિર્યંચ ગતિના દ્વાર બંધ છે એટલું જ નહીં પરંતુ દેવતાઈ સુખો, માનવીય સુખ, મુક્તિ સુખ સ્વાધીન છે ! એનો કેવી રીતે મેળ બેસે ? અહીં મનોભાવ કે ભાવનાનો વિચાર કરવો પડશે. દુઃખી હૃદયે, કચવાતા હૈયે, રડતી આંખે જો સમ્યક્ત્વ પામેલો પણ પાપોદયના ઉદયે લાચાર હોય તો પશ્ચાતાપના બળે સુગતિ તરફ ડગ માંડી શકે છે. રાવણ અને શ્રેણિક રાજા બંને નરકગામી હોઈ આયુષ્ય બંધ પૂરો થતાં છેક તીર્થંકર બનવા સુધીનો મોટો કૂદકો મારી શક્યા છે ને !

ચોથે પાંચમે ગુણઠાણે સમ્યગ્દષ્ટિ હોય ને ? તે ઉપર વર્ણવેલાં વિષયાદિનું સેવન કરતો હોય ને ? સંસારમાં રહેલો છે માટે આ પ્રવૃત્તિઓ કરે છે, કરવી પડે છે. તેની માન્યતા એવી છે કે આ બધું કરવું એકાંતે નિતાંત ખરાબ જ છે અને આવો જીવ નરક કે તિર્યંચ ગતિનું આયુષ્ય ન બાંધે, દેવલોકનું અને વૈમાનિકનું જ બાંધે ! ઉપર જણાવેલાં પાપો ભરપૂર કરતો હોવા છતાં પણ ચોથે, પાંચમે ગુણઠાણે અને સમકિત હોવાને લીધે આ ઇનામ મળે છે. મહાપાપોદય હોવાથી આ પાપો દુભાતા હૃદયે, દુઃખી દિલે કર્યે જાય છે. પાપોના અણગમાથી પેદા થતું ઉત્પન્ન (મંદમિથ્યાત્વને) કર્યા વિના સમ્યક્ત્વ આવતું જ નથી.

દર્શનમોહનીયનો ક્ષયોપશમ તાત્ત્વિક રીતે આત્માને દેખતો કરી દે છે. હેય હેય જ લાગે, ઉપાદેય ઉપાદેય જ લાગે, જે કાર્ય દર્શનમોહનીયના ક્ષયોપશમથી નિષ્પન્ન થાય. તેના પ્રતાપે શુદ્ધ મોક્ષમાર્ગની રુચિ પ્રગટે, માર્ગને આચરવા રૂપ જે સમ્યક્ચારિત્ર છે તેના ક્ષયોપશમ વિના પમાય નહીં. ચારિત્ર પામવાની ભાવના દર્શનમોહનીયના યોગે આવે જેનો અમલ ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી થઇ શકે. વિરતિની ભાવના નથી તો મોક્ષમાર્ગની રુચિ નથી, અને સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દષ્ટિ દેવતાઓ કેવા અવિરતિના ઉદયવાળા હોય છે ?

કાદવમાં રહેલું કમળ પાણીમાં રહે, પાણીમાં વધે; કાદવ અને પાણીના સંગમાં છતાં નિર્લેપ તેમ સમ્યગ્દષ્ટિ આત્મા ભોગ ભોગવતાં છતાં ભોગમાં નિર્લેપ રહે માત્ર મોક્ષની આકાંક્ષા સેવ્યા કરે. સમ્યગ્દષ્ટિને સંસારમાં રહી સંસાર સેવવો પડતો હોય છતાં ક્યારે તેમાંથી છૂટાય અને મોક્ષની તલપ રહેતી હોય. આવાં ઉત્તમ જીવોને કુશલાનુબંધી કહ્યા છે. તેઓ જે કર્મબાંધે તે પુણ્યાનુબંધી પુણ્ય બાંધે.

મિથ્યાત્વમોહનીય અને દર્શનમોહનીયનો ક્ષયોપશમ વિરતિ માટે આવશ્યક હોવા છતાં પણ તેઓને મોક્ષ સાધ્ય સિદ્ધ કરવા માટે સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યગ્દર્શનની અપેક્ષા રહે જ છે. તેઓની માન્યતા જિનેશ્વરદેવોએ કહેલો સંસાર દુઃખમય, દુઃખફલક અને દુઃખપરંપરક છે તે અત્યંત દઢીભૂત થયેલી હોય છે. સાચું સુખ મોક્ષ સિવાય ક્યાંય નથી. સંસાર કાપવા ધર્મક્રિયા કરું છું એવું લાગ્યું નથી તેથી સંસારની વાસના ઘટી નથી. જિનેશ્વરોએ ઉપદેશી ક્રિયા પુદ્ગલાનુનંદી કે ભવાભિનંદી થયા વગર ઉપયોગપૂર્વક યથાવિધિ બહુમાનપૂર્વક કરાતી હોત તો સુંદર પરિણામ જેવું કે સમ્યક્ત્વ દૂર રહ્યું ન હોત. કેમકે સંબોધિ આવતાંની સાથે વિષય ને કષાયની તાકાત નબળી પડી જાય છે. સમ્યગ્દષ્ટિ તે છે કે જે ધર્મ, અર્થ, કામમાં અર્થ-કામને હેય માને અને એક ધર્મને જ ઉપાદેય માને. અર્થ અને કામમાં ઉપાદેય બુદ્ધિ આવી ને સમ્યક્ત્વ ઊડ્યું જ જાણવું. છોડાવા જેવું લાગ્યું ? ધર્મ ઉપાદેય લાગ્યો ? હૃદય કઇ તરફ ઢળે છે ? ધસે છે ?

કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી જણાવે છે કે :-

'તુલ્યે ચતુર્ણાં પૌમર્થ્યે પાપયોરર્થકામયોઃ ।

આત્મા પ્રવર્તતે હન્ત ન પુનર્ધર્મમોક્ષયોઃ ॥ ૧ ॥'

પણ ખેદની વાત છે કે જીવ પાપરૂપ અર્થકામમાં પ્રવર્તે છે, ધર્મ અને મોક્ષમાં પ્રવર્તતો નથી. અર્થ અને કામ હેય લાગે અને ધર્મ અને મોક્ષ ઉપાદેય લાગે ત્યારે સાચી ભાવના આવે.

આ વિષયમાં આપણે જેમ જેમ વિચારીએ તેમ તેમ આપણને દર્શનમોહનીયના ક્ષયોપશમની, ઉપશમની કે ક્ષયની મહત્તા સમજાય. એ ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષાયિક ભાવ સમ્યગ્દષ્ટિ જીવ દ્વારા થતી પાપકરણીઓમાંથી પાપના રસને, ઝેરને નીચોવી નાંખે છે. એ ક્ષયોપશમાદિ ભાવ સમ્યગ્દષ્ટિ જીવને પુણ્યબંધમાં સહાયક બને છે અને તે ભાવ દ્વારા જ સમ્યગ્દષ્ટિ જીવ નિર્જરા સાધનારો બને છે; તે પાપ કરે તે ન છૂટકે, નહીં કે કરવા માટે. આવો મનોભાવ ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ સાધનારો બને કે નહિ ? સમ્યગ્દર્શન ગુણ પ્રાપ્ત થતાં જ નરક અને તિર્યંચના દ્વારો આપોઆપ બંધ થઇ જાય ! ધર્મ, અર્થ અને કામમાં ધર્મ પુરુષાર્થપ્રધાન લાગે તો ધર્મ પામવાની લાયકાત છે. ધર્મ માટે શક્તિ તેટલી ભાવના નહિ, ભાવના તેટલો પ્રયત્ન નહિ અને પ્રયત્ન તેટલો રસ નહિ. ધર્મ નથી થતો તે શક્તિ નથી માટે કે રૂચિ નથી માટે. સંસાર કહેવામાં બૂરો, માનવામાં સારો એ દશા ન હોવી જોઇએ. આ સમ્યગ્દર્શન માટેના ઉપાયો છે.

સમ્યગ્દર્શન ગુણ એ આત્માનો મોક્ષ સાધવા માટે મૂળભૂત ગુણ છે. મુક્તિના માર્ગને દર્શાવતાં પૂજ્યપાદ પૂર્વધર આચાર્ય ભગવાન શ્રીમદ્ ઉમાસ્વાતિ મહારાજાએ તત્ત્વાર્થસૂત્રની રચનામાં પ્રથમ સૂત્ર મૂક્યું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ આ ત્રણે મોક્ષમાર્ગ છે. તેમાં સમ્યગ્દર્શન પ્રથમ મૂકવાનું પ્રયોજન એ છે કે તેના અભાવમાં જો જ્ઞાન હોય તે સમ્યક્ હોતું નથી, તેના અભાવમાં જો ચારિત્ર હોય તો તે સમ્યક્ હોતું નથી, વળી તેના અભાવમાં તપ પણ સમ્યક્ કોટિનું હોતું નથી. તેના અભાવમાં જ્ઞાન એ અજ્ઞાન અથવા મિથ્યાજ્ઞાન છે, જે ચારિત્ર છે તે કાયકષ્ટ અથવા સંસારમાં રઝળાવનારું છે. બીજી રીતે પણ આ ચીજ કહેવાઇ છે જેમકે જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ

સમ્યગ્દષ્ટિ જીવમાં રહેલા બે ભાવોના કારણે તેને પાપબંધ અલ્પ થાય છે. મેરૂ જેવડા સુકૃતને રસના અભાવથી અને તેની નિંદાદિથી જેમ અણું જેટલું બનાવી શકાય છે; તેમ મેરૂ જેટલા દુષ્કૃત્યને તેના રસના અભાવથી કે તેનાથી વિપરીત કોટિના સદ્ભાવથી, તેના પ્રત્યેના સ્પષ્ટ કે અસ્પષ્ટ અણગમાથી અને નિંદાદિથી અણુ જેવડું બનાવી શકાય છે. આગળ ઉપર વંદિત્તા સૂત્રની આ વાત તેની ૩૬મી ગાથા દ્વારા કહેવાઇ છે તે આપણા ધ્યાન બહાર નહીં જ હોય ને!

ટૂંકમાં સમ્યગ્દર્શન મહત્ત્વનું તેમજ દુર્લભ છે. રત્નો કે કલ્પવૃક્ષ કરતાં અધિક કિંમતી છે. તે પ્રાપ્ત કરવા શુભ અધ્યવસાયો, અનુષ્ઠાનોમાં ઉલ્લાસ, ઉપયોગ તલ્લીનતા હોવી જોઇએ. સંસારના રાગ-દ્વેષ કે ભવાભિનંદિતા કે પુદગલાનંદિતા દૂર કરેલી હોવી જોઇએ. બીજી તરફ મોક્ષાભિલાષ તથા તે માટે રૂચિ તથા સુયોગ્ય પુરુષાર્થ કરી સમ્યક્ત્વ પામવાના ધ્યેયથી તે જ્યારે પણ મળે ત્યારે નષ્ટ ન થાય, ચાલી ન જાય, વધુ ને વધુ નિર્મળ તથા દઢીભૂત થતું રહે તો સંસાર સાગરને ખાબોચિયા જેટલો નાનો કરી મોક્ષગામી શું ન થઇ શકાય ? જરૂર થવા ય જ એવી શુભેચ્છાથી તે જલ્દી મળે તથા દોડતું આવે એવી મનોકામના.

❖ ❖ ❖

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ. પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ક્બરી પ્રિન્ટિંગ વર્કસ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા, મુંબઈ-૪૦૦ ૦૨૭.

Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૧ ● અંક : ૬ ● તા. ૧૬-૬-૨૦૦૦ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2000

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## જલ જીવન જગમાંહિ

કવિ પદ્મનાભે 'કાન્હડદેપ્રબંધ'માં લખ્યું છે :

જલ વિણ કો જીવઇ નહિ,

જલ જીવન જગમાંહિ.

પાણી વિના કોઇ જીવી શકતું નથી. એટલે પાણી એ જ જીવન છે. સંસ્કૃત ભાષામાં 'જીવન' શબ્દનો એક અર્થ થાય છે : 'પાણી'. એટલે 'જીવન' શબ્દ 'જલ'ના પર્યાયરૂપ છે. જ્યાં જીવન છે ત્યાં જલ છે. જ્યાં જલ છે ત્યાં જીવન છે. જલમાં જીવસૃષ્ટિના અસ્તિત્વને ટકાવવાનું લક્ષણ છે.

ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાનમાં થોડે થોડે વર્ષે અલ્પવૃષ્ટિને કારણે દુકાળ જેવી સ્થિતિ સર્જાય છે. આ વિક્રમ સંવતના આ ૨૦૫૬ના વર્ષમાં જો સરકારે અને સામાજિક સંસ્થાઓએ વેળાસર પાણી, અનાજ અને ઘાસચારાનો પ્રબંધ ન કર્યો હોત તો ભયંકર દુકાળના માઠાં પરિણામો જોવાનો વખત આવ્યો હોત. જૂના વખતમાં પણ છપ્પનની સાલમાં દુકાળ પડ્યો હતો. એટલે 'છપ્પનિયો' શબ્દ જ દુકાળ માટે પ્રચલિત રહ્યો છે. ટ્રેનો, ટ્રકો, ટેંકરો વગેરે દ્વારા ખોરાકપાણીની હેરફેર ઝડપથી થઇ શકતી હોવાથી દુકાળની પરિસ્થિતિને હળવી બનાવી શકાય છે. જૂના વખતમાં આવાં સાધનો નહોતાં એટલે દુકાળમાં હજારો માણસો અને ઢોરો અનાજ-પાણી વિના ટળવળીને મૃત્યુ પામતાં હતાં. ભારતની સ્વતંત્રતા પૂર્વે, બ્રિટિશ શાસનકાળ દરમિયાન બિહાર-બંગાળના દુકાળમાં લાખો માણસો મૃત્યુ પામ્યા હતા, જેના આંકડા બ્રિટિશ સરકારે બહુ જાહેર થવા દીધા નહોતા. વર્તમાન સમયમાં દુનિયાભરનાં પ્રચાર માધ્યમો દ્વારા, પત્રકારોની જાતતપાસ દ્વારા વાસ્તવિક પરિસ્થિતિની જાહેરાત, દશ્યો સાથે, આખી દુનિયામાં થઇ જાય છે. એટલે સરકારો હવે કશું છુપાવી શકતી નથી.

આફ્રિકા અને એશિયા જેવા ગરમ પ્રદેશોમાં જેવી દુકાળની પરિસ્થિતિ ઉદ્‌ભવે છે તેવી યુરોપ-અમેરિકામાં નથી થતી, કારણ કે ત્યાં પાંખી વસતિ અને બારેમાસ છૂટોછવાયો વરસાદ હોય છે. નદી બારેમાસ જલસભર રહે છે. ધરતી ત્યાં બહુ સૂકાતી નથી. એશિયા કરતાં આફ્રિકા ખંડના દેશોમાં ધરતી વધુ તપ્ત રહે છે. એથી અનાજનું ઉત્પાદન પ્રમાણમાં ત્યાં ઓછું થાય છે. ઇથિયોપિયા, સુદાન વગેરે દેશોમાં વારંવાર દુકાળ પડે છે. એશિયાના દેશોમાં, વિશેષતઃ ભારતમાં એકંદરે ધરતી ફળદ્રુપ છે. ઋતુ નિયમિત હોવાથી વરસાદ પણ નિશ્ચિત મહિનાઓમાં ઓછોવત્તો પડે જ છે. ગીચ વસતિ અને ખેતીપ્રધાન દેશ હોવાથી, ભારતમાં દર વર્ષે ચોમાસાના વરસાદ ઉપર લોકજીવનનો અને અર્થતંત્રનો ઘણો બધો આધાર રહે છે. એમાં ઉપરાઉપરી દુષ્કાળનાં વર્ષો આવે ત્યારે તો પ્રજાની નૈતિક હિંમત તૂટી જાય છે. ભગવાન મહાવીરના નિર્વાણ પછી બિહાર (મગધ)માં ઉપરાઉપરી બાર વર્ષ સુધી દુકાળ પડતાં અનેક માણસો અને પશુપંખીઓ મૃત્યુ પામ્યાં હતાં અને કેટલાયે લોકો અને સાધુ-સાધ્વીઓ સ્થળાંતર કરી ગયાં હતાં.

જ્યારે પણ દુકાળ પડે છે ત્યારે ગરીબોને એ જેટલો નડે છે તેટલો શ્રીમંતોને નડતો નથી. દુકાળની શરૂઆત થાય એટલે અનાજ, પાણી, ઘાસચારો ઇત્યાદિની અછત શરૂ થાય. સંગ્રહખોરી થવા લાગે. ભાવો વધે. પોતપોતાની ખરીદશક્તિ હોય ત્યાં સુધી માણસ તે મેળવવાનો પ્રયાસ કરે. અનુક્રમે મૃત્યુના ઓળા ગરીબો પર ઊતરવા લાગે. શ્રીમંતો લક્ષ્મીના બળે છેવટ સુધી ઝઝૂમી શકે. લોકશાહી, સામાજિક જાગૃતિ, સરકારની સાવચેતી, લોકકલ્યાણનાં કાર્યો કરતી સેવાભાવી સંસ્થાઓની રાહતકાર્યો માટેની નિષ્ઠા અને તત્પરતા, પ્રચાર માધ્યમોની સહાય, સખાવતી ધનિકોની ઉદારતા, રાહતનિધિ માટે ભંડોળ એકત્ર કરવા માટે લોકોની પ્રવૃત્તિઓ, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સરકારો અને સંસ્થા તરફથી મળતી મદદ-આમ મૃત્યુના સંકટમાંથી માણસો અને પશુઓને બચાવી લેવાનું કાર્ય ત્વરિત ગતિએ ટ્રકો, ટ્રેનો, જહાજો, વિમાનો ઇત્યાદિ દ્વારા પૂરજોશમાં થતું હોવાને લીધે દુકાળની ભયંકરતા હવે છપ્પનિયા જેટલી રહી નથી. 'છપ્પનિયો' આજે હોત તો તે એટલો ભયંકર ન હોત.

પ્રજાનો એક વર્ગ જ્યારે આપત્તિગ્રસ્ત હોય ત્યારે બીજો વર્ગ ત્યાં જ જલસા કરતો હોય એવો વિસંવાદ લોકજીવનમાં વખતોવખત જોવા મળે છે. આવા આપત્તિના કાળમાં એ જ વિસ્તારોમાં લગ્નો, મેળાવડાઓ, મિજબાનીઓ, ધાર્મિક મહોત્સવો, ધાર્મિક અનુષ્ઠાનો ઇત્યાદિમાં અઢળક નાણાં ખર્ચવાં એમાં સામાજિક દ્રોહ રહેલો છે. પોતાનાં ફાળવેલાં નાણાંમાંથી યથાશક્તિ પ્રવાહ જીવદયા, અનુકંપા તરફ વાળવાથી કંઇક કર્તવ્ય કર્યાનો સંતોષ મળે છે, સામાજિક ચાહના મળે છે, લોકો વચ્ચેનો સમભાવ વધે છે ને વિસંવાદ દૂર થાય છે. આવે વખતે રાજકીય નેતાઓએ, સમાજના આગેવાનોએ ધર્માચાર્યોએ લોકોને સાચું નેતૃત્વ અને માર્ગદર્શન પૂરું પાડવું જોઇએ અને સાચો દાખલો બેસાડવો જોઇએ.

દુનિયામાં જ્યારથી પાણીની સુલભતા વધી છે ત્યારથી પાણીનો દુર્વ્યય પણ વધ્યો છે. એક અંદાજ પ્રમાણે દુનિયામાં રોજ સરેરાશ દસથી પંદર ટકા પાણી ખોટી રીતે વેડફાઇ જાય છે. હાથ ધોવા માટે કે બ્રશ કરવા માટે, મોંઢું ધોવા માટે જેટલું પાણી જોઇએ તેના કરતાં, નળ આવ્યા પછી પાણીનો વપરાશ વધ્યો છે. નળ ઘડીએ ઘડીએ ઉઘાડબંધ કરવાની તકલીફ કોણ લે ? વહીવહીને કેટલું પાણી વહી જશે ? પાણીના ક્યાં બહુ પૈસા પડે છે ? પાણી વાપરવામાં પણ કંજૂસ થવું છે ?—આવા આવા વિચારો પાણી વાપરનારના મનમાં

ચાલતાં હોય છે. જ્યાં નિશ્ચિત કલાકો માટે નળમાં પાણી આવે છે ત્યાં ભૂલમાં નળ ખુલ્લો રહી જવાને લીધે કેટલું બધું પાણી વેડફાઇ જાય છે ? નળ ખુલ્લો રાખીને જ કપડાં-વાસણ 'બરાબર' ધોવાની નોકરને કડક સૂચના આપનાર શેઠાણીઓનો ક્યાં તોટો છે ? નળ બગડી ગયો હોય અને પાણી સતત ગળતું હોય, પાઇપ તૂટી ગઇ હોય, પાઇપલાઇન ફાટી ગઇ હોય, ટાંકીઓ ભૂલમાં ઉભરાતી હોય-રીઢા માણસોને આ બધી વસ્તુઓ જરા પણ ખટકતી નથી. એક લેખકે કહ્યું છે : Water is fast becoming our most valuable, most prized, most critical resource. A blessing where properly used-but is can bring devastation and ruin when left uncontrolled.

મહાત્મા ગાંધીજી સાબરમતી નદીમાંથી જેટલી લોટી પાણી પોતાને જોઇએ તેટલું જ વાપરતા. એમણે કહેલું કે સાબરમતી નદી ફક્ત મારા એકલાને માટે વહેતી નથી. જૈન સાધુ-સાધ્વીઓ પાણીનો ખપ પૂરતો જ ઉપયોગ કરે છે. પાણીનો જરા પણ બગાડ એમને હાથે થતો નથી. પાણીના ઉપયોગમાં તેઓ આદર્શરૂપ છે. પ્રાકૃતિક સંપત્તિને સાચવવામાં તેમનો ફાળો મોટામાં મોટો છે.

ભારતમાં નાગરિક જાગૃતિ પૂરતા પ્રમાણમાં ન હોવાથી તળાવો, સરોવરો, નદીઓ, સમુદ્રકિનારો ઇત્યાદિ કચરો ઠાલવવાનું જાણે અધિકૃત સ્થાન હોય એમ ચાલે છે. ત્યાં કોઇ રોકટોક કરનારું હોતું નથી. ગામનો પ્લાસ્ટિકની કોથળીઓ સહિત ચાલુ કચરો જ નહિ, મકાનોના કાટમાળ પણ ત્યાં ઠલવાય છે. તળાવ, જળાશય એટલે નધણિયાતું ક્ષેત્ર. ચારે બાજુથી દબાણ આવતાં તળાવો ક્ષીણકાય બને એમાં નવાઇ શી ? ભારતમાં અને દુનિયાના કેટલાયે દેશોમાં કારખાનાંઓનો દૂષિત, ક્યારેક ઝેરી પ્રવાહી કચરો સરોવરોમાં, નદીઓમાં કે સમુદ્રમાં ઠલવાય છે. એથી અચાનક લાખો માછલીઓ મૃત્યુ પામવાની ઘટનાઓ વારંવાર બને છે. જીવહિંસાની દષ્ટિએ, પર્યાવરણની દૃષ્ટિએ, નાગરિક આરોગ્યની દૃષ્ટિએ આવી ઘટનાઓ માત્ર માછલીઓ માટે જ નહિ, મનુષ્યો માટે પણ ખતરારૂપ છે.

કેટલાક દેશો બીજા દેશોનું આંધળું અનુકરણ કરે છે. પાણીની બાબતમાં પણ એવું બને છે. કેટલાક દેશોની ભૌગોલિક રચના એવી છે અને ત્યાંની આબોહવા એવી હોય છે કે ત્યાં દુકાળ જેવી સ્થિતિ ક્યારેય ઉદ્ભવતી નથી. એથી એ દેશોને પીવા માટે, ખેતી, ઉદ્યોગ, વિદ્યુત ઇત્યાદિ માટે પૂરતા પ્રમાણમાં પાણી હંમેશાં મળી જ રહે છે. ભવિષ્ય માટે અનામત જલસંચય કરી રાખવાની આવશ્યકતા ત્યાં રહેતી નથી. જે દેશોમાં ગરમી સખત પડે, વસતી ઘણી હોય, ખેતીનું પ્રાધાન્ય હોય છે ત્યાં બીજું ચોમાસું આવે ત્યાં સુધી પાણીનો સંગ્રહ કરી રાખવાની આવશ્યકતા રહે છે. ભૂગર્ભમાં પાણીની સપાટી વધુ નીચી ચાલી ન જાય એ માટે તકેદારી રાખવી જોઇએ. આપણી જૂની જીવનશૈલી પ્રમાણે તો કૂવા અને તળાવ વગરનું કોઇ ગામ ન હોવું જોઇએ. પરંતુ વીસમી સદીના ઉત્તરાર્ધમાં કૂવાઓ કાલગ્રસ્ત બનતા ગયા ને તળાવો પૂરાવા કે સૂકાવા લાગ્યાં છે. એથી વરસાદનું પાણી જેટલું તળાવો અને સરોવરોમાં ભરી લેવું જોઇએ એટલું ભરાતું બંધ થયું. પરિણામે જમીનમાં પાણીની સપાટી નીચે ઊતરતી ગઇ છે. વસ્તુતઃ તળાવના પાણીનો કશો જ ઉપયોગ ન કરવો હોય તો પણ સુંદર વાતાવરણ માટે, મોકળાશ માટે, આબોહવા માટે, ગામની શોભા માટે, પ્રકૃતિના સૌન્દર્ય માટે પણ સ્વચ્છ તળાવો હોવાં જરૂરી છે. ગ્રામ-નગરોની વધતી જતી વસતિને લીધે જોઇતી જમીનની પ્રાપ્તિ માટે તળાવો પૂરાવા લાગ્યાં છે. ગુજરાતનાં અને અન્ય રાજ્યોનાં ગામડાંઓ પોતે પૂરી નાખેલાં, ગુમાવેલાં તળાવોને યાદ કરે તો સેંકડોની સંખ્યા થાય. (મુંબઇમાં પણ ધોબી તળાવ, ગોવાળિયા તળાવ, કાવસજી પટેલ તળાવ, ગિલ્ડર તળાવ, મુંબાદેવી તળાવ વગેરે તળાવો હવે માત્ર નામમાં જ રહ્યાં છે.) વસ્તુતઃ એક તળાવ પૂરવાની આવશ્યકતા ઊભી થાય તો બીજું એક તળાવ ખોદવાની પ્રથાનું આયોજન થવું જોઇએ. વળી બેદરકારી કે ઉપેક્ષાને લીધે કેટલાંયે તળાવો જે ન્હાનાં અને છીછરાં થઇ ગયાં છે, એવાં તળાવોની પુનર્રચના થવી જરૂરી છે. જે પ્રજા માત્ર ઉપયોગિતાવાદી બની જાય છે અને સૌન્દર્યદૃષ્ટિ ગુમાવી બેસે છે તેને પોતાની જડતાની કિંમત ભવિષ્યમાં ચૂકવવાનો વારો આવે જ છે.

પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશ એ પાંચ મહાભૂતોમાં જળનું મહત્ત્વ વિશિષ્ટ પ્રકારનું છે. આપણી ધરતીમાં આશરે એક ભાગ જમીન અને ત્રણ ભાગ પાણીના પ્રમાણને કારણે જીવસૃષ્ટિનાં અસ્તિત્વ અને નિર્વાહ શક્ય છે. આમ છતાં પાણીની સમસ્યાઓ જુદા જુદા પ્રદેશોમાં જુદા જુદા સ્વરૂપે વારંવાર ઊભી થાય છે. ક્યાંક પાણીની અછત, તો ક્યાંક પૂર, ક્યાંક અનાવૃષ્ટિ તો ક્યાંક અતિવૃષ્ટિ, ક્યાંક પીવાના પાણીની સમસ્યા, તો ક્યાંક દૂષિત પાણીથી થતા રોગચાળાના પ્રશ્નો ઊભા થતા રહે છે.

વર્તમાન સમયમાં જલસંચય માટેની જાગૃતિ આવકારદાયક છે, કારણ કે દુનિયાની વધતી જતી વસતિને પહોંચી વળવા વધુ અને વધુ જલસંગ્રહની આવશ્યકતા ઊભી થતી જાય છે. પાણીના પુરવઠા માટે વૈશ્વિક સ્તરે હવે વિચારણા થવા લાગી છે. ફક્ત એના આયોજન માટે બહુરાષ્ટ્રીય કંપનીઓ કાર્યરત બની છે. એકવીસમી સદીમાં મોટા જલસંચયો નહિ હોય તો કેટલાયે માણસોને પાણી માટે ટળવળવાનો વારો આવી શકે છે. નદીઓ ઉપર વારિવારણ-બંધ બાંધવાથી દુનિયાના ઘણા દેશો સમૃદ્ધ થયા છે. અલબત્ત, એનું આયોજન રાજકીય નહિ પણ પર્યાવરણ, લોકોનું સ્થળાંતર વગેરે પ્રશ્નોની વિચારણા સહિત વૈજ્ઞાનિક દૃષ્ટિથી થવું જોઇએ. એક ચિંતકે કહ્યું છે કે Either the world's water needs will be met, or the inevitable result will be mass starvation, mass epidemic and mass poverty, greater than anything we know to-day.

આધુનિક કાળમાં તો પાણીનું વૈકલ્પિક આયોજન પણ કરી રાખવું જોઇએ. પાણીની સમસ્યા યુદ્ધના વખતમાં અચાનક વિકટ બની જાય છે. સેનાને રણમોરચે પાણીનો પુરવઠો બરાબર મળવો જ જોઇએ. દુશ્મનોના બોમ્બમારાથી ઠેર ઠેર લાગેલી આગને ઓલવવા માટે પાણી જોઇએ જ. પરંતુ દુશ્મનની સેનાએ બોમ્બ કે રોકેટ દ્વારા, અજાણતાં કે ઇરાદાપૂર્વક પાણીની મોટી પાઇપોને તોડી નાંખી હોય તો મોટા શહેરોમાં પાણીના પુરવઠાની ભયંકર સમસ્યા અચાનક ઊભી થઇ શકે છે. એ દૃષ્ટિએ કૂવા, ટંકી વગેરેને પૂરતા પ્રમાણમાં સક્રિય રાખવાં જોઇએ એવો એક મત છે.

પીવાના પાણી કરતાં પણ ખેતીવાડી અને ઉદ્યોગોમાં પાણીનો વપરાશ વધી ગયો છે. કોશનાં પાણી બંધ થયાં અને નીક-નહેરનાં પાણી ચાલુ થયાં. એથી ખેતી સુધરી છે. પાક સારો થાય છે. પણ પાણીનો વપરાશ પણ ઘણો જ વધ્યો છે. એ વધતા જતા વપરાશને પહોંચી વળવા માટે જો વ્યવસ્થિત આયોજન ન થાય તો અછત દ્વારા અનેક સમસ્યાઓ ઊભી થઇ શકે છે.

દુનિયાભરમાં જે રીતે વસતિ વધતી રહી છે તે રીતે જોતાં ફક્ત પીવાના પાણીની જોગવાઇ પણ યોજનાબદ્ધ રીતે કરવાની આવશ્યકતા રહે છે. ગીચ વસતિ અને પાણીની ન્યૂનતાવાળા એશિયાઇ દેશોમાં દીર્ઘકાલીન આયોજન હવે અનિવાર્ય બનતું જાય છે. કેટલાક દેશો સમુદ્રના પાણીને ક્ષારમુક્ત શુદ્ધ કરીને એનો ઉપયોગ કરે છે. આ પદ્ધતિ ઘણી ખર્ચાળ છે, પણ તેમ કરવા સિવાય ત્યાં છૂટકો નથી.

વર્તમાન સમયમાં વૈજ્ઞાનિક સાધનો અને આધુનિક પદ્ધતિઓ વડે હવે તો રણપ્રદેશને લીલો, રળિયામણો બનાવવાના પ્રયાસો થઇ રહ્યા છે. આરબ દેશો, ઇજિપ્ત, ઇઝરાયેલ વગેરેમાં ચાર-પાંચ દાયકામાં કેટલો બધો રણવિસ્તાર શીતળ, રહેવા લાયક આકર્ષક બનાવાયો છે એ તો ત્યાં ફરીએ તો નજરે જોવા મળે છે. આ ધરતી પાસે હજુ શતાબ્દીઓ સુધી વસવાટ વધારી શકાય એટલી બધી કોરી કુંવારી રેતાળ જમીન છે.

જૂના વખતનાં ઘરોમાં પ્રવેશતાં જ પાણિયારું આવે છે. પાણિયારું ઘરની શોભા ગણાય. મોટા ઘરોમાં મોટાં પાણિયારાં રહેતાં. પાણીથી ભરેલાં માટલાં-બેડાં હારબંધ જોવા મળે. ઉનાળામાં દસપંદર દિવસ પાણી ન મળે તો પણ ઘરના સભ્યોને પીવાના પાણીની મુશ્કેલી ન પડે. પાણિયારું એટલે જીવનના અસ્તિત્વનો આધાર. દીવો પાણિયારે કરવામાં આવે. શ્રીમંત લોકો ઘરમાં ટાંકું કરાવે. ટાંકુ એટલે ભૂગર્ભ ટાંકી, નાના કૂવા જેવી પણ તે હોય. એમાં નેવાના નીર એકત્રિત કરી લેવામાં આવે. ટાંકુ ભરેલું હોય એટલે ઉનાળામાં નિશ્ચિંતતા. આજે કૂવાની જેમ ટાંકુ પણ કાલગ્રસ્ત બની ગયું છે. પરંતુ એનો બોધપાઠ ભૂલવા જેવો નથી કે ભવિષ્યના કપરા દિવસોનો વિચાર કરી આજથી એનું આયોજન કરી લો. જીવનશૈલી બદલાઇ છે, આધુનિક સાધનોને લીધે રહેણીકરણીમાં પરિવર્તન આવ્યું છે એ ઈષ્ટ પણ છે, પણ બોધપાઠનું વિસ્મરણ થાય છે એ ઈષ્ટ નથી.

કૂવા, સરોવર કે નળ દ્વારા મળતું પાણી ફિલ્ટર કર્યા વગર પીવું નહિ એવી સભાનતા દુનિયામાં વધતી જાય છે. સમગ્ર અમેરિકામાં, કેનેડામાં તથા અન્ય કેટલાક દેશોમાં કોઈ ઘરે પાણીનાં માટલાં હોતાં નથી. સીધું નળમાંથી જ પી શકાય એવું ફિલ્ટર કરેલું શુદ્ધ પાણી ચોવીસ કલાક ત્યાં મળે છે. પરંતુ બીજા કેટલાયે દેશોમાં પાણીના શુદ્ધિકરણની યોજના એટલી સક્ષમ નથી કે નિશ્ચિંતપણે નળનું પાણી ગટગટાવી શકાય. કેટલાયે રોગો પાણીના બેક્ટેરિયા દ્વારા થાય છે. એટલે હવે આખી દુનિયામાં 'મિનરલ વૉટર'નો પ્રચાર ચાલ્યો છે.

મનુષ્યને જલ પૂરું પાડવાની કુદરતે જાણે જવાબદારી લીધી હોય તેમ ઓછોવત્તો વરસાદ બધે જ પડતો રહે છે. સમુદ્રનું પાણી વાદળાં રૂપે જમીન પર વરસે છે અને વધારાનું પાણી પાછું સમુદ્રમાં ચાલ્યું જાય છે. પાણીની બાબતમાં મનુષ્યની સંગ્રહવૃત્તિનો પ્રકૃતિએ ક્યારેય વિરોધ કર્યો નથી. જળસંચય માટે જમીન ખોદીને તળાવો કરવાની પદ્ધતિ પુરાણકાળથી ચાલી આવે છે. વર્ષાના પાણીથી કે ઓગળેલા બરફથી વહેતી નદીઓમાંથી નહેર કાઢવાની અને એ રીતે પાણીને સાચવી રાખવાની પ્રથા પણ સગર રાજા અને ભગીરથ રાજાના અતિપ્રાચીન કાળમાં આપણને લઇ જાય છે. એટલે જ ગંગાના એક પ્રવાહને આપણે ભાગીરથી કહીએ છીએ.

માનવજાતે પ્રાગૈતિહાસિક કાળથી કૂવાની શોધ કરેલી છે. સમુદ્ર કિનારા પાસે થોડા ફૂટના ખોદાણથી પાણી નીકળતા છીછરા કૂવાથી માંડીને ચાલીસ-પચાસ કે તેથી વધારે ફૂટ ઊંડું ખોદીને પાણી કઢાતાં થતા ઊંડા કૂવા સુધીના અનેક પ્રકારના કૂવા, વાવ ઈત્યાદિ માનવજાત બનાવતી આવી છે. કૂવો ખોદવામાં વાર લાગે એટલે જ આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય. કૂવો ઊંડો હોય ને બોખ ફાટેલી, કાણાંવાળી હોય તો ઉપર આવતાં સુધીમાં બધું પાણી ખલાસ થઇ જાય, મહેનત નકામી જાય. કૂવો ઉદાર છે એટલે જલદાન આપે છે, પરંતુ તે પાત્ર અનુસાર (વાસણમાં માય તેટલું) દાન આપે છે એટલે એ વિવેકી છે એમ કહેવાય છે. બધા જ કૂવામાંથી પીવાલાયક મીઠું પાણી ન નીકળે, કોઇમાંથી ખારું તો કોઇમાંથી મોળું પાણી પણ નીકળે. એટલે જ જ્યાં જ્યાં મીઠું પાણી નીકળે ત્યાં ત્યાં ગામો વસતાં રહ્યાં છે.

જૂના વખતમાં કોઇના પર વેર લેવું હોય તો એના પીવાના પાણીને અભડાવી દેવાતું. કિલ્લામાં માણસો સુરક્ષિત હોય, પણ દુશ્મનો જ્યારે કિલ્લા પર આક્રમણ કરે ત્યારે બહાર અથવા અંદર જઇને એના જળાશયોમાં માંસના-ગોમાંસના ટુકડા નાંખે. એથી પાણી અભડાય અને કોઇ પીએ નહિ. પરિણામે કિલ્લાને શરણે આવવું જ પડે. ગામડાં-નગરોમાં અમુક વિસ્તારના લોકોના કૂવામાં મરેલું કૂતરું, બકરી કે બિલાડી નાખીને વેર લેનારા એના પાણીને અભડાવતા. ત્રણ-ચાર દિવસ સુધી કૂવો બંધ રહે. મરેલું પ્રાણી બહાર કઢાય. પછી કૂવો ગળાય, એમાં ચૂનો નખાય અને પછી કેટલેક દિવસે કૂવાનું પાણી પાછું પહેલાં ધોવામાં અને પછી પીવાના કામમાં આવે.

કૂવા ગયા ને નળ આવ્યા, પણ દુનિયાનાં કેટલાંયે શહેરોમાં નળમાં ચોવીસ કલાક પાણી આવતું નથી. ભારતના શહેરોમાં આ સ્થિતિ વધુ વિષમ છે કારણ કે શહેરોનો વિકાસ યોજનાબદ્ધ નહિ પણ આડેધડ થયો છે. ગઇ પેઢીના લેખક મંજુલાલ મઝમુદાર મજાકમાં કહેતા કે પ્રાચીન સમયમાં તો ફક્ત એક દમયંતી જંગલમાં પોતાના પતિ નળને શોધવા માટે 'ઓ નળ ! ઓ નળ !' એમ બૂમ મારતી હતી, પણ વર્તમાન સમયમાં તો સવારના પહોરમાં ઠેર ઠેર અનેક દમયંતીઓ 'ઓ નળ ! ઓ નળ ! બોલતી, બીજો નહિ ઉચ્ચાર' જોવા મળે છે.

એક કવિએ જળની પ્રશંસા કરતાં કહ્યું છે.

शैत्यं नाम गुणस्तवैव सहजः स्वाभाविकी स्वच्छता ।
किं ब्रूमः शुचितां भवन्ति शुचयः स्पर्शेन यस्यापरे ॥
किं वातः परमुच्यते स्तुतिपदं यज्जीवनं देहीनाम् ।
त्वं चेन्नीचपथेन गच्छसि पयः कस्त्वां निरोद्धुं क्षमः ॥

[હે જળ (પય) ! શીતળતા તારો સહજ ગુણ છે. તારામાં સ્વચ્છતા પણ સ્વાભાવિક છે. બીજા પવિત્ર પદાર્થો તારા સ્પર્શથી વળી પવિત્ર બને છે એ વિશે અમે શું કહીએ ? અમે તો એટલું જ કહીએ છીએ કે તું દેહધારીઓનું જીવન છે, માટે તું સ્તુતિપદને યોગ્ય છે. આમ છતાં નીચા માર્ગે તું જાય છે તો તને રોકી શકવા કોણ સમર્થ છે ?]

આ શ્લોકમાં અન્યોક્તિ છે. જળના બહાને કોઇક વ્યક્તિને સંબોધન છે. એ વ્યક્તિ બીજી રીતે ઘણી સારી છે, પણ અધઃપતનના માર્ગે ગઇ છે. એના અધઃપતનને કોઇ અટકાવી શકે એમ નથી.

પાણીમાં ગુણો ઘણાં છે, પરંતુ નીચે જવું, નીચે ધોધ થઇને પડતું મૂકવું-અધઃપતિત થવું એ એનો મોટો દુર્ગુણ છે, એવી કવિકલ્પના છે. વાસ્તવમાં પાણીનું નીચે જવું એ પણ સાર્થક ઠરે છે. એમ ન થાય તો નદીઓ વહે નહિ. એમાં આવેલાં પૂર ઓસરે નહિ. જલનું અધઃપતન વાસ્તવિક રીતે માનવજાત ઉપર ઉપકારક છે. એનું અધઃપતન છે તો વિદ્યુતનું ઉત્પાદન થઇ શકે છે.

પાણીની શુદ્ધિ અને અશુદ્ધિ એવી બે અંતિમ કોટિની કેવી મોટી ખાસિયતો છે ! ગમે તેવી ગંદી વસ્તુ પાણીથી સાફ, સ્વચ્છ થઇ જાય. અરે, પાણીની સાથે માત્ર શુદ્ધિ નહિ, પવિત્રતા પણ સંકળાયેલી છે. અભડાયેલી વસ્તુ કે વ્યક્તિ ઉપર પાણી છાંટી દીધું એટલે તે પવિત્ર થઇ જાય છે. ભગવાનની પૂજા ભક્તિ કરવી છે, દર્શન કરવા મંદિરમાં જવું છે, તો સ્નાન કરી લીધું કે પાત્રતા મળી ગઇ. પાણી ઔષધનું કામ કરી શકે છે. પાણીથી શરીરમાં રહેલા દોષ (toxins)નું ધોવાણ થઇ શકે. લોકોમાં ગંગામૈયાનું પવિત્ર પાણી ઔષધરૂપ મનાય છે. औषधं जाह्नवी तोयं । બીજી બાજુ જ્યાં

ગંદકી થાય છે. ગમે તેવી સારી વસ્તુને પાણી બગાડી નાખે છે. ગંદકી અને રોગચાળો પાણીથી સવિશેષ થાય છે.

સરખી સપાટીએ રહેવું એ પણ પાણીનો એક મોટામાં મોટો સદ્‌ગુણ છે. (Water seeks its own level) જળ સ્વક્ષેત્રે સમાન થઇને રહે છે. ત્યાં કોઇ ઊંચનીચપણું કે ભેદભાવ નથી. જળનો આ બોધ ગ્રહણ કરવા જેવો છે. એકસરખી સપાટીએ રહેવાના, સમાનતાની ભાવનાના એના આ સદ્‌ગુણને લીધે જ કેટકેટલી વૈજ્ઞાનિક બાબતોમાં તે સહાયભૂત બને છે. મોટા મોટા બંધોના બાંધકામમાં આ સપાટી મહત્ત્વનો ભાગ ભજવે છે. ઇજિપ્તના પિરામિડોમાં કેવી વિશાળકાય શિલાઓ એકબીજા ઉપર ગોઠવવામાં આવી છે ! છેક તળિયે અને પાયામાં એક છેડાથી બીજા છેડામાં, સામસામી સપાટીમાં થોડોક ફરક પડે તો શિલાઓનું સમતોલપણું ન રહે. એની ઊંચીનીચી જમીનમાં ચાર હજાર વર્ષ પહેલાં વૈજ્ઞાનિક સાધનો વિના તેઓ તળિયાની સપાટી એકસરખી કેવી રીતે કરી શક્યા હશે ? વર્તમાન વૈજ્ઞાનિક સાધનો દ્વારા નિશ્ચિત થાય, અડધા ફૂટનો પણ ફરક ન પડે એવી સપાટી ત્યાં જોવા મળે છે. એમ કહેવાય છે કે બાંધકામ શરૂ કરતાં પહેલાં, તેઓએ પિરામિડ માટેની જગ્યાની ચારે બાજુ ખાઇ ખોદી નાખી હતી અને એમાં પાણી ભરવામાં આવ્યું. જમીન ભલે ઊંચી નીચી હોય, પાણીની સપાટી તો ચારે બાજુ એકસરખી જ હોય. એ સપાટીના આધારે પાયાના પથ્થરો ગોઠવવાનું નક્કી થયું. એટલે વિશાળ પથ્થરોવાળી આખી આકૃતિ સમતોલ બની ગઇ. આમ, વૈજ્ઞાનિક પ્રગતિ માટે પણ પાણીનો માનવજાત ઉપર ઓછો ઉપકાર નથી. તબીબી વિજ્ઞાને પણ પાણીના તત્ત્વોનું પૃથક્કરણ કરીને ઘણાં તારણો કાઢ્યાં છે.

પાણીમાં માણસને, લાકડાને, વજનદાર જહાજોને તરતાં રાખવાનો સ્વભાવ છે અને ડૂબાડી દેવાનો પણ સ્વભાવ છે. પાણીમાં કચરો પોતાનામાં સમાવી લેવાનો ગુણ છે અને કચરો પોતાના ઉપર કે કિનારે મૂકી દેવાનો પણ ગુણ છે.પાણી જીવતા માણસને ડૂબાડે છે અને મડદાંને તરતું રાખે છે. પાણી સ્વભાવે શીતળ છે, પણ ગરમ થઇને ઉકળે છે ત્યારે માણસને દઝાડી પણ શકે છે. ઉકળતા પાણી વડે ચૂલો ઓલવી શકાય છે, આગ બૂઝવી શકાય છે. પાણીમાં પોતાનામાં અગ્નિને-ઉષ્ણતાને ધારણ કરવાની શક્તિ છે. પાણી ઉષ્ણતાની સપાટી વટાવી હાથમાં પણ ન પકડી શકાય એવી સૂક્ષ્મ વરાળ બની અદશ્ય થઇ શકે છે અને શીતળતાની સપાટી વટાવી હાથ-પગમાં ચાંદા પાડી શકે એવા સ્થૂલ હિમ કે બરફનું રૂપ ધારણ કરી શકે છે. વાદળાનું પાણી લખોટા જેવા કરાનું રૂપ લઇને ખુલ્લામાં ચાલતા માણસ કે પશુને માથામાં સતત ઘડ ઘડ વાગીને ઇજા પહોંચાડીને મૃત્યુ સુધી લઇ જઇ શકે છે.

જળમાં એક એવો સૂક્ષ્મ મોહક ગુણ છે કે જે ક્યારેક કોઇકમાં ઉન્માદ પ્રગટાવે છે. નાનાં બાળકોમાં જળનું આકર્ષણ ઘણું હોય છે. ઓસ્ટ્રેલિયામાં એક ભાઇએ મને કહ્યું હતું કે એમની ચારેક વર્ષની દીકરીને નળ ચાલુ કરીને પોતાનો હાથ નળ નીચે ધરી રાખવાનું જાણે વ્યસન થઇ ગયું છે. નળ બંધ કરી એનો હાથ લઇ લઇએ તો ચીસાચીસ કરી મૂકે છે. જેમ ભેંસોને પાણીમાંથી બહાર કાઢવાનું અઘરું છે તેમ નદી, તળાવ કે તરણહોજમાં રમતાં બાળકોને પણ બહાર કાઢવાનું અઘરું છે. કેટલાક માણસોને વહેતી નદીના કિનારે જ રહેવું પ્રિય લાગે છે, કોઇકને ઘૂઘવાતા સમુદ્રના કિનારે ગમે છે, તો કોઇકને શાન્ત સરોવરનો કાંઠો વધુ પસંદ પડે છે. અંગ્રેજ કવિ શેલીને પાણીનું એટલું બધું ગાંડપણ હતું કે તે કલાકોના કલાકો સુધી પાણીને નિહાળતો બેસી રહેતો. પાછળથી એની આ વાત એટલી ઉત્કટ બની ગયેલી કે એણે સંકલ્પ કર્યો કે પોતે પાણી સાથે એકરૂપ થઇ જવા માટે 'જળસમાધિ' લેવી એટલે કે ડૂબીને મરી જવું. એટલા માટે એ તરવાનું શીખ્યો નહિ અને છેવટે યુવાન વયે પાણીમાં ડૂબીને મૃત્યુ પામ્યો હતો.

જૂના સમયની દંતકથા છે કે એક સાધુકવિને મહાસાગર ઉપર મહાકાવ્ય લખવાનું મન થયું. તેઓ રાત-દિવસ સાગરનું જ ચિંતન કરવા લાગ્યા. તે એટલી બધી હદ સુધી કે રાતદિવસ સાગરના વિશાળ જળરાશિનો વિચાર કરતાં કરતાં એમણે પોતાની માનસિક સમતુલા ગુમાવી દીધી. આટલા બધા પાણીનું શું થશે ? ક્યારે એ ખૂટશે ? એમ કરતાં કરતાં એમના પેટનું પાણી વધી ગયું. જલોદરનો રોગ થયો. ઘણા ઉપચાર કરવા છતાં મટ્યું નહિ. પરંતુ કોક કુશળ વૈદે કારણ શોધી કાઢ્યું. એણે માનસિક ઉપાય અજમાવ્યો. એણે કહ્યું, 'મહારાજ ! મહાસાગરનું ચિંતન ઘણું કર્યું. હવે મહાસાગરને તળિયે અનાદિ કાળથી વડવાનલ રહેલો છે. તે પાણીનું શોષણ કરે છે. તો વડવાનલ પર મહાકાવ્ય લખો.' સાધુને વિચાર ગમી ગયો. રાત-દિવસ તેઓ હવે વડવાનલનું ચિંતન કરવા લાગ્યા. એમ કરતાં કરતાં શરીરનું પાણી શોષાવા લાગ્યું. એમનો જલોદરનો રોગ મટતાં વૈદે એમને બીજી વ્યવહારુ વાતો પર વાળી દીધા. આપણે ત્યાં અગત્સ્ય મુનિની વાત છે કે એમને એટલી બધી તરસ લાગેલી કે ઘણું બધું પાણી પી જવાનો એમને ભાવ થયો. એમણે અંજલિમાં સમુદ્રનું પાણી લીધું અને પીતા ગયા, પીતા ગયા. એમ કરતાં એટલું બધું પાણી પી ગયા કે છેવટે આખો સમુદ્ર શોષાઇ ગયો, સૂકાઇ ગયો. પછી લઘુશંકા પણ એટલી જ કરી.

શીતલતા, સ્વચ્છતા, શુચિતા, પારદર્શકતા, રંગવિહીનતા, પવિત્રતા, ઇત્યાદિ કેટકેટલા ગુણો જલમાં છે. જલ પૃથ્વી પરનું અમૃત છે. નવજીવન આપવાની એનામાં શક્તિ છે. એની અતિ સરળતા અને અતિ સુલભતાનો ગેરલાભ ઉઠાવવાનું આપણે ક્યારે છોડીશું ? આપણને શુદ્ધ અને પવિત્ર રાખનાર જલને શુદ્ધ અને પવિત્ર રાખવાનું આપણે ક્યારે શીખીશું ? જલદેવતા વરુણની સાચી સ્તુતિ-આરાધના કરતાં આપણને ક્યારે આવડશે ?

□ રમણલાલ ચી. શાહ

## સંયુક્ત અંક

પ્રબુદ્ધ જીવનનો જુલાઈ અને ઓગસ્ટનો અંક સંયુક્ત અંક તરીકે ૧૬મી ઓગસ્ટ ૨૦૦૦ના રોજ પ્રકાશિત થશે તેની નોંધ લેવા વાચકોને વિનંતી.

□ તંત્રી

## ગુરુપૂર્ણિમા નિમિત્તે ભક્તિસંગીતનો કાર્યક્રમ

સંઘના ઉપક્રમે, સંઘના ભક્તિસંગીતના વર્ગની બહેનો દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે ભક્તિસંગીતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે, જેમાં સર્વેને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

**સ્થળ :** પરમાનંદ કાપડિયા હોલ (સંઘનું કાર્યાલય)
**સમય :** બુધવાર તા. ૧૯-૭-૨૦૦૦, સાંજે ૫થી ૬.

પુષ્પા પરીખ
સંયોજક

નિરુબહેન શાહ
ધનવંત શાહ
મંત્રીઓ

# વેદકાલીન વિજ્ઞાન

**■ પ્રો. અરુણ જોષી**

ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ ભારતીય સંસ્કૃતિના આધારગ્રંથ તરીકે માન્ય થયેલા છે. વિશ્વ સાહિત્યમાં પણ આ સાહિત્ય પ્રાચીનતમ ગણાય છે. આ સાહિત્ય સંકીર્ણતા, હીનતા અને અનુદાત્તતાનું વિરોધી રહ્યું છે. વૈદિક ઋષિઓનું ચિંતન વ્યાપક, ગંભીર અને ઉદાત્ત ભાવોથી ભર્યું ભર્યું રહેલ છે. તેમાં માનવમાત્રના કલ્યાણની ભાવના ઠેર ઠેર જોવા મળે છે, તેમાં આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક ઉન્નતિ અંગે વિચારવામાં આવ્યું છે. માનવજીવન સંબંધી કોઈ પણ પાસું એવું નહીં હોય જેના વિશે વૈદિક ઋષિઓએ ચિંતન ન કર્યું હોય. તે સમયમાં પ્રાચીન પ્રજાનાં ધર્મ, નિવાસ, વાહનો, વૃષ્ટિ, ગણિત, તંદુરસ્તી અને ઓષધિઓ વગેરે વિષયક વિજ્ઞાન અંગે વિચારવાનો અત્રે ઉપક્રમ છે.

વૈદિક સાહિત્યમાં વિજ્ઞાન શબ્દનો પ્રયોગ આરણ્યકયુગમાં થયેલો જોવા મળે છે. તૈત્તિરીય આરણ્યકમાં કહેવામાં આવ્યું છે કે विशुद्धं ज्ञानम्, विविधं ज्ञानम्, विशिष्टं ज्ञानम्, इति विज्ञानम् । આ સંદર્ભમાં આપણે પ્રાચીન પ્રજાના ધર્મ વગેરેને અનુલક્ષીને તેમાં વિજ્ઞાન ક્યાં ક્યાં દ્દષ્ટિગોચર થાય છે તે વિચારીશું. આ સંદર્ભમાં સર્વ પ્રથમ એટલી સ્પષ્ટતા જરૂરી છે કે જેમ કાવ્યનો વાચ્યાર્થ દબાઇ જાય અને કાવ્યનો ધ્વનિ સહૃદયને આનંદ આપે તેમ વેદના મંત્રોમાં પણ વિજ્ઞાનની વાતોનું દર્શન સર્વ કોઇને ન થાય. કોઈ પ્રતિભાવંતને જ આ મંત્રો પાછળ રહેલું વિશિષ્ટ જ્ઞાન દેખાય અને સમજાય. ઉદાહરણ તરીકે જોઈએ તો સૂર્યના સાત અશ્વો અંગે વાંચીને કોઈને ચાર પગવાળા સાત અશ્વોનું જ જ્ઞાન થાય. પરંતુ પ્રતિભાવંતને એમ સમજાય કે ઋષિઓને એ જ્ઞાન હતું કે સૂર્યનો પ્રકાશ સાત ભિન્ન ભિન્ન રંગોનો બનેલો છે. અથવા અહીં ઈલેક્ટ્રોનનો નિર્દેશ છે. પરમાણુમાં ઈલેક્ટ્રોનની સાત કક્ષાને ૨૦ મી સદીના નોર્વેના નીલ અને એના ગુરુ રૂથર ફોર્ડે પ્રમાણી છે. વેદના અંગોના અર્થ નિત્ય નવીનતા ધારણ કરે એવા છે તેથી જ ઈસવીસન પૂર્વે આઠમી સદીમાં યાસ્કને જે અર્થ સમજાયા તેના કરતાં ચૌદમી સદીના સાયણ અને માધવને ભિન્ન અર્થ સમજાયા અને શ્રી દયાનંદ સરસ્વતી તથા શ્રી અરવિન્દને આ જ મંત્રોમાંથી સર્વથા નવીન અર્થો દેખાયા.

વેદગ્રંથોમાં યજ્ઞ વિશેની વિભાવના આપણું ધ્યાન સર્વ પ્રથમ આકર્ષે છે. वृष्टि कामो यजेत् । અર્થાત્ કૃષિને મહત્ત્વ આપનારા આર્યોને વરસાદની પરમ આવશ્યકતા સમજાયેલી હતી અને વરસાદ લાવવામાં યજ્ઞ ખૂબ જ ઉપયોગી થાય છે એમ તેઓ માનતા. वृष्टि कामो यजेत् એ વાક્ય સ્વાભાવિક રૂપે થનાર વર્ષા કરતાં કૃત્રિમ વરસાદ અંગે સંકેત આપે છે. યજુર્વેદના અધ્યાય બાવીશના બાવીશમા મંત્રમાં निकामे निकामे न: पर्जन्य: वर्षतु નો આશય એ જ છે કે જ્યારે અમે કામના કરીએ ત્યારે વરસાદ થાય. વેદમાં વર્ષા ઉપર માનવના યથેચ્છ નિયંત્રણનો અત્રે ખ્યાલ આવે છે. અથર્વવેદમાં तन्वतां यज्ञं बहुधा विसृष्टा: દ્વારા અનેક પ્રકારના યજ્ઞોનો ખ્યાલ મળે છે. વળી અગ્ન: આપ: શબ્દો અગ્નિથી જળની ઉત્પત્તિ થાય છે એમ કહી બાષ્પીભવનના સિદ્ધાંતનો ખ્યાલ આપે છે. વૈદિક ઋષિના વૈજ્ઞાનિક ખ્યાલને સમજવા આ મંત્ર ચાવીરૂપ છે.

दिवा यान्ति मसतो मुम्याग्निरथं वातो अन्तरिक्षेण याति ।

अइ: यामि वरुण: समुद्रैर्युष्मां इच्छत: शयसो नपात: ॥

ઋગ્વેદના (૧-૧૬૧-૧૪) આ મંત્રમાં કહેવામાં આવ્યું છે કે પૃથ્વી ઉપર જ્યારે યજ્ઞ કરવામાં આવે છે ત્યારે ભૂમંડળ ઉપર અગ્નિ ક્રિયાશીલ થઈ જાય છે. તેથી અંતરીક્ષમાં વાયુ ગતિશીલ બને છે જેથી વરુણ તત્ત્વ ક્રિયાશીલ થઈ સમુદ્રમાં જળ સાથે ગતિ કરે છે અને દ્યુલોકમાં પરુદ્ગણ ગતિ કરે છે. આવા અનેક પ્રકારના યજ્ઞો વિશેનું ઋષિઓનું જ્ઞાન તેમની વૈજ્ઞાનિક પરિચાયકતાનો ખ્યાલ આપે છે.

વૈદિક ઋષિઓના નિવાસ અંગેના જ્ઞાનનો ખ્યાલ મેળવીએ તો તેઓનાં મકાન અનેક કમરાઓવાળાં હતાં અને તેને સુરક્ષિત રીતે બંધ પણ કરી શકાતાં હતાં. પ્રત્યેક ઘરમાં દરેક સમયે અગ્નિ પ્રજ્વલિત રહેતો. સંભવત: ઘરની બનાવટમાં પથ્થરનો ઉપયોગ થતો ન હતો. લાકડાના ઉપયોગ થી બનતા ઘર માટેના ચાર શબ્દો हविर्धान:, अग्निशाल: पत्नीनां सदन અને सदस् (બેઠક ખંડ) તેમના મકાન વિશેનો સુંદર ખ્યાલ આપે છે. અથર્વવેદમાં આવતો नरकट શબ્દ ઈંટનો ખ્યાલ આપે છે. કિલ્લાની બનાવટમાં તેઓ પથ્થરનો ઉપયોગ કરતા. ક્યારેક આયસી અથવા લોખંડના કિલ્લાનો પણ ઉલ્લેખ છે. ગાયોને સુરક્ષિત રાખવા માટે ગોમતી અથવા ગાયોથી ભરેલા કિલ્લાનો પણ ઉલ્લેખ દર્શાવે છે કે ભવનનિર્માણક્ષેત્રે તે સમયે ખૂબ જ વિચારણા થઈ હતી.

વેદમાં વાહનો અંગેના ઉલ્લેખ પ્રસંગે રથનો ઉલ્લેખ સર્વ પ્રથમ આપણું ધ્યાન દોરે છે. રથોને નામ પણ આપવામાં આવતાં. જેમ કે युक्ष्वा क्षरुषी रथे हरितो देव रोहित: । तामि र्दैवाँ इहा वह માં કહેવામાં આવ્યું છે કે હે અગ્નિદેવ આપ રોહિત નામના રથને લઈ જવામાં સમર્થ છો. રથને અશ્વ ઉપરાંત ગર્દભને પણ જોડાવામાં આવતાં. તે સમયે વિમાન વિષયક ખ્યાલ પણ જોવા મળે છે. અશ્વિનીકુમારોના રહસ્યમય રથયાનનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે ખૂબ અવાજ કરનાર બળશાળી સંચાલક યંત્રને રથની સાથે ક્યારે જોડવામાં આવશે ? અહીં વિમાનનો સંકેત છે એમ વેદના જ્ઞાતાઓ જણાવે છે. વળી બીજા એક મંત્રમાં કહેવામાં આવ્યું છે કે रथेमिर्यात ऋष्टिमद्भिरश्वपर्णै: અર્થાત હે અશ્વિનો આપ ઉડવાવાળા અશ્વોથી જોડેલા રથો દ્વારા અહીં આવો. અહીં વિમાનનો સ્પષ્ટ સંકેત જોવા મળે છે. આ મંત્ર જુઓ જેમાં વિમાન વિશેની લાક્ષણિકતા જોવા મળે છે:

आ वां रथो अश्विना श्येनपत्वा सुमृलीक: स्ववाँ यात्वर्वाङ्

यो मर्त्यस्य मनसो जवीयान् त्रिबन्धुरो वृषणा वातरंहा: ॥

એટલે કે હે શક્તિશાળી અશ્વિનીકુમારો, આપ બંનેનો રથ બેસવા માટે સુખપ્રદ, મજબૂત, માનવ મનથી વધારે ગતિશીલ વાયુ સમાન વેગવાળો બાજપક્ષીની જેમ આકાશમાં ઊડે છે અને તે દરેક રીતે સદ્દઢ બનેલો છે. ઋગ્વેદમાં આવતાં આવા ઉલ્લેખો ઉપરથી મહર્ષિ ભારદ્વાજે વૈજ્ઞાનિક શાસ્ત્રની રચના કરી હતી. આ શાસ્ત્રમાં વિમાનનાં પ્રકારો, તેની બનાવટમાં વપરાતી ધાતુઓ, વિમાન ચાલકની લાયકાત, કેળવણી, પહેરવેશ, ખોરાક, ઉડ્ડયન દરમ્યાન વિમાનને અદશ્ય બનાવવાની પ્રક્રિયા વગેરે વિશે વિસ્તૃત માહિતી પ્રાપ્ત થાય છે.

આપણને સહુને એ બાબત વિદિત છે કે આવશ્યકતા આવિષ્કારની જનની છે. વૈદિક સમયમાં પણ આ જ કારણે માતરિશ્વાએ અગ્નિની શોધ કરી હશે. ગ્રીકમાં આવું જ પ્રદાન કરનાર પ્રોમિથીયસનું નામ

જાણીતું છે. ચક્રની શોધ પણ આવા જ કોઈ આપણાં પૂર્વજે કરી હશે. તેમની માન્યતાનુસાર જે સામાન્ય વૈજ્ઞાનિક સત્યો તેમને લાધ્યાં હશે તે તે મંત્રોની ગૂઢ ભાષા દ્વારા તેમણે નિર્દેશ્યાં છે. જે અનુસાર આપણને જાણવા મળે છે કે સામર્થ્ય વધારવા માટે તેઓ સોમનો આશ્રમ લેતા. જરાવસ્થા દૂર કરવા માટે युवाना पितरा पुन: सत्यमंत्रा ऋजूयव: । ऋभवो विष्टयक्रत । અર્થાત સર્વવ્યાપક ઋભુઓએ માતાપિતાને ફરીથી યુવાન બનાવ્યા એમ કહી મંત્રવિદ્યાનો સંકેત વ્યક્ત કરવામાં આવ્યો છે. ઈશ્વર અનુભૂતિગમ્ય છે એમ માનનારા આ ઋષિઓ પાસે આકાશી પદાર્થો સુધી પહોંચવા માટે કોઈ ઉપકરણો ન હતાં પણ એમની પાસે યોગવિદ્યા હતી જેને કારણે તેમને અષ્ટસિદ્ધિઓ વરેલી હતી. પરિણામે તેઓ વિજ્ઞાનનાં રહસ્યોને પામી શક્યા હતા.

હજારો વર્ષ પહેલાં થઈ ગયેલા આપણા ઋષિ મુનિઓએ જે વિજ્ઞાનશુદ્ધ તારણ આપણને જગતમાત્રના આદિગ્રંથ એવા ઋગ્વેદમાં આપ્યું છે તે મુજબ સૂર્યચંદ્રના કિરણોની અસર આપણા શરીર તથા માનસ ઉપર પડે છે. આ અસર શુભ બને તે માટે ઋગ્વેદમાં સૂર્યની સ્તુતિ, ઉપાસના, પવિત્ર ગણાતા ગાયત્રીમંત્રનું મનન વગેરે પ્રત્યે ધ્યાન દોરી કહેવામાં આવ્યું છે કે સૂર્ય સમગ્ર સૃષ્ટિનો, પ્રત્યેક જીવમાત્રનો જન્મદાતા, રક્ષક અને પોષક છે. આપણે ત્યાં આ જ્ઞાન પાંચ, દશ, પંદર કે વીશ હજાર વર્ષોથી જાણીતું છે. સૂર્યના નામોમાં પણ વૈજ્ઞાનિકતા સમાયેલી છે. તે મુજબ સવિતા એટલે સૂર્ય મંડળનો જન્મદાતા. શીઘ્રગ એવું નામ સૂચવે છે કે બ્રહ્માંડમાં કોઈ અજ્ઞાત કેન્દ્રની આસપાસ સૂર્ય ફરે છે અને તે એક વખત એવા કોણ ઉપર આવે છે કે જ્યારે મહાપ્રલય થાય છે. આ સમય ૨૮૦૦૦ વર્ષનો ગણાય છે. સત્ય, ત્રેતા, એવા યુગનો આ ગાળો જૈનોના આરાના સમયને લગભગ મળતો આવે છે.

ઋષિઓને ખ્યાલ હતો કે વાદળમાં વીજળી ચમકવાથી નાઈટ્રોજનનો પ્રાદુર્ભાવ થતાં વરસાદના જળમાં ફળદ્રુપતા આવે છે. આ કારણે જ આપણે ત્યાં કહેવામાં આવે છે કે મેઘ સમાન જળ નહીં. આ માટે ઋગ્વેદના મંત્રમાં કહેવામાં આવ્યું છે કે वाश्रेव विद्युन्मिमाति वत्सं न माता सिषक्ति । यदेषां वृष्टिरसर्जि । અર્થાત્ મરુંદગણ વર્ષાનું સર્જન કરે છે. વિદ્યુત ભાંભરતી ગાયોની જેમ અવાજ કરે છે અને ગાય વાછરડાને પોષણ આપે છે અને વિદ્યુતનું સિંચન કરે છે. બાષ્પીભવન અંગેની તેમની જાણકારી ऊर्ध्वं नुनुद्रेऽवतं त ओजसा એટલે કે મરુંદગણોએ પોતાના બળથી ભૂમિના જળને ઉપર ખેંચ્યું માં વ્યક્ત થાય છે. ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન થાય છે આ જાણકારી તેમને હતી જ કારણ કે તેમણે જણાવ્યું છે કે स प्रत्नथा सहसा जायमान: અર્થાત્ અગ્નિ લાકડાંના બળપૂર્વક ઘર્ષણથી થાય છે. વાયુ અગ્નિનો વાહક છે એ જાણકારી આપણને મળે છે જ્યાં કહેવામાં આવ્યું છે કે अग्नि: सुतुक: सुसुकेमि: अश्वै: અર્થાત્ વેગીલા વાયુરૂપ અશ્વોને કારણે અગ્નિ યજ્ઞમાં ઉપસ્થિત થાય છે. પહેલાં જણાવેલ વિમાન જેવાં વાહનો ઊર્જાથી સંચાલિત થતાં એમ પણ આપણને વેદમાંથી જાણવા મળે છે.

વૈદિક ઋષિઓ આ ઉપરાંત અંકશાસ્ત્રથી પણ પરિચિત હતા અને ગણિતવિજ્ઞાન બધાથી ચડિયાતું છે એમ વ્યક્ત કરતાં કહેવામાં આવ્યું છે.

यथा शिखा मयूराणां नागानां मणयो यथा ।

तद्वद्वैयाङ्गशास्त्राणां गणितं मूर्ध्नि स्थितम् ॥

એટલે કે મયૂરોનું ભૂષણ તેની શિખા છે સર્પોનું ભૂષણ તેનો મણિ છે તેમ વેદવિષયક સમજૂતીના ગ્રંથોમાં ગણિતનું સ્થાન શીર્ષ સ્થાનીય છે. યજુર્વેદ તથા ઋગ્વેદમાં એવા અનેક મંત્રો છે જેમાં નવ સુધીની સંખ્યાના નામ આપવામાં આવેલ છે. તેમને 'શૂન્ય' વિશેનો પણ ખ્યાલ હતો જે બાબતને ભારતીય સંસ્કૃતિનું ગણિત ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન માનવામાં આવે છે. ગણિતશાસ્ત્રનો આરંભ નગરસ્થાપના, દુર્ગરચના, કૃષિ વગેરેની સાથોસાથ થયેલ હતો. તે સમયે અંકોનો આવિષ્કાર કરતી વખતે ચંદ્ર એક જ હોવાથી તે માટે એક, નેત્ર કે કર્ણ બે હોય છે તેથી તે માટે બે વગેરે દૃષ્ટિએ તેઓ આગળ વધ્યા હશે. અથર્વવેદના એક જ સૂક્તમાં દશ સુધીની સંખ્યાઓ જોવા મળે છે. ત્યાં કહેવામાં આવ્યું છે કે :

न द्वितीयो न तृतीय: चतुर्थो नाप्युच्यते । यण्त देवव्रतं वेद ।

न पञ्चमो न षष्ठ: सप्तमो नाप्युच्यते । અર્થાત્ જે આ એક માત્ર વ્યાપક દેવના જ્ઞાતા છો તેઓ બીજા, ત્રીજા, ચોથા, પાંચમાં, છઠ્ઠા, સાતમા, આઠમા, નવમા અને દશમા એમ નથી કહેવાતા. યૂનાની કે અરબી પદ્ધતિની સરખામણીમાં ભારતીય પદ્ધતિ સ્વાભાવિક સીધી અને સુબોધ લાગે છે.

તત્કાલીન આર્યોને ખગોળ વિદ્યા વિષયક પણ જ્ઞાન હતું. સૂર્યગ્રહણ તથા ચંદ્રગ્રહણ વિષયક તેમના જ્ઞાનનો ખ્યાલ ઋગ્વેદના પાંચમા મંડળના ચાલીશમા સૂક્તમાંથી મળે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે :

यं वै सूर्यं स्वर्भानुस्तमसा विध्यदासुर: ।

अत्रय स्तमन्वविन्दन्नह्य क्ष्न्यै अशक्नुवन् ।

અર્થાત સૂર્યદેવને સ્વર્ભાનુએ અંધકારથી આચ્છાદિત કર્યા હતા. અત્રિ વંશજોએ એમને મુક્ત કર્યા. બીજા કોઈ આવું કરી શક્યા નહીં. અહીં સૂર્યગ્રહણ પ્રતિ સ્પષ્ટ સંકેત જોઈ શકાય છે. આકાશી પદાર્થો વિશેનું એમનું જ્ઞાન આશ્ચર્યચકિત કરી મૂકે તેટલી હદે સૂક્ષ્મતા ધરાવે છે. મંગળના સંબંધમાં યજુર્વેદના ૧૯મા અધ્યાયના છઠ્ઠા મંત્રમાં કહેવામાં આવ્યું છે કે મંગળ લાલ રંગનો તેજસ્વી આકાશી પદાર્થ છે. આમ ભૂગોળ ગણિત વગેરે વિજ્ઞાનો બાબત વેદના ઋષિઓ બારીક માહિતીથી યુક્ત હતા.

जीवेम शरद: शतम् ની ભાવના રાખનારા વૈદિકકાલીન ઋષિઓ શરીરને મુખ્ય ધર્મસાધન ગણતા હતા અને તેની જાળવણી અર્થે તેમણે જે કંઈ નિરૂપણ કર્યું છે તે તેમની તબીબી વિજ્ઞાન અંગેની સૂઝ વ્યક્ત કરે છે. આયુર્વેદમાં આ માહિતી પ્રાપ્ત થાય છે જેનું મૂળ અથર્વવેદમાં સમાયેલ છે. તેમાં અષ્ટાંગ દ્વારા આપણને શલ્ય, શાલાક્ય, કાય, ભૂતવિદ્યા, કૌમારભૃત્ય, અગદ રસાયણ અને વાજીકરણ વિશે જાણવા મળે છે. વિસ્તારથી જોઈએ તો શલ્યમાં બધા પ્રકારના ઘા પડ્યા હોય તેની ચિકિત્સા છે. શાલાક્યમાં આંખ કાન નાકના રોગો વિશેનું આલેખન છે. કાય શારીરિક રોગ સંબંધી છે. ભૂતવિદ્યાનો સંબંધ સ્નાયવિક અને માનસિક રોગ સાથે છે. કૌમારભૃત્ય બાળકોની ચિકિત્સાનો ખ્યાલ આપે છે. અગદમાં વિષચિકિત્સા છે. રસાયન માં વૃદ્ધાવસ્થા અને મૃત્યુ ને દૂર રાખવા બાબતની ચિકિત્સા છે જ્યારે વાજીકરણનો સંબંધ પુરુષત્વ બાબતની ચિકિત્સાનો પરિચય આપે છે. આ બધા ઉપરથી જાણી શકાશે કે તે વખતનું ચિકિત્સાશાસ્ત્ર કેટલું વિકાસ પામેલ હતું. તેઓ પશુચિકિત્સાથી પણ પરિચિત હતા અને તે અંગેની જાણકારી આપણને ગજચિકિત્સા, અશ્વતંત્ર વગેરે ગ્રંથોમાંથી મળે છે. પ્રાચીન ચિકિત્સા પદ્ધતિમાં એક રોગની દવા કરવા જતાં બીજો રોગ થાય એવી સંભાવનાને સ્થાન ન હતું. એક શ્લોકમાં

કહેવામાં આવ્યું છે કે:

प्रयोग: शमयेद् व्याधि: अन्योन्यमुदीरयेत् ।

नासौ शुद्ध: शुद्धस्तु शमयेन्नतु सोपयेत् ॥

અર્થાત્ આયુર્વેદિક ઔષધપ્રયોગ વ્યાધિને શાંત કરીને બીજા વ્યાધિને ઉત્પન્ન કરતો નથી. બીજા વ્યાધિને ઉત્પન્ન કરનાર ઔષધપ્રયોગ વિશુદ્ધ નથી. અહીં side effect ન થાય એવી ચિકિત્સાની હિમાયત જોવા મળે છે. વૈદિક ઋષિઓને મન સ્વસ્થ માનવી કોને કહેવાય તે જાણવા માટે આ શ્લોક પર્યાપ્ત છે:

समदोप: समाग्निश्च समधातुमलक्रिय: ।

प्रसन्नात्मेन्द्रियमना स्वस्थ इत्यपिधीयते ॥

એટલે કે વાત પિત્તાદિ ત્રણ દોષોની સમતા, શારીરિક પંચભૂતાગ્નિ, સપ્તધાત્વાગ્નિ તથા જઠરાગ્નિ થઈને તેર અગ્નિની સમતા, રસ, રક્ત વગેરેની સપ્રમાણતા તથા મળમૂત્રની યથાકાળ પ્રવૃત્તિ સાથે આત્મા અને મનથી જે પ્રસન્ન હોય તેને સ્વસ્થ માનવ જાણવો. સંસારની કઈ ચિકિત્સા પ્રણાલીમાં સ્વસ્થ માનવીનું આવું લક્ષણ જોવા મળશે ? શરીરની સ્વસ્થતા માટે પ્રાચીન ઋષિઓની વનસ્પતિ જગતની શોધખોળ તો માનવજાતને એક અમૂલ્ય ભેટ છે. વેદમાં અશ્વિનોનો જે ઉલ્લેખ પ્રાપ્ત થાય છે તેમણે અનેક રોગીઓને સાજા કરેલા છે અને અવયવોનું પ્રત્યારોપણ કરવામાં પણ તેઓ માહિતગાર હતા એમ વૈદિક મંત્રો દ્વારા જાણી શકાય છે.

આ બધા વિવેચન ઉપરથી આપણા પૂર્વજોએ સાચવેલો આ જ્ઞાનવારસો કેવો અદ્ભુત હતો તેનો આપણને પરિચય મળે છે. પૃથ્વીની ઉત્પત્તિ કેવી રીતે થઈ તે અંગે હાલના વિજ્ઞાનચિંતકો મહાવિસ્ફોટના સિદ્ધાંતમાં માને છે જ્યારે એ બાબતને મળતી આવે એવી માન્યતા વેદમાં આ પ્રમાણે જોવા મળે છે. શક્તિકણોના પરસ્પર સંયોગથી પદાર્થકણ બન્યા અને શક્તિકણો અને ચેતનાકણોના સંયોગથી પ્રાણીજગતની ઉત્પત્તિ થઈ. આ તેમનું ચિંતન કોઈ એક બાબત પૂરતું સીમિત નથી પણ અનેકક્ષેત્રોમાં તેમણે પોતાની પ્રજ્ઞાનો પરિચય આપ્યો છે. અને તેથી જ આ વેદરાશિને કંઠોપકંઠ સાચવી રાખવાની પ્રક્રિયા આપણે ત્યાં અમલમાં આવી અને લુપ્ત થતા જ્ઞાન રાશિને સુરક્ષિત રાખવામાં આવ્યો.

વેદકાલીન વિજ્ઞાન અંગે આટલો વિચાર કર્યા પછી વેદપ્રસિદ્ધ વૈજ્ઞાનિકોનો પરિચય મેળવવો રસપ્રદ બનશે. આ વૈજ્ઞાનિકો એટલે ઋભુઓ. તેમને જાદુગર તરીકે પણ વેદમાં ઓળખવામાં આવતા. જ્યાં સુધી કોઈ ચમત્કાર પાછળનું વૈજ્ઞાનિક કારણ ન જાણવા મળે ત્યાં સુધી તે જાદુ જ લાગે. આ ઋભુઓ માનવીઓ હતા પણ ચમત્કારિક કાર્યો કરીને અમરત્વને પામ્યા હતા. તેઓ ઋભુ, વજ અને વિભુ નામના ત્રણ ભાંઈઓ હતા અને સુધન્વાના પુત્રો હતા. તેમણે પોતાના વૃદ્ધ માતાપિતાને યૌવન બક્ષ્યું હતું. તેમણે ત્રણ પૈડાવાળો રથ બનાવેલો. તે આકાશમાં ઊડતો અને અશ્વિનો તેનો ઉપયોગ કરતા. તેમણે એક અશ્વમાંથી બીજો અશ્વ ઉત્પન્ન કર્યો હતો. અત્યારની cloning ની પ્રક્રિયાનો અત્રે ખ્યાલ આવે છે. તેમણે ગાયના ચામડામાંથી નવી ગાય ઉત્પન્ન કરી હતી. અને તેણે વાછરડાને જન્મ આપેલો. ત્વષ્ટાએ બનાવેલ ચમસના તેમણે ચાર ચમસ બનાવ્યા હતા. એક ભ્રૂણમાંથી ચાર કોષનું વિભાજન કરી ચાર જીવ ઉત્પન્ન કરવાનો અત્રે સંકેત છે. આ વેદકાલીન વૈજ્ઞાનિકોને આપણા પ્રાચીન વૈજ્ઞાનિકો ગણી શકાય.

ભૌતિક ક્ષેત્રે આટલી જાણકારી ધરાવનારા ઋષિઓ આધ્યાત્મિક ક્ષેત્રે પણ એટલા જ આગળ હતા. બધા જ ઉત્પન્નશીલ પદાર્થોના એક જ સ્વામી પરમાત્મા છે એમ તેઓ માનતા. આ જીવન ઉપરાંત પરલોકના જીવન વિશેનું તેમનું ચિંતન પણ અદ્ભુત છે. મૃત્યુ પછી પુનઃ જીવન છે જ એમ તેમની દૃઢ માન્યતા હતી.

એકંદરે જોતાં સમજાશે કે વેદકાલીન ઋષિઓ અનેક ક્ષેત્રોમાં અદ્ભુત પ્રકારનું જ્ઞાન ધરાવતા હતા. ❖❖❖

# 'ગૂર્જર ફાગુ સાહિત્ય'ના અલંકારો

■ ડૉ. રણજિત એમ. પટેલ (અનામી)

અમદાવાદની ગુજરાત કૉલેજમાં અમો ભણતાં (ઈ. સ. ૧૯૩૮ થી ૧૯૪૪) ત્યારે સંસ્કૃત ભાષા સાહિત્યના અમારા એક પ્રો. ડૉ. ટી. એન. દવે સાહેબ મમ્મટાચાર્યનો 'કાવ્યપ્રકાશ' શીખવતા. એમાં ઉપમા અલંકારની વાત આવે એટલે ડૉ. દવે સાહેબ બોલે : उपमा कालिदासस्य । અને પછી એનાં કેટલાક દૃષ્ટાંતો આપે-અને એ શ્લોક પૂરો કરતાં કહે-જેમ ઉપમામાં કાલિદાસ અજોડ તેમ અર્થગૌરવમાં કવિ ભારવી અનન્ય અને પદલાલિત્યમાં કવિ દંડિન અદ્વિતીય. પણ કવિ માઘ તો આ ત્રણેય કાવ્યગુણોથી વિભૂષિત-અજોડ. અલબત્ત, આમાં વ્યાસ-વાલ્મીકિ, ભાસ, ભવભૂતિ કે બાણ-અશ્વઘોષની ઉપેક્ષા નહોતી, પણ અમુક કવિઓની વિશિષ્ટતાનાં એ વ્યાવર્તક-ગુણ-લક્ષણ દર્શાવવાનો આશય હતો. વિવેચનની એ પણ એક રીત હતી.

તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો રમણીનું ભૂષણ તો શીલ છે, પણ વ્યાવહારિક રીત કહેવાય છે કે આભૂષણ વિના, અલંકાર વિના રમણી રમણીય લાગતી નથી, શોભતી નથી. જેવું માનવ-રમણી માટે સાચું તેવું જ કાવ્ય-રમણી માટે પણ. અલંકાર વિના કાવ્ય-રમણી પણ શોભે નહીં એમ કાવ્યાલંકારશાસ્ત્રીઓનું કહેવું છે. પણ એમાંય જો વિવેક ન જળવાય તો અલંકારોને પણ अलम् કહેવાનો અવસર આવે. મારવાડની રમણી ને નાગર-રમણીના દેહાલંકાર પર દૃષ્ટિ કરતાં આ વિધાનનું ઔચિત્ય સમજાશે. અલંકારોના ઠઠેરાથી જેમ દેહની શોભા વધતી નથી તેમ જ કાવ્યાલંકારોના અતિરેકથી પણ કાવ્ય દીપતું નથી. બધું જ મર્યાદામાં શોભે. સાચી વાત તો એ છે કે કાવ્યમાં અલંકારો પ્રયોજવામાં કવિને ક્લેશ થવો જોઈએ નહીં કે સભાન પ્રયત્ન પણ કરવો જોઈએ નહીં. નૈસર્ગિક ક્રમમાં એ આવવા જોઈએ, બલકે એમ પણ કહેવાય કે દાનવીર કર્ણના કવચ કુંડળની જેમ એ કાવ્યના જન્મ સાથે જ સ્વાભાવિક ક્રમમાં જોડાયેલા જન્મેલા હોય, પાણીમાં તેલ તરે એમ નહીં પણ દૂધમાં સાકર ભળે તેમ. વેલનાં ફૂલની જેમ કાવ્યલ્લરી પર એ ફૂટવા જોઈએ. આ તો આદર્શ સ્થિતિ થઈ, પણ પ્રત્યેક કવિની બાબતમાં આવું બનવા પામતું નથી.

વ્યવહાર જગતમાં, સંસાર-ડાહ્યાઓ અનુભવને આધારે જે કહેવતો અને અલંકારોનો ઉપયોગ કરે છે તે કેટલીક વાર કવિને પણ ટપી જાય તેવાં હોય છે. બી. એ. ની મારી એક શિષ્યા એકવાર ઘરે આવી કહે : 'સર! અમારા કુટુંબમાં એક 'કૃષ્ણા' (રંગે શ્યામ વહુ) આવી છે તે જાણે કે 'રાયણના ટોપલામાં જાંબુ.' પૈઠણની વાત કરતાં કહે : 'બકરીની લીંડીએ ટોપલો ન ભરાય, એને માટે તો હાથીનાં લીંડા જોઈએ.' કેટલીક વાર સ્વભાવોક્તિમાંય જે સચોટતા હોય છે તે ઊંચી કોટિના અલંકારોમાં પણ હોતી નથી. મને લાગે છે કે દુનિયાની એક પણ વસ્તુ એવી નથી જેનો કવિ અલંકાર તરીકે ઉપયોગ કરી શકે નહીં. ઉપમાન-ઉપમેયની એની સૂઝ-સમજ પાકી હોય અને જાગ્રત વિવેક હોય તો ઘણીવાર એમાં પરિવેશ અને સર્જકના દૃષ્ટિ-સ્વભાવ પણ મહત્ત્વનો ભાગ ભજવતાં હોય છે. દૃષ્ટિ સૃષ્ટિવાદ પણ ન

ગણ્યા ન ગણાય. એક કામી પુરુષ, સંત પુરુષ, ડૉક્ટર અને ઘોરખોદિયો એકાદ સુંદર સ્ત્રીને કઈ દૃષ્ટિએ જોશે ? બે દૃષ્ટાંત આપું. રાજશેખરસૂરિકૃત 'નેમિનાથ ફાગુ'માં કવિ રાજુલની સમગ્ર દેહયષ્ટિનું વર્ણન કરતાં, ઉપમા, રૂપક, ઉપેક્ષા, વ્યતિરેક, અતિશયોક્તિ અલંકારોનો ઉપયોગ કરે છે. રાજુલના બે નિતંબ માટે કવિ ઉત્પ્રેક્ષા કરતાં લખે છે: 'અહ કોમલ વિમલ નિયંબબિંબ કિરિ ગંગા પુલિણા.'

બે નિતંબ : જાણે કે ગંગા નદીના બે કાંઠા !

જૈન સાધુ કવિ એની નિર્મલ દૃષ્ટિને કારણે પવિત્ર ગંગા નદીના બે કાંઠાની ઉત્પ્રેક્ષા કરે છે, જ્યારે દૂષિત માહોલ-ભ્રષ્ટ પરિવેશને કારણે રાજવી કવિ ભર્તૃહરિ લખે છે :

स्त्रवन्मूत्रक्लिन्नं करिवरकरस्पर्धिजघन ।

ટપકતાં મૂત્રથી ભીની થયેલી જાંઘોને ગજશ્રેષ્ઠની સૂંઢ સમાન કવિઓ વર્ણવે છે. અત્યંત નિંદ્ય વસ્તુને સ્તુતિપાત્ર સમજે છે.

વેદકાળના આપણા ઋષિ-મનીષિઓને વરસતાં વરસાદની ધારામાં અમૃતવર્ષણનું દર્શન થાય છે, જ્યારે રોમાન્ટિક પરિવેશમાં જન્મેલાં પણ દૃષ્ટિ-દોષને કારણે વર્ષાની ધારા કવિ બોદલેયરને જેલના સળિયા જેવી લાગે છે :

'When the rain spreading its immence trails imitates a prison of bars.'

રાજશેખરસૂરિકૃત 'નેમિનાથ ફાગુ'માં ઉત્પ્રેક્ષા ને વ્યતિરેકનાં સારાં દૃષ્ટાંતો છે. દા.ત. રાજુલના મધુર અવાજ માટે બે ઉત્પ્રેક્ષાઓ :

'જાણુ વીણુ રણરણઈ, જાણુ કોઈલ ટહકલડઉ' જાણે કે વીણા રણઝણતી ન હોય ! જાણે કે કોયલ ટહુકાર કરતી ન હોય ! અને જુઓ વ્યતિરેકનું સુંદર દૃષ્ટાંત.

'કરિકર ઉરિ હરિણ જંઘ પલ્લવ કર ચરણા,
મલપતિ ચાલતિ વેલહીય હંસલા હરાવઈ;
સંઝારાગુ અકાલિ બાલુ નહકિરણિ કરાઈ.'

પણ મને આ બધા અલંકારો પરંપરાગત લાગે છે. ઉપમાનું એક સુંદર મૌલિક દૃષ્ટાંત આપું. 'નેમિનાથ રાજુલને પરણવા માટે આવે છે. ભોજન માટે વાડામાં પૂરેલાં ટળવળતાં ક્રંદન કરતાં મૂક પશુઓને જોઈને નેમિનાથ પાછા વળી જાય છે. ઘણા બધા એમને સમજાવે છે પણ વ્યર્થ.' આ પ્રસંગને ચોટદાર ઉઠાવ આપતી કવિ એક ઉપમા પ્રયોજે છે :

'સમુદ્રવિજય સિવદેવિ રામુ કેસવુ મન્નાવઈ,
નઈપવાહ જિમ ગયઉ નેમિ ભવભમણું ન ભાવઈ.'

જેમ નદીનો પ્રવાહ વાળ્યો વાળી શકાતો નથી તેમ નેમિકુમારને કોઈ પણ મનાવીને પાછા વાળી શક્યા નહીં. પર્વતની અડગતા, નિશ્ચલતા કરતાં પણ નદીનાં પ્રવાહની આ ઉપમા વધુ ઉચિત, સચોટ અને સાર્થક લાગે છે. એમાં જે ગતિ અને પવિત્રતાનો ભાવ છે તે પણ રોચક છે. આપણાં લોકગીતોમાં, સંયુક્ત કુટુંબની મધુરપ કે કટુતા વ્યક્ત કરતાં, સાસુ-સસરા, જેઠ-જેઠાણી, દિયર-દેરાણી કે નણંદના સ્વભાવ નિરૂપણમાં પ્રકૃતિનાં અનેક તત્ત્વોનો ઉપમાન-ઉપમેયરૂપે વિનિયોગ થયો છે. પણ કેશવકૃત નેમિનાથ ફાગમાં એક મોંઘા મિષ્ઠાન્નનો જે ઉપયોગ થયો છે તે નવીન ને સૂચક લાગે છે. શ્રી કૃષ્ણ-બલભદ્ર, રૂક્મિણી, જાંબવતી સમેત અનેક ગોપીઓ સાજ સજીને વનમાં ફાગ ખેલવા નીકળી પડે છે ત્યારે નેમિનાથની માતા શિવાદેવી રૂક્મિણી જાંબવતીને, નેમિનાથ પરણવા ઉદ્યુક્ત થાય એવી પેરવી કરવા વિનવે છે ત્યારે કૃષ્ણની અષ્ટ પટરાણીઓમાંની એ બે નેમિનાથને કહે છે, 'સાંભળ દેવર ! ઘેવર સરીખો તુમ અછઈ.' સ્પષ્ટતા કરતાં ડૉ. રમણલાલ શાહ લખે છે, અહીં નેમિનાથને ઘેબરની સાથે સરખાવવામાં આવ્યા છે. દેવર શબ્દની સાથે પ્રાસ મેળવવા માટે. જૂના વખતમાં મોંઘામાં મોંઘી મિઠાઈ તે ઘેબર ગણાતી (પૃ. ૧૩૮). બંનેય દૃષ્ટિએ આ ઉપમા સાર્થક છે.

સામાન્યતઃ ફાગુકાવ્યોમાં નારીનાં નયન, ભમર, કપોલ, વેણી, કટિ, ચરણ, નિતંબ, સ્તન સંબંધે પારંપારિક અલંકારોનો વિનિયોગ થતો જોવામાં આવે છે; પછી તેના કર્તા જૈન કે જૈનેતર કવિઓ હોય. પણ એકમાત્ર અપવાદરૂપે યશોવિજયજીકૃત 'જંબુસ્વામી ગીતા'માં નવીન અલંકારનું નિરૂપણ થયેલું જોવામાં આવે છે, જેનું મહત્ત્વ અલંકાર ઉપરાંત ઐતિહાસિક દૃષ્ટિએ પણ છે. કવિ, નારીએ પહેરેલા નાકના મોતી માટે કહે છે :

'નાકિ મોતી તે બંધૂક બાકિ,
ગોલિકા તે રહ્યો માનું તાકી.' (પૃ. ૨૫૨)
નાકનું મોતી તે જાણે કે બંદૂકની ગોળી !

સ્ત્રીની ઉદર-રોમાવલિ અંગે સંસ્કૃત સાહિત્યમાં કેટલીક ઉત્પ્રેક્ષાઓ જોવા મળે છે, શિવના ત્રીજા નેત્રથી દગ્ધ થયેલો (ભસ્મ થયેલો નહીં) કામદેવ શાંતિ માટે એ રમણીના નાભિવરામાં પડ્યો ને જે દાહ ઊઠ્યો તે ઉદર-રોમાવલિ ! લગભગ આને મળતું એક દૃષ્ટાંત અજ્ઞાત કવિકૃત 'રાણપુર મંડન ચતુર્મુખ આદિનાથ ફાગ'માં જોવા મળે છે. એક યુવતી નીચે નયને પોતાનાં ભીના ચોટલાનું પાણી નીચોવે છે ત્યાં કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે જાણે કે શિવજીના ત્રીજા નેત્રથી ભસ્મ થયેલા કામદેવને સજીવન કરવા તે જલસિંચન ન કરતી હોય !

'નીચોંઈ એક વેણડી કરિ કરી, નીચઉ જોઈ કરી,
મૂકિઉં શંકરિ જે દહીં, મયણ તે સીંચઈ સહી એ રુહી.'

વૃધ્ધિવિજયકૃત 'જ્ઞાનગીતા'નું એક રૂપક ખરેખર નવીન ને રોચક છે.

'પ્રણમી સરસ્વતી સરસ અસરી,
જિનમુખ પંકજે જેહ ભમરી.'

સરસ્વતીદેવી એ જિનેશ્વર ભગવાનના મુખરૂપી કમલની ભ્રમરી છે. શ્રુતદેવી, જિનેશ્વર ભગવાન, એમનું મુખરૂપી કમલ અને ભ્રમરી- આ ચારેયની ચિત્રાત્મકતા પણ નયન-મનોહર છે. એમાં જિનેશ્વર ભગવાન અને શ્રુતદેવીનું ગૌરવગાન પણ છે.

આવી જ ચિત્રાત્મકતાનું સામ્ય, 'અજ્ઞાત કવિકૃત રાણપુરમંડન ચતુર્મુખ આદિનાથ ફાગ'ની આ પંક્તિઓમાં જોવામાં આવે છે :

'સોવન બિજઓરુ અખંડ,
પાણિકમલિ કિસિઉ કેસરપિંડ,
છંડઈ નવ મનભમર તું, જય જવ.'

'ભગવાનના કરકમલમાં સોનાનું બિજોરું મૂકવામાં આવતું તે કેસરના પિંડની જેમ એવું આકર્ષક લાગતું કે મારો મનરૂપી ભ્રમર ત્યાંથી ખસતો નહીં.'

સામાન્ય રીતે એમ કહેવાય છે ને માનવામાં પણ આવે છે કે ફાગુ કાવ્યોમાં જેટલી એના બાહ્ય દેહની ચમત્કૃતિ હોય તેટલી એના આંતરદેહની અર્થચમત્કૃતિ હોતી નથી. રૂપકશૈલીનો આશ્રય લઈને રચાયેલી સળંગ કે સાદ્યંત રૂપકવાળી અનેક ફાગુકૃતિઓ એના આંતરદેહની અર્થચમત્કૃતિ માટે પણ યાદગાર બની રહે તેવી છે, ને તે પણ અધ્યાત્મ જેવા ગહન વિષયનું નિરૂપણ કરતી હોવા છતાં ! અનેકમાંથી એક જ સૂચક દૃષ્ટાંતરૂપે લક્ષ્મીવલ્લભકૃત 'અધ્યાત્મ ફાગ' જોઈએ, જેમાંની આ પંક્તિઓ :

'તનુ વૃંદાવન કુંજને હો, પ્રગટે જ્ઞાન વસંત;
મતિ ગોપિનસું હસિ સવે હો પંચેઉ ગોપ મિલંત,
આતમહરિ હોરી ખેલિયે હો,
અહો મરે લલના,
સુમતિ રાધાજુ કે સંગિ.'

મતલબ કે આ શરીર તે વૃંદાવન છે. એમાં જ્ઞાનરૂપી વસંત ખીલી છે. પાંચ ઈન્દ્રિયો તે પાંચ ગોપ છે, મતિ એ ગોપી છે. આત્મા એ હરિ છે. વસંતઋતુમાં આત્મારૂપી હરિ, સુમતિરૂપી રાધા સાથે હોરી ખેલે છે. તેમાં પાંચે ઈન્દ્રિયોરૂપી ગોપ અને મતિરૂપી ગોપી પણ

જોડાય છે. ઈન્દ્રિયો પોતાના બાહ્ય સ્થૂલ વિષયો છોડીને અંતર્મુખ થાય છે અને ખેલાતી હોરીમાં ભાગ લેવા માટે આત્મારૂપી હરિ જ્યારે પ્રવૃત્ત થાય છે ત્યારે મોહરૂપી તુષોરબિંદુ સરી પડે છે. તે સમયે મિષ્ટ હિતરૂપી ગુણો ગહગહવા લાગે છે અને સત્યરૂપી સમીર વહેવા લાગે છે. સમતારૂપી સૂર્યનું તેજ જેમ જેમ પ્રસરવા લાગે છે તેમ તેમ મમતારૂપી અંધારી રાત્રિની પીડા દૂર થવા લાગે છે.

૧૯૩૪માં હું જ્યારે અમદાવાદમાં એમ. એ.નું ભણતો હતો ત્યારે અમારા એક પ્રોફેસર સાહેબ - પ્રો. શ્રી નવલરામભાઈ ત્રિવેદીએ શામળની કવિતા શિખવતાં એની 'નારી નિંદા'ના સંદર્ભમાં એવું વિધાન કરેલું કે જૈન સાધુ કવિઓનું નારી નિંદામાં ખૂબ મોટુ પ્રદાન છે. શામળ વિષયક એક પુસ્તિકામાં તેમણે આ અંગે લખ્યાની મારી સ્મૃતિ છે. ઉપર આપણે લક્ષ્મીવલ્લભકૃત 'અધ્યાત્મફાગ'નું સાદ્યન્તરૂપક જોયું તો એની અંતિમ કોટિનું, રત્નમંડનગણિકૃત 'નારીનિરાસ ફાગ' પણ જોઈએ. મારી દૃષ્ટિએ આ ફાગ ત્રિવિધરૂપે સ્વતંત્ર ભાત પાડનાર અને ઉપયોગી છે. એક તો પ્રો. નવલરામભાઈ ત્રિવેદી કહે છે તેમ તે ભરપેટે નારી નિંદા કરે છે, પણ એમ કરવા પાછળનો કવિનો આશય નિ:શંક શુભ છે. બીજું ફાગુ કાવ્યોમાં ઉદ્દીપન વિભાવની જે ભાવના છે તેનાથી એકદમ વિરુધ્ધ ને ભિન્ન વિભાવના આ કવિની છે. દા.ત. તેઓ વસંતને મધુમાધવીને સાધ્વી તરીકે ઓળખાવે છે કે જે શમતાના-ઉપશમના રસને પૂરનાર છે.

વસંતઋતુનો મઘમઘાટ કામોદ્દીપક નહીં પણ શીતલતા પ્રેરક છે. ત્રીજું, અજ્ઞાતકવિકૃત 'વસંતવિલાસ'ના અલંકારો કરતાં એની નવીનતા, સચોટતા, ઔચિત્ય અને મૌલિકતામાં 'નારી નિરાસ ફાગ'ના અલંકારો ઓછા ઊતરે તેવા નથી. કેટલાંક દૃષ્ટાંત જોઈએ. તે કહે છે, 'નારીનો ચોટલો વેણી દંડ નથી પણ જમનાના જલમાં રહેતો કાલિયનાગ છે. નારીના સેંથામાનું સિંદુર એ સિંદુર નથી પણ આકાશમાંથી જેમ ઉલ્કા ખરે તેમ એ રક્તવર્ણી લાંબી દાહક રેખા છે. નાયિકાની બે વાંકી ભ્રમરો તે ધનુષ્ય છે અને એનાં નયનકટાક્ષ તે શરસમૂહ છે. યુવતીની બે વાંકી ભ્રમરો અને નાક પર કરેલું લાંબુ તિલક એ ત્રણે મળીને ત્રિશુલની ત્રણ પાંખડીઓ છે. નારીની નાસિકા પરનું નિર્મળ માણેક જે તને કમલબિંદુ સમાન મોહક લાગે છે પણ તેની ક્ષણભંગુરતાનો વિચાર કર. નારીના અધર અમૃત-મધુર કહેવાય છે પણ તે તો વિષની જંગમ વેલ છે. નારીની કમલપાંખડી જેવી આંખડી એ તો વિષ-સલિલથી ભરેલી તલાવડી છે. અને એની પાંપણો તે તેની પાળ છે. નારીનું મુખ એ તો નરકનું દ્વાર છે. એના કપોલ તે માણસને પૂરી દેવાનું કબાટ છે. એના કર્ણના કુંડલ તે અગ્નિકુંડ છે. એના ગળાનો હાર તે વાસૂકિ છે. એના કંઠમાંથી નીકળતા સ્વરો તે ડાકિનીના મંત્રો છે. એના અમૃતકળશ સમા કહેવાતા સ્તન તે ખરેખર તો કાદવના ડુંગર છે. અથવા તરત પરાજિત કરી નાખનાર બે બળવાન યોદ્ધા છે. એની ત્રિવલિ તે વમળ જેવી કપટભરી રેખા છે જે ડુબાડી દે છે. એની નાભિમાં દૃષ્ટિવિષ મદન છૂપાઈને બેઠો છે. એની કટિ તે મદનરૂપી પારધિના હાથની લાકડી છે. એના કંકણનો રણકાર તે કણ વગર રડવડતા રંકના અવાજ જેવો છે. વસ્તુત: નારીનો સમગ્ર દેહ વિષમય છે, વિષનું વન છે. એવા વિષયવૃક્ષોને ઉગેલાં ફળ ન ખવાય, ન ચવાય, એની ડાળીએ ન ઝુલાય અને એ વિષવૃક્ષોનો છાંયડો પણ ન લેવાય.'

આવું બધું વાંચતાં ભતૃહરિનાં 'વૈરાગ્યશતક'નો વીસમો શ્લોક યાદ આવે છે :

સ્તનૌ માંસગ્રન્થી કનકકલશાવિત્યુપમિતૌ
મુખં શ્લેષ્માગારં તદપિ ચ શશાંકેન તુલિતમ્ ।
સ્રવન્મૂત્રક્લિન્નં કરિવરકરસ્પર્ધિ જઘન-
મહોનિન્દ્યં રૂપં કવિજનવિશેષૈર્ગુરુ કૃતમ્ ।।

અલંકાર-પ્રદેશે વર્ણસગાઈનું મહત્ત્વ ઝાઝું નથી પણ જિન-પૂજાર્થે જતી-ચાલતી નારીવૃંદનું આ ગતિશીલ ચિત્ર રોચક છે :

'અહે ચમકઈ ચાલઈ ચાચરિ ચંદવદનિ ચડી રંગી;
ચરણિ ચરણિ ચિરસાચિય ચૂરઈ દુરિય ચી ભંગિ.'

રથારૂઢ નેમિનાથની જાન પાછળ ચાલતું યાદવજાનૈયાનું વૃંદ તે જાણે કે ભાદરવા મહિનાનાં વાદળ !

'પુટ્ઠિહિ ચાલિય યાદવ
ભાદવ કિરિ ઘનવૃંદ.'

શંખ ફૂંકતા નેમિનાથ-વિષયક ઉત્પ્રેક્ષા કેટલી સચોટ છે :

'લાલ હોઠ ઉપરિ ઠાયો, સોહઈ સંખ વિશાલ,
માણું રક્તમલદલિ, બઈઠો રાજમરાલ.'

અને આ ઉત્પ્રેક્ષા પણ ઓછી રોચક નથી :

'મંજુલ મંજરિ મહમહઈ, આંબા લુંબિ વિચિત્ર,
જાણું દેવઈએ ઘડ્યા મયણરાય શિરછિત્ર.'

ઘટાદાર આમ્રવૃક્ષ પર ભરચક્ક મહોરેલી મંજરીઓ જાણે કે મદનરાજ માટે દેવે શિરછત્ર ન કર્યું હોય એવી લાગે છે.

વિવિધરંગે રંગાયેલા યાદવો અને વચ્ચે ચાલતી ગોપીઓ માટેનું આ રૂપક જુઓ :

'જોરે તોરે જાદવા રે, જલધર વરણી દેહો રે,
ગોપી બિચમેં વિજલી રે, સોહે અધિક સનેહોરે.'

યાદવો જલધર જેવા ને ગોપીઓ વીજળી જેવી શોભે છે.

અને વન માટેનું આ સજીવારોપણ :

'સોહે સબ વનરાય વસંત મુઝરો કરે.'

એક સુંદર તર્કનું સચોટ દૃષ્ટાંત પણ જોવા જેવું છે :

નેમિનાથ લગ્ન કર્યા વિના મોક્ષરમણીને વરવા ચાલ્યા જાય છે ત્યારે રાજિમતી તર્ક કરે છે : જે મોક્ષરમણીએ મારા પ્રિયતમને આકર્ષ્યા છે તે મારા કરતાં કેટલી વધુ રૂપાળી છે તે જોવાં હું જાઉં છું.

'પિઉ-પહિલી તે પહુતી મુગતે, મુઝ બહિની દેખુ જુગતે;
મુઝને પ્રીતમ પહિલી છોડી, જિમ મોખ-વધૂ સો પ્રીત જોડી.'

ફાગુ કાવ્યોમાં વનની વસંતશ્રીનું વર્ણન હોય એટલે આવી ઉપમાઓ કે ઉત્પ્રેક્ષાઓ તો અનેક ફાગુ કાવ્યોમાં, કેટલાકમાં પરંપરાથી તો કેટલાકમાં સ્વતંત્ર રીતે જોવા મળે છે. દા.ત.

(૧) જેમ વસંતાગમન થતાં ચંપાની કોમલ કળીમાં તેનો પરિમલ સમાતો નથી તેમ પિયુ પરદેશ ગયો હોય તેવી યૌવનમાં આવેલી બાલાના હૈયામાં વિરહ દુ:ખ સમાતું નથી.

(૨) કેળની શાખાઓ કામદેવના વિજયધ્વજની જેમ ફરકી રહી છે.

(૩) પ્રફુલ્લિત બનેલાં કેસૂડા એવાં શોભી રહ્યા છે કે વનશ્રીએ જાણે કે નવરંગ ઘાટડી ઓઢી ન હોય.

(૪) તમાલની કોમલ કુંપળ વિરહી પથિકના ચિત્તમાં જાણે કે તલવાર બનીને ભોંકાય છે.

આમ, જો કે ફાગુકાવ્યસૃષ્ટિના વાગ્‌વિકલ્પોનો વૈભવ અપરિમેય હોવા છતાં અહીં આપણે સાગરકાંઠાનાં છબછબિયાંની જેમ યથારુચિ-યથાશક્તિ-વાગ્‌વૈભવ માણ્યો-લૂંટ્યો. આ લૂંટના નિષ્કર્ષરૂપે કહેવાનું મન થાય છે કે ફાગુ-કાવ્ય પ્રકારને ખેડનારા કવિઓ ભલે શૃંગારના ઉપશમને તાકતા હોય કે ન તાકતા હોય, પણ કથાનિરૂપણને રસકોટિએ પહોંચાડવા માટે શબ્દાર્થની રમણીયતાને પ્રગટ કરવા માટે રૂપવિધાયિની શક્તિરૂપ-કલ્પનાને ખપમાં લઈને નાયક-નાયિકાના આંતરપ્રવાહોને, તેમના દેહવૈભવને તેમ જ પ્રાકૃતિક પરિવેશને પ્રગટાવવામાં કવિ-સામર્થ્યની પ્રતીતિ કરાવે છે. પરંપરાગત ઉપમેય-ઉપમાનની સૃષ્ટિ પાર્શ્વભૂમિમાં ખસેડી દઈ નવા વિસ્ફોટ-વિસ્મયનો આનંદ આપે તેવાં સ્થાનો આપણે ઉપર નોંધી શક્યા છીએ. શબ્દાલંકાર હોય કે અર્થાલંકાર તેનો કેવળ આડંબર ન લાગે તેવી રીતે કવિઓની રચનામાં ક્યાંક એવાં સ્થાનો શોધી શકાય છે તે દિશાનો અહીં પ્રયત્ન રહ્યો છે.

❖❖❖

# કર્કશ કષાયોનો કંકાશ

■ ડૉ. બિપિનચંદ્ર હિરાલાલ કાપડિયા

કષાયો અત્યંત ભયંકર બીના છે. તેનાથી જીવની ભયંકર બરબાદી થાય છે. જીવનાં જે શુદ્ધ સ્વરૂપને કલુષિત કરે, હાનિ કરે તેને કષાય કહેવાય. કષ એટલે સંસાર, અને આય એટલે લાભ કે પ્રાપ્તિ. જેનાથી સંસારમાં ખેંચાવાનું થાય, પડવાનું થાય; મૂળ સ્વભાવ કે ગુણોનો ક્ષય થાય. હ્રાસ થાય તેને કષાય કહેવાય. કષાયના લીધે સંસારની વૃદ્ધિ થાય. આ કષાયના ચાર પ્રકારો છે : ક્રોધ, માન, માયા અને લોભ. શાસ્ત્રકારોએ તેને ભયંકર અધ્યાત્મદોષો કહ્યા છે. 'કોહં ચ માણં ચ તહેવ માયં, લોભં ચઉત્ય અજઝત્થદોસા ।'

આ દરેક ચાર કષાયના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખાનીય અને સંજ્વલન એવા ચાર ચાર પ્રકારો પડે છે. આ સોળ પ્રકારના કષાયોને જન્મ આપનાર નવ નોકષાયો છે, જેવાં કે હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસક વેદ, અત્ર વેદ શબ્દનો અર્થ કામ સંજ્ઞા Sexual instict સમજવી.

કષાયો કર્મબંધનું પ્રબળ કારણ હોઈ શાસ્ત્રકારોએ તેનાથી દૂર રહેવાનો વારંવાર ઉપદેશ આપ્યો છે. ચાર કષાયોથી ભવભ્રમણ વધી જાય છે કારણ કે તેનાથી જીવ કલુષિત થાય છે. તેથી તેનો બીજો અર્થ જીવને કલુષિત કરે તે કષાય. શ્રી પ્રજ્ઞાપના સૂત્રનાં તેરમા પદે કહ્યું છે કે :

સુહદુહબહુસહિયં કમ્મખેત્તં કસંતિ જં સ જમ્હા ।
કલુસંતિ જં ચ જીવં, તેણ કસાઈત્તિ વુચ્ચંતિ ।।

જે ઘણાં સુખદુ:ખથી સહિત એવાં કર્મરૂપી ખેતરને ખેડે છે અને જે જીવને કલુષિત કરે છે, તેથી તેને કષાય કહેવાય છે. કષાયોને દૂર કરવાનું કામ કઠણ છે પણ અસંભવિત નથી. તે સુપ્રયત્નાધીન છે. જેવી રીતે ત્રિદોષનું જોર વધે તો વ્યક્તિને સંનેપાત થાય ત્યારે તેની દવા કરાય છે. ક્રોધની સામે ક્રોધ કરે તો કષાયકર્મનો સંનિપાત થયો ગણાય. શાંતિ જાળવવાથી ક્રોધને જવું જ પડે. કષાયોને દૂર રાખવા. તેને દુશ્મન ન ગણી વિશ્વબંધુત્વની ભાવના રાખી નિભાવી લેવાથી તે નષ્ટ થઈ શકે છે. કોઈ કોઈનું બગાડતું નથી. બગડવાનું કારણ આપણે પોતે જ છીએ. બીજા જેમ નિમિત્ત માત્ર છે તેમ કષાયોના ઉદ્દીપન માટે કર્મો નિમિત્તમાત્ર છે. આવાં પ્રકારના વિચારોથી આત્માને કેળવતા રહેવાથી શુદ્ધ વિચારો વડે ભયંકર અને જોરદાર કષાયો સહેલાઈથી જીતી શકાશે. કષાયોની ભયંકરતા અણુબોંબ કે અણુશસ્ત્રો કરતાં પણ વધારે નુકશાન કરે છે.

જં અજ્જિઅં ચરિત્તં દેસૂણાએ પુવ્વકોડીએં ।
તં પિ કસાઈયચિત્તો હારેઈ નરો મુહુત્તેણં ।।

ન્યૂન એવા ક્રોડપૂર્વ સુધી ચારિત્રનું પાલન કરી જે કમાણી કરી હોય તે કષાયિત ચિત્તવાળો મનુષ્ય બે ઘડીમાં જ હારી જાય છે. કષાયોવાળા અધ્યવસાયોથી સ્થિતિ અને રસનો બંધ પડે છે. કષાયોની અસર વિચારો પર પડે છે, તેથી આત્મા ધમાધમ કરે છે. કષાયોની અસર જેટલી ઓછી તેટલી આત્માની મલિનતા ઓછી.

જેવી રીતે તાવ માપવા માટે થર્મોમિટર હોય છે તેવી રીતે જૈનદર્શનમાં આત્મિક ગુણો જેવાં કે જ્ઞાન, દર્શન, ચારિત્રના વિકાસના ક્રમિક વિકાસ દર્શાવવા માટે ચૌદ પગથિયાની સીડીની કલ્પના કરવામાં આવી છે. આ સીડીને ગુણસ્થાનક કે ગુણસ્થાન કે ગુણઠાણ કે ગુણઠાણાં દર્શાવનારી સીડી તરીકે ઓળખાય છે. આ સીડીનું પહેલું પગથિયું મિથ્યાત્વ ગુણસ્થાન ગણાય છે. અહીં આત્માને રાગદ્વેષનાં ગાઢ પરિણામ હોય છે. તો પછી તેને ગુણસ્થાન કેમ કહેવાય ? અહીં આત્માના જ્ઞાનાદિ ગુણોનો આંશિક જ વિકાસ થયો હોય છે; નહીંતર જડ ચેતન તેનો ભેદ કેવી રીતે શક્ય બને ? આત્મવિકાસની ખરી શરૂઆત ચોથા ગુણસ્થાનકથી થાય છે. અહીં મિથ્યાત્વ જાય એટલે સમ્યક્ત્વ આવે. પાંચમે ગુણસ્થાનકે અવિરતિનો અમુક અંશ ઓછો થાય એટલે દેશવિરતિ આવે. છઠ્ઠે ગુણસ્થાનકે અવિરતિ પૂરેપૂરી જાય એટલે સર્વ વિરતિ આવે. સાતમે ગુણસ્થાને પ્રમાદનો પરિહાર થાય ત્યારે આત્મામાં જાગૃતિ આવે. આઠમો ગુણસ્થાન પામેલો જીવ સંયતાત્મા હોઈ આગળ વધતાં નવમા ગુણસ્થાનકે આવે. અહીં બધાં આવેલાં જીવોના અધ્યવસાયો સરખા હોય છે. દરેક સમયમાં અનુક્રમે અનંતગુણ વિશુદ્ધ અધ્યવસાયો સરખા હોય છે, કષાયો અહીં દશમા ગુણસ્થાનકની અપેક્ષાએ બાદર હોય છે. આત્મા સ્થૂળ કષાયોથી સર્વથા નિવૃત્તિ પામ્યો હોય. પણ સૂક્ષ્મસંપરાય એટલે સૂક્ષ્મ કષાયોથી મુક્ત હોય તે આત્માની અવસ્થા એટલે સૂક્ષ્મ સંપરાયગુણસ્થાન છે.

કષાયો દશમા ગુણસ્થાન સુધી આત્માને છોડતા નથી, અહીં લોભ કષાયનું જોર વધારે હોય છે. તેને દૂર કરવા ભારે પુરુષાર્થ કરવો પડે છે. મહર્ષિ કપિલની કથા આનું ઉદાહરણ છે. લોભ ક્રમિક વધતો જ ગયો, આખું રાજ્ય માગી લીધું અને છેવટે સાચું ભાન થતાં બધું જ છોડી દીધું ને ?

બારમા ગુણસ્થાનકે મોહનીય કર્મ સર્વથા ક્ષીણ થયું હોય. અનંતાનંત વર્ષોથી જેનું વર્ચસ્વ હતું તે દૂર થતાં કેવો આનંદ થાય ? આ કક્ષાના આત્માને વીતરાગી કહેવાય.

અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાયોનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થતાં જીવ ચોથા ગુણસ્થાનકે પહોંચે છે. અપ્રત્યાખ્યાતીય ચાર કષાયોને ક્ષયોપશમ પાંચમા ગુણસ્થાનકે થાય છે. પ્રત્યાખ્યાનીય ચાર કષાયોને ઉપશમ કે ક્ષયોપશમ કે ક્ષય માટે જીવ છઠ્ઠા, સાતમા ગુણસ્થાને શુદ્ધિ વધારે છે. આઠમા ગુણસ્થાન કે સંજ્વલન લોભ સિવાયની બાકીની સર્વ કષાય-નોકષાય મોહનીય કર્મની પ્રકૃતિઓનો ઉપશમ કે ક્ષય કરે છે. દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાને જીવ શ્રેણિમાં આગળ વધી છેલ્લાં સમયે સંજ્વલન લોભના ઉદયને અટકાવે છે. આ શ્રેણિમાં ઉપશમક જીવ અગિયારમા ઉપશાંત મોહગુણસ્થાનકથી પાછો પડે છે; જ્યારે ક્ષપક જીવ ૧૧મું ગુણસ્થાનક ઓળંગી ૧૦માથી સીધો ૧૨મા ગુણસ્થાને આવે છે.

ગુણસ્થાનકની સમકક્ષ આત્માના વિકાસની પદ્ધતિને આઠદષ્ટિમાં વિભક્ત કરાઈ છે. પ્રથમ અને દ્વિતીય દૃષ્ટિમાં જે યમનિયમાદિ થાય છે તે ઓઘ સમજવા. પંચમ દૃષ્ટિમાં યમનિયમ સમ્યગ્ જ્ઞાનપૂર્વક અતિવિશુદ્ધ હોય છે. તેનાથી દેશવિરતિ-સર્વવિરતિ ગુણ પ્રાપ્ત થાય છે. જે અનુક્રમે પંચમ અને છઠ્ઠું ગુણસ્થાનક હોય છે. સર્વવિરતિમાં

વર્તતા જ્યારે અપ્રમાદ ગુણ પ્રાપ્ત થાય છે ત્યારે સપ્તમ ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. આ છઠ્ઠી કાન્તા દૃષ્ટિમાં જીવ જ્યારે આવે છે ત્યારે તે સાતમા ગુણસ્થાનમાં વર્તે છે. અહીં તેના બાહ્યાચારો ક્રિયા, અનુષ્ઠાનો એવાં શુદ્ધ થઈ જાય છે, પુણ્યાનુયોગ થાય છે જેથી તે કર્મો ભોગવે છતાં પણ આસક્તિ ન હોવાથી ભોગ ભોગવતો હોવા છતાં પણ આગળ ને આગળ પ્રગતિ કરતો જાય છે. કષાયોને જે ઉદ્દીપન કરે તેને નોકષાય કહે છે. નવ નોકષાયો દ્વારા ચાર કષાયો કાર્યાન્વિત થાય છે. તે પણ પરિહરવા લાયક છે. મુહપત્તિના પડિલેહણમાં તેમાંથી છનો ઉલ્લેખ આપણે આ રીતે કરીએ છીએ : હાસ્ય, રતિ, અરતિ પરિહરું, ભય, શોક, દુગુંચ્છા પરિહરું. ચાર કષાયો જો પ્રધાન ગણાય તો નોકષાય ગૌણ ગણાય. અનંતાનુબંધી કષાય સંસારની વૃદ્ધિ કરે છે. તે જીવન પર્યંત રહે છે. નરકગતિમાં લઈ જાય, સમકિતની પ્રાપ્તિ ન થવા દે. જો તે હોય તો તે જતું રહે.

અપ્રત્યાખાનીય એક વરસ રહે. તિર્યંચ ગતિમાં લઈ જાય. દેશવિરતિ ગુણને રોકે. વ્રતાદિમાં અંતરાય થાય.

પ્રત્યાખ્યાનીય ચાર માસ રહે. મનુષ્ય જન્મ મળે. સર્વવિરતિ ગુણને રોકે, બાધક છે.

સંજ્વલન પંદર દિવસ રહે. દેવલોકમાં લઈ જાય. યથાખ્યાત ચારિત્રને રોકે છે.

કષાયો જેમ જેમ મંદ થાય તેમ તેમ ઊંચી ગતિનું અનુસંધાન જાણવું. કષાયો મંદ થવાથી જીવના અધ્યવસાયો શુભપણે કાર્યરત થવાથી સારી ગતિ મળે છે. તેથી જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે 'કષાય મુક્તિ: કિલ મુક્તિરેવ.' કષાયોમાંથી મુક્ત થવું એ સાચી મુક્તિ છે. આ ક્યારે બને ? કષાયો જ્યારે પાતળા પડે ધીરે ધીરે નષ્ટ થાય ત્યારે તેઓ વિલીન થઈ શકે. પણ તે ક્યારે બને ? ઈન્દ્રિયોના સંયમ અને વિષય-કષાયની મંદતાથી પ્રશાંતવાહિતા પ્રાપ્ત થાય છે.

અચરમાવર્તકાળ સુધી જીવ પુદ્‌ગલાનંદી કે ભવાભિનંદી હોય છે. તેની આંખ સાંસારિક કે દૈવી સુખ પર જ ચોંટેલી હોય છે. જ્યારે તેવો જીવ પુણ્યના પ્રતાપે ચારમાવર્તકાળમાં આવે ત્યારે દિલમાં રહેલો સંસાર નહીંવત થતો જાય; કેમકે આપણે સંસારમાં અનંતોકાળ ભટક્યા તે સંસારનાં સુખો જીવતાં હતાં માટે. બાહ્ય દૃષ્ટિએ ચાર ગતિ રૂપ સંસાર અને આંતર દૃષ્ટિએ વિષય-કષાય રૂપ સંસારનું અસ્તિત્વ હતું. વિષય-કષાય રૂપ સંસાર જો જીવતો ન હોત તો આટલું ભટકવું ન પડ્યું હોત. સંસાર તો પછી ક્યાં સુધી દિલમાં ચોંટી રહે ? જ્યાં સુધી બોધિ-સમ્યક્ત્વ કે સમ્યગ્દર્શન ન પમાય ત્યાં સુધી ને ? સુખો ઉપરના રાગનું જોર જીવની આંખ ઉઠવા દે નહીં; અને ત્યાં સુધી સાચી દિશા તરફ નજર કરવાનું સૂઝે નહીં, મન પણ ન થાય. અચરમાવર્તકાળ સુધી જીવ માત્રની દશા એવી જ હોય; સુખો ઉપરથી આંખ ઊઠે જ નહીં. ચરમાવર્તકાળમાં પણ જ્યારે સંસારકાળ અર્ધપુદ્‌ગલપરાવર્તથી ન્યૂન થયો હોય ત્યારે સાચી દિશા સૂઝે, તે તરફ ગતિ કરે, કષાયો મંદ મંદતર, મંદતમ બનતાં જ જાય અને સંબોધિ પ્રાપ્ત કરી આત્મકલ્યાણ કરી શકે. વધુ સ્પષ્ટ કરી કહેવું હોય તો ચરમાવર્તકાળમાં જીવને સમ્યગ્દર્શન ગુણનો વિચાર પેદા થાય તે માટેની જરૂરી સામગ્રી મળે ત્યારે આ શક્ય બને. જરૂરી સામગ્રી આ પ્રમાણે છે : મનુષ્યપણું, આર્યદેશ, શ્રુતિ અને શ્રદ્ધા જે અત્યંત દુષ્પ્રાપ્યા છે. વળી તદુપરાંત સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર અને સમ્યગ્દર્શન વધારેમાં હોવાં જ જોઈએ.

સંસારના સુખના રાગ ઉપર અને એ રાગે જન્માવેલા દ્વેષ ઉપર દ્વેષ પ્રગટવો જોઈએ, તે માટે ગ્રંથિભેદ કરવો જોઈએ. અપૂર્વકરણ વિના તે ભેદાય નહીં જે માટે સુખના રાગ ઉપર અને એ રાગે જન્માવેલા દ્વેષ ઉપર ખૂબ ખૂબ દ્વેષ કેળવવો પડે. જે કાર્ય સંસારની નિર્ગુણતાનું ભાન અને ધર્મશ્રવણેચ્છા આદિથી થતી પરિણામની શુદ્ધિ ક્રિયાન્વિત થતી રહે છે. અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ આત્મપરિણામો જ છે ને ? ઘન અને ઘટ્ટ અથવા ગાઢ રાગદ્વેષનું પરિણામ એ કર્મગ્રંથિનું લક્ષણ છે. સંસાર એટલે વિષય અને કષાયની અનુકૂળતાનો રાગ. એથી વિષય-કષાયની પ્રતિકૂળતાનો દ્વેષ સંભવે ને ? જીવે વિષય-કષાયની અનુકૂળતાને સુખ માન્યું તેમ વિષય-કષાયની પ્રતિકૂળતાને દ્વેષ માન્યું. તેથી વિષય-કષાયની અનુકૂળતાનો રાગ અને પ્રતિકૂળતાનો દ્વેષ તજવાનો ભાવ અપૂર્વકરણમાં હોય જ. ઉપર જણાવેલી અનુકૂળતા અને પ્રતિકૂળતાએ આત્માની ખરેખરી પાયમાલી કરી છે. ઉપર આપણે અનુકૂળતા પ્રતિકૂળતા દ્વારા જે સુખદુ:ખનો વિચાર કર્યો એ જ સુખદુ:ખનું કારણ છે અને તે મુજબ વર્તવું તે ઘાતી કર્મોને સુદૃઢ બનાવવાનું અને જોરદાર બનાવતું પ્રધાન કારણ છે.

સમ્યગ્દર્શનના પાંચ લક્ષણો છે. સમ્યગ્દર્શન પ્રગટે એટલે માત્ર અનંતાનુબંધી કષાયોનો ઉદયાભાવ હોય પણ ત્રણ બીજાં કષાયોનો ઉદયનો અભાવ હોય નહીં ને ? નિશ્ચય સમ્યગ્દર્શનની અપેક્ષાએ ઉપશાંતાદિ ભાવોના પ્રગટીકરણ માટે અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન કષાયોના ઉદયાભાવની અપેક્ષા રહેતી નથી. સમ્યગ્દર્શનનું એક લક્ષણ શમ અથવા પ્રશમ છે. કષાયોની પરિણતિથી જીવ ને કેવાં કેવાં કડવાં ફળોની પ્રાપ્તિ થાય છે એ સંબંધી વિચારણાદિથી પ્રશમભાવ પેદા થઈ શકે છે, વૃદ્ધિ પણ પામી શકે છે. સમ્યક્ત્વનું ચોથું લિંગ અનુકંપા છે. તે દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે હોય છે. અનુકંપાહીનતા કષાયભાવની ઉત્તેજક છે અને અનુકંપાશીલતા કષાયભાવની શામક છે. સમ્યક્ત્વને પામેલા જીવને અનંતાનુબંધી કષાયોનો રસોદય હોતો નથી, પરંતુ અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની અને સંજ્વલન એ ત્રણે કષાયોનો રસોદય સમ્યગ્દૃષ્ટિને હોવો સંભવિત છે. આ ત્રણે પ્રકારોના કષાયો કોઈને અનંતાનુબંધી જેવા જોરદાર હોય કે પછી સંજ્વલન જેવા મંદ હોય. જો સંજ્વલન કષાય અનંતાનુબંધી જેવો જોરદાર હોય તો કષાયવાળામાં સમ્યક્ત્વનાં અને વિરતિનાં પરિણામો છે કે નહીં તેવો ભ્રમ અન્યોમાં પેદા કરી શકે. હોય સંજ્વલન પણ ઉદય અનંતાનુબંધીનો હોય તેવી કલ્પના થાય તેવું બની શકે.

અપ્રત્યાખ્યાની કષાયોનો રસોદય દેશવિરતિના પરિણામને અને પ્રત્યાખ્યાની કષાયોનો રસોદય સર્વવિરતિના પરિણામને પેદા થવામાં અટકાયત કરનારો છે. તેથી દેશવિરતિધર સુશ્રાવકને પ્રત્યાખ્યાની અને સંજ્વલન સિવાયના કષાયોનો રસોદય હોઈ શકે. સર્વવિરતિધર ભાવસાધુને સંજ્વલન સિવાયના કષાયોનો રસોદય હોઈ શકે નહીં. ચાર કષાયોમાંથી છેલ્લાં ત્રણ અનંતાનુબંધી કષાયો જેવાં બને તે સંજ્વલન કષાયોના રસોદયવાળા માટે ભયરૂપ છે. કોઈ વાર એવું ભારે પતન થઈ જાય કે એ જીવ પુન: અનંતાનુબંધી કષાયોના રસોદયવાળો બની જાય. તેથી કષાય માત્રથી સાવધ રહેવું જોઈએ. કષાયો જીવનો કેવો ચિત્રવિચિત્ર કસ કાઢે છે !

મિથ્યાત્વમોહનીયના મુખ્ય બે પ્રકારો છે, જેવાં કે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. દર્શનમોહનીયની સાત પ્રકૃતિઓ જેવી કે સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય અને ચાર કષાયો મળી સાત ભેદ થાય. દર્શનમોહનીયની આ સાત પ્રકૃતિનો ઉપશમ થવાથી ઉપશમ સમ્યક્ત્વ થઈ શકે. મુહપત્તિના પડિલેહણમાં આ ત્રણ બોલો આપણે બોલીએ છીએ. 'સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય પરિહરું.' દર્શન સપ્તકનો ક્ષય કરવા દ્વારા ક્ષાયિક સમ્યગ્દર્શન ગુણ પામીને કેટલાક આત્માઓ અટકી પણ જાય. વળી દર્શનસપ્તકમાં ચાર કષાયો જેવાં કે ક્રોધ, માન, માયા અને લોભને પણ સ્થાન મળ્યું છે. કષાયોએ ક્યાં ક્યાં પ્રવેશ નથી કર્યો, ક્યાં ક્યાં ઘૂસ નથી મારી, ક્યાં ક્યાં વર્ચસ્વ નથી જમાવ્યું તે તરફ જરા દૃષ્ટિપાત કરી લઈએ. 'પંચેદિયસંવરણો'માં નવવિહ બંભચેર ગુત્તિધરો ચઉવિહકસાયમુક્કો છે. '૨૫ બોલમાં' ચાર કષાયો આવે છે. 'ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં'માં જોમે ચઉણ્હં કસાયાણં છે. 'સુગુરુવંદન સૂત્ર' (પહેલાં અને બીજા વાંદણામાં) કોહાએ, માણાએ, માયાએ, લોભાએ આવે છે. 'જો મે રાઈઓ (દેવસિઓ) અઈયારો'માં કાઈઓ, વાઈઓ... ચઉણ્હં કસાયણં... 'તસ્સ મિચ્છામિ દુક્કડં' પણ સ્થાનાપન્ન છે. 'અઢાર પાપસ્થાનકો'માં છટ્ઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ છે. 'ઈચ્છામિ પડિક્કમિઉં જો મે રાઈઓ (દેવસિઓ)'માં ચઉણ્હં કસાયાણં છે. 'આયરિય ઉવજઝાએ'માં જે મે કેઈ કસાયા સવ્વે તિવિહેણ ખામેમિ છે. 'શ્રી સીમંધર સ્વામી'ના દુહામાં જે ચારિત્રે નિર્મળા જે પંચાનન સિંહ વિષય કષાયે ન ગંજીયા તે પ્રણમું નિશદિન (૨) 'નમોऽસ્તુ વર્ધમાનાય'માં કષાયતાપાર્દિત જંતુ મિવૃતિં કરોતિ યો જૈનમુખામ્બુદોદ્‌ગતઃ છે. દેવસિક પ્રતિક્રમણ પાળતાં 'ભગવાન પાર્શ્વનાથ'ની સ્તુતિમાં ચઉક્કસાય પડિમલ્લુલ્લુરણુ....સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉં છે. આ રીતે લાંબુ ન કરતાં ધાર્મિક અનુષ્ઠાન, ક્રિયાકાંડ, સજઝાયમાં ચાર કષાયોનો ઉલ્લેખ કરાયો છે. તેથી આપણે આ નિષ્કર્ષ પર સહજ રીતે આવી શકીએ કે વિષય અને કષાયો પર સંસારનો મહેલ ચણાયો છે ?

ભવાટિમાં ભટકતાં જીવો માટે કષાયોની પ્રચુરતા બરબાદી સર્જે છે તેવી રીતે તેની બાદબાકી આબાદી સર્જે છે.

ચાર કષાયો ક્રોધ, માન, માયા અને લોભ. એતદ્‌વિષયક ચારેની સજ્ઝાય 'શ્રી જિન નિત્ય કર્મ માર્ગોપદેશિકા' પૃ. ૫૨ થી ૫૭ પર 'કડવાં ફળ છે ક્રોધનાં, જીવ માન ન કીજીએ, સમકિતનું મૂળ જાણીયેજી, તમે લક્ષણ જોજો લોભનાંરે' એમ ચારેયની સજ્ઝાયો પ્રગટ કરી છે.

અનુકંપા જે સમ્યગ્દર્શનનું ચોથુ લિંગ છે તેનો એવો ભાવ છે કે જેની રમણતા વધવાથી કષાયભાવ મંદ મંદ કોટિનો બનતો જાય. અનુકંપાહીનતા કષાયભાવની ઉત્તેજક છે અને અનુકંપાશીલતા કષાકયભાવની શામક છે. આથી સમ્યક્ત્વી જીવો અનુકંપાશીલ બનીને ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓને બલહીનાદિ બનાવવાનું કાર્ય કરે તે સ્વાભાવિક છે. કષાયોનું જોર અનુકંપાભાવમાં અંતરાય કરનારું છે, અને અનુકંપાભાવનું જોર કષાયભાવને મંદ કરનારું છે. સમ્યક્ત્વ પામેલા આત્માઓના અપ્રત્યાખ્યાનાદિ કષાયો જોરદાર હોઈ શકે છે તેમ જ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ માટે પ્રસંગોપાત્ 'એ ક્યાં અનુકંપાશીલ હતા' એવો પ્રશ્ન પ્રસંગ વિશેષને અનુલક્ષી પૂછી શકાય. તેથી સમ્યક્ત્વને વિષે નિર્મળ બનાવનારાઓએ તથા તેને સંરક્ષિત કરવા માટે અનુકંપાભાવને યત્નશીલ રહેવું જોઈએ.

અનુકંપાભાવ મિથ્યાદૃષ્ટિ આત્માઓને તેમના મિથ્યાત્વના વમનમાં તેમજ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં સહાયક બને છે. અનુકંપાભાવનું જોર કષાયો મંદ બનાવનારૂં હોવાથી મિથ્યાદૃષ્ટિઓને સમ્યક્ત્વની પ્રાપ્તિમાં અનુકંપાભાવ સહાયક બને છે.

બોધિ આવતાની સાથે જ વિષય અને કષાયની તાકાત નબળી પડી જાય છે. બોધિવાળો આત્મા વિષયકષાયને મુક્તિસાધક બનાવી શકે છે. આટલી ચર્ચા પછી જાણવું જોઈએ કે કષાયો જીવના ભયંકર શત્રુઓ છે તેમ જાણી કષાયો ઉપર વિજય મેળવવા માટે ઉત્સાહિત બની વિષયો પર વિજય મેળવી શ્રી જિનેશ્વરની આજ્ઞા પ્રમાણે જીવી જાણવું જોઈએ. ભગવાનની આજ્ઞાનુસાર જીવીને પણ અપ્રત્યાખ્યાની કષાયો દેશથી વિરતિ પાળવામાં અંતરાય કરે જે તેમની પ્રબળતા સૂચવે છે. આવાં સમ્યગ્દૃષ્ટિ જીવો અપ્રત્યાખ્યાની કષાયોનો ઉદય છતાં તિર્યંચગતિના આયુષ્યને ઉપાર્જતા નથી પણ ઉદય જો જોરાવર થઈ જાય અને સમ્યગ્દૃષ્ટિ આત્મા ગાફેલ બની જાય તો એ કષાયો સ્વમિત્ર અનંતાનુબંધી કષાયોને ઘસડી લાવે તેથી તે સમ્યક્ત્વ ગુમાવી દે, તેનું વમન થઈ જાય, નષ્ટ પણ થઈ જાય. ક્ષાયિક સમ્યક્ત્વના ધણીને અપ્રત્યાખ્યાની કષાયો ઉદિત થાય તો દેશવિરતિ પામી ન શકે ! તેઓનો વિરતિ પ્રત્યે અસાધારણ કોટિનો રાગ હોય છે. બધાં ક્ષાયિક સમ્યક્ત્વધારી હોતા નથી તેથી ક્ષાયોપશમિક ગુણી આત્માઓ પોતાના સમ્યગ્દર્શન ગુણને નિર્મળ બનાવવાનો પ્રયત્નવાળા હોય જ. તેમણે શ્રી જિનેશ્વદેવની સેવા તથા નિર્ગ્રંથ મુનિવરોની ઉપાસનાદિ કરતાં રહેવું જોઈએ તેમ જ તત્ત્વોના સ્વરૂપને જાણવાનો પ્રયત્ન કર્યા કરવો જોઈએ. હું એકાંતે આ માર્ગસેવી રહું એવું ચિંતન કરતા રહેવું જોઈએ.

મુમુક્ષ જીવોએ વિષયનો સંગ ત્યજવો જોઈએ કારણ કે તે જીવની લોભવાસનાનો ઉદ્‌બોધક છે. વિષયનો સંગ ન હોય તો લોભવાસનાને જોર કરવાની જગ્યા મળતી નથી. વિષય-કષાયજનિત સુખ એ ખરેખર સુખ નથી, સુખાભાસ છે, વાસ્તવિક સુખ આત્મામાં રહેલું છે અને તે ઘાતી અઘાતી સર્વ કર્મોના ક્ષય થકી જ મળે છે.

શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ આત્માને વિષયનું ઝેર ચઢતું નથી કારણ કે તેઓ માટે વિષયો વિષ તુલ્ય છે, એવો વિવેક જાગૃત હોય છે. વિજયા શેઠ-શેઠાણીનો અભિગ્રહ સુવિદિત છે. એકને શુક્લ પક્ષમાં, બીજાને વદ પક્ષમાં શિયળ પાળવાનો અભિગ્રહ હતો. લગ્ન બાદ શ્રીમતી વિજયા શેઠાણી વિલાસ ભવનમાં બનીઠની રૂમઝુમ કરતી આવી ત્યારે શેઠે કહ્યું કે નિયમને ત્રણ દિવસ બાકી છે, માટે તે પછી. બન્નેને નિયમની પરાધીનતા ન હતી. કંઈક ખિન્ન થવા છતાં પણ વસ્તુતત્ત્વની સાચી જ્ઞાતા તેણીએ કહ્યું કે આપના ત્રણ પૂરા થાય છે પણ મારા પંદર શરૂ થાય છે. વળી વિચારે છે કે સોનામાં સુગંધ ભળી. બહુ જ અનુપમ થયું ! જે ઈરાદે પંદર ત્યજ્યા તે જ ઈરાદે બીજા પંદરનો ત્યાગ કરી શેઠાણીને કહ્યું કે આપણે એક સ્થાનમાં રહીશું પણ શીલને પૂરેપૂરી રીતે પાળીશું. વિષયચિંતન અને તત્ત્વચિંતનમાં મગ્ન રહીશું. ઘણું જ અનુપમ થયું ! જે ઈરાદે પંદર ત્યજ્યા હતા તે જ ઈરાદે હવે બીજા પંદરનો ત્યાગ કરું છું. એક પથારીમાં સુઈશું અને વચ્ચે તલવાર

રાખીશું. 'અમારા લાખ લાખ વંદન ! તમારા અવ્વલ કોટિના બ્રહ્મચર્યપાલનના ગુણગાન પરમાત્મા નેમિનાથના મોઢે થયાં.' (હું શ્રાવક બનું પૃ. ૧૦૪). વિષયવિજયી અખંડ બ્રહ્મચારી વિજયા શેઠશેઠાણી દંપતીએ ભદ્રેશ્વરમાં ભગવતી દીક્ષા લીધાનો ઉલ્લેખ છે. જિનદાસ શ્રાવક કોઈકે વળી ભગવંતના ૮૪૦૦૦ (ચોર્યાશી હજાર) સાધુઓને ગોચરી માટે નિમંત્રણ આપવા માંગે છે. કેવળી ભગવંતે તેમને જણાવ્યું કે કચ્છના વિજય શેઠ અને વિજયા શેઠાણીને જમાડો તો આટલું પુણ્ય મળી શકે. વિષયો પર વિજય મેળવનાર યુગલના બ્રહ્મચર્યનું કેટલું અલૌકિક સામર્થ્ય અને તેજસ્વિતા !

સમ્યગ્દર્શનગુણને ધરાવનારો પુણ્યાત્મા એની ચિત્તશુદ્ધિ વિષયકષાયના ઝંઝાવાતને સમયે ઘણું સુંદર કામ આપે છે. અવિરતિથી તથા અનંતાનુબંધી સિવાયના કષાયોથી પુણ્યાત્માઓનું ચિત્ત સંક્ષુબ્ધ થાય એ શક્ય છે છતાં પણ તેઓ તે સમયે ઉપયોગશૂન્ય નથી હોતા ત્યારે ચિત્તની સંક્ષુબ્ધતા ઉપર કાબૂ રાખી શકે છે. ચારિત્રમોહનીય કર્મ જો જોરદાર હોય તો અનંતાનુબંધી સિવાયના કષાયો જોરદાર હોય છતાં પણ સમ્યક્ત્વરૂપ શુદ્ધ આત્મપરિણામ વિદ્યમાન હોય તો પરિણામના બળે નિર્જરા કરી શકે છે. અવિરતિના અને કષાયોના જોરદાર ઉદય સમયે ઉપયોગશૂન્ય બની જાય, તેમાં તે ઘસડાઈ જાય તો તેણે સાધેલા મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમાદિને મલિન થઈ નષ્ટ થઈ જતાં વાર લાગતી નથી.

કષાય અને વિષયના પાયા પર સુદૃઢ ચણાયેલા સંસારરૂપી પ્રાસાદને નેસ્તનાબુદ કેવી રીતે કરવો તે જરા વિચારીએ. કોઈપણ પ્રયત્ન વગર ભવાટવિમાં ભટકેલો જીવ યથાપ્રવૃત્તિકરણ કર્યે જ જાય છે. આગળ વધતો નથી. આગળ વધવા માટે સંવેગ, સંસારના દેખાતા સુખદુ:ખો પ્રત્યે નિર્વેદના ચિંતન દ્વારા શુદ્ધયથાપ્રવૃત્તિકરણ. તે પછી અપૂર્વકરણનું પરિણામ, જેનાથી રાગદ્વેષની તીવ્ર ગૂઢ, ગુહ્ય ગાંઠને કર્મગ્રંથિને ભેદવી પડે. તે ભેદાયા બાદ અનિવૃત્તિકરણ જેના વડે સમ્યક્ત્વની પ્રાપ્તિ.

સમ્યક્ત્વ મળે એટલે અર્ધપુદ્ગલપરાવર્તકાળથી ન્યૂન સમયમાં સુનિશ્ચિત મુક્તિ. સમ્યક્ત્વ ત્રણ પ્રકારે છે : ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક. ઔપશમિક સમ્યક્ત્વ દર્શન સપ્તકના ક્ષય પછી ઉપલબ્ધ થાય. ભવાટવિમાં વધુમાં વધુ પાંચ વાર મળી શકે. ક્ષાયોપશમિક અનંતીવાર મળે, જ્યારે ક્ષાયિક સમ્યક્ત્વ માત્ર એકજ વાર મળે. મોક્ષ મેળવવા માટે ક્ષપકશ્રેણિ માંડવી જ પડે છે. તે અનંતકાળમાં આત્મા વધુમાં વધુ બે વાર માંડે. તે આ રીતે. જો કોઈ આત્મા દર્શન સપ્તકનો ક્ષય કરી અટકી જાય અને તે પૂર્વે આયુષ્યનો બંધ પડી ગયો હોય તો તે શ્રેણિકને ખંડક ક્ષપકશ્રેણિક કહેવાય છે.

અહીં ક્ષપકશ્રેણિ માંડતા પહેલાં આયુષ્યનો બંધ પડ્યો હોવાથી દર્શનસપ્તક ખપાવી અટકી ગયેલાને ચારિત્રમોહનાદિ ખપાવીને કેવળજ્ઞાન પામવા માટે તેણે ફરીથી ક્ષપકશ્રેણિ માંડવી જ પડે, બાકીની પ્રકૃતિઓનો ક્ષય કરવો જ પડે; બીજાં આવરણો દૂર કરવા જ પડે તેથી તેવો આત્મા બે વાર શ્રેણિ માંડે. ત્રીજી વાર નહીં જ. સામાન્ય રીતે ક્ષપકશ્રેણિ એક જ વાર મંડાય. જીવ જે ભવમાં મોક્ષે જવાનો હોય તે ભવમાંજ શ્રેણિ માંડે છે.

વિષય-કષાયો નાબૂદ કરવા શિક્ષા મેળવવી જોઈએ. તેના બે પ્રકારો છે. મિથ્યા અને સમ્યક્. સમ્યક્ શિક્ષાથી મંદકષાયતા થાય, તેના દ્વારા સારી પ્રવૃત્તિ કરતાં કષાયોથી સમ્યક્ત્વ પામવા યોગ્ય ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. અર્ધપુદ્ગલપરાવર્તથી વધારે સંસારવાળા સમ્યગ્દર્શન પામી શકતા જ નથી. સમાપનમાં કહેવું હોય તો 'કષાયમુક્તિ: કિલ મુક્તિરેવ.' સુજ્ઞ વાચકગણ આવું ચિંતન-મનનાદિ કરી કષાય-વિષયોને મંદતમ બનાવી મુક્તિના પંથે વિચરે તેવી શુભકામના.

અનંતાનુબંધી કષાયની ચોકડી ખપાવી, જ્ઞાનોપાર્જન તથા અજ્ઞાનના ત્યાગના વિશિષ્ટ પ્રયાસને અપૂર્વકરણ કહેવાય છે. તે વખતે અંતમુહૂર્ત સ્થિતિમાં મહાતીવ્ર અનંતાનુબંધી કષાયની ચોકડીનો નાશ થાય છે. જેને ગ્રંથિભેદ કર્મગ્રંથિભેદ કહેવાય. જૈન દૃષ્ટિએ યોગની આઠ દૃષ્ટિમાં પ્રથમની ચાર દૃષ્ટિ મિત્રા, તારા, બલા દીપ્રામાં જીવની પ્રવૃત્તિ ઈન્દ્રિયવિષયોમાં પશુપ્રાય જેવી હતી, વિષયાસક્ત હતો, પુદ્ગલાનંદી હતો તે પંચમ દૃષ્ટિમાં ઘટી જાય છે. તેની દૈવી પ્રકૃતિનો વિજય થાય છે. વિષયવિકારમાં ઈન્દ્રિયને ન જોડવારૂપ પ્રત્યાહાર નામનું યોગાંગ પ્રાપ્ત થાય છે. પાંચે ઈન્દ્રિયોના વિષયો ૨૩ છે તેને તેમાં ન જોડતાં સ્વચિત્ત સ્વરૂપાનુસારી બનાવી દેવી. તેનું નામ પ્રત્યાહાર. અહીં આવેલો જીવ વિષયકષાદિ વિભાવોમાં ફસાઈ લપસી પડે તો રખડી પડે છે. વિષયકષાયોની પ્રવૃત્તિને જે પોષે તેને તો સમ્યગ્દૃષ્ટિ આત્મા ધર્મ કહે જ શાના ? છઠ્ઠી કાન્તાદૃષ્ટિમાં આવેલો ચેતન જીવ વિષયાદિકમાં મનને જોડવાના કાર્યને અધમાધમ માને છે. ઘોર મિથ્યાત્વદૃષ્ટિઓના યમ અને પ્રરાસ અને કષાયો ઉપર અટકાવ ધરનારો પ્રશમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિવાળા અથવા તો સમ્યગ્દર્શનની સન્મુખ દશાવાળા આત્માઓમાં જ સાચા સ્વરૂપે હોય છે. દશ સંજ્ઞાઓ જેવી કે આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, શોક, નિદ્રા, કષાયો, મનોદંડ, વચનદંડ અને કાયદંડ. આના ઉપર વિજય મેળવી કષાયો નબળા પડી જાય અને તેના દ્વારા નિષ્પ્રાણ થઈ જાય.

જે સમકિતી જીવો આઠ યોગદૃષ્ટિમાંથી છઠ્ઠી કાન્તા દૃષ્ટિમાં આવે ત્યારે તેમનામાં વિષયોની અપ્રવૃત્તિ ન થઈ હોય તો પણ તેમનામાં વૈરાગ્ય ઉત્પન્ન થઈ શકે છે. તેઓ પ્રવૃત્તિશીલ હોવા છતાં પણ તેમાંથી આસંગ (આસક્તિ) હરી લે છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે વીતરાગ સ્તવમાં આ વાત કહી છે. ચોથા ગુણસ્થાને વર્તતા જીવોને વિશિષ્ટ દશા હોય છે જેનાથી અનંતાનુબંધી પ્રકારના કર્મોનો ઉદય હોતો નથી; જેથી સમ્યગ્દર્શન થઈ શકે છે. પૂજ્ય ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ અધ્યાત્મસાર પ્રબંધ ૨ શ્લોક ૧૫માં કહ્યું છે કે : 'આક્ષેપકજ્ઞાન'ને લીધે ભોગની સમીપે રહ્યા છતાં પણ તેમની શુદ્ધિનો નાશ થતો નથી; આવું કાન્તા નામની 'યોગદૃષ્ટિ' વિશે શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ 'યોગદૃષ્ટિસમુચ્ચય'માં કાન્તા દૃષ્ટિનું લક્ષણ વર્ણવતાં જણાવ્યું છે. તેમને અનુસરીને ઉપાધ્યાય યશોવિજયજીએ યોગદૃષ્ટિની સજ્ઝાયમાં તે મતની પુષ્ટિ કરી છે. આ આક્ષેપક જ્ઞાન વડે સમયગ્દૃષ્ટિ જીવો ભોગસામગ્રીનો ઉપભોગ કરતા હોવા છતાં તેમની ચિત્તશુદ્ધિ હણાતી નથી, શ્રુતજ્ઞાનનો એવો ઉત્કટ રસાનુભાવ થાય છે કે બાહ્યદૃષ્ટિએ વિલાસી હોવા છતાં તેઓ આસક્તિરહિત થયેલા હોય છે. શ્રી આનંદઘનજી મહારાજાએ પોતાના એક પદમાં બે સુંદર દૃષ્ટાન્ત આપ્યાં છે. વિષય-કષાયોનો વિજય શું શું ન કરી શકે તે આના પરથી ફલિત થાય છે.

'અધ્યાત્મસાર' મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીએ લખ્યું છે તેના 'વૈરાગ્યસંભવ' નામના અધિકાર પર 'વિષયો'ને અનુલક્ષી વૈરાગ્ય વિષયક વિવેચન ડૉ. રમણલાલ ચી. શાહે લિપિબદ્ધ કર્યું છે તે ઘણું જ સુંદર વિષયસ્પર્શી તથા અત્યંત લાભદાયી છે. ડૉ. શાહ જૈન ધર્મ અને દર્શનના માર્મિક જ્ઞાતા તથા તત્ત્વાદિના તત્ત્વેત છે. અહીં જે વિવેચનાત્મક તત્ત્વજ્ઞાન પીરસ્યું છે તે અધ્યાત્મસાર વિવેચનના પ્રત્યેક પૃષ્ઠ પર પ્રતિબિંબિત થયેલું છે. આ સમગ્ર લખાણને 'પ્રકરણ' તરીકે ઘટાવીએ તો તેમાં અતિશયોક્તિને સ્થાન નથી પરંતુ લેખક તથા લખાણને યોગ્ય ન્યાય થયેલો માની શકાય. ભાષાંતર પછી જે સમીચીન સમજૂતી ડૉ. શાહે આપી છે તેમાં પાને પાને તત્ત્વજ્ઞાનનો રસ છલકાઈ રહ્યો છે જે તેમના ધાર્મિક, તત્ત્વજ્ઞાનાદિ વિષયક રહસ્યને છતું કરે છે.

જ્યાં સુધી સાંસારિક વિષયોમાં રસ છે ત્યાં સુધી ચિત્તમાં મલિનતા રહે છે. રાગ અને દ્વેષના ભાવ ઊઠ્યા કરે છે; ક્રોધાદિ કષાયો ઉદ્ભવ થતાં જ રહે છે. જ્યાં સુધી જીવનમાં રસ, રુચિ અને શ્રદ્ધાપૂર્વકના ત્યાગ વૈરાગ્ય આવતાં નથી ત્યાં સુધી કષાયો માટે નિમિત્તો મળતાં રહેશે. જીવનમાં સંયમ, ત્યાગ, સમતા, વૈરાગ્ય આવતાં નિરાશંસીપણું સહજ બને છે; જેનાથી ચિત્તની નિર્મળતા આવે છે. જ્યાં સુધી જીવને સ્પૃહા, વાંછના, આકાંક્ષા, અભિલાષા, અપેક્ષા, લોભ, લાલસા, વાસના હોય ત્યાં સુધી નિર્મળતાના અભાવે ચિત્ત નિર્મળ ન થતાં અમૃતાનુષ્ઠાન ન થતાં કષાયો ઉત્તેજિત થતાં રહે છે, રહેશે !

કષાયમંદતા મોક્ષ મેળવવા માટેનું અનન્ય સાધન છે. સામર્થ્યયોગ મોક્ષપુરીમાં પહોંચવાનું છેલ્લું પગથિયું છે. ચરમાવર્તકાળમાં ધર્મયૌવનકાળ હોઈ શકે છે. પાંચ પ્રકારના અનુષ્ઠાનો જેવાં કે વિષ, ગર, અન-અનુષ્ઠાન, તદ્હેતુ અને અમૃત અનુષ્ઠાનોમાં અમૃતાનુષ્ઠાન જ મોક્ષોપયોગી છે. તેમાં ચિત્તશુદ્ધિ અત્યંત અગત્યનું લક્ષણ છે. તે ત્યારે પ્રાપ્ત થાય કે જ્યારે જીવનને કલંકિત કરનારા કષાયોને કાયમ માટેનો દેશવટો આપ્યો હોય. અમૃતાનુષ્ઠાનમાં સંવેગ, મોક્ષ માટેનો સમ્યક્વેગ, સારો વેગ જરૂરી છે. સંવેગ એટલે મોક્ષ માટેની લગની, તડપ. સંવેગ મોક્ષાભિલાષાને ઘસડી લાવે. તે માટે જીવનમાં કષાયો શાંત પડેલા હોવાં જોઈએ. સંવેગ એટલે સરખી ગતિ, સરખો વેગ. મોક્ષની દિશામાં સ્વસ્વરૂપની પ્રાપ્તિ માટે અસાધારણ રીતે સાચો, સારો, સરખો વેગ જરૂરી છે. અમૃત અનુષ્ઠાન માટે આવો સંવેગ જરૂરી છે, નિતાંત આવશ્યક છે; જે જીવનમાંથી વિષયો અને કષાયો દૂર થાય, નષ્ટ થાય, નહીંવત્ થઈ ગયેલા હોય ત્યારે જ ખરેખરી રીતે 'કષાયમુક્તિ: કિલ મુક્તિરેવ' સિદ્ધ થાય. સામર્થ્યયોગ અને અમૃતાનુષ્ઠાન પામેલા જીવો જ કષાય-વિષય વિજયી થઈ શકે છે તેમાં શંકાદિને સ્થાન હોવું ન ઘટે.

સાત્ત્વિકને સ્થાને રાજસિક કે તામસિક ગુણ હોય તો તે પાપી આત્માઓનો નિંદક કે દ્વેષી બની શકે. શુદ્ધ ધર્મનું અર્થીપણું જેનામાં છે પરદ્વેષીરૂપી કષાયથી ખરડાવાનું નથી કરતો. નિંદક પર દ્વેષ કરવાથી કષાય કચરો વધે છે. ક્રોધ અને દ્વેષની વાસનાનું પોષણ કરનારા ધર્માત્માઓ વર્ષોથી ધર્માત્મા ગણાવા છતાં પણ તેમનું ચિત્ત કષાયોથી વ્યાપૃત હોય છે. તેનું કારણ આમ છે કે મૈત્રી કરુણાદિના અભાવે દુર્ભાવ, દ્વેષ, નિન્દા, ઈર્ષા, દોષદૃષ્ટિ વગેરે કષાયો મહાલતા રહે છે. ધર્મીજનોએ કષાયો પર ખૂબ કાબુ રાખવો જોઈએ. તેમણે આમ વિચારવું જોઈએ કે ભલે બીજાની ભૂલ હોય, મારે કષાય કરીને માથા પર દંડ લેવાની મૂર્ખાઈ શા માટે કરવી ? બીજો સુધરે કે ન સુધરે પરંતુ પોતાના દ્વેષ-દુર્ભાવાદિથી એવા કુસંસ્કારના પોષણ અને થોકબંધ કર્મબંધરૂપી પારાવાર નુકશાન નફામાં મળે છે. તેથી બધી સારી આરાધનાદિમાં કષાયોની પરિણતિ તોડતા જવી જોઈએ; જેથી આરાધનાદિની મહેનત સફળ સાર્થક નીવડે તેવી થયેલી ગણાય, આત્માનું સાચું ઘડતર થાય. જો તેમ ન થાય તો મહાન નુકશાન છે. કષાયોની પરિણતિ કપાવા પર આત્માની પરિણતિ સુધરવાનો આધાર છે. આવી વૃત્તિથી કષાયકચરો સાફ થઈ શકે તેમ છે. અનુયોગદ્વાર સૂત્રમાં ભાવ આરાધના માટે છ વસ્તુની આવશ્યકતા કહી છે. ત્યાં આવશ્યક (પ્રતિક્રમણ)ની ક્રિયાને ઉદ્દેશીને કહ્યું છે કે: (૧) તચ્ચિત્તે, (૨) તમ્મણે, (૩) તલ્લેસ્સે, (૪) તદજ્ઝવસાણઽજ્ઝવસિએ, (૫) તદટ્ઠોવઉત્તે અને (૬) તદપ્પિયકરણે. કષાયોના પરિમાર્જન માટે આ ઉપયોગી છે.

❖❖❖

# ભારતીય સંસ્કૃતિનું અવિભાજ્ય અંગ: સરસ્વતીની ઉપાસના

■ પન્નાલાલ ર. શાહ

હંસ કે મયૂરવાહિની મા શારદાની ઉપાસના, સાધના કે આરાધના એ ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વનું અવિભાજ્ય અંગ છે. સરસ્વતીની લીલા દ્વિવિધ છે: સર્જક અને શાસ્ત્રીય. મયૂર કલાધર છે. એની પિચ્છકલા એ એની પર સવારી કરનાર સરસ્વતીની સર્જકતાની લીલાનું પ્રતીક છે. હંસ નીરક્ષીરનો વિવેક કરવામાં પ્રવીણ છે. એ સરસ્વતની શાસ્ત્રીય પ્રસાદીનો સૂચક છે.

સર્જકતાના ઉપાસકોને સરસ્વતી મયૂરવાહિનીરૂપે પ્રતીત થાય. શાસ્ત્રીયતાના પર્યેષકો એને હંસવાહિનીરૂપે સેવે. શ્વેત હંસ ઉપર આરૂઢ થયેલી શુક્લાંગ, શુક્લાંબર સરસ્વતીનું ચરણ કમળ ઉપર ઠરેલું છે. કમળ તો કમલા-લક્ષ્મીનું ઉદ્ભવ સ્થાન. લક્ષ્મી જ્યાંથી પ્રગટે છે એ સ્થાન ઉપર તો એ હંસવાહિનીએ પગ મૂકેલો છે. હંસવાહિનીના જેઓ ઉપાસકો છે, તેઓએ હંસવાહિનીએ કરેલાં લક્ષ્મીનાં અનાદરને વીસરવો ન જોઈએ. એવાં અનાદરનાં ફળ ભોગવવા તત્પર રહેવું જોઈએ.

મોર એના કલાકલાપના કારણે મુનિઓના મન ચળાવનારો હોવા છતાં, લોકકલ્પનાએ એને ભોગવિમુખ લેખ્યો છે. ઉચ્ચ સર્જકતાનો સંયમ સાથેનો સંબંધ એમાં ઈંગિત છે. વિજ્ઞાન, કલાપીના કલાનર્તનને જાતીયવૃત્તિના નિદર્શનરૂપ લેખે છે. એમાં પણ આધુનિક માનસશાસ્ત્ર અનુસાર સર્જકતાનો જાતીયવૃત્તિના આવિષ્કરણ-અને અનિવાર્ય ઉર્ધ્વીકરણ-સાથેનો સંબંધ ઈંગિત લેખી શકાય.

પાંખ હોવા છતાં મોર સંકટમાં આવી પડતાં સ્વરક્ષણના હેતુસર, પગનો જ એ વધુ ઉપયોગ કરે છે. સર્જકતા ઉડ્ડયનોમાં રાચતી હોવા છતાં પદચારિણી વાસ્તવિક્તા રૂપે વારંવાર પ્રતીત થાય છે. મોર સ્થળવિહારી છે: કલાસર્જન કોઈ ને કોઈ રીતે નક્કર જગ અનુભવોની ભૂમિ પર જ મંડિત હોય. મોરનાં હિમગિરિ ઉપર બેએક હજાર અને નીલગિરિ ઉપર ચારેક હજાર ફૂટથી ઊંચે દર્શન થતાં નથી. જ્યારે

હંસ તો મહાકવિ કાલિદાસના મેઘને કૈલાસનો રસ્તો દાખવતા, આડી હિમમાળને પરશુરામે વીંધેલા ક્રૌંચ પર્વતના બાકોરામાં થઈને વટાવી, પેલી બાજુ આરપાર નીકળી જનારા માનસ-વિહારી છે. અર્થાત્ ઉચ્ચોચ્ચ ઉડ્ડયનશીલ કલ્પનાએ, બન્ને વાહનો પર આસાનીથી સવારી કરી શકતી સરસ્વતીની માફક, સર્જકતા તેમ જ વિવેકશક્તિ એ બન્ને પ્રયોજવાં જોઈએ.

ભારતીય સંસ્કૃતિની શ્રમણ પરંપરામાં પણ વૈદિક પરંપરાની માફક, સરસ્વતીની ઉપાસના સંસ્કૃતિના ઉગમકાળથી થતી આવી છે. આ અવસર્પિણીના ઉષ:કાળમાં ભગવાન ઋષભદેવની સૃષ્ટિના આદ્યકર્તા તરીકે ગણના થાય છે. તેમણે તેમની પુત્રી બ્રાહ્મીને જમણા હાથે લિપિ શીખવાડી અને અક્ષર માતૃકાને લિપિ રૂપે જગતમાં પ્રગટ કરી. એ લિપિ બ્રાહ્મી લિપિ કહેવાઈ. અને બ્રાહ્મી વાણીની દેવતા તરીકે પ્રસ્થાપિત થઈ. જૈન આગમોમાં ભગવતી સૂત્ર સહુથી પ્રાચીન ગણાય છે. તેના પ્રારંભમાં મંગળ તરીકે 'નમો બંભીએ લિપિએ' નોંધાયું છે. આ રીતે બ્રાહ્મી સરસ્વતીને નમસ્કાર કરવામાં આવ્યો છે.

ઉપાસના સામાન્ય રીતે પુષ્પ, વંદન, સ્તવન અને ધ્યાનપૂજા એમ ચાર પ્રકારે થતી હોય છે અને તે ઉત્તરોત્તર વધુ ને વધુ લાભ દેનારી છે. તેમાં ધ્યાનપૂજા શ્રેષ્ઠ છે. તેના આલંબન અને નિરાલંબ ધ્યાન એમ બે પ્રકાર છે. આલંબન ધ્યાનના આકૃતિધ્યાન અને અક્ષરધ્યાન એમ બે પ્રકારે છે. આકૃતિધ્યાનથી પ્રારંભ થાય પછી તેટલો જ આનંદ અક્ષર ધ્યાન દ્વારા આવે છે. આ બન્ને ધ્યાન જેવું જ અસરકારક વર્ણધ્યાન છે. તેમાં છેલ્લે જ્યોતિ ધામ-તેજોવલય-નું ધ્યાન કરવાનું આવે છે. તે પરમતત્ત્વ વિષયક હોય તો તે પરમાત્મ જ્યોતિ અને સરસ્વતી દેવીનું હોય તો તે સારસ્વત ધ્યાન કહેવાય છે. આજ રીતે આલંબન ધ્યાન પ્રણિધાન પણ બે પ્રકારે છે : સંભેદ પ્રણિધાન અને અભેદ પ્રણિધાન. જેમાં ઈષ્ટ તત્ત્વનું સર્વત્ર દર્શન થાય તે સંભેદ પ્રણિધાન અને સ્વમાં ઈષ્ટ તત્ત્વનું દર્શન થાય, અનુભૂતિ થાય તે અભેદ પ્રણિધાન. મહાકવિઓ સિદ્ધસેન દિવાકર, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને કવિ કાલિદાસ વગેરેને અભેદ પ્રણિધાન સિદ્ધ થયું હતું.

જૈન ધર્મમાં તીર્થંકરોના પ્રવચન દ્વારા વહેતો થયેલો દેદીપ્યમાન અનંત ઉર્જાપ્રવાહ તે જ સારસ્વત મહ :કે શ્રુતદેવતા છે. એ વાણીની જે સૂત્ર રૂપે ગૂંથણી થઈ તે દ્વાદશાંગી. આ બન્નેના આરાધન માટે કાઉસગ્ગ થાય છે. જૈન ધર્મમાં કલ્લાણકંદમ્, સંસારદાવાનલ અને ભુવન દેવતાની સ્તુતિઓમાં સરસ્વતીના વર્ણન સાથે તે દેવી અમને હંમેશા સુખ આપનારી થાઓ એવી પ્રાર્થના કરવામાં આવી છે અને શ્રાવકોના છ આવશ્યકોમાંના એક પ્રતિક્રમણમાં પ્રતિદિન બોલાય છે તેમ જ પ્રાત:માંગલિક સ્મરણના સ્તોત્રો-સંતિકરં, તિજયપહુત્તિ અને બૃહચ્છાંતિ:માં ષોડશ વિદ્યાદેવીઓના નામોલ્લેખ સહિત 'રક્ષંતુ વો નિત્યં સ્વાહા' કે 'વિજ્જાદેવીઓ રકખંતુ' (વિદ્યાદેવીઓ અમારું રક્ષણ કરો) એવા પાઠ દ્વારા પ્રાર્થના કરવામાં આવી છે. જ્ઞાનની ઉપાસનાનું અદકેરું મહત્ત્વ જ્ઞાનાતિચારમાં પણ જોઈ શકાય. જ્ઞાનોપગરણપાટી, પોથી, ઠવણી, નવકારવાળી વગેરે જ્ઞાનના ઉપકરણોની આશાતનથી બચવાનું જ્ઞાની ભગવંતોએ ફરમાવ્યું છે.

શ્રુત, શારદા, ભારતી, બ્રાહ્મી, સરસ્વતી, વિદ્યા, વાગીશ્વરી, ત્રિપુરા આદિ ૧૦૮ નામો પ્રાપ્ત થાય છે. ભારતીદેવી સાહિત્ય, સંગીત, કલા, વિદ્યા અને જ્ઞાન આપનારી છે. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત શ્રી સરસ્વતી અષ્ટકના સાતમા શ્લોકમાં કહેવાયું છે કે ભારતીદેવીના પ્રસાદથી જ્ઞાન મળે છે. તે સમ્યક્ જ્ઞાનથી તાત્ત્વિક માર્ગ મળે છે અને સમ્યક્ ક્રિયાની પ્રાપ્તિ થાય છે, જે જ્ઞાન ક્રિયાથી સાધક કેવળજ્ઞાન (મોક્ષ) સંપત્તિ પ્રાપ્ત કરી લે છે. આ રીતે મોક્ષનો નિરપાય હેતુ સરસ્વતીની કૃપા થાય છે. જૈન ધર્મની કેવળજ્ઞાન પરિભાષાથી એવું સૂચિત થાય છે કે માત્ર જ્ઞાનની જ્યોતિ એ જ મોક્ષ અને એ સરસ્વતીની કૃપાથી ત્વરિત સિદ્ધ થાય છે.

જૈન ધર્મમાં વાગીશ્વરીની ઉપાસના, સ્તુતિ, સ્તોત્ર, સ્તવ, અષ્ટક, કલ્પ, પ્રાર્થના આદિની રચના દ્વારા પૂર્વકાળમાં અને વર્તમાનમાં સમયે સમયે થઈ છે. તેના ૧૦૮ નામોના જુદા જુદા સ્તોત્રો પણ રચાયા છે. સિરિપઉમસૂરિ, ચિરંતનાચાર્ય, બપ્પભટ્ટિસૂરિ, મુનિસુંદરસૂરિ, સાધ્વી શિવાર્યા, જિનપ્રભસૂરિ, વાચક યશોવિજય આદિ પૂર્વસૂરિઓ અને વસ્તુપાલ મંત્રી આદિએ સરસ્વતીના સ્તોત્રોનું સર્જન કર્યું છે તેમ વૈદિક પરંપરાના બ્રહ્મર્ષિ મુનિ, મહાકવિ કાલિદાસ, શંકરાચાર્ય, વાસુદેવાનંદસરસ્વતી, બૃહસ્પતિ, પૃથ્વીધરાચાર્ય, ભોજરાજા આદિએ પણ એવી રચનાઓ કરી છે. આવા બધા સ્તોત્રોનું પ્રાચીન હસ્તપ્રતો પરથી સંશોધન કરી, એનું એક સચિત્ર ગ્રંથરૂપે અવતરણકાર્ય મુનિ કુલચંદ્રવિજયજીએ કર્યું છે, જે અતિ આહ્લાદક અને આવકાર્ય છે. વર્તમાનકાળમાં શ્રુતદેવતાના આરાધકોમાં મુનિ જિનવિજયજી, આગમ પ્રભાકર મુનિ પુણ્યવિજયજી, મુનિ જંબુવિજયજી, આચાર્ય શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિ અને આચાર્ય શ્રી વિજયશીલચંદ્રસૂરિ આદિ મુખ્ય છે તેમાં મુનિ કુલચંદ્રવિજયજીનું નામ ઉમેરાય છે. આ ગ્રંથમાં મૂળ સ્તવ, સ્તોત્ર, કલ્પ, છંદ, સ્તુતિ, ભક્તામર, પ્રાર્થના મૂળ ભાષામાં ઉપલબ્ધ છે સાથે એનો ગુજરાતી અને હિન્દી ભાષામાં પ્રાસાદિક અનુવાદ પણ આપવામાં આવ્યો છે. જુદી જુદી હસ્તપ્રતોમાં સરસ્વતીના ચિત્રો અને એની સ્થાપત્ય-શિલ્પ કૃતિઓની બહુરંગી તેમ જ શ્વેત-શ્યામ ૨૫૦ ઉપરાંત નયનાકર્ષક તસવીરો આપી, ગ્રંથને અમૂલ્ય પરિમાણ આપ્યું છે.

પ્રસ્તુત ગ્રંથમાં મુનિ કુલચંદ્રવિજયજીએ રચેલ 'સરસ્વતી અષ્ટકમ્' સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં સ્રગ્ધરા, ઝુલણા, શાર્દૂલવીક્રિડીત, મહાક્રાંતા, ભુજંગી, શિખરિણી એમ વિવિધ છંદોમાં રચેલી કવિતાઓનો સમાવેશ કર્યો છે. તે સર્વથા ઉચિત છે. તેમાં છંદ જણાવવાને બદલે પ્રચલિત કવિતાનો રાગ દર્શાવ્યો છે. એથી લોકોને ત્વરિત એનો બોધ થાય. પરંતુ આ બધી પ્રચલિત કવિતા હંમેશા લોકભોગ્ય રહેતી નથી. એટલે સૂચન કરવાનું મન થાય છે કે કવિતાના પ્રારંભમાં પ્રચલિત કાવ્યનો રાગ એમ ભલે જણાવવામાં આવે, પણ એની સાથે છંદ પણ દર્શાવાય એ વધુ હિતાવહ છે, કારણ કે પિંગળશાસ્ત્ર પ્રમાણમાં લાંબા સમય સુધી જળવાય એવી શક્યતા છે. જે સરસ્વતીની તસવીરો પ્રગટ થઈ છે તે તસ્વીરોના મૂળ સ્તોત્ર આપવામાં આવ્યા હોત કે સ્થાપત્ય-શિલ્પની તસવીરોમાં જે તે સ્થાપત્ય-શિલ્પના સ્થળ અને કાળની વિગતો આપવામાં આવી હોત તો વધુ ઉપયોગી થાત. આવા સરસ્વતી દેવીની સાધના માટે મંત્ર વિભાગમાં સામાન્ય વિધિ, સાધના શુદ્ધિ, સાધના કરતાં પહેલાં પૂર્વ સેવારૂપ ક્રિયા, સરસ્વતી દેવીની આરતી, ૮૫ જેટલાં મહામંત્રો, વેદોમાં સરસ્વતી દેવીના મંત્રો, ૧૫ જેટલાં યંત્રો અને પરિશિષ્ટ વિભાગમાં પણ મંત્ર અને પૂજનવિધિ આપવામાં આવી છે.

આવાં સરસ્વતી દેવીની ઉપાસના, સાધના કે આરાધના પ્રત્યેક જૈનને ગળથૂથીમાં મળે છે ત્યારે પૂર્વસૂરિઓ અને વર્તમાનકાળના સર્જકોએ રચેલ વાગીશ્વરીની સ્તુતિ, સ્તવ, કલ્પ, છંદાદિનું સંશોધન-સંપાદન-સંકલન કરી, એકી સાથે પ્રસ્તુત કરવામાં મુનિ શ્રી કુલચંદ્રવિજયજીએ પ્રત્યેક જૈન અને સામાન્યજન પર ઉપકાર કર્યો છે.

❖❖❖

# મારે ઋતુ સાથે સગપણ છે

□ ડૉ. ગુલાબ દેઢિયા

ક્યારે મનનો કબજો કયો શબ્દ, કયો પ્રસંગ, કયું વાક્ય, કયું ગીત કે અન્ય કશું લેશે એ ક્યાં ખબર છે ? એક પંક્તિ હોઠે આવે કે પછી દિવસભર એનું જ રટણ ચાલ્યા કરે છે. ફરી વિચારતાં નવા અર્થ પણ મળે છે.

શબ્દ તો અગાઉ સાંભળ્યો હોય, ઉચ્ચાર્યો હોય પણ જ્યારે કોઇ જુદો જ અર્થ એમાં દેખાય ત્યારે એ શબ્દ મનના આકાશમાં અષાઢી મેઘની જેમ ઝળૂંબી જાય છે. ક્યાંક 'ઋતુપર્ણ' શબ્દ સાંભળ્યો. નળાખ્યાનમાં આવતા રાજા તરીકે એનું સ્મરણ થયું. પરંતુ તરત વીજળી ચમકી. અરે એ રાજાના નામ તરીકે તો તું જાણે છે પણ આ શબ્દનો કોશગત અર્થ કેવો માર્મિક છે ! પાંદડું તો છોડ, વેલ કે વૃક્ષનું હોય. પણ અહીં તો વિશેષ કહ્યું ઋતુનું પાંદડું. આમ જોવા જઇએ તો દરેક પર્ણ ઋતુપર્ણ છે. ઋતુ અનુસાર એ પર્ણ આવે છે અને ઋતુ વીતતાં એ પર્ણ વિદાય લે છે. પીપળ પાન ખરંત ...ખબર છે ને !

ઋતુપર્ણ રાજા માટે પણ એ જ વાત ખરી નીવડે છે. પ્રત્યેક સ્થળે બને છે તેમ નળાખ્યાનમાં પણ એમ જ બને છે. નાયક અને નાયિકા નળ અને દમયંતીની કથા મુખ્ય છે. અન્ય પાત્રો નેપથ્યમાં ધકેલાઇ જાય છે. પછી એમનું શું થયું ? આપણે જાણતા નથી. દરેક લગ્ન પ્રસંગમાં મુખ્ય તો વર અને વધૂ જ હોય. બાકીનાં સગાંસ્નેહી પડદા પાછળ રહી જાય. બીજા પ્રસંગે બીજાં પાત્રોનો વારો આવે. જીવનના પ્રસંગોમાં પણ કથા વાર્તાની જેમ જ બને છે. નાનકડી ભૂમિકા ભુલાઇ જાય છે. બધી કથાઓ ક્યાંક અટકે છે, પૂરી થતી નથી.

કર્કોટકના દંશથી નળરાજા કદરૂપા બને છે અને બાહુક તરીકે અયોધ્યાના રાજા ઋતુપર્ણ પાસે આવે છે. અશ્વપાલ તરીકે ત્રણ વર્ષ સુધી રહે છે. દમયંતીનો બીજી વાર સ્વયંવર ગોઠવાય છે. નળને શોધવા માટે જ.

અયોધ્યાથી કુંદનપુર પહોંચવું છે. હાથમાં એક જ દિવસનો સમય છે . અડિયલ, મુડદાલ ઘોડાઓના રથમાં ઋતુપર્ણ નીકળે છે. અશ્વવિદ્યાનો જાણકાર બાહુક આકાશમાર્ગે ઘોડા ઉડાડી ભીમક રાજાની પુત્રી દમયંતી પાસે ઋતુપર્ણને પહોંચાડી દે છે. ત્યાં નૈષધદેશના નળરાજાની ખરી ઓળખ મળે છે. નળ અને દમયંતી ફરી મળે છે.

સ્વયંવરમાં આવતી વખતે ઋતુપર્ણ પોતાને શ્રેષ્ઠ સમજે એ સ્વાભાવિક છે. એ બાહુકને ક્યાં ઓળખે છે ? બાહુક તો એનો સારથિ છે. ઋતુપર્ણે બાહુકને ગણિતવિદ્યા શીખવી પણ બાહુક પાસેથી અશ્વવિદ્યા શીખવાનું પછી ક્યારેક એમ કહીને થાપણ રૂપે બાકી રાખી.

મને તો આજે ઋતુપર્ણ શબ્દ સાંભળતાં થાય છે કે એ ઋતુપર્ણ તો આપણે પોતે છીએ. સારથિને નથી ઓળખી શકતા. પવનવેગી ઘોડા દોડાવતો એ છદ્મ સારથિ જ ખરો રાજા છે. એ પુણ્ય શ્લોક છે. એ સમય છે. એના રથ જ ગગનગામી હોય ને ! અરમાનના રથમાં બેઠા તો છીએ. ઇચ્છા સુંદરીને વરવા જઇએ છીએ પણ હાય! ઋતુપર્ણ તું ક્યાં જાણે છે કે ઇચ્છા સુંદરી તને ક્યાં વરવાની છે ? પાંદડું પવનસંગે ઊંચે ચડે છે નીચે પડે છે. ઋતુપર્ણ નામ પાડતી વખતે ફોઇને ક્યાં ખબર હશે કે આ નામ ખરું તેજસ્વી છે, વિચારવંત છે. નિયતિના દોર્યા રથે ચડીએ, જતાં તો આસમાની સફર છે. ઉડ્ડયન છે. બધું જ સ્વપ્નભર્યું છે. પણ પાછા ફરતાં ? આપણે ગગનગામી અશ્વવિદ્યા શીખવાનું તો વિસરી જ ગયા છીએ.

વટેમાર્ગુ માટે વાટ એક જ હોતી નથી. જતાં જોઇએ છીએ લીલાંછમ પાંદડાં, વળતાં દીઠાં પીળાંપચ્ચ પાંદડાં. વળતાં સારથિ હશે કે નહિ એ પણ ઋતુપર્ણ નથી જાણતો. બાહુકને ઓળખવો સહેલ નથી. કુરૂપતા બાહ્ય વસ્તુ છે. એ કદરૂપાપણા પાછળ કોણ વસે છે એ જાણવું અઘરું છે. આમેય અદીઠ ઓળખ મેળવવી એ જ ખરી કસોટી છે.

નળ રાજા નિર્બળ ઘોડાને દોડાવી શકે છે. ખાલી કુંભ પાણીથી ભરી શકે છે. આપમેળે અગ્નિ પ્રગટાવી શકે છે. ઊભરાતા અન્નને કડછી વગર હાથથી હલાવી શકે છે. દેવોએ આપેલાં વરદાન નળરાજા યોગ્ય સમય આવે છે ત્યારે જ વાપરી શકે છે. સંયોગની રાશ સમયને હાથ છે. સમય રૂપ બદલે છે. આપણો સારથિ સમય છે.

હોંશિલા ઉમેદવાર બની દોડી જતા રાજા મહારાજાઓ સ્વયંવરથી પાછા ફરતાં કેવો ભાવ અનુભવતા હશે ? રાજકુંવરી તો એકને પરણે; બાકીનાઓ પોતાને અપમાનિત નહિ સમજતા હોય ? અથવા સ્વયંવર એ રાજાઓ માટે રમત હશે, ક્રીડા હશે, મૃગયા જેવો ખેલ હશે. ખાલી હાથે પાછા ફરતા પ્રાચીન સમયના રાજાઓને એમની પ્રજા અને ખાસ તો એમની રાણીઓ કઇ નજરે જોતી હશે ! સ્વયંવરમાં ઊણા ઊતરેલા રાજાની પટ્ટરાણી તો મનોમન હરખાતી હશે ને ? થોડા કાળ માટે એનું પદ તો બચી ગયું, એમ માનતી હશે.

એવા સ્વયંવર બહુ ઓછા જેમાં કન્યાને સ્વયંને પોતાનો વર પસંદ કરવા મળે. મોટે ભાગે તો નામ સ્વયંવર પણ અમુક તમુક શરતોને આધીન.

રાજાઓને સ્વયંવરની આ રમત કોઠે પડી ગઇ હશે અને રાજાને ગમી તે રાણીની વાતને યોગ્ય ઠરાવવા જેને તેને પરણી જતા હશે.

કદાચ પાછા અયોધ્યા તરફ વળતાં ઋતુપર્ણને ભારે હળવાશ થઇ હશે. ચાલો, સારું થયું. દમયંતી અને નળ ફરીથી ભલે મળ્યાં.

વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર. ઋતુચક્ર ચાલતું રહે છે. ઋતુએ ઋતુની છાયા પાંદડે પાંદડે પડતી રહે છે. સમયના રથમાં ચડતા અને ઊતરતા ઋતુપર્ણને હું નીરખું છું.

અયોધ્યાથી કુંદનપુર દૂર છે અને દૂર નથી, સમયરથનો વેશ લઇ પવન નીકળ્યો છે. ઋતુપર્ણ પવનરથમાં બિરાજે છે. ફરી નવો દાવ શરૂ થાય છે.

ફૂટતી કૂંપળથી લઇ ખરતાં પાન સુધી ઋતુપર્ણની અવસ્થાઓ જોઉં છું. ચોપાસ પર્ણો જ પર્ણો છે. પ્રત્યેક ઋતુમાં થોડાંક નવાં પાન જન્મે છે અને થોડાંક વિદાય લે છે. ભર પાનખરમાંય પર્ણોનો જન્મોત્સવ દીઠો છે અને ભર વસંતમાંય કોઇક પર્ણને કાળધર્મ પામતું દીઠું છે. અકાળ મૃત્યુ આપણે માનીએ પણ પ્રકૃતિમાં અકાળ કંઇ જ બનતું નથી. બધું સકાળ-સકારણ ઘટે છે. આપણે મૃત્યુ કે કાળ કોને સમજીએ છીએ તેના પર ઘણો આધાર છે.

કાળધર્મનો અર્થ સંકુચિત કરી દઇ એને માત્ર મૃત્યુ સમજવું એ આપણી સમજમર્યાદા દર્શાવે છે. કાળધર્મ એ તો સમયને યોગ્ય એવો ધર્મ છે. આપણને બાહુકની કુરૂપતા કઠે એટલું જ. બાકી ખરેખર એવું નથી. થવા કાળ થાય તે કાળધર્મ.

ઋતુપર્ણ સૂર્યવંશી રાજા હતો. દરેક પર્ણ સૂર્યવંશી હોય છે. સૂરજ સાથે કયા પાંદડાને સગપણ નથી ? મારે પણ ઋતુ સાથે સગપણ છે. ડાળીએ લટકતા પાનને પવન ઝૂલાવે છે અને ડાળીથી ખરેલા પાનને પવન ઉડાડે છે. ક્યારેક હું ઝૂલું છું તો ક્યારે ફંગોળાઉં છું.

❖ ❖ ❖

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ. પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા, મુંબઈ-૪૦૦ ૦૨૭.

Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૧ ● અંક : ૭-૮ ● તા. ૧૬-૮-૨૦૦૦ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2000
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા. ૮૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## साहीणे चयई भोए से हु चाई त्ति वुच्चई ।

**(સ્વાધીનપણે ભોગોનો ત્યાગ કરનાર જ ત્યાગી કહેવાય છે)**

—ભગવાન મહાવીર

ભગવાન મહાવીરસ્વામીએ દસવૈકાલિક સૂત્રમાં સાધુઓને ઉદ્દેશીને જે કેટલીક માર્મિક અને હિતકર વાતો કહી છે તે સાધકના હૃદયમાં વસી જાય એવી છે. એમાં ત્યાગીનાં લક્ષણો દર્શાવતાં એમણે કહ્યું છે :

वत्थगंधमलंकारं ईत्थीओ सयणाणि य ।
अच्छंदा जे न भुंजंति न से चाइ त्ति वुच्चई ॥

[વસ્ત્ર, સુગંધી પદાર્થો, અલંકારો, સ્ત્રી તથા શયનાદિનો ઉપભોગ જેઓ સંજોગવશાત્ કરી શકતા નથી તેઓ ત્યાગી કહેવાતા નથી.]

जे य कंते पिए भोए लद्धे विपिट्ठि कुव्वई ।
साहीणे चयई भोए से हु चाइ त्ति वुच्चई ॥

[સરસ અને પ્રિય ભોગો ઉપલબ્ધ હોવા છતાં તેના તરફ જે પીઠ ફેરવે છે અને સ્વાધીનપણે ભોગોનો ત્યાગ કરે છે તે જ ત્યાગી કહેવાય છે.]

પ્રાકૃત શબ્દ 'ચાઈ'નો અર્થ થાય છે 'ત્યાગી'. કોણ સાચા ત્યાગી કહેવાય અને કોણ ન કહેવાય તે અહીં બતાવ્યું છે. કેટલાક માણસોને ત્યાગી થવું પડે છે. કેટલાક સ્વેચ્છાએ ત્યાગી થાય છે. ત્યાગ કરવા લાયક સ્થૂલ અને સૂક્ષ્મ એવી અનેક વસ્તુઓ છે. અહીં ઉદાહરણ તરીકે કેટલીક મોટી સ્થૂલ મુખ્ય વસ્તુઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે અને તે પણ સાધુઓને લક્ષમાં રાખીને. વસ્ત્ર, સુગંધી-સુશોભનના પદાર્થો, અલંકારો, સ્ત્રીઓ (સાધ્વી માટે પુરુષો), શયન-આસન વગેરે ઉપકરણોનો ત્યાગ કરીને માણસ સાધુસંન્યાસી થાય છે. મુનિ તરીકે દીક્ષિત થતાં વ્યક્તિ પોતાનું ઘર છોડે છે. એ છોડવા સાથે પોતાનાં પ્રિય વસ્ત્રોનો ત્યાગ કરે છે અને સાધુ-સંન્યાસીનાં વિશિષ્ટ વસ્ત્રો પોતપોતાના પંથ અનુસાર ધારણ કરે છે. હવે વસ્ત્ર માટે એની પસંદગી કે વરણાગી રહેતી નથી. ગૃહત્યાગ કરવા સાથે તે સુવર્ણ-રત્ન વગેરેથી મંડિત એવા અલંકારોનો ત્યાગ કરે છે. એની સાથે તે પોતાની પત્ની (જો પરિણીત હોય તો)નો પણ ત્યાગ કરે છે. બીજી સ્ત્રીઓનો ત્યાગ પણ એમાં અભિપ્રેત છે. આમ સાધુ-સંન્યાસી એટલે કંચન અને કામિનીના ત્યાગી. સાધુ-સંન્યાસી એટલે અકિંચન અને બ્રહ્મચર્યવ્રતધારી. (એ પ્રમાણે સાધ્વીનો જીવનક્રમ પણ બદલાય છે.) સાધુ થયા અને ઘર છોડ્યું એટલે આખી દુનિયા એનું ઘર. આજે અહીં તો કાલે ત્યાં. સાધુએ પોતાના ઘરની માયા છોડી દીધી છે. હવે એને કોઈ ગૃહસ્થ ભક્તના ઘરની માયા પણ ન હોવી જોઈએ. સાધુ ચલતા ભલા. જ્યાં સ્થિરતા આવી ત્યાં સ્થળ, મકાન, ભક્તજનો ઈત્યાદિ માટેનો લગાવ શરૂ થઈ જાય છે. આવા એક છિદ્રમાંથી ઘણાં અનર્થો ઉત્પન્ન થાય છે. માટે સાચું જ કહેવાયું છે કે छिद्रेषु अनर्था बहुली भवन्ति । સ્થિરવાસ કરનારા સાધુઓનો પોતાના સ્થાન પર સ્થૂલ કે સૂક્ષ્મ અધિકાર ચાલુ થાય છે. કેટલીક વખત તેઓ અજાણતાં પણ એનો ભોગ બની જાય છે. સાવધ રહેવું દુષ્કર છે. પોતે સાવધ છે એવો ભ્રમ પછી ચાલુ થાય છે. ઘર છોડ્યું એટલે સાધુઓમાંથી પોતાનાં ઉપકરણોની આસક્તિ પણ નીકળી જવી જોઈએ. સરસ મજેદાર મખમલી પથારી, સુશોભિત પલંગો, આરામદાયક ખુરશીઓ, ભાતભાતનાં પગરખાં, ભોજનાદિ માટેનાં કિંમતી વાસણો– આવી આવી તમામ વસ્તુઓ સાધુઓએ છોડી દેવાની હોય છે. ઘર હોય એટલે શું શું ન હોય ? જેમ શ્રીમંતનું મોટું બાદશાહી આલીશાન ઘર તેમ તેમાં સુખ સગવડ માટે ભાતભાતની સામગ્રી રહેવાની. સુશોભનો માટે પણ એવાં ઘરોમાં કેટકેટલી નિત નવી નીકળતી મોંઘીદાટ ચીજવસ્તુઓ જોવા મળે છે. શ્રીમંતના ઘરની ચીજવસ્તુઓ સાધુની પોતાની પાસે ન હોય તો પણ ક્યાંક જોવાની તક મળે ત્યારે ગમવાનો કે વખાણવાનો ભાવ આવી જાય એ પણ સાધુજીવનની ક્ષતિ ગણાય છે.

બધાંનો ત્યાગનો ભાવ એકસરખો નથી હોતો. લાચારીમાંથી પણ ત્યાગ જન્મે છે. अशक्तिमान् भवेत् साधु । જેવી લોકોક્તિમાં સાચું રહસ્ય રહેલું છે. જ્યાં સ્વેચ્છાએ હૃદયપૂર્વક ત્યાગ હોતો નથી, પણ ન છૂટકે, કર્તવ્યના ભારરૂપે, પરાણે ત્યાગ કરવો પડે છે ત્યાં તેવી વ્યક્તિને સાચા અર્થમાં ત્યાગી ન કહી શકાય. માણસને ગળી વસ્તુ બહુ ભાવતી હોય, ખાવાની ઈચ્છા પણ થયા કરે, પરંતુ મધુપ્રમેહના રોગને કારણે દાક્તરે મનાઈ કરી હોય તો તેવી વ્યક્તિને ગળી વસ્તુના ત્યાગી તરીકે ન ઓળખાવી શકાય. માણસ પાસે ધન ન હોય માટે કેટલીયે વસ્તુઓ એ ઘર માટે વસાવી ન શકે, તો તેથી એણે એ ચીજવસ્તુનો ત્યાગ કર્યો છે એમ ન કહી શકાય. માણસને પરણવું હોય, પરંતુ કન્યા મળતી ન હોય અને ન છૂટકે કુંવારા રહેવું પડતું હોય તો એથી એને 'બ્રહ્મચારી' ન કહી શકાય. 'ન મળી નારી, તો

સહેજે બાવા બ્રહ્મચારી' જેવી લોકોક્તિઓ એટલે જ પ્રચલિત છે. મોટાં શહેરોમાં નોકરી-ધંધા માટે ગયેલા અનેક પરિણીત પુરુષો એકલા રહે છે અને અનિચ્છાએ સંયમી જીવન (બધા નહિ) જીવે છે, તો તેથી તેઓને સંયમી કે બ્રહ્મચારી તરીકે ન ઓળખાવી શકાય. આવા બધા કિસ્સાઓમાં પંચેન્દ્રિયોના સુખોપભોગનો સ્થૂલ પ્રગટ ત્યાગ હોવા છતાં તેઓને સાચા અર્થમાં ત્યાગી ન જ કહેવાય.

આ તો સામાન્ય માણસોની વાત થઈ. જેઓ સાધુસંન્યાસી છે તેઓ બધા જ સાચા અર્થમાં ત્યાગી હોય છે એવું નથી. કેટલાયે અનાથ, એકલા હોવાથી, નિરાધાર, દુ:ખી કે ઓછી અક્કલના હોવાથી અથવા કોઈકના ભોળવ્યાથી ત્યાગી થઈ દીક્ષિત થયા હોય છે. તેઓએ સ્વેચ્છાએ સમજણપૂર્વક, ભાવસહિત વસ્ત્રાદિ, અલંકારો, ઘરબાર, સગાંસ્નેહીઓનો ત્યાગ કર્યો નથી હોતો. તેમને અનિચ્છાએ ત્યાગ કરવો પડ્યો હોય છે. ફરી યોગ્ય અનુકૂળ તક મળે તો તેઓ સાંસારિક જીવન ભોગવવાની ઈચ્છા અંતરના ખૂણે ધરાવતા હોય છે. એવા દેખાતા ત્યાગીઓ તે સાચા ત્યાગી નથી હોતા.

કેટલાક સાધુ સંન્યાસીઓએ સ્વેચ્છાએ સ્થૂલ દૃષ્ટિએ ઘરબાર, માલ-મિલકત, સગાં સ્વજનોનો ત્યાગ કર્યો હોય છે. આરંભમાં એમનું ત્યાગજીવન પ્રશસ્ય હોય છે. પણ પછી એમના જીવનમાં વાસનાઓનો સળવળાટ થવા લાગે છે. પોતાને જે પ્રત્યક્ષ રીતે ભોગવવા ન મળ્યું તે પરોક્ષ રીતે ભોગવવામાં તેઓ રાચે છે, તેઓ તેનો કાલ્પનિક આનંદ માણે છે. નળ રાજાનો ભાઈ પુષ્કર નળની સાથે દ્યૂત રમતાં હારી જઈ વનમાં જાય છે તો ત્યાં તે પોતાનું 'માનસી રાજ્ય' ભોગવે છે. તે કલ્પનાએ ચડી જાય છે અને વનનાં પશુપંખીઓ, વૃક્ષો ઈત્યાદિમાં તે પોતાના રાજ્યના મંત્રીઓ, દરબારીઓ, પ્રજાજનોની કલ્પના કરે છે અને પોતે રાજ્ય ભોગવતો હોય એવો કાલ્પનિક આનંદ માણે છે. તેણે તનથી રાજ્ય છોડ્યું છે, પણ મનથી છોડ્યું નથી. એવી રીતે કેટલાક સાધુ-સંન્યાસીઓએ ધન, માલમિલકત, સ્ત્રી ઈત્યાદિ તનથી છોડ્યાં હોય છે, પરંતુ મનથી છોડ્યાં નથી હોતાં. એટલે જ એવા કેટલાક સાધુઓ પોતાના હસ્તક આવતી દાનની રકમ ઉપર,મંદિરની મિલકતના ટ્રસ્ટ ઉપર પોતાનું પ્રભુત્વ જમાવે છે. એમની આજ્ઞા પ્રમાણે, ઈચ્છા પ્રમાણે જ ધન ખર્ચાય છે. બેન્કની પાસબુક અને બીજા દસ્તાવેજો પર તેમની નજર ફર્યા કરે છે, હિસાબો રખાય છે. એમાં તેઓ રાચે છે. They enjoy the use of money by proxy. તેઓએ સ્ત્રીનો ત્યાગ કર્યો હોય છે, પણ કેટલીયે આજ્ઞાંકિત ભક્તાણીઓ ઉપરના પોતાના પ્રભુત્વને તેઓ મનથી માણે છે. તેઓના ચિત્તમાં ક્યારેક દુર્વિચારો ડોકિયાં કરી જતા હશે. કેટલાકે માલમિલકતનો ત્યાગ કર્યો હોય છે, પરંતુ પોતાના ઉપદેશથી સ્થપાતી સંસ્થાઓ, આશ્રમો, મકાનો, ઉદ્યાનો, શિક્ષણ સંસ્થાઓ, ગ્રંથાલયો, સંગ્રહસ્થાનો ઈત્યાદિ પરના પોતાના માલિકીપણાનો માનસિક આનંદ જતો કરી શકતા નથી. ક્યારેક તે માટે સંઘર્ષ કરવા તેઓ તૈયાર થઈ જાય છે. આવી બધી સંસ્થાઓ તે પોતાનાં માનસિક સંતાનો છે એમ તેઓ અનુભવે છે. કેટલાક તો એનાં બંધારણોમાં પોતાના સર્વોપરિપણાનો અબાધિત હક દાખલ કરાવતા હોય છે. આવા કહેવાતા મહાત્માઓ ત્યાગી હોવા છતાં સાચા અર્થમાં ત્યાગી નથી હોતા.

જેઓ પોતાને અત્યંત પ્રિય હોય એવા ભોગોપભોગો સ્વાધીનપણે અનાયાસ હક્કપૂર્વક પ્રાપ્ત થતા હોય અને છતાં તેના તરફ પોતાની પીઠ ફેરવે છે, સ્વેચ્છાપૂર્વક સમજણ સાથે તેનો ત્યાગ કરે છે તેઓ સાચા ત્યાગી છે. ત્યાગની સાથે વૈરાગ્યની ભાવના હોય તો જ ત્યાગ ટકે છે. એટલે જ ભક્ત કવિએ ગાયું છે કે 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના.' વૈરાગ્યની ભાવના પણ દુ:ખગર્ભિત કે મોહગર્ભિત હોય તો તે ઝાઝો વખત ટકતી નથી. વૈરાગ્યની ભાવના જ્ઞાનગર્ભિત હોય તો જ વધુ ટકે છે. જ્ઞાન પણ જો સમ્યક્ હોય તો ત્યાગવૈરાગ્યનાં મૂળ ઊંડા જાય છે. વિપરીત સંજોગોમાં પણ એ મૂળને આંચ આવતી નથી. સંસારના પદાર્થોની ક્ષણભંગુરતાના સતત ચિંતનથી ત્યાગવૈરાગ્યની ભાવના દૃઢમૂલ થતી જાય છે.

કેટલાક સંસારી માણસો પોતાની નિરર્થક વસ્તુઓનો ત્યાગ કરે છે, પરંતુ વર્તમાનમાં અને ભવિષ્યમાં ખપ લાગે એવી વસ્તુનો ત્યાગ કરતા નથી. ત્યાગની સાચી વૃત્તિથી પ્રેરાયેલા માણસો પોતાની જરૂરિયાત ઓછામાં ઓછી કરીને બાકીની વસ્તુઓનો ત્યાગ કરે છે. એક અપેક્ષાએ આવો ત્યાગ પ્રશસ્ય છે, પણ તે ઉત્તમ પ્રકારનો નથી. માણસ આહાર, વસ્ત્ર અને રહેઠાણની અલ્પતમ આવશ્યકતા સ્વીકારી બાકીનું બધું છોડી દે છે ત્યાં ત્યાગની ભાવના સવિશેષ પ્રગટ થાય છે. પરંતુ આવા સંજોગોમાં જો વ્યક્તિમાં પોતાનાં વસ્ત્ર, પાત્ર, ધાર્મિક ઉપકરણ ઈત્યાદિ માટે ઘેરી મમતા રહેતી હોય તો તે ઈષ્ટ નથી. માણસ દુનિયાની તમામ વસ્તુઓ છોડીને સાધુ-સંન્યાસી બની જાય, પણ પોતાની રુદ્રાક્ષની, સ્ફટિકની કે પરવાળાંની માળા માટે કે પોતાના પ્રિય ગ્રંથ ઈત્યાદિ માટે એટલી બધી આસક્તિ હોય કે કોઈનાથી જો તે વસ્તુ જરા પણ આઘીપાછી થાય તો જો તે ચિડાઈ જાય, અસ્વસ્થ થઈ જાય તો એનો બાહ્ય વસ્તુઓનો મોટો ત્યાગ હોવા છતાં મમતા અને રાગ ઉપર હજુ જોઈએ તેટલો વિજય મેળવાયો નથી એવો અર્થ થાય. કેટલાયે ત્યાગી સંત મહાત્માઓમાં પણ આવી સૂક્ષ્મ આસક્તિ રહેલી જોવા મળે છે. સૂક્ષ્મ આસક્તિમાંથી મુક્ત થવું એ ઘણી કઠિન વાત છે.

દંતકથા પ્રમાણે એક વખત જનક રાજા સાથે જ્ઞાનગોષ્ઠી કરવા માત્ર લંગોટીધારી એવા કેટલાક સંન્યાસીઓ અતિથિ તરીકે આવ્યા. જ્ઞાનગોષ્ઠી કરતાં કરતાં તેઓ નદીમાં સ્નાન કરવા ગયા. તે વખતે જનક રાજાના મહેલમાં અચાનક આગ લાગી અને ધૂમાડાના ગોટેગોટા દેખાયા. એ જોઈને સંન્યાસીઓએ કહ્યું, 'મહારાજ, દોડો, દોડો, આપના મહેલમાં આગ લાગી છે.' જનક મહારાજાએ અસ્વસ્થ થયા વિના શાંતિથી કહ્યું, 'ભલે આગ લાગી. મારે ને મહેલને શું ? ભલે ને બળીને ખાખ થઈ જાય. જે થવાનું હશે તે થશે. આપણે આપણી જ્ઞાનવાર્તા ચાલુ રાખીએ.' સંન્યાસીઓએ કહ્યું, 'નહિ, મહારાજ ! આપ ભલે ન આવો. અમારે તો દોડવું પડશે. અમારી બીજી લંગોટી મહેલમાં છે. એ બળી જશે તો અમે કરશું શું ?' એમ કહી સંન્યાસીઓ પોતાની લંગોટી બચાવવા મહેલ તરફ દોડ્યા. આ તો માત્ર દંતકથા છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે પરિગ્રહમાં માત્ર લંગોટી હોવા છતાં એટલી નાની સરખી વસ્તુ માટે પણ કેટલી બધી મમતા ! જનક રાજાને 'વિદેહી' તરીકે ઓળખાવવામાં આવે છે. તેમને પોતાના બળી જતા મહેલ માટે ચિંતા નહોતી. તેઓ દેહથી પર હતા, માટે વિદેહી કહેવાયા. એટલે જ મહાભારતકાર વ્યાસ મુનિ પોતાના પુત્ર શુકદેવને જ્ઞાનપ્રાપ્તિ માટે જનક રાજા પાસે મોકલે છે.

ચીજવસ્તુઓ અને ઉપકરણો ઈત્યાદિ પ્રત્યે પોતાને જરા પણ રાગ કે મમતા ન હોય એવા કેટલાક મહાત્માઓના જીવનમાં કેટલીક

વ્યક્તિઓ પ્રત્યે તીવ્ર રાગ જોવા મળે છે. પોતાના નિકટના ભક્તો, અનુયાયીઓ અન્યત્ર-અન્ય મહાત્મા પાસે કે આશ્રમમાં ચાલ્યા જાય તો તેઓ ભારે ખિન્નતા અનુભવે છે. સાધુ મહાત્માઓમાં પોતાના શિષ્યવર્ગ કે ભક્તો-અનુયાયીઓ પ્રત્યે પણ રાગ ન હોવો જોઈએ.

દુનિયાની બધી વસ્તુઓનો ત્યાગ ઘણો અઘરો જ છે એમાં સંશય નથી, પરંતુ એવો ત્યાગ કરનારા કેટલાક મહાત્માઓને પોતાના દેહ માટે, પોતાનાં નામ અને રૂપ માટે ઘણો મોહ હોય છે. બધું વળગણ છૂટી જાય છે, પણ નામરૂપનું વળગણ છૂટતું નથી. એ પણ ક્ષણભંગુર છે એવું સમજાયા છતાં એના પ્રત્યેનો મોહ છૂટતો નથી. ત્યાગની ઉચ્ચત્તમ ભાવનામાં આગળ વધતાં વધતાં પોતાના દેહ માટેની મમત્વબુદ્ધિ પણ છોડવાની છે. દેહ અને આત્માની ભિન્નતાનો અંતર્મુખ બની જેઓએ અનુભવ કર્યો છે એવા મહાત્માઓ જ દેહથી પર થઈ શકે છે. તેઓ જ ઉપસર્ગ-પરીષહ વખતે અડોલ રહે છે. તેઓએ ભયનો પણ ત્યાગ કર્યો હોય છે એટલે કે અભય હોય છે. તેઓ મારણાન્તિક ઉપસર્ગ વખતે પણ જીવ બચાવવા ભાગી જતા નથી, પણ આત્મોપયોગમાં હોય છે.

સામાન્ય માણસો માટે ભોગ અને ઉપભોગનો આનંદ સૌથી મહત્ત્વનો છે. ભોગોપભોગમાં સ્થૂલ આનંદ છે એનો ઈન્કાર નહિ થઈ શકે. સમસ્ત જગતનો એ વાસ્તવિક અનુભવ છે. પરંતુ ભોગોપભોગના આનંદ કરતાં તેના ત્યાગનો આનંદ ચડિયાતો છે એ સમજવા માટે અને અનુભવવા માટે યોગ્ય પાત્રતાની અપેક્ષા રહે છે. એવી પાત્રતા સામાન્ય સરેરાશ જીવોમાં હોતી નથી. પંચેન્દ્રિયના વિષયોના ભોગોપભોગમાં અપાર વૈવિધ્ય રહેલું છે. એટલે એના આનંદમાં પણ વૈવિધ્ય હોય તે સમજી શકાય એમ છે. આ આનંદ સ્થૂલ અને સપાટી ઉપરનો હોવા છતાં પણ એમાં ઉત્કટતાની ભિન્ન ભિન્ન કક્ષા હોય છે. એ આનંદની અનુભૂતિમાં પણ તરતમતા રહેલી છે. પરંતુ આ આનંદ કરતાં પણ ત્યાગનો આનંદ ચડિયાતો છે. એ આનંદ સ્થૂલ નહિ પણ સૂક્ષ્મ પ્રકારનો છે. નાનાં બાળકો રમતાં હોય છે ત્યારે કોઈક બાળકને પોતાના રમકડાં માટે લડતું, ઝઘડતું, રડતું નિહાળવા મળે છે. રમકડાં માટેનો મમત્વભાવ અને એ રમવાના આનંદનો ભાવ એને માટે અત્યંત મહત્ત્વનો છે. પરંતુ એવી રીતે લડતાં-ઝઘડતાં બાળકોમાં પણ કોઈ સમજુ બાળક પોતાનું વહાલું રમકડું પોતાના મિત્રને રમવા આપીને જે આનંદ અનુભવે છે એ સમયની એના ચહેરાની રેખાઓ નિહાળવા જેવી હોય છે. ત્યાગીને ભોગવવાનો આનંદ ત્યાં રહેલો છે. આવી રીતે પુખ્ત વયની વ્યક્તિ પણ એવો કે એથી વિશેષ આનંદ વસ્તુનો ત્યાગ કરીને અનુભવી શકે છે. સાચા દાતાઓ દાન આપીને હર્ષ-રોમાંચ અનુભવે છે. પોતાની પાસેની વધારાની વસ્તુઓ બીજાને આપ્યાનો આનંદ અવશ્ય છે, પરંતુ પોતાની કામની વસ્તુ બીજાને આપીને પોતે એનાથી સપ્રેમ વંચિત રહેવાનો આનંદ વધુ સૂક્ષ્મ અને ચડિયાતો છે. અનુભવે જ એ સમજાય એવો છે.

આમ વસ્તુનો ત્યાગ કરવાનું કદાચ અઘરું ન હોય, પણ વસ્તુ પ્રત્યેની આસક્તિ કે વાસના છોડવાનું ઘણું અઘરું છે. એટલે જ પરિગ્રહને મૂર્ચ્છા તરીકે ઓળખાવવામાં આવે છે. પોતાના સંપર્કમાં આવેલી કેટકેટલી વસ્તુઓ અને વ્યક્તિઓ માટે માણસના મનમાં પ્રેમ, અનુરાગ, મમત્વભાવ જન્મે છે અને પોષાય છે. એવી વસ્તુઓનો કે વ્યક્તિઓનો વિયોગ થતાં માણસ દુ:ખ અનુભવે છે. ક્યારેક તે અસહાયતા કે નિરાધારપણું અનુભવે છે. માટે કષાયોના ત્યાગ માટેની જાગૃતિ આવશ્યક છે. સાધુસંન્યાસીઓને પણ પોતાના ઉપકારી ગુરુ-ભગવંતનો કે વિનયી શિષ્યનો વિયોગ સાલે છે. એવે વખતે પણ કોઈ કોઈનું નથી અને જે કાળે જે બનવાનું હોય છે તે બને જ છે એવી સમત્વબુદ્ધિ અને ચિત્તની શાન્તિ કોઈક જ્ઞાની વિરલાઓ અનુભવી શકે છે: એવું જડતાને કારણે નથી બનતું, પરંતુ પૂરી જાગૃતિને કારણે અનુભવાય છે. જ્ઞાતાદૃષ્ટાભાવ આવ્યો હોય તો જ આવી અનુભૂતિ થઈ શકે છે.

આપણા શાસ્ત્રગ્રંથોમાં કહ્યું છે: ज्ञानस्य फलं विरतिः । પાતંજલયોગસૂત્રમાં પણ કહ્યું છે: ज्ञानस्य पराकाष्ठा वैराग्यम् । ત્યાગના દ્રવ્ય અને ભાવની દૃષ્ટિએ, તથા દ્રવ્યની વિવિધતા અને ભાવની તરતમતા એમ ત્યાગના અનેક પ્રકાર સંભવી શકે છે. આવા બધા પ્રકારોમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યયુક્ત, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછીનો ત્યાગ વધુ ચડિયાતો છે અને એવો ત્યાગ જીવને આત્મોત્થાનની ઉચ્ચતર, ઉચ્ચતમ ભૂમિકા પર લઈ જાય છે. તેનું જ મૂલ્ય અધ્યાત્મના માર્ગમાં રહેલું છે. એટલે જ કહેવાયું છે કે :

त्याग एव हि सर्वेषां मोक्षसाधनमुत्तमम् ।

[બધાં સાધનોમાં ત્યાગ જ મોક્ષનું ઉત્તમ સાધન છે.]

આમ, આત્મસાધનમાં ત્યાગનું ઘણું મહત્ત્વ હોવા છતાં જીવે ત્યાગ વૈરાગ્યમાં અટકી જવાનું નથી. આધ્યાત્મિક અનુભૂતિ માટે ત્યાંથી જ હવે શરૂ કરવાનું છે.

જે મહાત્માઓ ત્યાગવૈરાગ્યની નીચેની ભૂમિકા વટાવી સાધનાના ઉચ્ચતર-ઉચ્ચતમ સ્તરે પહોંચ્યા હોય છે તેમને માટે હવે ત્યાગીને ભોગવવાની વાત પણ રહેતી નથી. त्येन त्यक्तेन भुंजीथा । એ ઉપનિષદનું ઉપદેશ વાક્ય પણ એમને માટે નિષ્પ્રયોજન બની રહે છે. ત્યાગ કર્યા પછી ત્યાગની સભાનતા ન રહેવી જોઈએ. એનો અર્થ એ નથી અસાવધાનપણું આવી જાય અને પોતે ત્યાગ કર્યો છે કે નહિ તેની ખબર ન હોવાને લીધે વસ્તુ પાછી ગ્રહણ થઈ જાય અને ભોગવાય. ત્યાં એવી આત્મિક જાગૃતિ હોય છે કે ત્યાગની પણ મહત્તા કે સભાનતા રહેતી નથી. જ્યાં સુધી ત્યાગની સભાનતા છે ત્યાં સુધી ત્યાગ માટેના અહંકારની શક્યતા છે. ત્યાગની સભાનતામાં માનકષાયની સંભાવના છે. ત્યાગના આનંદમાં રાચવામાં, અને ત્યાગ દ્વારા વસ્તુના ભોગવટામાં માયા-કષાયની સંભાવના છે. એવા મહાત્માઓ માટે ત્યાગ કરીને ભોગવવાના આનંદની પણ કોઈ મહત્તા નથી. ત્યાગ એમનાથી સહજ રીતે થઈ ગયો છે અને એના ભોગવટા પ્રત્યે એમનું લક્ષ નથી. આત્મસ્વરૂપની સહજ સમાધિના પરમાનંદમાં તેઓ લીન બની ગયા હોય છે. એટલે જ ત્યાગ કરવા દ્વારા ભોગવટાની વાત પણ એમને માટે હવે નીચેની ભૂમિકાની બની રહે છે.

ત્યાગની ઉચ્ચતમ ભાવના કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓના ત્યાગ સુધી પહોંચવી જોઈએ. 'તત્ત્વામૃત'માં કહ્યું છે :

यथा संगपरित्यागस्तथा कर्मविमोचनम् ।

तथा च कर्मणां छेदस्तथाऽऽसन्नं परं पदम् ॥

[જેમ જેમ સંગનો પરિત્યાગ થાય છે તેમ તેમ કર્મો છૂટાં પડતાં જાય છે ; જેમ જેમ કર્મોનો છેદ થાય છે તેમ તેમ પરમ પદ (મોક્ષપદ) પાસે આવતું જાય છે.]

■ રમણલાલ ચી. શાહ

# ધર્મનું સાચું સ્વરૂપ અને તેનો યથાર્થ પરિચય

■ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

લોકો કહે છે કે 'વર વિના જાન હોય નહિ' તેમ તત્ત્વજ્ઞો કહે છે કે આત્મા વિના કર્મ કે ધર્મની વિચારણા હોય નહિ. આત્માને કર્મનું બંધન છે અને તેમાંથી મુક્તિ ત્યારે જ મળે કે તે કર્મના બંધનમાંથી હંમેશના માટે મુક્ત થઈ જાય. તે માટેનું સાધન તે છે ધર્મ. નિર્ગ્રંથપ્રવચનમાં કહ્યું છે કે:

લદ્ધુણ માણુસત્તં કહંચિ અઈદુલ્લહં ભવસમુદ્દે ।
સમ્મં નિઉજિયવ્વ: દુસલેહિં સયા ધમ્મંમિ ।।

પ્રત્યેક દર્શનોએ ધર્મનો ઉપદેશ કર્યો છે. ધર્મની વ્યાખ્યા જુદી જુદી રીતે આપવામાં આવી છે. ધારણાત્ ધર્મ:. પતિત કે પતનશીલ પ્રાણીનું જે રક્ષણ કરે, ધારણ કરે તે ધર્મ. કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા જણાવે છે કે:

તુલ્યે ચતુર્ણાં પૌમર્થ્યે પાપયોરર્થકામયો: ।
આત્મા પ્રવર્તતે હન્ત, ન પુનર્ધર્મમોક્ષયો: ।।

આચાર્ય ભગવંતે ધર્મની વ્યાખ્યા આમ આપી છે:

દુર્ગતિં પ્રપતન્ પ્રાણિનં ધારયતે ઈતિ ધર્મ:

શાસ્ત્રમાં આમ છે: ... દિભાવનાપૂર્વકં યથોદિતઅનુષ્ઠાનં ધર્મ: । ધમ્મો આણાએ પડિબધ્ધો ।

કોઈ કહે છે કે ધર્મ એટલે સેવા, કર્તવ્ય, ફરજ, નીતિ, સદાચાર, પ્રભુભક્તિ, દાન, સુવિચાર, જ્ઞાનોપાસના, કુલાચાર. કોઈ કહે છે કે ધર્મ એટલે શાસ્ત્રમાં બતાવેલા વિધિ-નિષેધો. આ વ્યાખ્યાઓ એકાંગી છે, સંપૂર્ણ નથી કેમકે તે દ્વારા ધર્મ શબ્દનો મર્મ, યથાર્થ ભાવ દર્શાવી શકાતો નથી. તેની સાચી સાદી વ્યાખ્યા આ પ્રમાણે છે :

દુર્ગતિપ્રસૃતાન્ જન્તૂન, યસ્માદ્ ત્રાયતે પુન: ।
દત્તે ચૈતાન્ શુભે સ્થાને યસ્માદ્ ધર્મ ઈતિ સ્મૃત: ।।

દુર્ગતિમાંથી બચાવી સદ્ગતિમાં લઈ જાય તે ધર્મ છે. ધર્મ શબ્દ ધૃ એટલે ધારણ કરવું એ ધાતુમાંથી નિષ્પન્ન થયો છે. દરેકની ઓળખ માટે લક્ષણો હોય છે. શ્રી શય્યંભવસૂરિએ શ્રી દશવૈકાલિકસૂત્રની પ્રારંભિક ગાથામાં તેનું લક્ષણ આ પ્રમાણે બતાવ્યું છે:

ધમ્મો મંગલમુક્કિકઠં, અહિંસા સંજમો તવો ।
દેવા વિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો ।।

ઉત્તરાધ્યયન સૂત્રમાં 'વિણયમૂલો ધમ્મો' કહ્યું છે.

કર્મ શબ્દ અઢી અક્ષરનો અને ધર્મ પણ અઢી અક્ષરનો, બન્નેમાં ઘણો ફેર છે. બન્નેના પાછલા દોઢ અક્ષરો સમાન છે માત્ર આગલા અક્ષરનો ફેર છે. આ ફેર વસ્તુના સ્વરૂપનો ફેરફાર કરે છે. કર્મ જકડે છે, બાંધે છે, પકડે છે જ્યારે ધર્મ તેમાંથી સદાને માટે મુક્ત કરી પંચમગતિ તરફ દોરી જાય છે.

વેપારી વર્ગ દિવાળી ટાંકણે સરવૈયું કરે છે તેવી રીતે સફળ જીવન જીવ્યાના સરવૈયા માટે શાસ્ત્રકાર ભગવંતોએ સ્પષ્ટ કહ્યું છે કે:

સામાઈય-પોસહ સંઢિયસ્સ જીવસ્સ જાઈ જો કાલો ।
સો સફલો બોદ્ધવ્યો, સેસો સંસારફલહેઉ ।।

અહીં પૂજાદિ અનુષ્ઠાનો, ધાર્મિક ક્રિયાઓ જેવી તપ, જપ, પ્રતિક્રમણાદિ અભિપ્રેત છે. આ ક્રિયાઓ કર્મ ઘટાડનારી છે, પણ તે ક્રિયા, અનુષ્ઠાનો કેવી રીતે કરવા જોઈએ તે માટે તેના પાંચ પ્રકારો પાડવામાં આવ્યા છે જેવાં કે વિષાનુષ્ઠાન, ગરલાનુષ્ઠાન, અનનુષ્ઠાન, તદ્ધેત્વનુષ્ઠાન, અમૃતાનુષ્ઠાન. અનુષ્ઠાન કે ધાર્મિક ક્રિયા એકજ ભાવથી કરાતી નથી. તેમાં છેલ્લાં બે આવકારવા લાયક છે અને છેલ્લું મોક્ષલક્ષી છે.

આ જગતમાં અનેકાનેક ધર્મો છે. પ્રાચીન તેમજ અર્વાચીન. તે ધર્મો આમ ગણાવી શકાય, જૈન, બૌદ્ધ, હિંદુ, વૈદિક, ખ્રિસ્તી, ઈસ્લામ, શીખ, આર્યસમાજ, બ્રહ્મસમાજ, પ્રાર્થનાસમાજ વગેરે.

જે ધર્મ સર્વજ્ઞ, કેવલી, મોક્ષ પામેલા, કર્મોનો ક્ષય કરેલા, પંચમગતિ પામેલા તીર્થની સ્થાપના કરનારા દ્વારા પ્રસ્થાપિત થયેલો હોય તે આદરણીય, આવકાર્ય છે.

ધર્મના અનેક રીતે પ્રકારો પાડી શકાય. જેવાં કે: આત્મશુદ્ધિ એટલે વિભાવદશાનું ટાળવાપણું. વિભાવદશા ટળતી જાય તેમ તેમ આત્મા શુદ્ધ થતો જાય. વત્થુસહાવો ધમ્મો. જેવી રીતે ગોળનો સ્વભાવ ગળપણ, મરચાનો તીખાશ, લીમડાનો કડવાશ તેવી રીતે આત્માનો સ્વભાવ ધર્મ છે. આત્માનો મૂળ સ્વભાવ જ્ઞાન, દર્શન, ચારિત્ર છે. અસદ્નિવૃત્તિ અને સત્પ્રવૃત્તિ એમ ધર્મના બે પ્રકારો છે. નિશ્ચય અને વ્યવહાર એવા ભેદથી પણ બે પ્રકારો પાડી શકાય. મનોદંડ, વચનદંડ અને કાયદંડથી વિરમવું તે ત્રણ પ્રકારો ગણાય. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ તેના ચાર પ્રકારો છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:

નાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચ તવો તહા ।
એય મગ્ગપણુપત્તા જીવા ગચ્છન્તિ સોગ્ગઈં ।।

તેમજ દાન, શીલ, તપ અને ભાવ ચાર પ્રકારો ગણાવી શકાય. શાસ્ત્રમાં તે અંગે કહ્યું છે કે:

દાનશીલતપોભાવભેદૈર્ધર્મશ્ચતુર્વિધિ: ।
ભવાબ્ધિયાનપાત્રાભ પ્રોક્તોઽર્હદ્ભિ: કૃપા પરૈ: ।।

વળી કહ્યું છે કે:

દાનં ચ શીલં તપશ્ચ ભાવો, ધર્મશ્ચતુર્ધા જિનબાંધવેન ।
નિરુપિતો યો જગતાં હિતાય, સ માનસે તે રમલામજસ્રમ્ ।।

અપેક્ષા વિશેષથી આચારને ધર્મ કહેવાય છે. તે પાંચ પ્રકારનો છે: જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. પહેલા ત્રણના આઠ પ્રભેદો છે જ્યારે તપ:શ્ચારના બાહ્ય અને આભ્યંતર. દરેકના છ પ્રભેદો છે. પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન એ છનો વિજય એમ તેના છ પ્રકારો પડે છે.

ઈંદ્રિય અને મનને જીતવાનું કામ ઘણું કપરું છે. શ્રી આનંદઘનજીએ સત્તરમા તીર્થંકર શ્રી કુંથુનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું છે કે 'કુંથુજિન ! મનડું કિમહિ ન બાજે.'

સાચો શુદ્ધ ધર્મ પામવા માટે સમ્યગ્દર્શન યાને બોધિ જે દુર્લભ છે તે મહત્ત્વનું છે એમ સ્વીકારી તે માટેની સામગ્રી તથા સુપુરુષાર્થ જરૂરી છે. અત્યાર સુધી જીવ સંસારમાં ચાર ગતિમાં તથા ભવ્ય, અભવ્ય, દુર્ભવ્ય કે જાતિભવ્ય તરીકે ભટકે છે તેનું કારણ બોધિ નથી મળી અને આંતરદષ્ટિએ વિષય-કષાયરૂપ સંસાર જીવતો રાખ્યો છે. શાસ્ત્રે કહ્યું છે કે બોધિ બધાને મળતું નથી. જેનો સંસારકાળ કેવળ અર્ધપુદ્ગલપરાવર્તકાળથી ન્યૂન હોય તેને જ તે પ્રાપ્ત થઈ શકે છે.

સમયગ્દૃષ્ટિને જે કંઈ સારું મળે તેનાથી મોક્ષને સાધે તથા બીજાને પણ સાથે લઈ જાય. બોધિ પામેલો દુ:ખમાં પણ સુખથી અધિક રહી શકે છે. બોધિ પામેલો જીવ ધર્મથી રહિત એવું ચક્રવર્તીપણું યાચતો નથી; પણ ધર્મથી સહિત દાસ કે દરિદ્ર બનવું મંજૂર કરે છે. જિનધર્મવિનિર્મુક્તો માડભૂવં ચક્રવર્ત્યપિ, સ્યાં ચેટોડપિ દરિદ્રોડપિ જિનધર્માધિવાસિત: તેથી બોધિ મેળવવા શ્રી જયવીયરાય સૂત્રમાં ભવેભવે તુમ્હ ચલણાણં હુજ્જ મે સેવાની માંગણી કરીએ છીએ. દરેક કાળમાં બોધિ પામનારા જીવ અલ્પ જ રહેવાના. તે માટે ભવ્યને ભવ્યત્વનો પરિપાક, કાળની અનુકૂળતા, પુણ્યનો યોગ તથા સુપુરુષાર્થના બળે કેટલીક સામગ્રીનો યોગ થાય. તે માટે સંસાર અસાર લાગવો જોઈએ, તેના પરથી આંખ ઊઠવી જોઈએ, જે ચરમાવર્તકાળમાં જ શક્ય છે, કેમ કે અચરમાવર્તકાળમાં આવું બનતું જ નથી. સંસારસાગરમાં રખડતાં, રઝળતાં અનંતપુદ્‌ગલપરાવર્તકાળ વ્યતીત થઈ ગયો. તે દરમ્યાન અનેકાનેક વાર નદીઘોળપાષાણ ન્યાયે જીવો યથાપ્રવૃત્તિકરણથી આગળ વધી ન શક્યા. આ સંસાર ઉપરથી આંખ ઊઠે, વિષય-કષાય મોહનીય કર્મનું જોર નરમ પડે, સંસાર દુ:ખમય, દુ:ખપરક અને દુ:ખપરંપરક છે એવું જ્યારે સમજાય, મોક્ષાભિલાષા તીવ્ર બને, સંસારનો દ્વેષ અને મોક્ષરાગ તીવ્ર બને ત્યારે શુદ્ધ યથાપ્રવૃત્તકરણ થાય, ત્યાર પછી જ રાગ-દ્વેષની તીવ્ર ગ્રંથિ ભેદાય, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ જેવાં આત્માના અપૂર્વ એવાં પરિણામો પ્રગટે જે માટે અર્ધપુદ્‌ગલપરાવર્તકાળ સુધી રાહ જોવી પડે ત્યારે સમ્યગ્દર્શન કહો કે બોધિ કહો કે સમકિત કહો તે પ્રગટે અને તે બાદ સુંદર સુપુરુષાર્થ કરી શુદ્ધ ધર્મરાગ અને અભિલાષા શક્ય બનતાં અસંખ્ય ગુણ અસંખ્ય ગુણ નિર્જરા થવા જેવી સ્થિતિ પેદા થાય અને તેમાં વધતાં વધતાં જીવ સમ્યગ્દર્શન ગુણ પામી સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર અને સમ્યગ્દર્શન થકી જ મોક્ષગામી બની છેવટે પંચમગતિ પ્રાપ્ત કરે છે.

ધર્મોપદેશને યોગ્ય કોણ ? ઉપકારી સહસ્રાવધાની આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિ મહારાજે બે પ્રકારના જીવોને ધર્મોપદેશ યોગ્ય ગણાવ્યા છે. જે સ્વભાવે ભવ્ય હોતા નથી તેઓ તેને યોગ્ય નથી. જેઓનો સંસારકાળ એક પુદ્‌ગલપરાવર્તકાળથી અધિક નથી એટલે કે ચરમાવર્તકાળને પામેલા છે, જેઓ સ્વભાવે ભવ્ય છે, અપુનર્બંધક અવસ્થા પામેલાં છે તેઓ જ ધર્મોપદેશને લાયક છે. વળી, સહસ્રાવધાની આચાર્ય શ્રી મુનિસુંદરસૂરીશ્વરજીએ જયાનંદ ચરિત્રમાં જણાવ્યું છે કે સિદ્ધિપદને પમાડનારી સઘળી સામગ્રી જેવી કે મનુષ્યપણું, આર્યદેશ, શ્રુતિ, શ્રવણાભિલાષ અને સુદુપ્રાપ્યા ધર્મશ્રદ્ધા મેળવેલી હોવી જોઈએ. સુદેવ, સુગુરુ અને સુધર્મ સેવવા લાયક ઉપાદેય છે; કુદેવ, કુગુરુ અને કુધર્મ હેય છે તેવી માન્યતા મિથ્યાત્વનો એટલે કે દર્શન મોહનીયનો ક્ષયોપશમ વિના પ્રગટી શકતી નથી. મોક્ષરાગ અને મોક્ષરુચિ તે ભવ્ય જીવોમાં દગ્ગોચર થાય કે જેઓનો સંસારવાસ અર્ધપુદ્‌ગલપરાવર્તથી અધિક નથી હોતો; તે સમય દરમ્યાન જ દર્શનમોહનીયનો ઉપશમ અને ક્ષયોપશમ થઈ શકે છે. તે થવાથી જ જિનેશ્વરદેવોએ પ્રતિપાદિત ધર્મરુચિ જન્મી શકે છે.

આ ચર્ચાથી મનમાં એક શંકા ઉત્પન્ન થાય છે કે શું અત્યાર સુધીના ભવ દરમ્યાન એવું સિધ્ધ કર્યું નથી ? કરેલો ધર્મ વ્યર્થ ગયો ? તેનું કંઈ ફળ જ નહીં ? હા. તેમજ છે કારણ કે અત્યાર સુધી સેવેલો ધર્મ એકડા વિનાના શૂન્યો જેવો છે. હજારો મીંડાની આગળ એકડો ન હોય તો તેની કશી કિંમત નથી. માત્ર એક જ એકડાથી તે ૧૦,૧૦૦,૧૦૦૦, દશ હજાર, કરોડ, પરાર્ધાદિ બને છે. આપણે સેવેલો ધર્મ ગતાનુગતિક, અનનુષ્ઠાન કોટિનો હતો. તો હવે જાગ્યા ત્યારથી સવાર સમજી શું કરવું જોઈએ તે જરા વિચારીએ.

ચાર જ્ઞાનના ધારક ગણધર શ્રી ગૌતમ સ્વામીને ભગવાન શ્રી મહાવીર સ્વામીએ શો ઉપદેશ આપ્યો હતો ? ગોયમ સમયં મા પમાયએ. હે ગૌતમ ! તું ક્ષણવાર માટે પણ પ્રમાદ કરીશ નહીં. તેમની સરખામણીમાં આપણે ઘણા રંક અને પામર ગણાઈએ. સંસાર પ્રત્યે આંખ ઊઠ્યા પછી આપણું પ્રથમ કર્તવ્ય મોક્ષરાગ અને મોક્ષરુચિને પ્રથમ સ્થાન આપવું જોઈએ. સંસાર પ્રત્યે અરુચિનો ભાવ પેદા થવાથી અને મોક્ષ પ્રત્યે રુચિ પેદા થવાથી જીવને ધર્મ જાણવાની ઈચ્છા પ્રગટે, ગુરુ પાસે જઈ ધર્મશ્રવણ કરે; સાંભળેલા ધર્મ પર ચિંતન મનનાદિ કરે. તેની પાસે પુરુષાર્થ હોવાથી પરિણામ શુદ્ધિ થતાં કર્તવ્યનું સચોટ ભાન થાય. ધર્મક્રિયાઓનું બહુમાનપૂર્વક યથાશક્ય સેવન કરે. ટૂંકમાં સમ્યક્‌ત્વ સહિત જે ગૃહસ્થધર્મ કે સાધુધર્મનું આરાધન કરાય તેને જ સાચા સ્વરૂપમાં ધર્મારાધન કહી શકાય. આરાધનાનું ફળ મોક્ષપ્રાપ્તિ છે, જેમાં એવું સુખ રહેલું છે કે તેમાં દુ:ખનો અંશ માત્ર હોતો નથી. વિષય-કષાયજનિત સુખો ક્યારે પણ દુ:ખથી રહિત હોતાં નથી. આનું કારણ બહુ સ્પષ્ટ છે કે ચાર ગતિઓમાં એક પણ ગતિ એવી નથી કે જેમાં દુ:ખનો સર્વથા અભાવ હોય. ચિત્ત જો મોક્ષસુખમાં ચોંટે તો સંસારસુખને ભોગવવા છતાં પણ એમાં પૂરું ચેન ન અનુભવે. સમ્યક્‌ત્વ ઘણું મહત્ત્વનું તેમજ દુર્લભ છે. તેના વડે એકડા વગરની ક્રિયાઓ શૂન્ય બની રહે છે; તેના સદ્‌ભાવથી તેની નિકાચિત અવિરતિના ઉદયે વિષય-કષાયજનતિ સુખને ઈચ્છે, મેળવવા પ્રયત્નશીલ રહે, સાચવવાનો પ્રયત્ન પણ કરે છતાં પણ તેને સાચું સુખ માને નહીં. મોક્ષસુખને જ સાચું માની તે મેળવવા પ્રયત્નશીલ બને. પૌદ્‌ગલિક સુખના ભોગવટામાં આનંદ ઊપજે તો પણ એ જીવને એમ જ થયા કરે કે મારો આ આનંદ એ મારા પાપોદયના પ્રતીકરૂપ છે, દુ:ખના કારણરૂપ છે. અહીં આપણે આ વાત સમજવી જોઈએ કે સમ્યક્‌ત્વની હાજરીમાં પણ મિથ્યાત્વનો વિપાકોદય સંભવિત છે ત્યારે મિથ્યાત્વની હાજરીમાં પાપ સાથે રમવું તે ઝેરવાળા સાપ સાથે રમવા જેવું છે અને તેની ગેરહાજરીમાં પાપ સાથે રમવું તે ઝેર નિચોવાઈ ગયેલા સાપ સાથે રમવા જેવું છે. અઢાર પાપસ્થાનકોમાં ૧૮મું મિથ્યાત્વશલ્ય પાપ તે બધાં પાપોના બાપ જેવું છે.

પુણ્યાનુયોગે એક વ્યક્તિને ઉત્તમ કુળ, જાતિ, બળ, રૂપ, દીર્ઘાયુષ, સુંદર, સુદઢ આરોગ્યવાળું શરીર મળ્યું છે, સુંદર, સુશીલ પત્ની મળી છે. પુત્ર-પૌત્રાદિ સરળ છે. આખું કુટુંબ ધનધાન્યાદિ સાંસારિક સુખસામગ્રીથી સરભર છે; છતાં પણ મિથ્યાત્વના ઉદયે પૌદ્‌ગલિક સુખસાહ્યબીમાંથી બહાર નીકળવાનું મન જ થતું ન હોય તો ધર્મારાધનામાં તેનું ચિત્ત કેવી રીતે ચોંટે ? પૌદ્‌ગલિક સુખમાં રંજિત આવી વ્યક્તિ ધર્મને અભરાઈએ ચઢાવી દે તેમાં નવાઈ હોઈ શકે ? સામાન્ય રીતે દુ:ખમાં જ ધર્મ સુઝે. બીજી સામાન્ય માન્યતા છે કે ધર્મીને ત્યાં ધાડ. આવી વ્યક્તિઓ તત્ત્વજ્ઞાનના અભાવે નિકાચિત તીવ્ર પાપોદયે ધર્મ કરવા છતાં પણ બધા જ પાસા ઊંધા પડે તે સમજી શકતા નથી. તેથી ધર્મ માત્ર દેરાસર, અપાસરામાં જ થાય અને તેની બહાર ન થાય તે માન્યતાને તિલાંજલિ આપવી જોઈએ. ધર્મ તો ચોવીસે કલાક થવો

જોઈએ. તેમાં પ્રમાદ ન ચાલે. ધર્મનો વેપાર ઉધાર પર ન રખાય. શક્તિ અને શ્રદ્ધા-રુચિ પ્રમાણે તે સતત થવો જોઈએ એટલું નહીં પણ અધર્મ કરતા કરતા આ ખોટું થઈ રહ્યું છે, દિલમાં દર્દની વેદના હોવી જોઈએ, પશ્ચાત્તાપ થવો જોઈએ અને મનમાં ધર્મ કરવો જોઈએ. તેવી ભાવના ભાવવી જોઈએ. ધર્મ કરતાં તો મન ધર્મમાં એકાકાર રંજિત હોવું જોઈએ પણ પરિસ્થિતિવશાત્ કર્મોદયે અધર્મ થઈ જાય ત્યારે આ છોડવા જેવું છે અને ધર્મ કરવા જેવો છે તે વિચારમંથન ચાલુ રહેવું જોઈએ. પરિગ્રહાદિ સાધનસંપત્તિ પુષ્કળ હોય છતાં પણ વધુ ને વધુ મેળવવા પ્રવૃત્તિશીલ રહેવું અને તેમાં અસંતોષ રહે એ પાપ છે; તેવી રીતે શક્તિ, સમજ, ઉત્સાહાદિ હોવાથી જે કંઈ થોડી વધુ માત્રામાં ધર્મ થાય કે કરાય તેમાં સંતોષ પામવો તે પણ અજ્ઞાન છે ! કેમકે ધર્મ થઈ ગયો, ઘણો કર્યો એવું કદાપિ કલ્પી જ ન શકાય. ધર્મ તો જેટલે કરીએ તેટલો ઓછો છે તેવું મનમાં લાગેલું હોવું જોઈએ.

હિંસાદિ દોષો અધર્મ કરાવે, પણ અધર્મ કરવા લાયક છે એવું તો મિથ્યાત્વ મનાવે. જેમનું મિથ્યાત્વરૂપ પાપ જાય છે અને તેથી જેમનામાં સમ્યક્ત્વ ગુણ પ્રગટે છે એવા આત્માઓ હિંસાદિ પાપોના ત્યાગી ન હોય તો પણ તે આત્માઓ અર્ધપુદ્‌ગલપરાવર્તકાળથી ઓછા કાળમાં મુક્તિ અવશ્ય પામે છે. એક વાર મિથ્યાત્વ ગયું અને સમ્યક્ત્વ પ્રગટ્યું પછી કદાચ ફરી વાર તેનો ઉદય થઈ જાય તો પણ ઉપર જણાવેલા કાળથી ઓછા સમયમાં મુક્તિ પામ્યા વિના રહે નહીં. સંસારમાં રખડાવનારા જે જે કારણો છે તે બધામાં મુખ્ય કારણ મિથ્યાત્વ છે.

અનંત ઉપકારી આચાર્ય શ્રીમદ્ અકલંકસૂરીશ્વરજી મહારાજાએ જણાવ્યું છે કે 'પુણ્યના ઉદયથી ઉત્તમ સામગ્રીને પામેલો આત્મા દર્શન-જ્ઞાનના આવરણના ક્ષયોપશમથી વિવેકને પામ્યો અને એ વિવેકના પ્રતાપે એ શ્રી જિનધર્મને પણ પામ્યો. પણ શ્રી જિનધર્મને પામ્યા પછી પણ એ આત્માએ એ એ પ્રાપ્તિને સુસ્થિર બનાવવા માટે એવી સ્થિતિ અને એવી દશા તથા એવા સુંદર વાતાવરણમાં રહેવું જોઈએ કે જેથી દર્શન મોહનીય કર્મ આત્મા ઉપર સત્તા ન મેળવી જાય.'

ધાર્મિક જન વ્રત, તપ, જપ, સામાયિકાદિ પૂજાપાઠ વગેરે કરે છે. તે પ્રત્યેક કાર્ય શા માટે કરે છે ? તેના પ્રત્યુત્તરમાં એમ થવું જોઈએ કે સમ્યક્ત્વ મેળવવા માટે. વળી સમ્યક્ત્વ મેળવી તેને ટકાવવું જોઈએ, તેનું વમન ન થવું જોઈએ, વધુ ને વધુ સુદૃઢ અને નિર્મળ બનાવતા રહેવું જોઈએ અને તે માટે સમ્યક્ત્વ પ્રાપ્તિનો વળગાડરૂપ ગ્રહ વળગેલો હોવો જોઈએ. તેથી ધર્માધર્મનો ખ્યાલ ધર્મસ્થાનોમાં પણ જોઈએ અને અધર્મસ્થાનોમાં પણ જોઈએ. પરિણામ તરફ જૈનોનું વલણ રહેલું છે. સાધુઓએ ચોવીસે કલાક પરિણામને સારાં રાખવાનાં અને શ્રાવકોએ ધર્મ કરતી વખતે સારાં રાખવાનાં એવું નથી. સાધુને ધર્મ ચોવીસે કલાક અને ગૃહસ્થને ધર્મ યથાશક્તિ; પણ પરિણામ તરફ તો બધાએ બધો વખત લક્ષ રાખવાનું.

જૈન દર્શન અને જૈન ધર્મ સર્વ શ્રેષ્ઠ ધર્મ છે. તેના પ્રતિપાદક અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત અવ્યાબાધ સુખ, અનંત અક્ષય સ્થિતિ, અગુરુલઘુ, અનંતવીર્ય, અનંત ચારિત્ર, અરૂપીપણું જેવાં આઠ અક્ષયગુણો જેના પ્રગટ થયાથી સિધ્ધદશાને પામેલા છે; જેઓ કેવળજ્ઞાન ધરાવે છે, અસત્યાદિ દોષોથી મુક્ત છે, વીતરાગ છે તેઓ દ્વારા પ્રતિપાદિત થયેલો શુદ્ધ ધર્મ જેનું આચરણ આચાર્યાદિ સાધુઓ કરે છે તથા લોકોને તે કરવાનો માર્ગ બતાવે છે તે ધર્મમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ સંભવિત નથી. શ્રી જિનેશ્વર દેવોએ મોક્ષને પામવાનો માર્ગ પ્રરૂપિત કર્યો છે જે એક જ માર્ગ જીવને માટે કલ્યાણકારી છે તેનું નિરૂપણ શુદ્ધ ધર્મથી કર્યું છે.

વિવરણ આગળ વધે તે પહેલાં એક વસ્તુનું સ્પષ્ટીકરણ કરી લઈએ. ધર્મ એટલે સત્ક્રિયા કે સદનુષ્ઠાન. તે નિરાશંસભાવે, તન્મયતાથી, તદ્‌ગતચિત્તે, તદ્દુલ્લાસે, તલ્લેશ્યે, તદાકાર થઈને કરવા જોઈએ. ભાવ નીતરતી મનોદશા હોવી જોઈએ. ભવાભિનંદી જીવ પૌદ્‌ગલિક સુખ કે દિવ્ય સુખની કામનાથી આ કરે જાય છે. પરંતુ 'વિશાલલોચનદલં'ની બીજી પંક્તિ આ પ્રમાણે છે :

યેષામભિષેક કર્મ કૃત્વા, મત્તા હર્ષભરાત્ સુખં સુરેન્દ્રાઃ
તૃણમપિ ગણયન્તિ નૈવ નાકં... શિવાય સન્તુ તે જિનેન્દ્રાઃ

ઈન્દ્ર પણ સ્વર્ગીય સુખને તણખલા કરતાં પણ તુચ્છ ગણે છે. ઉપર ગણાવેલી રીતિથી ધર્માનુષ્ઠાન કરીએ તો તેનું તદ્દન તુરત જ મળતું આનુષંગિક ફળ 'મનઃ પ્રસન્નતામેતિ પૂજ્યમાને જિનેશ્વરે' વણ માગ્યું મળી રહે છે. જે આત્મસંતોષ થાય તે ક્રિયાદિનું તાત્કાલિક ફળ છે. આપણે ફળના ભૂખ્યા છીએ ને ? વર્ણન ન કરી શકાય તેવું આત્મસંતોષ કરે તેવું આ ફળ છે. હાશ આ હું આનંદિત થઈ કરી શક્યો તે શું ઓછું છે ? તે ક્યારે બને ? જ્યારે કર્મોનો પરિહાર કરવા ધર્મનો મર્મ સમજી ક્રિયાના ૮ દોષો જેવાં કે ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન, ભ્રાન્તિ, અન્યમુદ્, રોગ, આસંગને કાયમનો દેશવટો આપ્યો હોય.

ધર્મ કરે તે ધાર્મિક. ધાર્મિક કહેવાતા ધાર્મિકો કંઈ ચોવીસે કલાક કે આખું વર્ષ ધર્મ કરતાં નથી. તે સિવાયના સમયમાં તેઓ પ્રમાદના દૂષણોના ભોગ બનતા હોય તે શક્ય છે. જેવી રીતે એક દેવાળિયો પ્રામાણિક વેપારી કરજ ચૂકવવાની તમન્ના રાખે છે, જેવી રીતે એક દારૂડિયો આ વ્યસનમાંથી મુક્ત થવાની ખેવના રાખે છે તેવી રીતે ધાર્મિક વ્યક્તિને અધર્મ જે આચરવો પડે છે તેમાં સંતાપ થતો પણ હોય ને ! પરંતુ દુનિયાદારી પહેલી અને ધર્મ ફુરસદે એ રોગ કોના ઘરનો છે ? સંસારથી છૂટવાના ઉપાય આચરી શકતા નથી એ કમનસીબી લાગી ખરી ? 'મોક્ષ સુખ આપો ને આપો મહારાજ' એમ ઉલટાવી ઉલટાવીને લલકારીએ મોક્ષસુખ માંગીએ પણ સંસાર હૈયામાંથી નીકળે નહીં તો શું થાય ? સમ્યગ્દૃષ્ટિને પૌદ્‌ગલિક સુખ દુઃખરૂપ લાગે. ધર્મ સંસારમાં લહેર ભોગવવા માટે થાય છે કે સંસારથી છૂટવા માટે ? શ્રી જિનેશ્વરોએ જેમાં સુખ કહ્યું તેમાં દુઃખ લાગે અને જેમાં દુઃખ લાગે તેમાં સુખ લાગે, સુખનાં કારણો ગમે નહિ અને દુઃખનાં કારણો સુખનાં લાગે તો એ ધાર્મિકજન સમ્યગ્દૃષ્ટિ નહિ એ મિથ્યાત્વના ઘરનો રોગ છે; આપણે એ રોગમાં છીએ કે નહિ તે વિચારવું જોઈએ. વેપારાદિમાં થોડી ખોટ જેટલી ખટકે છે, તેટલી કોઈ ધર્મક્રિયા રહી જાય તે ખટકે છે ? ઉપાદેય બુદ્ધિ ધર્મમાં કે સંસારમાં. શરીરની જેટલી ચિંતા થાય છે એટલી આત્માની થાય છે ? ધર્મ કરતાં આંખ સામે સંસાર હોય કે મોક્ષ ? આ બધું જરૂર વિચારવા જેવું છે. સંસાર ન છૂટે અને ન લાગે તેનો ભેદ વિચારણીય છે. ધર્મ, અર્થ અને કામમાં અર્થ-કામને જે હેય માને અને ધર્મને જ ઉપાદેય માને તે સમ્યગ્દૃષ્ટિ, સર્વવિરતિધર્મ કે દેશવિરતિધર્મ, સાધુધર્મ કે ગૃહસ્થધર્મ એનું મૂળ સમ્યગ્દર્શન. ધર્મ, અર્થ અને કામમાં, અર્થ અને કામ જેને હેય જ લાગે અને ધર્મ જ જેને ઉપાદેય લાગે તે સમ્યગ્દૃષ્ટિ. ભવ્ય

જીવ હોય, ભવિતવ્યતા સાનુકૂળ હોય, ચરમાવર્તકાળમાં આવેલ હોય, સુયોગ્ય સામગ્રી મેળવેલી હોય અને ત્યાં પણ જેનો સંસારકાળ માત્ર અર્ધપુદ્‌ગલપરાવર્તથી ન્યૂન અવશિષ્ટ રહ્યો હોય તે જીવ જ શુદ્ધ ધર્મની આરાધનાદિ કરવાને સુપાત્ર છે. સંસારમાં ખૂબ ધર્મ કરી નાંખ્યો એવો શેખચલ્લીનો વિચાર સેવ્યો પણ પરિણામ અનંતાનંત ભવો રખડ્યા જ કર્યું કેમકે સમ્યક્ત્વ પામ્યા વગર કરેલો ધર્મ એક એકડા વગરના અસંખ્ય મીંડા જેવો હતો. કેવી લાચારી ! આત્મા અર્થકામ તરફ ઢળે છે કે ધસે છે ? ધર્મી કહેવડાવવું સહેલું છે પણ ધર્મી બનવું એ ઘણું મુશ્કેલ છે. ધર્મી બનવા માટે કાળજી જોઈએ. અવસરે ધર્મ માટે અર્થકામ મૂકવાની વૃત્તિ છે કે અર્થકામ માટે ધર્મ મૂકવાની વૃત્તિ છે ? કોઈ વાર અર્થકામ માટે ધર્મનો ભોગ દેવાઈ ગયો તો આત્મા કેટલો કકળે છે ? બળતરા કેવી કારમી ને ? બળતરાને બદલે વ્યવહારકુશળતા મનાય તો ? સંસારમાં રહીને થોડા પણ ધર્મની આરાધના ન થાય એમ નહીં પણ ધ્યેય તે છોડવાનું હોવું જોઈએ. ધર્મ, અર્થ અને કામમાં ધર્મપુરુષાર્થ પ્રધાન લાગે તો ધર્મ પામવાની લાયકાત છે. ન હોય તો મુંઝાયા વગર લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો શક્તિ તેટલી ભાવના નહીં, ભાવના તેટલો પ્રયત્ન નહીં અને પ્રયત્ન તેટલો રસ નહીં. ધર્મ થતો નથી તે શક્તિ નથી માટે કે જોઈતી રુચિ નથી માટે ? સંસાર કહેવામાં બૂરો અને માનવામાં સારો; એ દશા ન હોવી જોઈએ. જૈન તો સંસારને તરવાની ભાવનાવાળો હોય !

અનંત ઉપકારી મહાપુરુષો જણાવે છે કે સમ્યગ્દર્શન ગુણ વિના શ્રીઅરિહંતદેવનાં વચનો ઉપર અવિહડ પ્રેમ જાગતો નથી અને તે વિના જિનવચનનું શ્રવણ જોઇએ તેવા સ્વરૂપે થતું નથી. સમ્યગ્દર્શનથી શ્રવણમાં જે આનંદ થાય તે અજોડ હોય છે. જિનવાણીના શ્રવણમાં એકતાન બને છે અને એકતાનતાના પ્રતાપે પ્રતિદિન ધર્મની આરાધનામાં આગળ ને આગળ કુચ કરે જાય છે. સમ્યગ્દર્શન પામેલો આત્મા સદ્‌ગુરુમુખે શ્રીજિનવચનનું શ્રવણ કરવું, ધર્મનો અવિહડ રાગ અને દેવગુરુની વૈયાવચ્ચાદિ દ્વારા ચારિત્રમોહનીય સાથે સંગ્રામ ખેલે છે. આપણે જોઈ ગયા છીએ કે સંસારને સમ્યગ્દર્શન મર્યાદિત બનાવે છે. અર્ધપુદ્‌ગલપરાવર્તથી વધારે સંસારવાળા સમ્યગ્દર્શન પામતા જ નથી.

ધર્મ: રક્ષતિ રક્ષિત: એ સૂત્રને ભયંકર ઝંઝાવાત થયેલા ઓરિસામાં જ્યાં અકલ્પ વિનાશ ફરી વળ્યો ત્યાં સૈકા પૂર્વે બંધાવેલાં ૩૨૦ મંદિરો અડીખમ ઉભા રહ્યાં તેમાં પૂર્વજોના પુણ્ય પ્રતાપ સિવાય કયું કારણ આપણા મનોપટ પર ઉત્પન્ન થઇ શકે ! એક પણ તેની કાંકરી ન ખરી તે ધર્મના પ્રતાપને લીધે ને ?

નવસ્મરણના ૮મા સ્મરણનો ૪૧મા શ્લોક દ્વારા શુભકામના વ્યક્ત કરું તો તે યથાર્થ ગણાશે.

'દેવેન્દ્ર વન્દ્ય ! વિદિતાખિલવસ્તુસાર !
સંસારતારક ! વિભો ! ભુવનાભિનાથ !
ત્રાયસ્વ દેવ ! કરુણાહ્રદ ! માં પુનીહિ,
સીદન્તમદ્ય ભયદવ્યસનામ્બુ રાશે: ।। ૪૧ ।।

શ્રી સીમંધરસ્વામીના ચૈત્યવંદનની છેલ્લી કડી આ પ્રમાણે છે:
'કર જોડી ઊભો રહું, સામો રહી ઈશાન,
ભાવ જિનેશ્વર ભાણને, દેજો સમકિત દાન.' (૫)

મોક્ષનો અભિલાષ ત્યારે જ પ્રગટે કે જ્યારે જીવ ધર્માભિમુખ થયો હોય. તે પ્રગટ થવાનો સમય ભવ્ય જીવોમાં જ અને તેવાં જ ભવ્યો કે જેઓ છેવટે એક પુદ્‌ગલપરાવર્ત કાળમાં અવશ્યમેવ મુક્તિ પામવાના હોય. મનુષ્યપણાથી ધર્મશ્રવણ સુધીની સામગ્રી તો અભવ્યો તેમજ દુર્ભવ્યો પણ પ્રાપ્ત કરી શકે છે; પરંતુ ધર્મશ્રદ્ધાની પ્રાપ્તિ તો તે ભવ્યાત્માઓ કે જેઓનો સંસારકાળ એક પુદ્‌ગલપરાવર્તથી અધિક ન જ હોય. સ્વભાવથી ભવ્ય જીવો કે જેઓનો સંસારકાળ એક પુદ્‌ગલપરાવર્તથી અધિક હોય; તેઓમાં એની વિચારશક્તિ ઉદ્‌ભવી શકતી જ નથી કે મોક્ષ એ ઉત્તમમાં ઉત્તમ કોટિનું સાધ્ય છે, ધર્મ એ એ માટેનું સાધન છે, અને ધર્મના સાધન દ્વારા મોક્ષરૂપ સાધ્યને સિદ્ધ કરવાનું છે. આ દશાને સમ્યગ્દર્શનના બીજ રૂપ ગણાવી શકાય, અને સમ્યગ્દર્શન ગુણને પ્રગટવાની તૈયારી ચાલી રહી છે. આને સમ્યગ્દર્શન ગુણના પ્રગટીકરણથી ઉદ્‌ભવેલી મનોદશા તરીકે ઓળખી શકાય નહિ. મોક્ષ એ ઉત્તમ કોટિનું સાધ્ય છે, ધર્મ તેનું કારણ છે, ધર્મ સેવવા દ્વારા મોક્ષ પ્રાપ્ત કરવો છે એવી મનોદશા પણ અભવ્યો તથા દુર્ભવ્યોમાં પ્રગટી શકતી જ નથી. તેથી ચરમાવર્તને પામેલા જે આત્માઓ મંદમિથ્યાત્વવાળા બને છે. તેવા આત્માઓ મિથ્યાદૃષ્ટિ હોવા છતાં પણ મોક્ષ એ ઉત્તમમાં ઉત્તમ કોટિનું સાધ્ય છે, ધર્મ દ્વારા જ મોક્ષને પ્રાપ્ત કરી શકાય અને ધર્મ સેવવા દ્વારા જ મોક્ષ સાધવો છે એવી મનોદશાના સ્વામી અવશ્ય બની શકે છે. તેથી સહસ્રાવધાની આચાર્ય શ્રી મુનિસુંદરસૂરીશ્વરજીએ જયાનંદ કેવળી ચરિત્રમાં સ્પષ્ટ કર્યું છે કે શ્રી સિદ્ધપદને પમાડનારી જે સામગ્રી છે તે સામગ્રીને પામ્યા વિના ભવ્યો સિદ્ધિપદને પામી શકતા નથી. તે સઘળી સામગ્રી મનુષ્યપણું, ધર્મશ્રવણ અને તદુપરાંત સુદુષ્પ્રાપ્યા ધર્મશ્રદ્ધા સવિશેષ અત્યંત આવશ્યક કે જરૂરી છે.

આગળ ઉપર આપણે જોઈ ગયા છીએ કે આ અવસર્પિણીના છેલ્લા તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામીએ ગણધર શ્રી ગૌતમસ્વામીને ક્ષણ વાર માટે પણ પ્રમાદ ન કરવાનો સદુપદેશ આપ્યો છે. પ્રમાદ સેવનારા દેવની શી સ્થિતિ થાય તે સપ્તલવ તરીકે જાણીતા સર્વાર્થસિદ્ધ દેવની હાલતથી જાણી શકાય છે. આ દેવનું આયુષ્ય ૭મી નરકના નારકીની જેમ ૩૩ સાગરોપમનું હોય છે. સાત લવ જેટલો ક્ષુલ્લક પ્રમાદ સેવવાથી મોક્ષ તેમને માટે ૩૩ સાગરોપમ જેટલો દૂર હડસેલાઇ ગયો ! 'ગ્રૈવેયકેષુ અનન્તદા ઉપપાતશ્રવણાત્' કારણ ધર્મ સેવવામાં કરેલો પ્રમાદ ! ૧૪ પૂર્વોનું પરાવર્તન કે કંઇક તપ કરવામાં સરતચૂક થવાથી શિક્ષા કેટલી ? એક બે વર્ષ નહીં પરંતુ ૩૩ સાગરોપમ કાળ પસાર કર્યા પછી જ હાથવેંતમાં આવેલો મોક્ષ હસ્તગત કરી કૃતકૃત્ય થઈ શકાય ! ધર્મમાં પ્રમાદ ન જોઈએ તે માટે બીજું કોઈ ઉદાહરણ જરૂરી છે ? નહીં ને ! તો પછી આપણે પણ જાગરૂક થઈ ઉપયોગ-પૂર્વકની આરાધના ધર્મ માટે કરવી જોઈએ ને ? અણુ જેટલી ક્ષતિ માટે મેરૂ જેવડી શિક્ષા ! વિશાળ, સમૃદ્ધ પુણ્યનો પ્રાગ્ભાર હોવા છતાં પણ સર્વાર્થસિદ્ધ વિમાનના દેવાયુ તરીકે જન્મી નગણ્ય એવી નાની ક્ષતિ કે તપશ્ચર્યાના અભાવમાં એકાવતારીને ૩૩ સાગરોપમની શિક્ષા ! તેથી પ્રાર્થના કરીએ કે જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા આરૂગ્ગબોહિલાભં સમાહિવરમુત્તમં દિંતુ (લોગસ્સ-૬). અહીં ભવ આરોગ્ય, સમ્યક્ત્વ તથા ઉત્તમ સમાધિ ઈચ્છવામાં આવી છે.

સુખમાં અને દુ:ખમાં સારભૂત એક માત્ર ધર્મ છે. માટે ધર્મ સર્વસ્વ છે, ધર્મ ભાઈ છે, ધર્મ પિતા છે, ધર્મ માતા છે, ત્વમેવ માતા ચ પિતા

તમેવ. ભાઈની, પિતાની, માતાની ગરજ સારનાર ધર્મ છે. સંસારના માતા, પિતા, ભાઈ વગેરે આપણી જે સંભાળ લે છે તે ધર્મનો પ્રતાપ છે. ધર્મ ન હોય તો પિતા, માતા, બેન, ભાઈ, પતિ, પત્ની, પુત્રો કોઈ દરકાર નહીં કરે. ધર્મ પુણ્યરૂપે ઉદયમાં હશે તો સગા સગા થશે, મિત્ર મિત્ર રહેશે. પુત્ર મરતાં બાપા કહે, ખબર અંતર પૂછે, સેવા કરે એ ધર્મના પ્રતાપથી. સંસારની કોઈ સામગ્રી કે સંબંધી જે કામ ન લાગે ત્યારે ધર્મ કામ લાગે, શાતા ઉપજાવી શકે. અશાતાના ઉદયમાં સમાધિમાં રાખી શકે તેથી હૂંફ ધર્મની હોવી જોઇએ ને ? તો પછી ધર્મ માટે ક્યાં જવું ? સોના માટે ઝવેરી, કાપડ માટે કાપડિયો, શાક માટે કાછિયો, પૈસા માટે શાહુકાર, રોગ માટે ડૉક્ટરની પાસે જવું પડે તેમ ધર્મ પામવા સાધુ પાસે જવું પડે ને ? સાધુ સૌ પ્રથમ શું બતાવે. તેના પદ પ્રમાણે સર્વવિરતિ ધર્મ જ બતાવે ને ? તે માટે સર્વવિરતિ જોઇએ ને ? પરંતુ બધાં કંઈ સર્વવિરતિ સ્વીકારી શકે તેવા ન હોય ને ? તેવું સામર્થ્યના અભાવે તે ધર્મ ગમી જાય તો પણ સામર્થ્યના અભાવે સંસાર તરવા માટે આ જ સાચું પગલું છે પણ તે અશક્ય હોવાથી, આચરી શકાય તેમ ન હોવાથી, તેવો ધર્મ બતાવો કે જેના દ્વારા સર્વવિરતિ ધર્મ પછી પામી શકું. ત્યારે ગુરુ ભગવન દેશવિરતિ ધર્મ બતાવે, પણ તે જીવ દેશવિરતિ ધર્મ સ્વીકારવાના સામર્થ્યવાળો ન હોય તો તેને સમ્યક્ત્વના આચારાદિ બતાવે. એવા જીવો પણ હોય કે જેમની પાસે એટલી પણ યોગ્યતા વિકસી ન હોય. તેવાં જીવોને માર્ગાનુસારિતાના આચર બતાવે; કારણ કે માર્ગાનુસારિતાના આચારો એવાં છે કે જે આચારોને પાળતાં પાળતાં ક્રમે ક્રમે જીવ ઉપરના પગથિયે ડગ માંડી ધર્મની પ્રાપ્તિ માટે તૈયાર થઈ યોગ્ય બને. જીવ ધર્મની પ્રાપ્તિ માટે યોગ્ય બને ત્યાંસુધી શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ ગણાય. ધર્મ પામવાની ઈચ્છા થઈ ત્યાં સુધીમાં ઘણી નિર્જરા સાધી હોય, પણ ધર્મ પામવા માટે સૌ પ્રથમ ગ્રંથિભેદ કરવો પડે, ગાઢ રાગદ્વેષની ગાંઠ ભેદવી પડે. અપૂર્વકરણ વગર તે ભેદાય નહીં. તે પેદા કરવા માટે, જીવે સંસારના સુખના રાગ ઉપર અને એ રાગે જન્માવેલા દ્વેષ ઉપર ખૂબ ખૂબ દ્વેષ કેળવવો પડે. સંસારના સુખના રાગ ઉપર અને એ રાગે જન્માવેલ દ્વેષ ઉપર કેવો દ્વેષ કેળવવો પડે ? આ બન્ને અસામાન્ય કોટિના હોય તો જ કાર્યસિદ્ધ થાય ને ? આ સંદર્ભમાં આપણો કરાતો ધર્મ કેટલો પાંગળો છે તે સમજાય છે ને ? સામાન્ય જન સાંસારિક પૌદ્ગલિક સુખ માટે કે સ્વર્ગીય સુખ માટે ધર્મ કરતો જોવા મળે છે. આ બન્ને પ્રકારનાં સુખ ઝાંઝવાના જળ સમાન, અનિત્ય, અશાશ્વત અને નાશવંત છે; કેમ કે મુક્તિ સિવાયનું કોઈ પણ સુખ કે દુ:ખ તેનાં મિશ્રણ વગરનું હોતું જ નથી. આ સુખ દુ:ખમય, દુ:ખ ફલક અને દુ:ખ પરંપરક છે (પંચસૂત્ર).

दुक्खरुवे दुक्खकले दुक्खाणुबंधि (पञ्चसूत्र)

અત્રે ઉલ્લેખ કરાયેલા ધર્મના સ્વરૂપને તેની આરાધનામાં નિરાશંસભાવે ઉપયોગપ્રમુખતા આરાધકોમાં સમ્યગ્દર્શન કે સમકિત સામું ચાલીને આવશે; કેમ કે તે સઘળા ગુણોનું મૂળ છે. તેના વિના ગુણો સાચા સ્વરૂપમાં ગુણની કક્ષામાં આવતા નથી. તેથી યમ અને પ્રશમને જીવાડનાર સમકિત છે. જ્ઞાન અને ચારિત્રનું બીજ સમ્યગ્દર્શન છે. તપ તથા શ્રુતાદિનો હેતુ સમકિત છે. અનંતજ્ઞાનીઓનું આ ફરમાન છે. ચારિત્ર અને જ્ઞાન વિનાનું દર્શન શ્લાઘનીય છે; પરંતુ મિથ્યાત્વથી દુષિત જ્ઞાન અને ચારિત્ર શ્લાઘ્ય નથી. જ્ઞાન અને ચારિત્ર વિનાના શ્રેણિક મહારાજા સમ્યગ્દર્શનના માહાત્મ્યથી શ્રી તીર્થંકરપદને પામશે. જ્ઞાન અને ચારિત્ર નહીં એવાં જીવો સમ્યગ્દર્શનના પ્રભાવથી અનુપમ સુખના નિદાનરૂપ મોક્ષ પામે છે; જે સંસારસાગરને પાર પામવા માટે વહાણ સમું છે. દુ:ખરૂપી કાંતારને સળગાવી મૂકવા માટે દાવાનળ સમું છે તે એક સમ્યગ્દર્શન નામના રત્નનો આશ્રય કરો. કારણકે જીવનમાં ધર્મારાધના દ્વારા પ્રાપ્ત થયેલ યમ અને પ્રશમને જીવંત રાખવા માટે સમ્યગ્દર્શનની અનિવાર્ય આવશ્યકતા છે.

ઉપરની ચર્ચાવિચારણાના વિહંગાવલોકનરૂપે કહી શકાય કે જીવ માર્ગાનુસારી બની છેલ્લા ચરમાવર્તકાળમાં પ્રવેશે ત્યારે તેને મોક્ષાભિલાષ, મોક્ષરુચિ, સંસાર પ્રત્યે વૈરાગ્ય તથા નિર્વેદ પામી તદ્દહેતુ અને અમૃતાનુષ્ઠાન એ બે અનુષ્ઠાનો કરવા તૈયાર થયો હોવાથી જે સમયને ધર્મયૌવનકાળ કહી શકીએ એ પૂર્વ ધર્મબાળકાળ હતો; જ્યારે કાન્તાદષ્ટિ જેવી દૃષ્ટિ વિકસેલી ન હોવાથી ઓઘદષ્ટિને હવે ત્યજી ખંતપૂર્વક, યોગ્ય સુપુરુષાર્થ કરી મોક્ષ તરફ હરણફાળ ભરી શકાય તેવી ધર્મારાધના કરી મોક્ષપદ પામે છે.

❖❖❖

# અષ્ટાંગ નિમિત્ત

■ ડૉ. કવિન શાહ

જીવ, શિવ અને જગત આ ત્રણ શબ્દો ગહન, ગંભીર અને અનેકવિધ રહસ્યોથી ભરપૂર છે. તેનો પાર પામવા માટે વિવિધ ધર્મો અને મતોમાં કોઈ ને કોઈ માર્ગ દર્શાવવામાં આવ્યો છે. ભારતીય સંસ્કૃતિના પાયામાં ધર્મ કેન્દ્ર સ્થાને છે. સમાજજીવન ધર્મના રંગે રંગાયેલું હતું અને લોકો શ્રદ્ધાના બળથી દુ:ખમાં પણ સંતોષ માનીને જીવન જીવતા હતા. જીવનમાં શું બનવાનું છે તેની આગાહી કરવા માટેનું કાર્ય જ્યોતિષ શાસ્ત્રને આધારે થાય છે. જ્યોતિષ એ ઈશ્વરના જ્ઞાનની એક ઝળહળતી જ્યોતિ છે જેના આધારે વ્યક્તિ અને વિશ્વ વિશેની ચોંકાવનારી આગાહી કરવામાં આવે છે. આ દિવ્યજ્ઞાન માત્ર પોથીમાંના રીંગણા જેવું નથી પણ તેના પ્રભાવથી અનુભવના દિવ્યજ્ઞાનની ઉપલબ્ધિ થાય છે. આ શાસ્ત્રને આધારે ભૂતકાળ-વર્તમાન અને ભવિષ્ય વિશેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે જેના આધારે વ્યક્તિના જીવનમાં આવતી આપત્તિઓથી રક્ષણ મેળવી શકાય છે. જ્યોતિષશાસ્ત્ર ખૂબ જ પ્રચલિત છે. તેમાં શ્રદ્ધા ધરાવનારો વર્ગ પણ ઘણો મોટો છે. વિજ્ઞાન યુગના પ્રભાવથી ગમે તેટલો મતભેદ હોવા છતાં જ્યોતિષશાસ્ત્ર અખંડ રહેવાનું છે. વિશ્વમાં જ્યોતિષશાસ્ત્ર વેદનું અંગ છે. ચૌદ વિદ્યામાં તેનો સમાવેશ થાય છે. સિદ્ધાંત, સંહિતા અને હોરા એ ત્રણ શાખારૂપે વેદનું જો નિર્મળ નેત્ર હોય તો એ જ્યોતિષ છે અને તે સર્વોત્તમ ગણાય છે. સિદ્ધાંતમાં ગણિતની રીતે ગણતરી થાય છે. તેના ત્રણ વિભાગ સિદ્ધાંત, તંત્ર અને કરણ છે. સંહિતામાં ગ્રહ, નક્ષત્ર, દિનશુદ્ધિ, મુહૂર્તનો સમાવેશ થાય છે. હોરા-નભ સમયના ગ્રહોને આધારે ભવિષ્યના સુખદુ:ખની વિગતો ફળાદેશ થાય છે.

બધા જ દેશોમાં એક યા બીજી રીતે જ્યોતિષશાસ્ત્રનો જનજીવનમાં આધાર લેવાય છે. દક્ષિણ ભારતમાં જ્યોતિષનો આધાર લઈને નાનાં મોટાં કામ કરવાની પ્રણાલિકા પ્રચલિત બની છે. જ્યોતિષશાસ્ત્રમાં ચોક્કસ નિયમો છે. તેના આધારે ગ્રહોની સ્થિતિ ઉપર અવલંબે છે અને ભવિષ્યકથન કરવામાં આવે છે. જ્યોતિષનો પર્યાયવાચી શબ્દ નિમિત્ત છે. નિમિત્ત શાસ્ત્ર એ નામ પણ ઉપયોગમાં લેવાય છે. એસ્ટ્રોલોજર, ફોરચ્યુન ટેલર, ભવિષ્યવેત્તા, જ્યોતિષિ દૈવજ્ઞ જેવા શબ્દો આ અંગેનું કામ કરનાર વ્યક્તિ માટે ઉપયોગમાં લેવાય છે. જ્યોતિષશાસ્ત્ર અગાધ, ગૂઢ ને રહસ્યમય છે. તેના આઠ પ્રકાર છે. એટલે ધર્મગ્રંથોમાં અષ્ટાંગ નિમિત્ત એમ શબ્દપ્રયોગ થયો છે. નિમિત્તશાસ્ત્ર પરોક્ષ પદાર્થોને દર્શાવવાનું કામ કરે છે.

अङ्गं स्वप्नं स्वरं चैव, भौमं लक्षणे उत्पात

मन्तारिक्षंच निमित्तं स्मृतमष्टधा ॥ १ ॥

અંગવિદ્યા, સ્વપ્નવિદ્યા, સ્વરવિદ્યા, ભૂમિવિદ્યા, વ્યંજનવિદ્યા, લક્ષણવિદ્યા, ઉત્પાતવિદ્યા અને અંતરિક્ષવિદ્યા એમ નિમિત્ત શાસ્ત્ર આઠ પ્રકારનું છે.

આઠ અંગનો સંક્ષિપ્ત પરિચય નીચે મુજબ છે.

અંગવિદ્યા : શરીરનાં અંગો કુદરતી રીતે સ્ફુરે છે. આને અંગ સ્ફુરણા કહે છે. આંખ, હાથ, સાથળ, પગ, ગાલ, કોણી, લિંગ, જીભ, કપાળ, કમર વગેરે અંગો સ્ફુરે તેનાથી શુભાશુભ ફળ મળે છે. સ્ત્રીનું ડાબું અંગ અને પુરુષનું જમણું અંગ સ્ફુરે તો તે શુભ ગણાય છે જ્યારે સ્ત્રીનું જમણું અને પુરુષનું ડાબું અંગ સ્ફુરે તો તે અશુભ ગણાય છે. શરીરનાં અંગો નાનાં કે મોટાં હોય તેને આધારે પણ આગાહી કરવામાં આવે છે. શરીર પર કેટલાંક ચિહ્નો હોય છે તે ઉપરથી જીવનમાં લાભ કે નુકશાન વિશે ફળકથન થાય છે. તીર્થંકર ભગવાનના શરીર પર ૧૦૦૮ લક્ષણો હોય છે. જ્યારે ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવને ૧૦૮ લક્ષણો હોય છે. મહાનપુણ્યશાળી જીવોના શરીર પર છત્ર, કમળ, રથ, વજ્ર, વૃક્ષ, શંખ, હાથી, કળશ, મત્સ્ય, જવ, ચામર, પહાડ, દર્પણ, ધજા જેવાં લક્ષણો હોય છે. જેવું નેત્ર તેવું શીલ, જેવી નાસિકા તેવી સરળતા, જેવું રૂપ તેવું ધન, જેવું શીલ તેવા ગુણ હોય છે. ઉત્તમ પુરુષની ઉંચાઈ ૧૦૮ આંગળ, મધ્યમની ૯૬ અને જઘન્ય પુરુષની ૮૪ આંગળની હોય છે. સ્ત્રીના શરીરમાં કુર્મનું સ્થાન ડાબી બાજુ અને પુરુષના શરીરમાં જમણી બાજુ હોવાથી અંગવિદ્યામાં સ્ત્રીના ડાબા અંગો અને પુરુષના જમણાં અંગોને આધારે ફળાદેશ કરવામાં આવે છે. સ્ત્રીને માટે વામાંગી શબ્દ પ્રયોગ પણ આ સંદર્ભમાં થાય છે. પુરુષની જમણી આંખ સૂર્ય અને ડાબી આંખ ચંદ્ર પ્રધાન હોવાથી સૂર્ય અને ચંદ્ર નેત્ર એમ અંગવિદ્યામાં મનાય છે. જ્યારે સ્ત્રીની ડાબી આંખમાં સૂર્ય અને જમણી આંખમાં ચંદ્ર છે. અંગસ્ફુરણ એ સ્ત્રી-પુરુષની સ્વાભાવિક ક્રિયા છે. તે ઉપરથી લાભ કે નુકશાન વિશે આગાહી થાય છે. પુરુષ ને દિવસે જમણું અંગ સ્ફુરે તો લાભ થાય. ડાબું અંગ ફરકે તો નુકશાન થાય. સ્ત્રીને દિવસે ડાબું અંગ ફરકે તો લાભ અને રાત્રે જમણું અંગ ફરકે તો નુકશાનકારક છે. સવારે અંગ સ્ફુરણાથી તત્કાલ લાભ-નુકશાન થાય છે. બપોરના અથવા રાત્રે અંગ સ્ફુરણાથી લાભ કે નુકશાન વિલંબથી (મોડો) મળે છે. થોડા સમય માટે ડાબા-જમણા અંગનું સ્ફુરણ નુકશાનનો સંકેત કરે છે. ઉદા. જોઈએ તો લલાટ ફરકે તો સ્થાનવૃદ્ધિ થાય, નાક સ્ફુરે તો મિત્ર લાભ, ચક્ષુના ખૂણા ફરકે તો ધનલાભ, કાન ફરકે તો શુભ સંદેશ મળે, હોઠ ફરકે તો મિષ્ટાન્ન મળે, હથેળી ફરકે તો ધનલાભ, પીઠ ફરકે તો પરાજય થાય, ગાલ ફરકે તો પ્રિયજનનું મિલન થાય, બગલ ફરકે તો ધનહાનિ થાય, આ રીતે અંગવિદ્યાની માહિતી છે.

સ્વપ્ન આવવાનાં નવ કારણો છે. દિવસ દરમ્યાનનો અનુભવ, સાંભળેલી વાત, જાગતાં દેખેલી વસ્તુ, પ્રકૃતિના વિકારથી (વાત-પિત્ત અને કફ) દેવોના સાન્નિધ્યથી, ધર્મની આરાધના, અતિ પાપાચરણ, ચિંતાની પરંપરા અને કુદરતી રીતે સહજ સ્વપ્ન.

આમાં પ્રથમ ચાર નિમિત્તથી આવેલાં શુભાશુભ સ્વપ્ન નિષ્ફળ થાય છે. જ્યારે બાકીના નિમિત્તથી આવેલાં સ્વપ્નો શુભાશુભ ફળ આપનારાં છે.

સ્વપ્ન ફળ વિશેની માન્યતા નીચે પ્રમાણે છે.

રાત્રિના પ્રથમ પહોરમાં આવેલું સ્વપ્ન ૧૨ મહિને, બીજા પહોરનું છ મહિને, ત્રીજા પહોરનું ત્રણ મહિને અને ચોથા પહોરનું એક મહિને શુભાશુભ ફળ આપે છે. રાત્રિની છેલ્લી બે ઘડીમાં આવેલું સ્વપ્ન ૧૦ દિવસમાં જ ફળદાયી નીવડે છે.

ઉત્તમ-શુભ સ્વપ્ન જોઈને જાગી જવું જોઈએ. પછી ધર્મ આરાધના-પ્રભુભક્તિ નામ સ્મરણ જાપ આદિ કરવાથી તેનું ઉત્તમોત્તમ ફળ પ્રાપ્ત થાય છે. શુભ સ્વપ્ન આવ્યા પછી નિદ્રા કરવાથી ફળ નષ્ટ થાય છે. અશુભ સ્વપ્ન આવે તો સૂઈ જવું જોઈએ અને કોઈને કહેવું જોઈએ નહીં. જ્યારે શુભ સ્વપ્ન દેવગુરુને કહેવું જોઈએ. પહેલાં અશુભ સ્વપ્ન અને પછી શુભ સ્વપ્ન આવે તો ફળ સારું મળે છે પણ પહેલાં શુભ સ્વપ્ન આવ્યા પછી અશુભ સ્વપ્ન આવે તો અશુભ ફળ આપનારું થાય છે.

સામાન્ય ફળ આપનારાં ૪૨ સ્વપ્નો અને મહાફળદાયી ૩૦ સ્વપ્નો છે. એ રીતે ૭૨ પ્રકારનાં સ્વપ્નો માનવામાં આવે છે.

સ્વપ્ન જાણવા માટે નિમિત્ત શાસ્ત્રના જાણકાર પાસે ખાલી હાથે જવું જોઈએ નહીં. શક્તિ પ્રમાણે ભેટ આપવી જોઈએ. રાજા-દેવ અને ગુરુ પાસે જતી વખતે યોગ્ય ભેટ લઈને જવું જોઈએ. આ પ્રમાણે કરવાથી ઈચ્છિત ફળ મળે છે. સ્વપ્નો અંગેના ભારતીય ધર્મના વિચારો અને મનોવૈજ્ઞાનિક સંશોધનમાં સમાનતા રહેલી છે. Dreams due to the physical condition. વાત-પિત્ત અને કફના વિકાર તથા માંદગીના દિવસોમાં આવતાં સ્વપ્ન સાથે સામ્ય રહેલું છે. Prophetic dreams એટલે સ્વપ્નમાં ભવિષ્યમાં થનારી ઘટના કે પ્રસંગનો સંકેત મળે છે. એટલે સ્વપ્નવિદ્યા એ કોઈ કાલ્પનિક ઉપજાવેલી કાઢેલી નથી પણ માનવીના મન સાથે અને ધર્મની દૃષ્ટિએ શુભાશુભ કર્મો સાથે સંબંધ ધરાવે છે એવો નિષ્કર્ષ તારવી શકાય છે. સ્વપ્નવિદ્યાની અગમ્યવાણી જીવનની સફળતા નિષ્ફળતામાં એક અંગરૂપ છે. ભગવતીસૂત્રના ૧૬ શતકમાં સ્વપ્ન વિશેની માહિતી છે. શ્રી ગૌતમસ્વામી પ્રભુ મહાવીર સ્વામીને પૂછે છે કે હે પ્રભુ ! સ્વપ્ન એટલે શું ! તેના કેટલા પ્રકાર છે ? આ પ્રશ્નનો જવાબ આપતાં ભગવંત જણાવે છે કે :

યથાતથ્ય, પ્રતાન, ચિંતા સ્વપ્ન, તદ્ વિપરીત અને અવ્યક્તદર્શન એમ પાંચ પ્રકારના સ્વપ્ન છે.

નિદ્રાવસ્થામાં ભૂતકાળમાં ભોગવેલા અનંત પદાર્થોનો કે ભવિષ્ય કાળમાં જે પદાર્થો ભોગવાશે; તદર્થે જે વિકલ્પો કે તેનો અનુભવ કરવો તે સ્વપ્ન છે. સ્વપ્ન આવવાની પ્રક્રિયા સ્વાભાવિક છે તેમ છતાં તેમાં પુણ્ય-પાપનો ઉદય પણ નિમિત્તરૂપ બને છે. સ્વપ્નમાં શ્રદ્ધા હોતી નથી એટલે લોકો માનતા નથી છતાં સ્વપ્નવિદ્યા અન્ય વિદ્યા સમાન દેશ-વિદેશમાં પ્રચલિત છે અને ઘણી મોટી સંખ્યામાં લોકો શ્રદ્ધા ધરાવે છે.

**(૧) યથાતથ્યસ્વપ્ન :** એટલે વાસ્તવિક રીતે જે વસ્તુ કે પદાર્થ જેવો હોય તેવો જ સ્વપ્નમાં જોવા મળે છે. તેના ફળ સ્વરૂપે સ્વપ્નમાં જોયેલો પદાર્થ વાસ્તવિક જીવનમાં પ્રાપ્ત થાય છે. તેના બે ભેદ છે. દૃષ્ટાર્થા વિસંવાદી સ્વપ્ન એટલે કે સ્વપ્નમાં જે પદાર્થ કે વસ્તુ જોઈ હોય તેને જાગ્યા પછી પણ તેવી જ વસ્તુ કે પદાર્થ જુએ ને અનુભવે છે. ફળાવિસંવાદી-એટલે સ્વપ્નમાં જોયેલી વસ્તુને આધારે જુદું ફળ મળે છે. દા.ત. સ્વપ્નમાં શણગારેલા હાથીનું દર્શન કરનાર વ્યક્તિ ઉચ્ચ હોદ્દો કે અધિકારપદ મેળવે છે.

**(૨) પ્રતાન સ્વપ્ન :** જે સ્વપ્ન લાંબા કાળ સુધી રહે છે અને તેનું ફળ શુભ કે અશુભ ફળ મળે છે. આવાં સ્વપ્નો સાચાં પણ હોય ને ખોટાં પણ હોય છે.

**(૩) ચિંતા સ્વપ્ન :** જાગૃત અવસ્થામાં-જોયેલી અનુભવેલી-સાંભળેલી સ્પર્શ થયેલી વસ્તુનું સ્વપ્નમાં દર્શન તે ચિંતા દર્શન સ્વપ્ન કહેવાય છે. આવા સ્વપ્ન ઘણીવાર આવે છે.

**(૪) તદ્‌વિપરીત સ્વપ્ન :** આ સ્વપ્નમાં જે વસ્તુ જોઈ હોય કે અનુભવી હોય તેનાથી વિપરીત ફળ મળે છે. સ્વપ્નમાં હસવાથી જાગ્યા પછી શોક થાય. સ્વપ્નમાં પઠન-પાઠન થાય તો તેનાથી ક્લેશ થાય છે.

**(૫) અવ્યક્ત સ્વપ્ન :** સ્વપ્ન અસ્પષ્ટ અને ભૂલી જવાય ત્યારે તે અવ્યક્ત કહેવાય છે.

ગાઢ નિંદ્રામાં હોય કે જાગતા હોય તો તેવા માણસોને સ્વપ્ન આવે નહિ પણ કંઈક નિદ્રા અને કંઈક જાગૃત અવસ્થા હોય ત્યારે સ્વપ્ન આવે છે. સ્વપ્નોને કર્મો સાથે સંબંધ હોવાથી જીવનમાં આવનારા સુખ દુ:ખને સૂચિત કરે છે.

જ્યારે વ્યક્તિની ઈન્દ્રિયો વિરામ કરે છે ત્યારે મનના સંકલ્પ વિકલ્પની શક્તિ પ્રબળ બને છે અને સ્વપ્ન આવે છે. કર્માધીન જીવોને દર્શનાવરણીય કર્મ ઉદયમાં હોવાથી નિદ્રા આવે છે ત્યારે ઈન્દ્રિયો વિરામમાં હોય છે અને મન જાગતું હોવાથી સ્વપ્ન નિર્માણમાં સહયોગ આપે છે.

સંવરધર્મમાં પ્રવૃત્ત જીવો સ્વપ્ન જુએ છે તે લગભગ સત્ય હોય છે. ભગવાન મહાવીર સ્વામીએ છદ્મસ્થ અવસ્થામાં દશ સ્વપ્નો જોયાં હતાં તે સત્ય અર્થ બતાવનારા થયા છે. તીર્થંકરનો જીવાત્મા માતાના ગર્ભમાં આવે છે ત્યારે તેમની માતા ચૌદ મહાસ્વપ્નો જુએ છે, વાસુદેવની માતા-૭, બલદેવની માતા-૪ અને માંડલિકની માતા એક સ્વપ્ન જુએ છે.

શુભ સ્વપ્ન જોયા પછી નિદ્રા ત્યાગ કરીને પ્રભુ સ્મરણ ભક્તિ કરવી. જો નિદ્રા કરવામાં આવે તો અશુભ સ્વપ્ન આવવાનો સંભવ રહે અને શુભ ફળ નષ્ટ થાય છે. તેવી રીતે અશુભ સ્વપ્ન જોયા પછી નિદ્રાધીન થવું જોઈએ. કોઈપણ સ્ત્રી કે પુરુષને ગમે તેવા પ્રયત્નો કરે તો પણ ઈચ્છા પ્રમાણે સ્વપ્ન આવે નહીં. એ તો પૂર્વ સંચિત કર્મોનો પ્રભાવ જ શુભાશુભ સ્વપ્ન માટે નિમિત્તરૂપ બને છે. મૈત્રીભાવ કે શત્રુભાવ, હિંસા કે અહિંસા, પુણ્ય કે પાપ કર્મોનું બેલેન્સને કારણે સ્વપ્ન આવે છે. ત્રિશલા રાણીને ૧૪ મહાસ્વપ્ન આવ્યા તો ઉત્તમ સ્વપ્ન માટે શીયળનું પાલન, દયા, દાન, અહિંસા, સત્ય જેવા આચારથી જીવન જીવે તો શુભ સ્વપ્નોનું દર્શન થાય છે તે સિવાય શુભ સ્વપ્ન આવે નહીં.

**સ્વપ્નવિદ્યા**

મનુષ્યને કુદરતી રીતે જ વિચારશક્તિની બક્ષિસ પ્રાપ્ત થઈ છે. વિચારશક્તિને આધારે જ્ઞાનપ્રાપ્તિ થઈ શકે છે. જ્ઞાનથી ભૂત-ભવિષ્ય અને વર્તમાન વિશેની માહિતી જાણી શકાય છે. ભવિષ્યકથન માટે સ્વપ્નવિદ્યા પણ ચોક્કસ વિચારો દર્શાવે છે. સ્વપ્ન એ મનુષ્યના ચિત્તની વિચારધારાની અદ્‌ભુત શક્તિ છે. મનોવિજ્ઞાનને આધારે સ્વપ્ન વિશે એમ કહેવાય છે કે મનુષ્યની અપેક્ષાઓ, ઈચ્છાઓ વાસ્તવિક રીતે તૃપ્ત થઈ ન હોય તે સ્વપ્ન દ્વારા સિદ્ધ થાય છે. અચેતન મનમાં વિચારોનો સંગ્રહ થાય છે તે નિદ્રાવસ્થામાં સ્વપ્નરૂપે સફળ-નિષ્ફળ અનુભૂતિ કરાવે છે. કોઈ વ્યક્તિને સ્વપ્ન આવે જ નહીં એવું માની શકાય તેમ નથી. સ્વપ્ન તો આવે છે પણ ગાઢ નિદ્રા (કુંભકર્ણ સમાન) હોવાથી સ્વપ્ન દર્શન થતું નથી.

મનોવૈજ્ઞાનિક રીતે sleep and dream pattern (નિદ્રા અને સ્વપ્ન) વિશે કોરનલ યુનિવર્સિટી, ડ્યુક યુનિ., યુનિ. ઑફ શીકાગો, ન્યૂયોર્ક યુનિ. (અમેરિકા)માં કસોટીઓ દ્વારા સ્વપ્નો વિશે સંશોધન કરવામાં આવ્યું છે તે ઉપરથી નીચેની માહિત પ્રાપ્ત થઈ છે.

સુખદ કે આનંદદાયક (Pleasant) અને ભયજનક (Frightened) એમ બે પ્રકારનો સ્વપ્નમાં અનુભવ થાય છે. સંશોધનને આધારે સ્વપ્નો ૬ પ્રકારનાં છે.

૧ Prophetic dream : ભવિષ્યની આગાહી કરતાં સ્વપ્નો. આ સ્વપ્ન નવું નથી. બાઈબલમાં જોસેફને આવું સ્વપ્ન આવ્યું હતું તેવો ઉલ્લેખ મળી આવે છે. આ સ્વપ્ન seven lean lcine eating નામથી જાણીતું છે. seven fat lcine આ સ્વપ્નનો અર્થ એવો છે કે સાત વર્ષનો દુકાળ પડશે.

૨ Frivilous dreams : આ પ્રકારના સ્વપ્નમાં વ્યક્તિને સ્વપ્નમાં બનેલી ઘટના-વ્યક્તિ-સ્થળ કે પ્રસંગનો પૂર્ણ ખ્યાલ હોતો નથી અથવા તો સ્વપ્ન વિસ્મૃત થઈ જાય છે.

૩ Dreams due to physical condition : શારીરિક સ્થિતિના નિમિત્તથી ઉદ્‌ભવેલા સ્વપ્નો. આ સ્વપ્નો માટે માંદગી, અકસ્માતથી પીડા, અતિશય મદિરા સેવન, અતિશય થાકથી આવા સ્વપ્નો આવે છે. આ સ્વપ્નો ભયાનક હોવાનો પણ સંભવ છે. પણ તેનું પુનરાવર્તન થતું નથી.

૪ Nightmares : આ સ્વપ્નો ભયાનક હોય છે અને તેને માટે શરીરની માંદગી જવાબદાર છે.

૫ Astral Projection distance dream : મનુષ્ય અવકાશમાં ફરતો હોય અને નીચે પડે ઉપર જાય, નિયત જગાએથી શરીર બીજે પહોંચી જાય કે અલગ પડી જાય. પ્રવાસને લગતાં સ્વપ્નો આ પ્રકારનાં છે. માણસ જાગે ત્યારે તેને ખબર પડે કે પોતે ક્યાં છે અને તે

વાસ્તવિક નથી એટલે આવાં સ્વપ્નો Truve dream પણ કહેવાય છે.

૬ Physcoanalytical dreams : મનોવિશ્લેષણાત્મક સ્વપ્નો. સીગમંડ ફ્રોઈડ નામનાં મનોવૈજ્ઞાનિક આને ઈચ્છાપૂર્તિ સાથે સંબંધ દર્શાવે છે. (wish fullfillment) વાસ્તવિક દુનિયાની અતૃપ્ત ઈચ્છાઓની પૂર્તિ સ્વપ્ન દ્વારા થાય છે. તેના શબ્દો છે :

Dreams are an unconscious wish fullfillment, an experssion of supressed desires for sex or other things the person wants to do but cannot express in daily life; so they take place in his dreams in same symbolic form but Freuid placed no credence in the popularly held there in that dreams had the power to foretell events or had any other ESP (Extra Sensory Perception) connotations.

જાતીય પ્રવૃત્તિના સંદર્ભમાં એડલર Adler જુંગ (Jung)નું સ્વપ્નનું અર્થઘટન મનોવૈજ્ઞાનિકો અંશત: સ્વીકારે છે. માણસનો અહમ્ 'ego' વધુ પ્રબળ છે તેને કારણે સ્વપ્ન સર્જાય છે. નોરમલ સ્થિતિ ધરાવનારા લોકોને સ્વપ્નો આવે છે.

મનોવૈજ્ઞાનિક અર્થઘટનને સ્વપ્નના વિચારો સ્વપ્ન સૃષ્ટિમાં નવો પ્રકાશ પાડે છે.

સ્વપ્ન વિશેના અમેરિકન સંશોધનના વિચારો સાથે ભગવતી સૂત્રમાંથી સ્વપ્નો વિશેની માહિત પ્રાપ્ત થાય છે તેની સાથે સામ્ય રહેલું છે. અષ્ટાંગ નિમિત્તમાં સ્વપ્ન વિશેની રસપ્રદ માહિતી તેના મહત્ત્વના અંગ તરીકે ગણાય છે. સ્વપ્ન આવે જ નહીં, ભૂલી જવાય અંશત: યાદ રહે વગેરે પ્રક્રિયા માનવજાતની સાથે સહજ રીતે રહેલી છે.

સ્વરવિદ્યામાં કેટલાંક પ્રાણીઓના સ્વર (અવાજ) ઉપરથી નિમિત્ત કહેવાય છે. ગરુડ, કાગડો, ઘુવડ, કૂતરો વગેરે પ્રાણીઓના અવાજ શુભાશુભ બનવાનો સંકેત કરે છે. ઉદા. જોઈએ તો ઘુવડ રાત્રિના સમયે મકાન ઉપર બેસીને બોલે તો તે મકાનમાલિકનું છ માસમાં મૃત્યુ થાય, પુત્ર કે ઘરનો નાશ થાય. ઘરના દ્વાર પર બેસીને બોલે તો ચોરીનો ભય રહે છે. ઘુવડ ઘૂઘૂઘૂ એવો અવાજ કરે છે. મુઓ મુઓ એવો અવાજ પણ કરે છે. ગ્રામ્ય વિસ્તારના લોકો આ પ્રકારના અવાજના અનુભવી હોવાથી તેનું ફળ જાણે છે.

કાગડો મસ્તકને સ્પર્શે તો વ્યક્તિ ધનવાન થાય. સ્ત્રીના મસ્તકને સ્પર્શે તો તે સ્ત્રી વિધવા થાય. પુત્ર નાશ થાય. કાગડાનો અવાજ કાઉ, કાઉ, કવ, કવ, કર, કર, કટીકટી, કલલ, કાંકા, કોંક, કલીકલી, ટટ વગેરે હોય છે. કાઉ કાઉ સ્વરથી શુભ સમાચાર મળે છે. કરકર શબ્દથી કષ્ટ થાય છે. કલલ સ્વરથી મહેમાનનું આગમન સૂચવાય છે. કાંકા શબ્દથી વ્યક્તિ બંધનમાં પડે છે. કાગડાનો સમૂહ ભેગો થઈને બોલે તો મૃત્યુનું સૂચન કરે છે. ગરોળી શરીરના અંગો પર પડે તો તેનાથી પણ લાભાલાભ થાય છે. દા.ત. જમણા હાથ ઉપર ગરોલી પડે તો આરોગ્ય લાભ, જમણા ખભા ઉપર યશવૃદ્ધિ, જમણી જંઘા ઉપર પડવાથી ધનનાશ, નિદ્રાવસ્થામાં ગરોલી પડે અને બીજો માણસ તે જોઈને કહે તો છ માસમાં મૃત્યુ થાય.

સ્વરવિદ્યા વિશે યોગ સાધનાના સંદર્ભમાં કેટલીક વિગતો ઈષ્ટ-અનિષ્ટ ફળદાયક બને છે તેની માહિતી નીચે પ્રમાણે છે.

મનુષ્યના નાકમાંથી જે શ્વાસ નીકળે છે તેને સ્વરોદય કહેવાય છે. નાસિકાનાં બે છિદ્રમાંથી જે શ્વાસ નીકળે છે તેને માટે 'સ્વર' શબ્દ પ્રયોગ થાય છે. નાસિકાના જમણા છિદ્રમાંથી નીકળતો વાયુ (શ્વાસ) ઈડા નાડી, ડાબી બાજુનો વાયુ પિંગલા નાડી અને બન્ને છિદ્રોમાંથી નીકળતા વાયુને સુષુમ્ણાનાડી કહેવાય છે. આ ત્રણ સ્વર સ્વાભાવિક રીતે રહે છે. તેની ગતિ સૂર્યોદયથી એક કલાક સુધી ચાલે છે પછી તેમાં ફેરફાર થાય છે. એક કલાકમાં ૯૦૦ શ્વાસોશ્વાસ થાય છે. એક કલાકમાં ૨૦ મિનિટ પૃથ્વીતત્ત્વ, ૧૬ મિનિટ જળતત્ત્વ, ૧૨ મિનિટ અગ્નિતત્ત્વ, ૮ મિનિટ વાયુતત્ત્વ અને ૪ મિનિટ આકાશતત્ત્વ રહેલાં છે. સ્વરોદયની પ્રક્રિયા સ્વાભાવિક હોવા છતાં શુભ કાર્ય માટે જરૂરી ડાબા-જમણા સ્વરનો ઉદય થઈ શકે છે. જમણો હાથ ઊંચો કરી ડાબો હાથ નીચે રાખી સૂવાથી જમણો સ્વર ઉદય પામે છે. ડાબો હાથ ઊંચો કરી જમણો હાથ નીચે રાખી સૂવાથી ડાબો સ્વર ઉદય પામે છે. સ્વરના ફળાદેશનો વિચાર કરીએ તો ધ્યાન-સાધના પરમાત્માની ભક્તિ માટે સુષુમ્ણા નાડી ચાલતી હોય તો તેમાં વિશેષ લાભ થાય છે. શુભાશુભ ફળના સંદર્ભમાં સ્વર પરિવર્તન સ્વાભાવિક રીતે થાય છે. તાવ આવતો હોય તો જે સ્વર ચાલતો હોય તે બદલીને બીજી બાજુ (પડખે) સૂવાથી તાવમાં રાહત થાય છે. માથાના દુ:ખાવા માટે જમીન ઉપર સીધા સૂઈ જઈને હાથ લાંબા કરવાથી દર્દની પીડા નાશ પામે છે. જમણો સ્વર ચાલે ત્યારે ભોજન કરવાથી અપચો થતો નથી. જમ્યા પછી ડાબા પડખે સૂવાથી (૧૫ થી ૨૦ મિનિટ) તંદુરસ્તી સુધરે છે. આર્યુવેદમાં ભોજન પછી વામકુક્ષિનો ઉલ્લેખ છે તેની સાથે આ સ્વર વિદ્યાનો સંબંધ જોવા મળે છે. છાતી, પીઠ, કમર, પેટના દુ:ખાવા માટે સ્વર બદલ થવાથી પીડા દૂર થાય છે. થાક અને ગરમીના ત્રાસમાંથી મુક્ત થવા માટે જમણા પડખે સૂઈ રહેવું જોઈએ. સ્થિરકાર્યો ચંદ્ર નાડીમાં કરવાં જોઈએ. દા.ત. જિનમંદિરમાં મૂળ નાયકની પ્રતિષ્ઠા, ધ્વજાદંડ સ્થાપના, ધર્મશાળા, ઉપાશ્રય, દાનશાળા વગેરે ચંદ્ર સ્વરમાં લાભદાયક છે. ક્રૂર અને ચર કાર્યો માટે સૂર્ય સ્વર લાભદાયક છે. ભોજન, સ્નાન, વહાણ-આગબોટ ચલાવવી, દુશ્મનની મૈત્રી, મંત્ર સાધના, દેવની આરાધના આ સ્વરમાં વિશેષ લાભદાયક છે. શુકલપક્ષનો સ્વામી ચંદ્ર છે અને કૃષ્ણ પક્ષનો સ્વામી સૂર્ય છે. શુકલપક્ષમાં ચંદ્ર સ્વર અને કૃષ્ણ પક્ષમાં સૂર્ય સ્વર ચાલતો હોય તો તે શુભકારક છે. શુદ ૧ના રોજ ચંદ્ર સ્વર અને વદ ૧ના રોજ સૂર્ય સ્વર ચાલતો હોય તો બન્ને પખવાડિયાં લાભદાયક થાય છે. તેથી વિરૂદ્ધ સ્વર હોય તો કષ્ટ નુકસાન થાય છે. કોઈ પ્રશ્ન પૂછે ત્યારે ચંદ્ર સ્વર ચાલતો હોય તો કાર્ય સિદ્ધ થાય છે. સ્વર વિશેની આગાહીઓ અતિગહન છે. યોગી અને મહાત્માઓ આ બાબતનું અનુભવસિદ્ધ જ્ઞાન ધરાવે છે.

**ભૌમવિદ્યા** : આ નિમિત્તથી ભૂમિ-જમીન કેવા પ્રકારની છે, ફળદાયી-નુકશાનકારક, અશુદ્ધ, પવિત્ર વગેરે જાણી શકાય છે. ધરતીકંપ-ઉલ્કાપાતની આગાહી થઈ શકે છે. ભૂમિ પરીક્ષાની સીધી સાદી રીત એ છે કે એક ચોરસ ફૂટ જમીન ખોદવી. તેમાંથી નીકળેલી માટી પુન: તે ખાડામાં ભરવી. જો માટી વધે તો ઉત્તમ, માટી તેમાં સમાઈ જાય તો મધ્યમ અને માટી ખૂટે ખાડો ભરાય નહીં તો જમીન કનિષ્ટ સમજવી. ઉત્તમ અને મધ્યમ કોટીની જમીન મકાન તેમજ અન્ય બાંધકામ માટે પસંદ કરવી. બીજી રીતે પરીક્ષા કરીએ તો જમીનમાં ઘંઉ કે કમોદની નમૂનારૂપે વાવણી કરવી. ત્રણ દિવસમાં ઘઉં ઊગે તો ઉત્તમ, પાંચ દિવસમાં ઊગે તો મધ્યમ અને સાત દિવસમાં ઊગે તો કનિષ્ટ જમીન સમજવી. ભૂમિ ખોદતાં રાખ, નળિયાં, હાડકાં

નીકળે તો જમીન અશુદ્ધ છે તેની શુદ્ધિ કરવી જોઈએ. ખજૂર, દાડમ, કેળ, બોરડી અને બીજોરાનાં વૃક્ષો ઘર પાસે હોય તો ઘરનો નાશ થાય છે. આવી ભૂમિમાં મકાન બાંધવું નહીં. જે ઝાડમાંથી દૂધ નીકળે-ઝરે તો તેવા ઝાડને કારણે લક્ષ્મીનો નાશ થાય છે. ઘરના આગળના ભાગમાં વડ, જમણી તરફ ઉંબરાનું વૃક્ષ, પાછળના ભાગમાં કે ઉત્તર દિશામાં પીપળાનું વૃક્ષ ઉત્તમ ગણાય છે. એવો શિલ્પ શાસ્ત્રનો એક મત છે.

ભગવાન (મંદિરમાં)ની પીઠ આવે તે દિશામાં મકાન બાંધવું નહીં. મકાનની જમણી બાજુ જિનમંદિરની દૃષ્ટિ સારી છે. પહેલાં અને છેલ્લાં પહોર સિવાય દિવસે ધજાની છાયા કે ઝાડની છાયા ન પડે તો સારું કહેવાય. હળ, વાહન અને ગાડાનું લાકડું બાંધકામમાં વાપરવું લાભદાયક નથી. જે જમીનમાં ધ્રો-ડાળી ઊગે તો સારી છે. જે જમીનની માટી મીઠી-પાણી મીઠું નીકળે તો તે જમીન સારી જાણવી. જે જમીન ઉષ્ણકાળમાં શીતળ, શીતળકાળમાં ઉષ્ણ અને વર્ષાકાળમાં શીત-ઉષ્ણ રહે તો ઉત્તમ જાણવી. ભૂમિ શુદ્ધિનો સાચો ને સચોટ ઉપાય દશદિક્પાલપૂજન છે.

**ઉત્પાતવિદ્યા** : આકાશ-હવામાનનો આશ્રય લઈને વાવાઝોડું, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધુળિયો વરસાદ, વીજળીનું તોફાન, રાજા અને પ્રજાને પીડા થશે કે કેમ તેની આગાહી કરવામાં આવે છે.

**વ્યંજનવિદ્યા** : મનુષ્યના શરીરના અંગો પર મસો, તલ, લાખું જેવાં ચિહ્નો હોય છે. તેનો રંગ કાળો, લાલ, સફેદ હોય છે તેને લક્ષમાં લઈને નિમિત્ત જાણી શકાય છે.

**લક્ષણવિદ્યા** : આ વિદ્યાને સામુદ્રિકવિદ્યા પણ કહેવામાં આવે છે. તેમાં શરીરના અંગોપાંગનો આકાર, રંગ અને લંબાઈને આધારે ભવિષ્ય ભાખવામાં આવે છે. હાથપગની રેખાઓને આધારે પણ ગ્રહો સમાન ફળકથન કરવામાં આવે છે. સ્ત્રી-પુરુષના ભૂત-ભવિષ્ય અને વર્તમાન અને ભાગ્યની આગાહી માટે રેખા હસ્તશાસ્ત્ર મહત્ત્વનું ગણાય છે. પુરુષનો જમણો હાથ અને સ્ત્રીનો ડાબો હાથ જોવાય છે. તૂટેલી-અવિકસિત વાંકી ચૂકી રેખાઓ અનિષ્ટનું સૂચન કરે છે જ્યારે સીધી-સ્પષ્ટ રેખાઓ શુભ સંકેત કરે છે.

હાથ-પગમાં કેટલાંક ચિહ્નો પણ સારા ભાગ્યની નિશાની છે. ત્રાજવું. તલવાર, વજ્ર, કમલ, ધનુષ્ય, ત્રિશુલ, રથ જેવાં ચિહ્નો હોય તો સમૃદ્ધિનું પ્રતીક છે. ત્રિકોણ, અષ્ટકોણ, હાથી, સૂર્ય-ચંદ્ર જેવા ચિહ્નો પણ ભાગ્યશાળી વ્યક્તિના હાથમાં હોય છે. અંગુઠામાં જવનું ચિહ્ન ધનધાન્યની સમૃદ્ધિ-વિદ્યા વિશેષ દર્શાવે છે. પાતળી કમર ભાગ્યશાળીને હોય છે. અંગુઠાના મૂળમાં રેખાઓ હોય તો તે પુત્ર કારક બને છે. ઉદર પર ત્રિવળી હોય તો ભાગ્યશાળી કહેવાય છે. હાથ લાંબા હોય, ઢીંચણ સુધી પહોંચે તેવા હોય તો તે નસીબદાર કહેવાય છે. હોઠ મધ સમાન પીળા, હાથની રેખાઓ તૂટેલી અને બહુ રેખાઓ હોય તો દુ:ખી થાય છે. હથેળી લાલ અને પુષ્ટ હોય તે સ્ત્રી અને સંપત્તિથી ભૌતિકસુખ ભોગવે છે. પીળાશ પડતો હાથ દુરાચારી બનાવે છે. મસ્તક, હાથ, આંખ, લિંગ, નાક, પગ, આંગળીઓના પ્રમાણ અને રંગથી ફળકથન કરવામાં આવે છે. પુરુષોને જમણા અંગમાં ચિહ્નો અને સ્ત્રીઓને ડાબા અંગમાં ચિહ્નો તલ, મસો વગેરે લાભદાયક છે.

**અંતરિક્ષવિદ્યા** : આકાશમાં ગ્રહો ભ્રમણ કરે છે તેની સ્થિતિ ઉપરથી ભવિષ્ય ભાખવાની પદ્ધતિ અંતરિક્ષ વિદ્યા છે. ગ્રહોની યુતિ, ઉદય અને અસ્તને આધારે શુભાશુભ ફળકથન કરવામાં આવે છે. જૈન કલ્પસૂત્રમાં ૮૮ ગ્રહોની માહિતી છે. વર્તમાનમાં પ્રચલિત નવ ગ્રહો ઉપરાંત હર્ષલ, પ્લુટો, નેપ્ચ્યુન, યુરેનસને પણ સ્થાન આપવામાં આવ્યું છે અને ફળાદેશમાં તેનો આધાર લેવાય છે. મતાંતરે સાત ગ્રહો મુખ્ય છે. રાહુ-કેતુ એ સ્વતંત્ર ગ્રહો નથી ઉપગ્રહો છે. એવી માન્યતા પણ પ્રચલિત છે.

અષ્ટાંગ નિમિત્તની રસપ્રદ વિગતો સાથે સંબંધ ધરાવતી ભડળી વાણીની પણ માહિતી આપવામાં આવી છે.

અષ્ટાંગ નિમિત્તના પરિચય સાથે સંબંધ ધરાવતી 'ભડળી વાણી'ની કેટલીક વિગતો રસપ્રદ છે. 'ભડળી' કોણ છે તે વિશે કોઈ ચોક્કસ માહિતી નળતી નથી પણ ભડળી વચનો લોકપરંપરાથી જ્યોતિષવિદ્યામાં સ્થાન ધરાવે છે. તેમાં ઋતુ સાથે સંબંધ ધરાવતી ભવિષ્યવાણી પ્રાપ્ત થાય છે. તેમાં વર્ષાઋતુ વિશેની વિગતો જાણવા મળે છે. નક્ષત્રોને આધારે ભવિષ્ય કથન થાય છે. દૃષ્ટાંત રૂપે ભડળી વાણી જોઈએ તો

આથમણી તાણે કાચળી જો ઊગમતે સૂર
દાદા કે વાછરું વાળ જો, નિકર જાશે પાણીને પૂર.

જો સૂર્ય ઉગતી વખતે પશ્ચિમ દિશામાં મેઘધનુષ ખેંચાય તો ચેતીને, જલ્દી વાછરું સીમમાંથી વાળી લાવજો. કારણકે એ તો મુશળધાર વૃષ્ટિનો સંકેત કરે છે.

પૂરવ તાણે કાચળી જો આથમતે સૂર
ભડળી વાયક એમ ભણે, દૂધ જમાડું ક્રૂર
સ્વાતિ દીવા જો બળે, વિશાખા ખેલે ગાય
તો રાણી જાય રણે ચઢે ને પૃથ્વી પ્રલ્લે થાય.

જો દીવાળી સ્વાતિ નક્ષત્રમાં આવે ને ગોધન તેરશ વિશાખા નક્ષત્રમાં આવી પડે તો તે ઉલ્કાપાત થવાનું સૂચવે છે. દેવપોઢી અગિયારસે શનિ-રવિ કે મંગળ આવે તો ભયંકર દુષ્કાળ પડે છે. રોહીણી નક્ષત્રમાં મેઘવૃષ્ટિ વગર વીજળી થાય તો પણ દુષ્કાળ થાય છે. ભડળી વાક્યો ખેડૂત વર્ગમાં વિશેષ પ્રચલિત છે. તેમાં અનુભવસિદ્ધ વચનોનો પણ સમાવેશ થયો હોવાથી તેની આગાહી સત્ય માનવામાં આવે છે. અષ્ટાંગ નિમિત્ત વિશેની માહિતી આપતા લેખ નિમિત્ત શાસ્ત્રની વિસ્તરેલી ક્ષિતિજનો પરિચય કરાવે છે. જ્યોતિષ શાસ્ત્રના આઠેય અંગ ખૂબજ ગહન અને ગૂઢાર્થમય છે. શિષ્યભાવથી ગુરુ નિશ્રામાં રહીને સઘન અભ્યાસ કરવામાં આવે તો જીવ અને જગતના કલ્યાણનો માર્ગ નિષ્કંટક બને છે. આઠેય અંગના જાણકાર વ્યક્તિ સાક્ષાત્ એક દૈવજ્ઞ તરીકેના નામને સાર્થક કરે છે. શ્રદ્ધા અને રસ હોય તો આ શાસ્ત્રને આધારે જીવન ઘડતરમાં માર્ગદર્શન મળે. ઉન્માર્ગે ગયેલા જીવને સાચો રાહ બતાવી શકાય. ભાવિના ભીતરમાં સ્વયં દર્શન કરીને આપત્તિમાંથી મુક્ત થવાનો તથા શાંતિમય જીવનનો માર્ગ પ્રાપ્ત થાય છે.

❖❖❖

# મહારાષ્ટ્રના મરાઠવાડામાં જૈન ધર્મ-સંસ્કૃતિ-કલા પ્રસાર

■ ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર

જૈન ધર્મ વિકસિત, સુવ્યવસ્થિત અને સંપૂર્ણ પ્રસ્થાપિત ધાર્મિક તથા સાંસ્કૃતિક પ્રણાલી છે. શ્રમણ સંસ્કૃતિનાં એ બીજોનાં સ્વરૂપ અનેક રૂપોમાં સંશુદ્ધ કરવાના પ્રયત્ન થયા છે. જૈન ધર્મને જો વેદપ્રમાણિત માની ન શકાય તો પણ વૈદિક સાહિત્યમાં એ ધર્મનું અસ્તિત્વ હોવાનાં કેટલાક પ્રમાણ ઉપલબ્ધ છે. યજુર્વેદમાં ઋષભનાથ, અજિતનાથ અને અરિષ્ટનેમિ એ ત્રણ તીર્થંકરોના ઉલ્લેખ થયેલા મળી આવે છે. એ ઉપરાંત ઋષભનાથનો ઉલ્લેખ વિષ્ણુ તથા ભાગવત પુરાણમાં પણ મળી આવે છે.

વિદ્વાનોએ જૈન ધર્મના ઈતિહાસને સિંધુ સંસ્કૃતિ સુધી પાછળ લઈ જવાના પ્રયત્ન કર્યા છે. કેટલાક સિક્કા અને પશુપતિની મૃણ્મયી મૂર્તિથી એ મૂર્તિ ઋષભનાથને સદશ હોવાના કારણે એને પૂજાના પ્રતીક તરીકે સ્વીકારવાનાં અનેક દૃષ્ટાંત મોજૂદ છે. પણ એ બાબતમાં પુરાતત્ત્વ વિભાગનું સમર્થન યા પ્રમાણ ન હોવાથી એ અંગે ચોક્કસ અનુમાન થઈ શકે તેમ નથી, માત્ર ઐતિહાસિક સત્યનો સ્વીકાર ઉચિત ન ગણાય.

જૈન ધર્મની કલા અને સંસ્કૃતિના પ્રસારનો ઈતિહાસ તથા એના સાહિત્યનો અભ્યાસ પુરાતત્ત્વ વિભાગ દ્વારા પ્રાપ્ત અવશેષોના આધારે કહી શકાય. પ્રાચીન જૈન ધર્મના સાહિત્ય-સંદર્ભ મુજબ ઋષભનાથે પાક-કલા, શિલ્પ-કલા અને મૃદ-વાસણોની કલા શીખવી હતી. બૌદ્ધ કલા મુજબ જ જૈન કલાએ પણ પોતાનું અસ્તિત્વ ભારતીય કલાના ઈતિહાસમાં પર્યાપ્ત સમય સુધી ટકાવી રાખ્યું હતું. મહારાષ્ટ્રમાં પછાત ગણાતો મરાઠવાડા વિસ્તાર એટલે ઔરંગાબાદ, લાતુર, જાલના, બીડ, પરભણી, ઉસ્માનાબાદ અને નાંદેડ નામના સાત જિલ્લા એ વિભાગમાં જૈન કલાના ઈતિહાસને એની સંસ્કૃતિના પ્રસાર વિષયક અભ્યાસ ને વિહંગદર્શન રસપ્રદ થાય તેમ છે. મરાઠવાડાનો વર્તમાન વિસ્તાર પ્રાચીન સાંસ્કૃતિક સંઘર્ષ ને ઉત્ક્રાંતિનો મહત્ત્વનો ભાગ રહ્યો છે.

મરાઠવાડામાં જૈન ધર્મ તથા સંસ્કૃતિનો વધારે પ્રસાર ન થવાની એ બાબતમાં વિદ્વાનોમાં અનેક મતભેદ પ્રવર્તે છે. પ્રો. માટેના મત મુજબ મરાઠવાડામાં જૈન ધર્મનો પ્રસાર થયો નથી. પ્રો. યાનસેએ પણ આવું જ મંતવ્ય દર્શાવતા કહ્યું છે કે ગુજરાત તથા કર્ણાટકની તુલનાએ મહારાષ્ટ્રમાં જૈનોની સંખ્યા ઓછી હતી. પરંતુ જનસંખ્યાના આધારે કોઈ ધર્મ તથા સંસ્કૃતિ વિશે મત બાંધવો ન્યાયોચિત ન ગણાય. હા, એટલી વાત સાચી કે પ્રાચીન કાળમાં ઉત્તર મહારાષ્ટ્રમાં શ્વેતાંબરપથનો તથા દક્ષિણ મહારાષ્ટ્રમાં દિગંબરપંથનો વધારે પ્રસાર હતો. છતાં મંદિર, શિલ્પ આદિના વિવિધ રૂપે ઉપલબ્ધ સામગ્રી તથા સાહિત્યના આધારે ધર્મ તથા સંસ્કૃતિના પ્રસાર અંગે પ્રકાશ નાખી શકાય. અને તે ય પ્રમાણભૂત રીતે.

ઉજ્જૈનથી પૈઠણ પર્યંત ભોગવર્ધન પ્રતિષ્ઠાન મગદપૂરનાં વેપાર કેન્દ્રો આ વિસ્તારમાં હતા. એના પરથી સાબિત થાય છે કે આ વિસ્તારમાં સંસ્કૃતિ સમન્વય ને સંમેલનના પ્રયત્ન થયેલ છે. મગધ દેશમાં પડેલ દુષ્કાલ પરિસ્થિતિને લીધે જૈન સાધુના રૂપમાં ભદ્રબાહૂ સહિત ચંદ્રગુપ્ત મૌર્યે દક્ષિણમાં પ્રવેશ કરેલો પણ આ ઘટનાને વિન્સેન્ટ સ્મિથ જેવા પ્રાચીન વિદ્વાનો કાલ્પનિક માને છે. છતાં ઉપલબ્ધ સાધન પ્રમાણોને લીધે એ ઐતિહાસિક વસ્તુસ્થિતિને સ્મિથે સ્વીકારી પણ છે. ઈ.સ. ૧૯૭૧માં હરિસેનાચાર્ય દ્વારા લિખિત 'બૃહદ કથા કોશ'માં આની વિસ્તારથી માહિતી મળે છે. શ્રવણ બેલગોલના ચંદ્રગિરિ પર આવેલ ભદ્રબાહૂ નામની ગુફા આ વાતને પુષ્ટ કરે છે. સમ્રાટ અશોકના સમયમાં દક્ષિણ ભારતમાં બૌદ્ધ સંઘની જેમ જૈન સંઘનું પણ અસ્તિત્વ હતું. અશોકના પૌત્ર સંપ્રતિના સમયમાં પણ દક્ષિણ ભારતમાં જૈન ધર્મનો પ્રસાર થયેલો છે. સુહસ્તીન નામક જૈન મુનિના માર્ગદર્શન હેઠળ સંપ્રતિરાજાએ પોતાના જીવનના અંતિમ સમય ટાણે જૈન ધર્મની દીક્ષા લીધી હતી. એ દૃષ્ટિએ જૈન ધર્મ ને સંસ્કૃતિનો પ્રસાર રાજદરબાર ને જનમાનસમાં વિદ્વાનોના પ્રભાવથી થયો હોવાનું અનુમાન કરી શકાય. વળી શ્રુતકેવલી ભદ્રબાહુ અને ચંદ્રગુપ્ત મૌર્યના દક્ષિણ ભારતના પ્રવાસોને ઈતિહાસ ગ્રંથોમાં સારું એવું મહત્ત્વ અપાયું છે. શ્રવણ બેલગોલમાં પાર્શ્વનાથ વિસ્તારમાં પ્રભાવતી ચંદ્ર સમાધિની પાસેના એક શિલાલેખમાં દર્શાવ્યું છે કે ભદ્રબાહૂ સ્વામીના આગમન પછી દક્ષિણમાં મહાન જૈન સાધુઓના આગમનની શરૂઆત થઈ. ઈ.સ. ૧૪૫૦માં રત્નનંદી રચિત 'ભદ્રબાહૂચરિત' તથા ઈ.સ. ૧૮૫૦માં તેની 'દેવચંદ્ર રાજવતી કથા' કૃતિ પરથી અનુમાન કરી શકાય છે કે એક હજાર વર્ષ પછીય ત્યારે એ દંતકથાઓ પ્રચલિત હતી.

દક્ષિણ ભારતમાં સાતવાહન કાળમાં જૈન ધર્મનો પ્રસાર ઘણી ઝડપે થયેલો. જૈન પરંપરા મુજબ સંત કાલકાચાર્યે સમ્રાટ પૈથાના દરબારની મુલાકાત લઈ રાજાને વાત કરી. શ્રી રામ શર્મા નામના રાજાની નામ નિશ્ચિતી હાલ રાજા સાથે કરવામાં આવી છે. એ સંદર્ભમાં સિક્કા ને શાસ્ત્રીય પુરાવાનો અભ્યાસ મહત્ત્વનો છે. સાતવાહન સમ્રાટ સાતકર્ણીના શાસનકાળના કેટલાક સિક્કાઓ પર 'શ્રીવત્સ' ચિહ્નો જે મળે છે તે સાર્થક ને મહત્ત્વનાં જણાય છે. સાતવાહન કાલમાં થયેલ જૈન ધર્મ પ્રસારનો આ એક સંગીન ને સજ્જડ પુરાવો છે. એ કાલમાં જૈન ધર્મની મહત્તા દર્શાવનાર જૈન દંતકથાઓ તથા પરંપરાઓ પ્રચલિત છે. કોંડાપુર, પણીગિરિ તથા ગાજૂલમાં કરાયેલ ઉત્ખનનમાં પ્રાપ્ત થયેલ અવશેષો પણ સાતવાહનકાલીન જૈન ધર્મ પ્રસારના દ્યોતક છે. પ્રો. દેવના મતમુજબ સાતવાહન કાલમાં જૈન ધર્મનો પ્રસાર ક્યાંક ક્યાંક થયેલો. પ્રો. ગોપાલચારીએ દર્શાવેલ મંતવ્ય મુજબ પ્રતિષ્ઠાન નગરના પરિસરમાં સાતવાહન સમ્રાટ સિમુખે કેટલાંક જૈન મંદિરો નિર્માણ કરેલાં. જૈનોના 'તીર્થકલ્પ' ગ્રંથમાં સાતવાહન રાજવંશની યાદી આપવામાં આવી છે ને પૈઠણનો ઉલ્લેખ વૈભવના પ્રતીક સમાન 'રત્નલક્ષ્મી'ના નામથી કરાયો છે. સાતવાહન કાલમાં પૂના જિલ્લાના પાલી ખાતેના શિલાલેખમાં જૈન તીર્થંકરોનો નિર્દેશ 'અર્હંત'ના આદરાર્થી શબ્દથી કરાયો છે :

'नमो अर्हंतान कातुन
यदंत दिरारवतन लैन'

પ્રસ્તુત પાલી શિલાલેખ તત્કાલીન જૈન ધર્મ પ્રસારનું પ્રભાવક જીવંત ઉદાહરણ છે. વાસ્તુકલાની દૃષ્ટિએ મહારાષ્ટ્રની સઘળી ગુફાઓમાં આ ગુફા પ્રાચીન છે. એ પણ વળી સિદ્ધ થાય છે કે સાતવાહન કાલમાં જૈન ધર્મનો થયેલો પ્રસાર નાનો સૂનો નહોતો. મૌર્ય તથા સાતવાહન કાલમાં મરાઠવાડા પ્રદેશ વિસ્તારમાં જૈન વિચારો-સિદ્ધાંતોની પકડ મજબૂત રહેલી હતી.

ઈ. સ. પૂ.ના ત્રીજા શતકના અરસામાં સાતવાહનકાલ નષ્ટ થતાં દક્ષિણ ભારતમાં છઠ્ઠા શતક પર્યંત અનિશ્ચિતતાનું વાતાવરણ રહેવા પામ્યું હતું. એ અરસાની જૈન મૂર્તિઓ મળવી મુશ્કેલ છે. વળી પુરાણોલ્લેખ તથા વાઙ્‌મયગત પુરાવા પણ આ મતને ઉજાગર કરતા નથી.

બદામી ચાલુક્યના રાજ્યકાળમાં આ વિસ્તારમાં જૈન ધર્મનો પ્રસાર

ઘણો થવા પામ્યો. એ અરસામાં બૌદ્ધ ધર્મના પ્રસારનો ઉલ્લેખ થયેલો મળતો નથી, પણ જૈન ધર્મ પ્રસારના પુરાવા ઘણા પ્રાપ્ત થાય છે. ઐહોલેના મેંગુતિ મંદિરનો સંસ્કૃતિ શિલાલેખ આ કથનનો ઉત્તમ પુરાવો છે. ચાલુક્ય સમ્રાટ બીજા પુલકેશીની મહાનતાનું વર્ણન એ શિલાલેખમાં થયેલું છે. એવો દાવો કરાય છે કે આ શિલાલેખના કર્તા રવિકીર્તિના માર્ગદર્શન હેઠળ એ સ્થાનનું જિનેન્દ્ર મંદિર નિર્મિત થયું હતું.

ચાલુક્ય કાલમાં જૈન વાસ્તુકલાનો પ્રસાર સમગ્ર દક્ષિણ ભારત સમેત મરાઠવાડા પ્રદેશ વિસ્તારમાં ઘણી ઝડપી ગતિથી થવા પામેલો. ચીની પ્રવાસી હ્યુએનસંગે ઈ. સ. ૬૪૦માં અનેક સાધુઓની મુલાકાત લીધી હતી. ત્યારે એને બૌદ્ધ ધર્મની સમાપ્તિ અવસ્થાનો ખ્યાલ આવ્યો હતો. પાંચમા-છઠ્ઠા શતકમાં અનેક કદંબ રાજાઓએ જૈન ધર્મને પ્રોત્સાહન આપ્યું હતું.

રાષ્ટ્રકુલના રાજ્યકાલમાં રાષ્ટ્રકૂટ ગંગ રાજાનો લગ્ન સંબંધ જૈન ધર્મના પ્રસાર માટે મહત્ત્વનું કારણ બન્યો. ગંગના સમયમાં મૈસુરમાં જૈન સિદ્ધાંત-મતનો પ્રચાર-પ્રસાર ઝડપથી થવા પામ્યો.

એની પહેલાં અમોઘવર્ષના પિતા ગોવિંદત્રીજાએ પોતાની શનિપીડા નિવારવા માટે જૈન ગુરુ અરાકીર્તિને મોટું દાન આપ્યું. જૈન કથા કોશ મુજબ જાહેર થયું કે માન્યખેટના રાજા અકલંક તે પહેલા કૃષ્ણ છે. એ વાત હીરાલાલ જૈન અને શ્રીરામ શર્મા માને છે. બીજા કૃષ્ણ, ત્રીજા ઈન્દ્ર અને ચોથા રાષ્ટ્રકૂટ રાજા જૈન વિચારો-સિદ્ધાંતોના પુરસ્કર્તા હતા. સૌંદનીના રઠ્ઠ અને અમોઘવર્ષના સેનાપતિ બાલેય જૈન વિચારોના અનુયાયી હતા.

કલ્યાણી ચાલુક્યના રાજ્યકાલમાં જૈન ધર્મ મહત્ત્વનું સ્થાન પામ્યો હતો. ચાલુક્ય રાજાઓ હિંદુધર્મીય હોવા છતાં ય સહિષ્ણુતાવૃત્તિથી તેમણે જૈન ધર્મીઓનો વિરોધ નહોતો કર્યો. કલ્યાણી ચાલુક્યકાલીન શિલાલેખમાં અજિત સેન, નરેન્દ્ર સેન અન નાગસેન જેવા જૈન ગુરુઓનો સાદર ઉલ્લેખ થયેલો જોવા મળે છે. રાષ્ટ્રકૂટકાલમાં મરાઠવાડાના લલતૂર (આજનું લાતૂર), મોરમ્બપુર (આજનું મુરુમ), કંધારપુર (આજનું કંધાર), ધારોર (આજનું ધારુર) ને એલપુર (આજનું વેરુલ) આદિ જેવાં અનેક સત્તા કેન્દ્રસ્થાનો જૈન કલાના પ્રસાર કેન્દ્રસ્થાનો હતા. એ સઘળાં રાજદ્વારી કેન્દ્રસ્થાન પાછળથી સાંસ્કૃતિક તથા કલાત્મક વિકાસના કેન્દ્ર બન્યાં હતાં.

યાદવ રાજ્યકાલમાં જૈન ધર્મને અનુકૂળ પરિસ્થિતિ હતી. એ અરસામાં જૈન તીર્થસ્થાનોનું નિર્માણ કાર્ય થતું રહ્યું. ઈ. સ. ૧૧૯૨માં યાદવ રાજા સેઉનચંદ્રે નાસિક જિલ્લાના અંજનેરી ખાતેના જૈન મંદિરને દાન આપવાની વાતના પ્રમાણો મળી આવ્યા છે.

મધ્યયુગમાં પ્રતિકૂળ પરિસ્થિતિઓ હોવા છતાં જૈન ધર્મનું અસ્તિત્વ કાયમ રહેવા પામેલું. આ અરસામાં વિદર્ભ ને મરાઠવાડા વિસ્તારમાં જૈન વિદ્વાનોએ પ્રાકૃત ભાષાનો વિકાસ કર્યો. જૈન પ્રાકૃત ભાષામાં મરાઠી ભાષાના વિકાસનું રૂપ દૃષ્ટિગોચર થાય છે. જ્ઞાનેશ્વરીના તેરમા અધ્યાયમાં તત્કાલીન મહારાષ્ટ્રમાં જૈન અનુયાયી હોવાનું કથન થયું છે.

આ સઘળી વાતથી સાબિત થાય છે કે સાતવાહન, બદામીના ચાલુક્ય, રાષ્ટ્રકૂટ, કલ્યાણી ચાલુક્ય અને યાદવ રાજ્યકલામાં જૈન ધર્મ પ્રસાર પ્રભાવક રીતે થયો હતો. પ્રારંભમાં ચાલુક્ય રાજ્યકાલમાં બૌદ્ધ ધર્મ સાથે ને પછીથી લિંગાયત પંથ સાથે સ્પર્ધામાં ઉતરવાનું થયા છતાં જૈન ધર્મે નિજી અસ્તિત્વ ટકાવી રાખ્યું હતું.

આ પ્રકારની ઐતિહાસિક પાર્શ્વભૂમિ સાથે મરાઠવાડાના મુખ્ય મુખ્ય જૈન સ્થાન કેન્દ્રોનો નિર્દેશ કરવો આવશ્યક ને રસપ્રદ થશે. આધુનિક પૈઠણ પ્રાચીનકાળમાં પ્રતિષ્ઠાન નામે ઓળખાતું હતું અને સંત એકનાથની જન્મભૂમિ ત્યારે જૈન ધર્મનું કેન્દ્ર હતી. જૈન પરંપરા મુજબ સીમુખા જેવા કેટલાક રાજાઓએ જૈન સિદ્ધાંતોનો સ્વીકાર કરીને જૈન મંદિરો નિર્માણ કર્યા હતા. હર્સૂલની પાસે ઔરંગાબાદના જટવાડામાં આવેલું જૈન મંદિર પાર્શ્વનાથને કાયમ માટે આપ્યું હતું. વૈજાપુર તાલુકાના શિઉર ગામમાં કેટલીક જૈન મૂર્તિઓ હાથ લાગી છે. તે જથ્થામાં યક્ષી વિશિષ્ટ રીતે કંડારેલ છે. જલગાંવની મિહયાની હદે આવેલ અજંટા ગુફાઓની પાસે તોંડાપુરમાં જૈન મંદિરનાં અવશેષ પ્રાપ્ત થયા છે. વળી ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના સંશોધક શ્રી આર. એ. સાલીને બોર્ડી તથા સુલતાનપુરમાં જૈન મંદિરોનાં અવશેષો પ્રાપ્ત થવાની જાણ થઈ છે.

બીડ જિલ્લાના હાલ અંબાજોગાઈ નામનું પણ પ્રાચીન કાળમાં આમ્રપુર નામથી ઓળખાતું ગામ જૂના વખતમાં મહત્ત્વનું જૈન ધર્મ મથક હતું. 'યોગેશ્વરી માહાત્મ્ય' નામક પુરાતન પોથીમાં જૈત્રપાલ રાજાનો સંદર્ભ મળે છે. એ રાજાના શાસનકાલમાં અંબાજોગાઈ શહેરને રાજધાની થવાનું માન મળ્યું હતું. ત્યાં ખોલેશ્વર મંદિરની નિકટમાં આવેલ 'જૈત્રપાલની ગઢી' રાજાની ઐતિહાસિકતાનું બીજું પ્રમાણ છે. જેમ્સ વર્જેસના મત મુજબ તે કલચુરી કુળના મંડલિક છે. જયંતી નદીના તટ પર વસેલ શહેરના પૂર્વ ભાગમાં આવેલ હતીખાના ગુફાઓમાં જૈન પ્રભાવની વાસ્તવિક્તાનો ખ્યાલ આવે છે. ત્યાં મુખ્ય સભામંડપમાં માનસ સ્તંભ અને ગજરાજ વચ્ચોવચ છે. ભીંત ફલક પર પાર્શ્વનાથ, વૃષભનાથ તીર્થંકર તથા ખંડિત યક્ષ-યક્ષીની પ્રતિમાઓ દૃષ્ટિગોચર થાય છે.

બીડ જિલ્લાનું બીજું મહત્ત્વનું જૈન ધર્મ કેન્દ્ર છે કિલ્લો ધારૂર, ત્યાંનું ધારેશ્વર મંદિર મૂળમાં એક જૈન મંદિર જ હતું. આક્રમણકાળમાં મંદિરનું રૂપાંતર મસ્જિદમાં થવાની સંભાવના સમજાય છે. ત્યાં તીર્થંકરની મૂર્તિઓના અવશેષ તથા જૈન મૂર્તિઓ મળી આવેલ છે. રાષ્ટ્રકૂટ કાલમાં ધારૂર એ અધ્યયન-અધ્યાપન તથા ધર્મ પ્રસારનું મહત્ત્વનું જૈન કેન્દ્ર રહેલું.

સત્તરમા શતકમાં પરભણી જૈન વિચારો-આદર્શોના અધ્યયનનું મુખ્ય સ્થાન હતું. જૈન કવિ જિનસાગર ત્યાં વસતા હતા. વળી પરભણી જિલ્લાનું જિંતૂર મહત્ત્વનું જૈન કેન્દ્ર હતું. ગંગાખેડ તાલુકાના સાવરગાંવ ખાતે આવેલ આદિનાથ તીર્થંકરની મૂર્તિ પણ ધ્યાનપાત્ર છે. કેટલાક વર્ષો પહેલાં ત્યાંથી મહાવીર ભગવાનની એક વિશિષ્ટ મૂર્તિ મળી આવી હતી.

એક એવું ય અનુમાન થાય છે કે સાતવાહનના પૂર્વકાલથી મરાઠવાડામાં જૈન ધર્મ પ્રસારનો પ્રારંભ થવા પામેલો ને સાતવાહનના અરસામાં તેમાં વેગ આવવા પામેલો. પછી ચાલુક્ય કાળમાં પણ એ પ્રક્રિયા કાયમ રહેવા પામી, પણ રાષ્ટ્રકૂટ કાલમાં એ પ્રક્રિયા વધુમાં વધુ વેગ પામી. સાતવાહનકાળમાં જો જૈન ધર્મસ્થાનકોનો વિકાસ થવા પામ્યો હતો તો રાષ્ટ્રકૂટ કાલમાં જૈન શિલ્પ તથા શૈલગૃહોનો વિકાસ થવા પામ્યો હતો. ચાલુક્ય કાલમાં મૂર્તિ વિજ્ઞાન તથા વાસ્તુ શિલ્પ કલામાં મંદિર નિર્માણ કરવાની કલા વિકાસ પામી હતી. જ્યારે મધ્યયુગમાં ગ્રંથ ભંડાર અને ગદ્યલેખન મહત્ત્વના માધ્યમ બન્યા હતા.

વેરુલની જૈન ગુફાઓની સમૃદ્ધ કલા અને સંસ્કૃતિની પાર્શ્વભૂમિ પ્રભાવક છે. નાના કૈલાસની દ્રવિડ શૈલી, ઈન્દ્ર સભામાં ઉત્તર દક્ષિણ કલાનો સમન્વય અને ત્યાંની ગુફાઓનું સમગ્ર તથા કલાત્મક નકશીકામ વગેરેથી જણાય છે કે ત્યારે જૈન કલા સમૃદ્ધ અવસ્થામાં મહાલતી હતી. મરાઠવાડામાં વિસ્તૃત પ્રમાણમાં ફેલાયેલ જૈન કલા તથા સંસ્કૃતિનો આવિષ્કાર તત્કાલીન જૈન ગુફા સમુદાયમાં દૃષ્ટિગોચર થાય છે. આવું રસપ્રદ છે મરાઠવાડામાં જૈન કલા તથા તદ્‌વિષયક સંસ્કૃતિના પ્રસાર-પ્રચાર કાર્યનું વિહંગદર્શન.

❖❖❖

# મધ્યકાલીન ગુજરાતી જૈન રાસાસાહિત્ય

■ ડૉ. કાન્તિભાઈ બી. શાહ

૧૨મા શતકથી માંડીને ૧૯મા શતકના પૂર્વાધ સુધીના લાંબા સમયપટ ઉપર આપણું પ્રાચીન-મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય ફેલાયેલું છે. એમાં રાસા, આખ્યાન, તથા-પદ્યવાર્તા, પ્રબંધ જેવા દીર્ઘ કથનાત્મક પદ્યસ્વરૂપો, પદ, ફાગુ, ગરબી, ગરબો, બારમાસા, પૂજા, સ્તવન, સજ્ઝાય, ચૈત્યવંદન, સ્તુતિ, છપ્પો, વિવાહલો, કક્કા, માતૃકા, હરિયાળી, ગહૂંલી, ચર્ચરી જેવાં લઘુ પદ્યસ્વરૂપો અને બાલાવબોધ, સ્તબક-ટબો, ઔક્તિક, વર્ણક, બોલી જેવાં જૈન-જૈનેતર ગદ્ય સ્વરૂપોનો સમાવેશ થાય છે. આ સમગ્ર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સર્જકોમાં લગભગ ૭૫ ટકા તો જૈન કવિઓ છે. એમાંયે ઋષભદાસ શ્રાવક જેવા ગણ્યાગાંઠ્યા શ્રાવક કવિઓને બાદ કરતાં બાકીનું જૈન સાહિત્ય જૈન સાધુકવિઓને હાથે સર્જાયું છે.

આ સાધુકવિઓને હાથે જે વિપુલ સાહિત્ય સર્જાયું એમાં મોટા ભાગની જગા તો રાસાસાહિત્ય-દીર્ઘ કથનાત્મક પદ્યસાહિત્ય રોકીને બેઠું છે.

સૌ પ્રથમ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્ર (જન્મ સં. ૧૧૪૫)ના 'સિદ્ધહેમ'ના અપભ્રંશ-દૂહામાં અપભ્રંશ ભાષામાંથી છૂટી પડવા કરતી ગુજરાતી ભાષાનો અણસાર મળે છે. તે પછી ગુજરાતી ભાષાની નિશ્ચિત રચ્યાવર્ષ ધરાવતી સૌથી જૂનામાં જૂની ઉપલબ્ધ કૃતિ 'ભરતેશ્વર બાહુબલિ રાસ' છે. એની રચના જૈન આચાર્ય સાલિભદ્રસૂરિએ સં. ૧૨૪૧માં કરી. આમ ફાગુ આદિ અનેક પદ્યપ્રકારોની જેમ રાસા સ્વરૂપ પણ જૈન સાધુકવિઓને હાથે ખેડાયું અને વિકસ્યું છે. ભક્ત કવિ નરસિંહ સુધીમાં એટલે કે પ્રાગ્-નરસિંહના તબક્કામાં આ સ્વરૂપ એવું ખીલ્યું કે એ ગાળાને શ્રી કે. કા. શાસ્ત્રી 'રાસયુગ'ને નામે ઓળખાવે છે.

**રાસાનું કાવ્યસ્વરૂપ**

મૂળમાં તો 'રાસ' એક નૃત્યપ્રકાર છે. 'રેવંતગિરિ રાસુ' (સં. ૧૨૮૭)માં 'રંગિહિં એ રમઈ જો રાસુ' જેવી પંક્તિ દર્શાવે છે કે રાસ રમાતા-ખેલાતા હતા. બીજા એક 'સપ્તક્ષેત્રિ રાસુ' (સં. ૧૩૨૭)માં તાલરાસ અને લકુટરાસ એમ બે પ્રકારના ઉલ્લેખો આવે છે. એ દર્શાવે છે કે મંદિરમાં સ્ત્રીઓ-પુરુષો તાળી કે દાંડિયાના તાલ સાથે વર્તુળાકારે ગાનવાદન સહિત આવો રાસ રમતાં. આ રાસ રમતાં જેનું ગાન થાય એવી રચના પણ પછી 'રાસ' કહેવાવા લાગી હોય એવું અનુમાન છે.

અપભ્રંશકાળમાં કેટલાક ગેય છંદો 'રાસક' નામે ઓળખાતા હતા. આવા છંદોથી રચાયેલી કૃતિને પણ 'રાસ' કહેવાની પરંપરા અપભ્રંશમાં ઊભી થઈ અને તે ગુજરાતીમાં પણ ઊતરી આવી.

આરંભની આ સુગેય રાસરચનાઓ પ્રમાણમાં ટૂંકી અને ઊર્મિતત્ત્વના પ્રાધાન્યવાળી હતી, પણ પછી અપભ્રંશ મહાકાવ્યના અને અન્ય લાંબા ગેય દીર્ઘકાવ્યોના અનુસરણમાં એમાં કથનતત્ત્વ ઉમેરાતાં એ કથનાત્મક પદ્યરચનાનો પ્રકાર બની ગયો. ક્રમશઃ આ રાસાઓ વધુ ને વધુ દીર્ઘરચનાઓ થતી ગઈ અને તેમ તેમ ઊર્મિતત્ત્વની સઘનતા એમાંથી ઓછી થતી ચાલી.

૧૨મીથી ૧૫મી સદીના રાસાઓ દુહા, ચોપાઈ, સોરઠા, રોળા જેવા માત્રામેળ છંદોમાં રચાતા હતા. આ છંદો ગેય પણ હતા. એ રાસાઓ ઠવણિ, કડવા, ઢાલ જેવા વિભાગોમાં વિભક્ત થતા. પછીના રાસાઓ ખંડ, અધિકાર, ઉલ્લાસ જેવા વિભાગોમાં વિભક્ત થતા. ખંડ પણ વિવિધ ઢાળોમાં વહેંચાતો. આ ઢાળ પોતે જ રાગસૂચક હતી. ધીમેધીમે એ વિષય કે પ્રસંગ નિર્દેશક બની ગઈ. આ ઢાળ વિવિધ ગેય દેશીઓમાં ગવાતી અને એ દેશીઓનો-એના રાગોનો ઢાળને મથાળે નિર્દેશ કરવામાં આવતો.

આ 'રાસા' હવે સામાન્ય રીતે દીર્ઘ કથનાત્મક પદ્યકૃતિ માટેની સંજ્ઞા રહી છે. પછી તેમાં ચરિત્રકથાઓ હોય, ઈતિહાસકથાઓ હોય, લૌકિકકથાઓ હોય કે રૂપકકથાઓ હોય. એટલે 'રાસ' સંજ્ઞા ચુસ્ત રહી શકી નથી. જેમકે 'વિમલ પ્રબંધ', 'કુમારપાલ પ્રબંધ' અનુક્રમે 'વિમલ મંત્રીનો રાસ', 'કુમારપાલ રાસ' તરીકે; 'જંબૂસ્વામીચરિય' એ 'જંબૂસ્વામી રાસ' તરીકે; 'માધવાનલ-કામકંદલા ચોપાઈ' એ 'માધવાનલ-કામકંદલા રાસ' તરીકે પણ સંજ્ઞા પામેલી છે.

**વિષયવૈવિધ્ય**

આમ આ 'રાસા' સંજ્ઞાવાળી રચનાઓમાં બધા જ પ્રકારનાં કથાનકોનો સમાવેશ થતો હોઈ મબલખ વિષયવૈવિધ્ય આ સ્વરૂપે પૂરું પાડ્યું છે. જેમકે :

(૧) ઈતિહાસપ્રસિદ્ધ રાજાઓ અને મંત્રીઓનાં ચરિત્રો આલેખતા 'કુમારપાળ રાસ', 'વિમલ રાસ', 'વસ્તુપાળ-તેજપાળ રાસ' વગેરે. (૨) ધાર્મિક પરંપરાના રાજપુરુષોનાં ચરિત્રો આલેખતા 'શ્રેણિક રાજાનો રાસ', 'અભયકુમાર રાસ', 'પ્રદેશી રાજાનો રાસ', 'પ્રસન્નચંદ્ર રાજર્ષિ રાસ' વગેરે, (૩) ઈતિહાસપ્રસિદ્ધ સાધુભગવંતોનાં ચરિત્ર આલેખતા 'હીરવિજયસૂરિ રાસ', 'વિજયસિંહસૂરિ રાસ', 'સોમવિમલસૂરિ રાસ', 'વીરવિજયનિર્વાણ રાસ' વગેરે, (૪) ધાર્મિક પરંપરાના સાધુભગવંતોનાં ચરિત્રો આલેખતા 'જંબૂસ્વામી રાસ', 'સ્થૂલિભદ્ર રાસ', 'નંદિષેણ રાસ', 'ચંદ્રકેવલિ રાસ', 'ઈલાચીકુમાર રાસ', 'મેતાર્યમુનિ રાસ', 'વયરસ્વામીનો રાસ' વગેરે, (૫) શ્રેષ્ઠીઓનાં ચરિત્રો આલેખતા 'સુદર્શન શ્રેષ્ઠીનો રાસ', 'ધન્ના-શાલિભદ્ર રાસ', 'સગાળશા રાસ', 'શાંતિદાસ શેઠ અને વખતચંદ શેઠનો રાસ' વગેરે, (૬) તીર્થંકરો-ગણધરોનાં કથાનકોવાળા 'આદિનાથ રાસ', 'નેમિનાથ રાસ', 'શાંતિનાથ રાસ', 'મલ્લિનાથ રાસ', 'ગૌતમસ્વામીનો રાસ', 'સુધર્માસ્વામી રાસ' વગેરે, (૭) જૈન પરંપરાની સતી નારીઓનાં કથાનકોવાળા 'ચંદનબાળાનો રાસ', 'અંજનાસતી રાસ', 'કલાવતી રાસ', 'મૃગાવતી રાસ', 'ઋષિદત્તાસતી રાસ' વગેરે. (૮) ચૈત્યપરિપાટી, સંઘયાત્રા, જિનાલઓની પ્રતિષ્ઠા, તીર્થોદ્ધારોને વર્ણવતા 'સમરા રાસ', 'સમેતશિખર રાસ', 'રેવંતગિરિ રાસ', 'શત્રુંજય માહાત્મ્ય રાસ', 'ગિરનાર તીર્થોદ્ધાર રાસ', 'આબુ રાસ', 'પ્રેમચંદ સંઘવર્ણન રાસ' વગેરે, (૯) જૈન ધાર્મિક પરંપરાની કથાઓ આલેખતા 'સુરસુંદરી રાસ', 'શ્રીપાળ રાજાનો રાસ', 'રૂપચંદકુંવર રાસ', 'અશોકચંદ્ર રોહિણી રાસ' વગેરે, (૧૦) બૃહત્કથાની પરંપરાવાળી લૌકિક કથાઓ આલેખતા 'વિક્રમચરિત્ર રાસ', 'વિદ્યાવિલાસ રાસ', 'આરામશોભા રાસ', 'માધવાનલ-કામકંદલા રાસ' વગેરે, (૧૧) જૈનેતર કથાનકો આલેખતા 'પંચપાંડવચરિત્ર રાસ', 'નલદમયંતી રાસ', 'સીતારામ ચોપાઈ રાસ', 'વિરાટ પર્વ', 'દ્રૌપદી રાસ', 'શકુંતલા રાસ' વગેરે. (જોકે આ પ્રકારમાં રામાયણ-મહાભારતનાં

મૂળ કથાનકોની પાછળથી જૈન પરંપરા ઊભી થઈ હતી), (૧૨) જૈન તત્ત્વ-સિદ્ધાંતોનું નિરૂપણ કરતા 'દ્રવ્યગુણપર્યાયનો રાસ', 'જીવદયા રાસ', 'ક્ષેત્રપ્રકાશ રાસ', 'બારવ્રત રાસ', 'ઈરીયાવહી રાસ', 'કર્મવિવરણનો રાસ', 'નવતત્ત્વ રાસ' વગેરે, (૧૩) ધર્મોપદેશવાળા 'હિતશિક્ષા રાસ', 'પુણ્યપાપફલ રાસ' વગેરે–આમ અનેક વિષયોને આવરી લેતા અઢળક રાસાઓ મધ્યકાલીન ગુજરાતીમાં રચાયા છે.

**ભરપૂર દસ્તાવેજી સામગ્રી**

મધ્યકાળમાં પ્રચુર માત્રામાં ખેડાયેલું રાસાસાહિત્ય ભરપૂર ઐતિહાસિક સામગ્રી પૂરી પાડે છે. ખાસ કરીને ઈતિહાસપ્રસિદ્ધ રાજાઓ, મંત્રીઓ આદિ રાજપુરુષો, સાધુઓ, શ્રેષ્ઠીઓ, સંઘયાત્રાઓ અને તીર્થજીર્ણોદ્ધારોના વિષયવસ્તુવાળા રાસાઓમાં આવી ઐતિહાસિક સામગ્રી સંગ્રહાયેલી હોઈ એનું એક વિશેષ દસ્તાવેજી મૂલ્ય છે. 'હીરવિજયસૂરિ રાસ' જેવી કૃતિ આનું એક સુંદર ઉદાહરણ છે. સાધુઓની ગુરુપરંપરા પણ આવી કૃતિઓમાં સચવાયેલી જોવા મળે છે.

જુદા જુદા સમયને તબક્કે એક જ વિષય પર એકથી વધુ કવિઓએ રાસાકૃતિની રચના કરી હોય એનાં ઉદાહરણો પાર વિનાનાં છે. જેમ કે 'જંબૂસ્વામી રાસ' ધર્મસૂરિ, ઉપાધ્યાય યશોવિજય, ઉદયરત્ન, જિનહર્ષ, જ્ઞાનવિમલ વગેરે કવિઓએ, 'શત્રુંજય રાસ' નયસુંદર, સમયસુંદર, જિનહર્ષ, ઉદયરત્ન આદિ કવિઓએ, 'સુરસુંદરી રાસ' નયસુંદર, વિનયવિજય, ક્ષેત્રવર્ધન, જિનોદયસૂરિ, વીરવિજય, વિબુધવિજય વગેરે કવિઓએ, 'શ્રીપાળ રાજાનો રાસ' વીરવિજય/યશોવિજય ઉપા., જિનહર્ષ, મેરુવિજય, જ્ઞાનસાગર, માનવિજય વગેરે કવિઓએ, 'નલદમયંતી રાસ' નયસુંદર, સમયસુંદર, મેઘરાજ વગેરે કવિઓએ, 'કુમારપાલ રાસ' જિનહર્ષ, ઋષભદાસ, હીરકુશલ વગેરે કવિઓએ રચ્યા છે.

જેમ એક જ વિષયવસ્તુવાળી રાસરચના અનેક કવિઓને હાથે રચાઈ છે તેમ એક જ કવિની રાસકૃતિની અનેક હસ્તપ્રતો થઈ છે. જેમકે સમયસુંદર કવિની વાત કરીએ તો એમની 'સાંબ-પ્રદ્યુમ્ન રાસ'ની ૬૩ હસ્તપ્રતો, 'ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ'ની ૫૦ હસ્તપ્રતો, 'પ્રિયમેલક રાસ'ની ૫૦ હસ્તપ્રતો, 'નલદવદંતી રાસ'ની ૪૪ હસ્તપ્રતો થઈ છે. એ જ રીતે જિનહર્ષરચિત 'શ્રીપાળ રાજાનો રાસ'ની ૨૭ હસ્તપ્રતો થઈ છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઘણો મોટો ભાગ રોકીને બેઠેલા આ ગંજાવર રાસાસાહિત્યમાંથી હજી મુદ્રિત સ્વરૂપે પ્રકાશિત તો ઘણું ઓછું જ થયું છે. કેવળ હસ્તપ્રત સ્વરૂપે ભંડારોમાં સચવાયેલી અને અદ્યાપિ અપ્રકાશિત રાસાકૃતિઓ પાર વિનાની છે. 'જૈન ગુર્જર કવિઓ' (બીજી આવૃત્તિ)ની સૂચિ જોતાં આ વાતની પ્રતીતિ થાય છે.

શ્રાવક ઋષભદાસે રચેલા ૩૨ રાસાઓમાંથી હજી માત્ર ચાર જ રાસાઓ પ્રકાશિત થયા છે; એ જ રીતે જિનહર્ષ કવિએ રચેલી ૩૫ ઉપરાંતની રાસારચનાઓમાંથી માત્ર નવ કૃતિઓ જ પ્રકાશિત થઈ છે. આમ મધ્યકાલીન ગુજરાતીના સમગ્ર રાસાસાહિત્યને પ્રકાશમાં આણવાનું કામ હજી મોટા પડકારરૂપ રહ્યું છે.

**ગુજરાતી જૈન રાસાસાહિત્યનો વિકાસ**

(મુખ્ય મુખ્ય રાસાકવિઓને આવરી લઈને)

**વિક્રમનું ૧૩થી ૧૫મું શતક**

રાજગચ્છના વજ્રસેનસૂરિના પટ્ટધર શ્રી સાલિભદ્રસૂરિએ સં. ૧૨૪૧માં પ્રથમ તીર્થંકર ઋષભદેવના બે પુત્રો ભરત અને બાહુબલિ વચ્ચેના યુદ્ધની કથાને નિરૂપતા, ૧૪ ઠવણિમાં વહેંચાયેલા ૨૦૩ કડીના 'ભરતેશ્વર બાહુબલિ રાસ'ની રચના કરી છે. વજ્રસેનસૂરિના 'ભરતેશ્વર બાહુબલિ ઘોર'ને બાદ કરતાં આ રાસકૃતિ એ ગુજરાતી ભાષાની જૂનામાં જૂની ઉપલબ્ધ કૃતિ છે. બે ભાઈઓ વચ્ચેનું મુષ્ટિયુદ્ધ, બાહુબલિને મનોમન પસ્તાવો થતાં ભરતને મારવા ઉગામેલી મુષ્ટિથી જ કરેલો કેશલોચ, તપશ્ચર્યામાં રહેવા છતાં કેવળજ્ઞાન ન થવું, તપશ્ચર્યાનું અભિમાન, બ્રાહ્મી અને સુંદરી એ બે બહેનોનાં મર્મ વચનોથી અંતે બાહુબલિનો અહં ગળી જતાં લાધેલું કેવળજ્ઞાન-આ પ્રસંગોને નિરૂપતી આ કૃતિ યુદ્ધવર્ણનો, ઓજસયુક્ત ડિંગળશૈલીને કારણે નોંધપાત્ર બની છે. આ જ કવિએ રચ્યો હોવાનું મનાતો સોરઠા, દુહામાં પ્રયોજિત ૬૩ કડીનો 'બુદ્ધિ રાસ/હિતશિક્ષા પ્રબુદ્ધ રાસ' મળે છે.

મહેંદ્રસૂરિશિષ્ય ધર્મએ સં. ૧૨૬૬માં 'જંબૂસ્વામી રાસ'ની રચના કરી છે. આ કૃતિ ૫ ઠવણિમાં વિભક્ત, મુખ્યત્વે રોળા બંધમાં રચાયેલી ૪૧ કડીની છે. એમાં જંબૂસ્વામીના બે ભવની કથા આલેખી સંયમ દીક્ષાનો મહિમા ગાવામાં આવ્યો છે.

એક અજ્ઞાત કવિની ૪૭ કડીની 'સ્થૂલિભદ્ર રાસ' કૃતિ પ્રાપ્ત થઈ છે. એની પ્રતનો લેખનસમય સં. ૧૩૮૧ને મળતો હોઈ એ અગાઉની આ રચના કદાચ આ ધર્મ કવિની હોય એવો પણ એક તર્ક છે.

વિજયસેનસૂરિની 'રેવંતગિરિ રાસુ' સં. ૧૨૮૭માં રચાયેલી, ૪ કડવામાં વિભક્ત, ૪૦ કડીની દુહા-સોરઠાની દેશીઓમાં થયેલી રચના છે. ગિરનાર ઉપરનાં દેરાસરોના જે જીર્ણોદ્ધારો થયા એમાંના કેટલાકની માહિતીને સમાવી લેતી આ એક ટૂંકી રાસકૃતિ છે. તેજપાળે ગિરનારની તળેટીમાં વસાવેલું તેજલપુર ગામ અને બંધાવેલું કુમર સરોવર, સોરઠના દંડનાયક આંબડે ગિરનાર પર બંધાવેલી પાજ, સાજને બંધાવેલું નેમિનાથનું જિનાલય અને એનો કરેલો ઉદ્ધાર, કાશ્મીર દેશથી આવેલા સંઘપતિ રત્નએ નેમિબિંબની કરેલી સ્થાપના વગેરે ઉલ્લેખો આ રાસામાં મળે છે.

પાલ્હણે સં. ૧૨૮૯માં ૫૫ કડીના 'આબુરાસ'ની રચના કરી એમાં આબુતીર્થ અને ત્યાં વસ્તુપાલ-તેજપાલે બંધાવેલા નેમિભુવનની કથા આલેખાઈ છે.

સં. ૧૩૦૭માં ખરતરગચ્છના અભયતિલકે ૨૧ કડીનો 'મહાવીર રાસ', વિનયચંદ્રે સં. ૧૩૩૮માં ૫૩ કડીનો 'બારવ્રત રાસ' રચ્યા છે. કોઈ અજ્ઞાત કવિનો સં. ૧૩૨૭માં રચાયેલો 'સપ્તક્ષેત્રિ રાસ' મળે છે. એમાં જૈન ધર્મનાં જિન મંદિર, જિન પ્રતિમા, જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ સાત પુણ્યક્ષેત્રોની ઉપાસનાનું વર્ણન છે. તાલરાસ અને લકુટરાસ એ બે પ્રકારના રાસના ઉલ્લેખો આ કૃતિમાં પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત પ્રજ્ઞાતિલકસૂરિશિષ્યએ(?) સં. ૧૩૬૩માં 'કચ્છૂલી રાસ', ગુણાકરસૂરિએ સં. ૧૩૭૧માં 'શ્રાવકવિધિ રાસ', અમ્બદેવસૂરિએ સં. ૧૩૭૧માં 'સમરા રાસો', ધર્મકલશે સં. ૧૩૭૭માં 'જિનકુશલસૂરિ પટ્ટાભિષેક રાસ', સારમૂર્તિએ સં. ૧૩૯૦માં 'જિનપદ્મસૂરિ પટ્ટાભિષેક રાસ' જેવા રાસાઓ આપ્યા છે. એમાં અમ્બદેવસૂરિનો 'સમરા રાસો' શત્રુંજયના ૧૫મા ઉદ્ધારક સમરાશાએ સં. ૧૩૭૧માં સંઘ કાઢી, શત્રુંજય આવી આદીશ્વરની પ્રતિષ્ઠા કરાવી એ ઘટનાને નિરૂપે છે. સંઘયાત્રાના વર્ષમાં જ કવિએ આ રાસાની રચના કરી છે.

પૂર્ણિમાગચ્છના શાલિભદ્રસૂરિએ 'પંચપાંડવચરિત્ર રાસ'ની સં.

૧૪૧૦માં રચના કરી, જે જૈન પરંપરાના મહાભારતના કથાનક પર આધારિત છે. રાસ ૧૫ ઠવણિમાં વિભક્ત, ૭૦૦ કડીમાં રચાયેલો છે.

સાલિસૂરિ નામના સાધુકવિએ 'વિરાટપર્વ'ની રચના કરી છે. મળતા પુરાવાને આધારે આ કૃતિ સં. ૧૪૭૮ પૂર્વે રચાઈ હોવાનું નિશ્ચિત થાય છે. કૃતિ ૨ ખંડ અને ૧૮૩ કડીમાં વિભક્ત છે. અને તે જૈન પરંપરાના મહાભારતને બદલે વ્યાસકૃત મહાભારતને અનુસરે છે. માત્રામેળ છંદો કે દેશીઓને સ્થાન એમાં સંખ્યાબંધ અક્ષરમેળ છંદો પ્રયોજાયા છે એ આકૃતિની વિશેષતા છે. મોહનલાલ દ. દેશાઈએ 'વિરાટપર્વ'ના સાલિસૂરિ અને 'પંચપાંડવચરિત્ર રાસ'ના કર્તા શાલિભદ્રસૂરિ એક જ હોવાની સંભાવના દર્શાવી છે.

વિનયપ્રભ ઉપાધ્યાયે સં. ૧૪૧૨માં ૬ ભાગમાં ૬૩ કડીમાં 'ગૌતમ સ્વામીનો રાસ'ની રચના કરી છે. જૈન સમુદાયમાં આ રાસ ખૂબ જ લોકપ્રિય બન્યા છે. રાસ રાળા, ચરણાકુલ, દોહરા, સોરઠા ને વસ્તુ છંદમાં રચાયો છે. આ ઉપરાંત જિનોદયસૂરિનો સં. ૧૪૧૫માં રચાયેલો 'ત્રિવિક્રમ રાસ', જ્ઞાનકલશનો સં. ૧૪૧૫માં રચાયેલો 'શ્રી જિનોદયસૂરિ પટ્ટાભિષેક રાસ', સાધુહંસનો સં. ૧૪૫૫માં રચાયેલો 'શાલિભદ્ર રાસ' વગેરે રાસાઓ ભક્તકવિ નરસિંહ પૂર્વેના સમયમાં જ રચાયા છે.

વિક્રમના ૧૫મા શતકના ઉત્તરાર્ધમાં હીરાણંદસૂરિ એક નોંધપાત્ર રાસકવિ તરીકે ધ્યાન ખેંચે છે. તેઓ પીંપલગચ્છના શ્રી વીરપ્રભસૂરિના શિષ્ય હતા.

આ કવિએ સં. ૧૪૮૪માં 'વસ્તુપાલ-તેજપાલ રાસ', સં. ૧૪૮૫માં 'વિદ્યાવિલાસ પવાડો/રાસ', સં. ૧૪૮૬માં 'કલિકાલ રાસ' અને સં. ૧૪૯૪માં 'સમ્યક્ત્વમૂલ બારવ્રત રાસ' એ ચાર રાસાઓ રચ્યા છે. આ ચારેય રાસાઓ પ્રકાશિત થયા છે.

વસ્તુપાલ-તેજપાલના જીવન અને કાર્ય વિશે જૂની ગુજરાતીમાં રચાયેલા ઘણા રાસા-પ્રબંધોમાં સૌ પ્રથમ રચના કરનાર હીરાણંદ છે. 'વસ્તુપાલ-તેજપાલ રાસ' છ અધિકારમાં વિભક્ત, ૯૮ કડીની રચના છે. દુહા, ભુજંગપ્રયાત, ત્રોટક, અડયલ, નારાચ, મોતીદામ જેવા છંદોમાં કથા કહેવાઈ છે અને અવાંતરે પ્રાસયુક્ત ગદ્ય પણ કવિએ પ્રયોજ્યું છે. 'વિદ્યાવિલાસ પવાડો/રાસ' એ વિદ્યાવિલાસની પ્રચલિત લોકકથા ઉપર આધારિત પદ્યવાર્તા છે, જે ૧૮૯ કડીમાં દુહા, વસ્તુ, પવાડઉ, ચોપાઈ જેવા છંદો ઉપરાંત દેશી રાગના ઢાળમાં પ્રયોજાઈ છે. સામાન્ય શ્રેષ્ઠીપુત્રમાંથી રાજવીપદને પ્રાપ્ત કરનાર, મૂર્ખચટ્ટમાંથી વિદ્યાવિલાસ બની સૌભાગ્યસુંદરી-ગુણસુંદરી કન્યાઓને પ્રાપ્ત કરી રાજ્યની સુખ સમૃદ્ધિ મેળવનાર નાયકનું રસિક કથાનક આ કૃતિમાં છે. 'કલિકાલ રાસ' ૪૬ કડીની, કળિયુગનાં લક્ષણોને વર્ણવતી કૃતિ છે; 'સમ્યક્ત્વમૂલ બારવ્રત રાસ' એ ૪૩ કડીની જૈન તત્ત્વદર્શનને રજૂ કરતી જ્ઞાનાત્મક રાસકૃતિ છે.

### વિક્રમનું ૧૬મું શતક

#### લાવણ્યસમય

લાવણ્યસમયનો જન્મ સં. ૧૫૨૧માં અમદાવાદમાં થયો. કવિના દાદા મંગ પાટણથી અમદાવાદ આવીને વસેલા. મંગના પુત્ર શ્રીધરના ચાર પુત્રો પૈકીના સૌથી નાના પુત્ર લઘુરાજે નવ વર્ષની ઉંમરે દીક્ષા લીધી અન લાવણ્યસમય બન્યા. કહેવાય છે કે ૧૬મે વર્ષે સરસ્વતીની કૃપાથી એમનામાં કવિત્વશક્તિની સ્ફુરણા થઈ. આ કવિએ રાસ, ચોપાઈ, છંદ, ગીત, સંવાદ જેવી વૈવિધ્યપૂર્ણ રચનાઓ કરી છે. સં. ૧૫૫૫માં એમને પંડિતપદ પ્રાપ્ત થયું. એમના સ્વર્ગવાસની માહિતી ઉપલબ્ધ નથી. પણ 'ખિમઋષિ (બોહા), બલિભદ્ર, યશોભદ્રાદિ રાસ' એમની છેલ્લું રચ્યાવર્ષ (સં. ૧૫૮૯) ધરાવતી ઉપલબ્ધ કૃતિ હોઈ એમનો હયાતીકાળ સં. ૧૫૨૧થી ૧૫૮૯ નિશ્ચિત કરી શકાય છે.

એમની કથામૂલક નાની મોટી રચનાઓમાં સૌથી મહત્ત્વની 'વિમલ પ્રબંધ/રાસ' છે. સં. ૧૫૬૮માં રચાયેલો આ રાસ ૯ ખંડ અને ૧૩૫૬ કડીઓમાં વિસ્તરેલો છે. ચૌલુક્ય રાજા ભીમદેવ પહેલાના સમયમાં થયેલા વિમલ મંત્રીનાં સત્કૃત્યોને આલેખી એમના ધર્મવીર તરીકેના ચરિત્રને વિશેષ રીતે ઉપસાવતી આ કૃતિ છે. વિમલના પરાક્રમપ્રસંગોનું એમાં નિરૂપણ છે, જેને અનેક ઐતિહાસિક આધારોનું સમર્થન સાંપડે છે. જોકે અહીં દંતકથાઓને પણ ઠીક ઠીક ઉપયોગમાં લેવાઈ છે. જૈન ધર્મના પ્રભાવનું ગાન પણ વિમલ મંત્રીની પ્રશસ્તિની સાથે જ કવિએ કર્યું છે. કૃતિ ચોપાઈ, દુહા, વસ્તુ, પવાડુ આદિ છંદો અને વિવિધ દેશીઓમાં ઢળાઈ છે.

'વચ્છરાજ-દેવરાજ રાસ/ચોપાઈ' એ આ કવિની છ ખંડમાં વિભક્ત ૪૫૫ કડીમાં વિસ્તરેલી સિંધુદેશની ચંદ્રાવતી નગરીના રાજકુમાર વચ્છરાજનાં પરાક્રમોને નિરૂપતી પદ્યકથા છે. મોટાભાઈ દેવરાજ દ્વારા પોતાને મારી નાખવાનું કાવતરું થતાં, માતા અને બહેન સાથે નાસી છૂટી, સોમદત્ત વણિકને ત્યાં રહી, અદ્‌ભુત પરાક્રમો કરી, ત્રણ રાજકુંવરીઓને પરણી, દેવરાજને હરાવી વચ્છરાજ રાજ્ય પ્રાપ્ત કરે છે. કથામાં શૃંગાર અને વીર પ્રભાવક બન્યા છે.

'ખિમઋષિ (બોહા), બલિભદ્ર, યશોભદ્રાદિ રાસ' ૩ ખંડ, ૫૧૨ કડીમાં દુહા, ચોપાઈ, છંદમાં રચાયેલી કૃતિ છે. અનુક્રમે પ્રત્યેક ખંડમાં ખિમઋષિ, બલિભદ્ર અને એ બન્નેના ગુરુ યશોભદ્રના ચરિત્રનું એમાં વિસ્તૃત આલેખન છે,

'સુરપ્રિય કેવલી રાસ' (ર. સં. ૧૫૬૭) સુરપ્રિય નામે એક જૈન કેવલીના ચરિત્રને નિરૂપે છે. રાજગૃહી નગરીમાં ધર્મદેશના સાંભળવા ગયેલા શ્રેણિક રાજાને મહાવીર પ્રભુ સુરપ્રિય કેવલીનું ચરિત્ર સંભળાવે છે.

આ રાસકૃતિઓ સિવાયની લાવણ્યસમયની કેટલીક લઘુ કાવ્યકૃતિઓ જેવી કે 'નેમિરંગરત્નાકર છંદ', 'કરસંવાદ', 'નેમિનાથ હમચડી', 'સ્થૂલિભદ્ર એકવીસો' વગેરે પણ કાવ્યદૃષ્ટિએ નોંધપાત્ર રચનાઓ છે તેથી લાવણ્યસમય ૧૬મા શતકના એક મહત્ત્વના નોંધપાત્ર કવિ ઠરે છે.

#### સહજસુંદર

આ કવિ ઉપકેશગચ્છના રત્નસમુદ્ર વાચકના શિષ્ય છે. એમણે રચેલી કૃતિઓમાં સૌથી પહેલું રચના વર્ષ ધરાવતી કૃતિ 'ઈલાતી પુત્ર સજ્ઝાય' સં. ૧૫૭૦ની, અને સૌથી મોડું રચનાવર્ષ ધરાવતી કૃતિ 'તેતલિમંત્રીનો રાસ' સં. ૧૫૯૫ની મળે છે. આમ આ કવિનો કવનકાળ સં. ૧૫૭૦થી ૧૫૯૫નો નિશ્ચિત થાય છે. એમના જીવનની અન્ય માહિતી ઉપલબ્ધ નથી.

આ કવિની યશોદાયી અને ઉત્તમ કૃતિ તો છે સ્થૂલિભદ્ર-કોશાના વિષયવસ્તુને નિરૂપતી, ચારણી છંદોની લયછટામાં છંદોગાન કરતી, કાવ્યતત્ત્વે સભર એવી 'ગુણરત્નાકર છંદ'. સહજસુંદરે રચેલી નાની મોટી ૨૫ રચનાઓમાં રાસ, છંદ, સંવાદ, વેલી, સ્તવન, સજ્ઝાય આદિ સ્વરૂપોવાળી કૃતિઓનો સમાવેશ થાય છે. એમણે આઠેક રાસાઓ રચ્યા છે. જેમાં 'જંબૂસ્વામી રાસ/વિવાહલો' (ર.સં. ૧૫૭૨), 'ઋષિદત્તા મહાસતી રાસ' (ર.સં. ૧૫૭૨), 'આત્મરાજ રાસ' (ર.સં. ૧૫૮૨

(૮)), 'પ્રસન્નચંદ્ર રાજર્ષિ રાસ' (ર.સં. ૧૫૯૨), 'તેતલિમંત્રીનો રાસ' (ર.સં. ૧૫૯૫), 'ઈરીયાવહી રાસ', 'પ્રદેશી રાજાનો રાસ', 'શુકરાજ/સુડા સાહેલી રાસ'નો સમાવેશ થાય છે.

'જંબૂસ્વામી રાસ/વિવાહલો' બન્ને સ્વરૂપ નામોથી ઓળખાવાએલી, ૬૪ કડીની, જંબૂસ્વામીના મુક્તિવધૂ સાથેના વિવાહને નિરૂપતી રચના છે. 'તેતલિમંત્રીનો રાસ' ૨૬૦ કડીની, અવાંતરે દુહા-ચોપાઈમાં પ્રયોજાયેલી, તેતલિપુરના મંત્રી તેતલિપુત્રને સંયમમાર્ગે વાળવાનો ઉપદેશ આપતી ધર્મરંગી કથા છે. 'ઈરીયાવહી વિચાર રાસ' ૮૭ કડીની બોધાત્મક/કૃતિ છે એમાં એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય જીવો પ્રત્યેની હિંસાને ત્યજવાની સૂક્ષ્મ વિચારણા થઈ છે.

'પ્રદેશી રાજાનો રાસ' ૨૧૨ કડીની, માનવીનાં શુભાશુભ કર્મોના ફળને નિરૂપતી પ્રદેશી રાજાના અધર્મમાંથી ધર્મમાર્ગ પ્રતિના હૃદય-પરિવર્તનની કથા છે. કથા મુખ્યત્વે દુહા-ચોપાઈમાં અને દેશીઓની વિવિધ ઢાળોમાં ગતિ કરે છે.

'શુકરાજ/સુડા સાહેલી રાસ' આ કવિની રાસાકૃતિઓમાં લૌકિક કથાવસ્તુને આલેખતી દુહા-ચોપાઈમાં રચાયેલી સૌથી વધુ રસિક કૃતિ છે. ઉજ્જયિનીના રાજાની પુત્રી સાહેલી એક રાતે સ્વપ્નમાં વિદ્યાધરપુરીના રાજકુંવર શુકરાજ સાથે અનેક ક્રીડાઓ કરે છે. સાહેલીની સખીઓ યુક્તિ કરી સાહેલીના રૂપગુણની અને શુકરાજ સાથેની પ્રેમની વાત શુકરાજ સુધી ફેલાવે છે. શુકરાજ સુડા રૂપે સાહેલીને મળે છે અને એના પ્રેમની પ્રતીતિ થતાં પુરુષરૂપે છતો થઈ સાહેલી સાથે લગ્ન કરે છે.

કથાના અંતમાં એક દિવસ કાગડાને ત્યાં હંસીને રહેતી જોઈ, કામદેવની આણ જાતિ-કુજાતિનો ભેદ કેવો વીસરાવી દે છે એનું ભાન થતાં શુકરાજને વૈરાગ્ય પેદા થતાં તાપસ બની સ્વર્ગે જાય છે.

કેટલાંક રસિક વર્ણનો, શૃંગારરસની નિષ્પત્તિ, ચમત્કારી તત્ત્વોના વિનિયોગથી ઉમેરાતો અદ્‌ભુત રસ આ કૃતિને આસ્વાદ્ય બનાવે છે.

**અન્ય**

આ બે મહત્ત્વના કવિઓ ઉપરાંત આ શતકમાં ઋષિવર્ધનનો 'નલદવદંતી રાસ' (ર.સં. ૧૫૧૨), લક્ષ્મીસાગરનો 'વસ્તુપાલ-તેજપાલ રાસ', જિનદાસ (બ્રહ્મ) કવિના 'હરિવંશ રાસ' (ર.સં. ૧૫૨૦), 'શ્રેણિક રાસ', 'યશોધર રાસ', 'કરકંડુ રાસ', 'આદિનાથ રાસ', 'હનુમંત રાસ', 'રામાયણ રાસ', 'અંબિકા રાસ', 'અનંતવ્રત રાસ', 'સાસરવાસોનો રાસ', 'સમકિત સાર રાસ', 'પુષ્પાંજલિવ્રત રાસ' જેવા બારેક રાસ મળે છે.

સં. ૧૫૦૦થી ૧૫૨૨માં વિદ્યમાન જૈન શ્રાવક કવિ દેપાલે 'અભયકુમાર શ્રેણિક રાસ', 'જાવક-ભાવક રાસ', 'રોહિણીઆ ચોર રાસ', 'ચંદનબાલા ચરિત્ર ચોપાઈ', 'પાર્શ્વનાથ જીરાઉલા રાસ', 'સમ્યક્ત્વ બારવ્રત કુલક ચોપઈ' વગેરે રાસકૃતિઓ રચી છે. વચ્છ-વાછો શ્રાવકના 'મૃગાંકલેખા રાસ' (ર.સં. ૧૫૨૩) અને 'જીવભવસ્થિતિ રાસ' (ર.સં. ૧૫૨૩) બે રાસ મળે છે. ક્ષમાકલશે 'સુંદરરાજા રાસ' (ર.સં. ૧૫૫૧), 'લલિતાંગકુમાર રાસ' (ર.સં. ૧૫૫૩), 'વયરસ્વામીનો રાસ' (ર.સં. ૧૫૬૩), ઈશ્વરસૂરિએ 'લલિતાંગચરિત્ર/રાસ' (ર.સં. ૧૫૬૧), ધર્મસમુદ્રગણિએ 'સુમિત્રકુમાર રાસ' (ર.સં. ૧૫૬૭), 'કુલધ્વજકુમાર રાસ' (ર.સં. ૧૫૮૪) અને જૈનેતર પૌરાણિક કથાનક પર આધારિત 'શકુંતલા રાસ' રચ્યા છે.

**વિક્રમનું ૧૭મું શતક**

**જયવંતસૂરિ**

આ કવિ વડતપગચ્છના વિનયમંડન ઉપા.ના શિષ્ય છે. સમગ્ર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં, એમની 'શૃંગારમંજરી રાસ' કૃતિને લઈને જયવંતસૂરિને એક પ્રતિભાશાળી રસજ્ઞ કવિ ગણવા પડે છે. આ કવિ પોતાને જયવંત પંડિત કે જયવંતસૂરિ તરીકે ઓળખાવે છે. ગુણસૌભાગ્યસૂરિ એમનું અપરનામ છે, જે સૂરિપદ પછીનું હોવાની શક્યતા છે. એમના જીવન પ્રસંગો-જન્મ, મૃત્યુ, દીક્ષા, પંડિતપદ કે સૂરિપદ-નાં વર્ષો ક્યાંય નોંધાયેલાં મળતાં નથી. પણ એમની બે મહત્ત્વની રાસકૃતિઓનાં રચનાવર્ષ મળે છે. 'શૃંગારમંજરી'નું સં. ૧૬૧૪ અને 'ઋષિદત્તા રાસ'નું સં. ૧૬૪૩. ઉપરાંત એમની 'સીમંધરસ્વામી લેખ' કૃતિનું રચનાવર્ષ સં. ૧૫૯૯નું છે. આમ, આ કવિનો કવનકાળ મુખ્યત્વે વિક્રમના ૧૭મા શતકના પૂર્વાર્ધનો નિશ્ચિત થાય છે.

'શૃંગારમંજરી/શીલવતીચરિત્ર રાસ' મુખ્યત્વે દુહા છંદમાં પ્રયોજાયેલી ૫૧ ઢાળ અને ૨૪૨૩ કડીની રચના છે. કાવ્યગુણે સભર એવી આ કૃતિ કવિની સર્વોત્તમ રચના છે. આમ તો શીલમાહાત્મ્યને પ્રગટ કરવાનો કથાનો હેતુ છે, અને કથા પણ પરંપરાપ્રાપ્ત છે, પણ એ નિમિત્તે કવિએ સ્નેહભાવનું જે વૈવિધ્યપૂર્ણ રીતે નિરૂપણ કર્યું છે એથી કવિએ એને 'શૃંગારમંજરી' નામ આપ્યું છે. સંયોગ અને વિયોગશૃંગારના હૃદયંગમ નિરૂપણની સામે કવિએ એમાં સ્નેહવિષયક સુભાષિતોની ગૂંથણી કરી છે. સ્નેહવિયોગની ઉક્તિઓ, વસંતવિહાર, સમસ્યાચાતુરી, સૌંદર્ય-શૃંગારવર્ણન, બારમાસી, વર્ષાવર્ણન, સખી સાથેનો સંવાદ, પત્રલેખન આદિ અનેક પ્રયુક્તિઓ દ્વારા પ્રણયભાવ નિરૂપાયો છે. તેથી આખી કૃતિ ભાવનિરૂપણ પ્રધાન બની છે. છતાં કથારસ પણ એટલો જ આસ્વાદ્ય રહ્યો છે.

પશુપંખીઓની બોલીનું જ્ઞાન ધરાવતી શીલવતી ઉપર પતિ અજિતસેન વહેમાય, એને ત્યજી દે, એને પિયર વળાવવા જતાં સસરા રત્નાકરને શીલવતીનાં જ્ઞાન અને નિર્દોષતાની પ્રતીતિ થતાં એને લઈને પાછા વળે અને પુત્ર અજિતસેનની શંકાને નિર્મૂળ કરે. અંતે પતિ-પત્ની પુનઃ સ્નેહગાંઠે બંધાય આ એનું કથાવસ્તુ છે.

'ઋષિદત્તા રાસ' એ મુખ્યત્વે દુહા-દેશીબદ્ધ ૪૧ ઢાળની ૫૩૪ કડીની કર્મફળની અનિવાર્યતા દર્શાવતી પરંપરાપ્રાપ્ત કથા છે. આ રાસાકૃતિ પ્રમાણમાં નાની છતાં વિવિધ પ્રકારના સ્નેહ સંબંધોનું કવિનું નિરૂપણ રસપ્રદ બન્યું છે. ઋષિદત્તા અને કનકરથનો દાંપત્યપ્રેમ, યુવાન મુનિના પુરુષવેશે રહેતી ઋષિદત્તા અને કનકરથ વચ્ચેનો મિત્રપ્રેમ, પિતાનો ઋષિદત્તા માટેનો વાત્સલ્યપ્રેમ અહીં આલેખાયો છે. હાસ્ય અને વીર સિવાયના અન્ય રસો અહીં નિષ્પન્ન થયા છે. રસિક વર્ણનો, અલંકારો, સુભાષિતોની ગૂંથણી, લૌકિક દૃષ્ટાંતો, રૂઢોક્તિઓ અને અનુરૂપ છંદોલય કૃતિને કાવ્યસ્પર્શવાળી બનાવે છે.

આ સિવાય, જયવંતસૂરિએ 'સ્થૂલિભદ્રકોશા-પ્રેમવિલાસ ફાગ' 'સ્થૂલિભદ્ર ચંદ્રાયણી', લેખ, સંવાદ, વેલિ, ગીત, સઝાય આદિ લઘુકૃતિઓની રચના કરી છે.

(ક્રમશઃ)

❖❖❖

# માનવના બે દોષ : બાલ્ય અને લૌલ્ય

■ પૂ. આચાર્ય વિજયપૂર્ણચંદ્ર સૂરિ

નાનું બાળક બે કારણોસર સાચું ધર્મારાધન કરી શકતું નથી, એનામાં રહેલું બાલ્ય એને ધર્મ કરતાં રોકે છે, એનામાં રહેલું લૌલ્ય પણ એને ધર્મારાધનામાં બાધક બનતું હોય છે. એનામાં રહેલું બાલ્ય એને રમતગમતમાં જ મગ્ન રાખે છે, એનામાં રહેલું લૌલ્ય એને ખાવાપીવાની પ્રવૃત્તિમાં જ લોલુપ રાખે છે. બાળસહજ આ બે દોષોને કારણે એ બાળક આધ્યાત્મિક નહિ, પણ ભૌતિક ક્ષેત્રેય પ્રગતિ સાધી શકતો નથી. આ બે દોષો જેમ જેમ ઓછા થાય, એમ એમ એની પ્રગતિયાત્રા આગળ વધતી જાય છે.

બાહ્ય દષ્ટિએ ભલે બાલ્ય ને લૌલ્ય બાળકના જ દોષ ગણાતા હોય, પણ આધ્યાત્મિક નજરે અવલોકન કરીએ, તો આ દોષો યુવાનમાંય હોઈ શકે છે, પ્રૌઢમાંય હોઈ શકે છે અને મૃત્યુ પથારીએ પોઢેલા વૃદ્ધમાંય હોઈ શકે છે. આજનો ઘણો મોટો જનસમુદાય જીવનભર રમતગમત જ કરતો રહે છે અને ખાવાપીવામાં જ લોલુપ રહે છે. બાલ્ય અને લૌલ્ય આજે સર્વવ્યાપક બનેલા દોષો છે. એને નજર સમક્ષ રાખીને જ એક સુભાષિતે બોધબાણ છોડ્યા છે. એનું કથન છે: બાલ્યનો ત્યાગ કરો, લૌલ્યનો ત્યાગ કરો અને ધર્મયૌવન પામીને ધર્મ કાજે પુરુષાર્થશીલ બનો !

ઘોડિયામાંથી સ્મશાનમાં પહોંચતાં સુધીમાં માનવ કઈ રીતે રમતગમતમાં જ મસ્ત રહેતો હોય છે, અને ખાવાપીવાનું એનું લૌલ્ય અકબંધ જળવાતું રહેતું હોય છે.

બાળપણમાં તો માનવનું બાલ્ય એવી રમતગમતથી, બંધ આંખેય જોઈ શકાય, એવી પ્રવૃત્તિ દ્વારા છતું થઈ જ જતું હોય છે. નાનપણમાં રમકડે રમવાની પડેલી ટેવના મૂળિયાં તો એટલાં ઊંડા ઉતરી જતાં હોય છે કે, એ મૃત્યુની પળ સુધી રમ-રમ જ કર્યા કરતો હોય છે. નાનો હોવાથી એ રમકડે રમે છે, જરા મોટો થતાં એ પત્તા રમે છે. પછી એની રમતગમત પુસ્તકો સાથે ચાલુ થાય છે. કુમાર ને યૌવનકાળમાં એની રમતગમતનું કેન્દ્ર વિશાળ થાય છે, અને પછી તો મેચ-ક્રિકેટ જેવી આંતરરાષ્ટ્રીય રમતો પણ એને ઓછી જણાય છે.

બાળક કુમાર અને યૌવન વય વટાવીને આગળ વધતા વ્યવસાયના ક્ષેત્રમાં પ્રવેશે છે અને પછી એનો રમતનો વિષય બદલાય છે, પણ રમતની પ્રવૃત્તિ તો એવી ને એવી જ રહે છે. વેપારી બન્યા પછી એ પૈસા સાથે રમવાનું ચાલુ કરે છે. આ રમતમાં એને લાખો રૂપિયાની નોટો પણ ઓછી પડે છે. જીવન હજી આગળ વધે છે અને એક હાથે પૈસાને રમાડતો માનવ પછી બીજા હાથે પ્રમદાને રમાડવાનું શરૂ કરે છે. દિવસ એનો પૈસા સાથેની રમતમાં પૂરો થઈ જાય છે અને રાત એની પ્રમદા-નારી સાથેની રમતગમતમાં પૂરી થઈ જાય છે.

જીવન વીતતું થઈ જાય છે, એમ માનવની રમતના રમકડાં બદલાતાં જાય છે, પણ એની રમતની ટેવ તો એવી ને એવી જ અકબંધ રહે છે. લગ્નજીવનમાં ઘર કંકાસના દાંડિયા રમતો માનવ એકનો બે થઈને બેનો અનેક બને છે અને પછી એ છોકરાં-છૈયાં સાથે રમવા માંડે છે. રમતની આવી વિવિધ કરામતો આગળ વધે છે અને માનવ વૃદ્ધ બને છે, પણ એનો રમવાનો રસ તો સમૃદ્ધ જ રહે છે. એને તો જરા પણ વૃદ્ધાવસ્થા લાગુ પડતી નથી. યુવાનીમાં એ પોતાના પુત્રને રમાડતો હોય છે, તો વૃદ્ધાવસ્થામાં આવતા પુત્રોના પુત્રોને રમાડતા એ અડધો અડધો થઈ જાય છે. પુત્ર ને પુત્રવધૂ એને 'મફતિયો મજૂર' સમજીને નભાવી લે છે અને વૃદ્ધના એ નીરસ-જીવનમાં, પૌત્રોને રમાડવાની રમત રસ પૂરે છે. આમ, પારણે પોઢીને રમકડે રમવાની ટેવથી ટેવાયેલો માનવ વૃદ્ધ બને છે, પણ જેમ એ પોતાનું 'બાલ્ય' ભૂલી શકતો નથી, એમ એ 'લૌલ્ય'ને પણ લગીરે અળગું મૂકી શકતો નથી.

સંસારની નાની-મોટી તમામ પ્રવૃત્તિઓમાં એ માનવ જે રીતે રસ લેતો હોય છે, એમાં 'લોલુપતા' ભારોભાર ટપકતી જોવા મળતી હોય છે. એ લોલુપતા જોતાં બાળકનું 'લૌલ્ય' તો સાવ નીરસ જણાય. સંસારની પ્રવૃત્તિનું નામ પડતાં જ એના મોંમાં પાણી આવી જતું હોય છે, કેરી ચૂસતી વખતની લોલુપતા સંસારની પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થતા માનવના અંગે અંગમાં જોવા મળતી હોય છે.

આમ, ગમે તેટલો યુવાન કે વૃદ્ધ બનતો માનવ આધ્યાત્મિક દૃષ્ટિએ તો રમતગમતમાં લીન અને ખાવાપીવામાં તલ્લીન બાળક જેવી કક્ષાથી જરાય ઉપર ઊઠેલો હોતો નથી. એથી આધ્યાત્મિક ક્ષેત્રે એ ધૂળમાં રમતો અને મોંમાં આંગળી ચૂસતો બાળક જ ગણાય. આવો બાળક ધર્મ માટે ત્યારે જ યોગ્ય બને કે, એ જ્યારે ધર્મયૌવન પામે!

ધર્મયૌવન પામવાની પહેલી શરત એ છે કે, 'બાલ્ય' જીવન તજવું જોઈએ, બીજી શરત એ છે કે, 'લૌલ્ય'નો ત્યાગ કરવો જોઈએ. માનવ જો બાળપણમાંય પુદ્ગલોના રમકડાં સાથેની રમત અને સંસારની પ્રવૃત્તિઓની લોલુપતા તજી શકતો હોય, તો માની લેવું કે, ધર્મયૌવન એના જીવનમાં આવી ચૂક્યું છે, પણ આવી રમત અને આવી લોલુપતા મરતાં સુધીય એનાથી છૂટી ન શકી હોય, તો એ વૃદ્ધ બનવા છતાં બાળકનો બાળક જ છે. અને એથી ધર્મની પાત્રતા પણ એનામાં પ્રગટી નથી. છોકરા સાથે છાશ ન પીવાય, આવી કહેવત છે. આ કહેવત આધ્યાત્મિક દૃષ્ટિએ તો વધુ બંધબેસતી છે. જેનામાં આ જાતનું બાલ્ય અને લૌલ્ય હોય, એટલે કે જે આવી છોકરમત કરતો હોય, એની સામે વળી ધર્મનું અમૃત કઈ રીતે પીવાય અને પીરસાય ?

આમ માનવનું જીવન પામ્યા પછી જ્યાં ધર્મયૌવન મેળવીને મોક્ષની મંઝિલે પ્રતિપળે અને પ્રતિપગલે આગળ વધવાનું છે, ત્યાં જો આપણે આપણી આખી જિંદગી રમતમાં ને રમતમાં જ વેડફી દઈશું, વયના પલટા મુજબ રમકડાં ફેરવતા રહીને પણ જો રમવાનો રસ પોષતા જ રહીશું, તો આ રીતે ખેલ ખેલતાં ખેલતાં જ જીવનખેલ ખતમ થઈ જશે અને ધર્મયૌવન પામ્યા પૂર્વે જ આપણે જો મૃત્યુના મુખમાં હોમાઈ જઈશું, તો એ મૃત્યુ આપણું અકાળ મૃત્યુ જ ગણાશે.

સંસારમાં ભૌતિક ક્ષેત્રે જો હજી બાળક બાળક જ રહે, તો એને એટલું બધું ગુમાવવાનું રહેતું નથી, પણ અધ્યાત્મના ક્ષેત્રે જો આપણે બાળક જ રહીશું અને આપણા બાલ્ય અને લૌલ્યને જ પંપાળતા રહીશું, તો તો જે ગુમાવવું પડશે, એ નુકશાન ભરપાઈ કરી શકાય એવું નહિ હોય. માટે જ હવે પુદ્ગલના રમકડા સાથે આપણને રમતા રાખતા 'બાલ્ય'ને અને સંસારની પ્રવૃત્તિમાં જ લીન રાખનાર 'લૌલ્ય'ને આપણે હવે વહેલી તકે દેશવટો આપીએ. પછી તો ધર્મયૌવન આપણને વરવા તૈયાર જ છે. આ એક એવું યૌવન છે કે, જે ગમે તે અવસ્થામાં મેળવી શકાય છે અને મૃત્યુની પળ સુધી એનો થનગનાટ અકબંધ જાળવી શકવામાં સફળ બની શકાય છે.

❖❖❖

# પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૦૦

## આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શનિવાર, તા. ૨૬-૮-૨૦૦૦થી શનિવાર, તા. ૨-૯-૨૦૦૦ સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાનસભાઓ, **પાટકર હોલ**, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦. મધ્યે યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૧૫ અને ૯-૩૦ થી ૧૦-૧૫ એમ રોજ બે વ્યાખ્યાન રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

| દિવસ | તારીખ | નામ | વિષય |
|---|---|---|---|
| શનિવાર | ૨૬-૮-૨૦૦૦ | પૂ. મુનિ શ્રી ઉદિતકુમારજી. | जैन धर्म में आचारमीमांसा |
| | | ડૉ. રમણલાલ ચી. શાહ | મોહનીય કર્મ |
| રવિવાર | ૨૭-૮-૨૦૦૦ | શ્રી વસંતભાઈ ખોખાણી | કર વિચાર તો પામ |
| | | ડૉ. ગુણવંત શાહ | શ્રાવકધર્મ અને શ્રમણધર્મ |
| સોમવાર | ૨૮-૮-૨૦૦૦ | ડૉ. ધનશ્યામ માંગુકિયા | શ્રીમદ્ રાજચંદ્ર–વિરલ આવિર્ભાવ |
| | | પ. પૂ. ૧૦૮ શ્રી ભૂતબલિસાગરજી | સંવર અને નિર્જરા |
| મંગળવાર | ૨૯-૮-૨૦૦૦ | ડૉ. રમેશ દવે | જબ આવત સંતોષધન |
| | | પૂ. બ્રહ્મચારિણી મૈત્રેયી ચેતન્ય | करहि भगति आतम के चाइ |
| બુધવાર | ૩૦-૮-૨૦૦૦ | પ્રો. તારાબહેન શાહ | ઉવસગ્ગહરં સ્તોત્ર અને ભગવાન પાર્શ્વનાથ |
| | | પૂ. મોરારી બાપુ | સંગ્રહ ત્યાં વિગ્રહ |
| ગુરુવાર | ૩૧-૮-૨૦૦૦ | શ્રી સૌરભ શાહ | આધુનિક ધાર્મિકતા |
| | | ડૉ. લાભશંકર પુરોહિત | આજની આ આંનદઘડી આનંદઘનજીના અક્ષર સંગે |
| શુક્રવાર | ૧-૯-૨૦૦૦ | ડૉ. નરેશ વેદ | અષ્ટાવક્ર ગીતા |
| | | પંડિત જતીશચંદ્ર શાસ્ત્રી | નિશ્ચય અને વ્યવહાર |
| શનિવાર | ૨-૯-૨૦૦૦ | શ્રીમતી શૈલજા ચેતનભાઈ શાહ | લૌકિક લોકોત્તર ક્ષમા, દુવિધ કહી ભગવંત |
| | | પં. વીરેન્દ્રકુમારજી | બાહ્ય અને અભ્યંતર તપ |

વ્યાખ્યાનની શરૂઆતમાં દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૨૫ પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે (૧) શ્રીમતી અલકાબહેન શાહ.(૨) શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી (૩) શ્રીમતી પ્રેમા તાપરીયા (૪) શ્રી સંસ્કાર દેશાઈ (૫) શ્રીમતી અંજલિ મરચન્ટ (૬) શ્રીમતી છાયા તાપરીયા (૭) શ્રી મુકેશ ચતુર્વેદી (૮) શ્રી હરેશ મહેતા

**આ વ્યાખ્યાનનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

**ચંદ્રકાન્ત દીપચંદ શાહ**
ઉપપ્રમુખ
**ભૂપેન્દ્ર. ડી. જવેરી**
કોષાધ્યક્ષ

**રસિકલાલ લહેરચંદ શાહ**
પ્રમુખ

**નિરુબહેન એસ. શાહ**
**ધનવંત ટી. શાહ**
મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્કર્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૧ ● અંક : ૯ ● તા. ૧૬-૯-૨૦૦૦ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2000
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●
તંત્રી : રમણલાલ ચી. શાહ

## દુગ્ધામૃત

દૂધ (દુગ્ધ) અમૃત છે, પણ અધૂરી સમજણ અને પોતાની માન્યતાના અભિનિવેશનને કારણે કેટલાક એને લોહી અને માંસ તરીકે ઓળખાવે છે ત્યારે વિવાદનો વંટોળ ઊભો થાય છે. ભારતીય સાંસ્કૃતિક પરંપરાનાં હજારો વર્ષમાં આવો વિવાદ ક્યારેય થયો નથી, પરંતુ પાશ્ચાત્ય સંસ્કૃતિના સંપર્ક પછી કોઈ કોઈ વાર આવો વિવાદ સર્જાયા કરે છે. જેઓ આવો વિવાદ ઊભો કરે છે તેઓએ પૂર્વગ્રહરહિત થઈને, પોતાની માન્યતાને થોડી વાર બાજુ પર મૂકીને, સત્યાન્વેષણની દૃષ્ટિથી, શાન્તચિત્તે, તટસ્થતાપૂર્વક વિચાર કરવો જરૂરી છે.

જૂના વખતમાં ધર્મપરિવર્તન કરાવવાની સાથે લોકોને માંસાહારી બનાવવાના પ્રયાસો પણ થતા. ધર્મપ્રચારકો શાકાહારી લોકોને કહેતા કે દૂધ પ્રાણીના શરીરમાંથી નીકળતું હોવાથી તે માંસ બરાબર જ છે. એટલે તમે જો દૂધ ખાતા હો તો માંસ ખાવામાં તમને વાંધો ન હોવો જોઈએ. ગરીબ ભોળા લોકો આવી દલીલથી ભરમાતા અને તેઓ માંસાહારી બની જતા. અલબત્ત, હવે એવા પ્રકારના ધર્મપરિવર્તનનું અને આહારાદિના પરિવર્તનનું પ્રચારાત્મક કાર્ય ઘટ્યું છે. તો પણ એવા મિથ્યા પ્રચારથી સાવધ રહેવા જેવું છે.

પાશ્ચાત્ય દેશોમાં જેઓ ચુસ્ત શાકાહારી અથવા વનસ્પત્યાહારી છે એવા કેટલાક લોકો દૂધ કે દૂધમાંથી બનેલાં દહીં, માખણ, પનીર વગેરે (All Dairy Products) લેતા નથી. તેઓ વેગન (Vegan) તરીકે ઓળખાય છે. તેઓ વેજિટેરિયન શબ્દનો ચુસ્ત અર્થ કરે છે. એટલે કે ફક્ત વનસ્પતિનો જ આહાર કરવામાં માને છે. તેઓ પ્રાણીનું માંસ કે પ્રાણીના શરીરમાંથી નીકળતો પદાર્થ (Animal Product) ખાતા નથી. પરંતુ કેટલાક અંતિમવાદી વનસ્પત્યાહારીઓ દૂધને વગોવવા માટે એને માંસાહાર તરીકે ઓળખાવે છે, કારણ કે તે પ્રાણીના શરીરમાંથી પેદા થાય છે.

દૂધ ગાય-ભેંસ વગેરેના શરીરમાંથી નીકળે છે-Animal Product છે માટે તે માંસ બરાબર છે એવો વિચાર ભ્રમભરેલો છે. દૂધ વાત્સલ્યભાવનું પ્રતીક છે. દોહતી વખતે ગાયભેંસ વેદનાથી ચીસાચીસ નથી કરતી, પણ શાન્તિથી ઊભી રહી દોહવા દે છે. જ્યાં દોહનાર સ્ત્રી-પુરુષ સાથે એને મમતા બંધાઈ જાય છે ત્યાં તો દોહવાના સમયે એ ઉત્સુકતાપૂર્વક રાહ જોતી હોય છે અને દોહનારને જોતાં જ હર્ષઘેલી બની જાય છે. વળી દોહરાવતી વખતે પણ તે શાન્ત, આજ્ઞાંકિત બની દોહનારની સૂચના પ્રમાણે આઘીપાછી થાય છે. જેઓને ગાય, ભેંસ, બકરી વગેરે દોહવાનો દીર્ઘકાળનો અનુભવ હશે તેઓ આ વાતની સાક્ષી પૂરશે. વળી દૂધની સરખામણી માંસ સાથે નહિ થઈ શકે કારણ કે દૂધની ઉત્પત્તિ તો ફક્ત માદાના શરીરમાં જ થાય છે. નર-પશુના શરીરમાંથી દૂધની ઉત્પત્તિ થતી નથી. માંસાહારી લોકો માંસ તો નર અને માદા બંનેનું ખાય છે. દૂધ એ જો માંસ હોય, તો પછી તે ફક્ત માદાનું જ કેમ હોઈ શકે ?

આયુર્વેદ પ્રમાણે આપણે જે આહાર લઈએ છીએ તેમાંથી શરીરમાં ઉત્તરોત્તર ક્રમાનુસાર રૂપાંતર થતું જાય છે. આ ક્રમ છે : (૧) રસ, (૨) રક્ત, (૩) મેદ (ચરબી), (૪) માંસ, (૫) અસ્થિ (હાડકાં), (૬) મજ્જાની (હાડકાં વચ્ચેનો પદાર્થ-Marrow) અને (૭) શુક્ર (વીર્ય). શરીરમાં આ સપ્ત ધાતુનું ક્રમે ક્રમે નિર્માણ થાય છે. અને તે જો બરાબર સચવાય, (ખાસ કરીને વીર્ય સચવાય) તો તેમાંથી ઓજસ્ તત્ત્વ થાય છે. આ સપ્ત ધાતુમાં દૂધનો ક્યાંય ઉલ્લેખ નથી. એનો અર્થ એ થયો કે શરીરમાં દૂધનું ઉત્પન્ન થવું અનિવાર્ય નથી. એટલે એનો અર્થ એ થયો કે દૂધનો આહાર માંસાહાર નથી. આયુર્વેદમાં વનસ્પત્યાહાર અને માંસાહારનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે તેમાં દૂધને માંસાહાર તરીકે ઓળખાવ્યું નથી, તેમાં દૂધને સાત્ત્વિક આહાર તરીકે અને માંસને તામસી આહાર તરીકે ઓળખાવ્યાં છે.

પૃથ્વી પર મનુષ્યોમાં આહાર તરીકે પાણી પછી બીજે નંબરે લેવાતું પ્રવાહી તે દૂધ છે. દુનિયામાં અનેક ગરીબ લોકો દૂધથી વંચિત રહે છે એ સાચું, તો પણ દુનિયામાં સરેરાશ દૂધનું ઉત્પાદન એટલું બધું હોય છે કે પછી વધારાના દૂધમાંથી દહીં, માખણ, ઘી, ચીઝ, દૂધનો પાવડર ઈત્યાદિ બનાવવાની ફરજ પડે છે. પછી તો એ વ્યવસાય બની જાય છે.

દૂધને માંસ સાથે નહિ સરખાવી શકાય કારણ કે દરેક પ્રાણીના શરીરમાં દૂધ હોતું નથી. ફક્ત સ્ત્રીઓમાં અને સ્તનપાન કરાવતાં માદા પ્રાણીઓનાં શરીરમાં જ દૂધ ઉત્પન્ન થાય છે. વળી તે પણ કાયમ ઉત્પન્ન થતું રહેતું નથી. જે સ્ત્રી કે સસ્તન માદા પ્રાણી સંતાનને જન્મ આપવાનાં હોય ત્યારે જ એના શરીરમાં દૂધ ઉત્પન્ન થાય છે. અને તે સ્તનપાન કરાવવાના સમય પૂરતું જ શરીરમાં ઉત્પન્ન થાય છે. આમ, માતાનું દૂધ વાત્સલ્યભાવ સાથે અનિવાર્ય રીતે જોડાયેલું છે, જ્યાં વાત્સલ્યભાવ હોય ત્યાં ક્રૂરતા ન હોય. એટલે દૂધને માંસ સાથે સરખાવવું વ્યાજબી નથી.

ગાય-ભેંસ વગેરેના શરીરમાં જે દૂધ ઉત્પન્ન થાય છે. તેનું પ્રમાણ એટલું બધું હોય છે કે તેનાં બચ્ચાંને પૂરતા પ્રમાણમાં દૂધ મળી રહ્યા પછી પણ વધે છે. કુદરતની એવી રચના છે કે વધારાનું દૂધ ઢોરના શરીરમાં રહી જાય તો એ એના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. વળી દૂધ ફક્ત પાળેલાં ઢોરોનું જ લેવાય છે, જંગલમાં રખડતાં ઢોરોનું નહિ, પાળેલાં ઢોરને સારો ઘાસચારો, કપાસિયા વગેરેનો આહાર આપવામાં આવે તો તે વધુ દૂધ આપે છે. એટલે બચ્ચાંને ખાવાનું દૂધ માણસ ખાઈ જાય છે અથવા બચ્ચાંના ભોગે માણસ મોજ કરે છે એ દલીલમાં તથ્ય નથી. ક્યાંક અયોગ્ય ઘટના નહિ બનતી હોય એવું નથી, પણ સામાન્ય રીતે તો બચ્ચાંની માવજત જ થાય છે. વળી ઢોર પાળવાની પ્રથા અને પાંજરાપોળોની વ્યવસ્થાને કારણે ઢોરોને જંગલમાં હિંસક પ્રાણીઓ ફાડી ખાય એવી ઘટના ઓછી બને છે અને મહાજનો દ્વારા થયેલી પાંજરાપોળની વ્યવસ્થાને લીધે ઢોરો કતલખાને ઓછાં જાય છે. એમાં પણ અહિંસાની, કરુણાની ભાવના રહેલી છે. વસ્તુત: આદિકાળના શિકારી માંસાહારી લોકોમાંથી કેટલાકે નિર્દય માંસાહારમાંથી બચવા માટે ખેતી, પશુપાલન અને દૂધના વપરાશ દ્વારા અન્નાહારની પ્રથા ઊભી કરી એમ મનાય છે. જૈન માન્યતા પ્રમાણે ભગવાન ઋષભદેવે લોકોને આ પદ્ધતિ શીખવી હતી.

ભારતમાં લાખો, કરોડો માણસોને પોતાનાં પાળેલાં ઢોર સાથે સ્વજન જેવી લાગણી અનુભવવા મળે છે. બીજી બાજુ માંસ માટે ઢોરની કતલ કરવી પડે છે. એમાં નિર્દયતા રહેલી છે. ઢોર એ વખતે ધ્રૂજે છે, ભયથી વિહ્વળ બની જાય છે, તે ચીસાચીસ કરે છે, એને ઝાડોપેશાબ છૂટી જાય છે, અસહ્ય વેદના તે અનુભવે છે. માંસાહારની એ ખાસિયત છે કે રસ્તામાં કોઈ મરેલા પડેલા ઢોરનું માંસ માંસાહારી માણસોથી ખાઈ શકાતું નથી, પણ જીવતા ઢોરની કતલ કરીને જ એનું માંસ ખવાય છે.

આમ ગાયભેંસ વગેરેનું દૂધ મેળવવું અને એનું માંસ મેળવવું એ બે વચ્ચે આભ જમીનનો તફાવત છે. એટલે પ્રાણીના શરીરમાંથી નીકળતું હોવાથી દૂધ એ લોહીમાંસ બરાબર છે એમ કહેવું તે નર્યું અજ્ઞાન છે.

જેઓ વનસ્પત્યાહારી છે અને દૂધ કે તેની બનાવટો લેતા નથી તેમની વાત જુદી છે. તેઓ પ્રશંસાને પાત્ર છે. જે વનસ્પત્યાહારી છે તેઓને દૂધમાંથી પૂરતું પોષણ મળી રહે છે, તેઓને માંસાહારની જરૂર નથી રહેતી, પણ જેઓ માંસાહારી છે તેઓને પૂરતા પોષણ માટે દૂધના આહારની જરૂર પડે છે. દૂધ જો લોહી-માંસનું બનેલું હોય તો માંસાહારી લોકોએ દૂધ લેવાને બદલે લોહી-માંસ જ લેવાં જોઈએ એવો તર્ક કરાય છે. હકીકતમાં દૂધનો આહાર માંસાહારી લોકો માટે પણ આવશ્યક મનાયો છે.

માનવજીવનનો સૌથી પહેલો આહાર તે દૂધ છે અને તે પણ માતાનું દૂધ. કેટલાક મહિના સુધી નવજાત શિશુ કેવળ માતાના દૂધ પર નિર્ભર રહે છે. એ મોટું થતું જાય છે એ બતાવે છે કે બાળકના શરીરના પોષણ સંવર્ધન માટેનાં તમામ તત્ત્વો માતાના દૂધમાં છે. એમાં વિટામિન, પ્રોટીન, કેલ્શિયમ, ફોસ્ફરસ, કાર્બોહાઈડ્રેટ વગેરે ઘણાં બધાં તત્ત્વો છે એટલું જ નહિ તે ભાવે એવું મધુર, હલકું, સુપાચ્ય અને પોષક છે. વળી એમાં રોગપ્રતિકારક શક્તિ પણ હોય છે.

માંદગી, મૃત્યુ કે અન્ય કોઈ કારણે બાળકને માતાનું દૂધ ન મળી શકે એમ હોય તો આપણે ત્યાં આયુર્વેદાચાર્યોએ ધાવમાતા-ધાત્રીની ભલામણ કરી છે. એટલે એ દિવસોમાં અન્ય કોઈ સ્ત્રીને ધાવણ આવતું હોય તેવી સ્ત્રીને બાળકને ધવરાવવા માટે રાખવામાં આવતી. કારણ કે માતાનું દૂધ નવજાત શિશુ માટે અનિવાર્ય છે. માતાનું દૂધ એવું ચમત્કારિક છે કે એમ કહેવાય છે કે તે હાથથી કાઢી એક વાટકીમાં રાખવામાં આવે અને એમાં એક જીવતી કીડીને નાખવામાં આવે તો કીડી તેમાં ડૂબીને મરી નહિ જાય, પણ તરતી તરતી બહાર નીકળી જશે.

કુદરતની કેવી વ્યવસ્થા છે કે બાળક જન્મે કે તરત માતાના સ્તનમાં દૂધ આવે, માતાને પણ પોતાના બાળકને ધવરાવવાના ભાવ થાય અને જેણે હજુ આંખ પણ ખોલી ન હોય એવા બાળકને તત્ક્ષણ ધાવતાં આવડી જાય. જન્મેલા બાળકને તરત ધાવતાં જોઈએ તો એમ પ્રશ્ન થાય કે બાળકને આ શિખવાડ્યું કોણે હશે ? પૂર્વજન્મના સંસ્કાર વિના આમ બની શકે નહિ.

માતાનું દૂધ બાળક માટે એટલું અનિવાર્ય છે કે તે એને જન્મથી જો ન મળે અને ગાયભેંસના દૂધ પર રહેવાનો જો વારો આવે તો બાળકનું આરોગ્ય જોખમાય છે. મૃત્યુની સંભવિતતા રહે છે. પશુઓમાં પણ એવા દાખલા જોવા મળે છે. કોઈ કૂતરી ગલુડિયાંને જન્મ આપીને બે-ચાર દિવસમાં જ કોઈ અકસ્માતમાં મૃત્યુ પામી હોય અને દયાળુ લોકો ગલુડિયાંને ગાયભેંસનું દૂધ પાતળું કરીને પીવડાવે તોપણ ગલુડિયાં ઝાઝો વખત જીવતાં રહેતાં નથી. એટલે જો દૂધને માંસાહાર બરાબર ગણવામાં આવે તો મનુષ્ય જન્મથી જ માંસાહારી છે એમ સ્વીકારવું પડે. એટલું જ નહિ તે જન્મથી જ નર (નારી) ભક્ષી (Cannibal) છે એમ કહેવાનો વખત આવશે. પરંતુ દૂધ હિંસક નહિ, અહિંસક છે, વાત્સલ્ય અને કરૂણાનું પ્રતીક છે. જૈનોના છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીરના પગે ચંડકૌશિકે જ્યારે ડંખ દીધો ત્યારે તેમના પગમાંથી લોહી ન વહેતાં દૂધ વહ્યું હતું. એ બતાવે છે કે ભગવાનને ચંડકૌશિક જેવા દૃષ્ટિવિષ સર્પ પ્રત્યે પણ કેવો અપાર વાત્સલ્યભાવ હતો !

જૈન ધર્મ પ્રમાણે સ્તનપાન કરાવતી માતાનું દૂધ અચિત છે. તે હુંફાળું અને જીવાણુરહિત-Bacteria free હોય છે. આર્ય વજસ્વામીએ જન્મ્યા ત્યારથી તે જીવનના અંત સુધી સચિત વાનગીનો આહાર નહોતો કર્યો. તો પછી એમણે જન્મ્યા પછી માતાનું ધાવણ લીધું હતું કે નહિ ? શાસ્ત્રકારો કહે છે કે એમણે માતાનું ધાવણ લીધું હતું, પણ ધાવણ તો અચિત્ત હોય છે. એટલે વજસ્વામીની વાત સાચી છે. આજે કોઈ ઠેકાણે મેલેરિયા, ટાઈફોઈડ કે એવો બીજો કોઈ ચેપી રોગ ફેલાયો હોય ત્યાં ધાવણા બાળકને લઈ જવાનો પ્રસંગ આવે તો બાળકને ચેપ લાગે કે નહિ ? દાક્તરો-પશ્ચિમના નિષ્ણાત દાક્તરો પણ કહેશે કે બાળક જ્યાં સુધી ફક્ત માતાના ધાવણ પર જ રહેતું હોય અને એને વધારાનું દૂધ કે પાણી આપવામાં ન આવતું હોય તો બાળકને ચેપ લાગવાનું કોઈ જ જોખમ હોતું નથી.

દૂધ સંપૂર્ણ આહાર તો છે જ, પણ એનામાં ઔષધીય ગુણો પણ ઘણા બધા છે. જીર્ણજ્વર, ક્ષયરોગ, મૂર્છા, પાંડુરોગ, સંગ્રહણી, શોષરોગ, દાહ, તૃષારોગ, શૂલ, ઉદાવર્ત, ગુલ્મ, હરસ, પિત્તરોગ, રક્તપિત્ત, અલ્સર, યોનિરોગ, ગર્ભસ્રાવ વગેરે ઘણા રોગોમાં દૂધ અકસીર કામ કરે છે. કેટલીયે દવાઓ ગાયના દૂધમાં બનાવવામાં આવે છે. કેટલીક દવાઓ દુગ્ધાનુપાનની હોય છે એટલે કે તે દવા લીધા પછી દૂધ પીવું જોઈએ કે જેથી તે ગરમ ન પડે. દૂધને વિષાપહર

તરીકે ઓળખાવવામાં આવે છે. નિયમિત દૂધ લેનારની રોગપ્રતિકારક શક્તિ સારી રહે છે. આપણે ત્યાં કહેવત છે કે 'દૂધે વાળુ જે કરે તે ઘેર વૈદ ન જાય.'

ગાય, ભેંસ, બકરી, ઘેટી, ઊંટડી, વાઘણ, સિંહણ ઈત્યાદિના દૂધના ગુણધર્મોની પરીક્ષા આયુર્વેદમાં કરવામાં આવી છે. વિવિધ પ્રકારના રોગમાં વિવિધ પ્રકારનું દૂધ કેવી રીતે ઉપયોગી છે તેની મીમાંસા તેમાં કરવામાં આવી છે.

યુરોપ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ વગેરેમાં ગાયનું દૂધ વપરાય છે. ભારત, પાકિસ્તાન, બર્મા, ચીન, ઈજિપ્ત વગેરેમાં ગાય કરતાં ભેંસનું દૂધ વધુ ખવાય છે. ભૂમધ્ય સમુદ્રની આસપાસના કેટલાક પ્રદેશોમાં બકરીના દૂધનો ઉપયોગ વધુ થાય છે. નોર્વે, ડેન્માર્ક, સ્વીડન, ફિનલેન્ડ તથા રશિયાની ઉત્તરે રેઈનડિયરનું દૂધ વપરાય છે. દક્ષિણ યુરોપના દેશોમાં ઘેટીના દૂધનો પ્રચાર વધુ છે. જાપાન, કોરિયા વગેરેમાં દૂધનો વપરાશ ઘણો ઓછો છે. ત્યાંના લોકોને હાથે પગે રૂંવાટી ખાસ હોતી નથી. ત્યાં એવી માન્યતા છે કે દૂધ પીવાથી હાથે પગે રૂંવાટી વધે છે. એશિયાના દેશોમાં દૂધનો જેટલો વપરાશ છે તેના કરતાં યુરોપ અમેરિકામાં વધુ છે.

ગાયના દૂધ માટે આયુર્વેદમાં કહેવાયું છે :-

સદ્યઃ શુક્રકરં શીતં, સાત્મ્યં સર્વ શરીરિણામ્,
જીવનં બૃહણં બલ્યં, મેધ્યં વાજિકંર પરમ્
વય સ્થાપનં આયુષ્યમ્, સંધિકારિ રસાયનમ્.

ગાયનું તાજું દૂધ તરત જ શુક્રધાતુને ઉત્પન્ન કરે છે. તે શીતળ છે. બધાં તે પ્રાણીને અનુકૂળ છે તે જીવન આપનારું, શરીરની વૃદ્ધિ કરનારું, બળ અને બુદ્ધિ વધારનારું તથા વાજિકર એટલે જાતીય શક્તિ વધારનાર, તે વયને સ્થિર કરનાર (યૌવનને ટકાવનાર), આયુષ્ય વધારનાર, સંધિ-શરીરના સાંધાઓને મજબૂત કરનાર છે અને રસાયન છે એટલે કે શરીરમાં રહેલી સાતેય ધાતુઓને પુષ્ટ કરનાર તથા પ્રતિકારશક્તિ વધારનાર છે. દૂધ કેટલું બધું ઉપયોગી છે અને ચમત્કારિક ગુણો ધરાવે છે એ વિશે એક પાશ્ચાત્ય લેખકે Magic of Milk નામનું પુસ્તક લખ્યું છે. સર્વ દૂધમાં ગાયના દૂધને શ્રેષ્ઠ ગણવામાં આવેલ છે, કારણ કે ગાય બુદ્ધિમાન, સમજદાર, માયાળુ અને માતાતુલ્ય પ્રાણી છે.

ભોજનમાં જો દૂધ કે દૂધની વાનગી હોય તો માણસને આહારની રુચિ થાય છે અને થોડો વધુ આહાર લઈ શકે છે. જૂના વખતમાં કહેવાતું કે માણસ શાકે સવાયું, દૂધે દોઢું અને મિષ્ટાન્ને બમણું ખાય છે. નાનાં બાળકોને અથવા જેમનું વજન સરેરાશ કરતાં ઓછું હોય એવા લોકો પોતાના સવાર-સાંજના આહારમાં જો દૂધને સ્થાન આપે તો તેમનું શરીર સારું થાય છે અને વજન વધે છે.

ફ્રિજના ઠંડા કે ચૂલા પરથી ઉતારેલા ગરમ ગરમ દૂધ કરતાં ઊભરો આવ્યા પછી થોડીવારે સાધારણ ગરમ એટલે હુંફાળું થયેલું દૂધ વધુ ગુણકારી મનાયું છે. સ્તનપાન કરાવતી માતાનું દૂધ સાધારણ ઉષ્ણ હોય છે. દોહરાવતી ગાય-ભેંસનાં દૂધની ધારા ઉષ્ણ અથવા હુંફાળી હોય છે. આવું હુંફાળું દૂધ બહુ ગુણકારક મનાય છે. આવું હુંફાળું દૂધ એકસામટું ગટગટાવવાને બદલે એક એક ઘૂંટડો મોઢામાં થોડી વાર રાખી ધીમે ધીમે ગળામાં નીચે ઉતારતા રહેવાથી અમ્લપિત્ત વગેરે રોગોમાં લાભકારક બને છે.

આપણે ત્યાં યોગવિદ્યા અને આયુર્વેદમાં એવા પ્રયોગો નોંધાયેલા છે કે જો કોઈ માણસ બ્રાહ્મમુહૂર્તમાં (સવારે સાડાચારની આસપાસ) ગાયનું તરત કાઢેલું ધારોષ્ણ દૂધ ટટ્ટાર ઊભા રહીને નાક વાટે થોડા દિવસ નિયમિત પીએ તો એની આંખોનું તેજ એટલું વધી જાય કે અંધારામાં પણ તે જોઈ શકે. એવી જ રીતે કોઈ માણસ દૂઝણી ગાયની બળી (ખીરું) રોજ ખાય (તે મળવી જોઈએ) તો થોડા વખતમાં એની આંખો ગીધ પક્ષીની આંખો જેવી તીક્ષ્ણ થાય છે.

ગાયના દૂધનાં માખણ અને મલાઈનો ઉપયોગ યોગવિદ્યામાં બીજી એક વિશિષ્ટ રીતે પણ થાય છે. જે સાધકો ખેચરી મુદ્રા ધારણ કરે છે તેઓ પોતાની જીભ તાળવે સ્થિર રાખી ઉત્તરોત્તર ગળાના પાછળના ભાગમાં લઈ જાય છે. ત્યાં જીભ ચોંટેલી રાખવા માટે જીભના અગ્રભાગ પર મલાઈ અથવા માખણ ચોપડે છે. એ પછી જીભને 'કપાલ-કૂહર'માં દાખલ કરી ત્યાં બ્રહ્મરંધ્ર પાસે અડાડી રાખી ધ્યાન ધરે છે ત્યારે ત્યાંથી ઝરતા સુધારસનું-ચંદ્રામૃતનું પાન કરી શકે છે. આવી સાધના કરનારનું આરોગ્ય ઘણું સારું રહે છે એટલું જ નહિ તેઓ દેહ અને આત્માની ભિન્નતાનો સાક્ષાત્કાર કરી શકે છે.

જ્યાં ગામડાં છે ત્યાં ગાયભેંસના ઉછેરને અવકાશ છે. ત્યાં ડેરીના દૂધની આવશ્યકતા નથી. પરંતુ શહેરો જેમ જેમ વધતાં ગયાં અને મોટાં થતાં ગયાં તેમ તેમ ત્યાં પાળેલાં પશુઓની સંખ્યા ઓછી થઈ ગઈ અને છેવટે ડેરીના દૂધની અનિવાર્યતા આવવા લાગી. વીસમી સદીમાં ડેરીના વિજ્ઞાને ઘણી પ્રગતિ કરી. દૂધને જંતુરહિત બનાવી તેની જાળવણી કરવા માટે લુઈ પાશ્ચરે વૈજ્ઞાનિક પદ્ધતિ આપી. ડેરી વિજ્ઞાન ઘણા અખતરા કરતું રહ્યું છે. એનાં કેટલાંક સારાં પરિણામ આવ્યાં છે, તો Mad Cow જેવા ભયંકર અખતરા પણ થયા છે. કૃત્રિમ ગર્ભાધાન દ્વારા ગાયને દૂધ માટે ઝટઝટ ગર્ભવતી બનાવવી, એને ઓક્સિટોસિનનાં ઈન્જેક્શન આપી એનું દૂધ જલદી જલદી ખેંચી લેવું એમાં નરી નિર્દયતા છે.

છેલ્લા થોડાં દાયકાઓમાં આંતરરાષ્ટ્રીય વિમાન વ્યવહાર ઘણો વધી ગયો છે. એથી એક રાષ્ટ્રમાંથી બીજા રાષ્ટ્રમાં ઘણી ચીજવસ્તુઓ થોડા કલાકમાં પહોંચી જાય છે તેમ દૂધ તથા પાવડરમાંથી બનાવેલી ચીજવસ્તુઓ-ચીઝ, માખણ, ચોકલેટ, આઈસ્ક્રીમ વગેરેની આયાત પણ થવા લાગી છે. એના લાભ અને ગેરલાભ ઘણા છે, પણ એ વિશે સાવચેતીથી આગળ વધવા જેવું છે અને બહુરાષ્ટ્રીય કંપનીઓની રમતના ભોગ ન બની જવાય એ વિશે સાવધાની રાખવી આવશ્યક છે.

યુરોપ, અમેરિકા અને બીજા ઘણા દેશોમાં ચરબીરહિત, ઓછી ચરબીવાળાં, અમુક ટકા ચરબીવાળાં એમ ભાતભાતનાં દૂધ-દહીં મળે છે. લોકો પણ પોતાને જે માફક આવતું હોય તે પ્રમાણે ખરીદે છે. Full Fat, Low Fat, Fat Free જેવા શબ્દો ત્યાં બહુ પ્રચલિત છે. નાનાં બાળકો પણ એ સમજે છે અને બોલે છે. અમેરિકામાં એક વખત હતો ત્યારે મારી ચાર વર્ષની પૌત્રી અચિરાને અમે કહેલું કે કૃષ્ણ ભગવાનને દહીં બહુ ભાવતું. એ વખતે એણે સાવ નિર્દોષ ભાવે પ્રશ્ન કર્યો, 'But Dadaji, Krishna Bhagawan was eating Full Fat yogurt or Low Fat yogurt ?'–તે સાંભળીને અમે બધાં હસી પડેલાં.

જ્યારથી દૂધની ડેરીઓ થઈ અને દૂધમાં વિવિધ પ્રકારનાં રસાયણો, ખનીજ તત્ત્વો વગેરેનું મિશ્રણ થવા લાગ્યું ત્યારથી ડેરીના દૂધને કારણે જાતજાતના રોગો પણ પેદા થવા લાગ્યા છે. કેટલાકને દૂધની એલર્જી

રીતે શાસ્ત્રયોગીને અણીશુદ્ધ, ધારાબદ્ધ ધર્મપ્રવૃત્તિમય જીવન સ્વાભાવિક બની ગયું હોય છે. ધર્મયોગોમાં પ્રમાદ ન નડે, ચળવિચળતા ન થાય, પ્રીતિ-ભક્તિબળ વધ્યું હોય, આ જ કરવા યોગ્ય છે, આ જ ધ્યાન છે, અને તે દ્રવ્ય, ભાવ બંને પ્રકારના રોગોનું ઔષધ છે. ધર્મયોગમાં હૂંફ, આશ્વાસન, સ્વસ્થતા લાગ્યા કરે; સર્વશક્તિ, મનોબળ, ઉચ્ચ શ્રદ્ધા વિકસાવતાં વિકસાવતાં શાસ્ત્રયોગની સ્વયંસંપ્રત્યયરૂપ શ્રદ્ધા સુધી પહોંચી શાસ્ત્રયોગ સહજ સિદ્ધ થાય છે.

શાસ્ત્રયોગ માટે આવા શ્રદ્ધાબળ ઉપરાંત તીવ્ર બોધ એટલે (૧) ધર્મયોગના વિધિ વિધાનો અંગે સર્વજ્ઞ તીર્થંકરના શાસ્ત્રમાં બતાવેલી સૂક્ષ્મતા, ચોક્કસાઈ ઉત્સર્ગ-અપવાદના કેવા કેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વિહિત કર્યા છે તેનો બોધ થવો જોઈએ. (૨) તીવ્ર બોધ એટલે શાસ્ત્રીય તત્ત્વોનો વિશાળ ગંભીરભાવ (૩) બોધ તીવ્ર એટલે એટલો ઘૂંટેલો અને ચોક્કસ હોય કે સ્વાધ્યાયાદિમાં આટલું થયું એટલે આટલો સમય વીત્યો (૪) બોધ એટલો તીવ્ર કે શાસ્ત્રે કયા પ્રસંગ માટે કયા વિધાનો કર્યા છે તે માટે શાસ્ત્રના પાના ઉઘાડવા જવું ન પડે. શાસ્ત્રયોગમાં તન્મયતા દ્વારા શરીર અને આભ્યંતર કષાયોની સારી સંલેખના કરી હોય એટલે કસીને ઘસી નાંખ્યા હોય. આ રીતે નિરતિચાર સાધનાએ પહોંચાય જેથી શાસ્ત્રયોગની નિરતિચાર અને નિરપવાદ સાધના થાય.

સામર્થ્યયોગની વ્યાખ્યા આ પ્રમાણે છે :-

શાસ્ત્ર સંદર્શિતોપાયસ્તદતિક્રાન્ત ગોચર: ।

શક્ત્યુદ્રેકાદ્વિશેષેણ સામર્થ્યાખ્યોડયમુત્તમ: ।।

યોગોમાં ઉત્તમોત્તમ યોગ સામર્થ્ય યોગમાં (૧) સાધનાના ઉપાયો શાસ્ત્રમાં સામાન્યથી કહ્યા હોય, (૨) ઉપાયો વિશેષરૂપે શાસ્ત્રની મર્યાદા બહારના હોય, (૩) સાધના શક્તિની પ્રબળતાથી થવી જોઈએ, (૪) વિશેષ રૂપે શાસ્ત્રે ન કહેલા ઉપાયોને વિશેષરૂપે સેવાતા હોય.

સામર્થ્યયોગ શ્રેષ્ઠતમ છે કારણ કે વિના વિલંબે પરમ ફળ પેદા કરે છે. તે ફળ તે વીતરાગતા, સર્વજ્ઞતા અને મોક્ષ. સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રની ત્રીજી ગાથામાં આ યોગનો નિર્દેશ થયો છે. અહીં કહેવાયું છે કે :-

'ઈક્કોવિ નમુક્કારો, જિણવરવસહસ્સ વદ્ધમાણસ્સ,

સંસારસાગરાઓ, તારેઈ નરં વ નારિં વા ।।'

પ્રભુ વર્ધમાનને કરેલો એક જ નમસ્કાર નર અથવા નારીને તારે છે એટલે કે સંસારની પેલી પાર રહેલા કૈવલ્યધામમાં શૈલેશી સ્થિતિમાં મૂકી દે છે. આ પરિસ્થિતિ માટે વજ્રઋષભ નારાચણસંઘયણ, ક્ષપકશ્રેણિ, યથાખ્યાતચારિત્રાદિ અપેક્ષિત છે. તેથી સામર્થ્યયોગ શ્રેષ્ઠ ગણાય છે.

અપ્રમત્તભાવના અધ્યવસાયો કરતાં અનંતગુણી વિશુદ્ધિવાળા અધ્યવસાયોથી અપૂર્વકરણ લાધે. તેમાં પ્રતિક્ષણ અનંતગુણી વિશુદ્ધિવાળા અધ્યવસાયો ઉત્તરોત્તર ચાલ્યા કરે જેની મથામણ કેવી હોય તે શાસ્ત્રનિર્દિષ્ટ ન હોવાથી તે સામર્થ્યયોગનો વિષય બને છે. આવી પ્રવૃત્તિ તે સામર્થ્યયોગનો વિષય છે જેમાં અપૂર્વ શ્રદ્ધા સંવેગનું બળ, સમ્યગ્દર્શનની અધિકાધિક નિર્મળતા, અપૂર્વ સંયમશુદ્ધિ, ત્યાગપૂર્વકની આત્મરમણતાનો વિકાસ, તન્મય સતત તત્ત્વચિંતન, બાહ્ય-આભ્યંતર તપ, શુક્લધ્યાનથી ઊંચે ચઢેલો આત્મા પ્રબળ શક્તિથી અનુભવમાં ઉતારે એ માટેના ધર્મવ્યાપારને સામર્થ્યયોગ કહેવાય છે. વિરુદ્ધ દ્વન્દ્વો જેવાં કે સુખ-દુ:ખ, હર્ષ-શોક, ટાઢ-તડકો, આશા-નિરાશા, પ્રગતિ-અવગતિ, માન-અપમાન, રાગ-દ્વેષ સમતાથી સહન કરવાં, તે સમતાયોગ છે.

અધ્યવસાયો ચઢતી-ઊતરતી કક્ષાના હોઈ શકે છે જેમકે સંકલેશરૂપ અને વિશુદ્ધિરૂપ. ચઢતા-ઊતરતા અધ્યવસાયોવાળા એક સ્થાને ભેગાં થઈ શકે છે. જેમકે ૧૧મે ગુણસ્થાનકથી પડતો અને ૭મે ગુણસ્થાનેથી ચઢતો નવમે ગુણસ્થાનકે એકત્રિત મળે જે સમાન અધ્યવસાયનું ગુણ સ્થાનક છે. અહીંથી પડતો સંકલેશમાં છે, ચઢતો વિશુદ્ધિમાં છે. સામર્થ્યયોગ માટે સંકલેશને તિલાંજલિ આપી વિશુદ્ધિ માટે સુપુરુષાર્થ કરવાનો છે.

મંદ મિથ્યાત્વના છેલ્લામાં છેલ્લા અધ્યવસાય કરતાં અનંતગુણ વિશુદ્ધિએ અવિરતિ સમ્યગ્દૃષ્ટિએ પહોંચાય, તેથી અનંતગુણી વિશુદ્ધિએ દેશવિરતિએ પહોંચાય, તેથી અનંતગુણી વિશુદ્ધિએ સર્વવિરતિ સાધુપણાનું સ્થાનક પ્રાપ્ત થાય. એમાં ઈચ્છાયોગ અને શાસ્ત્રયોગના અનંતગુણી વિશુદ્ધિવાળા અસંખ્ય અધ્યવસાયો પસાર થતાં સામર્થ્યયોગના પ્રથમ અધ્યવસાય સ્થાનકે પહોંચાય !

તે માટે પ્રચંડ પુરુષાર્થ આદરવો જોઈએ. ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ, હર્ષ-ઉદ્વેગનો નિગ્રહ કરી, ધર્મસાધનાઓ, વિનયાદિ ગુણો, અહિંસાદિ વ્રતો, ઇન્દ્રિયસંયમ, તપ સ્વાધ્યાય, ધ્યાન અત્યંત જરૂરી છે. આવું છે સામર્થ્યયોગનું મહત્ત્વ તથા સ્થાન ! સામર્થ્યયોગમાં નિર્દિષ્ટ ઉપાયોને તે સામાન્યરૂપે નહીં પરંતુ વિશેષ રૂપે સાધે છે, તેમાં આંતરશક્તિનો અગ્નિ એવો ભભૂક્યો હોય છે કે તે શાસ્ત્રવચનની ઉપર જઈ ઉપાયોમાં પ્રચંડ પુરુષાર્થ કરે છે. સામર્થ્યયોગ મોક્ષપુરીમાં પહોંચવાનું છેલ્લું સ્ટેશન છે. સામર્થ્યયોગના અનુભવોને શાસ્ત્રે જણાવ્યા નથી, તે અનુભવગમ્ય છે, તે અનભિલાપ્ય છે, શુક્લધ્યાનના છેલ્લા બે પ્રકારો સામર્થ્યયોગના ક્ષેત્રના છે ; તે ક્ષપક શ્રેણિના ધર્મવ્યાપાર રૂપ છે. સામર્થ્યયોગ પ્રાતિભજ્ઞાનથી યુક્ત બને છે. સૂર્યોદય પહેલાં થતા અરુણોદય જેવું તે છે. અધ્યવસાયો બે પ્રકારના છે. સંકલેશ રૂપ અને વિશુદ્ધિરૂપ. પહેલું મલિન હોય છે, કષાયો જોરદાર હોય છે ; બીજું નિર્મળ, મંદકષાયોવાળું. પ્રસન્નચંદ્ર રાજર્ષિ દીક્ષા પછી મહાસંયમી હતા છતાં પણ એક પછી એક આ બંને અધ્યવસાયોથી ક્ષણમાં નરક અને ક્ષણમાં કૈવલ્ય પામી ગયા હતા ને !

સામર્થ્યયોગના બે પ્રકારો ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ છે. અત્રે સંન્યાસ જૈનદર્શનનો પારિભાષિક શબ્દ છે. સામાન્ય રીતે સંન્યાસ એટલે સંસારને ત્યજવો, મૂકી દેવું, ત્યજી દેવું, નિવૃત્તિ, છોડી દેવું, છેલ્લી સલામ ભરી દેવી, વિરામ, સંબંધ તોડી નાંખવો વગેરે અર્થો છે. અત્રે આ પારિભાષિક શબ્દ આમ સમજવાનો છે.

ધર્મસંન્યાસ: સામર્થ્યયોગમાં ધર્મ તરીકે ક્રોધમોહનીયાદિ કર્મોના ક્ષયોપશમથી નીપજનારા ક્ષમાદિ ધર્મ સમજવાના છે અને યોગસંન્યાસમાં યોગ તરીકે કાયોત્સર્ગ, વિહાર, ઉપદેશ વગેરે શરીરની પ્રવૃત્તિઓનો સદંતર ત્યાગ એ ધર્મ-યોગ-સંન્યાસ.

ક્ષમા, નિસ્પૃહતા વગેરે આત્માના ગુણો છે. તે મોહનીય કર્મથી આવરિત થઈ ગયાં છે. તેનો ક્ષયોપશમથી અંશે નાશ થવાથી ક્ષયોપશમ ક્ષમા, નિસ્પૃહાદિ આત્મિક ગુણો પ્રગટે છે. પરંતુ ક્રોધ-લોભ વગેરે નિમિત્તો મળતાં ફરી ક્રિયાન્વિત થઈ શકે તેમ હોવાથી તેનો સંપૂર્ણ નાશ થવા માટે ક્ષાયોપશમિક ક્ષમાને સ્થાને કર્મક્ષયથી ઉત્પન્ન ક્ષાયિક ક્ષમાદિ ધર્મ પ્રગટાવવા જોઈએ. ક્ષાયોપશમિક તો નાશ પામી ગયા, છૂટી ગયા તેથી આ હવે શાશ્વત રહેનારા ક્ષાયિક ગુણો ગણી શકાય. કેમકે પેલાનો ત્યાગ થઈ ગયો (સંન્યાસ), આનું નામ યથાર્થ રીતે ધર્મસંન્યાસ. પંચસૂત્રમાં અસ્થિર દ્વિપ અને સ્થિર દ્વિપની જેમ ક્ષાયોપશમિક ક્ષમાદિ અસ્થિર હોવાથી ઉદ્યમ કરીને સ્થિર ક્ષાયિક ક્ષમાદિમાં તેનું પરિવર્તન થઈ જાય છે. આ કાર્ય સામર્થ્યયોગથી જ થઈ શકે. તેથી તે

ધર્મસંન્યાસ કહેવાય. અત્રે ક્ષાયિક ક્ષમાદિ ધર્મ એટલે વીતરાગતા સિદ્ધ કરી તો પણ આયુષ્યાદિ અઘાતી કર્મો તો ઊભાં જ છે. એટલે વિહાર, ઉપદેશાદિ કાયિકાદિ યોગો અને પ્રવૃત્તિ ચાલુ છે. તેથી નવું કર્મ બંધાય જેનો પણ ત્યાગ કરવો જોઈએ. બીજા પ્રકારના સામર્થ્યયોગથી તે થઈ શકે છે. કાયિકાદિ યોગ ત્યજાવનાર આ આત્મપ્રવૃત્તિનું નામ યોગ-સંન્યાસ સામર્થ્યયોગ છે.

ધર્મસંન્યાસ નામનો પહેલો સામર્થ્યયોગ દ્વિતીય અપૂર્વકરણ વખતે હોય .શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ, ગ્રંથિભેદ, અપૂર્વકરણ જેમાં ક્યારે પણ ન થયેલા અપૂર્વ અધ્યવસાયો ઉત્પન્ન થાય છે. તેનાથી પ્રબળ વીર્યોલ્લાસ થકી શુભ અધ્યવસાય વિકસી પાંચ અપૂર્વ કાર્યો–અપૂર્વ સ્થિતિઘાત, અપૂર્વરસઘાત, અપૂર્વસ્થિતિબંધ, ગુણશ્રેણિ અને ગુણસંક્રમણ નીપજે. પ્રથમ અપૂર્વકરણમાં ગ્રંથિભેદ થઈ આ પાંચ કાર્યો ક્રમશ: વધતાં શુભ અધ્યવસાયથી અનિવૃત્તિકરણ થાય છે. સમ્યગ્દર્શન પૂર્વે જે અપૂર્વકરણ કરાય છે તે પહેલું અપૂર્વકરણ છે. બીજું અપૂર્વકરણ નવમા ગુણસ્થાનકથી શરૂ થતી ક્ષપક-શ્રેણિ માટે આઠમા ગુણસ્થાનકે કરાય છે. ચારિત્રમોહનીય કર્મોના ક્ષયથી તેનું બળ એટલું બધું હોય છે કે આગળની શ્રેણિમાં મોહનીય કર્મનો વિધ્વંશ થતાં ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ, યથાખ્યાત ચારિત્રવાળો એટલે કે વીતરાગ બને છે. આવું અપૂર્વકરણ સામર્થ્યયોગ નામના ધર્મસંન્યાસથી થાય છે. અહીં તાત્ત્વિકધર્મોનો ત્યાગ કરાય છે કેમકે અતાત્ત્વિક ધર્મો જેવાં કે ચૂલો, રસોઈ, પાણી, કમાવવું વગેરે અતાત્ત્વિક ધર્મોનો ત્યાગ દીક્ષા લેતાં કરવા પડે છે, તે બધાં ષટકાય જીવોના આરંભ, સમારંભ, કુટુંબરાગ, પરિગ્રહ, વિષયસેવનાદિ પાપપ્રવૃત્તિમય અતાત્ત્વિક ધર્મો તો સાધુ-દીક્ષા પ્રવ્રજ્યા કાળે થઈ જાય છે; પ્રવ્રજ્યા સ્વીકારનારો મૂળ માયાનો ત્યાગ કરી સંપૂર્ણ અહિંસાદિ મહાવ્રતો, તેની રક્ષક આઠ પ્રવચનમાતાઓ, પચ્ચીસ ભાવનાઓ, આવશ્યકાદિ ક્રિયાઓ, તપ, જ્ઞાન, ધ્યાન, વિનય, વૈયાવચ્ચાદિની સાધના કરે છે. જ્ઞાનપૂર્વકની હોવાથી 'જ્ઞાનસ્ય ફલં વિરતિ:' કહેવાય છે. પ્રવ્રજ્યા જ્ઞાન-યોગના સ્વીકાર રૂપ હોઈને પાપ પ્રવૃત્તિમય ધર્મોનો ત્યાગ છે. અહી અતાત્ત્વિક ધર્મોનો ત્યાગ થયો; જ્યારે તાત્ત્વિક ધર્મો, ક્ષમા, તપ, સંયમાદિ છે. પ્રારંભે જે ક્ષયોપક્ષમના ઘરના હતા તેનો ત્યાગ કરી હવે ક્ષાયિક કોટિના કરવામાં આવતાં તેને તાત્ત્વિક ધર્મસંન્યાસ કહેવાય. તે કાર્ય દ્વિતીય અપૂર્વકરણના પ્રથમ સામર્થ્યયોગથી થાય જે ધર્મસંન્યાસ નામનો સામર્થ્યયોગ છે.

ધર્મ-યોગ-સંન્યાસ જરા વધારે સ્પષ્ટ કરીએ. સાધુ દીક્ષા લે સાંસારિક સર્વ ઉપાધિઓ તથા પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને સંન્યાસ લે છે. જે આ ધર્મોનો ત્યાગ કર્યો છે તે અતાત્ત્વિક ધર્મો છે. તેનો માત્ર ક્ષયોપશમ થયો હોય છે. કારણવશાત્ ક્ષય ન થયેલાં એટલે કે ઉપશમિત ધર્મો ક્યારેક પણ માથું ઊંચકી ક્રિયાન્વિત થઈ શકે તેમ છે. આવાં અતાત્ત્વિક ધર્મોનો ક્ષય થતાં તાત્ત્વિક ધર્મોનો સંન્યાસ થઈ શકે તેમ છે. જેમકે ક્રોધાદિનો પરિહાર ક્ષમાદિથી કર્યો પરંતુ હવે તેનો પણ એટલે કે આ તાત્ત્વિક ધર્મોનો પણ પરિહાર કરવાનો છે. આ ધર્મોની પ્રાપ્તિ આઠમા ગુણ સ્થાનકે જ થાય. ઉત્કટ બોધ થવાથી ક્ષાયોપશમિક ભાવો નાશ પામી. ધર્મસંન્યાસ થકી મોહાદિ ઘનઘાતી કર્મોનો નાશ થાય છે. આ કાર્ય બીજા અપૂર્વકરણ સમયે ક્ષપકશ્રેણિ માંડી હોય છે. કારણ કે પ્રથમ અપૂર્વકરણ વખતે ગ્રંથિભેદ કર્યો હોય છે.

તેરમા ગુણસ્થાનકના અંતે દરેક કેવળી આયોજ્યાકરણ કરી, પછીના મુહૂર્તમાં અયોગી સ્થિતિ પામે છે. શૈલેશી સ્થિતિ પ્રાપ્ત કરી જે મહાઉત્કૃષ્ટ યોગ પ્રાપ્ત થાય, શરીરયોગ પર સંપૂર્ણ અંકુશ કરે છે. આ યોગને અયોગી ગુણસ્થાનક અવસ્થાને ચોદમા ગુણઠાણે હાંસલ કરે છે. જેને યોગ-સંન્યાસ કહેવામાં આવે છે. યોગનો અયોગ તે યોગ એવી જે યોગની વ્યાખ્યા શ્રી હરિભદ્રસૂરિશ્વર મહારાજ સાહેબે માપી છે તે આ ઉત્કૃષ્ટ યોગસંન્યાસમાં મનોયોગના ત્યાગ રૂપ જેને યોગ ઉપર અંકુશરૂપ સમજવી. આ યોગસંન્યાસ યોગમાં યોગો નિરુદ્ધાવસ્થા પ્રાપ્ત કરી છેવટે અયોગી ભાવ શુકલધ્યાનના ચોથા પાદ પર પંચ હ્રસ્વાક્ષર કાળ સ્થિતિ કરી સાધ્ય પ્રગતિ કરે છે. આ યોગ સંન્યાસ અંતિમ યોગભૂમિકા એટલે કે આઠમી છેલ્લી દૃષ્ટિ પર આવી જાય છે.

ધર્મસંન્યાસ તાત્ત્વિક અને અતાત્ત્વિક છે. જેમાં અતાત્ત્વિક બાહ્યાચારરૂપે છે જે પંચમ દૃષ્ટિએ લભ્ય છે. બીજા શબ્દોમાં કહેવું હોય તો સંસાર ત્યજી દીક્ષા લે ત્યારે છઠ્ઠા ગુણસ્થાનકે શક્ય બને છે. જ્યારે તાત્ત્વિક ધર્મસંન્યાસ યોગની પરા ભૂમિકા (દૃષ્ટિ)માં જ પ્રાપ્ત થાય છે. તેની પરાકાષ્ઠાએ યોગસંન્યાસ થતાં આગળ ગતિ કરી જીવ પરમાત્મભાવ પામે છે.

ટૂંકાણમાં બાહ્ય ધર્મસંન્યાસ છઠ્ઠે ગુણસ્થાનકે, જ્યારે તાત્ત્વિક ધર્મસંન્યાસ આઠમા ગુણસ્થાનકે જ શક્ય છે. ક્ષમા વગેરે ધર્મો ક્ષયોપશમ ભાવ ત્યજી ક્ષાયિક ભાવ પ્રાપ્ત થાય તેને ધર્મસંન્યાસ કહેવાય. ક્ષમા, માર્દવ, આર્જવ, લોભાદિ ત્યાગ, તપ, સંયમ, સત્ય, શૌર્ય, અકિંચનત્વ, બ્રહ્મચર્ય દશ ધર્મો તથા ત્યાગભાવના સંયમો સારી રીતે હાંસલ કરી ન જાય તેવાં બનાવે છે. ત્યાર સુધી તેઓ આવે, જાય તેવાં હતાં. ક્ષાયોપશમિક ભાવનાં હતા તે હવે ધર્મમાં કાયમના સ્થિર થાય છે જેને ક્ષાયિક ભાવ કહી શકીએ. આ બીજા યોગસંન્યાસમાં શરીરાદિ વ્યાપાર પર અંકુશ આવી જાય છે, યોગની પ્રાપ્તિ થાય છે. બીજી વખત અપૂર્વકરણ કરી અપ્રમત્ત યતિ ક્ષપકશ્રેણિ માંડે ત્યારે તેને તાત્ત્વિક રીતે ધર્મસંન્યાસ પ્રાપ્ત થાય છે. યોગસંન્યાસમાં કાયિક તેમજ માનસિક યોગોનો સંપૂર્ણ ત્યાગ થતાં અયોગ ઉત્કૃષ્ટ યોગ મળે છે જે યોગસંન્યાસ નામે ઓળખાય.

આગળ વધીએ તે પૂર્વે ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ સમજીએ. ધર્મસંન્યાસમાં ધર્મ તરીકે ક્રોધમોહનીય આદિ કર્મોના ક્ષયોપશમથી નીપજનારા ક્ષમાદિ ધર્મ લેવાના છે; યોગસંન્યાસમાં યોગ તરીકે કાયોત્સર્ગ, વિહાર ઉપદેશાદિ કાયાદિની પ્રવૃત્તિ લેવાની છે. આનો સદંતર ત્યાગ એ ધર્મ-યોગ-સંન્યાસ.

ક્ષમા, નિસ્પૃહતાદિ આત્માના સહજ ગુણ છે જે મોહનીય કર્મોથી આવરાઈ ગયા છે એનો ક્ષયોપશમ અર્થાત્ અંશે નાશ કરવાથી ક્ષયોપશમિક ક્ષમા નિસ્પૃહતાદિ ગુણ પ્રગટે છે, ખરા પરંતુ સિલકમાં કર્મો પડ્યાં છે. તે ક્યારેક બળવાન થઈ ઉદયમાં આવી જાય. ક્ષમાદિને ફરી ઢાંકી દે. તે ભય ટાળવા કર્મોનો સર્વથા ક્ષય કરવો જોઈએ. તેથી ક્ષાયોપશમિક ક્ષમાને બદલે ક્ષાયિક (કર્મક્ષયથી ઉત્પન્ન) ક્ષમાદિ ધર્મ પ્રગટ થાય. જે હવે શાશ્વત કાળ રહેવાના. આ ક્ષમાદિ ક્ષયોપશમથી પેદા થનારા ક્ષમાદિ ન કહેતા, કારણ કે તે હવે છૂટી ગયા, ત્યાગ થઈ ગયો એનું નામ ધર્મસંન્યાસ. આ કાર્ય જે ધર્મવ્યાપારથી થાય એનું નામ ધર્મ-સંન્યાસ-સામર્થ્યયોગ.

આ રીતે ક્ષાયિક ક્ષમાદિ ધર્મ યાને વીતરાગતા સિદ્ધ કરી. પરંતુ આયુષ્ય વગેરે કર્મ ઊભાં છે. ત્યાં વિહાર ઉપદેશ વગેરે કાયિકાદિ યોગની પ્રવૃત્તિ હોય છે. તેથી આત્માને નવું કર્મ બંધાય છે, તો તેનો ત્યાગ કરવો જોઈએ. તે બીજા પ્રકારના સામર્થ્યયોગથી થઈ શકે. તે

માટે કાયિકાદિ યોગ ત્યજાવનારી આત્મપ્રવૃત્તિનું નામ યોગસંન્યાસ સામર્થ્યયોગ છે.

આ રીતે ધર્મસંન્યાસ નામનો પહેલો સામર્થ્યયોગ દ્વિતીય અપૂર્વકરણ સમયે થાય છે.

વીતરાગ સર્વજ્ઞ કેવળી બન્યા પછી પણ અઘાતી ને ભવોપગ્રહી કર્મો જેવાં કે આયુષ્ય, વેદનીય, નામ અને ગોત્ર હજી ભોગવવાનાં બાકી છે. ત્યાંસુધી સંસારમાં જકડાઈ રહેવું પડે. આ કર્મો આત્માના જ્ઞાનાદિ કર્મોનો ઘાત કરતા નથી.

આયુષ્ય પૂરું ન થાય ત્યાંસુધી કાયાદિના સૂક્ષ્મ વ્યાપાર ચાલુ છે, ત્યાંસુધી આત્માને કર્મબંધ થતો રહે છે. આ આત્માએ મિથ્યાત્વને પ્રથમ ગુણઠાણાને અંતે ટાળ્યું; અવિરતિ સંપૂર્ણપણે છઠ્ઠા ગુણે પેસતા ટાળી, કષાયોને સર્વથા દસમા ગુણઠાણાને અંતે ક્ષીણ કર્યા તેથી તે ક્ષીણમોહ બન્યો. હવે મન-વચન-અને કાયાના વ્યાપાર ઊભા છે. બારમા ગુણસ્થાનકના અંતે જ્ઞાનાવરણીયાદિ સમસ્ત ઘાતી કર્મો નષ્ટ થતાં ૧૩મે ગુણસ્થાનકે તે અનંતજ્ઞાનાદિ મુક્ત થયો છે. વીતરાગ બનવા છતાં પણ ગ્રામાનુગ્રામ વિહાર, આહાર લે છે, શ્વાસોચ્છવાસ, નાડીમાં લોહીનું ભ્રમણ, વાયુસંચરણ, કાય યોગો, ઉપદેશ દેવા માટે વચનયોગ, દૂર રહેલા અનુત્તરવાસી દેવોના સંશય ટાળવા મનોવર્ગણાના પુદ્ગલોનું મન બનાવીને મનોયોગવાળા હોય છે. અત્રે સાંપરાયિક કર્મ નહીં પણ ઇર્યાપથ કર્મબંધ થાય. તે બંધાયા પછી તરત જ પછીના સમયે ભોગવી નષ્ટ થતું જાય. જે શાતાવેદનીય છે.

આ આત્માના છેલ્લા સમય સુધી કાયાદિ આ યોગો ચાલુ હોય છે. આયુષ્ય ક્ષીણ થતાં આત્માનો મોક્ષ થાય છે. કેમકે 'કૃત્સ્ન કર્મક્ષયો મોક્ષ:' આ ભવોપગ્રાહી કર્મો ક્ષીણ કરવા તેરમા ગુણસ્થાનકના છેવટના ભાગમાં આયોજ્યાકરણ કરાય. આ કર્મોને કેવળજ્ઞાન અને ક્ષાયિક વીર્યના બળે તે તે સમયમાં ક્ષીણ થવા જોગી સ્થિતિમાં મૂકવાની પ્રક્રિયાનું નામ આયોજ્યાકરણ છે. આયોજ્યાકરણ પછી ક્રમશ: બાદર, કાય, વચન અને મનોયોગ, ત્યારબાદ સૂક્ષ્મ વચન તથા મનોયોગ રૂંધાતા આમ સમસ્ત યોગો રૂંધાતા યોગસંન્યાસ નામે બીજો સામર્થ્યયોગ થાય છે. અને માટે અચિંત્ય, અવર્ણનીય સામર્થ્યયોગના ધર્મ-વ્યાપારની જરૂર પડે છે. આત્મા જે અસ્થિર રહેતો તે હવે તે આત્મ પ્રદેશો સ્થિર બનીને શૈલ જેવો થતાં જે પર્વતોનો ઈશ છે તેના જેવો થતાં તેને શૈલેશીકરણ કહેવાય છે. યોગસંન્યાસ સામર્થ્યયોગથી ૧૩મા ગુણઠાણાને અંતે યોગોનો નિરોધ થઈ જવાથી ૧૪મા ગુણ સ્થાનકે આત્મા સયોગી મટીને અયોગી બને છે. શૈલેશીકરણ થતાં આત્મા કાયામાં રહેલો પણ કોઈ સૂક્ષ્મ પ્રવૃત્તિ કાયાની ન રહેતાં અ,ઈ,ઉ,ઋ,લૃ એવા પાંચ હ્રસ્વ સ્વરના ઉચ્ચારણ જેટલા કાળમાં કર્મોના ક્ષય કરી મોક્ષ પામે છે.

આ રીતે મોક્ષની સાથે આત્માને યોજી આપનારા આ અયોગ અવસ્થા થઈ માટે અયોગ એ પરમ યોગ છે. અયોગ એ યોગ ? ભ્રમિત કરે તેવું લાગે છે ? પરંતુ અયોગમાં યોગ શબ્દ કાયાદિ યોગના અર્થમાં છે. એનો ત્યાગ એ અયોગ જે પરમયોગ કહી શકીએ કારણ કે તે મોક્ષ સાથે જોડી આપે છે.

ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ એ ત્રણ યોગો ધર્મારાધના સિદ્ધ કરવાના ત્રણ ઉત્તરોત્તર ચઢિયાતા પગથિયાં છે. આ પરિક્ષેપમાં ધર્મના બે વિભાગો કરીએ; જેવાં કે શ્રુતધર્મ અને ચારિત્રધર્મ; સાશ્રવધર્મ અને અનાશ્રવ ધર્મ: આ આલંબન રૂપ ધર્મ છે. સાશ્રવ એટલે આશ્રવવાળો જેમાં આરંભ-સમારંભ; અને નિરાશ્રવ એટલે તે વિનાનો. ગૃહસ્થમુખ્યતયા સાશ્રવ ધર્મનું આલંબન લે છે; સાધુને નિરાશ્રવ. જિનમંદિર, જિનપ્રતિમા, ભરાવવી, ભક્તિ, પૂજા, સ્નાત્રાદિ, ઉત્સવ, તીર્થયાત્રા, સંઘભક્તિ, સાધર્મિક વાત્સલ્ય, જીર્ણોદ્વાર, જ્ઞાનભંડાર, દાનાદિ સાશ્રવ ધર્મ છે. સામાયિક પ્રતિક્રમણ, પૌષધાદિ નિરાશ્રવ ધર્મ અલ્પ અંશે છે.

સાધુધર્મમાં નિરાશ્રવ ધર્મ છે. હિંસાદિનો ત્યાગ હોવા છતાં પણ સંજ્વલન ઘટના અલ્પ કષાયો, કાયિકયોગો કર્મબંધ કરાવનારા છે; તેથી તેને સાશ્રવ કહી શકીએ. તે જ્યારે કષાયોનો સર્વથા ક્ષય કરી વીતરાગ બને ત્યાં નિરાશ્રવ ધર્મ, ૧૩મા ગુણસ્થાનકના અંતે યોગનો સર્વથા નિરોધ કરી અયોગી કેવલી બને. સાધુ જીવનમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર, તપાચાર, ૨૫ ભાવના, પ્રતિક્રમણ, પ્રતિલેખના, ગોચરી, ચર્યા, વસતિ, વિહાર, ઇચ્છકાર વગેરે ૧૦ પ્રકારની સમાચારી આ બધું નિરાશ્રવ ધર્મ છે.

યોગ એટલે મોક્ષની સાથે જોડી આપે, યોજી આપે તે યોગ. તેની પ્રાપ્તિ ભવાભિનંદી, પુદ્ગલાનંદી કે સંમૂર્છિમ ક્રિયા કરનારને હોતી નથી.

કર્મોની જે સ્થિતિ ઉત્કૃષ્ટ બંધાતી હતી તે જ્યારે ફરી ઉત્કૃષ્ટ સ્થિતિ ન બાંધે તે જીવને અપુનર્બંધક કહેવાય. સંસાર તરફ નફરત અને મોક્ષરાગ, તીવ્ર હોઈ સંવેગ ધારણ કરનાર હોય છે. અપુનર્બંધક આત્માઓ અનેક પ્રકારના હોય છે. તેમણે ગ્રંથિભેદ કર્યો ન હોવાથી સર્વજ્ઞના શાસ્ત્રના યોગ્ય માર્ગદર્શનના અભાવે, છતાં પણ દુરાગ્રહી ન હોવાથી માર્ગાનુસારી, માર્ગાભિમુખ, માર્ગપતિત વગેરે કક્ષામાં હોય છે. માર્ગ એટલે જિજ્ઞાસાદિ વિશિષ્ટ ગુણસ્થાનને યોગ્ય સહજ સરળ ક્ષયોપશમ સમજી લેવો. કોઈ તેની દિશામાં હોય, કોઈ તદ્દન સન્મુખ રહેલા હોય, કોઈ તેમાં પતિત, પ્રવેશ પામી ચૂકેલા હોય. આ માર્ગ પ્રવેશ સર્વજ્ઞોક્ત તત્ત્વજિજ્ઞાસા જગાડી ગ્રંથિભેદ કરાવી તત્ત્વશ્રદ્ધારૂપી સમ્યગ્દર્શન પમાડે છે.

જ્યારે ચારિત્રમોહનીય કર્મની કોટાકોટિ સાગરોપમમાંથી બેથી નવ પલ્યોપમ હ્રાસ થાય ત્યારે અણુવ્રતો રૂપી દેશવિરતિ ગુણસ્થાનકે પહોંચાય. આગળ ચારિત્રમોહનીય કર્મોમાં સંખ્યાતા સાગરોપમ કાળહ્રાસ થતાં મહાવ્રતોરૂપી સર્વવિરતિ સાધ્ય થતી જાય.

યોગના પાંચ પ્રકારો છે જેવાં કે :-

અધ્યાત્મં ભાવના ધ્યાનં વૃત્તિસંક્ષય: ।

યોગ: પંચવિધિ પ્રોક્તો યોગ માર્ગ વિશારદૈ: ।।

એક પછી એક આનો વિચાર કરીએ. અધ્યાત્મ યોગ એટલે ઔચિત્ય વશાત્ અણુમહાવ્રતયુક્ત બનેલા પુરુષનું મૈત્રાદિનું ભાવ ભરપૂર હૃદયે જિનાગમાનુસાર જીવાદિ પદાર્થોનું ચિંતન. મૈત્રી વગેરેમાં મૈત્રી, કરુણા, મુદિતા અને પ્રમોદભાવ. અધ્યાત્મયોગના ફળમાં જ્ઞાનાવરણાદિ ક્લિષ્ટ કર્મોનો ક્ષય, વીર્યોત્કર્ષ રૂપસત્ત્વ, સમાધિ સ્વરૂપ શીલ, શુદ્ધ સ્વસંવેદ્ય વસ્તુબોધ. આ યોગ દારુણ મોહવિષના વિકારનો નાશ કરનાર હોવાથી અધ્યાત્મયોગ અમૃત સમાન છે.

અધ્યાત્મનો પ્રતિદિન ઉચ્ચતાનો અનુભવ થાય એવો ચિત્તનિરોધરૂપ અધ્યાત્મનો અભ્યાસ, તત્ત્વચિંતનનું સેવન એ ભાવનાયોગ છે. તેના ફળ તરીકે અશુભ કામક્રોધાદિના અભ્યાસનો વિરામ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વૈરાગ્યના સાનુકૂળ બને તેના દૃઢ સંસ્કાર પડે, સત્ત્વની વૃદ્ધિ અને ચિત્તનો ઉત્કર્ષ થાય. આ માટે બાર ભાવનાઓનું ચિંતન કૈવલ્યપદ સુધી લઈ જઈ શકે છે, જેમકે મરુદેવી માતા.

ધ્યાનયોગ ભાવનાયોગ સિદ્ધ થવાથી જીવાદિના ચિંતનના દૃઢ

સંસ્કાર સહજ થવાથી સ્થિર ચિંતન થઈ શકે. આમાં પૂર્વોક્ત ખેદ-ઉદ્વેગાદિ-૮ ક્રિયા દોષોનો ત્યાગ અને તેના ફળ તરીકે સર્વકાર્યમાં સ્વાધીનતા વશિતતા, શુભ પરિણામની સ્થિરતા તથા નિશ્ચલ શુભ ભાવ, કર્મોના અનુબંધનો વિચ્છેદ, ભવસર્જક કર્મોના બંધ ન પડે.

સમતાયોગમાં ધ્યાનના ફળરૂપે શુભ ભાવની સ્થિરતા એવી થાય કે અનાદિની કુવાસનાથી રહિત થઈ વિવેક જાગે. સમતાયોગ આત્માને વાસી ચંદનકલ્પ બનાવે. કોઈ સારો નહીં કોઈ ખરાબ નહીં, વાંસલાથી છોલે કે ચંદનના લેપને તુલ્ય ગણે, તપથી સિદ્ધ લબ્ધિઓનો ઉપયોગ ન કરે, ચારિત્ર અને દર્શનને રોકનારાં કર્મોનો ક્ષય કરે, બંધનનો સર્વથા વિચ્છેદ કરે.

વૃત્તિસંક્ષેપયોગમાં મન-શરીરાદિના યોગે વિકલ્પો અને વૃત્તિના તરંગો ઊઠતા હતા તે કેવળજ્ઞાન પ્રગટતાં અયોગી અવસ્થાથી હિલચાલનો અંત આવે છે. તેના ફળ તરીકે ત્રણે કાળના સમસ્ત દ્રવ્યપર્યાયોનું પરિપૂર્ણ કેવળજ્ઞાન પ્રગટે છે. સર્વસંવર રૂપી શીલના ઈશ શૈલેશી અવસ્થા પ્રાપ્ત થાય છે. અનંતઅવ્યાબાધ સુખરૂપ જન્મ-મરણાદિના શારીરિક માનસિક સર્વ કલેશરહિત મોક્ષસુખ મળે છે.

યોગીના ચાર પ્રકારો છે : કુલયોગી એટલે યોગીના ગોત્રમાં માત્ર ઉત્પન્ન થયેલા, (૨) પ્રવૃત્તચક્રી યોગી આગળ વધી ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમને ધારણ કરનારા, તથા છેલ્લા બે યોગી સ્થિરયમ અને સિદ્ધિયમની સ્પૃહા રાખનારા. બીજો પ્રકાર દ્રવ્યયોગી અને ભાવયોગીનો છે.

યોગની ચર્ચા વિચારણા સાથે અવંચકને યોગ સાથે જોડી વિચારણા કરાઈ છે. તે ત્રણ અવંચક યોગોના નામો આ પ્રમાણે છે :-યોગાવંચક, ક્રિયાવંચક અને ફળાવંચક. અવંચક એટલે જે કદાપિ નિષ્ફળ ન જાય. અચૂક ફળને આપે જ. તેથી તે અવંચક કહેવાય.

જેઓના દર્શનથી પવિત્રતા થાય એવા પુણ્યવાન મહાત્માઓની સાથે યોગ સંબંધ થવો તે યોગાવંચક. ઘણાખરાને તેઓ સાથેનો સંબંધ જ અશક્ય છે. ગુણવાન મહાત્માઓનો ગુણવાન તરીકે થયેલો સંબંધ મહત્ત્વનો છે. તેમનો સંબંધ અને યોગ અતિ ઉપયોગી હોઈ તેમનું ગુણવાન તરીકે દર્શન લાભદાયી છે. અત્ર યોગ એટલે કલ્યાણસંપન્ન અને દર્શન માત્રથી પવિત્ર કરનારા પુરુષો સાથેનો સંબંધ તે યોગાવંચક. મનને શુદ્ધ રીતે પ્રવર્તાવવું તે યોગાવંચક.

આવા મહાત્માઓને યથોયોગ્ય પ્રણામ, નમસ્કારાદિ કરવાં અને તે માટે અંત:કરણમાં પૂજ્યબુદ્ધિ રાખવી એ બીજો ક્રિયાવંચક યોગ. આ નીચગોત્રાદિ પાપકર્મોનો નાશ કરનારો તેવા સત્પુરુષોને કરાતો નમસ્કારાદિ ક્રિયા કરવાનો નિયમ એટલે ક્રિયા-વંચકયોગ. વસ્તુસ્વરૂપના બોધ પછી જે ક્રિયા થાય તે અતિ આહ્‌લાદજનક હોવાથી ઘણો લાભ થાય. તે મહા અનિષ્ટ કર્મોનો નાશ કરનાર, સિદ્ધિ તરફ પ્રયાણ કરાવનાર હોય છે. યોગાવંચકત્વ પ્રાપ્ત થયા પછી ક્રિયાવંચકત્વ પ્રાપ્ત થાય. વચન અને કાયાને યોગ્ય રીતે શાસ્ત્રવિહિત રીત્યા પ્રવર્તાવવા તે ક્રિયાવંચક.

આ યોગાવંચક અને ક્રિયાવંચકપણાથી શુભ અનુબંધરૂપ ફળની પ્રાપ્તિ તે ફલાવંચક ભાવ છે. ફલાવંચક યોગ એટલે તે જ સત્પુરુષો પાસેથી ઉપદેશાદિ દ્વારા સાનુબંધ અર્થાત્ ઉત્તરોત્તર ફળની અવશ્ય પ્રાપ્તિ થવી તે ફલાવંચકયોગ. તેવા મહાત્માઓની સાથે સંયોગ થવાથી, તેઓએ આપેલા ઉપદેશ પ્રમાણે જે ક્રિયા કરવામાં આવે તેના પરિણામ તરીકે મહા ઉત્તમ ફલ પ્રાપ્તિ થાય તે ત્રીજો ફલાવંચક ભાવ ગણાય. સાધ્ય પ્રાપ્તિરૂપ મહા ઉત્તમ ફલાવંચકભાવ તો ઘણી ઊંચી કક્ષાએ પ્રાપ્ત થાય છે. કોઈક વાર સાધ્ય ધર્મોની પ્રાપ્તિરૂપ ફળ અવાંતર દશામાં પણ થઈ શકે છે. આ બંને યોગોની પ્રાપ્તિ રૂપે મિથ્યાત્વ કષાયાદિના ત્યાગથી શુભગતિની પ્રાપ્તિ તે ફળાવંચક.

વંદનીય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ યોગદૃષ્ટિ સમુચ્ચયની ૧૧મી ગાથામાં યોગની વ્યાખ્યા આમ કરી છે :

અતત્ત્વયોગો યોગાનાં યોગ: પર ઉદાહૃત: ।

મોક્ષયોજન ભાવેન સર્વસંન્યાસલક્ષણ: ।।

એકેક યોગમાં દૃષ્ટિભેદે અનેક ભેદ પડે છે. એવી મુખ્ય આઠ યોગદૃષ્ટિ છે. દૃષ્ટિ એટલે સમ્યક્ શ્રદ્ધાથી યુક્ત બોધ. આત્માની પરિણતિ જેમ જેમ સુધરે અને વિકસિત થતી જાય તેમ તેમ ઉપર ઉપરની યોગ દૃષ્ટિ સુલભ બને છે. તેમાં ઉત્તરોત્તર અદ્વેષાદિ ગુણ વધે છે, ખેદાદિ દોષો ત્યજાતા જાય છે. યમ આદિ યોગના ૮ અંગ ઉત્પન્ન થતા ચાલે છે તે છે : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ-તદ્રૂપ આઠ દૃષ્ટિના નામો આ પ્રમાણે છે : મિત્રા-તારા-બલા-દીપ્રા-સ્થિરા-કાન્તા-પ્રભા અને પરા. જૈન દર્શનમાં આની સમકક્ષ આત્મવિકાસના ૧૪ પગથિયાની સીડી કે જેને ગુણસ્થાનો કહેવાય છે, તેમાં ૧૪ ગુણઠાણાની વિચારણા કરવામાં આવી છે.

ધર્મની સરખામણી એક વૃક્ષ સાથે કરવામાં આવી છે. જેવી રીતે ભૂમિમાં વાવેલા બીજનો વિકાસ થતાં બીજમાંથી અંકુર, મૂળ, થડ, ડાળી, પાંદડા, ફૂલ અને ફળ આવે છે તેવી રીતે ધર્મવૃક્ષમાંથી મોક્ષરૂપી ફળ બીજાધાનમાંથી ફળિત થાય છે, બીજની અવસ્થા કોઈપણ જીવને સંસારના ચરમાવર્તકાળમાં જ આવે છે. તેથી અધિક કાળમાં ૧૦ સંજ્ઞાનો ભારે જોસ, ભવાભિનંદી હોઈ, સંસારમાં આંખ ચોંટેલી હશે, મોક્ષરુચિ કે અભિલાષાનો અભાવ હશે. આ અંકુરાદિ કેવી રીતે છે તે જરા જોઈએ. ધર્મચિંતા એ અંકુર, ધર્મનું સત્શ્રવણ એ મૂળ (સ્કન્ધ), ધર્માનુષ્ઠાન એ પેટા ડાળી, દેવ-મનુષ્યની સ્થિતિ તે પુષ્પ સમાન અને તેનું ફળ એ મોક્ષ છે. અહીં ધર્મપ્રશંસા, કુશળ ચિત્ત, ઉચિત કૃત્યકરમ રૂપ બીજમાંથી, અંકુરભૂત ધર્મચિંતા અને ધર્મની હાર્દિક અભિલાષા પ્રગટી ધર્મને જીવનમાં ઉતારવાની ભૂખ લાગે છે, ગરજ લાગે છે, તમન્ના જાગે છે. ગુરુ પાસે શ્રવણ કરવાનું, ગુરુ પાસે વિવિધ સાચવણી કરવાનું તે પણ યોગ્ય કાળ, વિનય, બહુમાનપુર:સર, તેમાંથી શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ઉહપોહ, બુદ્ધિના ૮ ગુણ, બોધપરિણતિ, સ્થૈર્યાદિથી અંકુર પર મુખ્ય સ્કંધ (થડ), એના પર બીજી ડાળીઓ, ડાળી તરીકે ધર્માનુષ્ઠાન, તેમાંથી શક્ય તેટલું અમલમાં મૂકવાનું, મનુષ્યાદિ ગતિ તે પુષ્પ સમાન છે, આમાં સંતોષ ન માનતાં પુણ્યથી આકર્ષાઈ નહીં જવાનું પરંતુ દેશવિરતિ, સર્વવિરતિ, અપ્રત્તાવસ્થા, શુકલ ધ્યાન પર્યંત જઈને મોક્ષફળને આત્મસાત્ કરી શાશ્વત અવ્યાબાધ સુખાદિ સંપત્તિના સ્વામી બની જવાનું. અનાદિ રાગ-દ્વેષનો તીવ્ર પરિણામ કે જેને સહજ ભાવમળ કહે છે તે ટળ્યો હોય છે. અહીં રાગ-દ્વેષ વ્યક્ત રૂપમાં દેખાતા ન હોય છતાં તેનો સહજ ભાવમળ હ્રાસ પામ્યો હોય છે. આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે આ કલ્યાણમાર્ગ અપુનર્બંધકાદિ જીવોથી આચરાયેલો છે. તેની ઓળખ કરાવતાં કહે છે 'એ ક્ષીણપ્રાય કર્મ હોય છે, વિશુદ્ધાશયવાળા હોય છે, ભવાબહુમાની હોય છે, અને મહાપુરુષો હોય છે. આ કક્ષાના જીવોએ આયુષ્યકર્મ સિવાયના કર્મોની સ્થિતિ એક કોડાકોડી સાગરોપમની અંદરની કરી મૂકે છે. તેઓ કર્મમળનો હ્રાસ મંદ કરે છે, મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધી કષાયોને ઘણાં ઘણાં મંદ

કરી મૂકે છે. આવા જ ભવ્યોને ધર્મબીજનું આધાન એટલે ધર્મપ્રશંસાદિ થાય, એમાંથી અંકુર ફૂટે એટલે ધર્મની ઉત્કટ અભિલાષા થાય. એના ઉપર સમ્યગ્ ધર્મશ્રવણ વગેરે ડાળ પાંખડાં, ફલ, ફલાદિ રૂપી મોક્ષફળ પ્રગટે. આ અપ્રાપ્તના લાભ સમો યોગ થયો. તેને ટકવાની આડે આવતાં વિવિધ ઉપદ્રવો રૂપી નરકાદિ સંકટો અને તેના કારણભૂત રાગ-દ્વેષાદિનો અત્યંત ઉચ્છેદ થતાં ધર્મબીજાદિનું સંરક્ષણ થતું. તેથી તેનો ક્ષેમ એટલે કે લબ્ધનું પાલન ગણાય તેથી ભગવાન યોગક્ષેમ કરનારા ગણાય છે. ફરી કહીએ તો ધર્મબીજાધાનાદિ અપુનર્બંધકને જ થાય છે. તેને એક પુદ્ગલપરાવર્ત જેટલો સંસારકાળ રહેતો નથી. જે મોક્ષગામી જીવનો છેલ્લો પુદ્ગલ-પરાવર્તકાળ હોવો ઘટે છે. સમકિત તો શું, બીજાધાન થયા પછી જીવ અવશ્ય એક પુદ્ગલપરાવર્ત કાળની અંદર અંદર મોક્ષ પામે છે.

અપુનર્બંધક અવસ્થા સમ્યક્ત્વની નીચેની ભૂમિકા છે. તેના ત્રણ લક્ષણો જેવાં કે (૧) તીવ્ર ભાવે પાપ ન કરે, (૨) ઘોર સંસારના ઉપર બહુ રાગ કે માન ન રાખે, (૩) ઔચિત્ય જાળવે. અપુનર્બંધક દશા માત્ર ચરમાવર્તકાળમાં જ પ્રાપ્ત થાય છે. ચરમાવર્તકાળ એટલે જેને મોક્ષે પહોંચવા પૂર્વે છેલ્લો પુદ્ગલપરાવર્તકાળ શરૂ થયો હોય. તેથી વધુ કાળ જેનો બાકી હોય તે અચરમાવર્તકાળ ગણાય. ત્યાં ગમે તેવા ધર્મસંયોગો મળે તો પણ લેશમાત્ર ભવભીતિ કે મોક્ષરુચિ પ્રગટતી નથી. ચરમાવર્તકાળમાં શુદ્ધધર્મની આરાધના તથા અનુષ્ઠાન માટે ઉપર વર્ણવેલા ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગની છેવટની કક્ષાએ પહોંચવા માટે તીવ્ર ધર્માભિલાષ, મોક્ષરુચિ, રાગ-દ્વેષાદિનો ક્ષય, સહજભાવ, મળને તિલાંજલિથી મોક્ષફળ હાથવેંતમાં આવી જાય તે તેટલું સહજ અને સહેલું નથી. પરમ ઉપકારી સહસ્રાવધાની આચાર્ય શ્રી મુનિસુંદરસૂરીશ્વરજીએ જણાવ્યું છે કે 'જે જીવો સ્વભાવે ભવ્ય હોતા નથી તેવા જીવો ધર્મોપદેશને યોગ્ય છે જ નહિ, પણ સ્વભાવે ભવ્ય એવા જીવોમાં પણ જેઓનો સંસારકાળ એક પુદ્ગલપરાવર્તકાળથી અધિક છે, તે જીવો ધર્મોપદેશને યોગ્ય ગણાતા નથી. જે ભવ્ય જીવોનો સંસારકાળ એક પુદ્ગલપરાવર્તકાળથી અધિક બાકી નથી, એટલે કે જે ભવ્ય જીવો ચરમાવર્તકાળને પામેલા છે, અને તેમાં પણ અપુનર્બંધક અવસ્થામાં આવેલા છે તે જીવો જ ધર્મોપદેશને યોગ્ય છે. ચરમાવર્તકાળને પામેલા જીવો પણ બે પ્રકારના છે. તેમાં એક પ્રકાર સમ્યગ્દર્શન ગુણને નહિ પામેલા જીવોનો છે અને બીજો પ્રકાર સમ્યગ્દર્શન ગુણને પામેલા જીવોનો છે. ચરમાવર્તકાળને પામેલા પણ ભવ્ય જીવોનો સંસારકાળ જ્યાંસુધી અર્ધપુદ્ગલપરાવર્તકાળથી અધિક બાકી હોય છે ત્યાં સુધી તો તે જીવો પણ સમ્યગ્દર્શન ગુણને પામી શકતા જ નથી...' પરમ ઉપકારી સહસ્રાવધાની આચાર્યદેવ શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજે જયાનંદ કેવળી ચરિત્રમાં ફરમાવ્યું કે શ્રી સિદ્ધિપદને પમાડનારી જે સામગ્રી છે, તે સામગ્રીને પામ્યા વિના ભવ્ય એવા જીવો પણ શ્રી સિદ્ધિપદને પામી શકતા નથી. પ્રવ્રજ્યા સ્વીકારનારા મોહમમતાનો ત્યાગ કરે છે, તે જ્ઞાનપૂર્વકની છે, કેમ કે 'જ્ઞાનસ્ય ફલં વિરતિ:' પ્રતિજ્ઞાપૂર્વક પાપત્યાગ, પાપથી વિરમવાનું એટલે જ્ઞાન પોતે જ વિરતિમાં પરિણમતું હોવાથી તે હવે જ્ઞાનયોગ કહેવાય છે.

આ કાળમાં અને આ પરિસ્થિતિએ પહોંચેલા ભવ્ય જીવોનું મિથ્યાત્વ મંદતમ થયેલું હોવું જોઈએ. ટૂંકાણમાં ભવ્ય જીવો જે સામગ્રીને પામીને મોક્ષને પ્રાપ્ત કરે છે તે સામગ્રી મનુષ્યભવ, આર્યદેશ, ધર્મશ્રવણ અને ધર્મશ્રદ્ધા અને તેમાં પણ ધર્મશ્રદ્ધા જે દુર્લભ અને સુદુષ્પ્રાપ્ય છે તે અત્યંત મહત્ત્વની આવશ્યક સામગ્રીમાં પ્રથમ કક્ષાની ગણી શકાય. ઉપરની ચાર વસ્તુ ઉપરાંત ધર્મશ્રદ્ધા પામ્યા પછી પણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગની આરાધના કરવા દ્વારા જ ભવ્યાત્માઓ મોક્ષ પામે છે. અંતમાં પ્રાર્થના કરીએ કે-

દેવેન્દ્ર વંદ્ય ! વિદિતાખિલ વસ્તુ સાર !
સંસારતારક ! વિભો ! ભુવનાધિનાથ !
ત્રાયસ્વ દેવ ! કરુણાહ્રદ ! માં પુનીહિ
સીદન્ત મદ્ય ભયદવ્યસનામ્બુરાશે: ।। ૪૧ કલ્યાણમંદિર સ્તોત્ર

અત્યાર સુધીમાં આપણા અનંતાનંત પુદ્ગલપરાવર્તનો વ્યતીત થઈ ગયાં છતાં પણ આપણો ઉદ્ધાર કેમ ન થયો ? આ પ્રશ્ન ઊઠે ખરો ? કે આપણે તે તરફ આંખ આડા કાન જ કર્યા કર્યા છે ? આપણી ક્રિયા તથા આરાધનાદિ સંમૂર્છિમ, ગતાનુગતિક નિષ્પ્રાણ હતી તેથી ને? શાસ્ત્રમાં અમૃત કે અસંગ ક્રિયાના ઉત્કૃષ્ટ ફળો વર્ણવ્યાં છે. જેમકે-

કર પડિક્કમણું ભાવશું...સંબલ સાચું જાણ લાલ રે.
શ્રી સામાયિક પ્રતાપથી લહિએ અમર વિમાન લાલ રે.

લાખ ખાંડી સોનું લાખ વર્ષ સુધી આપો તો પણ તે એક સામાયિકની તોલે જરા પણ ન આવે આવું છે તેનું ફળ. સામાયિકની એક મિનિટનું ફળ બે પલ્યોપમ લેખે ગણતાં ૪૮ મિનિટના સામાયિકનું ફળ ૯૨૫-૯૨૫-૯૨૫ પલ્યોપમ એટલે ૯૨ કરોડ ૫૯ લાખ ૨૫ હજાર ૯૨૫ થવા જાય. આ કયું સામાયિક ? આપણું ? ના રે ના ! આ તો અમૃત કે અસંગ ક્રિયાનું ફળ હોય. આપણે તો સામાયિકમાં બેઠા હોઈએ અને મન તો ઢેડવાડમાં ગયું હોય પછી તેનું ફળ બોદું જ મળે ને ? આટલી સેકંડ જેટલું આપણી સામાયિકનું ફળ ખરું ?

શ્રી ભગવાન મહાવીર સ્વામીને શ્રેણિક રાજા નરકમાંથી તેને બચાવી લેવા માટે પ્રાર્થના કરે છે. ભગવાન જણાવે છે કે નરકમાંથી બચવું હોય તો પુણિયા શ્રાવકના સામાયિકના ફળની માંગણી કર. તે સમગ્ર મગધરાજ્ય આપવા તૈયાર હતા પણ એક સામાયિક પુણિયાનું પામી ન શક્યા ! 'શ્રમણો ઈવ સાવયો હવઈ જમ્હા' સામાયિકનું ફળ છે ને!'

એક વાર સામાયિકમાં બેઠેલા પુણિયાને અસુવિધા થઈ. પત્નીને પૂછતાં જણાયું કે બીજાનું છાણું ભૂલથી રસોઈ કરવામાં વપરાયું તેથી આજનું ભોજન રુચિકર ન લાગ્યું. છે આપણી આવી કક્ષાની સામાયિક ?

❖❖❖


## સંઘનાં નવાં પ્રકાશનો

સંઘ તરફથી નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યા છે :

| | | | કિંમત રૂા. |
|---|---|---|---|
| ૧ | પાસપોર્ટની પાંખે | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| ૨ | પાસપોર્ટની પાંખે -ઉત્તરાલેખન | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| ૩ | ગુર્જર ફાગુસાહિત્ય | રમણલાલ ચી. શાહ | ૧૦૦-૦૦ |
| ૪ | આર્ય વજ્રસ્વામી | તારાબહેન ર. શાહ | ૧૦-૦૦ |
| ૫ | ઝૂરતો ઉલ્લાસ | શૈલ પાલનપુરી (શૈલેશ કોઠારી) | ૮૦-૦૦ |
| ૬ | વીર પ્રભુનાં વચનો | રમણલાલ ચી. શાહ | ૫૦-૦૦ |
| ૭ | વંદનીય હૃદયસ્પર્શ -ભાગ ૩ | રમણલાલ ચી. શાહ | ૫૦-૦૦ |

☐ મંત્રીઓ

# ધોળા વાળ: માર્ગ-દર્શક દીવડાં

☐ આચાર્ય વિજયપૂર્ણચંદ્રસૂરિજી મહારાજ

શૈશવ અને યૌવનનો મહિમા તો ઘણા ઘણાએ ગાયો હશે ! પરંતુ વૃદ્ધાવસ્થા પણ મહિમા ગાવા જેવી એક વય છે, આનો કેટલાયને ખ્યાલ પણ નહીં હોય. શૈશવને શણગારવા જતાં અને યૌવનને યુગસર્જક તરીકે ગાવા જતાં જેઓ વૃદ્ધત્વને વરેલા વૈભવને વીસરી બેઠા હોય, તેઓને આ વૈભવની યાદ અપાવતા એક સુભાષિતે એક ખૂબ ખૂબ માર્મિક વાત પર પ્રકાશ ફેંક્યો છે. જે ધોળા વાળને સૌ શરમની બાબત ગણે છે, અને એની પર કાળો કૂચડો (હેરડાઈ) ફેરવવામાં ગૌરવ અનુભવે છે, એ ધોળાં વાળને તો માર્ગદર્શક દીવડાં તરીકે આવકારતાં આ સુભાષિત કહે છે કે, માથા પરના ધોળા વાળ તો માર્ગદર્શક દીવડાં જેવાં છે. જેની પાસે આ દીવડાં પ્રકાશિત હોય, એ સ્વયં તો ભૂલો પડે જ નહીં પણ બીજાનેય એ ભૂલો પડવા દે નહિં.

સુભાષિતની આ નવી અને નવાઈ ઉપજાવે એવી વાતને જરા વિગતવાર વિચારીએ ! ધોળા વાળ જેવો બીજો અસરકારક એકે ઉપદેશ નથી. આની સચ્ચાઈ સાબિત કરતા કેટલાય પ્રસંગો આગમો, ચરિત્રો અને ઈતિહાસનાં પાને અંકિત છે. એક યુગમાં ધોળો વાળ ધર્મદૂત ગણાતો. એના આગમનથી તો ભલભલા ભોગીઓ પણ ચેતી જતા અને ત્યાગના માર્ગે ચાલી નીકળતા. એ યુગમાં વારસદાર તૈયાર થાય, પછી તો માનવીથી લગભગ ઘરમાં રૂહેવાય જ નહિં, આવી માન્યતા સર્વસામાન્ય હતી. અને ધોળા વાળના આગમન પછી સંસારનો ત્યાગ કરનારો એમ માનતો કે, હું તો ત્યાગમાર્ગ સ્વીકારવામાં ખૂબ જ મોડો પડી ગયો !

આર્ય તરીકે ઓળખાતી આલમમાં આ માન્યતા જ્યાં સુધી સર્વવ્યાપક રહી, ત્યાં સુધીનો ઈતિહાસ પણ ખૂબ ખૂબ ગૌરવભર્યો રહ્યો ! પણ ધીમે ધીમે આ માન્યતામાં પોલાણ પડતું ગયું અને આજે તો એવો યુગ આવી લાગ્યો કે, ધોળો વાળ શરમજનક ગણાવા લાગ્યો. જે ધોળો વાળ કામ ન કરવાની પ્રેરણા પૂરો પાડવાનું ધર્મદૂતત્વ અદા કરવા ઉપસ્થિત થયો હોય, એને આવકારવાની વાત તો દૂર રહી, પણ એ 'દૂત' પર કાળો કૂચડો ફેરવવાની સુધીની ધિઠ્ઠાઈ આજે જ્યારે હસતાં હસતાં આચરાઈ રહી છે, ત્યારે આ સુભાષિતનાં સંદેશનું શ્રવણ પણ કેટલાને રુચિકર બનશે, એ એક સવાલ છે.

એક અપેક્ષાએ કાળા કેશ કાળા કામનું પ્રતીક ગણાય. કાળા કેશ એટલે યુવાનવય ! આ વય મોટે ભાગે પાપમાં જ પ્રેરનારી બનતી હોય છે. કાળા કેશ અંધકારનું પ્રતીક છે. માથે અંધકાર ઘેરાયો હોય ત્યારે માનવ લગભગ ભુલાવાનો ભોગ બનતો હોય છે. માટે જ યૌવનવયમાં જે બ્રહ્મવતી અને સદાચારી રહી જાણે, એની તો ભારેમાં ભારે પ્રશંસા કરવામાં આવી છે.

આજ રીતે એક અપેક્ષાએ ધોળા વાળ સારા કાર્યનું પ્રતીક ગણાય. ધોળા વાળ એટલે પ્રૌઢ અને વૃદ્ધ વય ! આ વય મોટે ભાગે સારા કાર્યમાં પ્રેરનારી હોય છે. ધોળા વાળ અજવાળાનું પ્રતીક છે. માથે અજવાળું પ્રકાશતું હોય ત્યારે અથડાવા-કુટાવાનું ભાગ્યે જે બનતું હોય છે. કેમકે ધોળા વાળને તો પથદર્શક દીવડાં તરીકે આવકાર જ આપવો જોઈએ.

માથે અંધકાર જામેલો હોય, ત્યારે જે સન્માર્ગમાં સ્થિર રહે, તે તો ધન્યાતિધન્ય છે, પણ માથે પ્રકાશ પથરાયેલો હોય, ત્યારેય જે પ્રકાશના એ પંથે પંથે આગળ વધવામાં સફળ રહે, એય ઓછો ધન્યવાદને પાત્ર નથી ! કેમકે દીપક પ્રાપ્ત થવો, આસાન નથી. મળેલા દીપકને વાવાઝોડા વચ્ચે પ્રજ્વલિત રાખવો એય, આસાન નથી અને એ દીપકે દર્શાવેલા માર્ગને પકડી રાખવામાંય ઓછું પરાક્રમ અપેક્ષિત હોતું નથી !

માથે કાળા કેશ હોવા છતાં જે યુવાન એ કાળાશને કેશ પૂરતી જ સીમિત રાખવા સતત સજાગ રહ્યો હોય, એના માથે શ્વેત કેશનું પ્રગટીકરણ ખરેખર દીપક જ બની રહે. જે યુવાન વયે આટલો બધો સજાગ હોય, એ પ્રૌઢવયે અને વૃદ્ધવયે તો ભૂલો પડે જ નહીં, કેમકે એના માથે ધોળા વાળ દીવો બનીને પ્રકાશ વેરવાનું કાર્ય રાતદિવસ અદા કરતા જ હોય. આ દીવાનો પ્રકાશ એ દીવાના ધારકને તો માર્ગભ્રષ્ટ ન જ થવા દે, પણ જે એનો સહારો અને સંગ સ્વીકારે, એનાય પથને એ પ્રકાશિત રાખે, એથી એય માર્ગભ્રષ્ટ બનતા અટકી જાય.

મોંઘો માનવભવ પામીનેય ઘણા જીવો જીવનને એળે ગુમાવતા હોય છે, કેમકે એમની બાલ્યાવસ્થા વિવેકથી રહિત વીતી હોય છે, એમનું કુમારજીવન ધાંધલધમાલ અને ખેલકૂદમાં જ વીત્યું હોય છે, ધર્મકળા વિનાની એમણે ગ્રહણ કરેલી અક્ષરકળાએ એમના અજ્ઞાનમાં જ વધારો કર્યો હોય છે. એમનું યૌવન કામના ઉન્માદથી વિનાશક પૂર જેવું સાબિત થયું હોય છે અને વૃદ્ધાવસ્થા એમના માટે સાવ જ નિષ્ફળ નીવડી હોય છે, આમ એમનું સંપૂર્ણ જીવન એળે ગયું હોય છે.

આપણે આપણા જીવનને સફળ અને સબળ બનાવવા માગતા હોઈએ તો બાલ્યાવસ્થાથી જ વિવેકનો એકડો ઘૂંટવા મંડી પડવું જોઈએ. કુમારજીવનમાં ધર્મકળાને અગ્રેસર બનવા દેવી જોઈએ. યુવા વયમાં કામવાસનાના પૂરને બ્રહ્મચર્ય અને સદાચારના બે કિનારા વચ્ચે નિયંત્રિત રાખવું જોઈએ. જેથી વૃદ્ધત્વ અસફળ ન બને, વૃદ્ધત્વની સફળતા શ્વેતકેશના દીવડાં વડે જાતે માર્ગગામી રહેવા ઉપરાંત અને અન્યનેય માર્ગગામી રાખવામાં સમાયેલી છે. સુભાષિત આ દુનિયાને આટલો જ સંદેશ આપે છે.

દુનિયામાં અબ્રહ્મ અને અસદાચારનો અંધકાર ઊભરાઈ રહ્યો છે. એમાં અથડાનારા-કુટાનારા માનવોમાં બાળકો, કુમારો, યુવાનો અને વૃદ્ધો પણ નજરે ચડે છે. એથી હવે આપણું સૌનું મુખ્ય કર્તવ્ય 'મશાલધારી' બનવાનું જ છે. એથી પ્રૌઢો અને વૃદ્ધોએ તો આ કર્તવ્ય અદા કરવા માટે પોતાના માથે શ્વેત કેશના રૂપમાં પ્રકાશતાં દીવડાંઓના પ્રકાશની ઠેર ઠેર પ્રભાવના કરવામાં જરાય કૃપણતા ન જ દાખવવી જોઈએ !

❖❖❖

## નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે ચિખોદરાની રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ દ્વારા સ્વ. તારાબહેન ચંદુલાલ ઝવેરીના સ્મરણાર્થે તા. ૧૯-૮-૨૦૦૦ના રોજ ઠાસરા (ડાકોર પાસે) મુકામે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

☐ મંત્રીઓ

# અનામી : વ્યક્તિ અને વાઙ્મય

□ ડૉ. બહેચરભાઈ પટેલ

ગાંધીયુગ-અનુગાંધીયુગના ગણનાપાત્ર કવિ અને લબ્ધિપ્રતિષ્ઠ સંશોધક પ્રા. ડૉ. અનામીનું સાહિત્ય પીએચ.ડી.ના મહાનિબંધ બનવા પાત્ર હતું, અને તેને 'અનામી : વ્યક્તિ અને વાઙ્મય' રૂપે પ્રા. ડૉ. ગોવિંદભાઈ કાછિયાએ સાકાર કર્યું તે ખરેખર અભિનંદનીય છે. કંઈક અવહેલાયેલા કવિ અનામીની સાહિત્યસેવાને એમણે સમુચિત અર્ઘ્ય આપ્યો છે. મહદંશે કવિ તરીકે સુપ્રસિદ્ધ કવિ અનામીની સમગ્ર કવિતાનો તેમજ અન્ય સાહિત્યસેવાનો સમૃદ્ધ અભ્યાસ સર્વપ્રથમ આ ગ્રંથસ્વરૂપે પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુત અધ્યયન ગ્રંથનું આયોજન વ્યવસ્થિત છે. એમાં 'અનામી : વ્યક્તિવિશેષ' શીર્ષક હેઠળ અનામીના પ્રગતિશીલ જીવન અને અભિજાત્યપૂર્ણ જીવનનો અનેક મહાનુભાવોના સંદર્ભ સાથે સુભગ પરિચય આપવામાં આવ્યો છે. ત્યારપછી સર્જનાત્મક વાઙ્મય શીર્ષક હેઠળ અનામીની કવિતા, નવલકિા અને નાટક જેવી કાર્યશક્તિ દાખવતી સાહિત્યસિદ્ધિનો વિવેચનાત્મક પરિચય કરાવ્યો છે. તદુપરાંત અનામીના સર્જનેતર વાઙ્મય-વિવેચન, ચરિત્ર અને નિબંધ સાહિત્યનો અભ્યાસ આપવામાં આવ્યો છે, તેમજ અ-ગ્રંથસ્થ સાહિત્યની નોંધ આપી છે. ઉપસંહારમાં અત્યંત સંક્ષેપે અનામીની સાહિત્યિક પ્રતિભા અને વ્યુત્પત્તિનું મૂલ્યાંકન કર્યું છે.

એમ મહાનિબંધમાં સમગ્રતયા જોતાં અનામીના સાહિત્યિક અને સાંસ્કૃતિક વ્યક્તિત્વનો વ્યાપક પરિચય મળી રહે છે. અધ્યેતાએ પોતાના પૂજ્ય ગુરુ અને અભ્યાસ-વિષય ડૉ. અનામીસાહેબ પ્રત્યે અહોભાવ નથી દાખવ્યો એમ નહિ, પણ એક અભ્યાસીની અદાથી તેમના સાહિત્યની ગુણ-દોષયુક્ત સમીક્ષા પણ કરી છે. અનામીની સુપ્રિદ્ધ કવિતા-સાહિત્યસેવાનું વિવેચન કર્યું છે, અને અ-પ્રસિદ્ધ અને અલ્પ-પ્રસિદ્ધ સાહિત્યને પ્રકાશમાં આણ્યું છે તે આ ગ્રંથની વિશેષતા અને સાર્થકતા છે.

કવિ અનામીએ સતત કવતા કવિ છે. આ અધ્યયન પછી તેમનો મહત્ત્વાકાંક્ષી કાવ્યસંગ્રહ 'શિવમ્' પ્રગટ થયો છે અને હજી બે સંગ્રહ થાય એટલાં કાવ્યો અ-ગ્રંથસ્થ છે. ડૉ. કાછિયાએ અનામીના પ્રથમ કાવ્યસંગ્રહ 'કાવ્યસંહિતા'થી શરૂ કરીને તે 'આપણી વાત' સુધીના નવ કાવ્યસંગ્રહોની વસ્તુલક્ષી સમીક્ષા કરીને, કવિ અનામીની વિશેષતાઓ અને મર્યાદાઓ વિગતે ને સદૃષ્ટાંત દર્શાવીને, તેમને ગાંધી-અનુગાંધી-યુગીન અંતકાલના મહત્ત્વના કવિ તરીકે પ્રસ્થાપિત કર્યા છે. અનામીના સહસ્રાધિક કાવ્યસર્જનના વૈવિધ્યને દર્શાવીને તાટસ્થ્યપૂર્વક તારણ આપ્યું છે કે 'ઘણાં કાવ્ય સામાન્ય સ્તરનાં છતાં વાચનક્ષમ છે; પરંતુ સંખ્યાબંધ કાવ્યો ઉચ્ચ કોટિનાં, કલાત્મક અને મર્મસ્પર્શી છે. તેમનાં સરસ કાવ્યોનો એક મોટો દળદાર કાવ્યસંગ્રહ થઈ શકે એમ છે.' (પૃ. ૩૩૭) અનામીની કવિતાનો ઐતિહાસિક અને તુલનાત્મક એવો કવિતાલક્ષી અભ્યાસ દાદ માગી લે છે. લેખકે કાવ્યતત્ત્વોને લક્ષમાં રાખીને અનામીની કવિતાની સૌંદર્યલક્ષી સમીક્ષા કરી છે તે પ્રશસ્ય છે.

એક બાજુ અનામીની કવિતાને મૂકીએ, અને બીજી બાજુ તેમના કવિતેતર સાહિત્યને મૂકીએ, તો પણ તે કવિતાને ન પહોંચે. તેમ છતાં અનામીએ વાર્તા અને નાટક જેવાં સર્જનાત્મક સાહિત્ય-સ્વરૂપોમાં કલમ ચલાવી છે. અધ્યાપક હોવાને નાતે સંશોધન-વિવેચન કર્યું છે અને ચિંતક અને જાગ્રત સજ્જન હોવાને કારણે ચિંતનાત્મક નિબંધથી માંડીને ચર્ચાપત્રો સુદ્ધાં લખ્યાં છે. એમાંથી 'સિંહાસન બત્રીશી'નું સંશોધન, 'ત્રણ વૈશાખી પૂર્ણિમા' જેવું નાટ્ય અને 'ભણેલી ભીખ' જેવી વાર્તા નોંધપાત્ર છે એમ તારવ્યું છે. અનામીનું ગદ્ય કેવું અર્થઘન છે તે દર્શાવ્યું છે. તેમજ, અનામીએ આલેખેલાં રેખાચિત્રોનું લાવણ્ય દાખવ્યું છે. લેખકે અનામીના વ્યક્તિત્વ અને વાઙ્મયનો લગભગ અશેષ અભ્યાસ કર્યો છે અને અનામીની મહાનુભાવિતા અને સાહિત્યિકતાને યથાતથ પ્રગટ કરી છે. અધ્યયન સૂક્ષ્મ છે, અને અનામીને સૂક્ષ્મદર્શક યંત્રની દૃષ્ટિએ જોઈને તેમનું પૃથક્કરણ તથા અધ્યયન-વિવેચન કર્યું છે. એ અનિવાર્ય પણ હતું, કેમકે અનામી એ ઉમાશંકર જેવા મોટા સાહિત્યકાર નથી. પણ તે અનુગાંધીયુગના એક મહત્ત્વના કવિ અને સાહિત્યકાર છે એ સિદ્ધ કરવામાં લેખકનું સાફલ્ય જણાઈ આવે છે. અનામી એક ગણનાપાત્ર કવિ અને ઉમદા મહાનુભાવ છે અને એમનું કાવ્યસર્જન રાજેન્દ્ર શાહ અને ઉશનસની જેમ વિપુલ, વૈવિધ્યરંગી અને સત્ત્વશીલ છે એવી પ્રતીતિ આ અધ્યયન ગ્રંથ કરાવે છે.

ડૉ. કાછિયાનું આ અધ્યયન વ્યવસ્થિત, સમૃદ્ધ અને સમતોલ છે. ક્યાંક ક્યાંક અનામીસાહેબ પ્રત્યેનો એમનો અહોભાવ ઉભરાઈ આવે છે, પણ તે અનામીનું સાહિત્યિક મૂલ્યાંકન કરવામાં બાધક નીવડતો નથી. એક વાત નક્કી છે કે તે કવિ અનામીને સમુચિત ન્યાય કરવા અને તેમને થયેલા અન્યાયને દૂર કરવા પ્રતિબદ્ધ છે. એથી તે સંખ્યાબંધ અવતરણો ટાંકીને અનામીની પ્રતિભા-પ્રતિમાને પ્રકાશિત કરે છે. એથી મહાનિબંધ અવતરણ-ખચિત બની ગયો છે. પણ એથી જ તે અનામીના વ્યક્તિત્વના માધુર્ય અને કવિત્વના સૌંદર્યને સુપેરે પ્રકટાવી શક્યો છે. લેખક પોતે બોલવાને બદલે અનામીના સાહિત્યને સુયોગ્ય રીતે પ્રસ્તુત કરીને તેને જ બોલવા દે છે, તેમજ અનામી વિષેના અન્ય મહાનુભાવો અને વિવેચકોના અભિપ્રાયો પ્રસ્તુત કરીને એ પોતે નિર્ણય પર આવે છે અને આપણને તેમનાં અવલોકનોના યાથાર્થ્યની પ્રતીતિ કરાવે છે. તેમણે અનામી વિશેનો એક પણ પથ્થર ઉથલાવવાનો બાકી રાખ્યો નથી, તે તેમની સાચી અધ્યયનનિષ્ઠાનું નિદર્શન છે. ગુજરાતના એક અગ્રણી સારસ્વત અને ગુજરાતી ભાષા સાહિત્યના આજીવન કવિ-સાહિત્યકારની સમગ્ર સાહિત્યસેવાનું અધ્યયન-મૂલ્યાંકન થતાં ડૉ. કાછિયાની સાથે આપણે પણ કૃતાર્થતા અનુભવીએ છીએ.

## સંઘને ભેટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી જૈન ધર્મના ગ્રંથો પ્રકાશિત કરવા માટે નીચે પ્રમાણે ભેટરકમ મળી છે. તે માટે તે તે દાતાઓનો આભાર માનીએ છીએ.

(૧) રૂપિયા એક લાખ શ્રી શૈલેશભાઈ શાહ તથા શ્રીમતી સ્મિતાબહેન શાહ (સિંગાપોર) અને શ્રી હીરેનભાઈ શાહ તથા શ્રીમતી લીનાબહેન શાહ (શિકાગો) તરફથી મળ્યા છે.

(૨) રૂપિયા એકાવન હજાર ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા તરફથી મળ્યા છે.

□ મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ • મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ • પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્કસ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Licence to post without prepayment No. 271

● વર્ષ : (૫૦) + ૧૧ ● અંક : ૧૦ ● તા. ૧૫-૧૦-૨૦૦૦ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2000

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પિતાશ્રીની ચિરવિદાય

મારા પૂજ્ય પિતાશ્રી શ્રી ચીમનલાલ અમૃતલાલ શાહે લગભગ ૧૦૪ વર્ષની વયે મુંબઈમાં તા. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૦ (ભાદરવા વદ ૮ ને ગુરુવાર, સં. ૨૦૫૬)ના રોજ રાત્રે દસ વાગે ઊંઘમાં જ દેહ છોડ્યો. એમના સ્વર્ગવાસથી અમે એક પવિત્ર શિરછત્ર ગુમાવ્યું. સંપૂર્ણ નિરામય શરીરનો ક્રમિક અંત કેવી રીતે આવે તે એમના જીવનમાંથી પ્રત્યક્ષ જોવા મળે. એમનું નિરંતર પ્રભુભક્તિમય જીવન જોતાં એમ નિશ્ચય થાય કે અવશ્ય એમણે ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરી હશે !

મહાત્મા ગાંધીજી જ્યારે કહેતા કે પોતે ૧૧૦ વર્ષ જીવવાના છે ત્યારે કેટલાકને એમાં અતિશયોક્તિ લાગતી. પરંતુ ૧૦૪મા વર્ષે પણ પિતાશ્રીની તન-મનની અદ્‌ભુત સ્વસ્થતા જોતાં એમ પ્રતીતિ થાય કે મહાત્મા ગાંધીજીનું આકસ્મિક અવસાન ન થયું હોત તો તેઓ જરૂર ૧૧૦ વર્ષ સારી રીતે જીવ્યા હોત. એક મત પ્રમાણે ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ સો વર્ષનું આયુષ્ય ભોગવ્યું હતું અને છેવટ સુધી એમની લેખનપ્રવૃત્તિ ચાલુ રહી હતી. આ વાત અશક્ય નહિ હોય એમ જરૂર માની શકાય. પાર્શ્વનાથ ભગવાને પણ સો વર્ષનું સ્વસ્થ આયુષ્ય પૂર્ણ કર્યું હતું.

છેલ્લાં કેટલાંક વર્ષથી પિતાશ્રીનું શરીર એવું દીપ્તિમંત રહેતું કે કાળ જાણે એમના દેહમાં સ્થગિત થઈ ગયો હોય અથવા આયુષ્ય સ્થિર થઈ ગયું હોય એવું લાગતું હતું. સાધ્વીજી થયેલાં અમારા એક કાકાનાં દીકરી બહેન પૂજ્ય શ્રી નિપુણાશ્રીજી કહેતાં કે 'બાપુજીના શરીરમાં કાયાકલ્પ થઈ ગયો છે.' ૧૦૩ વર્ષ પૂરાં કરી ઉપર લગભગ સાત મહિના બાપુજીએ પસાર કર્યા હતા. આટલી મોટી ઉંમરે તેઓ લાકડીના ટેકા વગર ઘરમાં ચાલતા. છાપાં, પુસ્તકો નિયમિત વાંચતા. જાતે ટેલિફોન નંબર જોડી રોજ સ્વજનો સાથે વાત કરતા. તદ્દન અલ્પ પ્રમાણમાં પણ નિયમિત આહાર લેતા. સવારે છ વાગે ઊઠે ત્યારથી રાત્રે સાડા નવ-દસ વાગે સૂઈ જાય ત્યાં સુધી સતત બેઠેલા જ હોય. જરા પણ આડા પડ્યા ન હોય. સ્મૃતિ એટલી સતેજ કે અનેક નામો, વાતો, ઘટનાઓ બધું બરાબર યાદ હોય. વર્ષો પહેલાં પરિચયમાં આવેલી વ્યક્તિને જોતાંની સાથે જ ઓળખી શકતા અને એની સાથેની આગળ પાછળની બધી વાતો તાજી કરતા. એમની સ્મરણશક્તિ આશ્ચર્યકારક હતી.

બાપુજીનું સ્વાસ્થ્ય જીવનની અંતિમ ઘડી સુધી એટલું સરસ રહ્યું હતું કે એની જોડ જવલ્લે જ જડે. ૧૦૪ વર્ષની જિંદગીમાં તેઓ ક્યારેય હોસ્પિટલમાં રાત રોકાયા નથી. નેવું વર્ષની ઉંમર પછી બંને આંખે વારાફરતી મોતિયાનું ઓપરેશન કરાવવા હોસ્પિટલમાં ગયેલા અને બપોરે ઘરે પાછા આવી ગયેલા. ૯૮ વર્ષની વયે એક વખત તેઓ એક રૂમમાંથી બીજી રૂમમાં જતા હતા ત્યારે અચાનક બારણું જોરથી ભટકાતાં એમની એક આંગળી કપાઈ ગઈ હતી. તરત કપાયેલી આંગળી સાથે એમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. દાક્તરે ટાંકા લઈ આંગળી સાંધી આપી અને સાંજે તેઓ ઘરે પાછા આવ્યા હતા. થોડા દિવસમાં આંગળી પહેલાં જેવી જ સારી થઈ ગઈ હતી. ખબર ન પડે કે એ આંગળી કપાઈને જુદી પડી ગઈ હતી. આવા બેત્રણ પ્રસંગે થોડા કલાક સિવાય તેઓ ક્યારેય હોસ્પિટલમાં ગયા નહોતા. યુવાનીમાં બંધિયાર ઓફિસમાં નોકરી કરવાને કારણે દમનો વ્યાધિ થયો હતો, પણ એમણે એવો મટાડ્યો કે જિંદગીમાં ફરી થયો નથી.

બાપુજીએ જિંદગીમાં ક્યારેય માથું દુખ્યાની ફરિયાદ કરી નથી. આખી જિંદગીમાં કદાચ પાંચસાત વખત તાવ આવ્યો હશે, પણ ક્યારેય તે એક દિવસથી વધારે ચાલ્યો નથી. તાવ જેવું લાગે ત્યારે એમનો સાદો ઉપાય એ હતો કે ખાવાપીવાનું તરત સંપૂર્ણ બંધ કરી દેવું. એથી તરત એમનો તાવ ઊતરી જતો.

૧૦૪ વર્ષની ઉંમરે પણ એમને મધુપ્રમેહ, રક્તચાપ, દમ, ક્ષય, સંધિવા, હરસ, પ્રોસ્ટેટ વગેરે કોઈપણ રોગની ફરિયાદ નહોતી. એમની પાચનશક્તિ વ્યવસ્થિત હતી. શૌચાદિમાં તેઓ જીવનના અંત સુધી બિલકુલ નિયમિત હતા, એટલું જ નહિ, જરૂર પડે તો તેઓ રાહ પણ જોઈ શકતા. એમનાં સો વર્ષની ઊજવણીનો આખા દિવસનો કાર્યક્રમ અમે એક હોલમાં કર્યો હતો ત્યારે સવારે ૯ વાગે ઘરેથી ગયા અને સાંજે આઠ વાગે પાછા આવ્યા ત્યાં સુધી તેઓ એક ખુરશીમાં સતત બેસી રહ્યા હતા. એમને બાથરૂમ પણ જવું પડ્યું નહોતું.

બાપુજીની તબિયત સારી રહેતી હતી. એકાદ વર્ષથી શરીર થોડુંક ક્ષીણ થયું હતું, પરંતુ હરવાફરવામાં, બોલવામાં, વાંચવા-સાંભળવામાં એમની શારીરિક શક્તિ હજુ એવી જ હતી. એમના શરીરને હજુ એકાદ વર્ષ વાંધો નહિ આવે, કદાચ ૧૦૫ વર્ષ પૂરાં કરશે જ એવી અમને બધાંને પાકી આશા હતી. એટલે જ અમે આફ્રિકાના પ્રવાસે જવાની વાત કરી તો એમણે સહર્ષ સંમતિ આપી. એમણે કહ્યું, 'તમે જઈ આવો. મારું શરીર સારું છે.' અમારા સૌથી નાના ભાઈ ભરતભાઈ કે જેમની સાથે બાપુજી રહેતા હતા તેમનો બદ્રીનાથ જવાનો કાર્યક્રમ હતો. એમને પણ બાપુજીએ સંમતિ આપી હતી અને તેઓ બદ્રીનાથ ગયા હતા.

બાપુજીએ ઊંઘમાં દેહ છોડ્યો તે દિવસે સાંજ સુધી તો એમની તબિયત રોજની જેમ જ સારી હતી. સવારે રોજની જેમ સ્તુતિ કરીને ચાનાસ્તો લીધાં. બપોરે ભોજન લીધું. રોજની જેમ બપોરે બધાંને ફોન કર્યા હતા. તે દિવસે રાત્રે નવ વાગે મારી દીકરી શૈલજાએ મુલુંડથી બાપુજીને ફોન કર્યો હતો. બાપુજીએ એની સાથે સારી રીતે વાત કરી, પરંતુ બાપુજીના અવાજમાં સહેજ નબળાઈ એને જણાઈ. સામાન્ય રીતે

બાપુજી બધાંની સાથે ફોનમાં નિરાંતે વાત કરે, પણ તે વખતે એમણે શૈલજાને કહ્યું કે પોતાને બોલવામાં થાક લાગે છે. બાપુજી થાકની વાત કરે એ જ નવાઈ. એ સાંભળીને શૈલજાને આશ્ચર્ય થયું. એણે બીજાઓને એ વિશે વાત કરી.

તે પછી રોજના ક્રમ અનુસાર બાપુજી રાતના સાડા નવ વાગે બાથરૂમ જઈ આવીને સૂઈ ગયા. દસ વાગે પૌત્રવધૂ શીતલ એમના રૂમમાં ગઈ ત્યારે એણે જોયું કે બાપુજી ઊંઘતા હતા, પણ એમનો શ્વાસ અસાધારણ જોરથી ચાલતો હતો. એણે તરત જયંતીભાઈને, પ્રમોદભાઈને, ડૉક્ટર પન્નાલાલ પતરાવાળાને ફોન કરીને બોલાવી લીધા. દસ મિનિટમાં તેઓ બધા આવી પહોંચ્યા. પરંતુ ત્યારે ડૉક્ટરે તપાસીને કહ્યું કે 'બાપુજીએ દેહ છોડી દીધો છે !'

અમે ત્યારે આફ્રિકામાં ઝિમ્બાબ્વેમાં હતાં. ભરતભાઈ બદ્રિનાથ હતા. અગ્નિ સંસ્કાર વખતે અમે પહોંચી શકીએ એમ નહોતાં. સૌથી નજીક રહેનારાં અંત સમયે જ પાસે નહોતાં. એમાં વિધિનો કોઈ સંકેત હશે !

બાપુજીને ૧૦૩ વર્ષ પૂરા થવામાં હતાં ત્યારે ગયા મહા મહિનામાં એક દિવસ અચાનક તેમને નબળાઈ લાગવા માંડેલી. દિવસે કદી ન સૂનાર દિવસે પણ સૂઈ જતા. સૂતાં પછી બેઠા થવામાં તકલીફ પડવા લાગી. સ્તવનો મોટેથી બોલી શકાતાં નહોતાં. મનમાં બોલવા લાગ્યા હતા અને તેમાં પણ ભૂલ પડવા લાગી. અમને આખું માંગલિક સંભળાવતા તેને બદલે ફક્ત ત્રણ નવકાર બોલી શકતા. મારા મિત્ર શ્રી વસંતભાઈ ભેદાની ઇચ્છા એમનાં દર્શન કરવાની હતી. હું એમને લઈને બાપુજી પાસે ગયેલો. પરંતુ ત્યારે બાપુજી માંડ થોડી વાતચીત કરી શકેલા. ત્યારે એમ લાગ્યું કે બાપુજી હવે એક બે મહિના માંડ કાઢી શકશે. પરંતુ પાંચ સાત દિવસમાં જ ફરી એમનું શરીર સશક્ત બનવા લાગ્યું. દિવસે આડા પડવાનું બંધ થયું. સ્મૃતિ પહેલાંના જેવી જ તાજી થઈ ગઈ. મોટી ઉંમરે ગયેલી સ્મૃતિ પાછી નથી આવતી. પણ બાપુજીના જીવનમાં એ અદ્‌ભૂત ચમત્કાર હતો કે સ્મૃતિ બરાબર પહેલાંના જેવી જ થઈ ગઈ. દસ કડીનું સ્તવન કે મોટું સ્તોત્ર બરાબર પાછું તેઓ બોલવા લાગ્યા હતા. એમનું જીવન રાબેતા મુજબનું થઈ ગયું હતું. આટલી મોટી ઉંમરે આમ થવું એ પણ એક આશ્ચર્યકારક ઘટના લાગતી હતી.

ગયા પર્યુષણ પર્વ દરમિયાન ચિખોદરાની હૉસ્પિટલના આંખના દાક્તર ડૉ. રમણીકલાલ દોશી-દોશીકાકા અમારે ઘરે આવ્યા હતા. તે વખતે બાપુજીની વાત નીકળી. દોશીકાકા કહે કે 'હું આજે ચિખોદરા પાછો જાઉં છું. માટે અત્યારે જ મારે એમનાં દર્શન કરવાં છે.' તરત અમે ભાઈના ઘરે ગયા. દોશીકાકા બાપુજીને મળ્યા. દોશીકાકા પોતે ૮૪ વર્ષના. ૧૦૧ વર્ષ જીવેલા પૂ. રવિશંકર દાદાની વાત નીકળી. બાપુજીએ ૬૦-૭૦ વર્ષ પહેલાંના રવિશંકર દાદાનાં સ્મરણો કહ્યાં. બહારવટિયા બાબર દેવાની વાત નીકળી. પાદરા, ધર્મજ, વટાદરા, સોજિત્રા, બોરસદ, ભાદરણ, ખંભાત વગેરે ગામોના એ જમાનાના આગેવાનોને મળેલા એ બધી વાતો સાંભળીને દોશી કાકાનાં સંસ્મરણો પણ તાજાં થયેલાં.

૧૯૭૫માં મારી માતા રેવાબાનું અવસાન થયું તે પછી બાપુજી મુંબઈ છોડીને ખાસ ક્યાંય ગયા નહોતા. ચોવીસ કલાક ઘરમાં જ હોય. દિવસ કેમ પસાર કરવો એની એમને ચિંતા નહોતી. ટી.વી. જોતા નહોતા. પ્રભુભક્તિમાં રોજનો ક્રમ પૂરો કરવામાં ક્યારેક સમય ઓછો પડતો. રોજ સવારના સાડા પાંચ-છ વાગે તેઓ ઊઠી જાય. ઊઠતાંની સાથે પથારીમાં જ પલાંઠી વાળીને બેસીને તેઓ બરાબર એક કલાક સુધી બુલંદ સ્વરે સ્તુતિ કરે. રોજ આત્મરક્ષા મંત્ર, ગૌતમસ્વામીનો છંદ, સોળ સતીનો છંદ, નવકારમંત્રનો છંદ, પુણ્યપ્રકાશનું સ્તવન, રત્નાકર પચીસી (સંસ્કૃતમાં), જિનપંજર સ્તોત્ર તથા ત્રણ સ્તવનો-ઋષભ જિનરાજ (યશોવિજયજી કૃત), પાસ શંખેશ્વરા (ઉદયરત્ન કૃત) અને તાર હો તાર પ્રભુ (દેવચંદ્રજી કૃત)-આટલું બોલ્યા પછી રોજ અનુક્રમે એક તીર્થંકરનાં પાંચ સ્તવન બોલતા. એમને દોઢસો જેટલાં સ્તવન કંઠસ્થ હતાં. છતાં સ્તવનની ચોપડીઓ પાસે રાખતા. રોજેરોજ આટલી સ્તુતિ કર્યા પછી જ તેઓ પથારીમાંથી બહાર નીકળતા.

સવારે ચાપાણી વગેરે કરી, સ્નાન કરીને દસ વાગે નવસ્મરણ બોલતા. અગાઉ એમને બધું કંઠસ્થ હતું, પણ હવે ચોપડીમાં જોવું પડતું. બપોરે ભોજન પછી છાપું વાંચતા અને ફોન કરતા. ત્રણેક વાગ્યાથી લોગસ્સનું રટણ કરતા. રોજ બસો લોગસ્સ બોલતા. સાંજે શંખેશ્વર પાર્શ્વનાથનો મંત્ર બોલતા. રાત્રે સૂઈ જાય ત્યારે સ્તુતિ કરી, નવકાર બોલી સૂઈ જાય. તેઓ માળા રાખતા નહોતા, પણ આંગળીના વેઢે ગણતા. જ્યારે જુઓ ત્યારે એમનો અંગૂઠો વેઢા પર ફરતો હોય. જે દિવસે ઊંઘમાં એમણે દેહ છોડચો તે વખતે એમનો અંગૂઠો વેઢા પર જ હતો. પ્રભુસ્મરણ કરતાં કરતાં એમણે સમાધિમરણ પ્રાપ્ત કર્યું હતું. મૃત્યુ એમને માટે મહોત્સવ બની ગયું હતું. એમનો મૃતદેહ ઝગમગતો રહ્યો હતો.

આર્થિક દૃષ્ટિએ જોઈએ તો બાપુજીનું જીવન એટલે ચડતી, પડતી અને પાછી ચડતી. બાપુજીએ યુવાનીમાં સારી શ્રીમંતાઈ જોયેલી. એમના પિતાશ્રીનો રૂ અને અનાજનો ધમધોકાર વેપાર ચાલતો. વેપારાર્થે બાપુજીને ઉત્તર ભારત અને પંજાબ સુધી કેટલીયે વાર મુસાફરી કરવાની થતી. કોઈ મોટું ગામ એવું નહિ હોય કે જે એમણે જોયું ન હોય અને ત્યાંના આડતિયાઓ અને વેપારીઓની મહેમાનગીરી માણી ન હોય. એમના કાકા ડાહ્યાભાઈ અને મોટાભાઈ સોમચંદભાઈ પ્રવાસમાં સાથે હોય. ત્રીસ બત્રીસની ઉંમર સુધી એમણે આ જાહોજલાલી જોયેલી. પાદરા, માસર રોડ, ભાયલી, છંટોલા, મિયાંગામ, જંબુસર, ભરૂચ અને અંકલેશ્વરમાં એમની પેઢી હતી. પારસી વખારીઆ કુટુંબનો સારો સાથ મળેલો. હાથ નીચે કેટલાયે ગુમાસ્તા કામ કરે. પરંતુ વેપારમાં અચાનક મોટી ખોટ આવતાં બધું ગયું. ઘરબાર, જમીન, ઘરેણાં બધું વેચાઈ ગયું. હાથેપગે થઈ ગયા. એમના પિતાશ્રી અમૃતલાલે પોતાના ચારે દીકરાને સલાહ આપેલી કે 'ગામ છોડીને ચાલ્યા જજો. ગામમાં તમે સ્વમાનપૂર્વક રહી નહિ શકો. તમે શ્રીમંતાઈ અને શેઠાઈ ભોગવી છે. હવે નોકરી કરવાનો વખત આવ્યો છે. માટે ગામ છોડી જજો.' બાપુજીએ મુંબઈમાં આવી નોકરી સ્વીકારી અને અમારું કુટુંબ મુંબઈમાં આવીને વસ્યું.

પાંત્રીસથી પચાસની ઉંમર સુધી બાપુજીએ બહુ કપરા દિવસો જોયા હતા. મુંબઈની એક ચાલીની નાની ઓરડીમાં અમે છ ભાઈ, બે બહેન અને બા-બાપુજી એમ દસ જણ રહેતાં. ગુજરાન ચલાવવામાં, છોકરાંઓને ભણાવવામાં એમાં ઘણી તકલીફ પડી હતી. પરંતુ પછી વળતા દિવસો આવ્યા. દીકરાઓ ભણીને નોકરીધંધે લાગ્યા અને સારું કમાતા ગયા. નાની ઓરડીમાંથી ક્રમે ક્રમે છ મોટાં મોટાં ઘર થયાં. છેલ્લા પાંચ દાયકા એમણે પાછા ચડતીના જોયા.

આસરે પચાસની ઉંમર પછી, પોતાના દીકરાઓ નોકરીધંધે લાગી ગયા હતા અને ઘરનો કારભાર બરાબર ચાલવા લાગ્યો હતો ત્યારે બાપુજીએ સ્વેચ્છાએ નિવૃત્તિ સ્વીકારી લીધી હતી. આમ પણ કમાવામાં એમને બહુ રસ હતો નહિ. જેમ જેમ દીકરાઓ મોટા થતા ગયા તેમ તેમ એમને માથેથી આર્થિક જવાબદારી ઓછી થતી ગઈ હતી. પાસે પૈસા રાખવામાં એમને રસ નહોતો એટલે કોઈ દીકરા પાસે પૈસા માગવાનો પ્રશ્ન નહોતો. કદાચ કોઈક વાપરવા આપી જાય તો તેઓ

તરત દીકરીઓને અથવા પૌત્ર-પૌત્રીઓને આપી દેતા. બાપુજીએ પોતાના નામે બેંકમાં ક્યારે ખાતું ખોલાવ્યું નથી. પોતાના નામે કોઈ મિલ્કત ધરાવી નથી કે પોતે ક્યારેય ઇન્કમ ટેક્ષનું કોઈ ફોર્મ ભર્યું નથી.

પચાસની ઉંમર સુધી તેઓ લાંબો સફેદ કોટ અને ખાદીની સફેદ ટોપી, બહાર કોઈ પ્રસંગે જવું હોય તો પહેરતા. પણ પછી ટોપી અને કોટ છોડી દીધાં. પહેરણ અને ધોતિયું-એની બે જોડ જેટલો પરિગ્રહ રાખ્યો હતો. ગાંધીજીની સ્વાશ્રયની ભાવનાને અનુસરી તેઓ નાનપણથી પોતાના બે કપડાં પોતાના હાથે જ ધોઈ નાખતા. ૧૦૩મા વર્ષ સુધી આ નિયમ તેમણે સાચવ્યો હતો. જીવનના છેલ્લા વર્ષમાં સ્વજનોના આગ્રહને કારણે તેમણે પોતાનાં કપડાં ધોવાનું બંધ કર્યું હતું.

અમે છ ભાઈ અને બે બહેન. એમાં મારો ચોથો નંબર. દરેકને સંતાનો અને સંતાનોને ઘેર સંતાનો. આમ બાપુજીના કુટુંબના સભ્યોની સંખ્યા એકસોથી વધુ થાય. દરેકનાં નામ તેમને મોઢે. બધાંને યાદ કરે. થોડા મહિના પહેલાં એમણે પોતાની ચોથી પેઢીનાં લગ્ન જોયાં. આમ છતાં તેઓ અનાસક્ત રહેતા. પોતાના દીકરાઓ કે દીકરાના દીકરાઓ શો વ્યવસાય કરે છે અને કેટલું કમાય છે એ વિશે તેમણે ક્યારેય કોઈને પ્રશ્ન કર્યો નથી. કોઈની પાસે કશું માંગ્યું નથી. પોતે જ જ્યાં ધનસંપત્તિમાં રસ નથી ધરાવ્યો તો પુત્ર પરિવારનાં ધન સંપત્તિમાં ક્યાંથી રસ હોય ? બાપુજીનું જીવન એક સાધુ મહારાજ જેવું જીવન હતું. શાળામાં અને પાઠશાળામાં એમના એક સહાધ્યાયી તે ગચ્છાધિપતિ શ્રી રામચંદ્રસૂરિજી હતા અને પાઠશાળામાં એમના શિક્ષક શ્રી ઉજમશી માસ્તર જેઓ પછીથી પૂ. નીતિસૂરિ પાસે દીક્ષિત થઈ આગળ જતાં પૂ. ઉદયસૂરિ બન્યા હતા. આ બંનેના સંસ્કાર બાપુજીના જીવન પર પડ્યા હતા.

બાપુજીના અક્ષર સ્વચ્છ અને મરોડદાર હતા. એટલે એમના પિતાશ્રીનો અનાજ અને રૂ-કપાસનો વેપાર ધમધોકાર ચાલતો હતો ત્યારે નામું લખવાનું, રોજેરોજ ટપાલ લખવાનું કામ બાપુજીને સોંપાતું. પોતાની યુવાનીના આરંભમાં પંદરેક વર્ષ એમણે નિયમિત ટપાલો લખી હતી. તેઓ કહેતા કે ઘણુંખરું પોસ્ટકાર્ડ લખવાનો જ રિવાજ હતો અને એક પૈસાની ટિકીટવાળું પોસ્ટકાર્ડ ઠેઠ પેશાવર, રંગૂન કે કોલંબો સુધી જતું. ત્યારે બ્રિટીશ હકુમત હતી અને બર્મા અને શ્રીલંકા ભારતના એક ભાગરૂપ હતાં. રોજેરોજ ટપાલ લખવાને કારણે સેંકડો આડતિયાઓનાં નામ-સરનામાં એમને મોઢે હતાં અને મોટા ભાગના આડતિયાઓને ત્યાં પોતે ગુજરાત, રાજસ્થાન, પંજાબ, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં જઈ આવેલા. એટલે જીવનના અંત સુધી કોઈપણ ગામનું નામ આવે એટલે ત્યાંના આડતિયાઓના અને મોટા વેપારીઓનાં નામ તેઓ તરત યાદ કરી આપે. વળી ગામે ગામ રેલવે દ્વારા અનાજ મોકલાતું હોય અને આવતું હોય. એટલે પાદરાના રેલવે સ્ટેશને રોજનો એક આંટો હોય જ. રેલવેમાં દરેક સ્ટેશનનાં ત્રણ અક્ષરનાં મિતાક્ષરી નામ હોય. પારસલમાં એ લખવાં પડતાં. એ માટે રેલવેની છાપેલી ગાઈડ આવે છે. બાપુજીએ એવી ગાઈડ પણ વેપારાર્થે વસાવેલી. અનેક સ્ટેશનોનાં મિતાક્ષરી નામ પણ એમને આવડે. BCT એટલે બોમ્બે સેન્ટ્રલ અને AMD એટલે અમદાવાદ. કોઈપણ તાર કયા ગામેથી આવ્યો છે એ એમાં આપેલા મિતાક્ષરી નામ પરથી તેઓ તરત કહી આપતા. એમના વખતમાં ટપાલ ખાતાના તાર રેલ્વે સ્ટેશન દ્વારા થતા. ડોટ અને ડેશની-કડ-કટ્ટની સાંકેતિક તારભાષા પોતે શીખેલા અને તાર કરનારની પાસે પોતે ઊભા હોય તો ડોટ ડેશના અવાજ પરથી તેઓ સમજી શકતા કે તારમાં શું લખાય છે.

બાપુજીને પોતે ફરેલા એ દરેક સ્થળની વિગતો યાદ હોય. કેટલાક વખત પહેલાં દિલ્હી પાસે આકાશમાં બે વિમાનો અથડાઈ પડ્યાં હતાં અને તે ચક્કી દાદરી નામના ગામ પાસે પડ્યાં હતાં. ચક્કી દાદરીનું નામ સામાન્ય લોકો માટે તદ્દન અપરિચિત હતું. પરંતુ બાપુજી માટે અપરિચિત નહોતું. પોતાના યુવાનીના દિવસોમાં તેઓ ત્યાં અનાજની ખરીદી માટે ગયા હતા. ચક્કી દાદરીની બાજરી ત્યારે વખણાતી. ચક્કી દાદરીની મુલાકાતને યાદ કરતાં એમણે કહ્યું હતું કે પોતે ત્યાંથી વતન પાદરાની દુકાને જે તાર કર્યો હતો તે પ્રાસયુક્ત હતો: Buying Bajri from Chakki Dadri.

બાપુજીની પ્રકૃતિ હંમેશાં ગુણગ્રાહી હતી. તેઓ વારંવાર શિખામણ આપતા કે ઉપકારીનો ઉપકાર કદી ન ભૂલવો. કોઈની નિંદા કરવી નહિ. વાદવિવાદ થાય એવી વાતમાં પડવું નહિ. તેમના મુખેથી ક્યારેય કોઈની નિંદા થતી નહિ. તેઓ પોતાના ઉપર ઉપકાર કરનાર, એમની ફોઈના દીકરા ભાઈ ચંદુભાઈ દલાલને, એમનો દમનો રોગ કાયમનો મટાડનાર પારસી દાક્તર દારૂવાલાને તથા પોતાને નોકરી અપાવનાર પડોશી ચીમનભાઈને હંમેશાં યાદ કરતા.

બાપુજીનો પહેલેથી એવો નિયમ હતો કે કોઈને પણ એકવચનમાં 'તું' કહીને બોલાવતા નહિ. નોકર-ચાકરને પણ નહિ. પોતાના બધા દીકરાઓને તો 'ભાઈ' શબ્દ લગાડીને માનથી બોલાવતા, એટલું જ નહિ પૌત્ર અને પ્રપૌત્રને પણ માનથી બોલાવતા. મારા પુત્ર અમિતાભને તેઓ હંમેશા 'હીરાભાઈ' કહીને બોલાવતા. અમિતાભ પણ અમેરિકાથી બાપુજીને ફોન કરે તો 'હીરાભાઈ સ્પીકિંગ...' એમ જ કહે. બાપુજી નાનાં બાળકો સાથે પણ હસીને વાત કરે. પોતાની પાસે કાયમ દ્રાક્ષ અને પીપરમિન્ટ રાખે. એટલે એ લેવા છોકરાઓ આવે.

બાપુજીને જૂના જમાનાની કહેવતો ઘણી આવડતી. શબ્દરમત દ્વારા ગમ્મત કરવાનું પણ સારું ફાવતું. કોઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મળે તો પોતે કહે કે 'તમે તો કૉલેજમાં ભણીને સી. એ. થયા, પણ હું તો જન્મથી સી. એ. છું.' પછી સ્પષ્ટ કરતાં કે પોતે ચીમનલાલ અમૃતલાલ એટલે સી. એ. છે. કોઈ વાર કહેતા કે 'તમે હવે ટી.વી. જુઓ છો. હું તો ટી.વી.ની શોધ થઈ તે પહેલાં અમારા પાડોશમાં ટી.વી. જોતો.' પડોશમાં રહેતા ત્રિભોવન વિઠ્ઠલ તે ટી.વી. એમના જમાનામાં ઘણા ગામડાંઓમાં હાઈસ્કૂલ નહોતી. ગુજરાતી સાત ચોપડી સુધીની એંગ્લો વર્નાક્યુલર સ્કૂલ હોય. એને બધા એ.વી. સ્કૂલ કહે છે. બાપુજી એ દિવસોમાં કહેતા કે 'અમારા ગામમાં એ.વી. સ્કૂલ નહોતી, તો પણ મને એ.વી. સ્કૂલમાં ભણવા મળ્યું હતું.' એ.વી. એટલે એમના પિતાશ્રી અમૃતલાલ વનમાળીદાસ.

અમારા કુટુંબમાં કોઈ સારો પ્રસંગ હોય અથવા બહારગામ જવાનું હોય તો સહુ કોઈ બાપુજી પાસે એ માટે માંગલિક સાંભળતા. પ્રત્યક્ષ જવાનો સમય ન હોય તો છેવટે ફોન પર પણ માંગલિક સાંભળતા. છેલ્લા બે અઢી દાયકામાં બાપુજીનું ત્રીજા ભાગનું કુટુંબ વિદેશમાં સિંગાપોર અને અમેરિકામાં વસ્યું. ત્યાંથી પણ નવીનભાઈ, શૈલેશ, હીરેન, ઉન્મેષ, શુભા, અમિતાભ વગેરે ફોન કરીને બાપુજીનું માંગલિક સાંભળતા. બાપુજીના માંગલિક માટે બધાને એક પાકી શ્રદ્ધા થઈ ગઈ હતી. મારે પ્રવાસે વારંવાર જવાનું થતું. પરંતુ પ્રત્યેક વખતે અચૂક માંગલિક સાંભળીને જવાનું રાખ્યું હતું. ટેવમાં એ વણાઈ ગયું હતું. છેલ્લે અમે આફ્રિકા ગયા ત્યારે બાપુજીનું માંગલિક સાંભળીને ગયાં હતાં. બાપુજીનું એ માંગલિક અમારે માટે છેલ્લું હશે એવું ત્યારે લાગ્યું નહોતું. બાપુજીના સ્વર્ગવાસથી અમારા બધા માટે આ એક મોટી ખોટ રહેશે. હવે પ્રત્યક્ષ માંગલિક સાંભળવા નહિ મળે, પણ એ પુણ્યાત્માની દિવ્ય આશિષ તો અમારા પર સતત વરસતી રહેશે એવી સંપૂર્ણ શ્રદ્ધા છે !

**☐ રમણલાલ ચી. શાહ**

# 'રેકી' (રીકી) નિસર્ગોપચારનું એક અંગ છે ?'

□ ડૉ. મહેરવાન ભમગરા

આપણા દેશના રેકી યા રીકીના વિદ્યાર્થીઓ અને ચિકિત્સકો પોલા હોરેનના નામથી અને કામથી પરિચિત હશે જ, કારણ આપણા દેશમાં દાયકા પહેલાં રીકીને દાખલ કરનારાં એ બહેન સર્વ પ્રથમ વિદેશી રીકી માસ્તર હતાં. જન્મે અમેરિકન હોઈ, પોલાએ સાઈકોલોજિસ્ટ બનવાની ટ્રેનિંગ લઈને તેની પ્રેક્ટિસ અમેરિકામાં શરૂ કરી હતી. પરંતુ એ દરમ્યાન એક ડૉક્ટરે એમનું ધ્યાન 'યુનિવર્સલ લાઈફ-ફોર્સ એનરજી' યાને પ્રાણ-ઊર્જા-ચિકિત્સા અથવા જેને 'પ્રાણિક હીલિંગ' પણ કહે છે, તેના તરફ ખેંચ્યું. પોલા આ ચિકિત્સા તરફ ખૂબ જ આકર્ષાયાં અને એનો ઊંડો અભ્યાસ કરી એમાં માસ્ટર બન્યાં. રીકી વિષે એમણે ઘણું બધું લખ્યું છે, ઘણી કાર્યશાળાઓ પણ યોજી છે, અને હજારો દર્દીઓને એનો લાભ મળ્યો છે. પોલા હોરન ગયે વર્ષે એપ્રિલમાં મુંબઈ આવ્યાં હતાં, તે એમનાં નવાં પુસ્તકનાં પ્રકાશન અંગે જે પુસ્તકનું ટાઈટલ છે : 'રીકી: ૧૦૮ પ્રશ્નોત્તર'.

પરંતુ પોલા હોરન રીકીનો જ પ્રચાર કરે છે, એવું અહીંના રીકી માસ્ટરો માનતા હોય, તો તે માસ્ટરો ભીંત ભૂલે છે. પોલા તો સ્વાશ્રયી ચિકિત્સા પદ્ધતિઓનો પ્રચાર કરે છે, જેમાં રીકી ઉપરાંત અનેક ચિકિત્સા-પદ્ધતિઓ આવરી લે છે. ડૉક્ટરો, દવાઓ, હાઈ-ટેકનોલોજી આધારિત મેડીકલ ડાયાગ્નોસ્ટિક પદ્ધતિઓ, આશ્ચર્યચકિત થઈ જવાય એવી વાઢકાપ, વગેરે પર ઓછામાં ઓછું અવલંબન રાખી આપણે આપણી તંદુરસ્તીની જાળવણી જાતે જ કરતાં શીખીએ, એ વાત પર જ હોરનબેન ભાર મૂકે છે. એમને મન તો રીકી એટલે આપણા સ્વાસ્થ્ય અંગે આપણે જ બહાર પાડેલું 'જાત-મહેનત-ઝીંદાબાદ'નું જાહેરનામું! પોલા હોરન તો નૃત્ય-ચિકિત્સા પણ શીખ્યાં છે, અને માર્શીઅલ આર્ટ પણ ! કેટલાંક દર્દીઓને આવી ચિકિત્સાઓ પણ એ ફરમાવે છે. એ 'ટાઈ-ચી' પણ શીખ્યાં છે, અને તે પણ ક્યારેક પ્રિસ્ક્રાઈબ કરે છે ! નેચરોપેથોની જેમ પોલા અપક્વ આહારના પણ ભારે હિમાયતી છે, જે બાબત એમનું 'એમપાવરમેન્ટ થ્રુ રીકી' પુસ્તક વાંચીએ તો ખબર પડે. એલોપેથિક ડૉક્ટરોની જેમ 'એ પીલ ફોર એવરી ઈલ'ની ફોર્મ્યુલામાં પોલાબેનને સહેજ પણ વિશ્વાસ નથી. આધુનિક કન્ઝ્યુમર યુગમાં પોલા માને છે કે આપણે વેલ-ઈન્ફોર્મ્ડ કન્ઝ્યુમર બનવું જોઈએ, અને ગમે એટલો નિષ્ણાત ડૉક્ટર કેમ ન હોય, એમનાં સલાહ-સૂચન કદી પણ બ્રહ્મ-સત્ય માની કે સ્વીકારી લેવાની ભૂલ કરવી ન જોઈએ. રસ્તામાં મોટરગાડીના અકસ્માતમાં હાડકાં ભાંગી જાય અને ટ્રોમા-સરજરી કરાવવી પડે તેમાં તાત્કાલીન ચિકિત્સા 'રીકી' ન હોય એ વાત સ્વીકારવી પડે, પરંતુ ઘણીખરી બીમારીઓમાં એલોપેથિક ઉપાયોની, દવા, ગોળી, ઇંજેક્શનો, વગેરેની કોઈ જ આવશ્યકતા નથી, એ પણ જાણી લેવું એટલું જ જરૂરી છે.

લોકો પોતાની બીમારીઓ કે મોટી માંદગીઓના ઈલાજ, નિર્દોષ ચિકિત્સા પદ્ધતિઓમાં શોધે, અને શારીરિક, માનસિક, તેમજ આધ્યાત્મિક દૃષ્ટિકોણથી ઉપચારો કરીને સંપૂર્ણ સ્વાસ્થ્ય મેળવે, એ માટે પોલા હોરન ઘણા દેશોમાં પ્રચાર અર્થે ફરતાં રહે છે; એમનાં મિત્રો અને ભૂતપૂર્વ દર્દીઓ એમની શિબિરોનું આયોજન વર્ષોવર્ષ ભિન્નભિન્ન દેશોમાં કરતાં રહે છે. એમનું પુસ્તક 'એમ્પાવરમેન્ટ થ્રુ રીકી' પંદર ભાષાઓમાં પ્રકાશિત થઈ ચૂક્યું છે.

પોલા હોરનનો પોતાનો મેડિકલ ઈતિહાસ કોઈ પણ અસાધ્ય દર્દના દર્દીને પ્રેરણા આપે એવો છે. એમને વાઈ ('એપીલેપ્સી') નો રોગ વર્ષો સુધી પરેશાન કરતો રહ્યો, જેને માટે ડૉક્ટરોએ ફરમાવેલાં ડ્રગ્સ એ લેતાં રહ્યાં, કારણ બીજા કોઈ ઈલાજની એમને ખબર નહોતી. એમને એક વેળા કેન્સરની ગાંઠ પણ થયેલી, જે 'ટ્યુમર'ને એમણે સર્જિયનની સલાહ અનુસાર કપાવી નાખેલી, પરંતુ ત્યાર પછી એમને અન્ય ચિકિત્સા પદ્ધતિઓની અકસીરતા વિષે જાણકારી મળી ચૂકી હતી. કમનસીબે બીજી વેળા પાછી કેન્સરની જ ગાંઠ થઈ, જે માટે એમણે સર્જરી ન કરાવતાં, કાચા (રાંધ્યા વિનાના) ખોરાક, જેવા કે ફળ યા ફળરસ, કાચાં કચુંબર, શાક-તરકારીઓના રસ, કાચા અંકુરિત ધાન્ય, વગેરે આરોગીને એ ટ્યુમર જે મેલીગ્નન્ટ હતી તેને દૂર કરી હતી. કાળજીપૂર્વક ખાનપાન, રહેણીકરણી, વગેરેમાં સુધારો કરવા છતાં એમને ત્રીજી વાર પણ મેલીગ્નન્ટ ટ્યુમર થઇ, જેને માટે ફરી પાછો કાચો આહાર અપનાવ્યો, પરંતુ વધારામાં રીકી પણ કર્યું અને સ્વસ્થ થઈ ગયાં. આ કેન્સરની ગાંઠો વિષે નિખાલસતાથી વાત કરતાં, પોલાબેન કહે છે કે રોગ પાછળનાં મૂળ કારણોની તપાસ જાતે જ શક્ય હોય એટલી કરવી જોઈએ, અને નહિ કે ફક્ત પેથોલોજિકલ રિપોર્ટ પર, યા કોઈ સ્પેશિયાલિસ્ટના અભિપ્રાય પર જ આધાર રાખી એની સલાહનો ઉતાવળે અમલ કરવો. ખોટા ખાનપાનની આદત તો સર્વ-વ્યાપી છે, જેને કારણે જ અનેક રોગો ઉત્પન્ન થાય છે. માનસિક સંતુલન ગુમાવી દેવાને કારણે, કે માનસિક આઘાતને કારણે પણ ઘણા રોગો ઉદ્‌ભવે છે. માટે રોગનાં જે કારણો પ્રમાણિકતાથી જાત-અન્વેષણ કરીને શોધી શકાય તે શોધીને તેને જડમૂળથી દૂર કરવાં જોઈએ. પોલાબેન કહે છે : 'મારી કેન્સરની એક ગાંઠ મારા વહાલા ભાઈનાં અકાળે થયેલા અવસાનના આઘાતને કારણે થઈ હતી, એમ હું માનું છું. બીજી વેળાની ગાંઠ મારા પ્રેમી સાથેનો સંબંધ તૂટી જતાં જે ડિપ્રેશન મને આવ્યું, તેને કારણે થઈ હતી એવું મારું નિદાન છે. ઘણા કિસ્સાઓમાં કેન્સર યા અન્ય મહારોગ આપણા પ્રિયજનની ચિર-વિદાય યા અન્ય પ્રકારના માનસિક આઘાતને કારણે થતા જોવા મળે છે. લવ-ફેઈલ્યોરને કારણે ક્યારેક હાર્ટ ફેઈલ જેવી દુર્ઘટના પણ બનતી હોય છે. કોઈ પ્રિયજન પ્રત્યેના પ્રચંડ આક્રોશને કારણે પણ કોઈ મોટા રોગમાં કોઈ અગત્યનું અંગ-હૃદય, જઠર, આંત, પેન્ક્રીઆસ યા અન્ય-સપડાઈ જાય એવું બને છે. મગજની કોઈ રક્તનળી તૂટી જઈને પક્ષાઘાત, લકવો પણ થઈ શકે છે.'

પોલાબેન માનવમાત્રની પરતંત્ર રહેવાની વલણની સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢે છે. એ કહે છે કે આપણે ગાડરીઆ પ્રવાહમાં તણાઈ ન જતાં, પોતાનાં જીવનની લગામ, પોતાના જ હાથમાં રાખી, સ્વતંત્ર વિચાર-શૈલીથી સમગ્રજીવનનું આયોજન કરવું જોઈએ. ધાર્મિક ગણાતી માન્યતાઓ હોય તેને પણ અંધ-વિશ્વાસથી સ્વીકારવી ન જોઈએ, હંમેશ ધ્યાન રાખવું જોઈએ કે પંચ ત્યાં પરમેશ્વર નહિ, શેતાન પણ હોઈ શકે. બહુમતી સાચી નહિ, જૂઠી પણ હોઈ શકે. તે જ પ્રમાણે ગમે તેટલો

નિષ્ણાત ડૉક્ટર હોય તો તે પણ આપણા રોગનાં નિદાનમાં ખોટો હોઈ શકે અને તે જે ઉપચાર ફરમાવે તેનાથી આપણને લાભ નહિ, નુકસાન જ થઈ શકે. પોલાબેન સ્પષ્ટ કહે છે: 'ડૉક્ટરો કોઈ ભગવાન નથી.' એ લોકને તાબે આપણાં શરીરને મૂકવા કરતાં, આપણું સ્વાસ્થ્ય આપણા હાથમાં જ છે તે સમજી લઈ, આરોગ્ય બાબત સ્વ-નિર્ભર થઈ જવું જોઈએ. અલબત્ત, એ માટે આરોગ્યના નિયમો જાણી લઈ, આહાર, વિહાર, વ્યાયામ, આરામ વગેરે શરીરને ક્યારે, કયા પ્રકારે, કેટલી માત્રામાં આપવાં છે, તેનો ઊંડો અભ્યાસ કરતા રહેવું જોઈએ. માનસિક આરોગ્ય સારું રહે તે માટે માનસિક સંતુલન જાળવવાની ટેકનીક પણ શીખી લઈ, તેનો રોજિંદો અમલ કરતા રહેવું જોઇએ.

આપણા શરીરની વેદનાઓ અને સંવેદનાઓ એ આપણા શરીરની વાણી છે; એને સાંભળવાની ટેવ પાડવી જોઈએ. શરીર સત્યવાદી જ છે. મન જૂઠવાદી હોઈ શકે છે; મન મર્કટ, ચંચલ, અસ્થિર છે, મન અવળચંડાઈ કરી શકે છે; આપણને એ ગેરરસ્તે દોરી જઈ શકે છે. પોલાબેન અમેરિકામાં દર અઠવાડિયે પ્રોઝેક નામની એન્ટી-ડિપ્રેશનની દવાનાં જે પાંચ લાખ ઉપરાંત પ્રિસ્ક્રિપશનો લખાય છે, તે અંગે ચિંતિત છે. ડિપ્રેશન એટલે માનસિક અંધકારનું નર્ક, જેનું કારણ 'રીપ્રેશન ઓફ ફીલીંગ' હોઈ શકે છે. ખોટા પ્રકારની લાગણી હોય તો તેને તટસ્થ ભાવે માત્ર જોતા રહેવાથી તે દૂર થઈ શકે છે. ભારત દેશમાં 'સ્ટ્રેસ', તણાવની ફરિયાદ વ્યાપક બને, અને પીલ-પોપિંગ કલ્ચર'નો ફેલાવો પશ્ચિમના દેશો જેટલો થવા લાગે તો ભારતવાસીઓ આવતાં વર્ષોમાં વધુ રોગ-ગ્રસ્ત બની જશે. બીજી તરફ, જે રીતે રીકીનું વ્યાપારીકરણ થયું છે તેનાથી પણ તેઓ નારાજ છે. તેઓ કહે છે કે 'દશ વર્ષ પહેલાં હું ભારત આવી ત્યારે મેં મારી પહેલી રીકી-શિબિરો અહીં મુંબઈમાં લીધી હતી. મેં રીકીને ધંધાકીય દ્રષ્ટિએ મૂલવવાની વાત કદી કરી જ નહોતી. રીકી 'બીગ બીઝનેસ' બને એ શરમ અને ખેદની વાત છે.'

પોલા હોરન પોતાની ખફગી જાહેર કરતાં એમ પણ કહે છે કે આ શહેરના કેટલાક કહેવાતા રીકી માસ્ટરો જે કાંઈ શીખવે છે તે નોન-સેન્સ છે! થોડા મહિનાની અપૂર્ણ માહિતી મેળવી તે લોક પોતે શિક્ષક બની બેસે છે. અને વિદ્યાર્થીઓને લૂંટવાનો ધંધો શરૂ કરી દે છે. It is a rip-off પહેલું તો, તમારો સાચો ગુરુ હશે તો તે ગુરુના ગુરુઓની વંશાવલી, પરંપરાનો ઈતિહાસ શોધતાં તમને ડૉ. મીકાઓ ઉસ્વી નામના અસલ જાપાની રીકી માસ્ટરનું નામ જાણવા મળશે. ડૉ. મીકાઓ ઉસ્વી આધુનિક રીકીના એકમાત્ર જાપાનીઝ પ્રણેતા છે. બીજી અગત્યની વાત એ છે કે તમારા શિક્ષકનો પોતાનો રીકી ક્ષેત્રમાં અનુભવ ઓછામાં ઓછો ત્રણ વર્ષનો હોવો જોઈએ. અને ત્રીજો મુદ્દો એ કે પહેલી પછી બીજી, અને બીજી પછી ત્રીજી ડીગ્રી ઝટપટ, અલ્પ અભ્યાસમાં તમને અપાવી દેવાની, અને એ રીતે પોતાની હજારો રૂપિયાની ફી ઝટપટ વસુલ કરી લેવાની તાલાવેલીમાં જો તમારો શિક્ષક હોય, તો એ સાચો ગુરુ નથી.

પોલા તો એમ કહે છે કે તમારા જે કોઈ ડૉક્ટર કે ચિકિત્સક હોય, એની બધી જ સલાહ-સૂચનાઓ આંખ મીંચીને સ્વીકારી લેશો નહિ. એ ડૉક્ટરનાં સૂચનો, પ્રિસ્ક્રિપશન પર લખાયેલી દવાઓની આડઅસરોની જાણકારી, સર્જરી કરાવવા કહે તો તેના ભવિષ્યમાં થનારા ગેરફાયદા, વગેરે અંગે ડૉક્ટરને ખૂબ જ પ્રશ્નો કરો. તમને વાઢકાપની ભલામણ કરાય તો પણ તમે એ માટે સર્જિયનની મોટી ફી આપી શકો એમ નથી એમ કહીને ડૉક્ટરના ઉત્તરથી એવા નિર્ણય પર આવી શકો કે 'મને સર્જરીની સાચી જરૂર નથી.' ઘણાં ડૉક્ટરો અપ્રમાણિક જાણવા મળશે.

પોતાની જ વાત કરતાં પોલા હોરન કહે છે: 'મેં તો મારાં સ્વાસ્થ્યની જવાબદારી પોતાને માથે લઈ લીધી છે. હું જંક-ફુડ, હાનિકારક ફાસ્ટફુડ ખાતી નથી; એનાથી દૂર રહેવા દરેક દર્દીને સલાહ આપું છું. સાત્ત્વિક ખોરાક વિના કોઈ નિરામય થઈ શકે નહિ. સવાર અને સાંજ, ૨૦-૨૦ મિનિટ હું રીકી કરું છું. મારા હાથની હથેળીઓ શરીરના જુદા-જુદા ભાગો પર મૂકીને 'લાઈફ-ફોર્સ' ઊર્જાનો અનુભવ હું રોજ કરું છું. વર્ષો પહેલાં, હું ભટકતા મનવાળી, બેકાબુ મનવાળી, વિચારો પર કોઈપણ નિયંત્રણ વિના જીવનારી, વ્યક્તિ હતી. રીકી અપનાવી, પ્રયત્ન કરતા રહેવાથી, મને શાંતિ ઉપલબ્ધ થઈ છે, અને એ મારી સૌથી અમૂલ્ય મૂડી છે! સૌ કોઈને એ શાંતિ ઉપલબ્ધ થાય એવી મારી પ્રાર્થના છે. શાંતિ! શાંતિ! શાંતિ!'

❖❖❖

# त्वमेव भर्ता न च विप्रयोग:

**□ ડૉ. રણજિત પટેલ (અનામી)**

તે કાળે માંડ દશેકની મારી વય. મારાં ફોઈ મધુર કંઠે, હાવભાવ સાથે મીઠી હલકથી આ ગીત ગાયા કરે:

'લવંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યા જો,

ફુલ કેરે દડૂલડે સીતાએ વેર વાળ્યાં જો.'

પ્રથમ તો મને એ સમજાય નહીં કે ભગવાન રામ જેવા રામ પણ સતીમા જેવી સીતા સાથે કજિયો કરે! બીજું, માંડ નખ જેવડા લવંગની લાકડીએ મરાય શી રીતે?' ને હળવા, કુમળા ફૂલ-દડે વેર વળાય શી રીતે? મીઠા કલહ દ્વારા પણ, પ્રસન્ન દામ્પત્ય જીવનમાં પ્રગાઢ સ્નેહની આવી રમણીય અભિવ્યક્તિ થઈ શકે એનો ખ્યાલ એ વયે આવે પણ શી રીતે?

કૉલેજમાં કવિવર કાલિદાસનું મહાકાવ્ય 'રઘુવંશ' અને ભવભૂતિનું 'ઉત્તરરામચરિત' નાટક ભણ્યા ત્યારે 'હૃદય માત્ર જાણે છે, પ્રીતિ-યોગ પરસ્પરનો' ખ્યાલ આવ્યો ને લવંગની ને ફૂલની પ્રતીકાત્મક પરિભાષા સુપેરે સમજાઈ.

સ્વામી વિવેકાનંદે એક સ્થળે એવી મતલબનું કહ્યું છે કે ભારતીય આર્યનારી સમક્ષ સીતાનો જે આદર્શ છે તે પછી બીજા કોઈ આદર્શની શી જરૂર છે? અગ્નિને પણ પાવન કરે એવી સીતા માટે કવિવર કાલિદાસે 'રઘુવંશ'ના ચૌદમા સર્ગના ૭૪મા શ્લોકમાં વાલ્મીકિના મુખમાં આવા શબ્દો મૂક્યા છે:-

धूरि स्थिता त्वं पतिदेवतानां । મતલબ કે 'પતિવ્રતામાં સહુથી તું

પહેલી.'

પણ કૈં કૈંનાં ભવનાં બંધન તોડી નાખે એવા જનક વિદેહી જેના પિતા છે, દશરથ જેવા સમર્થ જેના સસરા છે ને એકવચની જેનો પતિ છે તેવી પતિવ્રતા સીતાની કેવી દુર્દશા થાય છે !

લોકાપવાદના ભયે ડરી જઈ, પ્રજાના અનુરંજનાર્થે તથા ધર્મ ને વર્ણાશ્રમના પાલન કાજે દોહદને નિમિત્ત બનાવી, એકવાર અગ્નિ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલી એવી બે જીવવાળી સતી સીતાનો પતિ નહીં પણ રાજા રામ નિર્મમપણે ત્યાગ કરે છે. પતિને સદૈવ પ્રિયતમ કે આર્યપુત્ર કહી સંબોધનારી સતી સીતા, વનમાં, નિ:સહાય છોડીને જતા લક્ષ્મણને પુણ્ય પ્રકોપની વાણી સંભળાવે છે :-

वाच्यस्त्वया मद्वचनात्सं राजा ।

'ને વેણ કહેજે મુજ રાજને એ.'

પતિ, પ્રિયતમ કે આર્યપુત્ર નહીં પણ રામ રાજાને, રાજા રામને ! એની દલીલ સ્પષ્ટ છે :-

'તું સંમુખે અગ્નિથી વિશુદ્ધ થૈ છતાં

લોકાપવાદે મુજને ત્યજી, એ

પ્રસિદ્ધ તારા કુલને શું છાજે ?

❖❖❖

અને આદિકવિ વાલ્મીકિ પણ સતી સીતાના જ પક્ષમાં છે. ટીટોડીની માફક વિલાપ કરતી સીતાને તે કહે છે:

'મિથ્યાપવાદે અકળાઈ રામે

તજી તને જાણું સમાધિથી હું.'

❖❖❖

કાઢ્યો છે કાંટો ત્રણ લોકનો, ને

બડાઈ વહોણા; નિજ બોલ્યું પાળતા;

છતાં વિના કારણ આવું વર્ત્યા,

તું સાથ એ, તેથી ઘણો હું રોષમાં.

वस्त्येव मन्युर्भरताग्रजे मे । રામના દોષથી ભલા ! વાલ્મીકિ જેવા ઋષિને જો આવો રોષ જન્મે તો આપણા જેવા સંસારીઓની શી કથા ?

સાચું કહું ? ૧૯૪૦માં જ્યારે હું 'રઘુવંશ' ભણતો હતો ત્યારે આ પ્રસંગ આવતાં ગદ્‌ગદ્ થઈ ગયેલો ને પેલું ગીત સાચું લાગે છે:

'રામ ! તમે સીતાજીની તોલે ન આવો !'

માનવજીવનમાં એવાય કટોકટીના કેટલાક પ્રસંગો આવે છે જ્યારે બે કર્તવ્યોમાંથી એકની પસંદગી કરવામાં વિવેક ગોથું ખાઈ જાય ને ધર્મરાજ યુધિષ્ઠિર જેવા પણ 'नरो वा कुंजरो वा' ની નીતિ અપનાવી બેસે ને એમનો રથેય રજોટાય !

આવી પરિસ્થિતિમાં પણ પતિના દોષ નહીં જોનારી સતી નિજ કર્મને નિંદે છે:-

ममैव जन्मान्तरपावकानां

विपाक विस्फूर्जथुर प्रसह्य ॥

'ગયા ભવે મેં જ કરેલ પાપનું

અસહ્ય છે આ ફળ વજ્ર-ઘા સમું.'

અને સીતાની જેમ રામ પણ તપ કરતા શુદ્રકના અન્યાયી (?) વધને પોતાની વક્ર નિયતિનું કારણ દર્શાવી શકે ! રઘુકૂળના રાજા દિલીપ અને મહારાજા દશરથને આવા શાપ નડ્યા છે અને રઘુકૂળનો છેલ્લો રાજા અગ્નિવર્ણનો કરુણ અંત પણ અતિ વિલાસના શાપેને પાપે જ થયો.

રામ-વિયોગે જીવન્મૃત સીતા, નિજ પિતા સમા વાલ્મીકિના આશ્રમમાં જીવે છે તો ખરી પણ એ જિજિવિષાનું ખરું કારણ દેહમોહ-જીવનમોહ નહીં પણ રઘુકૂળનો અંકુર એના ઉદરમાં પલ્લવિત થઈ રહ્યો છે તે ન્યાસને જતનપૂર્વક જાળવી, એના સાચા સ્વામીને પરત કરવાનો છે. તે કહે છે :

स्याद्रक्षणीयं यदि मे न तेज

स्त्वदीय मन्तर्गत मन्तराय ॥

'જો હોત ના આડશરૂપ કૂખમાં

તારું વસ્યું તે જ રખોપવાનું'.

આટલી બધી અવમાનના, અવહેલના વેઠવા છતાંય, સીતાને જ્યારે એ વાતનું અભિજ્ઞાન થાય છે કે:-

સીતા ત્યાગી, પણ પુનરપિ લગ્ન કીધું ન રામે,

સીતાની જ પ્રતિકૃતિ કને રાખીને યજ્ઞ કીધો.

ત્યારે તે કરુણ અતીતને એક દીર્ઘ દુ:સ્વપ્ન સમજી બધું જ ભૂલી જાય છે ને ભવોભવ રામ જ પોતાના પતિ રહે:-

त्वमेव भर्वा...પણ न च विप्रयोग : આ ભવે વેઠેલો વિયોગે કોઈ પણ ભવે નહીં... એ પ્રાર્થના સાથે.

અત્યાધુનિક નારીને સીતાનો આ આદર્શ કેટલે અંશે રુચશે કે કઠશે-કષ્ટશે...રામ જાણે !

પણ જ્યારે વિપ્રયોગ...વિયોગની જ વાત આવી છે તો આજની એકદમ અદ્યતન શિક્ષિત-સંસ્કારી નારીના વિયોગ અંગેના અભિગમની સાચી વાત અહીં કહી દઉં. સંયોગ કરતાં વિયોગમાં ઘણીવાર સાચા પ્રેમની કસોટી થતી હોય છે ને એમાંય પુરુષની તુલનાએ સ્ત્રીને એ વધુ વિષમ રીતે સાલતો હોય છે. એકવાર પતિ-પત્ની મંદિરમાંથી દર્શન કરી બહાર આવ્યાં ને કુતૂહલવશાત્ પતિએ પત્નીને પૂછ્યું: 'ભગવાન પાસે તેં શું માગ્યું ?' પત્નીએ કહ્યું: 'એ બધું જાણીને તમારે શું કામ છે ?' પત્નીના આવા જવાબથી પતિનું કુતૂહલ વધ્યું ને ભગવાન ને પોતાના સમ દઈ સાચું કહેવા કહ્યું...તો સહેજ પણ સંકોચ વિના પત્નીએ કહ્યું: 'મેં ભગવાનને એવી પ્રાર્થના કરી કે હે કૃપાળુ પરમાત્મા ! તું અમારી જોડી અખંડિત રાખજે. પણ જીવન નાશવંત છે...એટલે એનો કોઈક કાળે અંત તો આવવાનો જ...જ્યારે આવી અનિવાર્ય સ્થિતિ આવે ત્યારે તું મોભને પ્રથમ લઈ લેજે', વળીને પછીથી.' પતિ બોલ્યા: 'એનો અર્થ તો એ થયો કે તેં પ્રથમ મારા મૃત્યુની પ્રાર્થના કરી. પત્નીએ કહ્યું 'હા' પતિએ પૂછ્યું: 'કારણ ?' કારણમાં પત્નીએ કહ્યું : 'જુઓ આપણામાં પતિ જીવતો હોય ને પત્નીનું અવસાન થાય તો તે સૌભાગ્યવંતી ગણાય છે...અને પતિ પ્રથમ જાય તો વિધવા ગણાય. પણ પત્નીનું પ્રથમ મરણ થતાં પાછળથી વિધુર પુરુષની શી દશા થાય છે તેનો કોઈએ વિચાર કર્યો છે ? એને ઘરનું કશું જ કામ ન આવડે...કેવી મોટી લાચારી ! જ્યારે વિધવા તો બધું એની મેળે ફેડી લે છે ને ઘરકામ-ભક્તિ-સત્સંગમાં પતિનો વિયોગ સહ્ય બનાવી જીવન જીવ્યે જાય છે. આવા ખ્યાલથી મેં એવી શુભ-પ્રાર્થના કરી. તમારી લાચારીને કેન્દ્રમાં રાખીને.' ગહન દામ્પત્ય સ્નેહની આ પણ એક અભિવ્યક્તિ છે.

❖❖❖

# વિકલાંગોને પુનઃ સ્થાપિત કરતી ભાવનગરની પી. એન. આર. શાહ સોસાયટીને આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી

*(આ પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળા દરમિયાન દાતાઓને અપીલ કરીને ભાવનગરની પી. એન. આર. શાહ સોસાયટીને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે આશરે રૂપિયા ઓગણીસ લાખ એકત્ર કરવાનું અમારું લક્ષ્યાંક પૂર્ણ થયું છે.......મંત્રીઓ)*

૧૨૫૦૦૦ મે. પી. ડી. કોઠારી એન્ડ કાં., હસ્તે શ્રી પીયૂષભાઈ અને ચંદ્રાબહેન કોઠારી
૧૦૦૦૦૦ શ્રી રમાબહેન નરેન્દ્રભાઈ કાપડિયા, સ્વ. નરોત્તમદાસ ભાણજી કાપડિયા અને સુરજબહેન ન. કાપડિયાના સ્મરણાર્થે
૧૦૦૦૦૦ શ્રી રમાબહેન નરેન્દ્રભાઈ કાપડિયા, સ્વ. હર્ષદરાય નરોત્તમદાસ કાપડિયા તથા સ્વ. હરકીશનદાસ નરોત્તમદાસ કાપડિયા તથા સ્વ. નરેન્દ્ર નરોત્તમદાસ કાપડિયાના સ્મરણાર્થે
૧૦૦૦૦૦ શ્રી સરોજબહેન બાબુભાઈ ઘાટલિયા
૧૦૦૦૦૦ શ્રી કાન્તિલાલ નારણદાસ તળાજાવાળા
૧૦૦૦૦૦ સ્વ. શ્રી પરમાણંદભાઈ કુંવરજી કાપડિયાના સ્મરણાર્થે એમના પરિવાર તરફથી
૫૪૦૦૦ શ્રી સોમચંદ્ર ચુનીલાલ શાહ પરિવાર તરફથી હસ્તે પ્રમોદભાઈ
૫૧૦૦૦ મે. કોનવેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦૦ શ્રી રમાબહેન નરેન્દ્રભાઈ કાપડિયા, સ્વ. અજય નરેન્દ્રભાઈ કાપડિયાના સ્મરણાર્થે
૪૪૦૦૦ ડૉ. રજ્જૂ એન. શાહ, શ્રી વર્ષા આર. શાહ. કુ. હેતલ આર. શાહ તથા કુ. અંકિતા આર. શાહ
૨૫૦૦૦ મે. અમરસન્સ કલેક્શન-બ્રીચ કેન્ડી
૨૫૦૦૦ મે. અમીચંદ આર. શાહ
૨૫૦૦૦ શ્રી લાલજી વેલજી એંકરવાલા ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫૦૦૦ શ્રી ભારતી ભૂપેન્દ્ર શાહ સ્વ. લીલાવતી હિંમતલાલ શાહના સ્મરણાર્થે
૨૪૦૦૦ શ્રી રમાબહેન કાંતિલાલ દેશાઈ તરફથી સ્વ. કેશવલાલ ચોકસી, સ્વ. વિનોદભાઈ ચોકસી તથા સ્વ. ધનકુંવરબહેન ચોકસીના સ્મરણાર્થે હસ્તે શ્રી વર્ષાબહેન આર. શાહ
૨૧૦૦૦ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા
૨૧૦૦૦ શ્રી ગિરધરલાલ જીવણદાસ [illegible]
૨૧૦૦૦ શ્રી અને શ્રીમતી જનકભાઈ દોશી
૧૫૦૦૦ શ્રી હસમુખભાઈ ગુલાબચંદ શાહ અને શ્રી ભાનુમતી હસમુખલાલ શાહ
૧૫૦૦૦ શ્રી નીતિ મહેતા
૧૫૦૦૦ એગ. જે. ઈન્ડસ્ટ્રીઝ લિ.
૧૫૦૦૦ મે. અજમેરા બ્રધર્સ
૧૫૦૦૦ શ્રી ધીરજલાલ એલ. અજમેરા
૧૦૦૦૦ શ્રી મધુકાન્તા ડી. અજમેરા
૧૦૦૦૦ શ્રી જયેશ ડી. અજમેરા
૧૨૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૧૦૦૦ શ્રી શર્મીબહેન પ્રવીણભાઈ ભણશાલી (ગિરનાર એક્ષપોર્ટ)
૧૧૦૦૦ શ્રી ઘેલાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦૦ શ્રી હર્ષદભાઈ કાપડિયા અને શ્રી રેખાબહેન કાપડિયા
૧૦૦૦૦ શ્રી રમેશભાઈ અમરતલાલ મહેતા
૧૦૦૦૦ શ્રી મેઘજી હીરજી શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦૦ શ્રી જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦૦ શ્રી જયંતીલાલ એમ. કોઠારી ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦૦ શ્રી કમળાબહેન શશિકાન્ત પત્રાવાળા
૧૦૦૦૦ શ્રી આશિતા એન્ડ શાંતિલાલ શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૯૦૦૦ ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તથા પ્રા. તારાબહેન ર. શાહ
૯૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૯૦૦૦ શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ
૯૦૦૦ શ્રી નીરુબહેન અને શ્રી સુબોધભાઈ શાહ
૯૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૯૦૦૦ શ્રી રમાબહેન જયસુખલાલ વોરા
૯૦૦૦ શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
૯૦૦૦ શ્રી હીરાબહેન જયંતીલાલ મહેતા હસ્તે દિલીપભાઈ મહેતા
૯૦૦૦ શ્રી લલિતાબહેન નવલચંદ મોદી
૯૦૦૦ શ્રી રમણલાલ નગીનદાસ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૯૦૦૦ શ્રી રશ્મિબહેન જયસુખલાલ પારેખ
૯૦૦૦ શ્રી પંકજભાઈ વિસરીયા, સ્વ. ગોસરભાઈ વિસરીયાના સ્મરણાર્થે
૯૦૦૦ શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૯૦૦૦ શ્રી હર્ષરંજન ચેરિટેબલ ટ્રસ્ટ
૯૦૦૦ શ્રી સૂરજબેન વોરા ચેરિટેબલ ટ્રસ્ટ
૯૦૦૦ શ્રી અપૂર્વ એલ. સંઘવી
૯૦૦૦ સ્વ. ભાનુમતિ મહેન્દ્રભાઈ સંઘવી (વેન્ગાર્ડ સ્ટુડિયો)
૭૫૦૦ શ્રી ઈશ્વર વિજય ચેરિટેબલ ટ્રસ્ટ
૬૦૦૦ શ્રી કાંતિલાલ મણીલાલ સોનાવાલા ચેરિટેબલ ટ્રસ્ટ
૬૦૦૦ શ્રી રતિલાલ ઓધવજી ગોહિલ ચેરિટેબલ ટ્રસ્ટ
૬૦૦૦ શ્રી સંતોકબા જેઠાલાલ દેસાઈ ચેરિટેબલ ટ્રસ્ટ
૬૦૦૦ શ્રી રમાબહેન જયંતીલાલ હસ્તે રમણલાલ ફતેહચંદ
૬૦૦૦ શ્રી નોવા પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.
૬૦૦૦ શ્રી મંજુલાબહેન રમણલાલ શાહ
૬૦૦૦ શ્રી વિક્રમ રમણલાલ શાહ
૬૦૦૦ શ્રી હર્ષા વિક્રમ શાહ
૬૦૦૦ શ્રી ડૉ. પૂર્વી પ્રવીણ કોન્ટ્રાક્ટર
૬૦૦૦ શ્રી મહેતા પરિવાર
૬૦૦૦ શ્રી હીરાબાઈ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે મીરાબહેન મહેતા
૬૦૦૦ શ્રી કાકુભાઈ સી. મહેતા
૬૦૦૦ શ્રી વિનુભાઈ યુ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૬૦૦૦ શ્રી વકીલ ઉમેદચંદ બેચરદાસ ચેરિટેબલ ટ્રસ્ટ
૬૦૦૦ શ્રી શાંતિલાલ એમ. મહેતા
૬૦૦૦ શ્રી જનાર્દન નાનાલાલ ભટ્ટ
૬૦૦૦ શ્રી દિલીપભાઈ જયંતીલાલ મહેતા
૬૦૦૦ સ્વ. મોહનલાલ ઝવેરચંદ ઝવેરી (તારાબાગ)ના સ્મરણાર્થે હસ્તે મંજુલાબહેન મહેન્દ્રભાઈ ગાંધી
૬૦૦૦ શ્રી સેવંતીલાલ એન્ડ કાં. હસ્તે વાલ્મિક અને શૈલેશ
૬૦૦૦ શ્રી કલાવતી શાંતિલાલ મહેતા
૬૦૦૦ શ્રી ઈન્દુમતી એન્ડ હરકીશન ઉદાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૬૦૦૦ શ્રી નવીન મણીયાર ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી એક બહેન તરફથી
૫૦૦૦ શ્રી જયંત શામજી છેડા
૫૦૦૦ શ્રી મૃદુલાબહેન કે. શાહ
૫૦૦૦ શ્રી સચીન અને સલીલ-કિરણ ગાંધી
૫૦૦૦ શ્રી સુકેશી પંકજ ગાલા
૫૦૦૦ શ્રી પ્રભાવતી એન્ડ શ્રી રમણલાલ એન. પરીખ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી એચ. એ. શાહ હસ્તે સૂર્યા પ્રતાપ
૫૦૦૦ શ્રી સુમેધ શાહ હસ્તે સૂર્યા પ્રતાપ
૫૦૦૦ શ્રી મનહરલાલ જે. શેઠ
૫૦૦૦ સ્વ. ચિરાગ ચંદ્રકાંત શાહ
૫૦૦૦ સ્વ. ડૉ. જયંત એસ. શાહ હસ્તે ડૉ. જ્યોતિબહેન
૫૦૦૦ શ્રી રેખાબહેન ધનેશભાઈ કોલસાવાળા
૪૫૦૦ શ્રી જનક મનહરલાલ શાહ
૩૦૦૦ શ્રી ડૉ. ધનવંત ટી. શાહ
૩૦૦૦ શ્રી ગાંગજી. પોપટલાલ શેઠિયા ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ
૩૦૦૦ શ્રી નટુભાઈ સી. પટેલ
૩૦૦૦ શ્રી શૈલેશભાઈ હિંમતલાલ કોઠારી
૩૦૦૦ શ્રી તારાબહેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે પુષ્પાબહેન પરીખ
૩૦૦૦ શ્રી વસુબહેન ચંદુલાલ ભણશાલી
૩૦૦૦ શ્રી રમાબહેન વિનોદભાઈ મહેતા

| | |
|---|---|
| ૩૦૦૦ | શ્રી ઉષાબહેન જે. મહેતા |
| ૩૦૦૦ | શ્રી પ્રવીણભાઈ કે. શાહ |
| ૩૦૦૦ | શ્રી ડૉ. અમુલ શાહ |
| ૩૦૦૦ | શ્રી હરિભાઈ ગુલાબચંદ શાહ |
| ૩૦૦૦ | શ્રી શાંતિલાલ એન્ડ બ્રધર્સ (મેન્યુ. ડિપાર્ટમેન્ટ) |
| ૩૦૦૦ | શ્રી ચંચળબહેન આણંદલાલ સંઘવી |
| ૩૦૦૦ | શ્રી મીનાબહેન કિરણભાઈ ગાંધી |
| ૩૦૦૦ | શ્રી વનિતાબહેન જયંતભાઈ શાહ |
| ૩૦૦૦ | શ્રી રસિલાબહેન દિલીપભાઈ કાકાબળીયા |
| ૩૦૦૦ | શ્રી બાબુભાઈ ચંપકલાલ તોલાટ |
| ૩૦૦૦ | શ્રી નિર્મલાબહેન બાબુલાલ તોલાટ |
| ૩૦૦૦ | શ્રી સુરેશભાઈ નાથાલાલ પરીખ ફેમિલી |
| ૩૦૦૦ | શ્રી ભગવતીબહેન સોનાવાલા |
| ૩૦૦૦ | શ્રી હરિલાલ તારાચંદ શાહ (કોળીયાકવાળા) |
| ૩૦૦૦ | શ્રી મધુરીબહેન એ. શાહ |
| ૩૦૦૦ | શ્રી નિરંજનભાઈ હરગોવનદાસ ભણસાલી |
| ૩૦૦૦ | શ્રી રશ્મિ મહેતા |
| ૩૦૦૦ | શ્રી ચીમનલાલ ઠાકોરદાસ ઝવેરી |
| ૩૦૦૦ | શ્રી ચંદ્રકાંત ડાહ્યાલાલ શાહ |
| ૩૦૦૦ | શ્રી ભરતભાઈ શાહ |
| ૩૦૦૦ | શ્રી રમણીકલાલ ઉમેદચંદ |
| ૩૦૦૦ | શ્રી વસંતલાલ એન. સંઘવી |
| ૩૦૦૦ | શ્રી વશા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩૦૦૦ | શ્રી યાત્રિક મહેન્દ્રભાઈ ઝવેરી |
| ૩૦૦૦ | શ્રી પલ્લવીબહેન યાત્રિક ઝવેરી |
| ૩૦૦૦ | શ્રી એચ. ડી. ઈન્ડસ્ટ્રીઝ |
| ૩૦૦૦ | શ્રી ધ્વનિ અતુલ શાહ |
| ૩૦૦૦ | શ્રી જે. કે. ફાઉન્ડેશન |
| ૩૦૦૦ | શ્રી શારદાબહેન બાબુભાઈ શાહ |
| ૩૦૦૦ | શ્રી સરોજિની શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩૦૦૦ | શ્રી કુંદનલાલ રવિચંદ શાહ |
| ૩૦૦૦ | શ્રી વર્ષા કે. શાહ |
| ૩૦૦૦ | શ્રી વિનોદ જે. મહેતા |
| ૩૦૦૦ | શ્રી રાજેન્દ્ર અમૃતલાલ |
| ૩૦૦૦ | શ્રી વિનોદ જી. ભગત |
| ૩૦૦૦ | શ્રી સુવર્ણા જીતુભાઈ દલાલ |
| ૩૦૦૦ | શ્રી શેઠ ધનજી દેવશી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩૦૦૦ | શ્રી શેઠ નગીનદાસ ડી. શેઠ |
| ૩૦૦૦ | શ્રી અદિતિ દેવાંગ નગરશેઠ |
| ૩૦૦૦ | શ્રી વલ્લભજી ભીમજી સાવલા (એચ.યુ.એફ.) |
| ૩૦૦૦ | શ્રી ડૉ. કાંતિલાલ કલ્યાણજી સાવલા |
| ૩૦૦૦ | શ્રી પ્રિયકેતુભાઈ કાંતિલાલ શાહ |
| ૩૦૦૦ | શ્રી રસિલાબહેન કાંતિલાલ શાહ |
| ૩૦૦૦ | શ્રી લતાબહેન શરદભાઈ શાહ |
| ૩૦૦૦ | શ્રી કુમુદબહેન રસિકભાઈ ભણશાલી |
| ૩૦૦૦ | શ્રી દેવચંદ રવજી ગાલા |
| ૩૦૦૦ | શ્રી લીનાબહેન વી. શાહ |
| ૩૦૦૦ | શ્રી નીનાદ શાહ |
| ૩૦૦૦ | શ્રી કિસન કુણાલ શાહ |
| ૩૦૦૦ | શ્રી અનુજ પ્રકાશ શાહ |
| ૩૦૦૦ | શ્રી રાજુલ વિનયચંદ શાહ |
| ૩૦૦૦ | શ્રી વિજયભાઈ દલાલ |
| ૩૦૦૦ | શ્રી સુધાબહેન એલ. દલાલ |
| ૩૦૦૦ | શ્રી કાંતિ કરમશી વિકમશી |
| ૩૦૦૦ | શ્રી મહાવીર મહેતા અને રાજેશ ઝવેરી |
| ૩૦૦૦ | શ્રી દેવિકાબહેન જેશંગભાઈ રાંભિયા |
| ૩૦૦૦ | શ્રી અલકા કિરણ શાહ |
| ૩૦૦૦ | શ્રી ડૉ. મનાલી પ્રભુ, સ્વ. નાના નાનીના સ્મરણાર્થે |
| ૩૦૦૦ | શ્રી પ્રવીણા એ. મહેતા |
| ૩૦૦૦ | શ્રી અશ્વિન મહેતા |
| ૩૦૦૦ | શ્રી પોલિથિન પ્રિન્ટિંગ એન્ડ સીલિંગ વર્ક્સ |
| ૩૦૦૦ | શ્રી ડૉ. હેમંત એચ. કુવાડિયા |
| ૩૦૦૦ | શ્રી પ્રતિમા ચક્રવર્તી |
| ૩૦૦૦ | શ્રી માતુશ્રી જેઠીબાઈ ધરમશી સ્મૃતિ પ્રતિષ્ઠાન |
| ૩૦૦૦ | એક બહેન તરફથી |
| ૩૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી |
| ૩૦૦૦ | ડૉ. ચંદ્રકાંત કેશવલાલ પરીખ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩૦૦૦ | સ્વ. રમણલાલ પ્રેમચંદ શાહનાં સ્મરણાર્થે હસ્તે હેમંત અમરતલાલ શાહ |
| ૩૦૦૦ | શ્રી શોભના લક્ષ્મીચંદ વિસરીયા |
| ૩૦૦૦ | શ્રી લક્ષ્મીચંદ નાનજી વિસરિયા |
| ૩૦૦૦ | શ્રી કાંતિલાલ કે. કાપડિયા |
| ૩૦૦૦ | શ્રી ગુણવંતીબહેન મહાસુખલાલ દેવડાવાળા |
| ૩૦૦૦ | શ્રી મહાસુખલાલ કેશવલાલ દેવડાવાળા |
| ૩૦૦૦ | શ્રી ઉષા દિલીપ શાહ |
| ૩૦૦૦ | શ્રી જતીન એન્ટરપ્રાઈસીસ |
| ૩૦૦૦ | શ્રી મીનાબહેન એમ. શાહ |
| ૩૦૦૦ | શ્રી ત્રિશલા ઈલેક્ટ્રોનીક્સ |
| ૩૦૦૦ | શ્રી જેઠાલાલ રમણલાલ દોશી |
| ૩૦૦૦ | શ્રી પ્રદીપ ડી. કોઠારી |
| ૩૦૦૦ | શ્રી રમણીકલાલ એચ ગોસલીયા એન્ડ કું. |
| ૩૦૦૦ | શ્રી હીરાલાલ ટી. ડગલી |
| ૩૦૦૦ | શ્રી કે. પી. શાહ ચેરિટેબલ શાહ |
| ૩૦૦૦ | શ્રી અમૃતલાલ ચુનીલાલ શાહ |
| ૩૦૦૦ | શ્રી વી. કે. શાહ |
| ૩૦૦૦ | સ્વ. ચંપાબહેન અમૃતલાલ શાહના સ્મરણાર્થે |
| ૩૦૦૧ | શ્રી પ્રકાશ એસ. દોશી |
| ૩૦૦૦ | શ્રી ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩૦૦૦ | શ્રી સી. એન. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩૦૦૦ | શ્રી લાભુભાઈ મહેતા |
| ૩૦૦૦ | શ્રી મહેશભાઈ ચીમનલાલ અજમેરા |
| ૩૦૦૦ | શ્રી ધીરજલાલ તલકચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩૦૦૦ | શ્રી પોપટલાલ જેસીંગભાઈ એન્ડ કું. |
| ૩૦૦૦ | શ્રી ભાઈચંદ એમ. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩૦૦૦ | શ્રી ચંદ્રકાન્ત એમ. શાહ |
| ૩૦૦૦ | શ્રી મોદી ફાઉન્ડેશન ટ્રસ્ટ |
| ૩૦૦૦ | શ્રી એન. એફ. શાહ |
| ૩૦૦૦ | શ્રી ઈન્દુબહેન દોશી |
| ૩૦૦૦ | શ્રી સુહાસિની એમ. શાહ |
| ૩૦૦૦ | શ્રી ઈલા આનંદલાલ સંઘવી |
| ૩૦૦૦ | શ્રી ભારતી ભૂપેન્દ્ર શાહ |
| ૩૦૦૦ | શ્રી કલાબહેન સંઘવી હસ્તે ડૉ. સંઘવી |
| ૩૦૦૦ | શ્રી સ્મિતા સંઘવી હસ્તે ડૉ. સંઘવી |
| ૩૦૦૦ | શ્રી હિતાક્ષી મહેતા |
| ૩૦૦૦ | શ્રી શશિકાન્ત મહેતા |
| ૩૦૦૦ | શ્રી અનિતા એસ. મહેતા |
| ૩૦૦૦ | શ્રી દિલીપ એમ. શાહ |
| ૩૦૦૦ | શ્રી પ્રિન્ટ આકાર પ્રા. લિ. |
| ૩૦૦૦ | શ્રી પ્રકાશ ડાહ્યાભાઈ શાહ |
| ૩૦૦૦ | શ્રી અર્ચના કિરીટ શાહ |
| ૩૦૦૦ | શ્રી કલ્પના શાહ |
| ૩૦૦૦ | શ્રી અસ્મિ મહેતા |
| ૩૦૦૦ | શ્રી અરવિંદ સી. દલાલ |
| ૩૦૦૦ | શ્રી નિરંજન આર. ધીલ્લા |
| ૩૦૦૦ | શ્રી જીતેન્દ્ર ધરમદાસ શાહ |
| ૩૦૦૦ | શ્રી અંજલી પરીખ ડીઝાઈનર્સ પ્રા. લિ. હસ્તે કલ્પનાબહેન શાહ |
| ૩૦૦૦ | શ્રી નાનુ-વિષ્ણુ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩૦૦૦ | શ્રી પ્રકાશ કીર્તિલાલ મહેતા |
| ૩૦૦૦ | શ્રી લીનાબહેન શૈલેશભાઈ શાહ |
| ૩૦૦૦ | શ્રી કશ્યપ એમ. શાહ |
| ૨૫૦૦ | મે. મેટાફોર્સ |
| ૨૫૦૧ | શ્રી તનસુખલાલ કામદાર |
| ૨૦૦૦ | એક બહેન તરફથી |
| ૨૦૦૦ | શ્રી સેજલ પી. પટેલ |
| ૧૫૦૦ | સ્વ. વિજયાબહેન અને દુર્લભજીભાઈ પરીખ તરફથી હસ્તે રમેશ પરીખ |
| ૧૫૦૧ | શ્રી સુમનલાલ છબીલદાસ શાહ |
| ૧૧૦૦ | શ્રી વસંતબહેન રસિકલાલ શાહ |
| ૧૦૦૦ | શ્રી જયાબહેન કે. વીરા |
| ૧૦૦૧ | શ્રી રમાબહેન કનુભાઈ શાહ |
| ૧૦૦૦ | શ્રી ગુણવંતી ચોકસી |
| ૧૦૦૦ | શ્રી વિનોદચંદ એચ. મહેતા |
| ૧૦૦૦ | શ્રી સંયુક્તા પ્રવીણ મહેતા |
| ૧૦૦૧ | શ્રી એસ. એમ. દારૂવાળા |
| ૧૦૦૧ | શ્રી માલિનીબહેન શાહ |
| ૧૦૦૦ | શ્રી રમણીકલાલ મગનલાલ ધ્રુવ ફેમિલી |
| ૧૦૦૦ | શ્રી ભગવતી એચ. શેઠ |
| ૧૦૦૦ | શ્રી મીનાક્ષી વી. મહેતા |
| ૧૦૦૦ | શ્રી મનીષ વી. મહેતા |
| ૧૦૦૦ | શ્રી હેમંત ટુલ્સ પ્રા. લી. |
| ૧૦૦૧ | શ્રી મહેન્દ્ર સંઘોઈ |
| ૧૦૦૧ | શ્રી મધુસૂદન રતિલાલ |
| ૯૧૫૭ | રૂા. ૧૦૦૦ થી ઓછી રકમ આવી તેનો સરવાળો |

# હાસ્ય એક અમૂલ્ય જડીબુટ્ટી

□ ગાંગજી પી. શેઠિયા

'મુશ્કરાકે ગમ કા જહર જીનકો પીના આ ગયા
યે સમજલો કે જહાઁ મેં ઉનકો જીના આ ગયા.'

કુદરતે સમગ્ર જીવસૃષ્ટિમાં કેવળ માણસને જ હસવાની અણમોલ ભેટ આપી છે. હાસ્ય સ્ફૂર્તિદાયક અને શક્તિદાયક કુદરતી ઔષધ છે. પરંતુ મુંબઈ જેવા મહાનગરોમાં યંત્રવત્ જિંદગી જીવી રહેલા માનવીઓ ચિંતા, તણાવ, નિરાશા અને વિષાદમાં ઘેરાઈ હાસ્ય કરવાનું જ ભૂલી ગયા છે.

'જીવવાનું તો માત્ર બહાનું છે, રાત ને દિન ઝઝૂમવાનું છે,
માનવી છે જ ક્યાં જીવંત હવે, માત્ર શ્વાસોનું કારખાનું છે.'

ચાર્લી ચેપ્લીન કે લોરેલ-હાર્ડીની ફિલ્મો આગલી પેઢીને ખડખડાટ હસાવી શકતી હતી પરંતુ આજની પેઢીને ખાસ હસાવી શકતી નથી. વૈજ્ઞાનિક સંશોધન મુજબ ૧૯૫૦માં વિશ્વમાં સરેરાશ માણસ અઢાર મિનિટ હસતો હતો. આજે એ સરેરાશ ઘટીને ફક્ત છ મિનિટ રહી છે. બાળક ૨૪ કલાકમાં સરેરાશ ચારસો વખત હસે છે. જ્યારે પુખ્ત વયનો માનવી ફક્ત પંદર વખત હસે છે. ક્યાં વિલાઈ ગયું એ નિર્દોષ હાસ્ય ?

'મૈં ભી હઁસુ ફૂલ સા ખીલકર, શિશુ અબોધ હોલું કૈસે !
પાકર ઈતની વ્યથા કહો, તુતલી વાણી બોલું કૈસે ?'

સામાજિક રૂઢિઓ, શરમ, સંકોચ અને ક્ષોભને લીધે આપણે ખડખડાટ હસી શકતા નથી. ફક્ત બાળકો અથવા પાગલ વ્યક્તિઓ જ ખડખડાટ હસી શકે છે.

'યા તો દિવાના હઁસે
યા જીસપે તૌફિક કરે તૂં (ઈશકૃપા થાય તે જ હસી શકે)
વરના ઈસ દર્દભરી દુનિયામેં
હઁસ સકા હૈ કૌન ?'

૧૩ માર્ચ ૧૯૯૫માં ફક્ત પાંચ વ્યક્તિઓ સાથે શરૂ થયેલી લાફ્ટર ક્લબ ઈન્ટરનેશનલ સમૂહમાં હસાવીને વ્યક્તિઓમાં રહેલ સંકોચ ને ક્ષોભને દૂર કરવામાં યશસ્વી રહ્યું છે. ભારતમાં આજે લગભગ ચારસો લાફ્ટર-ક્લબો કાર્યરત છે. જેનો હજારો લોકો રોજ મફતમાં લાભ લઈ રહ્યા છે. યોગિક કસરતો, પ્રાણાયમ અને હાસ્યના ત્રિવેણી સંગમ વડે તૈયાર થયેલ ૨૦-૨૫ મિનિટ ચાલતી આ હાસ્યની કસરતો સવારનાં પંખીઓના કલરવ વચ્ચે, ખુલ્લાં લીલાં મેદાનોમાં, તાજી હવા ને કુમળા તડકામાં, નિર્દોષ આનંદ સાથે સામૂહિક કરાવવામાં આવે છે જેની સભ્ય ફી તદ્દન ફ્રી છે. દરેક જાતિ, રંગ કે ધર્મનાં લોકો ઉચ્ચ-નીચનાં ભેદભાવ વગર, દરેક વયનાં લોકો સવારનાં સૂર્યોદય સમયે ભેગા થઈ, સાથે મળી હાસ્ય-રસનો આનંદ માણે છે. લાફ્ટર-ક્લબ ઈન્ટરનેશનલ રજીસ્ટર્ડ ચેરિટેબલ સંસ્થા છે. જે કોઈ પણ જાતનાં ભેદભાવ વગર વિશ્વભરમાં આ લાફ્ટર-ક્લબો ચલાવે છે. હાસ્ય એક યુનિવર્સલ ભાષા છે. આજે વિશ્વનાં ઘણા દેશો જેવા કે અમેરિકા, ઓસ્ટ્રેલિયા, જાપાન, સિંગાપોર, જર્મનીમાં ઘણી હાસ્ય-ક્લબો ખૂલી ગઈ છે. વિશ્વનાં સર્વ માતબર પ્રચાર માધ્યમોએ એની નોંધ લીધી છે.

જ્યારે મન મૂંઝાયેલું હોય, તનમાં તકલીફ હોય, કોઈક નિરાશાઓ ને હતાશાથી ઘેરાયેલા હો ત્યારે તમે હાસ્યરૂપી રામબાણ ઔષધિનો પ્રયોગ કરો. રોજબરોજ બનતા પ્રસંગોમાંથી આંખ અને કાન ઉઘાડા રાખી આ અદ્‌ભુત ઔષધિને ગોતતા રહો. એ પ્રસંગોને કલ્પનાના સાજ સજાવી મિત્રો અને સ્નેહીઓમાં એ હાસ્યની લહાણી કરો. વાતનું વતેસર નહીં, પણ હાસ્યનું વાવેતર કરો.

મનોવૈજ્ઞાનિકોના મતે રોગો ઉત્પન્ન થવાનું મુખ્ય કારણ ઘૂંટાયેલી હતાશા છે. હતાશાથી ભાવિની સફળતા ભયમાં મૂકાય છે. હતાશાને હસી નાખો અને હાસ્ય વડે એના ઉપર હાવી થઈ જાઓ. મનના દુ:ખદ ભાવોને બહાર લાવવા માટે હાસ્ય એ સર્વોત્તમ ઉપાય છે. મન જ્યારે વધારે થાકી જાય ત્યારે જ ક્રોધ, ચિડિયાપણું ઉત્પન્ન થાય છે. હાસ્ય દ્વારા મનનો બધો જ તણાવ દૂર થાય છે અને સાથે સાથે શરીરનાં અંગોપાંગો અને માંસપેશીઓને પણ એ બિનજરૂરી દબાણમાંથી મુક્ત કરે છે. થાક ધીરે ધીરે દૂર થવા લાગે છે ને સ્ફૂર્તિનો સંચાર થાય છે.

હસવાથી શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ વધે છે, રૂધિરાભિષરણની પ્રક્રિયા સારી રીતે થાય છે. શ્વાસનળી અને ફેફસામાં ભરાઈ રહેલો જૂનો કફ નીકળી જાય છે, ફેફસાંની ઓક્સિજન લેવાની શક્તિ ચારથી છ ગણી વધે છે.

હસવાથી છાતી અને પેટ વચ્ચે રહેલ ઉદરપટલ (ડાયાફ્રામ), આંતરડા, લીવર, પેનક્રિયાઝ, જડબાં, પેટ અને બરડાનાં સ્નાયુઓ પહેલાં ખેંચાય છે અને પછી સંકોચાય છે. સ્નાયુઓને ઓક્સિજન-યુક્ત શુદ્ધ લોહી મળતાં એ ટોન-અપ થાય છે. અને તેમની કાર્યક્ષમતામાં સુધારો થાય છે. હૃદય પણ મજબુત બને છે. પ્રદૂષિત શહેરી હવામાનમાં ગળા અને ફેફસાનાં રોગો સામાન્ય છે. હાસ્ય દ્વારા ફેફસાં તથા શ્વાસનળીને વ્યાયામ મળતાં જામેલો કફ છૂટો થાય છે અને શ્વસનતંત્ર સુચારૂરૂપે કામ કરે છે. અસ્થમાનાં રોગો માટે હાસ્યની આ નિર્દોષ કસરતો એ રામબાણ ઈલાજ છે.

ખડખડાટ હસવાથી લિમ્ફોસાઈટીસ, ઈન્ડોર્ફિન્સ અને એનેફેફેલિન્સ નામનાં હોરમોનનો પિચ્યુટરી ગ્લાન્ડઝમાંથી સ્ત્રાવ થવા લાગે છે. લિમ્ફો-સાઈટીસથી લોહીની રોગપ્રતિકાર શક્તિમાં વધારો થાય છે. ઈન્ડોર્ફિન્સ અને એનેફેફેલિન્સથી દર્દમાં રાહત મળે છે અને મન પ્રસન્નતા અનુભવે છે.

હાસ્યથી યાદશક્તિ સુધરે છે. સાંધા અને સ્નાયુઓના દુ:ખાવામાં ઘણી રાહત મળે છે. ચહેરાની ક્રાંતિ વધે છે. લોહીમાં રક્તકણો વધે છે. ચહેરાની ચામડીનાં સ્નાયુઓની સ્થિતિસ્થાપકતા વધે છે અને ચહેરો ચુસ્ત થાય છે. હાસ્યથી પેટનાં નાજુક અવયવોને કસરત મળતાં પાચનશક્તિ સુધરે છે. હાઈબ્લડપ્રેસર, ટેન્શન, ડીપ્રેશન, નર્વસ બ્રેકડાઉન, અસ્થમા અને અનિદ્રા જેવા રોગોમાં હાસ્ય એક અત્યંત ઉપયોગી સારવાર પુરવાર થઈ શકે છે.

હાસ્ય ઉપર વિશ્વભરમાં બહોળા પાયે સંશોધનો થયા છે. નેશનલ કેન્સર ઈન્સ્ટીટ્યૂટ (અમેરિકા)ના જર્નલમાં એક રીપોર્ટ છપાયો છે. જેમાં ૧૦ દર્દીઓને સતત એક કલાક હાસ્યસભર વિડિયો-ટેપ બતાવવામાં આવી. જેમ જેમ દર્દીઓ હસતા ગયા તેમ તેમ દર્દીઓની રોગ નિરોધક

કોશીકાઓ વધવા લાગી. એમની લાળમાં સંક્રમણ વિરોધી પ્રોટીનનું પ્રમાણ વધ્યું હતું. ઈન્ટરફેરોન ગામા નામનાં હોર્મોનનું પ્રમાણ વધ્યું જે હિલિંગ કેમીકલ ગણાય છે. દર્દીઓ જેનાથી તાણ અનુભવે છે તે એપીનેફ્રીન હોર્મોનનું પ્રમાણ ઘટ્યું અને સાથે સાથે કુદરતી પીડાશામક ઈન્ડોર્ફિન્સ અને એનેફેકેલિન્સનું પ્રમાણ વધ્યું હતું. અમેરિકન પત્રકાર અને લેખક નોર્મન કઝિન્સને રુમેટોઈડ આર્થરાઈટીસ નામનો અસાધ્ય રોગ થયો. આધુનિક વિજ્ઞાન પાસે એ રોગની કોઈ જ દવા ન હતી. એના અંગો-પાંગો જકડાવા લાગ્યા હતાં. એણે સૂતાં-સૂતાં થોકબંધ કોમેડી ફિલ્મો જોઈ, દિવસભર ખડખડાટ હાસ્ય એ કરતો રહ્યો. ફક્ત વિટામીન સી ની ગોળી અને ખડખડાટ હાસ્ય દ્વારા એ સંપૂર્ણ સાજો થયો અને એના ફળશ્રુતિરૂપે જગતને બે સુંદર પુસ્તકોની ભેટ એણે આપી. એનાં લખેલાં 'એનેટોમી ઓફ એન ઈલનેસ' તથા 'બાયોલોજી ઓફ હોપ' હાસ્ય ચિકિત્સા પદ્ધતિ તરફ વિશ્વને સંશોધનો કરવા પ્રેરણા આપતાં પુસ્તકો ગણાય છે. છેલ્લાં ત્રીસ વર્ષોમાં જગતભરમાં હાસ્ય દ્વારા ઉપચાર શક્ય છે તેનાં સંશોધનો થયાં. અમેરિકાના પ્રસિદ્ધ સાઈકીઆટ્રીસ્ટ ડૉ. વિલીયમ ફ્રાય અને ડૉ. લી બર્ક ૩૦ વર્ષથી હાસ્ય ચિકિત્સા ઉપર સંશોધનો કરી રહ્યા છે. તેઓના મતે આધિ, વ્યાધિ અને ઉપાધિ દૂર કરવા હાસ્ય એક અદ્‌ભુત ઔષધી છે. યુ.કે. માં ડૉ. રોબર્ટ છેલ્લાં ૧૦ વર્ષથી લાફ્ટર-ક્લીનીક ચલાવે છે. સ્ટેનફોર્ડ મેડિકલ સ્કૂલ (અમેરિકા)નાં મન:ચિકિત્સક વિલિયમ ફ્રાય હસવાને યોગાભ્યાસની સંજ્ઞા આપે છે.

હ્યુસ્ટન (અમેરિકા)માં સેંટ જોસેફ હોસ્પિટલે ખાસ લાફીંગ રૂમ બનાવ્યો છે. આ હાસ્ય-કક્ષમાં ઉત્તમ કાર્ટૂન ચિત્રો ચોંટાડવામાં આવ્યા. છે જેનાથી હૃદય પ્રસન્નતા અનુભવે છે. બાયબલમાં પણ ઉક્તિ છે 'પ્રસન્ન હૃદય જ ચિકિત્સાનું કામ કરે છે.'

માર્ગારેટ મીડ નામની લેખિકાએ સમોઆટાપુ પર રહેતાં લોકોનાં જીવનનો અભ્યાસ કર્યો અને તારણ કાઢ્યું કે: લગભગ આધુનિક સુખ-સગવડો વગર જીવતાં આ ટાપુનાં લોકો વિશ્વમાં સૌથી લાંબુ નિરામય આયુષ્ય ભોગવે છે કારણકે એમને અમેરિકાનો અજંપો નથી. સદાય મુક્ત હાસ્ય કરતાં આ લોકો સદા પ્રસન્ન જ રહે છે. તેઓ તાણ મુક્ત જીવન જીવે છે અને ખૂબ જ સંતોષ સાથે હસતાં હસતાં જીવન ગુજારે છે.

ભારતમાં ઓશો કોમ્યુનમાં ખડખડાટ હાસ્ય, જે નાભિમાંથી પેદા થાય છે તેના ઉપર થયેલાં સંશોધનોનું તારણ છે : (૧) મન વધુ તંદુરસ્ત બને છે (૨) શરીરનો થાક ઊતરી જાય છે અને આરોગ્ય સુધરે છે (૩) ધ્યાનનો અનુભવ થાય છે.

જાપાનમાં કહેવત છે 'Time spent laughing is time spent with God.' ખરેખર ખડખડાટ હાસ્ય કરતી વખતે હૃદય અને મન બાળક જેવા નિખાલસ હોય છે. એ વખતે કોઈ પણ સારા-નરસાં વિચારો મનમાં પ્રવેશી શકતા નથી. ધ્યાનમાં જવા, નિર્વિચાર અવસ્થામાં મનને લઈ જવામાં તેથી જ ખડખડાટ હાસ્ય ખૂબ મદદરૂપ થાય છે.

ભરતમુનિના કથન પ્રમાણે અથર્વવેદમાંથી મુખ્યત્વે ચાર રસ શૃંગાર, વીર, રૌદ્ર અને બીભત્સ આવ્યા છે. શૃંગારમાંથી હાસ્ય, વીરમાંથી અદ્‌ભુત, રૌદ્રમાંથી કરુણ અને બીભત્સમાંથી ભયાનક રસની ઉત્પત્તિ થઈ છે. આ બધામાં રસરાજનું માન તો હાસ્યરસને જ અપાય. કારણકે હાસ્યરસ જન્મથી મૃત્યુ પર્યંત સાથ આપે છે. જ્યારે બીજા રસોનું એમ નથી. હાસ્ય ફક્ત પોતાને જ નહીં પરંતુ સંપર્કમાં આવનારા બધા જ લોકોને પ્રફુલ્લિત કરે છે.

'ચાર મિલે, ચૌસઠ ખીલે; બીસ ખડે કર જોડ,
સ્નેહીસે સ્નેહી મીલે, ખીલ ગયે લાખ કરોડ.'

હાસ્ય દ્વારા ઉમંગ, આશા, ઉત્સાહ, સ્નેહ અને સૌમ્યતાનું સુમધુર વાતાવરણ સર્જાય છે. માનવ મન મધુર કલ્પનાઓ, પાવન વિચારો અને સદ્‌ભાવનાથી સભર થાય છે. માનસિક સ્વાસ્થ્ય સુધરે છે. નકારાત્મક વિચારો દૂર થતાં એનો પ્રભાવ આરોગ્ય પર પડે છે.

અમેરિકામાં એટી એન્ડ ટી ટેલિફોન કં., કોડાક કેમેરા કં. તથા આઈ.બી.એમ કંપ્યુટર કં. પોતાની ઓફિસોમાં ખાસ હ્યુમર રૂમ ધરાવે છે. ઑફિસનો મૂડ બનાવવા અને ઉત્પાદકતા વધારવાના ઉદ્દેશ્યથી હ્યુમર કન્સલટન્સીની મદદ લેવામાં આવે છે.

ભારતમાં લાફ્ટર કલબ ઈન્ટરનેશનલે પુના નજીક આવેલી લીટાકાફાર્મા લી.નાં ૧૫૦ કામદારોમાં આ હાસ્ય કસરતો શરૂ કરાવી. તેવી જ રીતે મુંબઈમાં ઈલેક્ટ્રીકલ પ્રોડકટસ ઓફ ઈન્ડીયાની ફેકટરીમાં આ હાસ્ય કસરત કર્યા પછી પ્રોડકશનમાં વધારો થયો. કામદારો પ્રસન્ન ચિત્તે કામ કરવા લાગ્યા. મેનેજરથી કારકુન ને પ્યૂન સૌ સાથે હસીને દિવસ શરૂ કરતાં કુટુંબ ભાવનાનો વિકાસ થયો. સહકારની ભાવનાનો વિકાસ થતાં સ્ટાફનાં અંગત સંબંધો સુમેળભર્યા થયાં.

આટલાં બધાં લાભો છતાં જેમને નીચે મુજબ તકલીફો હોય તેમણે આ હાસ્ય-કસરતો કરવી નહીં.

(૧) ઝામર (ગ્લુકોમા) (૨) સારણગાંઠ (હર્નિયા) (૩) દૂઝતા હરસ (એડવાન્સ્ડ પાઈલ્સ) (૪) છાતીમાં દુ:ખાવો (એન્જાઈના પેઈન) (૫) ગર્ભવતી મહિલાઓ (૬) ગર્ભાશય નીચે આવી ગયું હોય અથવા પેશાબ પર નિયંત્રણ ન રહેતું હોય (૭) શરદી, ફ્લુ કે વાયરલ ઈન્ફેકશન હોય (૮) ભોજન પછી ઓછામાં ઓછા બે કલાક હાસ્યની કસરતો ન કરાય.

સામૂહિક રૂપે હસવા-હસાવવાનું મંગળ વાતાવરણ સર્જતી લાફ્ટર-કલબો વિશ્વને ખૂણે ખૂણે ખૂલશે ને ફરી વિશ્વ માણવા જેવું બનશે. હાસ્ય-યોગનો જય હો. આવો આપણે સૌ એ હાસ્ય દેવતાને શિવાનંદ આશ્રમના પ.પૂ.સ્વામી શ્રી અધ્યાત્માનંદજીની પ્રાર્થના દ્વારા પ્રણામ કરીએ.

॥ श्री हास्य देवाय नम: ॥
हास्यं बह्म, हास्यं विष्णुर, हास्य देवो महेश्वर: ।
हास्यं साक्षात पर ब्रह्म, तस्मै श्री हास्याय नम: ॥
या देवी सर्वभूतेपू हास्यरुपेण संस्थिता ।
नमस्तस्यै नमस्तस्यै हास्य देव्यै नमो नम: ॥
॥ ॐ श्री स्मिताय नम:, श्री हसिताय नम: ॥
श्री विहसिताय नम:, श्री अवहसिताय नम: ।
श्री अतिहसिताय नम:, श्री अपहसिताय नम: ।
ॐ हास्य सम्राट पुरुषोत्तमाय नमो नम: ॥
ॐ हास्यमद: हास्यमिद, हास्याद हास्यमुदच्यते ।
हास्यस्य हास्यमादाय हास्यमेवाव शिष्यते ॥
ॐ शान्ति: शान्ति: शान्ति: ॥

❖❖❖

# મધ્યકાલીન ગુજરાતી જૈન રાસાસાહિત્ય

☐ ડૉ. કાન્તિભાઈ બી. શાહ

(તા. ૧૬-૮-૨૦૦૦ના અંકથી સંપૂર્ણ)

**કુશલલાભ વાચક**

આ કવિ ખરતરગચ્છના અભયધર્મના શિષ્ય છે. એમની રાસાકૃતિઓના રચનાસમયને આધારે એમનો કવનકાળ સં. ૧૬૧૬થી ૧૬૨૫નો નિશ્ચિત થાય છે.

એમણે રચેલી ચાર રાસાકૃતિઓમાં સં. ૧૬૧૬માં રચાયેલી, ૬૬૬ કડીની 'માધવાનલ કામકંદલા ચોપાઇ/રાસ' મહત્ત્વની રચના છે. નાયિકા કામકંદલા એક ગણિકા હોવા છતાં માધવાનલ પ્રત્યે એની અપાર પ્રીતિ છે. માધવાનલ પણ એના પ્રત્યે દૃઢરાગ છે. દેશનિકાલ પામેલા માધવાનલના વિરહમાં કામકંદલા સોળે શણગાર ત્યજે છે અને પરપુરુષ સંગ માટેના માતાના આગ્રહને નકારે છે. અને રાજા વિક્રમ બન્નેને મેળવી આપવામાં સહાયરૂપ બને છે.

કૃતિમાં અવાંતરે સંસ્કૃત-પ્રાકૃત ગાથાઓ અને શ્લોકો સુભાષિત રૂપે મૂકાયાં છે. ચાતુરીભરી સમસ્યાઓ પણ રજૂ થઈ છે. મુખ્યત્વે દુહા-ચોપાઇમાં કૃતિ પ્રયોજાઈ છે.

'મારુ ઢોલા ચોપાઈ/રાસ' સં. ૧૬૧૭માં રચાયેલી ૭૦૦ કડીની, રાજસ્થાનના એક અત્યંત લોકપ્રિય કથાનકને આલેખતી રચના છે. ઢોલાનું લગ્ન મારુવણી સાથે થયું છે. પણ તે નાની હોવાથી સાસરે આવી નથી. તે દરમ્યાન ઢોલો માલવણી નામની કન્યાને પરણી, મારુવણીને ભૂલી જાય છે. મારુવણી યુવાન બનતાં ઢોલાના પ્રેમમાં ઝૂરે છે. પણ માલવણી એને ઢોલા સુધી પહોંચવા દેતી નથી. પણ એક વખત મારુવણીનો સંદેશો મળતા ઢોલો એના નગરમાં પહોંચી એને મળે છે. અંતે ત્રણે સુખદ સહજીવન ગાળે છે.

ઢોલા-મારુના પ્રચલિત દુહાનો આધાર આ કૃતિના કથાનકમાં લેવાયો છે. ચોપાઈ બંધમાં પ્રયોજાયેલી આ કૃતિમાં વચ્ચે 'વાત' નામક ગદ્યમાં કથાવિસ્તાર સધાય છે.

'અગડદત્ત ચોપાઈ/રાસ' કવિની ૨૨૮ કડીની અપ્રગટ રચના છે. એમાં સંસારમાં વૈરાગ્યભાવ કેળવી આત્મકલ્યાણ સાધતા અગડદત્ત મુનિની કથા છે. 'તેજસાર રાસ' દીપપૂજાનું માહાત્મ્ય દર્શાવતી, ૪૧૫ કડીની, તેજસાર નૃપની કથા આલેખતી રચના છે.

**નયસુંદર**

આ કવિ વડતપગચ્છના ભાનુમેરુના શિષ્ય છે. એમનો જન્મ સં. ૧૫૯૮માં થયો. ૯ વર્ષની વયે દીક્ષા લીધી અને ઉપાધ્યાયપદ પણ મેળવ્યું. એમણે દસેક જેટલી કથાત્મક કૃતિઓ આપી છે, જેમાંથી બે વધુ મહત્ત્વની છે તે 'રૂપચંદકુંવર રાસ' અને 'નલદમયંતી રાસ'.

'રૂપચંદકુંવર રાસ' સં. ૧૬૩૭માં રચાયેલી, ૬ ખંડમાં વિભક્ત, શૃંગાર, હાસ્ય, કરુણ, ભયાનક આદિ વિવિધ રસોને નિષ્પન્ન કરતી કૃતિ છે. કવિ એને મંગલાચરણમાં જ 'શ્રવણસુધારસ રાસ' તરીકે ઓળખાવે છે.

કાવ્યમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ ભાષાનાં સુભાષિતો અને સમસ્યાઓ પ્રયોજાયાં છે. નાયક રૂપચંદકુંવર અને નાયિકા સૌભાગ્યસુંદરી વચ્ચેની સમસ્યાબાજી પ્રચુરપણે ચાલે છે. અહીં ઘણાં પ્રસંગો સમસ્યાના અવલંબને ચાલતા હોઈ આખી કૃતિ જ સમસ્યાકેન્દ્રી લાગે છે. રૂપકુંવર સમસ્યા ઉકેલી શકતો હોવાથી વિક્રમ એને કેદમાં પૂરે છે, માર મારે છે અને ભેદ જાણવા પોતાની પુત્રી પણ પરણાવે છે. કાવ્યને અંતે રૂપચંદકુંવર અને એની ત્રણ પત્નીઓ પોતાના પૂર્વભવની વાત સાંભળી દીક્ષા ગ્રહણ કરે છે. સમસ્યાબાજી, વૈવિધ્યબાજી, વૈવિધ્યભર્યાં વર્ણનો અને અલંકારવૈભવથી રાસ આસ્વાદક બન્યો છે.

'નલદમયંતી રાસ' સં. ૧૬૬૫માં રચાયેલી ૧૬ પ્રસ્તાવમાં વિભક્ત, દેશી ઢાળો ઉપરાંત દુહા, ચોપાઈ, સોરઠા આદિ છંદોમાં પ્રયોજાયેલી, લગભગ ૨૪૦૦ કડીની રાસકૃતિ છે. માણિક્યદેવસૂરિના સંસ્કૃત મહાકાવ્ય 'નલાયન' પર તે આધારિત છે. મહાભારતના નલોપાખ્યાન તેમજ જૈન પરંપરાની કથાનો સમન્વય અહીં જોવા મળે છે. અલંકારવૈભવ, કાવ્યસ્પર્શવાળાં ભાવચિત્રો અને સુભાષિતોને કારણે કૃતિ ધ્યાનપાત્ર બને છે.

'સુરસુંદરી રાસ' સં. ૧૬૪૬માં રચાયેલી, ૨૦ ઢાળમાં વિભક્ત, ૫૧૧ કડીની દુહા-દેશીબદ્ધ રચના છે. સુરસુંદરી દ્વારા વિનોદમાં કહેવાયેલી સાત કોડીએ રાજ લેવાની વાતને કારણે, કેવળ સાત કોડી સાથે ત્યજી દેવાયેલી સુરસુંદરીના શીલમહિમાનું કૌતુકરસિક કથાનક અહીં આલેખાયું છે. નવકારમંત્રને પ્રતાપે નાયિકા કષ્ટમુક્ત બની અને શીલરક્ષા કરી શકી એવા આલેખન દ્વારા નવકારમંત્રનો મહિમા પણ અહીં ગવાયો છે.

આ ઉપરાંત 'પ્રભાવતી ઉદાયી રાજર્ષિ આખ્યાન રાસ' સં. ૧૬૪૦માં રચાયેલી ૩૪૯ કડીની અપ્રગટ રચના છે. 'શીલાશિક્ષા રાસ' સં. ૧૬૬૯માં રચાયેલી ૧૧૭ કડીની વિજય શેઠ-વિજયા શેઠાણીની કથા વર્ણવતી કૃતિ છે. 'યશોધર નૃપ ચોપાઈ' જીવદયાની વૃત્તિના આદર્શ તરીકે નિરૂપાયેલા યશોધર રાજાના નવ ભવોની કથા છે. 'થાવચ્ચા પુત્ર રાસ' કવિની ૨૨૫ કડીની રાસકૃતિ છે.

નયસુંદરે બે ઐતિહાસિક તીર્થ રાસાઓ રચ્યા છે તેમાં 'શત્રુંજય ઉદ્ધાર રાસ' સં. ૧૬૩૮માં રચાયેલો, ૧૨ ઢાળનો, ૧૨૪ કડીનો રાસ છે. શત્રુંજય તીર્થના થયેલા કુલ ૧૬ ઉદ્ધારોના ઉલ્લેખ સાથે અંતિમ ભાવિ ઉદ્ધારની કથા કહેવાઈ છે. 'ગિરનાર તીર્થોદ્ધાર રાસ' એ ૧૩ ઢાળનો, ૧૮૪ કડીનો રાસ છે. ગિરનાર તીર્થોદ્ધારના સંક્ષિપ્ત પરિચય સાથે, કસોટીમાંથી પાર ઉતરીને નેમિનાથના દર્શનની ટેક પાળનાર કાશ્મીરના રત્ના શેઠની કથા અહીં ગૂંથી લેવામાં આવી છે.

**સમયસુંદર**

આ કવિ ખરતરગચ્છના ઉપા. સકલચંદ્રના શિષ્ય છે. એમનો જન્મ રાજસ્થાનના સાંચોર ગામે થયો. પિતા રૂપસિંહ અને માતા લીલાવતી. સં. ૧૬૩૮માં જિનચંદ્રસૂરિ અકબરને મળવા લાહોર ગયા ત્યારે સમયસુંદર પણ સાથે ગયેલા અને પોતાની સંસ્કૃત કૃતિ 'અષ્ટલક્ષી'થી અકબરને પ્રસન્ન કરેલા. સં. ૧૬૪૯માં એમને વાચકપદ પ્રાપ્ત થયું અને સંભવત: સં. ૧૬૭૧-૭૨માં ઉપાધ્યાય પદ પ્રાપ્ત થયું. સંવત ૧૭૦૨માં અમદાવાદમાં તેઓનો સ્વર્ગવાસ થયો. એમની કૃતિઓનાં મળતાં રચનાવર્ષને આધારે સં. ૧૬૫૯થી ૧૭૦૦ એમનો કવનકાળ નિશ્ચિત થાય છે.

સમયસુંદરે ૧૯ જેટલી નાની મોટી રાસકૃતિઓ રચી છે. તે ઉપરાંત ૫૦ કરતાં વધુ ગીત રચનાઓ અને નવેક છત્રીશીઓ પણ એમણે કરી છે. ઉપરાંત તેઓ સંસ્કૃત ભાષાના જાણકાર, સમર્થ વિદ્વાન, ટીકાકાર અને છંદશાસ્ત્રી પણ છે.

'નલદવદંતી રાસ' સં. ૧૬૭૩માં રચાયેલી, ૬ ખંડ અને ૩૯ ઢાળમાં વિભક્ત, ૯૩૧ કડીની આ કવિની મહત્ત્વની રાસકૃતિ છે. એની રચનામાં કવિએ 'પાંડવચરિત્ર' અને 'નેમિચરિત્ર' એ બે ગ્રંથોનો આધાર લીધો છે. આ કૃતિ જૈન પરંપરાની નળકથાને બરાબર વળગી રહે છે. કથાની શરૂઆત 'પાંડવચરિત્ર'ને અનુસરી નળદમયંતીના ભવથી થઈ છે અને પછીના ભવની કથા ઘણા વિસ્તારથી કહેવાઈ છે.

નળે દમયંતીને ત્યજી એ વખતનો દમયંતીવિલાપ હૃદયદ્રાવક બન્યો છે. પણ એવાં આસ્વાદક સ્થાનો અહીં ઓછા છે. અહીં જેટલો કથારસ છે એટલો કાવ્યરસ નથી. કવિએ કૃતિમાં શૃંગાર, કરુણ, અદ્‌ભુત અને શાંતરસ નિષ્પન્ન કર્યો છે. મુખ્ય-ગૌણ પાત્રોના નિરૂપણમાં કવિની શક્તિ જોવા મળે છે. ઢાળો ભિન્નભિન્ન દેશીઓમાં પ્રયોજાઈ છે. કવિ મારવાડના હોઈ મારવાડી બોલીની છાંટ વરતાય છે.

'સીતારામ ચોપાઈ' એ કવિની સં. ૧૬૮૩માં રચાયેલી, ૯ ખંડ અને ૨૪૧૨ કડી ધરાવતી બીજી એક નોંધપાત્ર કૃતિ છે. તેઓ આ કૃતિમાં રવિષેણના 'પદ્મચરિત'ને અનુસર્યાનું સ્વયં સ્વીકારે છે. કેટલાક પ્રસંગોને કવિએ રસમય રીતે ખીલવ્યા છે અને કેટલાંક વર્ણનો નોંધપાત્ર બન્યાં છે; જેમકે ગર્ભવતી સીતાની નાજુક સ્થિતિનું આલેખન.

જૈન સાધુઓને હાથે જૈનેતર કથાનકોવાળી જે દીર્ઘ રચનાઓ થઈ છે તેમાં સમયસુંદરની આ બન્ને રચનાઓ મહત્ત્વની છે. જો કે બન્નેમાં કવિ જૈન પરંપરાને અનુસર્યા છે.

આ ઉપરાંત 'મૃગાવતી ચરિત્ર' (ર.સં.૧૬૩૮) ૩ ખંડ, ૩૮ ઢાળ અને ૭૪૪ કડીની, 'સાબ-પ્રદ્યુમ્ન રાસ' (ર.સં.૧૬૫૯) ૨૨ ઢાળની, 'સિંહલસુત-પ્રિયમેલક રાસ' (ર.સં. ૧૬૭૨) ૧૧ ઢાળ, ૨૩૦ કડીની, 'પુણ્યસાર ચરિત ચોપાઈ' (ર.સં. ૧૬૭૩), 'વલ્કલ ચીરી રાસ' (ર.સં.૧૬૮૧) ૨૨૫ કડીની, 'વ્યવહારશુદ્ધિ વિષયક ધનદત્ત શ્રેષ્ઠિ ચોપાઈ' (ર.સં.૧૬૯૬), 'ચંપક શ્રેષ્ઠિ ચોપાઈ' (ર.સં.૧૬૯૫) ૨ ખંડ, ૨૧ ઢાળ ને ૫૦૭ કડીની, 'ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ' (ર.સં.૧૬૬૫) ૪ ખંડ, ૪૫ ઢાળ, ૮૬૨ કડીની, 'વસ્તુપાલ-તેજપાલનો રાસ' (ર.સં. ૧૬૮૨) (?)), 'બારવ્રત રાસ' (ર.સં.૧૬૮૫), 'શત્રુંજય રાસ' (ર.સં.૧૬૮૬), 'થાવચ્ચાસુત ચોપાઈ' (ર.સં.૧૬૯૧) ૨ ખંડ, ૩૦ ઢાળ, ૪૩૭ કડીની 'ગૌતમ-પૃચ્છા ચોપાઈ' (ર.સં. ૧૬૯૫) ૭૪ કડીની, 'પુંજા ઋષિ રાસ' (ર.સં.૧૬૯૮), 'મયણરેહા રાસ', 'સાધુવંદના રાસ' (ર.સં.૧૬૯૭), 'દ્રૌપદી રાસ' (ર.સં.૧૭૦૦) ૩ ખંડ, ૩૪ ઢાળ, ૬૦૬ કડીની રચનાઓ છે.

**ઋષભદાસ (શ્રાવક)**

મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય મુખ્યત્વે જૈન સાધુકવિઓને હાથે ખેડાયું, પણ એ સાહિત્યના ખેડાણ અને વિકાસમાં ભલે જૂજ પણ કેટલાક શ્રાવક કવિઓનું પણ પ્રદાન રહ્યું છે એમાંના એક મહત્ત્વના શ્રાવક કવિ તે ખંભાતનિવાસી ઋષભદાસ.

એમના જન્મ-અવસાનનાં નિશ્ચિત વર્ષો મળતાં નથી. પણ એમની કૃતિઓના રચનાવર્ષોને આધારે આ કવિનો કવનકાળ સં. ૧૬૬૨થી ૧૬૮૮નો નિશ્ચિત કરી શકાય છે.

ઋષભદાસ વીસા પોરવાડ વણિક જ્ઞાતિના અને 'સંઘવી' અટક ધરાવતા શ્રાવક છે. એમણે એમની કૃતિઓમાં જ પોતાની ગૃહસ્થી વિશે કેટલીક માહિતી આપી છે. તે પરથી લાગે છે કે પોતે પૈસે ટકે સંપન્ન, ધાર્મિક વૃત્તિના અને રોજિંદી ધાર્મિક આવશ્યક ક્રિયાઓ કરનારા હતા. પોતે સંસ્કૃતના પણ સારા જાણકાર હશે એમ એમની ગુજરાતી રચનાઓમાં સંસ્કૃત કાવ્યોનો જે આધાર લીધો છે તે પરથી પ્રતીત થાય છે.

સં. ૧૬૫૨માં નિર્વાણ પામેલા મહાન જૈનાચાર્ય શ્રી હીરવિજયસૂરિના પટ્ટધર શ્રી વિજયસેનસૂરિના આ કવિ શિષ્ય હતા. અને એમની પાસે એમણે ઘણું શાસ્ત્રાધ્યયન કર્યું હતું. વિજયસેનસૂરિની પાટે આવેલા વિજયતિલકસૂરિ અને એમની પછીના વિજયાણંદસૂરિને પણ ઋષભદાસે પોતાના ગુરુ માન્યા હોવાનું એમની કૃતિ 'ભરતેશ્વર રાસ' પરથી જણાય છે.

ઋષભદાસની કવિપ્રતિષ્ઠા મુખ્યત્વે રાસાકવિ તરીકેની છે. એમણે કુલ ૩૨ રાસાઓ રચ્યા છે. જેમાંથી પ્રકાશિત માત્ર ચાર જ થયા છે.

એમની રાસાકૃતિઓમાંથી કવિનો સૌથી મહત્ત્વનો ધ્યાનાર્હ રાસ છે સં. ૧૬૮૫માં ખંભાતમાં રચાયેલો 'શ્રી હીરવિજયસૂરિ રાસ'. દુહા-ચોપાઈમાં તેમજ વિવિધ દેશીઓમાં ૧૧૦ ઢાળ અને ૩૧૩૪ કડીનો આ સુદીર્ઘ રાસ છે. આ રચના કરવામાં એમણે પોતાની પૂર્વે રચાયેલા હીરસૂરિ વિષયક ગ્રંથનો ઉપયોગ કરવા ઉપરાંત પોતાના ગુરુભગવંતો પાસેથી સાંભળેલી કેટલીક ઘટનો-વિગતોનો પણ અહીં સમાવેશ કર્યો છે.

શ્રી હીરવિજયસૂરિ સં. ૧૫૮૩માં પાલણપુરમાં કુંરા શાહ અને નાથીબાઈને ઘેર જન્મીને મહાન જૈનાચાર્ય તરીકે સં. ૧૬૫૨માં ઉના ખાતે નિર્વાણ પામ્યા ત્યાં સુધીના એમના મહત્ત્વના જીવન પ્રસંગોને આલેખતું ચરિત્ર અહીં નિરૂપાયું છે. તે સમયના મોગલસમ્રાટ અકબરશાહ બાદશાહના નિમંત્રણથી ગુજરાતના ગંધાર બંદરેથી પ્રયાણ કરી છેક ફતેહપુર સિક્રી જઈ અકબરને ધર્મગોષ્ઠી દ્વારા તેમજ પોતાના આચારવિચાર દ્વારા એમણે પ્રતિબોધ પમાડયા અને અમારિ પ્રવર્તનનાં તથા જજિયાવેરો અને શત્રુંજય યાત્રાવેરાની નાબૂદીનાં વિવિધ ફરમાનો બાદશાહ પાસે કઢાવ્યાં-આ મહત્ત્વની ઘટનાઓને આ રાસમાં સમાવી લેવાઈ છે. આ રાસમાં હીરસૂરિના શિષ્યો-પ્રશિષ્યો, એમના અનુયાયી શ્રાવકો, એમણે ઉપદેશેલા મુસ્લિમ સુલતાનો, એમને હાથે થયેલી દીક્ષાઓ, જિનબિંબોની પ્રતિષ્ઠાઓ, નૂતન જિનપ્રાસાદો, એમના ચાતુર્માસો, વિહારો, સામૈયાં વગેરે વિશેની દસ્તાવેજી મૂલ્ય ધરાવતી ભરપૂર માહિતી પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત મૃત્યુ સમીપ જણાતાં હીરસૂરિની અંતિમ આલોચના, પટ્ટશિષ્ય વિજયસેનસૂરિ માટેની એમની પ્રતીક્ષા, હીરસૂરિનું નિર્વાણ થતાં સમગ્ર શિષ્યસમુદાયનો વિલાપ, ખંભાતનગરી વગેરેનાં ભાવપૂર્ણ, રસિક અને કાવ્યસ્પર્શવાળાં વર્ણનો, પ્રયોજાયેલી કહેવતો, રૂઢિપ્રયોગો, અરબી-ફારસી શબ્દભંડોળની છાંટવાળી હિન્દી મિશ્રિત ગુજરાતી, કેટલીક સંવાદલઢણો, કવિની ભાષાપ્રૌઢી વગેરેને લઇને ગુજરાતી રાસાસાહિત્યમાં આ કૃતિ મહત્ત્વના પ્રદાનરૂપ બની છે.

એમનો સં. ૧૬૭૦માં રચાયેલો ૪૬૯૯ કડીનો 'કુમારપાલ રાસ' કુમારપાળ ઉપરાંત વનરાજ, સિદ્ધરાજ, હેમચંદ્ર અને અજયપાલના જીવનવૃત્તાંતને વણી લઈ ઐતિહાસિક સામગ્રી પૂરી પાડે છે.

સં. ૧૬૭૮માં રચાયેલો, ૮૪ ઢાળ અને ૧૧૧૬ કડીનો 'ભરતબાહુબલિ રાસ' ભરતેશ્વર અને બાહુબલિના પૂર્વભવોના વૃત્તાંતથી તેમજ ઉપ કથાઓના

વિનિયોગથી વિસ્તાર સાધતી કૃતિ છે.

સં. ૧૬૮૨માં રચાયેલો ૧૮૬૨ કડીનો 'હિતશિક્ષારાસ' દુહા-સોરઠા તેમજ દેશી ઢાળોમાં રચાયેલો, ધર્મબોધ અને વ્યવહારબોધને રજૂ કરતો રાસ છે. સુભાષિતો અને દૃષ્ટાંતકથાઓથી એ રસાત્મક બન્યો છે.

આ ચાર રાસ મુદ્રિત થયા છે. બાકીના એમના અપ્રગટ રાસ આ પ્રમાણે છે:

'ઋષભદેવ રાસ' (ર.સં.૧૬૬૨) ૧૧૮ ઢાળ, ૧૨૭૧ કડીનો, 'જીવવિચાર રાસ' (ર.સં.૧૬૭૬) ૫૦૨ કડીનો, 'ક્ષેત્ર પ્રકાશ રાસ' (ર.સં. ૧૬૭૮) ૫૮૨ કડીનો, 'અજાકુમાર રાસ' (ર.સં.૧૬૭૦) ૫૫૭ કડીનો, 'શત્રુંજય ઉદ્ધાર રાસ', (ર.સં.૧૬૭૦) ૨૦ ઢાળ, ૨૯૬ કડીનો, 'સમકિત રાસ' (ર.સં.૧૬૭૮) ૮૭૯ કડીનો, 'સમયસ્વરૂપ રાસ' ૭૯૧ કડીનો, 'દેવગુરુસ્વરૂપ રાસ' ૭૮૫ કડીનો, 'નવતત્ત્વ રાસ' (ર.સં.૧૬૭૬) ૮૧૧ કડીનો, 'સ્થૂલિભદ્રસૂરિ રાસ' (ર.સં. ૧૬૬૮) ૭૩૨ કડીનો, 'વ્રતવિચાર રાસ' (ર.સં.૧૬૬૨) ૮૧ ઢાળ, ૮૬૨ કડીનો, 'સુમિત્ર રાજર્ષિ રાસ' (ર.સં.૧૬૬૮) ૪૨૫ કડીનો, 'કુમારપાલનો નાનો રાસ' ૨૧૯૨ કડીનો, 'જીવંત સ્વામીનો રાસ' (ર.સં.૧૬૮૨) ૨૨૩ કડીનો, 'ઉપદેશમાલા રાસ' (ર.સં.૧૬૮૦) ૬૩ ઢાળ, ૭૧૨ કડીનો, 'શ્રાદ્ધવિધિ રાસ' ૧૬૨૪ કડીનો, 'પૂજાવિધિ રાસ' (ર.સં.૧૬૮૨) ૧૮૩૯ કડીનો, 'આર્દ્રકુમાર રાસ' ૯૭ કડીનો, 'શ્રેણિક રાસ' (ર.સં.૧૬૮૨) ૧૮૩૯ કડીનો, 'મલ્લિનાથ રાસ' (ર.સં.૧૬૮૫) ૨૯૫ કડીનો, 'પુણ્યપ્રશંસા રાસ' ૩૨૮ કડીનો, 'કયવન્ના રાસ' (ર.સં.૧૬૮૩) ૨૮૪ કડીનો, 'વીરસેનનો રાસ' ૪૪૫ કડીનો, 'હીરવિજયસૂરિના બાર બોલનો રાસ' (ર.સં.૧૬૮૪) ૨૯૪ કડીનો, 'રોહણિયા મુનિ રાસ' (ર.સં.૧૬૮૮) ૩૪૫ કડીનો, 'અભયકુમાર રાસ' (ર.સં.૧૬૮૭) ૧૦૦૫ કડીનો, 'વીસસ્થાનક તપ રાસ' (ર.સં. ૧૬૮૫) અને 'સિદ્ધશિક્ષારાસ'.

રાસકૃતિઓ સિવાય પણ આ કવિએ સ્તવન, નમસ્કાર, સ્તુતિ, સુભાષિત, ગીત, હરિયાળી, છંદ આદિ રચનાઓ કરી છે.

૧૭મા શતકના આ મુખ્ય મુખ્ય રાસ કવિઓ ઉપરાંત ઘણા અન્ય ગૌણ કવિઓને હાથે આ શતકમાં એક કે એથી વધુ રાસાકૃતિઓનું નિર્માણ થયું છે. જેવા કે સોમવિમલસૂરિ, સિદ્ધિસૂરિ, પદ્મસુંદર ઉપાધ્યાય, સકલચંદ્ર ઉપાધ્યાય, ગુણવિજય, કનકસુંદર, ભુવનકીર્તિગણિ, વિજયશંકર વગેરે. એમાંથી ગુણવિજયની બે રાસકૃતિઓ 'નલદમયંતી રાસ' (ર.સં.૧૬૬૫) અને 'ધન્ના-શાલિભદ્ર ચોપાઈ' (ર.સં.૧૬૭૪) પ્રકાશિત થઈ છે.

### વિક્રમનું ૧૮મું શતક

#### જિનહર્ષ

આ કવિ ખરતરગચ્છના જિનકુલસૂરિની પરંપરામાં શાંતિહર્ષના શિષ્ય છે. એમની કૃતિઓનાં રચનાવર્ષોને આધારે આ કવિનો કવનકાળ સં. ૧૭૦૪ થી ૧૭૬૨ નિશ્ચિત થાય છે. તેઓ રાજસ્થાનમાં અને ત્યારબાદ છેક સુધી ઘણુંખરું પાટણમાં રહ્યા જણાય છે. તેમનો કાળધર્મ પણ પાટણમાં થયો. પ્રારંભકાળે રાજસ્થાની અને હિંદીમાં અને પછીથી મુખ્યત્વે ગુજરાતીમાં સર્જન કરનાર આ કવિનું સમગ્ર સાહિત્ય વિપુલતા અને ગુણવત્તાની દૃષ્ટિએ ધ્યાનાર્હ બને છે. તેમની કૃતિઓમાં મળતા રાગનિર્દેશો તેમની સંગીતની જાણકારીનો સંકેત કરે છે. એમની કૃતિઓમાં છંદો અને દેશીઓનું વૈવિધ્ય ઘણું છે.

એમની રાસકૃતિઓ દુહા-દેશીબદ્ધ છે જૈન ધર્મના ઘણા વિષયોને આવરી લે છે. એમની લગભગ ૩૫ ઉપર મળતી રાસાકૃતિઓમાં 'શત્રુંજય માહાત્મ્ય રાસ' સૌથી મોટો રાસ છે. એમની ૯ રાસકૃતિઓ પ્રકાશિત થઈ છે; બાકીની અપ્રગટ છે.

એમનો 'શત્રુંજય માહાત્મ્ય રાસ' સં. ૧૭૫૫માં રચાયેલો, ૯ ખંડ, ૭૦ ઢાળ અને ૮૬૦૦ કડીઓમાં વિભક્ત છે. ધનેશ્વરસૂરિએ રચેલ ગ્રંથ 'શત્રુંજય માહાત્મ્ય'નો આધાર લઈને એને અનુસરતો આ રાસ શત્રુંજય તીર્થનો વિગતપ્રચુર ઇતિહાસ આલેખે છે. આ રાસની હસ્તપ્રત કવિએ પોતાના હસ્તાક્ષરે લખી છે. ભરતથી માંડી સં. ૧૦૮માં થયેલા ૧૩મા ઉદ્ધારક ભાવડપુત્ર જાવડશા સુધીનું નિરૂપણ અહીં થયું છે. તે પછીના બે ઉદ્ધારકો બાહડદે અને સમરસિંહના માત્ર ઉલ્લેખો છે. રાસની નિરૂપણ રીતિ એ પ્રકારે છે કે જાણે વીરપ્રભુ દેશના આપતાં ભવિષ્યમાં કયા ક્રમે ઉદ્ધારકો થશે એની વાત માંડે છે. એ રીતે અહીં શત્રુંજયના ઉદ્ધારોની વાત ભવિષ્યકાળમાં કહેવાઈ છે.

'આરામશોભા રાસ' સં. ૧૭૬૧માં રચાયેલી ૨૧ ઢાળ, ૪૨૯ કડીની રચના છે. અપરમાને પનારે પડેલી આરામશોભા કન્યાની કથા એમાં કહેવાઈ છે. ચમત્કારિક દૃષ્ટિએ આ કૃતિ નોંધપાત્ર બની છે.

આ સિવાય એમની રાસકૃતિઓ આ પ્રમાણે છે:

'ચંદન મલયાગીરી ચોપાઈ' (ર.સં. ૧૭૦૪) ૩૭૨ કડીની, 'વિદ્યાવિલાસ રાસ' (સં. ૧૭૧૧) ૩૦ ઢાળની, 'નંદબહુત્તરી' (ર.સં. ૧૭૧૪), 'કુસુમશ્રી રાસ', (ર.સં. ૧૭૧૫), 'મૃગાપુત્ર ચોપાઈ' (ર.સં. ૧૭૧૫) ૧૦ ઢાળની, 'મત્સ્યોદર ચોપાઈ' (ર.સં. ૧૭૧૮), 'જિનપ્રતિમા દઢકરણ હૂંડી રાસ' (ર.સં. ૧૭૨૫) ૬૭ કડીની, 'શ્રીપાલ રાજાનો રાસ' (ર.સં. ૧૭૪૦) ૪૯ ઢાળની, 'રત્નસિંહ રાજર્ષિ રાસ' (ર.સં. ૧૭૪૧) ૩૯ ઢાળ, ૭૦૯ કડીની, 'શ્રીપાલ રાસ' (નાનો) (ર.સં. ૧૭૪૨) ૨૭૧ કડીની, 'કુમારપાલ રાસ' (ર.સં. ૧૭૪૨) ૧૩૦ ઢાળ, ૨૮૭૬ કડીની, 'અમરસેન-વિરસેન રાસ' (ર.સં. ૧૭૪૪), 'ચંદન મલયાગીરી રાસ' (ર.સં. ૧૭૪૪) ૨૩ ઢાળ, ૪૦૭ કડીની, 'હરિશ્ચંદ્ર રાસ' (ર.સં. ૧૭૪૪) ૩૫ ઢાળ, ૭૦૦ કડીની, 'ઉપમિતિ ભવપ્રપંચા રાસ' (ર.સં. ૧૭૪૫) ૧૨૭ ઢાળ, ૨૯૭૪ કડીની, 'ઉત્તમચરિત્રકુમાર રાસ' (ર.સં. ૧૭૪૫) ૨૯ ઢાળ, ૫૮૭ કડીની, 'હરિબળ લાછીનો રાસ' (ર.સં. ૧૭૪૭), 'વીશ સ્થાનકનો રાસ/પુણ્યવિલાસ રાસ' (ર.સં. ૧૭૪૮) ૧૩૨ ઢાળ, ૩૨૮૭ કડીની, 'મૃંગાકલેખા રાસ' (ર.સં. ૧૭૪૮) ૪૧ ઢાળની, 'અમરદત્ત મિત્રાનંદ રાસ' (ર.સં. ૧૭૪૯) ૩૯ ઢાળ, ૮૫૦ કડીની, ઋષિદત્તા રાસ (ર.સં. ૧૭૪૯) ૨૪ ઢાળ, ૪૫૭ કડીની, 'સુદર્શન શેઠ રાસ' (ર.સં. ૧૭૪૯), 'અજિતસેન કનકાવલી રાસ' (ર.સં. ૧૭૫૧) ૪૩ ઢાળ, ૭૫૮ કડીની, 'મહાબલ-મલયાસુંદરી રાસ' (ર.સં. ૧૭૫૧) ૧૪૨ ઢાળ, ૩૦૦૬ કડીની, 'ગુણકરંડ ગુણાવળી રાસ' (ર.સં. ૧૭૫૧) ૨૬ ઢાળની, 'સત્યવિજય નિર્વાણ રાસ' (ર.સં. ૧૭૫૬), 'રત્નચૂડ રાસ' (ર.સં. ૧૭૫૭), ૩૧ ઢાળ, ૬૨૭ કડીની, 'શીલવતી રાસ' (ર.સં. ૧૭૫૮), ૪૮૦ કડીની, 'રત્નશેખર રત્નવતી રાસ' (ર.સં. ૧૭૫૯) ૩૬ ઢાળ, ૭૧૭ (૭૦) કડીની, 'રાત્રિભોજન પરિહારક/અમરસેન જયસેન રાસ' (ર.સં. ૧૭૫૯) ૨૫ ઢાળ, ૪૭૭ કડીની 'રત્નસાર રાસ' (ર.સં. ૧૭૫૯) ૩૩ ઢાળ, ૬૦૪ કડીની, 'જંબૂસ્વામી રાસ' (ર.સં. ૧૭૬૦) ૮૦ ઢાળ, ૧૬૫૭ કડીની, 'શ્રીમતી રાસ' (ર.સં. ૧૭૬૧) ૧૪ ઢાળની, 'વસુદેવ રાસ' (ર.સં. ૧૭૬૨) ૫૦ ઢાળ, ૧૧૬૩ કડીની રચના છે.

રાસા ઉપરાંત આ કવિએ લખેલી ચોવીસીઓ અને વીસીઓ મહત્ત્વની છે. સ્તવન, સજ્ઝાય, ગીત, તિથિ, બારમાસ, ચોમાસા, હરિયાલી, વગેરે વિવિધ સ્વરૂપોની લઘુકૃતિઓ પણ એમણે સર્જી છે.

**યશોવિજય ઉપાધ્યાય**

ઉપા. યશોવિજયજી એ વિક્રમના ૧૭-૧૮ના શતકમાં થયેલા એક બહુશ્રુત, દાર્શનિક, પ્રખર ન્યાયાચાર્ય, કાવ્યમીમાંસક અને સર્જક કવિ તરીકેની વિરલ પ્રતિભા ધરાવતા, જૈન પરંપરામાં 'લઘુહરિભદ્રાચાર્ય' અને 'કુર્ચાલી શારદા'નું બિરુદ પામેલા એક યુગપ્રભાવક સાધુ છે. જિનવિજય-નયવિજયના તેઓ શિષ્ય છે. એમનું જન્મવર્ષ મળતું નથી. પણ સં. ૧૬૮૮માં એમની દીક્ષા થઈ છે. બાળવયે દીક્ષિત થયાનો સંભવ સ્વીકારીએ તો યશોવિજયજીનો જન્મ સં. ૧૬૭૫ આસપાસ થયો હોવાનું ગણાય. યશોવિજયજીએ કાશી જઇને વિદ્યાભ્યાસ કર્યો. એમને ગણિપદ સં. ૧૭૦૧ પહેલાં મળી ચૂક્યું હતું એ નિશ્ચિત છે. સં. ૧૭૧૮માં એમને ઉપાધ્યાયપદ પ્રાપ્ત થયું. એમનો કવનકાળ મુખ્યત્વે વિક્રમના ૧૮મા શતકના પૂર્વાર્ધને આવરી લે છે. સં. ૧૭૪૩માં ડભોઈમાં તેઓનો સ્વર્ગવાસ થયો.

ઉપા. યશોવિજયજીએ સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતીમાં ૧૧૦ થી યે વધુ ગ્રંથોનું સર્જન કર્યું છે. ગુજરાતીમાં ત્રણ રાસાકૃતિઓ અને 'સમુદ્ર-વહાણ સંવાદ' જેવી દીર્ઘ સંવાદરચના આપવા સાથે એમણે સ્તવનો, સજ્ઝાયો, પૂજા, સ્તુતિઓ, હરિયાળીઓ જેવી પદ્યરચનાઓ આપી છે. સ્તવનોમાં પણ ધ્યાન ખેંચે એવી ત્રણ 'ચોવીશી' અને એક 'વિહરમાન જિનવીશી' છે. ૧૨૫, ૧૫૦ અને ૩૫૦ ગાથાનાં લાંબાં સ્તવનો પણ એમણે રચ્યાં છે.

'દ્રવ્યગુણ પર્યાયનો રાસ' સં. ૧૭૧૧માં રચાયેલો, ૧૭ ઢાળ, ૨૮૪ કડીનો રાસ છે. એમાં એવી સ્થાપના કરવામાં આવી છે કે જગતમાં પદાર્થ બે જ છે-દ્રવ્ય અને પર્યાય. ગુણ એ પણ પર્યાય છે. કવિએ અહીં ગુણ અને પર્યાયની એકતા માની છે. દ્રવ્યની સાથે ગુણનું અસ્તિત્વ સદૈવ હોય છે પણ નવેનવે રૂપે; એક રૂપે નહીં. ગુણ દ્રવ્યનો સ્વભાવ છે ને વ્યાવર્તક લક્ષણ છે. તત્ત્વદર્શનના આ રાસમાં અનેક અવતરણોનો જે ઉપયોગ થયો છે તે કવિની બહુશ્રુતતા સિદ્ધ કરે છે.

'શ્રીપાળ રાજાનો રાસ' એ ૧૩૦૦ કડીની રચના છે. આ રાસનો આરંભ તો કરેલો ઉપા. વિનયવિજયજીએ સં. ૧૭૩૮માં. પણ ગ્રંથ પૂરો થતા પહેલાં ૭૫૦ ગાથા રચાઈ હતી ત્યારે એમનો સ્વર્ગવાસ થતાં ઉપા. યશોવિજયજીએ આગળ ૫૫૧ કડીઓ રચીને આ અધૂરો રાસ પૂર્ણ કર્યો. આમ આ રાસ એ બન્ને સાધુઓનું સહિયારું કર્તૃત્વ છે.

આ રાસમાં શ્રીપાળ અને મયણાસુંદરીનું અત્યંત લોકપ્રિય જૈન ધાર્મિક કથાનક નિરૂપાયું છે. નવપદનો મહિમા લાઘવથી છતાં ઊંડાણથી અહીં પ્રગટ થયો છે. શૃંગારરસનું આલેખન મર્યાદિત સ્વરૂપે થયું છે. તે ઉપરાંત વીર, રૌદ્ર, બીભત્સ, કરુણ અને શાંતિ રસની નિષ્પત્તિ અહીં છે. કૃતિના ઘણાં અંશોમાં યશોવિજયજીની કવિત્વશક્તિનાં દર્શન થાય છે.

'જંબુસ્વામી રાસ' સં. ૧૭૩૯માં રચાયેલો, ૫ અધિકાર અને ૩૭ ઢાળનો, દુહા-ચોપાઈ બંધ તેમજ વિવિધ દેશીઓમાં રચાયેલો રાસ છે. જૈન પરંપરામાં સુપ્રસિદ્ધ એવા જંબૂસ્વામીના સાધુચરિત્રનું એમાં આલેખન છે. દીક્ષાના પક્ષમાં અને વિપક્ષમાં થતી દલીલો રૂપે ગૂંથાયેલી દૃષ્ટાંતકથાઓ એમાં કહેવાઈ છે. મધુબિંદુની, કુબેરદત્તની અને મહેશ્વરદત્તની ત્રણ દૃષ્ટાંતકથાઓ દ્વારા જંબૂકુમાર વૈરાગ્યની મહત્તા પ્રગટ કરે છે. પક્ષ-વિપક્ષની આવી કુલ ૨૩ દૃષ્ટાંતકથાઓ અહીં છે. વર્ણનકલા, અલંકાર-વૈભવ, ઝડઝમકયુક્ત પદાવલિ ને દેશીઓના વૈવિધ્યથી આ રાસકૃતિ આસ્વાદ્ય બની છે.

**જ્ઞાનવિમલસૂરિ**

આ કવિ તપાગચ્છના ધીરવિમલના શિષ્ય છે. એમનો જન્મ સં. ૧૬૯૪માં મારવાડના ભિન્નમાલમાં થયો. વીશા ઓશવાળ જ્ઞાતિના પિતા વાસવ શેઠ અને માતા કનકાવલીના તે પુત્ર. નામ નાથુમલ્લ. સં ૧૭૦૨માં આઠ વર્ષની વયે દીક્ષા થઈ. દીક્ષાનામ નયવિમલ. સં. ૧૭૨૭માં પંન્યાસપદ અને સં. ૧૭૪૮માં આચાર્યપદ પ્રાપ્ત થયું. તે પછી જ્ઞાનવિમલસૂરિ બન્યા. સં. ૧૭૮૨માં ખંભાતમાં એમનો સ્વર્ગવાસ થયો.

એમણે સંસ્કૃત. પ્રાકૃત, ગુજરાતી ત્રણે ભાષામાં ગ્રંથો રચ્યા. સાતેક રાસાકૃતિઓ ઉપરાંત એમણે સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓ, પદો આદિ પ્રચુર માત્રામાં રચ્યાં છે. બે ચોવીસી, બે વીશી રચવા ઉપરાંત સ્તવનોમાં તીર્થસ્તવનો અને તીર્થંકરસ્તવનોની પ્રચુરતા એટલી છે કે એકલાં સિદ્ધાચલનાં જ ૩૬૦૦ સ્તવન રચ્યાં હોવાનું કહેવાય છે. આ કવિએ આનંદઘન અને ઉપા. યશોવિજયજીની કૃતિઓ પર બાલાવબોધો પણ રચ્યાં છે.

એમનો સં. ૧૭૩૮માં રચાયેલો 'જંબૂરાસ' ૩૫ ઢાળ, ૬૦૮ કડીની રચના છે. એમાં જંબુકુમારની આઠ પટરાણીઓનો સંવાદ છે. દરેક પટરાણી પૂછે ને જંબુકુમાર જુદી જુદી દૃષ્ટાંત કથાથી જવાબ આપે એ સ્વરૂપે આ રચના દુહા-દેશીબંધમાં પ્રયોજાઈ છે.

'રણસિંહ રાજર્ષિ રાસ' સં. ૧૭૬૫માં રચાયેલી, ૩૮ ઢાળ ને ૧૧૨૮ કડીની રચના છે.

'ચંદ્ર કેવલી રાસ/આનંદ મંદિર રાસ' સં. ૧૭૭૦માં રચાયેલી, ૪ ખંડ, ૧૧૧ ઢાળ અને ૭૬૪૯ કડીની રચના છે.

'અશોકચંદ્ર રોહિણી રાસ' સં. ૧૭૭૪માં રચાયેલી ૩૧ ઢાળની રચના છે. એમાં રોહિણી નક્ષત્રના દિવસે ૨૮ વર્ષ સુધી કરવામાં આવતા રોહિણી તપનો મહિમા ગવાયો છે. રાજા અશોકચંદ્રની રાણી રોહિણી શોકભાવથી એટલી અજાણ છે કે પુત્રશોકે રડતી સ્ત્રીના રુદનમાં કયો રાગ છે તેમ પૂછે છે. એને પાઠ ભણાવવા પતિ અશોકચંદ્ર ખોળામાં બેઠેલા પુત્ર લોકપાલને અટારીએથી નીચે નાખે છે. ત્યારેય રોહિણીને શોક થતો નથી. એના પુણ્યપ્રભાવે પુત્ર પણ ક્ષેમકુશળ રહે છે. રોહિણીના આ વીતશોકપણાના કારણ રૂપે એના પૂર્વભવની કથા

## પી. એન. આર. સોસાયટીને નિધિ-અર્પણનો કાર્યક્રમ

પર્યુષણ પર્વ દરમિયાન સંઘ દ્વારા ભાવનગરની પી. એન. આર. સોસાયટી માટે એકત્ર થયેલી નિધિ અર્પણ કરવાનો કાર્યક્રમ ભાવનગર ખાતે જાન્યુઆરીના પહેલા અથવા બીજા અઠવાડિયામાં યોજાશે. જે સભ્યો, દાતાઓ વગેરે આ કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતા હોય તેઓએ રૂા. ૨૦૦/- ભરીને સંઘમાં પોતાના નામ અને ટેલિફોન નંબર, મોડામાં મોડું તા. ૩૦મી ઓક્ટોબર સુધીમાં નોંધાવી દેવા વિનંતી છે. વિશેષ માહિતી માટે કાર્યાલયનો સંપર્ક કરવો.

☐ મંત્રીઓ

અહીં કહેવાઈ છે, જેમાં એ એનાં દુષ્કર્મોથી કુરૂપ સ્ત્રી હોય છે પણ રોહિણી તપના આશ્રયથી એ દુષ્કર્મોથી છૂટી રોહિણી અવતાર પામી હોય છે.

'સુસઢ રાસ' ૨૨ ઢાળની રચના છે ને જયણાનું મહત્ત્વ આલેખે છે. 'સાધુવંદના રાસ' સં. ૧૭૨૮માં રચાયેલી, ૧૪ ઢાળની, ૫૦૦ કડીની રચના છે. એમાં ઋષભદેવના ગણધરોથી માંડી પ્રાચીન સાધુઓની નામાવલિ શાસ્ત્રાધારે અપાઈ છે. કવચિત્ ટૂંકું ચરિત્ર-સંકીર્તન પણ એમાં છે.

'બારવ્રતગ્રહણ (ટીપ) રાસ' સં. ૧૭૫૦માં રચાયેલી, ૮ ઢાળ, ૨૦૬ કડીની રચના છે. એમાં જૈન પરંપરાનાં બાર વ્રતોની સમજૂતી છે.

**ઉદયરત્ન**

ઉદયરત્ન વાચક તપા.ના વિજયરાજસૂરિની પરંપરામાં શિવરત્નસૂરિના શિષ્ય છે. ઉદયરત્નની કૃતિઓનાં રચનાવર્ષો સં. ૧૭૪૯ થી ૧૭૯૯નાં ઉપલબ્ધ હોવાથી એમનો કવનકાળ વિક્રમના ૧૮મા શતકના સમગ્ર ઉત્તરાર્ધનો નિશ્ચિત થયો છે. એમના જન્મ અને સ્વર્ગવાસનાં વર્ષો ઉપલબ્ધ નથી. તેઓ ખેડાના રહીશ હતા. અને મિયાંગામમાં એમનો સ્વર્ગવાસ થયાની માહિતી ઉપલબ્ધ થઈ છે. ખેડાની આસપાસના પ્રદેશમાં વસતાં ભાવસારનાં ૫૦૦ કુટુંબોએ એમના પ્રભાવે જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. સં. ૧૭૭૦માં સુરતના એક સદ્‌ગૃહસ્થ પ્રેમજી પારેખે શત્રુંજયનો સંઘ કાઢેલો તેમાં ઉદયરત્ન જોડાયેલા. સં. ૧૭૭૯ની રચનાથી ઉદયરત્નનો 'ઉપાધ્યાય' કે 'ઉદય વાચક' તરીકે ઉલ્લેખ મળતો હોવાથી એમને એ અગાઉનાં વર્ષોમાં ઉપાધ્યાયપદ મળ્યું હોવાનું જણાય છે.

ઉદયરત્ને જે રાસાકૃતિઓ રચી છે એમાં વિષયનો બહોળો વ્યાપ ધ્યાન ખેંચે છે. ઉદયરત્ને રચેલી ૧૯ જેટલી રાસાકૃતિઓમાંથી પાંચેક જ પ્રકાશિત થઈ છે, બાકીની અપ્રગટ છે.

'જંબુસ્વામી રાસ' સં. ૧૭૪૯માં રચાયેલી ૬૬ ઢાળની રચના છે. 'અષ્ટપ્રકારી પૂજા રાસ' સં. ૧૭૫૫માં રચાયેલી, ૭૮ ઢાળની રચના છે, જેમાં આઠ પ્રકારની પૂજાઓનો મહિમા દર્શાવતા આઠ કથાનકો વણી લેવાયાં છે.

'સ્થૂલિભદ્ર રાસ/નવરસો' સં. ૧૭૫૯માં રચાયેલી ૯ ઢાળની રચના છે. એમાં સ્થૂલિભદ્ર-કોશાના સંવાદોને કવિ બહેલાવીને આલેખે છે. કોશાના શૃંગારભાવનું મનોહારી નિરૂપણ આ કૃતિમાં થયું છે. આ સિવાય, 'મુનિપતિ રાસ' (ર.સં. ૧૭૬૧) ૯૩ ઢાળ, ૨૮૨૧ કડીની, 'રાજસિંહ/નવકાર રાસ' (ર.સં. ૧૭૬૨) ૩૧ ઢાળ, ૮૮૦ કડીની, 'બારવ્રત રાસ' (ર.સં. ૧૭૬૫) ૭૭ ઢાળ, ૧૬૭૧ કડીની, 'મલયસુંદરી મહાબલ રાસ (વિનોદવિલાસ રાસ) (ર.સં. ૧૭૬૬ (૬૨)) ૧૩૩ ઢાળ, ૨૯૭૫ કડીની, 'યશોધર રાસ' (ર.સં. ૧૭૬૭) ૮૧ ઢાળ, ૧૫૦૩ કડીની, 'લીલાવતી સુમતિવિલાસ રાસ' (ર.સં. ૧૭૬૭) ૨૧ ઢાળ, ૩૪૮ કડીની, 'ધર્મબુદ્ધિ મંત્રી અને પાપબુદ્ધિ રાજાનો રાસ' (ર.સં. ૧૭૬૮) ૨૭ ઢાળ, ૩૯૬ કડીની, 'શત્રુંજય તીર્થમાળા ઉદ્ધાર રાસ' (ર.સં. ૧૭૬૯), 'ભુવનભાનુ કેવલીનો રાસ (રસલહરી)' (ર.સં. ૧૭૬૯) ૯૭ ઢાળ, ૨૪૨૪ કડીની, 'ભાવરત્નસૂરિ પ્રમુખ પાંચ પાટ વર્ણન ગચ્છ પરંપરા રાસ' (ર.સં. ૧૭૭૦) ૩૧ ઢાળની, 'દામન્નક રાસ' (ર.સં. ૧૭૮૨) ૧૩ ઢાળ, ૧૮૩ કડીની, 'વરદત્ત ગુણમંજરી રાસ' (ર.સં. ૧૭૮૨) ૧૩ ઢાળની, 'સૂર્યયશા (ભરતપુત્રનો રાસ)' (ર.સં. ૧૭૮૨), 'સુદર્શન શ્રેષ્ઠી રાસ' (ર.સં. ૧૭૮૫) ૨૩ ઢાળની, 'હરિવંશ રાસ (રસરત્નાકર રાસ)' (ર.સં. ૧૭૯૯), 'મહિપતિ રાજા અને મતિસાગર પ્રધાન રાસ' રાસકૃતિઓ છે.

ઉદયરત્ન કવિએ દીર્ઘ રાસાકૃતિઓ ઉપરાંત અસંખ્ય સ્તવનો, સજ્ઝાયો, ચૈત્યવંદનો, સલોકા, ઋતુવર્ણનો, છંદો, બારમાસા જેવાં સ્વરૂપોવાળી રચનાઓ કરી છે. ખાસ કરીને ક્રોધ-માન-માયા-લોભ-વૈરાગ્ય-ગર્વ-શિયળ આદિ વિષયની એમની સજ્ઝાયો અને કેટલાંક સ્તવનો જૈન સમુદાયમાં લોકજીભે થયાં છે, જેમાં એક 'ચોવીશી'નો પણ સમાવેશ થાય છે.

આ સિવાય, ૧૮મા શતકમાં જ્ઞાનસાગરે (માણિક્યસાગરશિષ્ય) બારેક રાસાકૃતિઓ રચી છે અને મોહનવિજયે (તપા. વિજયસેનસૂરિની પરંપરામાં રૂપવિજયશિષ્ય) સાતેક રાસાઓ રચ્યા છે. જો કે એમના સાત રાસાઓમાંથી 'નર્મદાસુંદરીનો રાસ' (ર.સં. ૧૭૬૪), 'રત્નપાલનો રાસ' (ર.સં. ૧૭૬૦), 'માનતુંગ-માનવતીનો રાસ' (ર.સં. ૧૭૬૦) અને ચંદનરાજાનો રાસ (ર.સં. ૧૭૬૩) પ્રકાશિત થયા છે.

**વિક્રમનું ૧૯મું શતક**

**પદ્મવિજય**

આ કવિ ઉત્તમવિજયના શિષ્ય છે. સં. ૧૭૯૨માં અમદાવાદમાં એમનો જન્મ. સંસારી નામ પાનાચંદ. સંવત ૧૮૦૫માં ઉત્તમવિજય પાસે અમદાવાદમાં દીક્ષા લીધી. દીક્ષાનામ પદ્મવિજય. ૧૮૧૦માં પંડિતપદ પ્રાપ્ત થયું. સં. ૧૮૬૨માં પાટણમાં સ્વર્ગવાસ.

આ કવિએ ચાર રાસાકૃતિઓ ઉપરાંત વિવિધ પૂજાઓ, બે ચોવીશીઓ, સ્તવન, ચોમાસીનાં દેવવંદન, સજ્ઝાય, ગહૂંલી, હરિયાળી વગેરે લઘુ પદ્યરચનાઓ તેમજ કેટલાક બાલાવબોધો રચ્યા છે જેમાંનો એક ઉપા. યશોવિજયજીના ૩૫૦ ગાથાના સ્તવન પરનો છે.

આ કવિએ રચેલા ચારેય રાસા પ્રકાશિત થયા છે.

'નેમિનાથ રાસ' સં. ૧૮૨૦માં રચાયેલો, ૪ ખંડ, ૧૬૯ ઢાળ અને ૫૫૦૩ કડીનો રાસ છે. એમાં નેમિનાથના નવ ભવની કથા છે. યદુવંશની ઉત્પત્તિના વર્ણન ઉપરાંત એમાં કૃષ્ણ, બળદેવ અને નેમિનાથનાં ચરિત્રોનું આલેખન થયું છે.

'ઉત્તમવિજય નિર્વાણ રાસ' સં. ૧૮૨૮માં રચાયેલો, ૧૩ ઢાળનો, પોતાના ગુરુના નિર્વાણ નિમિત્તે રચાયેલો રાસ છે.

'સમરાદિત્ય કેવલી રાસ' સં. ૧૮૩૯ થી આરંભીને ૧૮૪૨માં પૂર્ણ થયેલો, ૯ ખંડ, ૧૯૯ ઢાળમાં રચાયેલો રાસ છે.

'જયાનંદ કેવળીનો રાસ' સં. ૧૮૫૮માં રચાયેલો ૯ ખંડ, ૨૦૨ ઢાળની રચના છે.

**પંડિત વીરવિજયજી**

આ કવિ તપા. શુભવિજયજીના શિષ્ય છે. કવિનો જન્મ સં. ૧૮૨૯માં અમદાવાદમાં થયો. માતાનું નામ વીજકોર અને પિતાનું નામ યક્ષેશ્વર. સંસારી નામ કેશવ. માતા-પુત્ર વચ્ચે ઉદ્વેગ થતાં અને સંસાર પ્રત્યે અરુચિ જાગતાં કેશવે ગૃહત્યાગ કર્યો અને શુભવિજયજીના સમાગમ અને ધર્મોપદેશથી એમના આજ્ઞાંકિત ભક્ત બન્યા. સં. ૧૮૪૮માં પાનસરા મુકામે દીક્ષા થઈ અને તેઓ વીરવિજય બન્યા. સં. ૧૮૫૮ પછીના ગાળામાં વડોદરામાં પંન્યાસપદ. પછી અમદાવાદમાં ભટ્ટીની પોળના ઉપાશ્રયે રહેવા લાગ્યા. સં. ૧૮૯૩માં શત્રુંજય ઉપર મોતીશાએ બંધાવેલી ટૂકના પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા. સં. ૧૯૦૩માં અમદાવાદનાં જાણીતા હઠીસીંગનાં દહેરાંનો પ્રતિષ્ઠા-મહોત્સવ એમની નિશ્રામાં થયો.

સં. ૧૯૦૮ના ભાદરવા વદ ૩ને દિને અમદાવાદના ભઠ્ઠીની પોળના ઉપાશ્રય ખાતે એમનો સ્વર્ગવાસ થયો.

પં. વીરવિજયજીનું સાહિત્યસર્જન ઘણું જ વિપુલ છે. એમણે ત્રણ લાંબી રાસકૃતિઓ રચવા ઉપરાંત 'સ્થૂલિભદ્ર શિયળવેલી', 'નેમિનાથ-રાજિમતી બારમાસ', 'નેમિનાથ વિવાહલો', 'રહનેમિ સંવાદ' રચ્યાં.

પણ પં. વીરવિજયજીનું ચિરંજીવ પ્રદાન તો છે એમની વિવિધ પૂજાઓ. 'શુભવીર'ને નામે જાણીતા બનેલા આ સાધુકવિએ વિધવિધ દેશીઓમાં અને રાગોની વિવિધ લયછટાઓમાં રચેલી વિવિધ પ્રકારી પૂજાઓ ખૂબ જ જાણીતી બની છે. સાંપ્રત કાળમાં દેરાસરોમાં મહદંશે પં. વીરવિજયજીની રચેલી પૂજાઓ જ ભણાવાય છે. પં. વીરવિજયજી જૈન પૂજાઓના એક પર્યાય સમા બની ગયા છે.

તે ઉપરાંત, મોટી સંખ્યામાં સ્તવનો, સજ્ઝાયો, ચૈત્યવંદનો, દુહા, લાવણી, સ્તુતિ, ઢાળિયાં, ગહૂંલી, હરિયાળી જેવી ભક્તિભાવસભર રચનાઓ એમણે કરી છે. 'પ્રશ્નચિંતામણિ' નામે સંસ્કૃત ગ્રંથ રચ્યો અને 'અધ્યાત્મસાર' પરનો બાલાવબોધ રચ્યો. આ ઉપરાંત એમણે 'હિતશિક્ષા છત્રીશી' તેમજ પોતાના ગુરુ શુભવિજયજીનું ચરિત્ર આલેખતી 'શુભવેલિ'ની રચના કરી છે.

પં. વીરવિજયજીએ (૧) 'સુરસુંદરી રાસ' (ર.સં. ૧૮૫૭), (૨) 'ધમ્મિલકુમાર રાસ' (ર.સં. ૧૮૯૬) અને (૩) 'ચંદ્રશેખર રાસ' (ર.સં. ૧૯૦૨) એમ ત્રણ રાસાકૃતિઓ આપી છે, જે ત્રણેય પ્રકાશિત થઈ છે.

'સુરસુંદરી રાસ' ૪ ખંડ, ૫૨ ઢાળ અને ૧૫૮૪ કડીમાં વિભક્ત છે. વીરવિજયજીની ૨૮ વર્ષની યુવાવયે થયેલી એ રચના છે. જોકે પુરોગામી અનેક કવિઓને હાથે આ વિષય આલેખાયો હોઈ એનો લાભ આ કવિને મળ્યો છે.

પોતાના પતિ દ્વારા જ ત્યજી દેવાયેલી સુરસુંદરી અનેક વિઘ્નો વચ્ચેથી પસાર થતી રહી, ધૈર્ય, સહનશીલતા, શીલરક્ષા આદિ ગુણોને જાળવીને પોતાના ટેકને સાચવે છે. નવકારમંત્રનો મહિમા પણ આ કથાનક દ્વારા દર્શાવાયો છે. દોહરા અને ચોપાઈ છંદ તેમજ વિવિધ દેશીઓમાં આ રાસ પ્રયોજાયા છે.

'ધમ્મિલકુમાર રાસ' ૭૨ ઢાળ અને ૨૪૮૮ કડીની રચના છે. શ્રેષ્ઠીસુત ધમ્મિલ લગ્ન પછી વિરક્તિભાવ અનુભવતો હોવાને કારણે માતાપિતા એનો વિરક્તિભાવ દૂર કરવા ઈરાદાપૂર્વક પુત્રને મોહમાયા તરફ વાળવાનો પ્રયત્ન કરે છે. પરિણામે ધમ્મિલ જુગાર, મદ્યપાન અને વેશ્યાગમનનો વ્યસની બની ગયો. ગણિકા પણ એના પ્રેમમાં અનુરક્ત બની. ધમ્મિલ નિર્ધન બની જતાં ગણિકાની માતાએ પુત્રીને એનાથી વિમુખ બનવાનું કહ્યા છતાં ગણિકા ધમ્મિલના પ્રેમમાં જ ડૂબેલી રહી. ગણિકાની માતાએ ધમ્મિલને નિદ્રાવસ્થામાં જ દૂર અરણ્યમાં ફેંકાવી દીધો. ધમ્મિલને એક મુનિનો ભેટો થતાં વિષયાસક્તિ કેવી બૂરી છે એ વાત વિજયપાલની દૃષ્ટાંતકથા કહીને સમજાવી. એમ મુનિ દ્વારા અનેક દૃષ્ટાંતકથાઓ આડકથાઓ તરીકે કહેવાતી ગઈ છે. અંતે ધમ્મિલ જ્યારે બત્રીશ પત્નીઓ સાથે સુખરૂપ દિવસો પસાર કરતો હતો ત્યારે એક મુનિ પાસેથી પૂર્વભવની કથા જાણી. પૂર્વભવના પુણ્યોદયે અહીં સ્ત્રીસુખ તો મળ્યું. પણ પછીનો ભવ સુધારવા સંયમ ગ્રહણ કરીને એ સ્વર્ગલોકે ગયો.

આ રાસમાં ૧૧ જેટલી અવાંતરકથાઓ દૃષ્ટાંતકથાઓ તરીકે વણી લેવામાં આવી છે. કવિની કથનકલાની શક્તિનો પરિચય અહીં મળે છે. સ્ત્રીસુખની અસારતાનો બોધ કથામાંથી પ્રાપ્ત થાય છે.

'ચંદ્રશેખર રાસ' ૫૭ ઢાળની, કવિની ઉત્તરાવસ્થાની રચના છે. આ રાસનો મુખ્ય ઉદ્દેશ ન્યાયોપાર્જિત દ્રવ્યથી કરેલા દાનનો મહિમા વર્ણવવાનો છે.

ચંદ્રશેખરના વૃત્તાંત સાથે અનેક આંતરકથાઓનું આલેખન પણ અહીં થયું છે. વારાણસીના રાજાનો પુત્ર ચંદ્રશેખર કોઈ અવધૂત યોગીની સાધનાની સહાય અર્થે સ્મશાનમાં જાય છે. ત્યાંથી એની ચમત્કારપૂર્ણ યાત્રાઓ અને લોકાતીત અનુભવોની પરંપરા સર્જાય છે. અદ્‌ભુત રસનું વાતાવરણ એથી સર્જાતું આવે છે. અહીં આવતી સૂત્રાત્મક પંક્તિઓ કવિની બહુશ્રુતતાનો પરિચય કરાવે છે. અનેકવિધ દેશીઓ અને દોહરા-ચોપાઈમાં રાસ પ્રયોજાયો છે. રાસનો નાયક ચંદ્રશેખર ભક્તિભાવપૂર્વક મુનિને દાન આપી બીજા ભવમાં સ્વર્ગસુખ પ્રાપ્ત કરે છે.

**અન્ય ગૌણ કવિઓ**

આ સિવાય પ્રેમવિજયશિષ્ય ભાણવિજયે સં. ૧૮૩૦માં ૪ ખંડમાં અને ૫૭૯૭ કડીમાં વિભક્ત 'વિક્રમાદિત્ય પંચદંડ રાસ'ની રચના કરી છે.

ક્ષેમવર્ધને (હીરવર્ધનશિષ્ય) સં. ૧૮૫૨માં ૫૩ ઢાળના 'સુરસુંદરી અમરકુમાર રાસ'ની, સં. ૧૮૭૦માં ૪૫ ઢાળના 'શાંતિદાસ અને વખતચંદ શેઠનો રાસ/પુણ્યપ્રકાશ રાસ'ની તથા સં. ૧૮૭૯માં 'શ્રીપાલ રાસ'ની રચના કરી છે.

દીપવિજય કવિરાજે સં. ૧૮૭૭માં, ૪ ઉલ્લાસમાં 'સોહમકુલ પટ્ટાવલી રાસ'ની રચના કરી છે.

ગુજરાતી લોકાગચ્છના રૂપચંદ કવિએ સં. ૧૮૫૬માં ૪૧ ઢાળની 'શ્રીપાલ ચોપાઈ'ની, સં. ૧૮૬૦માં 'ધર્મપરીક્ષાનો રાસ'ની, સં. ૧૮૭૩માં ૧૩ ઢાળની, 'પંચેન્દ્રીની ચોપાઈ'ની, સં. ૧૮૭૮માં ૩૪ ઢાળની, 'રૂપસેન ચોપાઈ'ની અને સં. ૧૮૮૦માં ૮ ખંડના 'અંબડ રાસ'ની રચના કરી છે.

ઉત્તમવિજયે (ખુશાલવિજયશિષ્ય) સં. ૧૮૭૮માં ૪ ઉલ્લાસ અને ૭૦ ઢાળમાં વિભક્ત 'ધનપાળ શીલાવતીનો રાસ'ની તેમ જ સં. ૧૮૭૮માં ૭ ઢાળના 'ઢૂંઢક રાસ'ની રચના કરી છે.

આમ સં. ૧૨૪૧માં 'ભરતેશ્વર બાહુબલિ રાસ'થી ઉદ્‌ભવેલું આ રાસાસાહિત્ય વિક્રમના પંદરમા શતક સુધીમાં સુપેરે છવાઈ જઈને વિક્રમના ૧૬-૧૭-૧૮મા શતકમાં કેટલાક અગ્રીમ કોટિના જૈન સર્જકો દ્વારા તેમજ અન્ય અસંખ્ય જૈન સાધુકવિઓ દ્વારા ખેડાતું-વિકસતું રહી ધીમે ધીમે ૧૯મા શતકમાં એનો પ્રવાહ મંદ પડતો જઈ પંડિત વીરવિજયજીના રાસાસર્જન આગળ વિરામ પામતું લાગે છે.

❖❖❖

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ • મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ • પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

● વર્ષ : (૫૦) + ૧૧ ● અંક : ૧૧ ● તા. ૧૬-૧૧-૨૦૦૦ ●

Licence to post without prepayment No. 271
● Regd. No. TECH / 47-890 / MBI / 2000

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ઈરિયાવહી (ઐર્યાપથિકી)

છેલ્લા એક સૈકામાં વિવિધ ક્ષેત્રે વૈજ્ઞાનિક શોધખોળને પરિણામે મનુષ્યની જીવનશૈલીમાં કેટલું મોટું પરિવર્તન આવી ગયું છે ! એક સ્થળેથી બીજે સ્થળે જવા માટે રેલવે, મોટરગાડી, વિમાન, નૌકાજહાજ ઈત્યાદિ સાધનોના વિકાસને પરિણામે ગતિ અને અંતરમાં કેટલા બધા ફેરફારો થતા રહ્યા છે ! દુનિયામાં અવરજવર અતિશય પ્રમાણમાં વધી ગઈ છે. અવકાશી ઉપગ્રહો અને રોકેટોના પરિભ્રમણની તો વાત જ જુદી છે. રમતગમતની સ્પર્ધાઓ સિવાય પગે ચાલીને (કે દોડીને) લાંબું અંતર કાપવાની વાત હવે જાણે જૂનવાણી જેવી લાગે છે.

આમ છતાં આજે પણ હજારો જૈન સાધુ-સાધ્વીઓ જીવન પર્યંત પગે ચાલીને, વિહાર કરીને એક સ્થળેથી બીજે સ્થળે જવાના વ્રતવાળાં હોય છે એ પણ એટલી જ આશ્ચર્યકારક વાત ગણાય છે. તેઓ બધા ગતાનુગતિક, રૂઢિચુસ્ત, અલ્પમતિવાળા માણસો છે એવું માનવાની રખે કોઈ ભૂલ કરે. જૈન પરંપરામાં અનેક તેજસ્વી વિભૂતિઓ થઈ ગઈ છે અને વર્તમાન સમયમાં પણ જોવા મળે છે. ધર્મ અને તત્ત્વજ્ઞાનમાં તર્કયુક્ત ઊંડી શ્રદ્ધા વગર આવું બની ન શકે.

જૈન ધર્મના સિદ્ધાન્તોમાં સૌથી મહત્ત્વનો સિદ્ધાન્ત તે અહિંસાપાલનનો છે. વળી જીવ તત્ત્વ અને એના પ્રકારો વિશે જૈન ધર્મે જેટલી ઊંડી વિચારણા કરી છે એવી જગતના અન્ય કોઈ ધર્મે નથી કરી. નિગોદના જીવોથી માંડીને સિદ્ધ ગતિના જીવો સુધીની વિચારણા એમાં છે. ઈન્દ્રિય પ્રમાણે એમાં જેવું વર્ગીકરણ જોવા મળે છે તેવું અન્યત્ર મળતું નથી.

ઊઠતાંબેસતાં, હાલતાંચાલતાં, ખાતાંપીતાં કેટલા બધા સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો મૃત્યુ પામે છે એ વાત આધુનિક વૈજ્ઞાનિક દૃષ્ટિએ સિદ્ધ થઈ ગઈ છે છતાં કેટલાને એ સમજાય છે ? સમજાયા પછી કેટલાને એવી સૂક્ષ્મ વિચારણામાં રસરુચિ જન્મશે ? રસરુચિ પછી કેટલા એ વાતને શ્રદ્ધાપૂર્વક અનુસરવાનો યત્ન કરશે ?

જગતના જીવ માત્ર સાથે મૈત્રી અને કરુણાની ભાવના વગર એવા જીવોની હિંસાથી વિરમવાની વાત ગમશે નહિ. જ્યાં પંચેન્દ્રિય જીવોની જ આટલી બધી હિંસા વિશ્વમાં વધી રહી છે ત્યાં એકેન્દ્રિય અને તેમાં પણ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોની ક્યાં વાત કરો છો ?-એમ કહી કોઈક હાંસી પણ ઉડાવી શકે. પરંતુ જેઓનો આત્મતત્ત્વની વિચારણામાં રસ જાગ્યો છે, જેઓને આત્મતત્ત્વની ઝાંખી થઈ છે, જેઓને સર્વ જીવોમાં શુદ્ધ ચૈતન્યતત્ત્વનાં દર્શન થાય છે એવી વ્યક્તિઓ પોતાના આચારમાંથી ખસશે નહિ.

વિશ્વમાં સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોનો પ્રતિસમય જે રીતે સંહાર થયા કરે છે તે જોતાં એમ અવશ્ય કહી શકાય કે સૂક્ષ્મ જીવોની હિંસા વિના મનુષ્યનું અસ્તિત્વ ક્ષણવાર પણ ટકી ન શકે. હાલતાંચાલતાં, હાથપગ હલાવતાં, અરે, આંખનું મટકું મારતાં પણ અસંખ્યાત સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો વિનાશ પામે છે. વર્તમાન સમયમાં ઝડપી વાહનવ્યવહારને લીધે એનું પ્રમાણ ઘણું જ વધી ગયું છે. એક વિમાનપ્રવાસમાં કેટલા બધા વાયુકાયના જીવોની હિંસા થાય છે ? એ જીવોનો વિનાશ કરવાનો આશય ન હોય તો પણ વિનાશ થાય છે એ હકીકત છે. ક્ષણ માત્રમાં પોતાને કારણે મૃત્યુ પામેલા આવા સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો ધારો કે મનુષ્ય જેટલો આકાર ધારણ કરીને આપણી સમક્ષ જો ઊભા રહે તો એ સંખ્યા જોઈને આપણે દિઙ્મૂઢ થઈ જઈએ. જો માણસ સમજદાર હોય તો કરુણાથી એનું હૈયું ભરાઈ આવે.

એટલા માટે જ પોતાની અવરજવરને કારણે જાણતાં અજાણતાં થતી જીવોની હિંસા-વિરાધના માટે તત્કાલ ક્ષમા માગી લઈને વિશુદ્ધ થવાની જૈનોમાં એક વિધિ છે. પ્રાચીન કાળથી અદ્યાપિ પર્યંત પ્રચલિત રહેલી આ વિધિ તે 'ઈરિયાવહી' છે.

'ઈરિયાવહી' શબ્દ સંસ્કૃત ઈર્યાપથિકી અથવા 'ઐર્યાપથિકી' પરથી આવેલો છે. સંસ્કૃતમાં ઈર્યા શબ્દનો અર્થ ગતિ, ચાલવું, ફરવું, ગમનાગમન કરવું ઈત્યાદિ થાય છે. સાધુ-સંન્યાસીઓની અવરજવર માટે એ શબ્દ સવિશેષ પ્રયોજાયો છે. પથ એટલે માર્ગ, રસ્તો. ઈર્યાપથ એટલે અવરજવર માટેનો માર્ગ અથવા માર્ગમાં આવાગમન. ઈર્યાપથિકી અથવા ઈરિયાવહી એટલે માર્ગમાં આવાગમન કરવા સંબંધી. શબ્દનો અર્થવિસ્તાર થતાં ઈરિયાવહી શબ્દ માર્ગમાં ગમનાગમ કર્યા પછી તે અંગે લાગેલાં પાપમાંથી વિશુદ્ધ થવા માટે કરાતી વિશિષ્ટ ધર્મક્રિયા માટે વપરાવા લાગ્યો. જૈનોનો એ પારિભાષિક શબ્દ બની ગયો. ઈરિયાવહીની ક્રિયા શ્રાવકે તો કરવાની, પણ સાધુ-સાધ્વીઓ માટે તો તે અનિવાર્ય બની ગઈ, કારણ કે ગૃહસ્થોનું ગમનાગમન નિષ્પ્રયોજન પણ હોઈ શકે, પરંતુ સાધુઓનું ગમનાગમન તો સપ્રયોજન જ હોવું જોઈએ. સાધુઓએ અહિંસાનું મહાવ્રત ધારણ કરેલું છે.

'ઈરિયાવહી' સૂત્ર ગણધર ભગવંતે રચેલું સૂત્ર છે. 'આવશ્યકસૂત્ર'ના 'પ્રતિક્રમણ-અધ્યયન' નામના ચોથા અધ્યયનમાં તે આવે છે. આ સૂત્ર પ્રાકૃત ભાષામાં છે. તે નીચે પ્રમાણે છે :

ઈચ્છાકારેણ 'સંદિસહ' ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં !

ઈચ્છામિ પડિક્કમિઉં, ઈરિયાવહિયાએ વિરાહણાએ, ગમનાગમણે

પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે ઓસા-ઉત્તિંગ-પણગ-દગ-મટ્ટી-મક્કડા-સંતાણા-સંકમણે ।

જે મે જીવા વિરાહિયા ।

એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ।

અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા તસ્સ મિચ્છામિ દુક્કડં !

આ પ્રાકૃત સૂત્રનો ગુજરાતીમાં શબ્દાર્થ નીચે પ્રમાણે છે :

ઈચ્છા પ્રમાણે ભગવન્ ! આજ્ઞા આપો, હું ઐર્યાપથિકી પ્રતિક્રમણ કરું ?

ગમનાગમનમાં પ્રાણીને ચાંપતાં (દબાવતાં, કચડતાં), બીજને ચાંપતાં, લીલોતરીને ચાંપતાં, ઝાકળ, કીડીનાં દર, લીલફૂગ, પાણી, કાદવ, કરોળિયાનાં જાળાંને ચાંપતાં-મેં જે એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય જીવોને લાતે માર્યા હોય, ધૂળે ઢાંક્યા હોય, ભોંય સાથે ઘસ્યા હોય, અથડાવ્યા-કૂટાવ્યા હોય, પરિતાપ ઉપજાવ્યો હોય, ખેદ પમાડ્યો હોય, ઉદ્વેગ પમાડ્યો હોય, એક સ્થાનેથી બીજે સ્થાને મૂક્યા હોય, જીવિતથી છૂટા કર્યા હોય (મારી નાખ્યા હોય) તે મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. (તે માટે હું ક્ષમા માગું છું.)

આ સૂત્રમાં આવતા કેટલાક પારિભાષિક શબ્દોના અર્થ જોઈએ:

'પાણક્કમણે' એટલે પ્રાણો (જીવો)ને ચાંપીને ઉપર ચાલતાં.

'બીયક્કમણે' એટલે બીજ (બિયાં)ને ચાંપતાં.

'હરિયક્કમણે' એટલે હરિત અથવા લીલી વનસ્પતિને, લીલોતરીને ચાંપતાં.

'ઓસા' એટલે ઓસ અથવા ઝાકળ.

'ઉત્તિંગ' એટલે માટીમાં ગોળ છિદ્ર પાડનાર જીવો, જે ગધૈયા તરીકે ઓળખાય છે. ઉત્તિંગનો બીજો એક અર્થ થાય છે કીડીઓનાં દર.

'પણગ' એટલે લીલ, ફૂગ, પચરંગી સાધારણ વનસ્પતિ.

'દગમટ્ટી' એટલે ઢીલો કાદવ, કીચડ. દગ અને મટ્ટી એમ જુદા જુદા શબ્દ લઈએ તો દગ (દક) એટલે કાચું પાણી અને મટ્ટી એટલે માટી.

'મક્કડા-સંતાણા' એટલે કરોળિયાનાં જાળાં.

'સંકમણે' એટલે એના ઉપર સંક્રમણ કર્યું હોય, તે ચાંપીને ઉપર ચાલ્યા હોય અને એ રીતે તે જીવોની જે વિરાધના કરી હોય એટલે કે તેઓને કષ્ટ, દુઃખ આપ્યું હોય. તે માટે આ પ્રમાણે ક્ષમા માગવામાં આવે છે.

જૈન ધર્મમાં જીવ દ્રવ્ય વિશે (તથા અન્ય દ્રવ્ય વિશે પણ) જેટલી ઊંડી વિચારણા થઈ છે તેટલી દુનિયાના અન્ય કોઈ ધર્મમાં જોવા નહિ મળે. 'જીવ વિચાર' નામના ધર્મગ્રંથમાં જીવોનું બહુ સૂક્ષ્મ વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

જ્યાં ચેતનાશક્તિ છે ત્યાં જીવન છે. જે પોતાની મેળે હરીફરી શકે, હાલીચાલી શકે એવા ત્રસ જીવો અને પોતાની મેળે હરીફરી ન શકે તેવા સ્થાવર જીવોના પણ પેટાપ્રકાર બતાવવામાં આવ્યા છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચે સ્થાવર જીવો છે અને માણસ, ગાય, ભેંસ, બળદ, પોપટ, ચકલી, ઉંદર, સાપ, વીંછી, ભમરો, કીડી, મંકોડો વગેરે ત્રસ જીવો છે. ત્રસ અને સ્થાવર જીવોમાં જે જીવત્વ છે તે પ્રાણને આધારે છે. જ્યાં પ્રાણ છે ત્યાં જીવ છે અને જ્યાં જીવ છે ત્યાં પ્રાણ છે. આવા દસ પ્રકારના પ્રાણ બતાવવામાં આવે છે. એ દસ તે પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ અથવા યોગ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય.

પાંચ ઈન્દ્રિય તે સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય. આ ઈન્દ્રિયોને રહેવાનાં સ્થળ અથવા ઠેકાણાં તે અનુક્રમે ચામડી, જીભ, નાક, આંખ અને કાન.

ત્રણ બળ અથવા યોગ આ પ્રમાણે છે: જેના વડે આપણે વિચાર કરી શકીએ તે મનોબળ, જેના વડે બોલી શકીએ, અવાજ ઉચ્ચારી શકીએ તે વચનબળ અને જેના વડે ઊઠવું, બેસવું વગેરે કાર્ય કરી શકીએ તે શરીરબળ.

જે શક્તિ વડે શરીરમાં વાયુ દાખલ કરી શકીએ, રાખી શકીએ અને બહાર કાઢી શકીએ તે શ્વાસોચ્છ્વાસ અને જે શક્તિ વડે શરીરમાં જીવત્વ અમુક કાળ સુધી ટકી શકે તે આયુષ્ય.

ઈન્દ્રિયની સંખ્યા પ્રમાણે જીવો પાંચ પ્રકારના છે, એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય. એકેન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, બેઈન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય, તેઈન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય, ચૌરેન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય હોય છે. (કેટલી ઈન્દ્રિય અને કઈ કઈ છે એ યાદ રાખવા માટે સહેલો ઉપાય એ છે કે પોતાના ચહેરામાં સૌથી નીચે દાઢી-હડપચી (સ્પર્શ)થી શરૂ કરી ઉપર જતાં જીભ, પછી નાક, પછી આંખો અને પછી કાટખૂણે કાન એમ અનુક્રમે ઉમેરતા જવાથી એકેન્દ્રિયથી પંચેન્દ્રિયનો ખ્યાલ આવશે.)

'ઈરિયાવહી' સૂત્રમાં જીવોને માટે આવતા શબ્દોની સમજ નીચે પ્રમાણે છે :

'એગિંદિયા' એટલે એકેન્દ્રિય જીવો. એકેન્દ્રિય જીવોને ફક્ત સ્પર્શેન્દ્રિય હોય છે. તેમની ગણના તિર્યંચ ગતિના જીવોમાં થાય છે.

એકેન્દ્રિય જીવો પાંચ પ્રકારના છે : પૃથ્વીકાય, અપકાય, તેઉકાય (તેજસકાય), વાયુકાય અને વનસ્પતિકાય.

એકેન્દ્રિય જીવોને ચાર પ્રાણ હોય છે: (૧) શરીર (સ્પર્શેન્દ્રિય), (૨) શરીરબળ (કાયયોગ), (૩) શ્વાસોચ્છ્વાસ અને (૪) આયુષ્ય.

કાચી માટી, પથ્થર, મીઠું વગેરે પૃથ્વીકાય જીવો છે. પાણી અપકાયના જીવો છે. અગ્નિ તેઉકાયના જીવો છે. હવા, પવન તે વાયુકાયના જીવો છે અને શેવાળ, ઝાડપાન વગેરે વનસ્પતિકાયના જીવો છે.

બિઈંદિયા'-એટલે બે ઈન્દ્રિયવાલા જીવો. તેઓને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય (જીભ) એ બે ઈન્દ્રિયો હોય છે. તે પણ તિર્યંચ કહેવાય છે.

બે ઈન્દ્રિયવાળા જીવોને છ પ્રાણ હોય છે: (૧) શરીર (સ્પર્શેન્દ્રિય) (૨) રસનેન્દ્રિય (જીભ), (૩) શરીરબળ (કાયયોગ), (૪) વચનબળ (વચનયોગ), (૫) શ્વાસોચ્છ્વાસ અને (૬) આયુષ્ય.

બેઈન્દ્રિય જીવોમાં લોહી ચૂસનારા જળો વગેરે, વરસાદમાં ઉત્પન્ન થનારાં અળસિયાં વગેરે, વાસી અને એંઠા અન્નજળમાં ઉત્પન્ન થનારાં લાળિયાં, પેટમાં ઉત્પન્ન થનારાં નાના જીવો તે કરમિયાં અને મોટા તે ગંડોલા, પાણીમાં ઉત્પન્ન થનારા પોરા, સમુદ્રમાં ઉત્પન્ન થનારા શંખ, કોડા વગેરે, લાકડામાં ઉત્પન્ન થનારા કીડા તે મેહરિ વગેરે ગણાય છે.

'તેઇંદિયા' એટલે ત્રણ ઈન્દ્રિયવાળા જીવો. તે પણ તિર્યંચ કહેવાય છે.

ત્રણ ઈન્દ્રિયવાળા જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય

હોય છે.

ત્રણ ઈન્દ્રિયવાળા જીવોને સાત પ્રાણ હોય છે : સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, કાયયોગ, વચનયોગ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય.

ત્રણ ઈન્દ્રિયવાળા જીવોમાં માણસના માથામાં ઉત્પન્ન થનાર જૂ, શરીરના મેલમાં ઉત્પન્ન થનાર સફેદ જૂ, ઝાડનાં થડ વગેરેમાં થનાર મંકોડા, પથારીમાં ઉત્પન્ન થનાર માંકડ, કાનમાં પેસી જનાર કાનખજૂરા, મીઠાઈ-ગળપણમાં થનાર વિવિધ પ્રકારની રાતી, કાળી કીડી, અનાજમાં ઉત્પન્ન થનાર ધનેડાં, ઈયળ વગેરે તથા બીજી ઘણી જાતના જીવો છે.

ચઉરિંદિયા અથવા ચૌરેંદિયા એટલે ચતુરિન્દ્રિય, ચાર ઈન્દ્રિયવાળા જીવો. તે પણ તિર્યંચ ગતિના જીવ તરીકે ગણાય છે.

ચાર ઈન્દ્રિયવાળા જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુઈન્દ્રિય હોય છે.

ચૌરેન્દ્રિય જીવોને આઠ પ્રાણ હોય છે : ત્વચા, જીભ, નાક, આંખ, કાયયોગ, વચનયોગ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય.

ચાર ઇન્દ્રિયવાળા જીવોમાં પુષ્પાદિની સુગંધ લેનાર ભમરા, ભમરી, મધમાખી વગેરે, પાણી, કીચડ વગેરેમાં ઉત્પન્ન થનાર મચ્છરો, ગંદકીમાં ઉત્પન્ન થનાર માખી, ડાંસ વગેરે, છાણ વગેરેમાં ઉત્પન્ન થનાર વીંછી, ઘોડાના તબેલામાં ઉત્પન્ન થનાર બગાઈ, દીવાબત્તી પાસે આવનાર પતંગિયાં, ખેતરમાં ધાન્ય ખાઈ જનાર તીડ, જાળામાં રહેનાર કરોળિયા, અંધારામાં રહેનાર વાંદા, કંસારી વગેરે પ્રકારના જીવો ગણાવવામાં આવે છે.

'પચિંદિયા' એટલે પંચેન્દ્રિય, પાંચ ઈન્દ્રિયવાળા જીવો. તેઓને પાંચે ઈન્દ્રિયો-સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય હોય છે.

પંચેન્દ્રિય જીવો મનુષ્ય, તિર્યંચ, દેવતા અને નારકી એ ચારે ગતિમાં હોય છે.

પંચેન્દ્રિયના સંજ્ઞી પંચેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય એવા બે પ્રકારો છે. દેવ, નારક, ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચને સંજ્ઞી પંચેન્દ્રિય ગણવામાં આવે છે અને તેઓને દસ પ્રાણ હોય છે. અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં સંમૂર્ચ્છિમ તિર્યંચ અને સંમૂર્ચ્છિમ મનુષ્યને મનોબળ ન હોવાથી નવ પ્રાણ હોય છે. કેટલાક સંમૂર્ચ્છિમ મનુષ્યોને વચનબળ પણ હોતું નથી. તેઓને આઠ પ્રાણ હોય છે. કેટલાક સંમૂર્ચ્છિમ જીવો શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂરી કર્યા વગર મૃત્યુ પામે તો તેમને સાત પ્રાણ હોય છે.

આ જીવોની ઈરિયાવહી સૂત્રમાં દર્શાવ્યા પ્રમાણે દસ પ્રકારે વિરાધના થાય છે એટલે કે તેમને દુ:ખ, કષ્ટ અપાય છે અને એ દ્વારા પાપકર્મ બંધાય છે. એ નીચે પ્રમાણે છે :

(૧) અભિહયા-એટલે અભિહતા. એટલે કે લાતે મરાયા, ઠોકરે માર્યા, અથડાવ્યા, સામે આવતાને હણ્યા હોય.

(૨) વત્તિયા-એટલે વર્તિતા, એટલે કે ધૂળ વડે ઢાંક્યા હોય અથવા ઢંકાયા હોય.

(૩) લેસિયા-એટલે શ્લેષિત, આશ્લેષિત. એટલે કે ભીંસ્યા હોય, ભોંય સાથે ઘસ્યા હોય કે ઘસાયા હોય અથવા મસળ્યા હોય.

(૪) સંઘાઈઆ-એટલે સંઘાતિત કર્યા હોય. અર્થાત્ પરસ્પર શરીર દ્વારા અફળાવાયા હોય, એકઠા કર્યા હોય.

(૫) સંઘટ્ટિયા-એટલે સંઘટ્ટિત એટલે થોડા સ્પર્શથી દુભવ્યા હોય.

(૬) પરિયાવિયા-એટલે પરિતાપિતા અર્થાત્ પરિતાપ ઉપજાવ્યો હોય, દુ:ખ આપ્યું હોય, કષ્ટકલેશ કરાવ્યો હોય, હેરાન-પરેશાન કર્યા હોય.

(૭) કિલામિયા-એટલે ક્લામિત કર્યા હોય, ખેદ પમાડ્યો હોય, અધમૂઆ કે મૃત:પ્રાય કરી નાખ્યા હોય.

(૮) ઉદ્દવિયા એટલે ઉપદ્રવિત અથવા અવદ્રાવિત કર્યા હોય અર્થાત્ ગભરાવ્યા હોય, થરથરાવ્યા હોય, ત્રાસ આપ્યો હોય, બીક બતાવી હોય.

(૯) ઠાણાઓ ઠાણં સંકામિયા-એટલે સ્થાનાત્ સ્થાનં સંક્રામિતા- અર્થાત્ એક સ્થાનેથી બીજે સ્થાને સંક્રમિત કર્યા હોય, મૂક્યા કે ફેરવ્યા હોય અથવા પોતાના સ્થાનેથી વિખૂટા પાડી દીધા હોય.

(૧૦) જીવિયાઓ વવરોવિયા-જીવિતથી વ્યપરોપિતિ કર્યા હોય એટલે કે છૂટા કર્યા હોય. અર્થાત્ જીવથી માર્યા હોય, મારી નાખ્યા હોય.

ઈરિયાવહી સૂત્ર (૧) ઈચ્છામિ (૨) પડિક્કમિઉ (૩) ઈરિયા-વહિયાએ અને (૪) વિરાહણાએ આ ચાર પદોના વિસ્તારરૂપે છે. સૂત્રમાં મુખ્ય ચાર વિભાગ પડે છે અને સૂત્રમાં સાત સંપદાઓ છે.

ઈરિયાવહી સૂત્ર 'ઈચ્છાકારેણ' શબ્દથી શરૂ થાય છે. ત્યારપછી પણ એમાં 'ઈચ્છં' અને 'ઈચ્છામિ' શબ્દો આવે છે. આ બતાવે છે કે 'ઈરિયાવહી'માં 'ઈચ્છા'ના પ્રકારની સામાચારી છે. જૈન ધર્મવિધિઓ કે આચારો વિશે શાસ્ત્રોમાં દસ પ્રકારની સામાચારી આ પ્રમાણે બતાવવામાં આવી છે : (૧) ઈચ્છા, (૨) મિચ્છા, (૩) આવિસ્સયા, (૪) નીસીહિઆ, (૫) છંદણા, (૬) તહત્તિ, (૭) પૃચ્છા, (૮) પ્રતિપૃચ્છા, (૯) ઉપસંપદા અને (૧૦) નિમંત્રણા.

ઈરિયાવહીમાં 'ઈચ્છા' સામાચારી છે. એટલે કે શિષ્યની ઈચ્છા હોય તો ગુરુ આજ્ઞા આપે અને આજ્ઞા આપવાની ગુરુની ઈચ્છા હોય તો તેઓ આજ્ઞા આપે. આ સામાચારીમાં કોઈ આગ્રહ હોતો નથી. 'ઈરિયાવહી' એ 'ઈચ્છા'ના પ્રકારની સામાચારી હોવાથી શિષ્ય સ્વેચ્છાએ તે માટે ગુરુની આજ્ઞા માગે છે.

આમ, ઈરિયાવહી એટલે સંક્ષિપ્ત અથવા લઘુ પ્રતિક્રમણ.

ઈરિયાવહી પ્રતિક્રમણનનો આ વિધિ આલોચના-પ્રતિક્રમણનો જઘન્યમાં જઘન્ય વિધિ છે, કારણ કે એમાં સામાન્ય નિમિત્તોથી થયેલા નાના દોષોનું તરત પ્રતિક્રમણ કરવાનું હોય છે. (મોટા દોષોની શુદ્ધિ માટે મોટા પ્રતિક્રમણની જુદી જુદી વિધિઓ છે.) આ વિધિમાં તરત લાગેલાં તાજાં કર્મોને ખંખેરી નાખવાનાં હોય છે. મન, વચન અને કાયાના વિવિધ યોગોથી ભારે અને હળવાં કર્મો બંધાય છે : ક્યારેક મોટા કષાયો થાય છે. પરંતુ સામાન્ય ગમનાગમનમાં મુખ્યત્વે હિંસાનો દોષ લાગે છે. ઈચ્છા હોય કે ન હોય, ગમનાગમનામાં વિશેષત: સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોની વિરાધના અવશ્ય થાય છે. એકંદરે તે અજાણતાં, અહેતુપૂર્વક થાય છે, તો ક્યારે જાણતાં અને હેતુપૂર્વક થાય છે. એવાં તાજાં બંધાયેલાં નાનાં કર્મોના ક્ષય માટે આ આલોચના-પ્રતિક્રમણની વિધિ 'ઈરિયાવહી' છે.

જૈન સાધુ-સાધ્વીઓ માટે પાંચ મહાવ્રત ઉપરાંત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલન ઉપર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. એને અષ્ટ પ્રવચનમાતા પણ કહેવામાં આવે છે. એમાં પાંચ સમિતિમાં સૌથી પ્રથમ સમિતિ તે ઈર્યાસમિતિ છે. સમિતિ એટલે વિવેકપૂર્વકની, યત્નાપૂર્વકની પ્રવૃત્તિ. ઈર્યાસમિતિનું પાલન કરવા માટે સાધુ-સાધ્વીઓએ માર્ગમાં જોઈ-સંભાળીને ચાલવું. સાધુ-સાધ્વીઓએ અંધારામાં ગમનાગમન કરવાનું હોતું નથી. માણસોની અવરજવરવાળા, સૂર્યપ્રકાશથી પ્રકાશિત થયેલા માર્ગમાં ચાર હાથ આગળ જેટલી ભૂમિ પર નીચે દૃષ્ટિ રાખીને, જીવોની હિંસા ન થાય એ રીતે લક્ષ રાખીને, સાધુ-સાધ્વીઓએ ગમનાગમન

કરવાનું હોય છે કે જેથી પોતાને તત્સંબંધી ઓછામાં ઓછો દોષ લાગે.

ઐર્યાપથિકી વિરાધના શરીરની જવાઆવવાની-ગમનાગમની ક્રિયાથી થાય છે. તેમાં જીવોની હિંસા થતી હોવાથી કર્મ બંધાય છે. આ વિરાધના પહેલા ગુણસ્થાનકથી છઠ્ઠા ગુણસ્થાન સુધી રહેલા જીવોથી થાય છે. એટલે આ વિરાધના શ્રમણ ભગવંતોને પણ લાગે છે. એટલે ગમનાગમનથી લાગેલાં કર્મ માટે તેઓને પણ ઈરિયાવહી પ્રતિક્રમણ કરવાનું હોય છે. એ તેમની સતત જાગૃત દશા સૂચવે છે.

ઈરિયાવહી પ્રતિક્રમણ કાઉસ્સગ્ગ સાથે કરવાનું હોય છે. કાઉસ્સગ્ગ કરતાં પહેલાં વિશુદ્ધિકરણ માટે તથા માયા, નિદાન અને મિથ્યાત્વરૂપી શલ્યથી રહિત દ્રવ્ય માટે 'તસ્સ ઉત્તરી' સૂત્ર અને કાઉસ્સગ્ગ માટે 'અન્નત્થ' સૂત્ર બોલવાનું હોય છે. કાઉસ્સગ્ગ લોગસ્સ સૂત્રનો કરવાનો હોય છે. ત્યાર પછી પ્રગટ લોગસ્સ બોલવાનો હોય છે. આમ, ઈચ્છામિ ખમાસમણ, ઈરિયાવહિયા, તસ્સ ઉત્તરી, અન્નત્થ અને લોગસ્સ (કાઉસગ્ગ અને પ્રગટ) મળીને આ વિધિ પૂર્ણ થાય છે.

ઈરિયાવહી સૂત્રમાં જીવોની વિરાધના માટે ક્ષમા માંગવામાં આવે છે. આમ તો સમસ્ત ચૌદ રાજલોકમાં (સમગ્ર વિશ્વમાં) ચોર્યાસી લાખ પ્રકારની જીવાયોનિના અનંતાઅનંત જીવો છે. એ સર્વ જીવ રાશિની ક્ષમાપના કરવાની છે. પરંતુ આ જીવોનું મુખ્ય વર્ગીકરણ લઈએ તો કુલ ૫૬૩ પ્રકારના જીવો ગણાવવામાં આવે છે.

શ્રી શાન્તિસૂરિકૃત 'જીવ વિચાર પ્રકરણ'માં અને જીવવિચાર વિશેના અન્ય ગ્રંથોમાં સંસારના સમસ્ત જીવોના ૫૬૩ પ્રકાર જણાવ્યા છે. તેમાં મનુષ્યના ૩૦૩ ભેદ છે. તે આ પ્રમાણે છે : ૧૫ કર્મભૂમિના, ૩૦ અકર્મભૂમિના અને ૫૬ અંતરદ્વીપના એમ મળીને ૧૦૧ ભેદ થાય. તેમાં અપર્યાપ્ત મનુષ્યો અને પર્યાપ્ત મનુષ્યો એવા બે ભેદ થતાં ૨૦૨ ભેદ થાય. તેમાં સંમૂર્ચ્છિમ મનુષ્યના ૧૦૧ ભેદ ઉમેરતાં કુલ ૩૦૩ થાય. (સંમૂર્ચ્છિમ જીવ અપાર્યપ્ત જ હોય.)

તિર્યંચ ગતિના જીવોના કુલ ૪૮ ભેદ બતાવવામાં આવે છે. એમાં સ્થાવરના ૨૨ ભેદ વિકલેન્દ્રિયના ૬ ભેદ અને તિર્યંચ પંચેન્દ્રિયમાં જલચરના ૪, સ્થળચરના ૧૨ તથા ખેચરના ૪ મળીને ૨૦ ભેદ એમ કુલ ૪૮ ભેદ તિર્યંચના બતાવવામાં આવે છે.

દેવગતિના કુલ ૧૯૮ ભેદ છે. તે આ પ્રમાણે છે : ભુવનપતિના ૨૫, વ્યંતરના ૨૬, જ્યોતિષ્કના ૧૦ અને વૈમાનિક દેવના ૩૮ એમ બધા મળીને ૯૯ ભેદ થાય. તે દરેકના અપર્યાપ્ત અને પર્યાપ્ત એવા બે ભેદ કરતાં કુલ ૧૯૮ ભેદ થાય.

નારકીના જીવોના ૧૪ ભેદ છે. એમાં સાત નારકીના સાત ભેદ અને તે પ્રત્યેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ ગણીએ તો કુલ ૧૪ ભેદ થાય.

આમ મનુષ્યના ૩૦૩, તિર્યંચના ૪૮, દેવોના ૧૯૮ અને નારકીના ૧૪ એમ બધા મળીને કુલ ૫૬૩ પ્રકારના જીવો છે.

આ જીવોની ઈરિયાવહી સૂત્રમાં બતાવ્યા પ્રમાણે દસ પ્રકારે વિરાધના થાય : અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિઆ, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા. આમ ૫૬૩ પ્રકારના જીવોની પ્રત્યેકની દસ પ્રકારે વિરાધના ગણતાં ૫૬૩૦ ભેદ થાય. આ વિરાધના રાગથી પણ થાય અને દ્વેષથી પણ થાય. એટલે કે ૫૬૩૦x૨=૧૧૨૬૦ ભેદ થાય. વળી તે મનથી અથવા વચનથી અથવા કાયાથી એમ ત્રણ યોગે થાય એટલે કે ૧૧૨૬૦x૩=૩૩૭૮૦ ભેદે થાય.

વળી આ વિરાધના ત્રણ કરણથી થાય–કરવું, કરાવવું અને અનુમોદવું. એટલે ૩૩૭૮૦x૩=૧૦૧૩૪૦ ભેદે થાય. વળી તે ત્રણ કાળની અપેક્ષાએ-ભૂત, વર્તમાન અને ભવિષ્યની અપેક્ષાએ થાય. એટલે ૧૦૧૩૪૦x૩=૩૦૪૦૨૦ ભેદે થાય. આટલી બધી વિરાધના માટે જે મિચ્છા મિ દુક્કડં કરવાનું છે તે છની સાક્ષીએ કરવાનું છે, એટલે કે અરિહંત ભગવંતની સાક્ષીએ, સિદ્ધ ભગવંત, સાધુ ભગવંત, દેવ, ગુરુ અને પોતાના આત્માની સાક્ષીએ ક્ષમા માગવાની છે. આમ ૩૦૪૦૨૦x૬=૧૮,૨૪૧૨૦ ભેદે ક્ષમા માગવાની છે. આમ, ઈરિયાવહી સૂત્ર બોલવા દ્વારા સંસારના સર્વ જીવોની ૧૮૨૪૧૨૦ ભેદે ક્ષમા માગવાની છે.

કોઈકને પ્રશ્ન થાય કે આટલું બધું ઝીણું કરવાની જરૂર શી ? જરૂર એટલા માટે કે કોઈપણ અપેક્ષાએ કોઈપણ જીવની ક્ષમા માગવાની રહી ન જાય. કોઈપણ અપેક્ષાએ રહી જાય તો એટલી અપૂર્ણતા રહે. ત્રુટિ ગણાય. કાર્ય સંપૂર્ણપણે સફળ ન ગણાય.

કોઈકને પ્રશ્ન થાય કે ઈરિયાવહી સૂત્ર બોલતાં અડધી મિનિટ પણ થતી નથી. ધીમે ધીમે બોલીએ તો બે-ચાર મિનિટ થાય. એટલા અલ્પકાળમાં ૧૮૨૪૧૨૦ ભેદ પૂરા કેવી રીતે થાય ? એકએક ભેદ જુદો ગણતા જઈએ તો દિવસો નીકળી જાય. એનું સમાધાન એ છે કે અહીં સ્થૂળ છૂટક ગણના કરતાં એની સમજ અને એ માટેનો નિર્મળ ભાવ મહત્ત્વનાં છે. અંતર જાગૃત હોય તો આ બધા ભેદો ઉપરનો ઉપયોગ ક્ષણવારમાં ફરી વળે છે. ભેદોનું વિભાજન તો સાચી ઊંડી સમજણ માટે, દૃષ્ટિની વિશાળતા માટે, અને ક્રિયાની પરિપૂર્ણતા માટે છે.

'ઈરિયાવહી'ની વિધિનું મહત્ત્વ જૈન ધર્મમાં એટલું બધું બતાવવામાં આવ્યું છે કે કોઈપણ ધાર્મિક ક્રિયા કરતાં પહેલાં ઈરિયાવહી કરી લેવી જોઈએ. જગતના તમામે તમામ જીવો સાથે કરુણાસભર હૃદયથી ક્ષમાપના અને મૈત્રી કર્યા વિના ધર્મક્રિયા સારી રીતે થઈ ન શકે. એટલા માટે સામાયિક, પ્રતિક્રમણ, ચૈત્યવંદન ઈત્યાદિ કરતાં પહેલાં ઈરિયાવહી કરી લેવાનું ફરમાન છે. દુઃખ કે કષ્ટના નિવારણ માટે ૧૦૮ વાર ઈરિયાવહી કરવાની ભલામણ છે.

મહાનિશીથસૂત્રમાં કહ્યું છે :

अपडिक्कंताए ईरियावहिआए न कप्पइ चेव काउं किंचि वि चिइवंदण सज्झायज्झाणाइ अ ।

[ઈરિયાવહી (ઈર્યાપથિક પ્રતિક્રમણ) કર્યા વિના ચૈત્યવંદન, સ્વાધ્યાય, સજ્ઝાય આદિ કંઈ પણ કરવું કલ્પતું નથી.]

દશવૈકાલિકસૂત્રની વૃત્તિમાં શ્રી હરિભદ્રસૂરિએ કહ્યું છે :

ईर्यापथ-प्रतिक्रमणमकृत्वा नान्यत् किमपि कुर्यात् तदशुद्धतापत्तेः ।

(ઈર્યાપથ પ્રતિક્રમણ કર્યા વિના અન્ય કાંઈ પણ કરવું નહિ, કારણ કે તે અશુદ્ધ થવાનો સંભવ છે.)

આમ, ઈરિયાવહીનો મહિમા જૈન ધર્મમાં ઘણો મોટો છે. વિશ્વમાં પર્યાવરણની સમતુલા જાળવવા માટે પણ ઈરિયાવહીની આવશ્યકતા છે. ઈરિયાવહી જો પૂરા ભાવપૂર્વક કરવામાં આવે તો તે કેવળજ્ઞાન અને મોક્ષગતિ અપાવી શકે છે. ભગવાન મહાવીર સ્વામીના કાળમાં અઈમુત્તા, ઢંઢણ, વખ્ખલિ વગેરે મુનિઓએ ઈરિયાવહીની ઉત્તમ આરાધના કર્યાના ઉલ્લેખો સાંપડે છે. વર્તમાનકાળ દુઃષમ છે અને એવું સંઘયણ બળ રહ્યું નથી, તો પણ જયણાપૂર્વકની જાગૃતિ સાથે આ આરાધનાથી આત્મવિશુદ્ધિના પંથે વધુ આગળ પ્રયાણ તો અવશ્ય થઈ શકે છે.

**□ રમણલાલ ચી. શાહ**

# સાહિત્ય : શિષ્ટ, પ્રશિષ્ટ, અ-શિષ્ટ

□ પ્રો. જશવંત શેખડીવાળા

'સાહિત્ય' એટલે 'સર્જનાત્મક સાહિત્ય' એવું ગણી, અહીં તેને વિશે થોડી ચર્ચા-વિચારણા કરવાનો ઉપક્રમ છે.

કલા અને સાહિત્ય પ્રતિ શિક્ષિત અને સંસ્કારી મનુષ્યને ઓછુંવત્તું આકર્ષણ અવશ્ય હોય છે. સાહિત્ય તેને આનંદ અને અવબોધ આપે છે; માનવમન અને સંસાર-વ્યવહારનું સમ્યક્ જ્ઞાન આપે છે; જીવન અને જગતનાં વિવિધ રૂપોનું હૃદ્ય દર્શન કરાવે છે. મનુષ્યની એકલવાયી, અશાંત, ઉદ્વેગપૂર્ણ, આપદગ્રસ્ત અવસ્થામાં સાહિત્ય તેનો સાથી, વિચારક અને માર્ગદર્શક બની રહે છે.

સાહિત્ય મનુષ્ય, સમાજ અને રાષ્ટ્રના જીવન સાથે અવિચ્છિન્ન સંબંધે જોડાયેલું હોય છે. તે મનુષ્ય, સમાજ, રાષ્ટ્રનું પ્રતિબિંબ ઝીલે છે; તેમનાં આશા-આકાંક્ષા-આદર્શોનો પડઘો પાડે છે; અને તેમને આનંદ, પ્રેરણા, માર્ગદર્શન આપે છે. સાહિત્યનું તેથી ઘણું મહત્ત્વ છે. સાહિત્ય સમગ્ર પ્રજાનું દર્પણ છે. સાહિત્યની સમૃદ્ધિ કે દરિદ્રતા પરથી તેની સર્જક પ્રજાની સભ્યતા-સંસ્કૃતિની સમૃદ્ધિ કે દરિદ્રતાનો ખ્યાલ આવે છે.

પરંતુ સર્જાયેલું કે સર્જાતું બધું સાહિત્ય કંઈ એકસમાન સ્તરનું કલાત્મક, ઉત્તમ યા વાચનીય હોતું નથી. કેટલુંક સાહિત્ય શિષ્ટ હોય છે, કેટલુંક પ્રશિષ્ટ હોય છે; તો કેટલુંક અ-શિષ્ટ પણ હોય છે. શિષ્ટ-પ્રશિષ્ટ સાહિત્યનું વાચન આનંદ-અવબોધપ્રદ હોય છે. અશિષ્ટ સાહિત્યનું સેવન નશીલી દવાઓની જેમ, તત્કાળ સ્થૂલ આહ્લાદ-ઉલ્લાસ પૂરો પાડે છે; પરંતુ લાંબે ગાળે તન-મનને દૂષિત અને દુર્બળ કરનારું નીવડે છે.

'શિષ્ટ' શબ્દનો અર્થ છે : ઉમદા, સભ્ય, સંભાવિત, ભદ્ર, શરીફ, લાયક. શિષ્ટ વસ્તુ યા વ્યક્તિ બાહ્ય-ભીતર રૂપે-ગુણે કરી, ઉમદા યા ભદ્ર હોય છે. તેની સાથેનાં સંબંધ અને સાંનિધ્ય આનંદપ્રદ અને ઉપકારક હોય છે. શિષ્ટ સાહિત્ય માટે પણ એવું જ કહી શકાય. તેનું વાચન ભાવકને પ્રત્યક્ષ આનંદ અને પરોક્ષ રૂપમાં વ્યક્તિ-જીવન-જગત વિશે જ્ઞાન-સમજ-માર્ગદર્શન આપે છે.

'શિષ્ટ સાહિત્ય' સંજ્ઞા ક્ષોભ-લજ્જા-સૂગમુક્ત વાચન પૂરું પાડતા સાહિત્યની દ્યોતક છે. સામાન્યત: તે અર્વાચીન સાહિત્યના સંદર્ભમાં યોજાય છે. આવું સાહિત્ય શિષ્ટ ભાષામાં રચાયું છે અને રચાય છે. આવશ્યકતા અનુસાર તેમાં તળપદી બોલીઓ પણ યોજાય છે. પરંતુ તેમાંય અમુક કલાકીય સ્તર જાળવવાનો પ્રયાસ થાય છે. કૃતિનું માધ્યમ બનતી ભાષા-બોલી ઈંદ્રિયસંવેદ્ય, ભાવાર્દ્ર વ્યંજનાત્મક હોય છે; અને તે માનવમન, માનવજીવન અને જગતની બાહ્ય-આંતર વિવિધ બાજુઓનું અને તેમની ગતિવિધિનું વાસ્તવિક, જીવંત, હૃદયંગમ દર્શન કરાવી શકે છે.

શિષ્ટ સાહિત્ય વસ્તુ, શૈલી-નિરૂપણ, સ્વરૂપ પરત્વે (પ્રાચીન-મધ્યકાલીન પ્રશિષ્ટ સાહિત્યનું અને તેનાં નિયમો-ધોરણોનું નહિ, પણ) અર્વાચીન પાશ્ચાત્ય સાહિત્યનાં સ્વરૂપો-નિયમો-ધોરણોનું અનુસરણ કરે છે. તેમાં ટૂંકી વાર્તા, નવલકથા, નાટક, ઊર્મિકાવ્ય જેવાં નવીન સાહિત્યસ્વરૂપો ઉદભવ્યાં અને વિકસ્યાં છે. તેમાં પ્રશિષ્ટ અને રંગદર્શી બેઉ પ્રકારના સાહિત્યનાં લક્ષણો ધરાવતી કૃતિઓ હોય છે. તેમાં ઘણુંખરું મનુષ્ય, પરિવાર, સમાજ, જગતના વાસ્તવિક નિરૂપણનો આગ્રહ રખાયો છે; આદર્શ યા ભાવનામય જીવનના નિરૂપણમાં પણ સ્વાભાવિકતા અને પ્રતીતિકરતા પ્રતિ અભિમુખતા રહી છે. તેમાં તાર્કિક અને માનસશાસ્ત્રીય સત્યનું પાલન કરવા અંગે જાગરૂકતા દર્શાવાઈ છે. ખાસ તો, તેમાં સમાજ અને જગતના સંદર્ભમાં નિરૂપાતા માનવજીવનની અપેક્ષાએ સવિશેષ વ્યક્તિ-મનુષ્યના સંદર્ભમાં સમાજ અને જગતનું નિરૂપણ થયું છે. વત્તાઓછા કલાત્મક નિરૂપણ અનુસાર શિષ્ય સાહિત્યમાં પણ ઉચ્ચાવચ કોટિની કૃતિઓ હોય છે. આ કૃતિઓ કેવળ મનોરંજન માટે નહિ પણ ઉત્કૃષ્ટ આનંદ અને અવબોધ અર્થે સર્જાઈ છે. તેનો આસ્વાદ માણવા માટે વાચક 'સહૃદય'-અર્થાત્ સંવેદનશીલ, કલ્પનાશીલ, વિચારશીલ ઉપરાંત કલા-સાહિત્યના સંસ્કારથી કંઈક રંગાયેલ હોવાની અપેક્ષા રહે છે. સહૃદય વાચક શિષ્ટ સાહિત્યની કલાત્મક કૃતિઓને પુરસ્કારે છે, અકલાત્મક કૃતિઓને તિરસ્કારે છે.

શિષ્ટ સાહિત્ય કરતાં અનેક ગણા વધુ ગુણો ધરાવતું સાહિત્ય 'પ્રશિષ્ટ' લેખાય છે. પ્રશિષ્ટ સાહિત્ય શિષ્ટ સાહિત્ય કરતાં સવિશેષ વ્યાપક, પ્રભાવક, ચિરંજીવ હોય છે. તે સમગ્ર રાષ્ટ્ર યા પ્રજાની સભ્યતા-સંસ્કૃતિનું સુરેખ પ્રતિબિંબ ઝીલનારું, તેનાં માનવી-સમાજ-જગતનું બહુઆયામી પૂર્ણ ચિત્ર આલેખનારું, તેમની વાસ્તવિક અને આદર્શમય ઉભય સ્થિતિઓનું દર્શન કરાવનારું, માનવમન અને સંસાર-વ્યવહારની સનાતન સમસ્યાઓનું નિત્યનવીન અને તાજું લાગે તેવું ચિત્રણ કરનારું, સૌષ્ઠવયુક્ત નિયમશીલ ગૌરવાન્વિત શિષ્ટ સંસ્કારી ભાષા-રીતિમાં નિરૂપાયેલું, હરહંમેશ આનંદ અને અવબોધ આપનારું હોય છે. લોકમન-જીવનમાં તે ઓતપ્રોત થઈ ગયું છે. પ્રાચીન ભારતીય સંસ્કૃત સાહિત્યનાં રામાયણ અને મહાભારત, પ્રાચીન પાશ્ચાત્ય ગ્રીક સાહિત્યનાં મહાકાવ્ય ઈલિયડ અને ઑડિસી, મધ્યકાલીન ઈરાની ફારસીનું શાહનામા જગપ્રસિદ્ધ પ્રશિષ્ટ સાહિત્યકૃતિઓ છે. દેશ-કાળની સીમાઓ ઓળંગી, તે જગતભરમાં વાચકો દ્વારા રસપૂર્વક વંચાતાં રહ્યાં છે.

આ મહાન પ્રશિષ્ટ કૃતિઓના જેવાં ઓછાંવત્તાં લક્ષણો ધરાવતી અન્ય સ્વરૂપની સાહિત્યકૃતિઓ પણ પ્રશિષ્ટ તરીકે ઓળખાય છે. આ રીતે, ભાસ, શૂદ્રક, કાલિદાસ આદિનાં પ્રાચીન સંસ્કૃત નાટકો; એસ્કિલસ, સોફોક્લિસ, યુરિપીડિયસનાં પ્રાચીન ગ્રીક નાટકો; પ્રેમાનંદ જેવા કવિનાં મધ્યકાલીન ગુજરાતી આખ્યાનો વગેરેનો પણ પ્રશિષ્ટ સાહિત્યના દાયરામાં સમાવેશ કરાય છે. (ગુજરાતની યુનિવર્સિટીઓમાં ગુજરાતીનાં પાઠ્યપુસ્તકો નિયુક્ત કરતી, ગુજરાતીના પ્રાધ્યાપકોની બનેલી, 'અભ્યાસ-સમિતિઓ' તો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની તમામ ધ્યાનપાત્ર કૃતિઓને 'પ્રશિષ્ટ' લેખી, તે રૂપમાં તેમને અભ્યાસક્રમમાં નિયુક્ત કરે છે !) પ્રાચીન પ્રશિષ્ટ સંસ્કૃત મહાકાવ્યોનાં ઘણાં લક્ષણો ધરાવતી અર્વાચીન કૃતિઓને પણ 'પ્રશિષ્ટ' તરીકે ઓળખાવવાનું કેટલાક વિવેચકોનું વલણ છે. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી કૃત 'સરસ્વતીચંદ્ર' નવલકથાને વિશ્વનાથ મ. ભટ્ટ જેવા વિવેચકે પ્રાચીન મહાકાવ્યોની પરિપાટીની પ્રશિષ્ટ કૃતિ તરીકે ઓળખાવી છે.

આવી પ્રશિષ્ટ કૃતિઓ વાચકો દ્વારા હરહંમેશ વંચાતી રહે છે. તે નિત્યનવીન અને તાજી લાગે છે. તેમનું વાચન આનંદપ્રદ તેમ પ્રેરણાદાયક હોય છે. તે મનહર ઉપરાંત મનભર હોય છે. તેમનું પ્રત્યેક પુનર્વાચન ભાવકને મનુષ્ય, જીવન અને જગતનું કંઈક ને કંઈક નવીન દર્શન કરાવતું રહે છે. તેથી, પ્રશિષ્ટ સાહિત્ય કૃતિઓનું વાચન-પરિશીલન દરેક શિક્ષિત અને સંસ્કારી વ્યક્તિ માટે ઈષ્ટ અને આવશ્યક લેખાય.

શિષ્ટ અને પ્રશિષ્ટ સાહિત્ય ઉપરાંત અ-શિષ્ટ સાહિત્ય પણ હોય છે. ઉદાર દૃષ્ટિએ જોઈએ તો જ તેને 'સાહિત્ય' કહી શકાય. આવું અશિષ્ટ સાહિત્ય, તેના ધંધાદારી લેખકો દ્વારા, એકમાત્ર ધનપ્રાપ્તિના

ઉદ્દેશ્યથી સર્જાય છે. તેના સર્જકનું લક્ષ્ય હોય છે: સામાન્ય વાચકને સસ્તું મનોરંજન પૂરું પાડવાનું અને તે દ્વારા પૈસા કમાવાનું. મહદંશે તે વાર્તા અને નવલકથાના સ્વરૂપમાં સર્જાયું છે અને સર્જાય છે. તેમાં તરંગી પ્રેમ, શૌર્ય, સાહસ, હિંમત, ચમત્કારનું રોમાંચક દર્શન કરાવતાં કથાવસ્તુ, પ્રસંગો, પરિસ્થિતિઓ, પાત્રો, કાર્યોનું આયાસજન્ય કૃત્રિમ સંયોજન હોય છે. કોઈપણ રીતે અને ભોગે સતત કથારસની જમાવટ કરતા રહેવાની તેમના લેખકોની એક માત્ર વૃત્તિ-પ્રવૃત્તિ હોય છે. તેમની કૃતિઓમાં વાસ્તવિક મનુષ્ય-જીવન-જગતના કલાત્મક નિરૂપણાની અપેક્ષાએ કપોલકલ્પિત અને તરંગજન્ય ખ્યાલી મનુષ્ય-જીવન-જગતનું કારીગરીયુક્ત નિરૂપણ વિશેષ હોય છે. નિરૂપણમાં માનસશાસ્ત્રીય અને તાર્કિક સત્યના પાલન પ્રતિ ઉદાસીનતા સેવાય છે. કૃતિગત ઘટના, પાત્ર, કાર્ય, સંવાદ, વર્ણનમાં આયાસ અને અતિચિત્રણ હોય છે; સનસનાટીકર નાટકીવેડા યા ચાલુ સિનેમાશાઈ નખરાંબાજી વધુ હોય છે. નિરૂપણ સાંધાવાળું, થીગડિયું, ખડબચડ અને ભાષા-શૈલી શબ્દાળુ, અણઘડ, 'ચાલુ' તેમજ ગ્રામ્યતા અને અશુદ્ધિઓથી ગ્રસ્ત હોય છે. સૂક્ષ્મ કલાની નહિ પણ સ્થૂલ કારીગરીની તે નીપજ હોય છે.

રેલ્વેસ્ટેશન પરના અને રાજ્યપરિવહનનાં બસ સ્ટેન્ડ પરના બૂકસ્ટોલોમાં રખાતું અને વેચાતું ઘણુંખરું સાહિત્ય આ પ્રકારનું અ-શિષ્ટહોય છે. અવનવા, વિચિત્ર, વિલક્ષણ 'પ્રેમ'નું-ખરેખર તો ઉદ્દામ કામલીલાનું-લાલભડક રંગમાં નિરૂપણ કરતી 'રોમેન્ટિક' વાર્તાઓ-નવલકથાઓ, ઉત્તેજક સ્થૂલ યૌન વૃત્તિ-પ્રવૃત્તિને વિગતપ્રચુર રૂપમાં આલેખતી કામકથાઓ (Pornographic Novels and Short-stories), ચોરી-લૂંટ-ખૂન-બળાત્કાર-ગુનાશોધ આલેખતી 'ડિટેક્ટીવ' અને ઉટપટાંગ ભયાનકતાઓ ચીતરતી ભયાનક (Horror) કથાઓ, ગ્રામ્ય વિદૂષકવેડા દાખવતી હાસ્ય કવિતા, 'કામ'-કેન્દ્રી (Sexy), રમૂજી ટૂચકાસંગ્રહો વગેરેનાં પુસ્તકો તેનાં ઉદાહરણ છે. (અલબત્ત, આર્થર કૉનન ડૉયલ જેવા લેખકોની કેટલીક 'ડિટેક્ટીવ' કથાઓ, ઍડગર એલન પો જેવા લેખકોની કેટલીક ભયાનક કથાઓ અને ડી. એચ. લૉરેન્સ જેવા થોડા લેખકોની કેટલીક 'કામ'-કથાઓ કલાત્મક અને શિષ્ટ છે. પરંતુ આવી સાહિત્યકૃતિઓ એકંદરે ઘણી ઓછી છે.)

પ્રવાસમાં સમય પસાર કરવા માટે અલ્પશિક્ષિત યા મુગ્ધ યુવાન પ્રવાસીઓ દ્વારા આવાં પુસ્તકો ખરીદાય છે, વંચાય છે; અને એકવાર વંચાયા પછી ફેંકી દેવાય છે. બીજીવાર તેમને કોઈ ભાગ્યે જ વાંચે છે. આવું અશિષ્ટ સાહિત્ય અલ્પજીવી હોય છે.

આમછતાં, આવી અપલક્ષણી સાહિત્યકૃતિઓનું ઉત્પાદન, તેમના કાબેલ રીઢા ધંધાદારી લેખકો (અને પ્રકાશકો) દ્વારા, કારખાનામાં પેદા કરાતા થોકબંધ માલની જેમ, પૂરઝડપે તેમ જથાબંધ રૂપમાં થાય છે. અખબારી કાગળ પર ગમે તેમ છપાતી, કાચા પૂઠાની, પણ પૂઠા પર કામોત્તેજક બહુરંગી સ્ત્રી-તસ્વીર ધરાવતી, સસ્તી કિંમતની, આવી ચોપડીઓ બહુ મોટી સંખ્યામાં લખાય છે, છપાય છે અને વેચાય છે. તે બેહદ લોકપ્રિય બને છે. દા. ત. હિન્દીના ગુલશન નંદા જેવા લેખકની કોઈ એક જ નવલકથાની, એક જ આવૃત્તિમાં, ચાર-પાંચ લાખ નકલો છપાય છે અને વેચાય છે; જ્યારે પ્રેમચંદજી, 'અજ્ઞેય' યા ફણીશ્વરનાથ રેણુ જેવા સપ્રતિષ્ઠ શિષ્ટ લેખકોની બધી જ કૃતિઓની, બધી જ આવૃત્તિઓની, બધી જ નકલોની સંખ્યા પણ આ આંકડે ભાગ્યે જ પહોંચે છે! આવી વિષમ સ્થિતિ હિન્દી ઉપરાંત ગુજરાતી, મરાઠી, બંગાળી, ઉર્દૂ, તમિળ વગેરે ભાષાઓને ક્ષેત્રે પણ પ્રવર્તે છે; એટલું જ નહિ, અંગ્રેજી, ફ્રેન્ચ, સ્પેનિશ, ઈટાલિયન, જર્મન આદિ યુરોપીય ભાષાઓનાં સાહિત્યક્ષેત્રે પણ જોવા મળે છે. જેને 'સાહિત્ય' કહેતા શંકા જાગે, એવી આ અ-શિષ્ટ કૃતિઓ ન વંચાય, તો તેથી કશું નુકશાન નથી.

પરંતુ શિષ્ટ-પ્રશિષ્ટ સાહિત્યનું વાચન-પરિશીલન અવશ્ય થવું જોઈએ. આવું સાહિત્ય વાચકના સમગ્ર સંવિત્તને-તેની સંવેદના, કલ્પના, સૌંદર્યસૂઝ, બુદ્ધિ, નૈતિકતા તમામને-સ્પર્શે છે, તેનાં મન-અંતરને પલાળે છે અને પખાળે છે. તે અલૌકિક આનંદ આપે છે અને ચૈતન્યપ્રદ અવબોધ પણ આપે છે. જાત, પરિવાર, સમાજ, જગત, કુદરત, વિશ્વને તેમના અસલ સ્વરૂપમાં જોવાની-માણવાની-તપાસવાની-સમજવાની તે નવી દૃષ્ટિ આપે છે. શિષ્ટ-પ્રશિષ્ટ સાહિત્યનું વાચન-પરિશીલન, તેથી, સંસ્કારી શિક્ષિત વ્યક્તિ માટે આવશ્યક જ નહિ, અનિવાર્ય લેખાય.

❖❖❖

# સાહિત્ય અને રાજ્યશાસ્ત્ર

□ ડૉ. ધર્મેન્દ્રસિંહ ડી. ઝાલા

સમાજ જીવનનાં વિવિધ ક્ષેત્રો એકબીજાં પર પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે પ્રભાવ પાડતા હોય છે. ધર્મ, સાહિત્ય, સમાજ, અર્થકારણ, રાજકારણ વિગેરે તમામનો પરસ્પર પ્રભાવ હોય છે. તેમાં પણ સાહિત્ય, લોકોની લાગણી, વિચારશક્તિ, કલ્પનાને સ્પર્શે છે, ઘડે છે, પોષે છે. સાહિત્યકાર પાસે સામાન્ય માણસો કરતાં જીવનને જોવાની આગવી દૃષ્ટિ હોય છે. વ્યક્તિગત જીવનમાં કે સામાજિક જીવનમાં બનતી ઘટનાઓને તે વધારે તીવ્રતાથી અનુભવે છે. સાહિત્યકાર ઘણી વખત વાસ્તવિક સ્થિતિનું ચિત્ર દોરીને પ્રજા સમક્ષ રજૂ કરે છે. એ દ્વારા એ વાસ્તવિક સ્થિતિનું ચિત્ર દોરીને તે સ્થિતિની મર્યાદાઓ, ખામીઓ, ઊણપો, દર્શાવવા માંગતો હોય છે. ઉપરાંત ક્યારેક વાસ્તવિક સ્થિતિનું ચિત્ર આલેખતાં આલેખતાં આદર્શ સ્થિતિ કેવી હોવી જોઇએ ? એ પણ તે દર્શાવી આપે છે.

આપણા પુરાણ ગ્રંથો મહાભારત-રામાયણમાં તત્કાલીન રાજનીતિ-શાસનવ્યવસ્થાનું ચિત્ર જોવા મળે છે. યુદ્ધભૂમિમાં ઘાયલ થઇને પડેલા રાવણ પાસેથી રાજધર્મ શીખી લેવા માટે રામે લક્ષ્મણને સૂચવેલું. પ્રજાનું પાલન-પોષણ કરવું એ જ રાજાનું કર્તવ્ય ગણાતું, જેમ કે રામે પ્રજાને મહત્ત્વ આપતાં કૌટુંબિક સુખનો પણ ત્યાગ કરેલો. મહાભારતમાં દુર્યોધને પ્રજાના સંતોષને જ પ્રથમ કર્તવ્ય ગણેલું અને વ્યાસે 'सत्यम् एव जयते' કરી સત્યને મહત્ત્વ આપ્યું. અહીંયા આપણને ગાંધીજીએ સત્ય અને અહિંસા પર મૂકેલો ભાર યાદ આવે છે. ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું અધર્મીને હણવો એ ક્ષાત્રધર્મ છે. વેદો-ઉપનિષદોમાં પણ રાજ્યવ્યવસ્થા અંગેની ચર્ચા થયેલી જોવા મળે છે. વેદકાલીન વિચારણામાં એવું કહેવાયું છે કે સામ્રાજ્ય તેને કહેવાય જ્યાં રાજ્યનું પાલન ધર્મથી થતું હોય. ભોજ એટલે જ્યાં વિલાસ, સમૃદ્ધિ વગેરેની બોલબોલા હોય તેમ સાયણાચાર્ય જણાવે છે. સ્વરાજ્ય એટલે સમાનોમાંથી પસંદ કરાયેલ વડો જ્યાં રાજ્ય ચલાવતો હોય તેને કહેવાય છે. વૈરાજ્ય એ પ્રજાતંત્રી પ્રણાલી હતી. આખો જનપદ રાજ્યપદ માટે અભિષિક્ત થતો. આજે જેને લોકશાહી વ્યવસ્થા તરીકે ઓળખવામાં આવે છે તે પ્રકારની કદાચ આ પ્રથા ગણી

શકાય.

સંસ્કૃત સાહિત્ય-નાટકો તરફ નજર નાખીએ તો સારા અમાત્યો ઉપર રાજ્યનો ભાર સોંપીને વિલાસી વાતાવરણમાં જીવતા રાજાઓની વાત રત્નાવલી-પ્રિયદર્શિકા વિગેરેમાં જોવા મળે છે. મુદ્રારાક્ષસ રાજકીય ખટપટોથી ભરપૂર નાટક છે. તેમાં ચાણક્યની બુદ્ધિથી અનેક પ્રસંગે ચંદ્રગુપ્તને ઉગારી લેવામાં આવે છે અને રાક્ષસ જેવા વફાદાર અમાત્યને ચંદ્રગુપ્તના પક્ષમાં લાવવા માટે અનેક યુક્તિ-પ્રયુક્તિઓ કરેલી તેનું દર્શન છે. ચાણક્યનું પ્રસિદ્ધ વિધાન છે કે રોગ અને શત્રુને ઊગતો જ ડામી દેવો જોઇએ. મૃચ્છકટિકમાં ગોપાલક નામના દુષ્ટ રાજાને બદલે આર્યક રાજા થાય છે અને ચારુદત્ત જેવા સજ્જનને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. ભારવિ રચિત કિરાતાર્જુનીયમ્‌માં દુર્યોધનની રાજનીતિ અંગે અને ભીમ અને દ્રૌપદીની દુશ્મનો સામે કેવી સજ્જતા કેળવવી જોઇએ તે અંગેની દલીલો ધ્યાનદાયી છે.

હિન્દી સાહિત્યમાં યશપાલની નવલકથાઓમાં સામ્યવાદી વિચારધારાની કલાત્મક અભિવ્યક્તિ થયેલી નજરે પડે છે. તેમની મુખ્ય નવલકથાઓ ઝૂઠા-સચ, દેશદ્રોહી, મનુષ્ય કે રૂપ વિગેરે છે. જ્યારે જૈનેન્દ્ર, અજ્ઞેય, ઇલાચન્દ્ર જોષીની નવલકથાઓ-વાર્તાઓ મનોવિજ્ઞાન, જે પણ રાજ્યશાસ્ત્રના જેવો જ સામાજિક શાસ્ત્રનો એક ફાંટો છે, તેના પર આધારિત છે. હિન્દી ભાષાના સુખ્યાત કવિ છાયાવાદી કવિ સુમિત્રાનંદન પંતે 'તાજ'ને એક નવી દૃષ્ટિએ જ નિરૂપ્યો છે. તેઓના લખાણોમાં-કાવ્યોમાં પ્રગતિવાદી, સામ્યવાદી વિચારધારાની છાંટ જોવા મળે છે. નાગાર્જુનમાં જનવાદી લોકશાહીવાદી વિચારધારા પડેલી છે. પ્રેમચંદ મુનશીના લખાણમાં સામાજિક જીવનના તાણાવાણા સરસ રીતે રજૂ થયેલા છે.

અંગ્રેજી સાહિત્યમાં પણ મૂડીવાદ, સમાજવાદ, લોકશાહીના ખ્યાલો નિરૂપાયેલા છે. એરિક ફ્રોમનું પુસ્તક સેઇન સોસાયટીમાં ઉદાત્ત સમાજ કેવો હોય તેની સુંદર ચર્ચા કરી છે. અંગ્રેજી કાવ્યો, સાહિત્ય, નવલકથાઓ, નાટકો, નવલિકાઓમાં રાજ્યજીવન-સમાજજીવનની ચર્ચા પડેલી છે. અમેરિકામાં Black Literature એ રંગભેદની નીતિમાંથી ઉપસી આવેલું છે. ચાર્લ્સ ડિકન્સનાં લખાણોમાં તત્કાલીન રાજકિય જીવન-સામાજિક જીવનની છાંટ પડેલી જોઇ શકાય છે. અમેરિકાના કવિ રોબર્ટ ફ્રોસ્ટ જવાહરલાલ નહેરુના પ્રિય કવિ હતા. તેમણે ઉત્તમ કાવ્યો લખ્યાં છે. તેઓનાં કાવ્યોમાં ફિલસૂફીનાં તત્ત્વો પડેલાં છે. ઉપરાંત તેઓ ઉપદેશાત્મક કવિ છે. ઉપરાંત સારા પદ્યકાર છે. ખાસ કરીને એમની કૃતિઓ એ માસ્ક ઓફ મર્સીત્ત એ માસ્ક ઓફ રીઝનમાં નીતિમત્તા-નીતિની સમસ્યાઓ-જીવનની સમજ અંગેની માહિતી મળે છે. તાજેતરમાં સલમાન રશીદીના પુસ્તક સેતાનિક વર્સિસે ચર્ચા જગાવેલી તે સુવિદિત છે.

ગુજરાતી સાહિત્યની વાત કરીએ તો ૧૯મી સદીમાં ભારતમાં અંગ્રેજ સત્તા સ્થિર થઇ ત્યારે એ સમયના અગ્રણી કવિઓ દલપતરામ અને નર્મદે અંગ્રેજ રાજ્યને વખાણેલું. 'હરખ હવે તું હિંદુસ્તાન, દેખ વિચારી બકરીનો કોઈ ન પકડે જાતાં કાન'-દલપતરામે ગાયું હતું. જો કે નર્મદે લોકજાગૃતિ લાવવામાં પોતાના સાહિત્ય દ્વારા ઘણો ફાળો આપેલ હતો. ભાવનગરના મીરઝા મુરાદઅલી બેગ નામના લેખકની 'ઓન ધ માઉન્ટન ટોપ' લેખમાળા પરથી ઇચ્છારામ સૂર્યરામ દેસાઇએ લખેલી 'હિંદ અને બ્રિટાનીયા' નવલકથામાં 'હિંદ અને બ્રિટન'ના સંબંધોની ચર્ચા થયેલી છે. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની પ્રખ્યાત નવલકથા 'સરસ્વતીચંદ્ર' જે ચાર ભાગમાં લખાયેલ છે, પહેલો ભાગ ૧૮૮૭માં અને છેલ્લો ભાગ ૧૯૦૧માં બહાર પડ્યો તેમાં ઘણી જગ્યાએ તે સમયના દેશી રાજ્યો અને અંગ્રેજ શાસન વચ્ચેના સંબંધોનું નિરૂપણ છે. દેશી રાજ્યોની ખટપટ-કાવાદાવાની ઝાંખી થાય છે.

કવિ નર્મદના 'જય જય ગરવી ગુજરાત' ગીતથી ગુજરાતીઓમાં ગૌરવની ભાવના જાગૃત થઇ એમ કહી શકાય. નર્મદે શૌર્ય પ્રેરક ગીતો લખ્યા છે. તેણે લખ્યું કે ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું, સહુ ચાલો જીતવા જંગ બ્યૂગલો વાગે, યા હોમ કરીને પડો, ફતેહ છે આગે' વિગેરે. ૧૮૫૭ના વિપ્લવ પછી અંગ્રેજોની ગુલામીમાંથી છૂટવાની જે ભાવના પ્રખર બની, બંગાળના ભાગલાએ સમસ્ત દેશને હચમચાવી નાખ્યો ને જાગૃતિ આણી; તેનો પ્રભાવ સાહિત્યકારો-સાહિત્ય પર પડ્યો. દેશપ્રેમને વ્યક્ત કરતાં કાવ્યો રચાવા લાગ્યાં. કવિ કાન્તે 'ઓ હિંદ દેવભૂમિ સંતાન સૌ તમારાં' એ કાવ્ય રચ્યું. કવિ ન્હાનાલાલે રાષ્ટ્રભક્તિ પ્રેરક કાવ્યો લખ્યાં. કવિ ન્હાનાલાલ ઊર્મિ કવિ અને તેમના કાવ્યોની ડોલનશૈલી એ વખતના યુવાનોને કવિ ન્હાનાલાલના કાવ્યોનું ગજબ આકર્ષણ હતું. કનૈયાલાલ માણેકલાલ મુનશીની ગુજરાતના ઇતિહાસ વિશેની નવલકથાઓ-પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, રાજાધિરાજ-વિગેરેએ આઝાદી પૂર્વેના સમયમાં યુવાનોમાં ગુજરાતના ગૌરવ-પ્રેમની ભાવના જગાડી. અસ્મિતા શબ્દના જનક મુનશી જ હતા.

રમણલાલ વ. દેસાઇએ લખેલ, ગાંધીજીએ જાહેર જીવનમાં સત્ય, અહિંસા, સત્યાગ્રહ વિગેરેના જે પ્રયોગો કર્યા તેનો પ્રભાવ, તેમની ભારેલો અગ્નિ, દિવ્યચક્ષુ નવલકથાઓમાં ઝીલ્યો છે અને ગાંધીજીની ભાવનાઓને-વિચારને આમજનતા સુધી નવલકથા દ્વારા પહોંચાડ્યો છે. ગાંધીયુગના કવિઓ ઉમાશંકર જોષી, સુંદરમ્‌ અને અન્ય કવિઓએ રાષ્ટ્રભક્તિ-દેશપ્રેમ વર્ણવતાં કાવ્યો રચ્યાં છે. પનાલાલ પટેલની વાર્તાઓ, નવલકથાઓમાં પણ સમાજજીવનના તાણાવાણા વણાવેલા જોવા મળે છે. ઝવેરચંદ મેઘાણીનાં કાવ્યોએ એ સમયના જુવાનોમાં જાગૃતિ લાવવામાં ઘણો ફાળો આપ્યો છે. દેશપ્રેમ-દેશદાઝ જગાડે તેવાં કાવ્યો તેમણે રચ્યાં છે. ગાંધીજીએ તેથી જ તેમને રાષ્ટ્રીય શાયર કહ્યા છે. આઝાદી બાદ ભારતીય જાહેર જીવનમાં-રાજકારણમાં જે ભ્રષ્ટાચાર, ગંદવાડ, સગાવાદ, અનીતિ ફેલાયા તેનું પ્રતિબિંબ પણ સાહિત્યમાં ઝીલાયું. ચુનીલાલ મડિયાની 'સધરા જેસંગનો સાળો' અને 'સધરાનો સાળાનો સાળો'–નવલકથાઓમાં આ બાબત જોવા મળે છે. વિષ્ણુ પંડ્યાની મુખ્યમંત્રી નવલકથામાં પણ ભ્રષ્ટ રાજકારણીઓની છબી પ્રતિબિંબિત થાય છે. હાસ્ય લેખકો વિનોદ ભટ્ટ, બકુલ ત્રિપાઠી, નિરંજન ત્રિવેદી વિગેરે પણ રાજકારણની ભ્રષ્ટતા પર તીવ્ર કટાક્ષોભર્યા હાસ્યલેખો લખે છે. શ્રીમતી ઇન્દિરા ગાંધીએ જ્યારે કટોકટી જાહેર કરી ત્યારે તે અંગે સાહિત્યકારોએ પણ તેમના આ સરમુખત્યારી વલણ સામે ટીકાત્મક લખાણો લખ્યા હતા. વિનોદ ભટ્ટે સરસ લખેલ કે કટોકટી માટે જવાબદાર કોણ ! જવાબ આપ્યો રાજા રામ મોહનરાય. એવી જ રીતે ભજનો, શાયરી, દૂહા, છંદ કવિતા વિગેરેમાં પણ રાજ્ય વ્યવસ્થા અંગે એક યા બીજા પ્રકારે લખાયેલું છે. એક નાનકડું ઉદાહરણ-'રામ રાજ્ય ને પ્રજા સુખી, બે હજાર પ્રજા ને પાંચ હજાર મુખી'-જેમાં દિવસે દિવસે વધતા જતા પક્ષો-નેતાઓ પર આકરો કટાક્ષ કરવામાં આવ્યો છે. અત્રે એ બાબત ખાસ નોંધવી રહી કે અંગ્રેજી ભાષાએ આપણી આઝાદી લડતમાં ઘણો ફાળો આપ્યો છે. આઝાદી પહેલાના ભારતીય રાષ્ટ્રીય સંગ્રામના લડવૈયાઓ પર તે સમયના ઇંગ્લાંડના વિચારકોની અસરની સાથોસાથ અંગ્રેજી સાહિત્ય, લેખકો અને કવિઓની પણ અસર પડેલી હતી.

આ રીતે સાહિત્ય પછી તે કોઇપણ ભાષાનું હોય કે દેશનું હોય તે રાજ્યશાસ્ત્ર-રાજ્યવ્યવસ્થા પર એક યા બીજા પ્રકારે અસર પાડતું રહ્યું છે અને પાડતું રહેશે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

# બદરી સર

□ ડૉ. રણજિત એમ. પટેલ (અનામી)

કેટલાક સમય પહેલાં આકાશવાણી પર 'બદરી સર' નામનું એક પ્રહસન મેં સાંભળ્યું. એમાં બદ્રીપ્રસાદ નામના કામચોર, ઢોંગી, પ્રતારણા કરનાર એક શિક્ષકની એમના કેટલાક જૂના વિદ્યાર્થીઓ ભાતભાતની ટીકા કરી ઠેકડી ઉડાડે છે. આ પ્રહસન સાંભળતાં મને મારા અનુભવમાં આવેલા એવા બીજા બદ્રીપ્રસાદોનું સ્મરણ થયું. આમ તો મારે કહેવું જોઈએ કે અમારા જમાનાના પ્રાથમિક શાળાના શિક્ષકો અત્યારની માધ્યમિક શાળાના શિક્ષકો કરતાં પણ વિદ્યા ને નિષ્ઠાની બાબતમાં ચઢિયાતા હતા ને માધ્યમિક શાળાના કેટલાક અધ્યાપકો તો અત્યારની કૉલેજોના લેક્ચરરો ને પ્રોફેસરો કરતાં પણ વધુ સારા હતા...પણ દરેક જમાનામાં અમુક 'નમૂના' તો મળી રહેવાના.

(૧) અમારા જમાનાના, પ્રાથમિક શાળાના-'કુમારશાળા'ના એ બદ્રીપ્રસાદનું નામ આપી હું એમને 'અમર' કરવા માગતો નથી. પણ એમને છીંકણી સૂંઘવાની ને અફીણ ખાવાની બૂરી આદત. અફીણનું ઘેન ચઢે ત્યારે મેજ પર ટાંટિયા લંબાવી નસકોરાંની ધમણ ચાલુ કરી દે. એ તો ઠીક, પણ દરેક પટેલ વિદ્યાર્થીને પૂછે: 'તમારે ઘરે ડોબાં તો હશે.' ભેંસને એ ડોબું કહેતા. છ-સાત વિદ્યાર્થીઓના ઘરેથી દૂધના લોટા જાય. વગર ભેંસે વલોણું થાય ! એમના બે ખાસ વિદ્યાર્થીઓ એવા હતા જેમને ગામની નદીએ કપડાં ધોવા માટે તેઓ મોકલે. એ 'ખાસ વિદ્યાર્થીઓ'ને જતે દિવસે સમજાયું કે આ બધી 'ગુરુસેવા' એમના અભ્યાસને ભોગે થઈ રહી છે. એટલે એકવાર એ લોકોએ ધોતિયામાં મરડિયા ભરીને ઝીકો મારી...જેથી ધોતિયામાં અનેક કાણાં પડી ગયાં...પરિણામે ફરજિયાત ગુરુસેવામાંથી મુક્તિ મળી ! સા વિદ્યા યા વિમુક્તયે બીજી રીતે પણ ફળી !

(૨) આજથી અર્ધી સદી પૂર્વે, જે લોકો શિક્ષણશાસ્ત્રમાં બી.ટી.બી.એડ. ન કરી શકે તે ટી.ડી. કે એસ.ટી.સી. પણ કરતા. ટી.ડી. કરવા કેટલાક લંડન પણ જતા. ટી.ડી. એટલે ટીચિંગ ડિપ્લોમા. મેટ્રીક થયેલ પણ એ કરી શકે. એવા એક ટી.ડી.ના ઉમેદવારની આ 'ગાથા' છે. એમને કવિ નર્મદનું 'નવ કરશો કોઈ શોક રસિકડાં, નવ કરશો કોઈ શોક' એ કાવ્ય ધોરણ આઠમામાં શિખવવાનું હતું. કાવ્યમાં કવિ કહે છે: 'યથાશક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી' ત્યાં સુધી તો ગાડી પાટે બરાબર ચાલી, પણ જ્યારે આ પંક્તિ આવી,-'જીવતો છઉં હું દમથી'...ત્યારે શિક્ષકે કહ્યું: 'નર્મદ કહે છે: 'મને ઘણા સમયથી દમનો વ્યાધિ થયો છે તો પણ હું જીવું છું ને સાહિત્યની સેવા કરું છું...તો મારા સાહિત્યના હે રસિકજનો ! તમો શોક કરશો નહીં.' શિક્ષકે તો બફાટ કર્યો પણ પાઠ-નિરીક્ષકે પણ એની નોંધમાં (જર્નલમાં) ટીકા કરી નહીં. 'દમ' એટલે 'સ્પીરીટ' નર્મદનો જ શબ્દ વાપરીએ તો 'જોસ્સો'...લક્ષ્યાર્થની વાત કરીએ તો 'સાહિત્યિક તત્ત્વ કે સત્ત્વ'થી. બિચારા 'દમ'નો દમ કાઢી નાખ્યો !

(૩) પંચાવન સાલ પૂર્વે હું બી.ટી.નો વિદ્યાર્થી હતો. આદિ-કવિ નરસિંહ મહેતાનું 'નાગદમન' કાવ્ય મારે શિખવવાનું હતું. કાલીયનાગ અને કૃષ્ણના યુદ્ધના વર્ણનમાં આ પંક્તિઓ આવે છે:-

'બેઉ બળિયા બેથે વળગિયા,
કૃષ્ણે કાળી નાગ નાથિયો;
સહસ્ત્ર ફેણા ફુંફવે જેમ
ગગન ગાજે હાથિયો.'

છેલ્લી પંક્તિની ઉપમા સમજાય નહીં, 'જેમ ગગન ગાજે હાથિયો'...એટલે શું ? તે કાળના કૉલેજના એક પ્રોફેસરને પૂછ્યું...તો કહે...આમાં શું નથી સમજાતું ? જેમ ગગનમાં હાથી ગર્જના કરે તેમ સહસ્ત્ર ફેણના ફૂંફવાટ ગર્જના કરવા લાગ્યા'. મેં શંકા-પ્રશ્ન કર્યો-'પણ ગગનમાં હાથી ક્યાંથી ?' તો કહે : 'મહાભારતના યુદ્ધ વખતે ભીમની ગદાથી જે હાથીયો આકાશમાં ગયેલા...તેમની ગર્જના', મેં કહ્યું: 'તર્કની દૃષ્ટિએ આ બરાબર નથી.' પ્રોફેસર સાહેબને પડતા મૂકી મેં મારા એક શાસ્ત્રી-પંડિત મિત્રને વાત કરી...તો કહે : 'અનામી ! તમને ખબર છે...હસ્તિ નામના નક્ષત્રની ? એ હસ્તિ (હાથિયો) નક્ષત્રમાં ગગનમાં મેઘગર્જના ભારે થાય.' પંડિતની વાત મને સત્યનારાયણના પ્રસાદની જેમ એકદમ ગળે ઊતરી ગઈ ને પ્રોફેસર સાહેબની તુક્કાબાજી પર હસવું પણ આવ્યું.

(૪) આ ચોથા 'બદરીપ્રસાદ', મારા અનુભવ-વિશ્વના નથી. એક શિક્ષકને કાવ્ય શિખવવાનું હતું. કાવ્યની પ્રથમ પંક્તિ આ પ્રમાણેની છે : 'ઝીણા મોર બોલે છે લીલી નાઘેરમાં.' કાવ્ય-પઠન પછી શિક્ષકે વિદ્યાર્થીને પ્રશ્નો પૂછ્યા: 'શું બોલે છે ?' વિદ્યાર્થી કહે 'મોર બોલે છે' શિક્ષક કહે: 'કેવા મોર બોલે છે ?' વિદ્યાર્થી કહે : 'ઝીણા ઝીણા મોર બોલે છે.' શિક્ષક કહે : 'ઝીણા ઝીણા મોર ક્યાં બોલે છે ?' વિદ્યાર્થી કહે : 'લીલીના ઘરમાં ઝીણાં ઝીણાં મોર બોલે છે ?' 'લેશન' પતી ગયો. લીલી નાઘેરનો રળિયામણો પ્રદેશ લીલીનું ઘર બની ગયું ને 'અભિનવ બદ્રીપ્રસાદ' 'ગુરુ' બની ગયા !-બી.ટી.ની ઉપાધિ પ્રાપ્ત કરીને !

(૫) પાંચમા 'બદરીપ્રસાદ', ઉપર્યુક્ત ચારની જમાતમાં સમાસ પામી શકે તેમ નથી પણ એમનો જે મોભો હતો એને અનુરૂપ એમની સજ્જતા કે વ્યુત્પત્તિ રજ માત્ર નહીં. કવિવર ન્હાનાલાલના એ પરમ અનુરાગી. ન્હાનાલાલની નીચે દર્શાવેલી કવિતાઓ શિખવવાની આવે-દા.ત.:-

(૧) વિરાટનો હિંડોળો ઝાકમઝોળ
કે આભને મોભે બાંધ્યા દોર
(૨) ચન્દ્રીએ અમૃત મોકલ્યાં હો બહેન !
ફુલડાં-કટોરી ગૂંથી લાવ
જગ માલણી હો બહેન !
અમૃત અંજલિમાં નહીં ઝીલું હો બહેન !
(૩) રજનીની ચુંદડીના છેડાના હીરલા શા
ઊગે છે તારલા આજ ધીમે ધીમે...

તો તેઓ એક જ ધ્રુવપદ આલાપવાના:-

'અહાહા ! શું ભવ્ય છે ! શું સુંદર છે ! અતિ ભવ્ય છે, અતિ સુંદર છે...શું ભવ્ય-સુંદર છે !' એમાં શું ભવ્ય-સુંદર છે, શાથી ભવ્ય-સુંદર છે, 'ભવ્ય' ને 'સુન્દર'ની વિભાવના શી ? અને એ 'ભવ્ય-સુન્દર'નો કવિતામાં કેવોક કલાત્મક વિનિયોગ થયો છે...એ બધું જ અધ્યાહાર ! કેવળ એક જ ધ્રુવપદ ! અહાહા ! શું સુંદર છે ! શું ભવ્ય છે !' વિદ્યાર્થીઓએ એમનું ઉપનામ 'સુંદર ભવ્ય સર' પાડેલું.

'બોલ મા, બોલ મા, બોલ મા રે રાધા કૃષ્ણ વિના બીજું બોલ મા'- આ પંક્તિમાં 'મા' નકારવાચક શબ્દ છે. પણ એનો અર્થ શિક્ષક જનેતા કરતા. આવા 'જનેતા'ના જનક પણ એક બદરીસર હતા.

શિક્ષણને ધર્મ કે કર્તવ્યને બદલે વેઠ કે સજારૂપ સમજનારા Sense of Purpose કે Feeling of involvement વિનાના, કશે જ ગોઠવાઈ શક્યા નહીં એટલે 'ચકરડાના ચોરસ' સમા આવા 'બદરી સર' દરેક જમાનાને મળ્યા જ હશે ! આવા 'બદરી સરો' પાક્યા જ ન હોત તો સાચા, નિષ્ઠાવાન ગુરુઓની તુલના કોની સાથે કરત ? તુલનાથી ઐતિહાસિક દૃષ્ટિ ખીલતી હોય તો આવા 'બદરી સરો' પણ વખારમાં નાખવા જેવા તો નહીં જ ! છેવટે જમાનાની સ્મૃતિમાં તો સચવાઈ રહ્યા છે ! વિદ્યા અને શીલથી-વિભૂષિત સાચા 'બ્રાહ્મણ' બન્યા સિવાય 'અસલી બદરીપ્રસાદ સર' બની શકાય નહીં..

# સ્થિર રહેવાનું જેને ન પરવડે તે ગ્રાફ

❑ ગુલાબ દેઢિયા

દૂધમાં મેળવણ ભળે ત્યારથી બે પ્રક્રિયાઓ શરૂ થાય છે. આપણને તો નરી આંખે દેખાય નહિ એવી સૂક્ષ્મ રીતે દૂધ પોતાનું દૂધપણું સંકેલતું જાય છે અને મેળવણ પોતાનું દહીંપણું વિસ્તારતું જાય છે. એક એવી ઉત્તમ કક્ષા આવે છે જ્યારે દૂધ મટી ગયું હોય છે અને પૂર્ણ દહીં જામી ગયું હોય છે. જો લાંબો વખત દહીં પણ એમ જ પડી રહે તો એનાંય વળતાં પાણી થાય છે. ખટાશ વધે છે, દહીં તરડાય છે, ફાટે છે, પાણી છોડે છે.

આખો ખેલ બીજી રીતે નિહાળીએ તો ગ્રાફમાં ગતિ કરે છે. દૂધનો ગ્રાફ નીચે જતો જાય છે. દહીંનો ગ્રાફ ચડતો જાય છે. પછી દહીં થોડો વખત સમ પર આવે છે. પછી ગ્રાફ ઝૂકતો જાય છે.

છોડની ડાળીએ કળી દેખા દે છે. વિકસતી જાય છે. પુષ્પ રૂપે પાંગરે છે. પુષ્પ આદર્શ સ્થિતિએ પૂર્ણરૂપે પ્રફુલ્લિત થાય છે અને તે સાથે જ ખરવાની પ્રક્રિયાનો આરંભ થાય છે.

અહીં પણ એક રમણીય ગ્રાફ રૂપ, રંગ, ગંધ, આકારથી ગતિમાન હોય છે. આ ગ્રાફમાં ઉબડખાબડ ગતિ નથી. ચંદ્રની કળાની પેઠે માફકસરની વધઘટ છે. એકમથી પૂનમ અને એકમથી અમાસની ચાલ છે.

ઘણી ખરી વસ્તુઓ એક મથાળાની સ્થિતિએ પહોંચે છે. એ એની પરાકાષ્ઠા હોય છે. ઉપર ચડતાં ચડતાં એક ટોચ આવે છે. પછી સ્વાભાવિક રીતે જ આરોહ પછી અવરોહ શરૂ થાય છે.

ગ્રાફ સર્વત્ર છે. પરંતુ બધા ગ્રાફની ગતિ એક સરખી નથી. નિરનિરાળી છે. ટેકરી જેવા ગ્રાફ, મહાનગરની ઊંચી નીચી પહોળી સાંકડી ઇમારતો જેવા ગ્રાફ, કરવતના દાંતા જેવા ગ્રાફ, દાદર કે વાવના પગથિયા જેવા ગ્રાફ, રેતીના ઢૂવા જેવા ગ્રાફ, દરિયાઈ મોજાં જેવા ભરતી ઓટના ગ્રાફ, વીજળીના ચમકારા જેવા ગ્રાફ, શ્વાસોચ્છ્વાસના અને રક્તાભિસરણના ગ્રાફ, આપણે જોઇએ છીએ અને અનુભવીએ પણ છીએ.

આપણા મન જેવું વ્યસ્ત ફલક કોઇ નથી. અહીં સદાય આલેખોનો મેળો જામે છે. મનનો ગ્રાફ સાતમે આસમાને ચડે તો બીજી ક્ષણે સાતમા પાતળે પડે એવા વીજળી જેવા આંચકા આ ગ્રાફમાં હોય છે. મનનો ગ્રાફ સમથળ ચાલે એ તો ઊંઘમાંયે ભાગ્યે બને છે.

ભૂખ લાગે છે, વધે છે, ફાડી ખાય છે. પછી ભોજન લઇએ છીએ. થોડુંક ખાતાં તૃપ્તિનો એક વિસામો આવે છે. પછી ખાતાં જ રહીએ છીએ. ભૂખ અને તૃપ્તિ બન્ને અવસ્થાઓ વટાવી જઇએ છીએ. ઓડકાર એ તૃપ્તિના ગ્રાફનું શિખર હશે. ત્યાં પણ ન અટકીએ તો ગ્રાફ લાચાર બની જાય છે.

પ્રવચન સાંભળતાં કે પ્રવચન દેતાં એક ઉત્કૃષ્ટ ક્ષણ આવે છે. એક કળશ આવે છે. પછી નાનાં મોટાં શિખરો આવે છે, જેમ કોઈ મંદિરનાં ઘણાં નાનાં મોટાં દેરી-શિખર હોય. ખોડંગાતો ગ્રાફ પ્રવચનને નીરસતાના કીચડમાં ખૂંપવી દે છે.

ગ્રાફ વિમાનની ગતિએ ઊંચે ચડે ને પછી ધીરે ધીરે ઢોળાવની ગતિએ નીચે ઊતરે એવું ય બને. સૂર્યોદય જોતી વખતે એવો અનુભવ થાય છે. બાલ રવિના લાલકેસરી ગોળાને જોતાં પ્રથમ જે ઊર્મિ પરાકાષ્ઠાએ ચડે છે તે સૂર્યના ચડતાં ચડતાં ઊતરતી જાય છે.

ગ્રાફ પરાકાષ્ઠાએ હોય ત્યારે જ ડાયરો અને ડેલી છોડી નીકળી જઇએ તો સારું નહિ તો પછી તો વાતોનો રસ ખૂટતો જાય, ભેરુઓ ઊઠતા જાય અને છેલ્લે તો ગ્રાફ ચોળાયેલા પાથરણા સુધી બગાસાંના ઢેબા ખાતો આવી ગયો હોય.

ટૂંકી વાર્તા, નાટક કે ફિલ્મ માણતાં જણાય છે કે પરાકાષ્ઠાની ક્ષણ આરંભે નથી હોતી પણ અંતની નજીક હોય છે. ગ્રાફ પગથિયાં ચડતો ચડતો ટોચ પર પહોંચે છે. બસ ત્યાં જ પૂરું થવું એ ગ્રાફની ધન્યતા !

આમ તો આપણે ભાતભાતના ગ્રાફને ગજવે ઘાલીને ફરીએ છીએ પણ વાસ્તવમાં તો જોરાવર ગ્રાફ આપણને મુઠ્ઠીમાં લઇને ફરે છે.

અજાણ્યા સ્થળે અપરિચિતતાનો ગ્રાફ, મૂંઝવણનો ગ્રાફ, ભયનો ગ્રાફ તો આપણને ઘસડી જતો લાલચનો ગ્રાફ, ક્રોધનો ગ્રાફ, માન અને લોભનો ગ્રાફ આપણા તો કેવા હાલ કરી દે છે !

આરામનો પણ ગ્રાફ હશે ને ! ચાલતાં ચાલતાં થાકીએ, બેસીએ, એ ક્ષણ ટોચ પર હોય. પછી આરામ જમા થતો રહે. પછી તો આરામનો ય થાક લાગે. આપણી પ્રિય નિદ્રામાંય એક આરોહ આવે ગાઢ નિદ્રાનો, પછી ઉતરાણ શરૂ થાય.

પ્રતીક્ષા ચડતાં ચડતાં બહાવરાપણા સુધી લઈ જાય. વિહ્વળ કરી દે પણ ટોચ અને સમ ગતિ ગ્રાફમાં કેટલી વાર ! પ્રતીક્ષા લંબાતી જ જાય તો રાહ જોવાનું ભૂલી ય જઇએ. પ્રતીક્ષાનો ગ્રાફ તૂટતો હોય અને નિરાશાનો ગ્રાફ માથું ઊંચકતો હોય ત્યાં જ જો મિલન રચાય તો તો પૂછવું જ શું ? એ આલેખ અનાલેખ બની રહે.

રાત વધતી જાય, કૌતુકિયા ચાલ્યા જાય, ખરા શ્રોતાઓ આતુર-ઉત્કંઠ અડ્ડો જમાવી નિરાંતે બેઠા હોય. ભજનિક ઊંચા આલાપ લે, પંચમ સ્વરમાં ગાય, હવામાં એનો સ્વર ઊઠતો ને ઊડતો દેખાય. શ્રોતાઓના મુખમાંથી અનાયાસ ઉદ્ગાર આવી જ જાય 'મથે વિન', 'મથે વિન' ઉપર જા, ઉપર જા, હજી ઉપર જા.

ખરી કટોકટીની ક્ષણો હોય, ખરાખરીનો ખેલ હોય, સૂર અને સ્વરની માત્રા ઉપર ઉપર ઊડતી જાય. ગાયક શ્વાસનો સંગ્રામ ખેલે. ક્ષણો એ સંગીતથી રંગાઈ જાય. ગાયકના મનમાં શું ચાલતું હશે ! મને હજી સમજાતું નથી. એ અનુભવ વિરહ શબ્દાતીત. ગ્રાફને આવી ખરાખરીમાં શિખર પર રાખવો કેટલું દુષ્કર કામ !

શેર બજારમાં જીવતા શેરોનો ગ્રાફ લાંબો વખત એકધારો સ્થિર ન રહી શકે. તેમ આપણા જીવતરમાંય બહારથી સ્થિરતા દેખાતી હોય તેમાંય અંદરખાને ચડઊતર અવિરત ચાલુ જ હોય છે. કેટલાક એવા બનાવો હોય છે જે ગ્રાફની સરહદમાં સમાતા નથી.

જેને આપણે અચાનક, એકાએક કે અકસ્માતે કહીએ છીએ એ તો આપણી મર્યાદા છતી કરે છે. તીર ગતિથી ચડાતું પણ નથી અને પડાતું પણ નથી. એ પહેલાં સૂક્ષ્મ આંતરિક તૈયારી તો થઇ જતી હોય છે.

આપણને એક નહિ અનેક ગ્રાફ સાથે પનારા પડે છે. એક ગ્રાફ ચડતો હોય ત્યારે બીજો પડતો હોય અને ત્રીજો વંકાતો હોય, આંટી દેતો હોય તો ચોથો કૂદકા મારતો હોય. આરોગ્ય, સંબંધ, સિદ્ધિ-કીર્તિ, વ્યવહાર, સમજણ, વય, અર્થવત્તા, કુટુંબ, સમાજ, વાતાવરણ, સમય-કેટકેટલા ગ્રાફ એકબીજા પર પ્રભાવ પાડતા, પ્રભાવ ઝીલતા આપણી સાથે જ ચાલે છે.

ગ્રાફ અને હું એકમેક પર પ્રભાવ પાડતા લેખાંજોખાં કરતા રહીએ છીએ. લોકો એને જીવનના નામથી ઓળખે છે.

❖❖❖

# ગાંધીચરિત્રની ગંગોત્રી

**□ ડૉ. કુમારપાળ દેસાઈ**

છલોછલ વહેતી ગંગા નદીના વિશાળ પટને જોઇએ ત્યારે ચિત્તમાં અનાયાસ ગંગોત્રીની કલ્પના જાગે છે. ઇમારતની ભવ્યતાને જોઇએ ત્યારે એની ઇંટની કલ્પના કરીએ છીએ. એ જ રીતે મહાત્મા ગાંધીજીની જીવનકથા જોઇએ ત્યારે સાહજિક રીતે જ શ્રીમદ્ રાજચંદ્રનું સ્મરણ થાય છે. ગાંધીચરિતનો આલેખ આપનારા લેખકોએ ગાંધીજીની વ્યક્તિમત્તાનું સર્વાંગપૂર્ણ ચિત્ર આલેખ્યું છે, પરંતુ ગાંધીજીના વ્યક્તિત્વને ઘડનારા આ મહત્ત્વના સ્રોત વિશે વિશેષ પ્રકાશ પાડ્યો નથી.

સ્વાભાવિક રીતે જ એ સવાલ જાગે કે વિલાયતથી આવેલા બૅરિસ્ટર શ્રી મોહનદાસ કરમચંદ ગાંધીમાં જગતને અજવાળતું અહિંસાનું સૂક્ષ્મદર્શન પ્રગટ્યું હશે કઈ રીતે ? ગાંધીજીની વિચારસરણીમાં પ્રગટેલાં સત્યનિષ્ઠા, અનેકાંત દર્શન અને આધ્યાત્મિકતા એમને મળ્યાં હશે કઈ રીતે ? કમનસીબે ગાંધીજીવનના અધ્યયનકર્તાઓએ આ વિષયમાં ઊંડું અવગાહન કર્યું નથી. ગાંધીજીના જીવનકાર્યને ઘડનારા મૂળ સ્રોતને પારખવાનો પ્રમાણમાં ઓછો પ્રયાસ થયો છે. ગાંધીજી કહેતા હતા કે એમનો હવે પછી જન્મ નથી, કારણ કે એમનો મોક્ષ અવશ્ય થશે. ગાંધીજીમાં આવો મોક્ષવિચાર જગાડનાર હતા શ્રીમદ્ રાજચંદ્રજી.

વિ. સં. ૧૯૪૭ના જેઠ માસમાં મહાત્મા ગાંધીજી બ્રિટનમાં બૅરિસ્ટર થઇને હિંદુસ્તાન આવ્યા. તે દિવસે મુંબઇમાં શ્રીમદ્‌ના કાકાજી સસરા અને ભાગીદાર શ્રી રેવાશંકર જગજીવનના ભાઈ ડૉ. પ્રાણજીવનભાઈ મહેતાના નિવાસસ્થાને બૅરિસ્ટર મોહનદાસ ગાંધી ઊતર્યા હતા. શ્રીમદ્ પણ એ જ દિવસે ત્યાં આવ્યા. અહીં ગાંધીજી અને શ્રીમદ્‌જીનો પ્રથમ પરિચય થયો. ડૉ. પ્રાણજીવન મહેતા ગાંધીજી સાથે ઇંગ્લેન્ડમાં હતા અને તેથી બંને વચ્ચે ગાઢ સંબંધ હતો.

ગાંધીજીનો આ સંબંધ શ્રીમદ્‌ના દેહવિલય પર્યંત ચાલુ રહ્યો. ગાંધીજીનો એમની સાથે કોઈ વ્યાપારી સંબંધ નહોતો, પરંતુ એમની સાથે ઘનિષ્ઠ આત્મીયતા સધાઈ. વળી એ સમયે બૅરિસ્ટર ગાંધીજી પાસે કોઈ મુકદ્દમો નહોતો. એક અર્થમાં કહીએ તો ગાંધીજી પાસે મુકદ્દમો નહોતો એ એમનું સદ્‌ભાગ્ય બન્યું. તેને પરિણામે તેઓ શ્રીમદ્ રાજચંદ્રજીને વારંવાર મળતા હતા અને એમને તન્મયતાથી સાંભળતા હતા.

શ્રીમદ્ રાજચંદ્રના ચિત્તની સરળતાનો અને એમના ગૂઢ જ્ઞાનની પ્રભાવકતાનો ગાંધીજીને અનુભવ થયો. સૃષ્ટિનો આ સંયોગ કહેવાય કે ભગવાન મહાવીરની તત્ત્વધારા શ્રીમદ્ રાજચંદ્રજીને મળી અને એમની પાસેથી એ વિચારધારા ગાંધીજીને પ્રાપ્ત થઈ. ગાંધીજીએ અહિંસા, સત્ય અને અનેકાંતની પ્રયોગભૂમિ પર પોતાનાં કાર્યો કર્યાં અને તેને પરિણામે નવયુગનો પ્રારંભ થયો.

આ સમયે ગાંધીજી શ્રીમદ્‌ના આચાર, વિચાર અને વ્યવહારનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં કહે છે : 'શ્રીમદ્ ભોજનમાં જે મળે તેથી સંતુષ્ટ રહેતા. પહેરવેશ સાદો પહેરતા. આખું અંગરખું, ખેસ, ગરભસૂતરો, ફેંટો અને ધોતી. તેમની ચાલ ધીમી હતી. અને જોનાર પણ સમજી શકે કે ચાલતાં પણ આત્મવિચારમાં મગન છે. આંખમાં ચમત્કાર હતો. અત્યંત તેજસ્વિતા-વિહ્‌વળતા જરાયે ન હતી.'

પુષ્પના સૌરભથી જેમ મધુકર આકર્ષાય તેમ પ્રથમ પરિચયે જ મહાત્મા ગાંધીજીને શ્રીમદ્‌જીના આંતર-બાહ્ય વ્યક્તિત્વનું આકર્ષણ થયું હતું. ગાંધીજીએ સૂક્ષ્મ, ગુણગ્રાહ્ય દૃષ્ટિથી શ્રીમદ્‌જીના જીવનવ્યવહારમાંથી ઘણી ગુણસમૃદ્ધિ આત્મસાત્ કરી લીધી. મહાત્મા ગાંધીજીના ચારિત્ર્યના નિર્માણના પાયામાં છે શ્રીમદ્‌ની પ્રતિભાનો પાવન સ્પર્શ અને એમના આંતરિક આનંદમય વ્યક્તિત્વનો સાક્ષાત્ અનુભવ.

બૅરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધીમાંથી વિશ્વવંદ્ય મહાત્મા ગાંધી બન્યા કઈ રીતે ? અહિંસા અને આધ્યાત્મિકતાના એમના પ્રેરણાસ્રોત હતા શ્રીમદ્ રાજચંદ્રજી. એમની આધ્યાત્મિક પ્રેરણાને સહારે ગાંધીજીએ રાજકીય, આધ્યાત્મિક અને સામાજિક ક્રાંતિ કરી. મહાત્મા ગાંધીજીએ લખ્યું છે કે 'આધ્યાત્મિક ભીડ' વખતે તેઓ શ્રીમદ્‌નો 'આશરો' લેતા. ગાંધીજી પ્રત્યેક શબ્દને બરાબર નાણીને પ્રયોજતા હતા. એમણે શ્રીમદ્‌ને પોતાના મિત્ર અને માર્ગદર્શક માન્યા હતા. આવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી સ્વયં કહે છે :

'મારા જીવન પર શ્રી રાજચંદ્રભાઇનો એવો સ્થાયી પ્રભાવ પડ્યો કે, હું એનું વર્ણન કરી શકતો નથી. હું કેટલાંય વર્ષોથી ભારતમાં ધાર્મિક પુરુષની શોધમાં છું. પરંતુ એમના જેવા ધાર્મિક પુરુષ હિંદમાં હજુ સુધી મેં જોયા નથી. યુરોપના તત્ત્વજ્ઞાનીઓમાં હું ટોલ્સટોયને પ્રથમ શ્રેણીના અને રસ્કિનને બીજી શ્રેણીના વિદ્વાન સમજું છું, પરંતુ રાજચંદ્રભાઈનો અનુભવ એ બંનેથી ચઢેલો હતો.'

ભારમતાં શ્રીમદ્ રાજચંદ્રજીનો પ્રભાવ પડ્યા પછી એક વાર ટ્રેનમાં રસ્કિનનું 'ઓન ટુ ધ લાસ્ટ' વાંચ્યું અને ગાંધીજીના જીવનમાં પરિવર્તન આવ્યું. એ પછી ટોલ્સટોય સાથે પત્રવ્યવહાર થયો અને ગાંધીજીને બળ મળ્યું, પરંતુ આ બધી જ ભાવનાઓ અને સંસ્કારો ગ્રહણ કરે એવી ભૂમિકા તૈયાર થઈ હતી શ્રીમદ્ રાજચંદ્રજીના મેળાપથી.

ગાંધીજી એમની સાથે દયાધર્મની ચર્ચા કરતા હતા. એક વાર એવું પણ બન્યું કે બંનેએ લાંબી વિચારણાને અંતે સ્વીકાર્યું કે ચામડા વિના ચલાવી શકાય નહિ. ખેતી જેવા ઉદ્યોગ તો ચાલવા જ જોઇએ, પરંતુ એય સાચું કે અનિવાર્ય હોય તો જ ચામડાનો ઉપયોગ કરવો જોઇએ. આ અંગે શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી વચ્ચે બનેલા માર્મિક પ્રસંગનું ગાંધીજીએ આલેખન કરતાં લખ્યું,

'હું તો મૂળથી જ જરા કકરો રહ્યો. મેં પૂછ્યું કે તેમને (તમારે) માથે ટોપીમાં શું છે ? એ પોતે (શ્રીમદ્ રાજચંદ્ર) તો આત્મચિંતનમાં લીન રહેનારા હતા. પોતે શું પહેરે છે, શું ઓઢે છે એના વિચાર કરવા બેસતા નહિ. માથે ટોપીમાં ચામડું છે એ તેમણે જોયેલું નહિ. પણ મેં બતાવ્યું કે તુરત તેમણે ટોપીમાંથી ચામડું તોડી કાઢ્યું. મને કંઈ એમ નથી લાગતું કે મારી દલીલ એટલી સજ્જડ હતી કે તેમને સોંસરી ઊતરી ગઈ. તેમણે તો દલીલ જ કરી નહિ. તેમણે વિચાર્યું કે આનો હેતુ સારો છે. મારી ઉપર પૂજ્યભાવ રાખે છે, તેની સાથે ચર્ચા શું કામ કરું ? તેમણે તો તરત ચામડું ઉતારી નાખ્યું; ને ફરી પાછું કદી ચામડું માથે પહેર્યું નહિ હોય એમ માનું છું.'

ગાંધીજી કહે છે કે દયાધર્મનું સરસ માપ શ્રીમદ્ રાજચંદ્રએ એમને આપ્યું હતું. અહિંસા, દયા, સત્યનિષ્ઠા જેવા પ્રશ્નો પર મહાત્મા ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્ર સાથે ચર્ચા કરીને માર્ગદર્શન મેળવ્યું હતું. આ સંદર્ભમાં શ્રીમદ્ રાજચંદ્રજી પાસેથી મહાત્મા ગાંધીજીને મળેલા જ્ઞાનના પ્રકાશનું ઘણું મહત્ત્વ છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ અદ્‌ભુત સ્મરણશક્તિ દર્શાવતા શતાવધાનના

પ્રયોગો કર્યા હતા. એમણે મુંબઈમાં વિ. સં. ૧૯૪૩માં ફરામજી કાવસજી ઇન્સ્ટિટ્યૂટમાં આવા પ્રયોગો કરીને અદ્‌ભુત શક્તિનો પરિચય કરાવ્યો હતો.

મહાત્મા ગાંધીજીના જીવનમાં પણ શ્રીમદ્ રાજચંદ્રજીની આ સ્મરણશક્તિએ ઘણું પરિવર્તન આણ્યું હતું. ઇંગ્લેન્ડથી બેરિસ્ટર થઇને આવેલા મહાત્મા ગાંધીજીના 'વિલાયતના પવનને' શ્રીમદ્‌ની સ્મરણશક્તિએ હળવો કર્યો હતો. એ સમયે કોઇએ ગાંધીજીને સૂચવ્યું કે, તમે રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્રજી)ને કેટલાક શબ્દો સંભળાવો અને એ શબ્દો ગમે તે ભાષામાં હશે તોપણ તે જ ક્રમમાં રાયચંદભાઈ પાછા કહી જશે.

ગાંધીજીને આ સાંભળીને આશ્ચર્ય થયું; તે પ્રસંગ વેળાની પોતાની સ્થિતિનો ખ્યાલ આપતાં ગાંધીજી કહે છે : 'હું તો જુવાનિયો, વિલાયતથી આવેલો, મારા ભાષાજ્ઞાનનો પણ ડોળ; મને વિલાયતનો પવન ત્યારે કંઈ ઓછો ન હતો. વિલાયતથી આવ્યા એટલે ઊંચેથી ઊતર્યા. મેં મારું બધું જ્ઞાન ઠાલવ્યું અને જુદી જુદી ભાષાના શબ્દો પ્રથમ તો મેં લખી કાઢ્યા-કેમ કે મને ક્રમ ક્યાં યાદ રહેવાનો હતો ? અને પછી તે શબ્દો હું વાંચી ગયો. તે જ ક્રમમાં રાયચંદભાઇએ હળવેથી એક પછી એક બધા શબ્દો કીધા. હું રાજી થયો. ચકિત થયો, અને કવિની સ્મરણશક્તિ વિશે,મારો ઊંચો અભિપ્રાય બંધાયો. વિલાયતનો પવન હળવો પાડવા સારુ આ અનુભવ સરસ થયો ગણાય.'

ગાંધીજીની શ્રીમદ્ સાથે પ્રથમ ઓળખ થઇ તે વખતની ગાંધીજીની સ્થિતિ વિશે પણ જાણવું આવશ્યક છે. એ વિશે ગાંધીજી પોતે જ કહે છે : (શ્રીમદ્) પોતે હજારોના વેપાર ખેડતા, હીરામોતીની પારખ કરતા, વેપારના કોયડા ઉકેલતા; પણ એ વસ્તુ પોતાનો વિષય નહોતી. તેમનો વિષય-તેમનો પુરુષાર્થ-તો આત્મઓળખ-હરિદર્શન હતો. પોતાની પેઢી ઉપર બીજી વસ્તુ હોય ના હોય, પણ કોઈ ને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપારની વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અને પેલી નોંધપોથી ઊઘડે. જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઇને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય, તેની જાત વેપારીની નહિ પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહિ, પણ અનેક વેળા થયેલો.'

'મરણ પૂર્વે થોડાક અગાઉના પત્રો મેં જોયા છે. આ વસ્તુઓ તેમાં પણ મેં ભાળી છે. એ વસ્તુ આપણે સ્મરણમાં રાખી અને જીવનમાં પણ અનુકરણ કરીએ.'

શ્રીમદ્ રાજચંદ્રજી માત્ર તેત્રીસ વર્ષ જીવ્યા. કેટલાકના મતે આ એમનું અલ્પ આયુષ્ય ગણાય. સામાન્ય રીતે વ્યક્તિના આયુષ્યને વર્ષની ફૂટપટ્ટીથી માપવામાં આવે છે, પરંતુ શ્રીમદ્ રાજચંદ્રના આયુષ્યને ગણિતના ગજથી માપી શકાય નહિ અથવા તો એમાં જે ગણિત કામ કરે છે તે અધ્યાત્મનું ગણિત છે. એક સતત ચૈતન્યપ્રવાહ વહેતો હોય ત્યારે એને બાલ્યાવસ્થા કે યુવાવસ્થાની વર્ષોના ઇંચવાળી ફૂટપટ્ટીથી ઓળખી શકાય નહિ. શ્રીમદ્ રાજચંદ્ર તો આઠ વર્ષે કવિતા રચતા હતા અને અપૂર્વ શક્તિનો સ્રોત બાલ્યાવસ્થાથી જ પરાકાષ્ઠાએ વહેતો હતો. વળી દરેક વિભૂતિ પોતાનું કર્તવ્ય લઇને આવે છે. એ સ્વકર્તવ્ય એ જ એમનું જીવન. કર્તવ્યની સમાપ્તિ સાથે એમની જીવનલીલા સમાપ્તિ પામે છે. બાકી સેંકડો વર્ષોમાં થાય એટલું કામ શ્રીમદ્ રાજચંદ્રજીએ તેત્રીસ વર્ષના અલ્પ આયુષ્યમાં કર્યું. આદિ શંકરાચાર્ય, સ્વામી વિવેકાનંદ કે વીરચંદ રાઘવજી ગાંધી જેવી વ્યક્તિઓ નાની વયે વિદાય પામી, પરંતુ કર્તવ્યસિદ્ધિ મેળવીને.

શ્રીમદ્ સાથે ગાંધીજીનો પત્રવ્યવહાર બહોળો હતો પરંતુ કમભાગ્યે આપણને માત્ર ત્રણ જ પત્રો ઉપલબ્ધ છે, છતાં ગાંધીજીની વિવિધ ધર્મો વિશેની અને ગાંધીજીએ ધર્મના મર્મ અંગેની તીવ્ર મથામણમાં શ્રીમદ્‌ના આ પત્રોએ એમને ધર્મપરિવર્તન કરતા અટકાવ્યા હતા. બેરિસ્ટરની બુદ્ધિને છાજે એવા વ્યાવહારિક-પારમાર્થિક એવા આત્મા, ઇશ્વર, મોક્ષ, ધર્મ, પુનર્જન્મ, પશુઓ અને ઇસુ ખ્રિસ્ત વિશે અનેક પ્રશ્નો શ્રીમદ્‌ને પૂછ્યા હતા.

એના ઉત્તરો શ્રીમદે પ્રજ્ઞા અને અનુભવજ્ઞાનથી આપ્યા હતા. શ્રીમદ્ અને ગાંધીજી વચ્ચેનો આ અભૂતપૂર્વ યોગ ભારત માટે, ભારતીય સંસ્કૃતિ માટે અને માનવજાત માટે અતિ મહત્ત્વપૂર્ણ અને ફળદાયી નીવડ્યો. એક જ સદીમાં બે મહાન વિભૂતિઓએ ભારતમાં-ગુજરાતની ધરતી પર અને સૌરાષ્ટ્રની ભૂમિમાં જન્મ ધારણ કર્યો તે કેવી ભવ્ય ઐતિહાસિક ઘટના કહેવાય ! બંને સત્પુરુષોએ માનવીય ગૌરવ પ્રસ્થાપિત કર્યું હતું.

આ બનાવનાં ૨૫ વર્ષ બાદ મહાત્મા ગાંધીજી કચ્છની મુસાફરીએ નીકળ્યા હતા ત્યારે માંડવી શહેરમાં આવ્યા. વિ. સં. ૧૯૮૨ના કારતક સુદ પૂનમનો એ દિવસ હતો. એ દિવસે એમણે આપેલા પ્રવચનમાં શ્રીમદ્ રાજચંદ્રજીનું સ્મરણ કરતાં કહ્યું:

'શ્રીમદ્ રાજચંદ્રે મરણકાળે અસહ્ય દુ:ખ ભોગવ્યું, પણ તેમને તે દુ:ખનો વિચાર નહોતો, તેમને તો તે વેળા ઇશ્વરદર્શનની જ તાલાવેલી લાગેલી હતી. આજે મારી જિંદગીમાં વિનય સાથે કડવી વાતો સંભળાવવાનો મારે પ્રસંગ આવ્યો છે, ત્યારે એવા શ્રીમદ્ રાજચંદ્રનું સ્મરણ કરીને તેમની અહિંસાની સ્તુતિ કરીને હું સદ્‌ભાગી બનું છું.

'જે વસ્તુ આત્માને દૂધ જેવી દેખાય છે તેવી જગતમાં કોઇનો પણ ડર રાખ્યા વિના પ્રગટ કરવાની શક્તિ આપણે એ પુરુષના સ્મરણમાંથી આજે મેળવીએ. ડર એકમાત્ર ચૈતન્યનો રાખીએ; ચોવીસે કલાક, રખે ને એ હંમેશાં ખબરદારી કરનારો દુભાશે તો નહિ એવી ચિંતા રાખીએ.

'રાજચંદ્રના જીવનમાં તેમની અનંત તપશ્ચર્યા શીખીએ, અને જે અનંત તપશ્ચર્યાને પરિણામે તેઓ ચૈતન્યની જ આરાધના કરતાં શીખ્યા તે સમજીએ, અને આપણી અલ્પતા વિચારી બકરી જેવા એક બની, આપણામાં વિરાજતા ચૈતન્યને વિચારી સિંહ જેવા સમર્થ બનીએ તો જીવનનું સાર્થક છે.'

વર્ધાના આશ્રમમાં વિ. સં. ૧૯૯૨ની કારતકી પૂર્ણિમાના દિવસે રાજચંદ્રજીની જન્મજયંતિ નિમિત્તે સાંજની પ્રાર્થના પછી ગાંધીજીએ પોતાને શ્રીમદ્‌જીના જીવનમાંથી શું મળ્યું એ વિશે હૃદયના ઉદ્‌ગાર પ્રગટ કરતાં કહ્યું:

'એમના જીવનમાંથી શીખવાની બે મોટી વાતો તે સત્ય અને અહિંસા. પોતે જે સાચું માનતા તે કહેતા અને આચરતા અને અહિંસા તો તે જૈન હતા એટલે અને એમના સ્વભાવથી એમની પાસે હતી. આ જ અહિંસાની

---

વડોદરાના સંસ્કાર પરિવાર તરફથી ચાલુ વર્ષનું ગુજરાતી પત્રકારત્વનું પારિતોષિક ડૉ. રમણલાલ ચી. શાહને 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતા એમના લેખો માટે આપવામાં આવ્યું છે. એ માટે ડૉ. રમણભાઈને અમે અભિનંદન આપીએ છીએ અને સંસ્કાર પરિવારના સૂત્રધાર શ્રી વિઠ્ઠલભાઈ પટેલનો આભાર માનીએ છીએ.

નિરુબહેન શાહ
ધનવંત તિ. શાહ
મંત્રીઓ

---

પ્રાકૃત સમજ જૈનોમાં છે-કે નાનાં જીવજંતુ ન મારવાં વગેરે-એટલેથી જ એમની અહિંસા સમાપ્ત નહોતી થતી. એમને તો મનુષ્યને કાંઈ પણ દુ:ખ થાય, તો તેથી પણ દુ:ખ થતું અને તે એટલે સુધી કે ઘણી વાર એમને સંસારથી વિરક્તિ આવી જતી.

'વિરક્તિનો ગુણ એમના જીવનમાં પહેલેથી જ જોવામાં આવે છે. ૩૩ વર્ષની નાની વયે એ ગુજરી ગયા. ૧૭-૧૮ વર્ષની ઉંમરના એમના પદોમાં આ વૈરાગ્યભાવ દેખાય છે અને તે ઉંમરે એમણે ત્યાગતિતિક્ષાનું જીવન ગ્રહણ કરવા તાકેલું. ત્યારથી એમનામાં આ વૈરાગ્યવૃત્તિ રહેલી હતી. જોકે ગૃહસ્થાશ્રમ અને વેપાર લગભગ અંત સુધી એમની પાસે રહ્યાં હતાં. પણ વૃત્તિથી તે વૈરાગી હતા.

'એમના જીવનમાંથી ચાર ચીજો શીખી શકીએ: (૧) શાશ્વત વસ્તુમાં તન્મયતા, (૨) જીવનની સરળતા, આખા સંસાર સાથે એકસરખી વૃત્તિથી વ્યવહાર, (૩) સત્ય અને (૪) અહિંસામય જીવન.'

ગાંધીજી પ્રમાણમાં બહુ ઓછાં પુસ્તકો વાંચતાં, પરંતુ એમણે શ્રીમદ્‌નાં પુસ્તકો વાંચ્યાં હતાં. શ્રીમદે એમને વાંચવા માટે અમુક પુસ્તકો આપ્યાં હતાં. ગાંધીજીએ 'વચનામૃત' અને 'મોક્ષમાળા' વાંચ્યાં હતાં. આ રીતે ગાંધીજીના ચરિત્ર-આલેખકોએ શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનને જાણવું એ માટે જરૂરી છે કે ત્યાંથી એમને ગંગોત્રીનાં દર્શન થઈ શકશે.

મહાત્મા ગાંધીજી કહે છે, 'ઘણા ધર્માચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે. પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્રજી)એ પાડી તે બીજા કોઈ નથી પાડી શક્યા. તેમનાં ઘણાં વચનો મને સોંસરાં ઊતરી જતાં.

'તેમની બુદ્ધિને વિશે મને માન હતું. તેમની પ્રામાણિકતા વિશે તેટલું જ હતું. ને તેથી હું જાણતો હતો કે, તેઓ મને ઇરાદાપૂર્વક આડે રસ્તે નહિ દોરે ને પોતાના મનમાં હશે એવું જ કહેશે. આથી મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો.'

મહાત્મા ગાંધીજીને હિંદુ ધર્મમાં શંકા જાગી હતી. આવે સમયે તેઓને શ્રીમદ્ રાજચંદ્રજીનો મેળાપ થયો. આ મેળાપ ન થયો હોત તો કદાચ મહાત્મા ગાંધીએ હિંદુ ધર્મને બદલે અન્ય ધર્મ અપનાવ્યો હોત. આ વિશે સ્વયં ગાંધીજીના જ શબ્દો જોઇએ:

'હિંદુ ધર્મમાં મને શંકા પેદા થઈ તે સમયે તેના નિવારણમાં મદદ કરનાર રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્ર) હતા. તેમની સાથે તો મને સરસ સંબંધ બંધાઈ ચૂક્યો હતો. તેમના પ્રત્યે માન હતું તેથી તેમની મારફતે જે મળી શકે તે મેળવવા વિચાર કર્યો.

'તેનું પરિણામ એ આવ્યું કે હું શાંતિ પામ્યો. હિંદુ ધર્મમાં મને જે જોઇએ તે મળે એમ છે, એવો મનને વિશ્વાસ આવ્યો.

'આ સ્થિતિને સારુ રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્ર) જવાબદાર થયા, એટલે મારું માન તેમના પ્રત્યે કેટલું વધ્યું હોવું જોઇએ તેનો ખ્યાલ વાંચનારને કંઇક આવશે.'

શ્રીમદ્ રાજચંદ્રજીના વ્યક્તિત્વની પ્રભાવકતા ગાંધીજીએ અનુભવી હતી. એમની આંખમાં ચમત્કાર અને એકાગ્રતા છવાયેલાં રહેતાં એમ તેઓ નોંધે છે. વળી કહે છે કે શ્રીમદ્‌ના કંઠમાં એટલું બધું માધુર્ય હતું કે તેમને સાંભળતાં માણસ થાકે નહિ અને એમના અંતરનો આનંદ સતત પ્રફુલ્લિત રહેતા તેમના ચહેરા પર પ્રગટ થતો હતો. શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનની એક વિલક્ષણ બાબત એ હતી કે માત્ર તેરમા વર્ષે કુટુંબની કપરી આર્થિક પરિસ્થિતિને કારણે એમને દુકાનની જવાબદારી સ્વીકારવી પડી. પિતાના કામકાજમાં મદદરૂપ થવું પડ્યું. દુકાનમાં બેસીને એમણે અનેક ગહન ગ્રંથોનું અધ્યયન કર્યું. કાવ્યરચનાઓ કરી પરંતુ સાથોસાથ વેપાર પણ કર્યો. સામાન્ય છાપ એવી છે કે ધાર્મિક વ્યક્તિ વેપારની નફા-તોટાની દુનિયામાં સફળ થતી નથી, પરંતુ ગાંધીજી શ્રીમદ્ રાજચંદ્રજી કઈ રીતે વેપારનો કારોબાર કરતા હતા તેનું માર્મિક આલેખન કરે છે." ગાંધીજી કહે છે:

'પોતાના વ્યવહારમાં સંપૂર્ણ રીતે પ્રામાણિકપણું જાળવતા એવી મારી ઉપર તેમણે છાપ પાડી હતી. તેઓ સોદા કરતા તે વખતે હું કોઈ વાર અનાયાસે હાજર રહેતો. તેમની વાત સ્પષ્ટ અને એક જ હતી. 'ચાલાકી' જેવું હું કંઈ જોતો નહિ. સામેનાની ચાલાકી પોતે તરત કળી જતા, તે તેમને અસહ્ય લાગતી. એવે વખતે તેમની ભ્રકુટી પણ ચડતી, ને આંખોમાં લાલાશ હું જોઈ શકતો હતો.

'એવી પણ માન્યતા જોવામાં આવે છે કે, 'ધાર્મિક માણસો તો એવા ભોળા હોય કે તેને બધા છેતરે. તેને દુનિયાની બાબતોની કશી ખબર ન પડે. આ બરોબર હોય તો કૃષ્ણચંદ્ર અને રામચંદ્ર બે અવતારો તે કેવળ સંસારી મનુષ્યોમાં ગણાવા જોઇએ. કવિ કહેતા કે જેને શુદ્ધ જ્ઞાન છે તેને છેતરવો અશક્ય હોવું જોઇએ.'

શ્રીમદ્‌ની આંખની જ્યોતિર્મયતા, વ્યવહારની સ્વસ્થતા અને આત્મવિચારની નિમગ્નતા આ બધી બાબતોએ મહાત્મા ગાંધીજીના વ્યક્તિત્વ ઘડતરમાં પ્રચ્છન્નપણે ફાળો આપ્યો. ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા અને અન્યાય સામે અહિંસક જંગ કર્યો, તેનાં બીજ શ્રીમદ્ રાજચંદ્ર સાથેના સત્સંગમાં જોઈ શકાય છે. દક્ષિણ આફ્રિકામાં વિરોધીઓના લાઠીમાર સામે પણ ગાંધીજીની ક્ષમાભાવના પ્રગટ થતી રહી, તેનું મૂળ કારણ શ્રીમદ્ રાજચંદ્રજી પાસેથી મળેલો ક્ષમાભાવ છે. આમ શ્રીમદ્ ભાવનાઓ આપે છે અને ગાંધીજી એ ભાવનાઓને કાર્યાન્વિત કરે છે. શ્રીમદ્ પોતાના જીવનથી તત્ત્વદર્શન આપે છે અને ગાંધીજી પોતાના કર્મથી જીવનમાં સાક્ષાત્ કરે છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ ધર્મની આસપાસ જામેલા ગચ્છ અને સંપ્રદાયના વાડાઓ દૂર કર્યા. એમને પોતાની આસપાસ ધર્મને નામે ચાલતા અધર્મને જોઇને વેદના થતી. આ વિશે શ્રીમદ્ રાજચંદ્રજીએ મહાત્મા ગાંધીજીને કહ્યું હતું કે ચોપાસથી કોઈ બરછીઓ ભોંકે તે સહી શકું, પણ જગતમાં જે જૂઠ, પાખંડ, અત્યાચાર ચાલી રહ્યાં છે, ધર્મને નામે જે અધર્મ વર્તી રહ્યો છે તેની બરછી સહન થઈ શકતી નથી. ગાંધીજી કહે છે કે એમણે આવા અત્યાચારો જોઇને શ્રીમદ્‌ને ઊકળી જતા જોયા હતા. મહાત્મા ગાંધીજીએ જગતને અહિંસા અને સત્યનો સંદેશ આપ્યો, પરંતુ એ અહિંસા અને સત્ય એમને શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનમાં જોવા મળ્યાં.

શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ એ માટે થયો હતો કે જેથી એકવીસમી સદી એ ગાંધીની શતાબ્દી બને. આ નવી શતાબ્દીનું પ્રાગટ્ય થયું છે. વિશ્વ અહિંસા, સત્ય અને અધ્યાત્મ માટે ઝંખે છે, ત્યારે શ્રીમદ્‌ની ઉચ્ચ ભાવનાનો પ્રકાશ અને એમની વ્યક્તિત્વ-સુવાસ પણ રહેશે.

❖❖❖

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૧ ● અંક : ૧૨ ● તા. ૧૬-૧૨-૨૦૦૦ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2000
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## દાક્તર, તમે સાજા થાવ !

દાક્તરો આપણને સાજા થવાનું કહે કે આપણે દાક્તરોને સાજા થવાનું કહેવાનું હોય ?

સામાન્ય રીતે દાક્તર આપણને સાજા થવાનું કહે એ જ યોગ્ય છે. તેઓ આપણને સાજા કરે કારણ કે દર્દીને સાજા કરવાનો દાક્તરનો વ્યવસાય છે. વસ્તુત: દાક્તરનું એ વ્યાવસાયિક કર્તવ્ય પણ છે, પરંતુ ક્યારેક એવી ઘટનાઓ બને છે કે જેથી દાક્તરને સાજા થવા માટે ભલામણ કરવાનું આપણને મન થાય. દાક્તરને સાજા કરવાની આવડત કે શક્તિ આપણામાં ન હોય, તેમને આવી સલાહ આપવાનું નૈતિક બળ પણ આપણામાં ન હોય અને વળી તે અનધિકાર ચેષ્ટા બને. તો પણ ક્યારેક કોઈકના મનમાં એવો ભાવ ઊઠે પણ ખરો. વસ્તુત: મને પોતાને તો દાક્તરોનો ઘણો સારો અનુભવ છે. તો પણ દુનિયામાં બનતી ઘટનાઓનો પડઘો આપણા મનમાં પડે છે.

દાક્તરો માંદા ન જ પડે એવું નથી. પોતાની પાસે દાક્તરી વિદ્યા હોવાથી દાક્તરો એકંદરે ઓછા માંદા પડે છે. ઘણાખરા વૈદો કે દાક્તરોને એકંદરે સરેરાશ સારું આયુષ્ય સાંપડે છે, તો પણ માંદગી તેઓના જીવનમાં પણ આવે છે.

દાંતના દાક્તરના દાંત દુખે નહિ કે પડે નહિ એવું ન બની શકે. આંખના દાક્તરને ચશ્મા કે મોતિયો ન જ આવે કે કાનના દાક્તર બહેરા ન થયા હોય એમ બને નહિ. એકંદરે તો દાક્તરો જે રોગના નિષ્ણાત હોય અને દર્દીઓની સારવાર કરતા હોય તેઓ પોતે તો એ બાબતમાં એટલી સંભાળ લઈ શકે. આમ છતાં હૃદયરોગના નિષ્ણાત દાક્તર હૃદયરોગથી મૃત્યુ પામ્યા હોય અથવા કેન્સરના રોગના દાક્તરનું અવસાન કેન્સરથી થયું હોય એવા કેટલાંયે ઉદાહરણો જોવા મળશે. રોગ અને મૃત્યુમાંથી દાક્તરો પણ બચી ન જ શકે. શેક્સપિયરે કહ્યું છે :

By medicine life can be prolonged,
Yet death will seize the doctors too.

અસાધ્ય રોગો દાક્તરને પણ થાય. એવા કુદરતી રોગો વિશે અહીં કશું કહેવાનું નથી. દાક્તરો અંગે જે ફરિયાદ છે તે તેઓના શારીરિક રોગ અંગે નહિ પણ તેમની માનસિક પ્રકૃતિ અને વિકૃતિ અંગે છે. દાક્તરને સાજા થવાનું કહેવામાં આવે છે તે આ સંદર્ભમાં.

દુનિયાની વસતી ઉત્તરોત્તર વધતી જાય છે. એની સાથે રોગીઓની સંખ્યા પણ વધતી જાય છે. રોગીઓ વધે એટલે દાક્તરો વધે. કોઈ પણ ક્ષેત્રે આવો વધારો થાય ત્યારે, પૂર આવે અને જેમ કચરો વધે, તેમ કેટલાક ખોટા માણસો આ વ્યવસાયમાં પણ પ્રવેશી જાય. પ્રજાનો વિશાળ વર્ગ જ્યાં ગરીબ અને અશિક્ષિત હોય, કાયદાનું પાલન અધકચરું હોય અને નીતિમત્તાનાં ધોરણો શિથિલ હોય ત્યાં ખોટા માણસો ફાવી જાય છે. દાક્તરી વ્યવસાયના ક્ષેત્રે અર્ધવિકસિત દેશોમાં એનું પ્રમાણ વધુ હોય છે. દરેક વ્યવસાયમાં જેમ થોડાક માણસો અયોગ્ય, અપાત્ર (Misfit) મળશે તેમ તબીબી ક્ષેત્રે પણ જોવા મળશે. એકંદરે તો સુપ્રતિષ્ઠિત દાક્તરો અનેક મળવાના, પોતાનું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક બજાવનારા અનેક જોવા મળશે, પણ એક બે ટકા એવા પણ નીકળવાના કે જેમના થકી તબીબીક્ષેત્ર વગોવાયા કરે. તબીબી વ્યવસાયની આચારસંહિતા કેટલી ઉમદા છે ! દુનિયાના બધા દેશોમાં એનું સારી રીતે પાલન થાય છે. એમ છતાં ઘણે ઠેકાણે ગેરરીતિઓ આચરાય છે. સુધરેલા સમૃદ્ધ દેશો પણ એમાં બાકાત નથી.

અમેરિકામાં તાજેતરમાં એક વિવાદ ચાલ્યો છે કે છેલ્લાં દસ વર્ષમાં દાક્તર (કે હોસ્પિટલ)ની ભૂલ અથવા બેદરકારીને કારણે મૃત્યુ પામેલાઓની સંખ્યા કેટલી ? જુદા જુદા સર્વે પ્રમાણે ૪૫૦૦૦થી ૯૮૦૦૦ની સંખ્યા થાય છે. કેવો મોટો આંકડો છે ! આ બધી પુરવાર થયેલી ભૂલોનો આંકડો છે !

અમેરિકા જેવા સુશિક્ષિત અને અહેવાલોની ચોકસાઈ રાખનારા દેશમાં દાક્તરોની ભૂલ અથવા બેદરકારીને કારણે હજારો માણસો મૃત્યુ પામતા હોય તો દેખીતું છે કે દાક્તરોને પક્ષે કંઈક ક્ષતિ છે. અમેરિકામાં તો દાક્તરની ભૂલ થાય તો તરત મોટો દાવો માંડી શકાય છે. દર્દીને કોર્ટ વળતર અપાવે છે. એટલે તો ત્યાં દાક્તરો પહેલેથી મોટી ફી પડાવી લે છે. પરિણામે આખી દુનિયામાં તબીબી સારવાર અમેરિકામાં સૌથી મોંઘી છે, એટલે જ માંદા પડવા કરતાં મરવું સસ્તું છે એમ ત્યાં કહેવાય છે.

તબીબ વિજ્ઞાનનો વિકાસ માનવજાત માટે આશીર્વાદરૂપ બનતો હોવા છતાં એનાં સાધનો બનાવનાર કંપનીઓ એમાં બહુ નફો રળી લે છે. એવા મોંઘા સાધનો વસાવવાને કારણે સારવાર પણ મોંઘી થતી જાય છે અને એમાંથી વધુ કમાણી કરી લેવાની લાલચ દાક્તરો રોકી શકતા નથી. દાક્તરો જ્યારે વ્યાવસાયિક અને સામાજિક કર્તવ્યનિષ્ઠા ચૂકીને ધનલાલસા તરફ પડી જાય છે ત્યારે દર્દીમાં એને ભગવાન નથી દેખાતો, ઘરાક દેખાય છે. એ ઘરાક પણ ભોળો હોય તો એના ભોળપણનો લાભ ઉઠાવી લેવાની તક તે એ જતી નથી કરી શકતા. એની જ્યારે ટેવ પડી જાય છે ત્યારે એ ધનપ્રાપ્તિ માટે તેઓ સરકારી કાયદાની પણ પરવા કરતા નથી. હોસ્પિટલમાં આપવાની રકમ જુદી અને ઘરે પહોંચાડવાની રકમ જુદી એમ ફીના ભાગ પડી જાય છે. કેટલાક દાક્તરોમાં એવી ગ્રંથિ બંધાઈ જાય છે કે ઓછી ફી રાખીશું તો આપણે સામાન્યમાં

ગણાઈ જઈશું. કેટલાક નિષ્ણાત દાક્તરોને તો કેસ લાવનાર જનરલ પ્રેક્ટિશનરને ફીમાંથી હિસ્સો આપવાનો હોય છે. તો જ કામ મળે.

આમ, તબીબી સારવાર દિવસે દિવસે અતિશય મોંઘી થતી જાય છે. અમેરિકા જેવા દેશ માટે રોબર્ટ કેનેડીએ કહ્યું છે : Some of the illness can be so serious that over a period of even a few weeks one's life savings could be wiped out.

તબીબી અભ્યાસ લાંબો અને બહુ ખર્ચાળ છે. એમાં પણ મોટી રકમ દાનમાં આપીને મેડિકલ કૉલેજમાં જગ્યા મેળવી હોય તો એવા કોઈક દાક્તરને ખર્ચેલા નાણાં ઝટ ઝટ મેળવી લેવાની ધૂન લાગે છે. એવી ધૂન ક્યારેક એને ગેરરીતિઓ તરફ દોરી જાય છે.

દવાઓમાં ભેળસેળ કરવી, કમિશન મળતું હોય તે કંપનીની દવાઓ પ્રિસ્ક્રાઈબ કરવી વગેરે ગેરરીતિઓ તબીબી વ્યવસાયમાં જોવા મળે છે. કેટલાક વૈદો દવાઓની પડીકીમાં સ્ટેરોઈડ કે કોર્ટિઝન ભેળવીને દર્દીને તરત સાજો કરી દે છે અને પછી કાયમનો માંદો બનાવી દે છે.

કેટલાક દાક્તરો પોતે જેને માનતા હોય એવા પેથોલોજિસ્ટ કે બાયોટેક્નિશિયનના રિપોર્ટનો જ આગ્રહ રાખે છે. રોગ પકડવા માટે અલબત્ત, ક્લિનિકલ રિપોર્ટની ચોક્કસાઈ બહુ જરૂરી છે, પરંતુ ઈરાદાપૂર્વક દાક્તર ફરીથી રિપોર્ટ કઢાવવાનો આગ્રહ રાખે ત્યારે દર્દીને એ સમજાઈ જાય છે. એમાં દર્દીની સ્થિતિ સાધારણ હોય તો એનો આર્થિક બોજો વધી જાય છે.

ધનલાલસા કોને ન હોય ? દાક્તરોને હોય તેમાં ખોટું શું છે ? આવી દલીલ પણ થાય છે. એ સાચી છે. પણ વ્યવસાયની નિષ્ઠા નીકળી જાય છે ત્યારે એ ખટકે છે.

પેલો જાણીતો ટુચકો છે : એક દાક્તરે પોતાના દીકરાને ભણાવીને દાક્તર બનાવ્યો. દીકરો ઘણો તેજસ્વી અને ઉત્સાહી હતો પણ હજુ એણે પોતાના વ્યવસાયનો બહુ અનુભવ લીધો નહોતો. એક દિવસ એણે પોતાના પિતાને કહ્યું, 'પપ્પા, જે દર્દીનો રોગ તમે વીસ વર્ષમાં મટાડી ન શક્યા તે મેં એક અઠવાડિયામાં મટાડ્યો.'

દાક્તર પિતાએ કહ્યું, 'બેટા, અઠવાડિયામાં મટાડતાં તો મને પણ આવડતું હતું, પણ મેં એ શ્રીમંત માણસનો રોગ તરત મટાડ્યો હોત તો તું દાક્તર ન થયો હોત. એની ફીમાંથી જ તને ભણાવ્યો અને દાક્તર બનાવ્યો છે.'

એક દાક્તરને પૂછવામાં આવ્યું કે 'દર્દીને તપાસતાં પહેલાં એ ભોજનમાં શું શું લે છે એ જાણવાનો આગ્રહ તમે કેમ રાખો છો ?' દાક્તરે કહ્યું, 'એ પૂછવાથી એના રોગનું કારણ કદાચ જડી આવે, પણ ખાસ તો મારે બિલ કેટલું બનાવવું એની મને સમજ પડે છે.'

ઉત્તમ વૈદ્ય અને નિકૃષ્ટ વૈદ્ય ભારતમાં જ નહિ, દુનિયામાં સર્વત્ર રહેલા છે. આ એક એવો વ્યવસાય છે કે જેમાં ધનપ્રાપ્તિ માટે મન લલચાય અને દર્દી તથા એનો સ્વજનોની સ્થિતિ એવી લાચારીભરી હોય કે વૈદ્યને પ્રસન્ન કરવા તેઓ તૈયાર હોય કે જેથી દર્દીની જિંદગી બચી જાય. આ વ્યવસાયમાં કેટલાયે ખોટા માણસો ભરાઈ જાય છે. જેને ઊંટવૈદ્ય અથવા Quack Doctor કહેવામાં આવે. આવા દાક્તરોને શાસ્ત્રકારોએ 'યમસહોદર' કહ્યા છે, પરંતુ યમરાજા તો સારા કે ફક્ત પ્રાણ હરી લે છે, પરંતુ વૈદ્ય તો પ્રાણ અને ધન બંને હરી લે છે.

यमस्तु हरति प्राणाम्, वैद्य: प्राण-धनानि च ।

વારંવાર દર્દીના જીવનનો અંત આવતો પોતાને નજર સમક્ષ જોવા મળતો હોવાથી કેટલાક દાક્તરોમાં જેમ મૃત્યુ અંગે સ્વસ્થતા આવી જાય છે, તેમ કેટલાકમાં તે અંગે જડતા કે નિષ્ઠુરતા પણ આવી જાય છે. દાક્તરને એની ખબર હોય કે ન હોય, દાક્તર પોતે એ વિશે સભાન ન હોય તો પણ મરનાર દર્દીઓનાં સગાસંબંધીઓને એની ગંધ આવી જાય છે.

સ્ત્રી-પુરુષોને નગ્ન કરીને તપાસવાનું અગાઉના સમય કરતાં વર્તમાન સમયમાં વધતું રહ્યું છે. તબીબી વિજ્ઞાનની દૃષ્ટિએ એ માત્ર આવશ્યક જ નહિ, અનિવાર્ય પણ છે અને સારું પણ છે. એવું કાર્ય હવે દર્દી અને દાક્તર એમ ઉભય પક્ષે સહજ, સ્વાભાવિક અને લજ્જા-સંકોચ રહિત બન્યું છે. આમ છતાં કુમારિકા અને નાની યુવતીઓ માટે એ ક્ષોભનો પ્રસંગ બને એ શક્ય છે. આવા પ્રસંગે કોઈક દાક્તરોમાં - વિશેષત: યુવાન દાક્તરોના ચિત્તમાં કામુકતા ડોકિયું ન કરી જાય એવું નથી. એવા કિસ્સા જવલ્લે જ બને, પણ બને તો છે જ એ વાત તો દાક્તરો પણ સ્વીકારશે. કેટલીક સ્ત્રીઓ પણ એવા આશયથી વારંવાર દાક્તર પાસે દોડી જતી હોય છે. દાક્તરોની અંગત ખાનગી મંડળીઓમાં વિશ્વાસથી એકબીજાની આગળ આવી વાતો થતી પણ હોય છે. દાક્તર-દર્દીના આવા સંબંધો વધે ત્યારે દાક્તરે પોતાની જાતને સાવધ અને સ્વસ્થ કરી લેવી જોઈએ. દાક્તરના દર્દી સાથે જ સંબંધ થાય છે એવું નથી, નર્સ-સિસ્ટરો સાથે પણ એવા સંબંધો થાય છે. રાતની ફરજ, એકાંત, બંધ બારણે બેસવાની સગવડ વગેરે નિમિત્તો ચિત્તને ચલિત કરનારાં નીવડે છે. રોજેરોજ સતત નગ્ન દર્દીઓને તપાસવાને કારણે દાક્તરોની માનસિક સમતુલા પણ ખોરવાય છે. કેટલાક દાક્તરોને નગ્નતા પ્રત્યે ચીડ, અભાવ થઈ જાય છે. એક દાક્તરને ઘર માટે સરસ ચિત્ર પસંદ કરવું હતું. એક આર્ટ ગેલેરીમાં ખરીદવા જાય છે, ત્યારે વેચનાર દાક્તરના કાનમાં કહે છે, 'Are you interested in nude ?' દાક્તરે ચીડાઈને કહ્યું, 'What ? I, am fed up of nude. I am a Gynec.' સતત અશુચિમય નગ્નતાની તપાસ કરતા રહેવાને કારણે કેટલાક દાક્તરોને નિર્વેદ આવી જાય છે અને પોતાના જાતીય જીવનમાંથી રસ ઊડી જાય છે. કોઈક વાર આવા દાક્તરનું વર્તન અસ્વાભાવિક બની જાય છે. પાશ્ચાત્ય દેશોનો એક સાચો કિસ્સો છાપામાં વાંચ્યો હતો કે રોજરોજ નગ્ન દર્દીઓને તપાસવાને કારણે નગ્નતા દાક્તરના પોતાના જીવનમાં દિગંબર મુનિની જેમ, સ્વાભાવિક બની ગઈ હતી. બાથરૂમમાંથી નાહીને બહાર નીકળે તો કપડાં પહેર્યા વગર જ નીકળે, ઘરમાં યુવાન દીકરા-દીકરી હતાં પણ દાક્તરને સંકોચ થાય નહિ, પરિવારજનોની ફરિયાદને દાક્તર ગણકારતા નહિ.

દુનિયામાં ગર્ભપાતનું દૂષણ અતિશય વધતું જાય છે. સામાજિક કે આરોગ્યની દૃષ્ટિએ કોઈક કિસ્સાઓમાં એનું સમર્થન કરી શકાય એમ હોય તો પણ એમાં પંચેન્દ્રિય જીવની હત્યા રહેલી છે એ નિ:સંશય છે. દાક્તરો દ્વારા આ અનૈતિક, હિંસક પાપ પ્રવૃત્તિને પોષણ મળે છે એ બહુ ખેદની વાત છે. દુનિયાભરમાં અને વિશેષત: ભારતમાં કેટલાયે દાક્તરો એ દ્વારા ભારે કમાણી કરી લે છે ! કેટલાક જૈન દાક્તરો જ્યારે આવા વ્યવસાયને અપનાવી લે છે ત્યારે તે વધુ શોચનીય બને છે.

ભારતમાં અને અન્ય દેશોમાં કેટલાક દાક્તરો શરીરનાં અંગાંગો કાઢી લેવાના ગેરકાયદે વ્યવસાયમાં જોડાય છે. અજાણ્યા ગરીબ દર્દીઓને ખબર પણ ન પડે એ રીતે એમની કિડની કાઢી લેવામાં આવે છે. કિડની માટે ઘણી મોટી રકમ મળે છે. ક્યારેક ગરીબ દર્દીની સંમતિથી એને રકમ આપી એની લાચારીનો લાભ ઉઠાવી એની કિડની કાઢી લેવામાં આવે છે. આવાં કેટલાંક તરકટો પકડાય પણ છે અને દાક્તરોને સજા પણ થાય છે. દાક્તરી વ્યવસાયમાં જોડાયા પછી આવાં કાર્યો કરનાર દાક્તરનું ચિત્ત સ્વસ્થ નહિ પણ રોગિષ્ઠ ગણાય.

વર્તમાન સમયમાં બદલાતી જતી જીવનરીતિને કારણે માનસિક રોગોનું પ્રમાણ અને વૈવિધ્ય વધતું જાય છે. તનાવયુક્ત પરિસ્થિતિ ઉપરાંત ભારે દવાઓના વપરાશને કારણે પણ માનસિક રોગો વધ્યા છે. એશિયા, આફ્રિકા કરતાં પાશ્ચાત્ય દેશોમાં આવા દર્દીઓની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે અને માનસચિકિત્સકોની સંખ્યા પણ વધતી જાય છે. માનસિક રોગના દર્દીઓની સારવારમાં એના અંગત જીવનનો ઇતિહાસ જાણવો જરૂરી છે અને બે પાંચ કે વધુ બેઠકો કરીને દાક્તર દર્દી પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી વાત કઢાવે છે. આવી બેઠકો વખતે ત્રીજી કોઈ વ્યક્તિને હાજર રાખવામાં આવતી નથી. એને લીધે યુવાન, દેખાવડી મહિલા દર્દી સાથે દાક્તરો શારીરિક છૂટ લેતા થઈ જાય છે. વિદેશોમાં આવા અનેક કિસ્સાઓ બને છે અને અવારનવાર છાપાંઓમાં આવે છે. સ્ત્રીપુરુષનું એકાંતમાં સાહચર્ય, દર્દી અને દાક્તરના રૂપમાં હોય તો પણ તેનાં માઠાં પરિણામ આવી શકે છે.

જો માંદગી લંબાય તો દર્દીને દાક્તરને ત્યાં વારંવાર જવાનો અથવા દાક્તરને પોતાને ત્યાં બોલાવવાનો કંટાળો આવે છે. લાંબી બીમારીથી કંટાળીને દર્દીએ આપઘાત કર્યો હોય એવા દાખલા વખતોવખત બનતા રહે છે. પરંતુ દર્દીઓથી કંટાળીને દાક્તરે આપઘાત કર્યો હોય એવા કિસ્સા પણ ક્યારેક બને છે. વળી દાક્તરે દર્દીને મૃત્યુને શરણ ધકેલી દીધો હોય એવા બનાવ પણ ક્યારેક બને છે. આ કોઈ કલ્પના નથી. સાચી બનેલી ઘટનાઓ છે. અમેરિકામાં એક પકડાયેલા દાક્તરને સજા પણ થઈ છે. કેટલાક દાક્તરો પોતાની વિદ્યાનો દુરુપયોગ કરે છે. આવા બનાવો પાશ્ચાત્ય જગતમાં વધુ બને છે. વીમાયોજના હેઠળ દર્દીઓને મફત સારવાર આપવાની હોય છે, જેમાં વળતર કશું ન હોય અને દર્દી પજવતો હોય ત્યારે દાક્તર આવું કૃત્ય કરી બેસે છે. ક્યારેક દાક્તરની વિકૃત મનોદશા પણ એવી બની જાય છે.

દાક્તરનો વ્યવસાય અન્ય વ્યવસાય કરતાં ચડિયાતો છે. એમાં સેવા અને આજીવિકા બંને રહેલાં છે. સંસારનાં શારીરિક અને માનસિક દુઃખો દાક્તરો દ્વારા નિરંતર દૂર થાય છે. પૃથ્વી ઉપર એક દિવસ એવો પસાર નથી થયો કે જ્યારે કોઇકને અને કોઈકને પોતાના દર્દના નિવારણ માટે વૈદ-દાક્તર પાસે જવું ન પડ્યું હોય. વૈદ-દાક્તરોનો એ રીતે જગત પર ઘણો મોટો ઉપકાર છે. તો પણ દાક્તરની આદર્શ ભાવના તો એ રહેવી જોઈએ કે કોઈ પણ માણસ માંદો ન પડે. રોગચાળો ફાટી નીકળે અને દાક્તર રાજી થાય કે હવે ઘણા દર્દી મળશે અને સારી કમાણી થશે એવું બને નહિ. દવાઓનું ધ્યેય તો રોગને નિર્મૂળ કરવાનું છે. ધારો કે કોઈ રોગ દુનિયામાંથી સદંતર નીકળી ગયો તો પછી એ દવાની કશી જ કિંમત ન રહે. પણ એ જ એનું ધ્યેય છે. એટલે જ કોઇકે કહ્યું છે કે : Medicine is the only profession that labors incessantly to destroy the reason for its own existence.

દાક્તરી સેવાના ક્ષેત્રે નિઃસ્વાર્થપણે પોતાનું જીવન સમર્પિત કરી દેનારા કેટલા બધા દાક્તરોનાં નામ વખતોવખત ચમકે છે. ડૉ. આલ્બર્ટ સ્વાઇત્ઝરનું નામ મશહૂર છે. વર્તમાન ગુજરાતનો જ વિચાર કરીએ તો ડૉ. શિવાનંદ અધ્વર્યુ, ડૉ. રમણીકલાલ દોશી, ડૉ. મેઘાવ્રત, ડૉ. નવનીતલાલ ફોજદાર, ડૉ. સુરેશ સોની, ડૉ. પ્રવીણ મહેતા, ડૉ. કીર્તિભાઈ ઇત્યાદિએ હજારો ગરીબ દર્દીઓની મફત સેવા કેટલી બધી કરી છે. ગુજરાતમાં બીજા આવા કેટલાયે દાક્તરો હશે કે જેમણે પોતાના નામને ઉજ્જવળ બનાવ્યું છે. ભારતનાં અન્ય રાજ્યોમાં પણ કેટલા બધા સેવાભાવી દાક્તરોનાં નામ ગૌરવ સાથે સાંભળવા મળે છે.

ઠેઠ પ્રાચીન કાળથી ભારતમાં ચરક, સુશ્રુત, વાગ્ભટ વગેરેએ અને પાશ્ચાત્ય દેશોમાં હિપોક્રિટિસે (Hippocrates) દાક્તરો માટે ઘણો ઊંચો આદર્શ મૂક્યો છે. દુનિયામાં, વિશેષતઃ પાશ્ચાત્ય દેશોમાં દાક્તરી વિદ્યામાં પાસ થયા પછી જે સોગંદ લેવાય છે તેને Hippocratic oath કહેવાય છે. જે દાક્તરો ચરક, સુશ્રુત અને હિપોક્રિટિસની ભાવનાનુસાર પોતાનું તબીબી કર્તવ્ય બજાવે છે તેઓ તો ભારે અનુમોદના કરવા યોગ્ય છે.

આપણી ભારતીય સંસ્કૃતિમાં સુયોગ્ય ઔષધોપચાર હજારો વર્ષથી થતો આવ્યો છે. વૈદ-દાક્તરનો આદર્શ પણ એમાં ઘણો ઊંચો બતાવાયો છે. ચરકસંહિતામાં કહ્યું છે :

**श्रुते पर्यवदानत्वं बहुशोदृष्टकर्मता ।**
**दाक्ष्यं शौचमिति ज्ञेयं वैद्यो गुणचतुष्टयम् ॥**

વૈદ્યમાં આ ચાર ગુણ હોય છે : (૧) દવાના શાસ્ત્રના સારા જાણકાર, (૨) વિવિધ પ્રકારનાં કાર્યોના (રોગ તથા દવાઓના) અનુભવી, (૩) દક્ષતાવાળા અને (૪) પવિત્ર આચરણવાળા.

મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એ ચાર ભાવના દાક્તરોમાં હોવી જોઈએ તે વિશે કહ્યું છે :

**मैत्रीकारुण्यमार्तेषु शक्ये प्रीतिरुपेक्षणम् ।**
**प्रकृतिस्थेषु भूतेषु वैद्यवृत्तिश्चतुर्विधा ॥**

[ચાર પ્રકારની ભાવના વૈદોમાં હોવી જોઈએ. દર્દીઓ પ્રત્યે મૈત્રી, દર્દથી પીડાતા પ્રત્યે કારુણ્ય, સાજા થવાની શક્યતાવાળા દર્દીઓ પ્રત્યે પ્રીતિ અથવા પ્રમોદ એટલે કે પ્રેમપૂર્વકનો વર્તાવ અને જીવનના અંત તરફ જઈ રહેલા (બચવાની આશા ન હોય તેવા દર્દીઓ) પ્રત્યે ઉપેક્ષાભાવ અર્થાત્ સ્વસ્થતા.]

દાક્તરનો આદર્શ બતાવતાં કહેવાયું છે કે :

**गुरोरधीताखिलवैद्यविद्यः**
**पीयूषपाणिः कुशलक्रियासु ।**
**गतस्पृहो धैर्य-धरः कृपालु**
**शुद्धोऽधिकारी भिषगीदृशः स्यात् ॥**

[જેઓએ પોતાના ગુરુ પાસે સમગ્ર વૈદકશાસ્ત્રનું અધ્યયન કર્યું છે, જેમના હાથમાં પીયૂષ (અમૃત) છે, જેઓ ક્રિયાકુશળ છે, સ્પૃહા (ધનની લાલસા)થી રહિત છે, ધૈર્યવાન છે, કૃપાળુ છે તથા શુદ્ધ છે એવા વૈદ્ય આ વ્યવસાયના અધિકારી મનાય છે.]

વૈદ, દાક્તરને 'પીયૂષપાણિ' તરીકે અહીં ઓળખાવ્યા છે. આ ઘણો ઊંચો આદર્શ છે. પીયૂષ અર્થાત્ અમૃત જેમના હાથમાં છે એટલે કે મરતા માણસને જીવાડવાની જેમનામાં શક્તિ અને ભાવના છે તે શ્રેષ્ઠ દાક્તર કહેવાય. તે જ સાચા 'પીયૂષપાણિ' દાક્તર છે.

વૈદ, હકીમ, દાક્તર વિશે અહીં તો માત્ર થોડીક વાતનો નિર્દેશ છે. ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી હજુ ઘણા મુદ્દાઓની છણાવટ થઈ શકે. દાક્તરોના બચાવમાં અને દાક્તરોની વિરુદ્ધમાં ઘણાને ઘણું કહેવાનું હોઈ શકે. દાક્તરોને દર્દીઓના કડવા અનુભવો થતા હોય છે અને દર્દીઓને દાક્તરના કડવા અનુભવો થાય છે. બીજી બાજુ બંનેને સારા અનુભવો પણ થાય છે. આમ વ્યક્તિગત અનુભવ ઉભય પક્ષે સારામાઠા હોવાના.

દાક્તરોની અનિવાર્યતા સંસારમાં હંમેશાં રહેવાની અને રોગીઓને દાક્તરની ગરજ પણ રહેવાની. તેમ છતાં આ વ્યવસાયમાં જે શુભ તત્ત્વ છે તે કેમ જળવાઈ રહે અને શુભતર બનતું રહે એ જ આ લખવા પાછળનો આશય છે.

**□ રમણલાલ ચી. શાહ**

# પરમાત્મયોગથી યોગસાધના

☐ સ્વ. પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

તેરમું ગુણસ્થાનક સયોગી કેવળી ભગવંતની સાધનાનું સ્વરૂપ છે. સયોગી એટલે મન, વચન, કાયાના યોગના સંબંધ સહિત અને કેવળજ્ઞાન એટલે ચારે ય ઘાતિકર્મોના ક્ષયથી થયેલી ઉપયોગ મુક્તિ. અર્થાત્ ઉપયોગવંતતા.

જીવાસ્તિકાયપિંડ અનાદિકાળથી પુદ્‌ગલદ્રવ્યના સંગે પુદ્‌ગલદ્રવ્યના પરિભ્રમણ ગુણને ધારણ કરી, ચૌદ રાજલોક પ્રમાણ ક્ષેત્રમાં અનંત જન્મ-મરણ રૂપ પરિવર્તન પામી, અનંત દુ:ખ ભોગવતો એક ખોળિયામાંથી બીજા ખોળિયામાં, એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં, પરિભ્રમણ કરતો રહે છે. આ સર્વ દુ:ખોમાંથી, સાધના કરતો કરતો સાધક તેરમા ગુણસ્થાનકને સ્પર્શી કેવળજ્ઞાની ભગવંત બને છે અને અંતે ચૌદમા ગુણસ્થાનકે ચારેય અઘાતિકર્મોનો ક્ષય કરે છે, ત્યારે મુક્ત થાય છે. તે સમયે જીવાસ્તિકાયપિંડના આત્મપ્રદેશો મુક્ત થઇને લોકના-ચૌદ રાજલોકના અગ્રભાગે સ્થિર થઇ સિદ્ધ થાય છે.

આમ તેરમા ગુણસ્થાનકે સાધક આત્માને ઉપયોગ મુક્તિ મળે છે અને અંતે ચૌદમા ગુણસ્થાનકે પ્રદેશમુક્તિ મળે છે. અર્થાત્ આત્મપ્રદેશો દેહના બંધનથી મુક્ત થાય છે, કે જે દેહ જ સર્વ દુ:ખનું મૂળ છે.

સિદ્ધ થયેલા સિદ્ધ ભગવંતોનાં જ્ઞાન, ધ્યાન, સ્મરણ, ભક્તિ આદિ અને તેરમા ગુણસ્થાનકે એમનું જે સયોગીપણું હતું તે આપણી સાધનામાં સાધન બને છે, જેના વડે સાધના કરી એમના જેવા સિદ્ધ બની શકીએ છીએ.

ભગવંત સિદ્ધ થયા પછી તેમના યોગ પણ વિલીન થઈ જાય છે. એ યોગની સ્થાપના કરીને, આપણે જે સાધના કરીએ છીએ, તે સાધના નીચે મુજબ છે.

તેરમા ગુણસ્થાનકે ભગવાનને શુકલ લેશ્યા હોય છે તે તેમનો દ્રવ્ય મનોયોગ છે. તીર્થંકર કેવળી ભગવંતે ઉપદેશ આપ્યો, ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરી, તે શ્રુતજ્ઞાન વચનયોગ રૂપ લેખન થયું અને શ્રુતજ્ઞાનની પરંપરા ચાલી, કે જેના વડે ભગવાને ઉપદેશેલો ધર્મ, આજ સુધી ચાલ્યો અને આપણા સુધી પહોંચ્યો. એ શ્રુતજ્ઞાન જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી એ ઉપદેશ સાધકોને માર્ગદર્શન કરતો રહેશે. આ તીર્થંકર ભગવંતોનો વચનયોગ છે.

ભગવંતની જીવંત દશામાં આપણે પ્રત્યક્ષ એમના દેહનું જે દર્શન કરીએ છીએ તે ભગવંતનો કાયયોગ છે.

ભગવંતના આ ત્રણે યોગ વિલીન થઈ ગયા છે, પરંતુ એની સ્થાપના કરીને સાધના કરવાની છે. (૧) કાયયોગની સ્થાપના તે જિનમૂર્તિ. (૨) વચનયોગની સ્થાપના તે દ્વાદશાંગી પ્રમાણ શ્રુતજ્ઞાન અર્થાત્ જિનાગમ. (૩) અને મનોયોગની સ્થાપના તે ભગવંતના શુકલલેશ્યા રૂપ દ્રવ્યમન. ભગવંતને, દ્રવ્યમન, શુકલલેશ્યા રૂપ એક જ ભેદે હોય છે. જ્યારે આપણને સાધકને ત્રણ શુભ લેશ્યા હોય છે.

હવે અહીં પ્રશ્ન એ ઉદ્‌ભવે છે, કે આવી શુકલલેશ્યા રૂપ ભગવંતના દ્રવ્યમનની સ્થાપના ક્યાં કરવી ? અને શેના વડે કરવી ?

દ્રવ્યમન અતિ સૂક્ષ્મ છે. અને તેની સ્થાપના કે જે સ્થૂલ તત્ત્વ વ્યવહાર પ્રધાન છે, એવાં પુદ્‌ગલદ્રવ્ય વડે સ્થાપના કેમ કરવી, તે સહેલાઇથી ઉકેલી શકાય તેમ નથી. માટે સંસારમાં રહેલાં સર્વ સાધક છદ્મસ્થ જીવો, જે કાંઈ મોક્ષલક્ષી સાધના લોકોત્તર મોક્ષમાર્ગ પામીને કરે છે, તેમાં જે શુભ લેશ્યા તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા રૂપ લોકોત્તર સાત્ત્વિક ભાવો કરે છે, તે જ તે સાધકો દ્વારા સાધકના મનોયોગમાં કરવામાં આવતી ભગવંતના મનોયોગની સ્થાપના છે. ટુંકમાં મોક્ષપ્રાપ્તિને અનુરૂપ જે જે શુભ અધ્યવસાયો સાધક અધ્યાત્મમાર્ગે કરે છે, તે સર્વ ભગવંતના મનોયોગની સ્થાપના રૂપ છે.

છદ્મસ્થ સંસારી જીવો લૌકિક ક્ષેત્રના જેટલાં જેટલાં સાત્વિકભાવો કરે છે, તે લોકોત્તરક્ષેત્રના સાત્વિકભાવોની પૂર્વભૂમિકા રૂપ અથવા પાત્ર રૂપ છે અને તેથી લૌકિકક્ષેત્રના સાત્વિકભાવો, લોકોત્તરક્ષેત્રના સાત્વિકભાવો માટેનું સંધિસ્થાન છે કારણ કે પહેલા ગુણસ્થાનકે પણ અનાદિકાળથી આ જીવ દોષોનો દરિયો હોવા છતાંય તે પહેલા ગુણસ્થાનકે તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા, એ ત્રણ શુભ લેશ્યાના ભાવો હોઈ શકે છે અને જીવ તેવાં ભાવ કરે પણ છે. અને એ જ શુભલેશ્યાના ભાવો વડે જીવ દેવગતિમાં નવ ગ્રૈવેયક સુધી જઈ શકે છે.

આ રીતે ભગવાનનાં મનોયોગની કાચી ધાતુ, પરમાત્માની સાથે જીવત્વનો સજાતીય સંબંધ રાખનાર જીવનું મતિજ્ઞાન છે, જે પરમાત્માના મનોયોગની સ્થાપના બની શકે છે. અને આ રીતે જીવ અપૂર્ણ અવસ્થામાં-છદ્મસ્થ અવસ્થામાં પણ પરમાત્મ ભગવંતનો શુદ્ધ અંશ બની શકે, જે સાધનામાર્ગે, મોક્ષમાર્ગે વિકસિત થઈ, સંપૂર્ણ શુદ્ધ, પરિપૂર્ણ પરમાત્મા બની શકે. જેવી રીતે નાનું સરખું બીજ વિકસિત થઈ વૃક્ષ બની શકે છે, તેવી રીતે પરમાત્માનો શુદ્ધ અંશ પણ સ્વયં સાક્ષાત્ પરમાત્મા બની શકે છે.

મન, વચન અને કાયાના યોગમાં કાયયોગ સ્થૂલ છે. વચનયોગ સૂક્ષ્મ છે અને મનોયોગ તો અતિસૂક્ષ્મ છે. આ અપેક્ષાએ ભગવાનના મનોયોગની સ્થાપના આપણી પોતાની શુભ લેશ્યા વડે આપણે પોતે જ બન્યા. આપણો અને પરમાત્માનો સંબંધ જાતિ-એકતા અને સ્વરૂપ-એકતા અંગે છે. જાતિથી પરમાત્માની જાતિ અને આપણી જાતિ એક છે. પરમાત્મા પણ જીવજાતિના છે અને આપણે પણ જીવજાતિના છીએ. તેમ પરમાત્માનું જે સ્વરૂપ છે, તે જ સ્વરૂપ આપણા પોતામાં પણ પ્રચ્છન્નરૂપે રહેલ છે, જે અપ્રચ્છન્નરૂપે આપણે પણ પામી શકીએ છીએ, જે આપણી અને પરમાત્માની જાતિએકતા સાથે સ્વરૂપ એકતા સૂચવે છે. આ રીતે મનોયોગની સાધના ઉત્કૃષ્ટ સાધના કહેવાય. તેની અપેક્ષાએ વચનયોગ અને કાયયોગની સાધના મનોયોગની સાધના જેવી વિશેષ નહિ કહેવાય. છતાં વચનયોગ અને કાયયોગ, મનોયોગની અપેક્ષાએ સ્થૂલ છે, તો પણ વચનયોગની સ્થાપના જે શ્રુતજ્ઞાનમાં કરવામાં આવેલ છે, તેના વડે ધર્મની પરંપરા ચાલે છે, તેથી ધર્મ ચલાવવા માટે વચનયોગની સ્થાપના રૂપ શ્રુતજ્ઞાનનું મહત્ત્વ વધી જાય. હવે કાયયોગની સ્થાપના જે ભગવાનની મૂર્તિમાં કરેલ છે, એ વચનયોગ કરતાં પણ સ્થૂલ છે. પરંતુ પરમાત્માનું સ્વરૂપ જે પ્રદેશ સ્થિરત્વ (સિદ્ધાવસ્થા) છે અને પર્યાય અવિનાશિતા છે, તે પરમાત્માનું અંતિમ આત્યંતિક શુદ્ધ સ્વરૂપ છે, તેની તુલના જિનમૂર્તિની પ્રતિષ્ઠામાં છે. મૂર્તિના દર્શન કરતાની

સાથે જ મૂર્તિની પ્રતિષ્ઠા, પ્રદેશ સ્થિરત્વનું ભાન કરાવે છે. જ્યારે મૂર્તિની નિત્યાકૃતિ અને તેમાં કેવળજ્ઞાનનો આરોપ ભક્તને પર્યાય અવિનાશિતાનું ભાન કરાવે છે. એ અપેક્ષાએ કાયયોગ સ્થૂલ હોવા છતાં ય પરમાત્માના દ્રવ્ય અને ભાવના, જે ભાવો છે તેનું મૂર્તિ દ્વારા સ્મરણ, તે અંતિમ સારરૂપ હોવાથી, મનોયોગ અને વચનયોગની સૂક્ષ્મતા કરતાં, સ્થૂલ એવાં કાયયોગની સાધના તે પરમાત્મ પ્રતિમા દર્શન અંતિમ મહત્ત્વનું છે.

આ રીતે એકબીજા યોગને પ્રધાનત્વ આપી બધાય યોગની સાધનાને સમાન કક્ષમાં મૂકી શકાય છે. જિનેશ્વર, જિનાગમ, જિનવાણી અને જિનમૂર્તિને પામીને સ્વયં જિનેશ્વર, વીતરાગ પરમાત્મા બની શકાય છે.

ભાષાવર્ગણાના પુદ્ગલો આપણી જીહ્વા ઇન્દ્રિયના નિમિત્તથી વચનયોગ બનીને આકાશમાં અસંખ્યકાળ સુધી રહે છે. તે જ પ્રમાણે આપણી મનની ક્રિયાથી-વિચારશક્તિથી મનોયોગ બનીને મનોવર્ગણાના પુદ્ગલો અસંખ્યકાળ સુધી રહે છે, જેને મન:પર્યવ જ્ઞાની મહાત્મા વાંચી શકે છે. તો હે જીવ ! ઉપરોક્ત પદાર્થ તો સાદિ-સાન્ત છે. જ્યારે તારા પ્રદેશો-આત્મપ્રદેશો તો અનાદિ-અનંત છે. વળી એની વ્યાપક શક્તિ પણ લોકાકાશ પ્રમાણ છે, અને એમાં રહેલી જ્ઞાનશક્તિ તો લોકાલોક સમગ્ર-આકાશ પ્રમાણ છે. તો હે મુમુક્ષુ જીવ ! તું તારા આત્મપ્રદેશને લોકાકાશમાં પરમ સ્થિર રૂપે ચિંતવ અને જ્ઞાનને સમગ્ર લોકાલોક આકાશમાં ફેલાવી દે ! આવી ભાવના ભાવી શું અનુભૂતિ થાય છે, તેનું નિરીક્ષણ કર ! અનાદિકાળનો કોઈ સંસાર ભાવ. આ ભાવના પાસે ટકી નહિ શકે. તું તને પૂર્ણરૂપે પામીશ ! આજ તારું ખરું સ્વરૂપ છે.

❖❖❖

# બગલામાંથી બાકાત થઇને હંસની હરોળને શોભાવીએ

☐ પૂ. આચાર્ય શ્રી વિજયપૂર્ણચન્દ્રસૂરિજી મહારાજ

ઘણી ઘણી વાર માનવની સમક્ષ એવા એવા કાર્યોની કેડીઓ ખડી થઈ જતી હોય છે કે, કઈ કેડીએ કદમ ઉઠાવવા અને કઈ કેડીએ ન ઉઠાવવા, આનો નિર્ણય કરવા જતા કિંકર્તવ્યમૂઢ બની જવાય ! આવી મૂઢતાની દશામાં એ માનવ ઘણી વાર અકર્તવ્યને કર્તવ્ય અને કર્તવ્યને અકર્તવ્ય માની લેવાની ભૂલનો ભોગ પણ બની જતો હોય છે. એથી કર્તવ્યભ્રષ્ટ બનવા ઉપરાંત એનાથી અકર્તવ્યને ઇષ્ટ માની લેવાતું હોય છે. અને મૂળની આ ભૂલ બીજી બીજી અનેક ભૂલોની સર્જક પણ બની રહેતી હોય છે.

ભૂલભૂલામણીની આવી પળોમાં કિંકર્તવ્યમૂઢ ન બની જવાય અને સામાન્ય માનવી પણ કર્તવ્યની કેડીને કળી જઇને એની પર કદમ માંડવા કટિબદ્ધ બની શકે, એવું થોડુંક માર્ગદર્શન આપતાં એક સુભાષિત કહે છે કે, કોઈ પણ કાર્ય અંતર સામે ઉપસ્થિત થાય, ત્યારે એની કર્તવ્યતા-અકર્તવ્યતાનો નિર્ણય લેવા ડાહ્યા માણસે એટલું જ વિચારવું જોઇએ કે, આ કાર્ય કરવાથી મને શો લાભ થશે, તેમ જ આ કાર્ય નહિં કરું, તો એથી મને શું નુકશાન થશે ? આ બે પ્રશ્નો અંગે અંતરનો અવાજ જે જવાબ આપે, એના આધારે પછી કાર્યને કરવા ન કરવા જ્ઞાનીએ કટિબદ્ધ બનવું જોઇએ !

કાર્ય-અકાર્ય, કર્તવ્ય-અકર્તવ્ય આનું જ્ઞાન આમ તો જો કે બહુ મોટી બુદ્ધિ માંગી લે એવું છે. સામાન્ય સમજણ ધરાવનારની ચાંચ આ વિષયમાં જલદી ખૂંપે એવી નથી, પણ સુભાષિતે કર્તવ્ય-અકર્તવ્યના માપક જે બે ઉપાય સૂચવ્યા છે, એનો ઉપયોગ તો સામાન્ય માણસ પણ ધારે તો ઘણી આસાનીથી કરી શકે એમ છે. અને તેમ છતાં આ માપક ઉપાયની અમોઘતા અંગે કોઈ વાંધો ઉઠાવી શકે એમ નથી. સામાન્ય માનવો ય આનો વપરાશ કરી શકે, એમ હોવા છતાં સફળ ફલશ્રુતિ આણવા માટે પાછા આ ઉપાયો એટલાં જ સમર્થ છે.

પાંચે ઇન્દ્રિયો પોત-પોતાને યોગ્ય કાર્ય કરવા માટે તક ગોતતી જ હોય છે. અને એને અનુરૂપ કાર્યોનો તો કયે દહાડે દુકાળ રહ્યો છે ! પણ એ કાર્યોના ઢગલામાં એ શોધી કાઢવું તો ખૂબ જ અઘરૂં છે કે, એમાં કર્તવ્ય શું અને અકર્તવ્ય શું ? દૂધમાંથી પાણીને છૂટા પાડવા કરતાં ય અઘરૂં આ કાર્ય છે, પણ જો હંસની ચાંચ મળી જાય, તો આ કાર્ય સાવ આસાન બની જાય ! આ ચાંચ બગલા જેવા અવિવેકી માનવોને ન મળે, પણ જે વિવેકી માનવ હોય, એ જ રાજહંસની જેમ અકાર્યોના અઢળક પાણીમાંથી કર્તવ્યનું દૂધ તારવીને એનું પાન કરી શકે.

આપણે જો બગલામાંથી બાકાત થઇને, રાજહંસની શ્રેણીમાં જોડાવા માંગતા હોઇએ, તો વિવેકી બનીને કોઇપણ કાર્ય કરતાં પૂર્વે એટલું જ વિચારવું જોઇએ કે, આ કાર્ય કરવાથી મને શો લાભ થશે, તેમ જ આ કાર્ય નહિ કરું તો, મને શું નુકસાન થશે ? બસ, આ બે જ દૃષ્ટિકોણો અપનાવવામાં આવે તો ક્ષીર-નીર જુદાં દેખાઈ આવે અને પછી કર્તવ્યની કેડીએ કદમ ઊઠ્યા વિના ન રહે, ભલે એ કેડીએ સીધાં ચઢાણ નજરોનજર દેખાતા હોય અને અકર્તવ્યની કેડીથી એક ઝટકા સાથે પગ હઠી ગયા વિના ન રહે, ભલે એ કેડીએ લપસણો-સુંવાળો ઢાળ પ્રત્યક્ષ દેખાતો હોય !

જે કાર્ય કરવાથી લાભના લાખે લેખા લાગતાં જણાઈ આવે, એ કાર્ય કરવામાં પછી મનને બળાત્કારે જોતરવું નહિ પડે અને જે કાર્ય કરવા જતાં નુકસાનનું ગણિત ઝંઝાવાતી ઝડપે ગુણાકાર પામતું લાગતું હોય, એ અકાર્યથી દૂર રહેવા પણ મનને જોરથી લગામ નહિ લગાવવી પડે. પછી તો આ બે કાર્ય એવી સાહજિકતાપૂર્વક થઈ જશે કે, જેવી સાહજિકતા સાથે અગનઝાળથી ખેંચાઇને આપણો હાથ ફૂલમાળ તરફ આકર્ષાય છે !

કોઈ ચીજને સ્પર્શ કરવાનો મોકો આવે, ખાવાની કોઈ ચીજ નજર સમક્ષ આવે, સૂંઘવાની કોઈ વસ્તુઓ નાક સામે ગોઠવાઈ જાય, અવલોકનીય આલમ આંખને આમંત્રણ આપે અને સ્વરસંગીતની સૃષ્ટિ કાન આગળ માધુરી બિછાવે, તો આવા અવસરે માનવ જો એટલું જ વિચારી લે કે, આ બધાં કાર્યોમાંથી કયું કાર્ય કરું તો મને આત્મિક લાભ થાય, અને કયું કાર્ય કરું તો મને નુકસાન થાય ? અને પછી આ વિચારણા મુજબ એ કદમ ઉઠાવે, તો એના માટે પછી ક્યારેય પસ્તાવાનો વખત ન જ આવે !

❖❖❖

# પ્રબન્ધકાર મેરુતુંગ

**□ ડૉ. આર. પી. મહેતા**

સંસ્કૃત ગદ્યકાવ્ય ક્ષેત્રે જૈન પ્રબંધોનું સ્થાન વિશિષ્ટ છે. ઈતિહાસ અને સાહિત્યનાં ક્ષેત્રની સાથે સંકળાયેલી આ અર્ધ-ઐતિહાસિક રચનાઓમાં ચમત્કૃતિપૂર્ણ દંતકથાઓ અને લઘુકથાઓનું વિવિધતાભર્યું સંકલન છે. પરંતુ તેથી તેની ઉપેક્ષા થઈ શકે તેમ નથી. ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસ માટેની બે આધાર સામગ્રીઓ તે ઉત્કીર્ણ લેખો અને પ્રબંધો છે. તેમાં પણ ઉત્કીર્ણ લેખોમાં વિગતો બહુ થોડી હોય તે સ્વાભાવિક છે. એ સ્થિતિમાં પ્રબંધોનું મહત્ત્વ નોંધપાત્ર છે. આકર્ષક અને વાંચવી ગમે તેવી શૈલીમાં તેઓ રસપ્રદ વાચન પૂરું પાડે છે; તે એની બીજી વિલક્ષણતા છે. આ પ્રબંધોમાં 'પ્રબંધચિન્તામણિ (ઈ.૧૩૦૫)' અને પ્રબન્ધકોશ' (ઈ. ૧૩૪૮)નું સ્થાન પ્રતિષ્ઠાપાત્ર છે. આમાં પણ 'પ્રબધ ચિંતામણિ' પ્રાજ્ઞ પુરુષોના ચિત્તને રંજન આપવા સમર્થ છે તો મધ્યકાલીન ગુજરાતના ઈતિહાસ માટે વધુ વિશ્વસનીય છે.

એના સર્જક મેરુતુંગસુરિ નાગેન્દ્રગચ્છીય ચન્દ્રપ્રભસૂરિના શિષ્ય હતા. એમના નામે આ રચનાઓ મળે છે-(૧) કંકાલાધ્યયવાર્તિક (૨) 'રસાધ્યાય' પરની ટીકા (૩) જૈન મેઘદૂત (૪) મહાપુરુષ ચરિત (૫) વિચારશ્રેણી (૬) પ્રબંધ ચિંતામણિ. પરંતુ આમાંથી 'જૈન મેઘદૂત'ના કર્તા મેરુતુંગ પ્રબંધકાર મેરુતુંગથી જુદા છે. આથી આ સિવાયની પાંચ રચનાઓનું કર્તૃત્વ નિશ્ચિતપણે પ્રબંધકાર મેરુતુંગને ફાળે છે.

મેરુતુંગે વિ. સં. ૧૩૬૧માં ફાગણ સુદ પુનમે વઢવાણમાં ગ્રંથ 'પ્રબંધચિન્તામણિ' પૂરો કર્યો હતો; તેમ પુષ્પિકામાં જણાવ્યું છે. ગ્રંથનાં આધારસ્થાનો બે છે: પુરોગામીઓના જુદા જુદા ગદ્યબંધો અને સદ્‌ગુરુઓના સંપ્રદાયો પાસેથી મૌખિકપણે મળેલી સેંકડો કથાઓ. પોતાના શિષ્ય શ્રી ધર્મદેવે આ કથાઓના સંકલનમાં સહાય કરી હતી. બીજા શિષ્ય શ્રી ગુણચન્દ્ર ગ્રંથની પ્રતિ સૌ પ્રથમવાર તપાસી ગયા હતા. મેરુતુંગને લાગે છે-'બહુશ્રુત અને ગુણશાળી ગુરુઓ મળવા મુશ્કેલ છે અને શિષ્યોમાં પ્રતિભાનો યોગ જોવા મળતો નથી. આથી 'શ્રુત' સૂકાઈ જાય તેવી શક્યતા છે. આથી ભવિષ્યની પ્રાજ્ઞ પેઢી ઉપર ઉપકાર કરવાના આશયથી આ સત્પુરુષોના પ્રબંધનું અમૃતના આશ્રય જેવું સંકલન કર્યું છે.'

'પ્ર. ચિ.' માટે પ્રેરણાસ્થાન માટે બે શક્યતા મનાય છે-(૧) બાણભટ્ટનું 'હર્ષચરિત (ઈ.૬૪૭)' અથવા (૨) પ્રભાચન્દ્રસૂરિનું 'પ્રભાવકચરિત (ઈ. ૧૨૭૮).'

'પ્ર.ચિ.'ના પાંચ પ્રકાશમાં જુદા જુદા ચરિતના કથાપ્રબંધો આપેલા છે. જેમકે (૧) પ્રથમ પ્રકાશ-વિક્રમ, કાલિદાસ, સિદ્ધસેન દિવાકર, શાલિવાહન, વનરાજ, મૂલરાજ, મુંજ વગેરે (૨) બીજો પ્રકાશ-ભોજ, ભીમ, માઘ, ધનપાલ, માનતુંગ વગેરે. (૩) ત્રીજો પ્રકાશ-સિદ્ધરાજ, કર્ણ, સાન્તમંત્રી, દિગંબર દેવસૂરિ વગેરે (૪) ચોથો પ્રકાશ-કુમારપાલ, હેમચન્દ્ર, લવણ પ્રસાદ, અજય દેવ, રામચંદ્ર, વીરધવલ, વસ્તુપાલ, તેજપાલ વગેરે. (૫) પાંચમો પ્રકાશ-નન્દ, શિલાદિત્ય, ગોવર્ધન રાજા, લક્ષ્મણસેન, ઉમાપતિ, જયચન્દ્ર, પૃથ્વીરાજ, વરાહમિહિર, નાગાર્જુન, ભર્તૃહરિ વગેરે. પાંચેય પ્રકાશમાં અનુક્રમે ૧૧, ૧૮, ૨૨, ૨૯ અને ૨૩ કથાઓ છે.

'પ્ર.ચિ.'નું સ્વરૂપ રંજનાત્મક લઘુકથાઓનું છે. તેથી ઈતિહાસ પ્રત્યેની ઉપેક્ષા-વિશેષત: પ્રાચીન સમયની લઘુકથાઓમાં-બાણભટ્ટ કરતાં વધુ જોવા મળે છે. આમાં તે મૌખિક પરંપરાઓને વધુ પ્રાધાન્ય આપે છે. ભોજની સભામાં તે માઘ, બાણ, મયૂર અને માનતુંગને મૂકે છે. આમાંથી ભોજનો સમય ઈ. ૧૧મી સદીનો છે, બાણ-મયૂરનો ઈ. ૬૪૭નો છે, માઘનો ઈ. ૭મી સદીના ઉત્તરાર્ધનો છે અને માનતુંગનો ઈ. ૮૦૦નો છે. મેરુતુંગનું આ લક્ષણ કલ્હણ પાસે પણ છે. 'રાજતરંગિણી'માં પણ પ્રાચીન કથાવૃત્ત ધરાવતા નિરૂપણમાં વિશ્વસનીયતા નથી.

તે પોતાનાથી નજીકના સમયની અને પોતાના સમયની કથાઓ આપે છે તેમાં ઈતિહાસતત્ત્વ છે. કોઈકવાર દોષયુક્ત હોય છે. વીરધવલ સિવાયનાં વાઘેલા રાજાઓ વિષે તે મૌન સેવે છે. તેનું કારણ એ જણાય છે કે તે રાજાઓએ જૈનને આશ્રય આપ્યો ન હતો. જેના વિષે પ્રત્યક્ષ માહિતી હોવી જોઈએ તેની તેણે ઉપેક્ષા સેવી છે. આમ જો ન થયું હોત તો તેને કલ્હણ જેટલી પ્રતિષ્ઠા મળી શકી હોત. કલ્હણે તો પોતાના આશ્રયદાતા રાજા જયસિંહની પણ ટીકા કરી છે. કૃષ્ણગંગાની ઘાટીમાં તેને મળેલા પરાજયના કારણોની ચર્ચા કરી છે. મેરુતુંગ કરતાં કોઈક વાર તો મુસ્લિમ તવારીખકારો વધુ શ્રદ્ધેય લાગે છે.

તેમ છતાં મેરુતુંગ એક ઈતિહાસકારને અનુરૂપ સજ્જતા ધરાવે છે. તે વંશાવળીઓ અને ઘટના-સંવતો આપે છે. તવારીખોમાં તફાવત માત્ર થોડાક મહિના કે એકાદ વરસ જેટલો જ હોય છે. પોતાના સમકાલીન ગ્રંથો 'દ્વયાશ્રય' કે 'કીર્તિ કૌમુદી' એક પણ તવારીખ આપતા નથી, એ સ્થિતિમાં મેરુતુંગ તવારીખોનું મહત્ત્વ સમજે છે, તે જ ઘણું છે. ઘટનાઓની ક્રમબદ્ધતાની બાબતમાં તે ચોક્કસ છે. તેનામાં વિવેકદૃષ્ટિ છે. તેથી તેને ખબર છે કે ચૌલુક્યોનો ઈતિહાસ માળવાના પરમારોના ઈતિહાસ વગર અધૂરો છે. તેની નિરૂપણ-પદ્ધતિ સંક્ષિપ્ત અને અસંદિગ્ધ છે.

સંસ્કૃત સાહિત્યમાં આ પ્રકારના સાહિત્યમાં આ એકમાત્ર નોંધપાત્ર રચના છે તેથી તેનું મૂલ્ય વધી જાય છે. ગ્રંથ-સંપાદકશ્રીનો અભિપ્રાય છે-ग्रन्थोऽयं गूर्जरदेशस्य मध्यकालीनेतिहासस्य साधनभूतत्वेनैव महत्त्वमादधाति । કૃષ્ણમાચારિયારનો અભિપ્રાય આવો જ છે- Prabandha Chintamani is a work of great importance.

❖❖❖

## પી. એન. આર. સોસાયટી, ભાવનગર સંઘ દ્વારા નિધિ અર્પણનો કાર્યક્રમ

સંઘના ઉપક્રમે ભાવનગરની સંસ્થા પી. એન. આર. સોસાયટીને સહાય કરવા માટે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન એકત્ર કરવામાં આવી તે રકમ અર્પણ કરવાનો કાર્યક્રમ ભાવનગરમાં શનિવાર, તા. ૧૩મી જાન્યુઆરી ૨૦૦૧ના રોજ સાંજે સાડા ચાર વાગે દાનવીર શ્રેષ્ઠી શ્રી મફતલાલ મોહનલાલ મહેતા (દિવાળીબહેન મહેતા ચેરિટેબલ ટ્રસ્ટના સૂત્રધાર)ના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો છે. અતિથિ વિશેષ તરીકે ડૉ. રમણીકલાલ દોશી (દોશી કાકા) પધારશે.

આ કાર્યક્રમ માટે જેઓએ નામ નોંધાવી દીધાં છે તેમને માટે નીચે પ્રમાણે સંઘ તરફથી વ્યવસ્થા કરવામાં આવી છે :

તા. ૧૧મી જાન્યુઆરીએ રાત્રે મુંબઈથી વડોદરા એક્સપ્રેસમાં વડોદરા જઈ ૧૨મીએ બપોરે ભાવનગર પહોંચવું. સંસ્થાની મુલાકાત અને રાત્રિરોકાણ ભાવનગર. ૧૩મીના કાર્યક્રમ પછી રાત્રે પાલીતાણા જવું. ૧૩ અને ૧૪મીએ રાત્રિ રોકાણ પાલીતાણા. તા. ૧૫મીએ પાલીતાણાથી સવારે નીકળી રાત્રે વડોદરાથી ટ્રેન પકડી તા. ૧૬મીએ સવારે મુંબઈ.

□ મંત્રીઓ

# પ્રસાદ અને પ્રકાશ

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

'પ્રસાદ' શબ્દ સાંભળતાં જ, વિચારસાહચર્યના બળે (By Law of Association) ખાસ્સાં પંચોતેર વર્ષ પૂર્વે, પ્રસન્નતા ને વિષાદ સાથે માણેલા બે 'પ્રસાદ'નું સહજ સ્મરણ થાય છે. મારા ગામના રામજીમંદિર કે હનુમાનજીના મંદિરમાં થતી સાયંઆરતી ટાણે ઘંટ કે ઢોલ વગાડી, 'પરસાદિયા ભગત' તરીકે પામેલ 'પ્રસન્નતા-મિશ્ર પ્રસાદ' અને આંકના ઘડિયા કે પલાખાં નહીં આવડવાને કારણે મારકણા ગુરુજીઓએ પ્રાથમિક શાળાના ભણતર દરમિયાન આપેલો 'વિષાદ-મિશ્રિત-પરસાદ'-અથવા મેથીપાક. તે સમયના પ્રાથમિક શાળાના લગભગ બધા જ શિક્ષકો, વિદ્યાર્થીને શિક્ષા કરવા માટે ભાત ભાતની સોટીઓ રાખતા ને 'પરસાદ' ચખાડતા. મુખ્ય આચાર્ય, આંધળી ચાકણના કદની ને રંગની 'આંકણી' રાખતા...જેને એ લોકો 'લાલિયો' કે 'રણછોડિયો' કહેતા. 'સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે ઘમઘમ'-એ તે કાળના શિક્ષણ-શાસ્ત્રનું જાણે કે સર્વસ્વીકૃત સૂત્ર ન હોય ! ગુજરાતમાં 'મૂછાળી મા' તરીકે જાણીતા થયેલા આજીવન બાલશિક્ષણશાસ્ત્રી શ્રી ગિજુભાઈ બધેકાના આગમનને પ્રભાવ પછી એ વિષાદમિશ્રિત 'પ્રસાદ'નું પ્રમાણ નહિવત્ રહ્યું છે. આમ 'પ્રસાદનો એક સ્થૂલ અર્થ છે માર અથવા મેથીપાક !

સંસ્કૃત કાવ્યાલંકારશાસ્ત્રીઓએ કાવ્યના ત્રણ ગુણ ગણાવ્યા છે: પ્રસાદ, માધુર્ય અને ઓજસ. કાવ્યમાં પ્રસાદ ગુણનું લક્ષણ એ છે કે 'સાંભળવાની સાથે જ ભાવ સ્ફુરે અને હૃદયમાં સોંસરવા ઊતરી જાય.' દા. ત. સાક્ષરવર્ય શ્રી કેશવ હર્ષદ ધ્રુવે અનુવાદ કરેલ જયદેવનાં 'ગીતગોવિંદ'ની આ પંક્તિઓ સાંભળો:

'લલિત લવંગ લતા મલયાનિલ નવી થનન નચાવે,
ગાન મધુર કોયલ લલકારે, મધુકર બીન બજાવે.
નટવર, મદભર ભર ઋતુરાજે.

આ પંક્તિઓમાં માદક ઋતુરાજ વસંતનું પ્રાસાદિક વર્ણન છે. કાવ્યના એક ગુણ ઉપરાંત, સંગીતશાસ્ત્રમાં 'પ્રસાદ' નામે અલંકાર પણ છે. સાધારણ રીતે 'પ્રસાદ'નો મોટે ભાગે પ્રચલિત અર્થ તો આપણા ઇષ્ટદેવ કે ગુરુદેવને અર્પણ કરેલા નૈવેદ્યમાંથી અન્યને વહેંચવું એવો થાય છે, પણ 'મહેરબાની', 'પ્રસન્નતા' ને 'નિર્મળતા' જેવા એના અર્થો પણ પ્રસંગ અને સંદર્ભ પ્રમાણે થતા હોય છે. દા. ત.:- 'તમારા કૃપા પ્રસાદથી બધું ક્ષેમ-કુશળ છે.' 'તમારા ચિત્તનો પ્રસાદ અનવદ્ય છે.' પણ એ જ શબ્દ જ્યારે એના સ્થૂલ અર્થને અતિક્રમીને સૂક્ષ્મમાં પ્રવેશ કરે છે ત્યારે કેવો ચમત્કાર સર્જાય છે' ! ગીતાના બીજા અધ્યાયનો આ બારમો શ્લોક જુઓ :-

'પ્રસાદે સર્વ દુ:ખાનામ્ હાનિર્ અસ્યોપજાયતે' !
પ્રસન્ન ચેતસો હ્યાશુ બુદ્ધિ: પર્યવતિષ્ઠતે ।।

મતલબ કે ચિત્તની પ્રસન્નતાથી એનાં સર્વ દુ:ખો મટી જાય છે અને પ્રસન્ન ચિત્તવાળાની બુદ્ધિ ત્વરિત સ્થિર થઇ જાય છે. અહીં આપણને અક્ષયરસનો જ્ઞાની કવિ અખો યાદ આવી જાય છે. એ લખે છે : 'પાંચેય ઇન્દ્રિયોને વશ કરીને છોગાં મેલી ફરીએજી'...પણ આ પાંચેય ઇન્દ્રિયોને જીતવાની વાત તો વોટરલૂ કે પાણીપતના યુદ્ધને જીતવા કરતાં ય કપરી વાત છે ! વિજ્ઞાન અને ટેકનોલોજીના અદ્‌ભુત વિકાસે માનવજાતિ સમક્ષ સુખસગવડનાં અનેક સાધનો ખડકી દીધાં છે છતાંય હડકાયા કૂતરાની જેમ રઘવાયા થઇને હાંફતી હાંફતી કોઇપણ લક્ષ્ય વિનાના પંથે આંધળી દોટ મૂકે છે તેને રાગદ્વેષ વિમુક્ત ચિત્તના અસલ પ્રસાદની તો કલ્પના પણ ક્યાંથી આવે ?

'છે માનવી જીવનની ઘટમાળ એવી:
દુ:ખ-પ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી'-

હોય ત્યારે કપરો જીવનસંગ્રામ ખેલી રહેલા મોટા ભાગના સંસારીજનોના મુખકમલ પર પ્રસાદ કરતાં વિષાદની છાયા ઝાઝી હોય તે સમજાય તેવી વાત છે. પણ સંસારની અસારતા ને જીવનની નશ્વરતા સમજીને સાધુ-સંન્યાસી બનેલાઓના ચિત્તમાં કે મુખ પર પણ કેવો પ્રસાદ જોવા મળે છે' !

'પ્રસાદ'ની સાચી અનુભૂતિ કરવા માટે તો આપણે આપણા પ્રથમ રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદના ચિત્ત-પ્રસાદની અને લગભગ સ્થિત-પ્રજ્ઞની કોટિએ પહોંચેલા આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીના જીવન-પ્રસાદની કલ્પના કરવી રહી.

X X X

ભૌતિકશાસ્ત્રના કોઇ પ્રોફેસરને આપણે પૂછીએ કે 'પ્રકાશ એટલે શું ?' તો તે એનું શાસ્ત્ર અને વિજ્ઞાન, વૈજ્ઞાનિક રીતે વિગતે સમજાવે. કોઇ સંગીતશાસ્ત્રીને પૂછીએ તો તે સંગીતમાંના એક અલંકારની વાત કરે. એ જ પ્રશ્ન વેદોના કોઇ નિષ્ણાતને પૂછીએ તો તે પૃથ્વી, અન્તરિક્ષ અને દ્યુ-એ ત્રણેયના ત્રણ દેવોની પ્રકૃતિ (Nature)માં રહેલ પરમાત્મ તત્ત્વની વાત કરે-અને એનો ધાત્વર્થ સમજાવી કહે: 'જેમકે પોષણ કરે તે પૂષન, શક્તિ વડે ઉત્પન્ન કરે તે સવિતા, વિશ્વમાં પ્રવેશ કરે તે વિષ્ણુ, પ્રાણીઓ પ્રતિ મિત્રભાવે વર્તે તે મિત્ર અને જે છેદી ન શકાય તે અદિતિ અથવા આદિત્ય.' આ બધાં પ્રકાશરૂપી દેવોના વિશેષણોથી અંકિત સ્વરૂપો છે. હવા કે વાયુ-માતરિશ્વના દેવતા જ્યાં સુધી ચક્રવાત ન સર્જે ત્યાં સુધી દેખાતા નથી પણ એ સ્પર્શક્ષમ છે અને એ કમનીય કે કરાલસ્વરૂપે અનુભવી શકાય છે; તેમજ પ્રકાશના દેવતાનું પણ છે. તો પ્રકાશ એટલે શું ? એનો પ્રત્યુત્તર તો અંધકાર જ પાઠવી શકે, જેમ જીવન એટલે શું ? નો પ્રત્યુત્તર મૃત્યુ પાઠવી શકે. એટલે તો આર્ષદૃષ્ટા ઋષિઓએ ગાયું: 'તમસો મા જ્યોતિર્ ગમય'। 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા' અને આંગ્લ કવિ કાર્ડિનલ ન્યૂમેને આર્જવપૂર્વક પ્રાર્થના કરી: 'Lead Kindly Light-' 'પ્રેમલ-જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ'.

પૂજ્ય યોગેશ્વરજીના દળદાર ગ્રંથ 'પ્રકાશને પંથે' અને શ્રી કિશનસિંહ ચાવડાના 'અમાસથી પૂનમ ભણી'માં પણ અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનના-પ્રજ્ઞાનના પ્રકાશ-પ્રદેશમાં પ્રવેશ કરાવવાની વાત આવે છે. ત્યાં પ્રકાશ એ કવિઓ માટેનું પ્રતીક બની જાય છે. જર્મન મહાકવિ ગટેએ,

જીવનની અંતિમ ક્ષણોમાં ઉચ્ચારેલું : 'Light, more Light, Still more Light'માં પણ પ્ર-જ્ઞાનના પ્રકાશ માટેની ઝંખના છે, 'જીવે સો વર્ષ ઘુવડ રે ન તો ય તેને ગમ દિનની' એવી જ માયારૂપી અંધકારથી ઘેરાયેલા જીવોની પણ દશા છે, અવદશા છે !

ગુફાવાસી આદિ માનવની કલ્પના કરો. પ્રથમ વાર જ્યારે તેણે ચકમકના બે પથ્થરના ઘર્ષણમાંથી કે યજ્ઞ માટે ઋષિમુનિઓએ અરણી-મંથન દ્વારા દેવતા પ્રગટ કર્યો હશે ત્યારે એમને આનંદની અને આશ્ચર્યની કેવી અનુભૂતિ થઇ હશે ? માનવજાતિની પ્રગતિ અને સંસ્કૃતિનો વિકાસ ચક્ર અને અગ્નિની શોધ પછી જ શક્ય બન્યો છે.'

ચારેક ખંડકાવ્યોના સર્જનથી તેમની કવિ-પ્રતિભાએ ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે એવા કવિ 'કાન્ત'નું એક સુંદર ખંડકાવ્ય છે : 'ચક્રવાકમિથુન'. કિંવદન્તી પ્રમાણે ઋષિના શાપને કારણે ચક્રવાકયુગલ, દિવસભર પ્રકાશમાં સાથે ને સાથે રહે અને રાત્રિ પડતાં અંધકારમાં વિયોગ. એ કાવ્યમાં ચક્રવાકી એના પ્રિયતમ ચક્રવાકને ઉદ્દેશીને કહે છે :

'ચાલો એવા સ્થલ મહીં જહીં સૂર્યવાસે સદૈવ'.

અહીં પણ, ચકલી-ચકલાના પ્રતીકરૂપે, જીવાત્માની અખંડ પ્રકાશ માટેની ઝંખના વ્યક્ત થયેલી લાગે તો નવાઇ નહીં ! અને દિવાળી એ તો પ્રકાશનું પર્વ, અંધકાર પરનો વિજય...અનેક પ્રકારના અંધકાર પરનો વિજય !

કવિવર ટાગોરનું એક નાનકડું પણ વિશાળ ને વિશેષ અર્થવાળું કાવ્ય છે જેમાં અસ્તાચળે જતા સૂર્યદેવતાને વિમાસણ થાય છે કે હું નહીં હોઉં ત્યારે આ જગતનું શું થશે ? સર્વત્ર અંધકારનું સામ્રાજ્ય વ્યાપી જશે...ત્યારે દૂરના ખૂણામાં ટમટમ પ્રકાશ પાથરતું એક નાનકડું કોડિયું સૂર્ય દેવતાને કહે છે : 'મહારાજ ! એની ચિંતા આપ ન કરો. હું છું ને' ! 'એક જ દે ચિનગારી' ! 'મહાનલ એક જ દે ચિનગારી' ! એ એક જ કાવ્યથી પ્રસિદ્ધિ પામેલા શ્રી હરિહર ભટ્ટ કે આમ તો નાના ગજાના પણ સારા ને સાચા કવિ છોટમની એક પંક્તિ છે : 'સૂઝ વિના અંધારું જગતમાં, સૂઝ વિના અંધારું'...આ આતમસૂઝ એટલે જ સાચો સનાતન પ્રકાશ.

બાઇબલ પ્રમાણે 'And Lord said : Let there be Light & there was Light' એ વાત થઇ પ્રકાશના આવિર્ભાવની, પણ ગીતામાં ભગવાન અર્જુનને કહે છે : 'દિવ્યમ્ દદામિતે ચક્ષુ: । એવાં જ ચક્ષુ માટે કવિવર ન્હાનાલાલ ઝંખે છે :-

'પેલાં દિવ્ય લોચનિયાં રે પ્રભુ ! ક્યારે ઊઘડશે ?'

આવા જ પ્રકાશ માટેની પ્રાર્થના હજ્જારો વર્ષ પૂર્વે, રાજર્ષિ વિશ્વામિત્રે આ પ્રખ્યાત ગાયત્રી મંત્રમાં ઉચ્ચારી છે :

તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ । ધિયો યો ન: પ્રચોદયાત્ ।

❖❖❖

## કાર્યવાહક સમિતિ ૨૦૦૦-૨૦૦૧

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા ગુરુવાર તા. ૧૯-૧૦-૨૦૦૦ના રોજ સંઘના કાર્યાલયમાં મળી હતી, જેમાં સને ૨૦૦૦-૨૦૦૧ના વર્ષ માટે હોદ્દેદારો અને કાર્યવાહક સમિતિના સભ્યોની વરણી સર્વાનુમતે નીચે મુજબ કરવામાં આવી હતી.

### હોદ્દેદારો

| | |
|---|---|
| પ્રમુખ : | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ |
| ઉપપ્રમુખ : | શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ |
| મંત્રીઓ : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| | ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ |
| સહમંત્રી : | શ્રીમતી વર્ષાબહેન રાજુભાઈ શાહ |
| કોષાધ્યક્ષ : | શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી |
| સભ્યો : | ડૉ. શ્રી રમણલાલ ચીમનલાલ શાહ |
| | પ્રો. શ્રીમતી તારાબહેન રમણલાલ શાહ |
| | શ્રી સુબોધભાઈ મોહનલાલ શાહ |
| | શ્રી નેમચંદ મેઘજીભાઈ ગાલા |
| | શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી |
| | શ્રી નટુભાઈ પટેલ |
| | કુ. વસુબહેન ભણશાલી |
| | શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ |
| | કુ. મીનાબહેન શાહ |
| | શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાન્ત પરીખ |
| | શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા |
| | શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ |
| | શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા |
| | શ્રી કાંતિલાલ પાનાચંદ શાહ |
| કો-ઓપ્ટ સભ્યો : | શ્રી શૈલેશભાઈ હિંમતલાલ કોઠારી |
| | શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા |
| | શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ |
| | શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા |
| | કુ. યશોમતીબહેન શાહ |
| નિમંત્રિત સભ્યો : | શ્રી હરિભાઈ ગુલાબચંદ શાહ |
| | શ્રી વસંતલાલ નરસિંગપુરા |
| | શ્રી દેવચંદ શામજી ગાલા |
| | શ્રી રમણીકલાલ આર. સલોત |
| | શ્રી જેવતલાલ સુખલાલ શાહ |
| | શ્રી ભવરભાઈ વાલચંદ મહેતા |
| | ડૉ. શ્રી રાજુભાઈ એન. શાહ |

## સંઘનું સભ્યપદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા ગુરુવાર તા. ૧૯-૧૦-૨૦૦૦ના રોજ સંઘના કાર્યાલયમાં મળી જેમાં ઠરાવ્યા પ્રમાણે સંઘના સભ્યપદનું લવાજમ હવેથી નીચે મુજબ રહેશે :

| | |
|---|---|
| પેટ્રન | રૂા. ૧૫૦૦૦/- |
| આજીવન સભ્ય | રૂા. ૨૫૦૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. ૫૦૦/- |

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪
ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭